*A. M. Patel to 'Dada Bhagwan'*



# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન'

### ભાગ - ૪

A. M. Patel to 'Dada Bhagwan'

દાદા ભગવાન કથિત

# જ્ઞાની પુરુષ

## ‘દાદા ભગવાન’ ભાગ-૪

સંકલન : દીપકભાઈ દેસાઈ

**પ્રકાશક** : **શ્રી અજિત સી. પટેલ**
**દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,**
૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬

**કોપીરાઈટ** : © Dada Bhagwan Foundation,
5, Mamta Park Society,
B/h. Navgujarat College, Usmanpura,
Ahmedabad - 380014, Gujarat, India.
Email : info@dadabhagwan.org
Tel. : +91 79 3500 2101, +91 9328661177

**All Rights Reserved. No part of this publication may be shared, copied, translated or reproduced in any form (including electronic storage or audio recording) without written permission from the holder of the copyright. This publication is licensed for your personal use only.**

**પ્રથમ આવૃતિ** : ૬,૦૦૦ જુલાઈ, ૨૦૨૧

**ભાવ મૂલ્ય** : **'પરમ વિનય' અને**
**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !**

**દ્રવ્ય મૂલ્ય** : **૧૫૦ રૂપિયા**

**મુદ્રક** : અંબા મલ્ટિપ્રિન્ટ,
B-99, ઈલેક્ટ્રોનિક્સ GIDC, ક-૬ રોડ, સેક્ટર-૨૫,
ગાંધીનગર - ૩૮૨૦૪૪, ગુજરાત.
**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨, +૯૧ ૯૩૨૮૬૬૦૦૫૫

**ISBN** : 978-93-90664-23-8

**Printed in India**

# ત્રિમંત્ર






નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઈ મંગલં ॥૧॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥૨॥
ૐ નમઃ શિવાય ॥૩॥
જય સચ્ચિદાનંદ





## 'દાદા ભગવાન' કોણ ?

જૂન ૧૯૫૮ની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતા સુરતના સ્ટેશન પર બેઠેલા એ.એમ.પટેલ રૂપી દેહમંદિરમાં 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્ભુત આશ્ચર્ય ! એક કલાકમાં એમને વિશ્વદર્શન લાધ્યું ! 'હું કોણ ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ?' ઈત્યાદિ જગતના તમામ આધ્યાત્મિક પ્રશ્નોનાં સંપૂર્ણ ફોડ પડ્યા.

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, મુમુક્ષુઓને પણ જ્ઞાનપ્રાપ્તિ કરાવી આપતા, એમના અદ્ભુત જ્ઞાનપ્રયોગથી ! એને 'અક્રમ માર્ગ' કહ્યો. ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનું. અક્રમ એટલે ક્રમ વિનાનો, લિફ્ટ માર્ગ ! શોર્ટકટ !

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?'નો ફોડ પાડતા કહેતા કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય, અમે તો જ્ઞાની પુરુષ છીએ અને મહીં પ્રગટ થયેલા છે તે દાદા ભગવાન છે, જે ચૌદ લોકના નાથ છે. એ તમારામાંય છે, બધામાંય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' અમારી મહીં સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે. હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

## આત્મજ્ઞાન પ્રાપ્તિની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ને ૧૯૫૮માં આત્મજ્ઞાન પ્રગટ થયું. ત્યાર પછી ૧૯૬૨ થી ૧૯૮૮ સુધી દેશ-વિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતા હતા.

દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ આત્મજ્ઞાની પૂજ્ય ડૉ. નીરુબેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ પૂજ્ય નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા.

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈને પણ દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. વર્તમાનમાં પૂજ્ય નીરુમાના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશમાં નિમિત્ત ભાવે આત્મજ્ઞાન કરાવી રહ્યા છે.

આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને સર્વ જવાબદારીઓ પૂરી કરતાં પણ અંદરથી મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

# સમર્પણ

કેમ રે વર્ણવાય આ અતુલ્ય ઉપાદાન, ન આવે સાગર કદી ગાગર માંહી;
અસીમની ઓળખ કાજ, જરીક આ તો 'અંબાલાલ' જીવન કેરી ઝાંખી !

ઝાંય પ્રતિબિંબિત જ્ઞાનદશાની, જ્ઞાન પૂર્વે સર્વ જીવન વ્યવહાર મહીં;
પ્રત્યેકા પ્રસંગે સમજણ અનોખી, દર્શાવે અનુભવ તારણ ભવોભવના અહીં !

અસામાન્ય દૈવી સ્વભાવ થકી, અપકાર કરનાર પરેય ઉપકાર સદા;
છતાં ન મોક્ષ અધિકારીપણું જાણી, ખોજક રહી સત્‌ના, ન અટક્યા ત્યહાં !

અભયદાનની સૂક્ષ્મ સમજ વર્તે, 'દુઃખ કેમ અપાય ?' કહી હૃદય જો કકળે;
ખરા અહિંસક, વીતરાગ પ્રેમી, તીર્થંકરોના અંતર આશય ખોળી બતાડે !

ન લાલચ, ન જોઈએ કોઈ પાસેથી કંઈ, જેમ છે તેમ બોલી સત્યને તોળે;
જાત પરની શ્રદ્ધા ને સત્યનિષ્ઠા એવી, ભગવાન રાજી થઈ રહે જોડે !

વણિક સમ પાતળી વિચારધારા, શૌર્યતા, નીડરતા ગુણે ક્ષત્રિયતા છલકે;
ક્ષત્રિય-વણિકનું અદ્‌ભુત મિશ્રણ, ખટ-મીઠા શિખંડની આસ્વાદતા ચખાડે !

વ્યવહારિક મૂંઝવણ કે હો ધર્મની વાતો, 'અંબાલાલ'ને લોક તુર્ત સંભારે;
પ્રેમ સંપાદન સર્વથી એવો કે, 'ભગવાન જેવા છે' કહી લોક ઘર ખટકારે !

મહીંવાળા ભગવાનનો સાક્ષાત્કાર સહેજે, બુદ્ધિથી ઊંચેરા ઉપાયો પ્રકાશે;
બોધકળા ને સૂઝ પ્રસંગે પ્રસંગે નીતરે, છૂટવાના કામીને પછી કોણ બાંધે ?

છૂટીને છોડાવનારનો અનુભવ આ છે, સંસ્કાર સિદ્ધાંત અહો જ્ઞાની પ્રસારે;
'શ્રદ્ધેય મૂર્તિ'ની ઓળખને કાજે, સમર્પણ આ ગ્રંથ જગ હિતાર્થે આજે !

❖❖❖❖❖

# સંપાદકીય

જો મહાવીર ભગવાન કે કૃષ્ણ ભગવાનના જીવનપ્રસંગો ને એમની વાતો એમના જ શ્રીમુખેથી સાંભળવા કે જાણવા મળે તો એ આનંદની અનુભૂતિ કેવી હોય ? તે એવું જ કંઈક આપણા સહુ માટે શક્ય બન્યું છે, આ 'જ્ઞાની પુરુષ' જીવનચરિત્ર ગ્રંથની શ્રેણી દ્વારા ! પરમ પૂજ્ય દાદા ભગવાનના (દાદાશ્રીના) શ્રીમુખેથી જ વર્ણવાયેલા એમના જીવનના પ્રસંગો હજારો વર્ષો સુધી જગતને માટે એક અતુલ નજરાણું બની, જ્ઞાની પુરુષને અલગ અલગ પાસાથી ઓળખાવી એમના પ્રત્યેની જ્ઞાનભક્તિમાં વર્ધમાનતા કરાવ્યા કરશે.

'જ્ઞાની પુરુષ' શ્રેણીનો આ ચોથો ગ્રંથ મહાત્માઓને દાદાશ્રીના જ્ઞાન પૂર્વેના વિવિધ જીવનપ્રસંગોમાં સફર કરાવશે. દાદાશ્રીના જીવનપ્રસંગો થકી એમના દરેક વ્યવહાર પાછળની આગવી સમજણ, એમની પ્રકૃતિના વિવિધ પાસાઓ તથા તેઓશ્રીનું ઉચ્ચ ઉપાદાન અહીં ખુલ્લું થાય છે. ઘણા બધા પ્રસંગો હોવાના કારણે જ્ઞાન પહેલાના પ્રસંગો બે ભાગમાં વિભાજિત થયા છે. જેમાંથી અમુક પ્રસંગોનો સમાવેશ આ ભાગમાં થયો છે, જેમાં દાદાશ્રીના ટૉપ પર ગયેલા પૉઝિટિવ અહંકારનો આખો ફોટો જોવા મળે છે.

દાદાશ્રીનો નાનપણથી જ અપકાર કરનાર પરેય ઉપકાર કરવાનો સ્વભાવ એવો કે બાવીસ જ વર્ષે મિત્રોએ 'સુપરહ્યુમન' તરીકે નવાજ્યા, અન્ય નાતોમાં પણ હેડ મેમ્બર (મુખ્ય સભ્ય) તરીકે લોકોએ સ્વીકાર કર્યો, ઘોડાગાડીઓવાળા તરફથી પણ 'ખુદા જૈસા આદમી હૈ' એવું બિરુદ મળ્યું, આડોશ-પાડોશમાં પણ 'ભગવાન જેવા જ છે' એવું લોકો કહેતા.

એમની અભયદાનની સૂક્ષ્મ સમજ એવી હતી કે પોતાના બૂટના અવાજથી કૂતરું પણ ન ભડકે એની સુદ્ધાં કાળજી રાખે. તેમજ કોઈ દુઃખીને જોઈ જ ન શકે, એને હેલ્પ કરવા સર્વસ્વ હોડમાં મૂકી દે એવા હૃદયમાર્ગી ! પોતે જાણે બધું પોતાના હિસાબનું લઈને જ આવ્યા છે એ

સમજણ એટલી બધી અવગાઢ કે પોતાની જાત માટે સહેજેય વિચાર જ નથી આવ્યો.

જ્ઞાન થતા પૂર્વેની દાદાશ્રીની પ્રકૃતિમાં અલ્પ અંશે વાસુદેવ પ્રકૃતિની છાંટ દીસે છે. દાદાશ્રીએ કરેલા વર્ણન મુજબ વાસુદેવ થયેલા હોય એમને જરાય દાનતખોરી ના હોય, તે ગુણ દાદાશ્રીની પ્રકૃતિમાં દેખાય છે કે કોઈનું કશું જોઈતું નહોતું એવો સાત્ત્વિક અહંકાર જોવા મળે છે. વળી નાનપણથી જ શૌર્યતા, નીડરતા જેવા ગુણોને લીધે અતિમુશ્કેલ પરિસ્થિતિમાં પાછા ન પડે ને ઉકેલ લાવી નાખતા. જબરજસ્ત ટૉપ પર ગયેલો અહંકાર પરંતુ એક ફેરો માર પડે એટલે કાયમ માટે એ બાબતમાંથી બહાર નીકળી જાય એટલા જ સ્ટ્રોંગ !

એમને પોતાને કોઈ પણ જાતની લાલચ નહીં ને સાચું ખોળી કાઢવાના કામી ને વળી પાટીદારી પ્રકૃતિ, આથી બળવાખોર સ્વભાવ. તે લોકો કહે તે પ્રમાણે ના ચાલે અને જ્યાં બોલવા જેવું લાગે ત્યાં જેમ છે તેમ ચોખ્ખું બોલી નાખે. લોકો શું વિચારશે એવું કંઈ પડેલી નહીં. કિંતુ કોઈ ટકોર કરે તો થયેલી ભૂલમાંથી ત્વરિત પાછા પણ ફરી શકે !

ઘણા પ્રસંગોમાં અહંકાર અને માનના સૂક્ષ્મ પર્યાયોનું જે રીતે તેઓશ્રી વર્ણન કરે છે, તે જોતા જ્ઞાન થતા પૂર્વેનું એમનું ઊંચું ડેવલપમેન્ટ સ્પષ્ટ દેખાઈ આવે છે. બીજાને હેલ્પ કરવા પાછળ તેમજ વાહવાહ મળે ત્યાં પૈસા ખર્ચી કાઢવા પાછળ પોતાનું માન શોધી કાઢ્યું. એ જ રીતે માનની ભૂખ લાગે તો કોઈના ઘરે 'આવો-આવો' એ શબ્દો સાંભળવા માટે જતા'તા એવું દેખાવું, ભત્રીજો 'દાદા-દાદા' કહીને બોલાવે તો અંદર 'બોજો' ઊભો થાય એવા માનના બોજાની પણ ખબર પડવી એ પોતે કેટલું સૂક્ષ્મતાએ પ્રકૃતિને જોઈ શકતા હશે, ત્યારે આ જાણી શકે. આટલું બધું પોતાનું માન-અહંકાર સામાન્ય વ્યક્તિ તો ન જ જોઈ શકે !

વળી ગ્રંથમાં વર્ણવાયેલા વિવિધ પ્રસંગોમાં ઘણી બધી જગ્યાએ લોકો માટેની, સમાજ માટેની પણ એમની નિષ્પક્ષતા ખુલ્લી થાય છે જેના પરિણામે દરેક નાતજાતના લોકોનો પ્રેમ તથા વિશ્વાસ સંપાદન કરી શકેલા. એટલે સુધી કે લોકો પોતાની મિલકતની વહેંચણી સુદ્ધાં પૂર્ણ

વિશ્વાસ મૂકી એમની પાસે કરાવતા.

વણિક હોય કે ક્ષત્રિય, બ્રાહ્મણ હોય કે પછી મુસલમાન, સર્વેની પ્રકૃતિનું સૂક્ષ્મ અવલોકન, નિષ્પક્ષપાતી રીતે પોતાના તથા અન્યના ગુણ-દોષની ઓળખ, જરાય સંકુચિતતા વગરનું તારણ કાઢવાની ક્ષમતા વગેરે એમની આગવી લાક્ષણિકતાઓ વિવિધ પ્રસંગોમાં જોવા મળે છે.

વ્યવહારનાય કોઈ અનુભવ જાણે એમને અનુભવવાના બાકી નથી રહ્યા. જમાનાની સાથે પોતે પણ બદલાઈને એડજસ્ટ થઈ જાય એવા પાછા પોતે મૉડર્ન ! આખું જગત ચમત્કારમાં અંજાઈ જાય ત્યાં પોતે એની પાછળના કારણોની શોધખોળ કરી હકીકત ખોળી કાઢતા. નિરીક્ષણ શક્તિ એટલી જબરજસ્ત કે ટૂંક સમયમાં છેવટનું તારણ કાઢી લે. પછી તે કોઈ વ્યક્તિને પારખવાનું હોય કે આજુબાજુ બનેલા કોઈ પ્રસંગ પરથી બોધ લેવાનો હોય ! નવીનતમ બોધકળાઓ, એમની વ્યવહારુકતા, વિપુલમતિ, અસામાન્ય કોઠાસૂઝ, વિચક્ષણ સમયસૂચકતા, બે વ્યક્તિ વચ્ચે વેલ્ડિંગ કરવાની અનોખી કળા ઈત્યાદિ વિશિષ્ટતાઓ રસપ્રદ પ્રસંગો દ્વારા અત્રે જાણવા મળે છે.

બધી જગ્યાએ પોતે જ પોતાના જીવનપ્રસંગો પરથી તારણ કાઢતા ગયા છે. જ્યાં જ્યાં પોતે ગૂંચાય, મૂંઝાય ત્યાં પોતે વિચારણા કરે ને અંતે જાણે મહીંવાળા ભગવાન તરફથી જ એમને સંસારમાંથી, હિસાબોમાંથી છૂટવા તરફના સોલ્યુશન મળતા ગયા છે. એવી રીતે પોતે જ પોતાની જાતે પોતાની અણસમજણોને ઓગાળતા ગયા છે. સ્વયંબુદ્ધ જ કહેવાય એવું એમનું આ ડેવલપમેન્ટ એમના ઘણા બધા જીવનપ્રસંગોમાં ઊપસી આવે છે.

વિડિયોગ્રાફી કરેલી વસ્તુનું જાણે જોઈને વર્ણન કરતા હોય એવા વિવિધ પ્રસંગોના વર્ણન બાદ દાદાશ્રી કહે છે, 'અમે અમારી આ બધી હિસ્ટ્રી તો જાણીએ ને ! વર્લ્ડની હિસ્ટ્રી યાદ રહે છે તો આપણી હિસ્ટ્રી યાદ ના રહે ?' કિંચિત્‌માત્ર યાદગીરી નહીં છતાં દર્શનમાં જોઈને બોલાયેલી એમની સઘળી વાતો આપણને એમના કાળમાં લઈ જાય એટલી ઈફેક્ટિવ અને વિચાર કરતા કરી દે એવી છે.

દાદાશ્રી પોતે વ્યવહારના સંસ્કાર સિદ્ધાંતો પર આખી જિંદગી જીવેલા. એટલે એમના જાતે અનુભવીને અપાયેલા દાખલા લોકોના જીવનમાં પ્રેક્ટિકલી ઉપયોગી થઈ પડશે.

એક જ પ્રસંગ દાદાશ્રી દ્વારા એકથી વધારે વખત અલગ અલગ જગ્યાએ વર્ણવાયો હતો, જેમાંથી ચોકસાઈપૂર્વક આખા પ્રસંગની એકસૂત્રતા લાગે એ રીતે સંકલન થયું છે. છતાં ક્યાંય પણ ક્ષતિ લાગે તો તે સંકલનની જ છે જાણી દરગુજર કરશો !

દાદાશ્રી કહેતા, કે 'અમારી ઑટોબાયોગ્રાફીમાં પૉઝિટિવ મૂકવું, નહીં તો લોકો તો વિકલ્પી છે તે અવળું પકડશે કે દાદાના આવા (નેગેટિવ) ગુણ હતા તોય આવા દાદા થયા તો અમેય પણ એવા થઈશું.' પૂજ્ય નીરુમાની એવી ભાવના હતી કે 'દાદાશ્રીના આવા પ્રસંગો પાછળ એમની શું સમજણ હતી એ સ્પષ્ટતા કરીને આપણે આ પ્રસંગો મૂકીશું.' તે જ્ઞાનીઓની જે ભાવના હતી એ જ મુજબ આ જીવનચરિત્રમાંથી દાદાશ્રીની વાતો સમ્યક્ રીતે ગ્રહી ને એનો સવળો ઉપયોગ કરી, આ અકલ્પ્ય જ્ઞાની પુરુષને એમની જ વાતો દ્વારા વધુ ઓળખી એમની તથા એમની અંતર દશાની સમીપ જઈએ એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના !

**- જય સચ્ચિદાનંદ**

# ઉપોદ્ઘાત

## [૧] જ્ઞાની થતા પૂર્વેથી જ સુપરહ્યુમન

### [૧.૧] જીવન જીવ્યા પારકા માટે જ

**• પૂર્વેના ડેવલપમેન્ટના ફળરૂપે સુપરહ્યુમન ગુણ**

પરમ પૂજ્ય દાદાશ્રી પૂર્વેનું એવું સુંદર ડેવલપમેન્ટ અને ઊંચી સમજણ લાવેલા કે નાનપણથી નિરંતર પારકાના સુખ અર્થે જ જીવન જીવ્યા ! પોતાના સુખ કરતા બીજાના સુખનો જ વિચાર આવે અને એમાં જ પોતાનું સુખ સમાયેલું લાગે. કાયમ માટે ઓબ્લાઈજિંગ નેચર રહેલો ! અને એનાથી પણ આગળ 'સુપરહ્યુમન' તરીકે બાવીસ વર્ષની ઉંમરે એમના મિત્રોએ સંબોધન કરેલું.

**• વ્યાખ્યા પાશવતા, માનવતા ને સુપરહ્યુમન તણી**

* પાશવતા - કોઈનું સુખ પડાવી લે એ પાશવતા કહેવાય.

* માનવતા - પોતાનું સુખ પોતાની પાસે રાખે અને સામાનું સુખ એની પાસે રહેવા દે, તેમજ ઉપકાર કર્યો હોય એ ભૂલે નહીં ને બદલામાં એની સામે ઉપકાર કરે એ માનવતા.

* સુપરહ્યુમન - પોતાના ભાગનું સુખ જરૂર હોવા છતાં અડચણ વેઠીને જે બીજાને આપી દે એ ! સામો અપકાર કરે, નુકસાન કરે, એની સામે ઉપકાર કરે એ 'સુપરહ્યુમન' !

**• સુપરહ્યુમન તરીકેના લક્ષણો**

જેમ અગરબત્તી કે ઝાડ-પાન સામાને લાયક-નાલાયક જોયા વગર સુગંધી આપે છે, સુખ આપે છે તેમ દાદાશ્રીને પણ એવું જ રહેતું કે મને જે કોઈ ભેગો થાય તે લાયક હોય કે નાલાયક પણ મારા તરફથી એને અવશ્ય લાભ થવો જ જોઈએ ! પછી ભલે સામો ઢેખાળો મારે કે ગમે તે કરે છતાં એને કંઈક તો ફળ મળવું જ જોઈએ.

ગમ્મત સાથે દાદાશ્રી કહે છે, 'મને કેમ મળ્યો ? માટે એનો દંડ આ (!) કે તને કોઈ પણ પ્રકારનો સાંસારિક, વ્યાપારિક, ધાર્મિક કે આધ્યાત્મિક લાભ અવશ્ય થવો જ જોઈએ, નહીં તો મારું મળેલું નકામું છે.'

**• એની પાછળની હૃદયસ્પર્શી સમજણ**

સામેવાળી વ્યક્તિ વારંવાર દાદાશ્રીનું નુકસાન કરે છતાં પણ એની સામે ઉપકાર કરવાનો પોતાનો સ્વભાવ તેઓશ્રીએ છોડ્યો નથી. એની પાછળ એમની એવી હૃદયસ્પર્શી સમજણ કે જો સામો આપણને માણસ દુઃખ આપે છે તો એને અંદર કેટલું બધું દુઃખ હશે, તો એ દુખિયાને જ હેલ્પ કરવાની હોય ને !

કેટલાય અવતારનું તારણ નીકળેલું કે આ એક જિંદગીના પૈસાનો, ધંધાનો કે સુખ-દુઃખનો બધો હિસાબ લઈને જ આવ્યા છીએ, તો પછી બીજાના સુખ માટે જિંદગી કેમ ન કાઢીએ ? બીજાને હેલ્પ કરવામાં દાદાશ્રીને બહુ જ ઈન્ટરેસ્ટ આવતો, કારણ કે એના પરિણામે અંદર જબરજસ્ત સુખ વર્તતું ! તેથી પછી બહાર સુખ હોય કે નહીં એની બહુ પડેલી નહીં.

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતાઓ દર્શાવતી સમજણ**

* પોતાનું સુખ પોતાની પાસે ન રહેવા દે ને બીજાને આપી દે, કારણ કે દાદાશ્રીને એમાં ખરું સુખ લાગતું જ નહોતું. એમને થાય કે આ તો ભ્રાંતિનું સુખ છે, ફેક્ટ વસ્તુ (સાચું સુખ) નથી. વગર મહેનતે પ્રાપ્ત થાય તો એ ખરું સુખ કહેવાય !

* આ સુપરહ્યુમનનો દૈવી ગુણ કરોડોમાં કો'કને હોય !

* આ સુપરહ્યુમન ગુણથી દેવગતિ થાય પણ અંતે મોક્ષના અધિકારી થવા તો આત્મા જાણ્યા સિવાય અને શુદ્ધ ઉપયોગ સિવાય છૂટકો નથી. આ ગુણ પોતાનામાં હોવા છતાં હજુ મોક્ષનું અધિકારીપણું આમાં નથી રહેલું એ જાણી એમાં ક્યાંય સીટ ડાઉન નથી થયા, જે એમની જ્ઞાની તરીકેની લાક્ષણિકતા દર્શાવે છે !

**• વાચક માટે - જગતને ઉપકારી થઈ પડીએ એવો ધ્યેય હોવો ઘટે**

* બધા ધર્મોના સારરૂપે આટલું જાણવા જેવું છે કે લોકોને સુખ આપવાથી પુણ્ય ભેગું થાય અને દુઃખ આપવાથી પાપ ભેગું થાય. માટે બની શકે એટલું લોકોને સુખ આપવું, પછી એ પૈસાથી હોય કે અન્ય કોઈ પણ રીતે. મન-વચન-કાયા, બુદ્ધિ-અહંકારનો ઉપયોગ પરોપકાર અર્થે હોવો જોઈએ.

* એક મહાત્માને દાદાશ્રી કહે છે, કે અમે આવું આખી જિંદગી પારકા માટે જીવેલા અને તમે પણ એના જેવું નજીકનું કંઈક પુણ્ય બાંધ્યું હશે, જેના ફળરૂપે આ દાદા તમને ભેગા થયા ! આપણા મોક્ષના અંતિમ ધ્યેયે પહોંચતા સુધી આ ધ્યેય હોવો ઘટે કે આ જગતને આપણે કંઈક ઉપકારી થઈ પડીએ !

## [૧.૨] કોઈનું કશું જોઈતું જ નહોતું

**• એક જ પ્રસંગ પરથી કાયમનો બોધપાઠ**

દાદાશ્રીએ પચ્ચીસ વર્ષની ઉંમરે એકવાર બધા મિત્રોને એકઠા કરીને કહ્યું, કે 'તમારે બધાને કામ હોય તો અડધી રાતે પણ મારી પાસે કરાવી જવું અને મારું કામ કોઈએ કરવું નહીં.' આવો બિનશરતી હેલ્પનો કરાર આખી જિંદગી રાખેલો. જેની પાછળ એમનો અહંકાર નહીં, પરંતુ લોકોને પોતાના તરફથી કિંચિત્ ભય ના રહે, દુઃખ ના રહે એ હેતુ હતો.

આવું કહેવા પાછળ દાદાશ્રી સાથે એક પ્રસંગ બનેલો કે જેના પરથી એમણે આ બોધપાઠ લીધેલો. એમાં બનેલું એવું કે દાદાશ્રી રાત્રે સિનેમા જોવા ગયેલા અને ત્યાંથી બાર વાગ્યે પાછા ફરતા એમને થયું કે આ મિત્રનું ઘર નજીકમાં છે, તો એને મળતો જઉં. તે રાત્રે બાર વાગ્યે દાદાશ્રીને આવેલા જોઈને પેલા શ્રીમંત મિત્રને શંકા પડી કે આ આટલા વાગ્યે આવ્યા છે એટલે ચોક્કસ કંઈક અડચણ હશે, તે પૈસા લેવા આવ્યા છે. તે દાદાશ્રીની એવી સૂક્ષ્મ જાગૃતિ કે એમને સામેનાનું મન અને આંખો બન્ને વંચાઈ ગયા. જાણી ગયા કે આની આંખમાં

મારા માટેનો પ્રેમ હતો એ નથી દેખાતો અને મારા તરફની દૃષ્ટિ કંઈક બદલાઈ ગઈ છે.

તે ઘેર જઈને રાત્રે ખૂબ જ વિચારણા ચાલી કે આ કેટલા બેભાન લોકો છે કે સતી જેવા આ માણસ પર આવી શંકા કરી. તે આમની મનની પરિણતિ કેટલી નબળી હશે કે જેણે કોઈ દહાડો આવો માગવાનો વિચાર માત્ર નથી કર્યો એવી વ્યક્તિ માટે આવા અવળા ભાવ અને અવળી કલ્પના કરે છે ! એ અવળા ભાવથી એનું કેટલું અહિત થશે ને ખોટ ખાશે. એવું ફરી ના થાય એ માટે બીજા દિવસે બધા મિત્રોને પોતાના તરફથી જણાવી દીધું, કે મારે તમારા કોઈનું કશું જોઈતું નથી અને તમારે જ્યારે આવવું હોય ત્યારે છૂટ !

### • આવું કહેવા પાછળની હૃદયસ્પર્શી સમજણ

આ બોલવા પાછળ દાદાશ્રીની હૃદયની ભાવના હતી કે સામાને કોઈ પણ રીતે મનમાં દુઃખ ન થાય. એ પોતે ભાવ બગાડીને ખોટ ન ખાય. એમના મનમાં ભય ના રહે કે મારી પાસેથી કશું માગશે ને નિર્ભય રહે. જેને નિર્ભય થવાનો શોખ હોય તે જ બીજાને નિર્ભય બનાવવાના રસ્તા કરે.

આવી ઉત્કૃષ્ટ ભાવના પણ હજુ ત્યારે જ્ઞાન નહોતું એટલે પૉઝિટિવ અહંકાર થયો, પણ આવો અહંકાર હોય તો સંસારમાં ખૂંપી ના જવાય માટે એ હેલ્પિંગ અહંકાર કહેવાય.

### • ખુમારીની નહીં કોઈ ખોટ

દાદાશ્રીને નાનપણથી એવું હતું કે આ હાથ ધરવા માટે નથી પણ આપવા માટે છે. મહીં એવું જ રહેતું કે આવા બે હાથવાળા કે જેમને હજુ સુખની ઈચ્છાઓ છે, સુખની ભીખ છે, એમની પાસેથી શું સુખ ખોળવાનું ? છતાંય એમના માટે તિરસ્કાર નહીં પણ પોતાની જાતની જ ખુમારી કે મારા હિસાબનું મળવાનું જ છે, તો પછી બે હાથવાળા તો ઠીક, હજાર હાથવાળા પાસેય શું માગવાનું કે ઈચ્છાઓ રાખવાની ?

પોતાને બધી બાબતમાં એટલો બધો સંતોષ વર્તતો'તો કે જાણે પોતે મનના રાજા હોય એવું રહેતું.

### • અનોખી સમજણ

* આ ગાયો-ભેંસો કંઈ મદદ માટે હાથ લંબાવે છે ? તોય એમનું ચાલે જ છે ને, તો મારુંય ચાલશે. પછી લાચારી શા માટે અનુભવવી ?

### • લોકોની હીનવૃત્તિઓના અનુભવથી વૈરાગ્ય આવેલો

શ્રીમંત લોકોની હીનવૃત્તિઓના પણ એમને અનુભવો થયેલા. એમની વૃત્તિ માંગણ હોય તે બીજાને પણ માંગણ ચિતરતા હોય, તે જોઈને દાદાશ્રીને ખૂબ જ વૈરાગ્ય આવેલો ! કોઈ ઘેર આવે તો એ લોકો મોઢે 'આવો, આવો' કહે પણ અંદર ભાવ બગાડે કે આ 'ચા પીવા આવ્યા હશે !' તે આવા બે જુદા ભાવ રાખે અને સામેની વ્યક્તિ માટે આવું ઊંધું ચીતરે. તે દાદાશ્રીને થતું કે આવું અંદરનું જુદું અને મોઢાનું જુદું, આ કઈ જાતના લોક ! આટલી શ્રીમંતાઈ છતાં આવા મનના ભિખારી ! આના કરતા તો ગરીબો મોટા મનના હોય છે !

### • ઈચ્છાઓને જીતે તે ખરો 'પૈસાવાળો'

* ભલે કોટ્યાધિપતિ હોય પણ જેને કંઈ પણ ઈચ્છા છે તો એ ભિખારી છે, એ શું આપી શકે ? ઈચ્છાઓને જે જીતે તે કો'કને આપી શકે !

* પૈસાની ઈચ્છા બંધ થઈ હોય તો એ ખરો 'પૈસાવાળો' કહેવાય ! જેને હજુ પૈસાની ઈચ્છા હોય એ બધા ભિખારા !

* જ્યાં સુધી કંઈ પણ ઈચ્છા છે ત્યાં સુધી સંસારનો અંત નથી. જેને કંઈ પણ ઈચ્છા નથી એને સંસારનો અંત.

* જેટલો શ્રીમંત એટલી વધારે ઈચ્છા, વધારે ભીખ ને વધારે ભય !

### • જ્ઞાની તરીકેની લાક્ષણિકતા

* જ્ઞાન પહેલા અંદરવાળા ભગવાનનો સાક્ષાત્કાર એમને સહેજે રહેતો હતો. દાદાશ્રી કહેતા કે 'મહીં પાર વગરની અસ્કયામતો મેં જાતે

જોયેલી છે !' એટલે પછી આ બધી ભીખોથી તો સહેજે મુક્ત રહી જ શકે ને !

## [૧.૩] હેલ્પ કરવા પાછળ પોતાનું 'માન'

### • બુદ્ધિ ટૉપ પર જવાનું કારણ

દાદાશ્રી પૂર્વનો સામાન બહુ ઊંચો લાવેલા. આથી લોભ-લાલચ બિલકુલ નહીં, કોઈનું કશું જ જોઈતું નહોતું અને બીજા કશામાં ક્યાંય પડેલા નહીં. આ બધાના પરિણામે બુદ્ધિ બહુ તીક્ષ્ણ થયેલી અને બ્રેઈન પણ બહુ સારું ચાલે, તેથી ગમે તેવી મુશ્કેલીમાં ફસાયેલાને એક કલાકમાં માર્ગદર્શન આપી બહાર કાઢી આપે !

### • સલાહ આપવા પાછળ દરઅસલ અક્કલ

દાદાશ્રીની દરઅસલ અક્કલ, કોઈની નકલ કરેલી અક્કલ નહીં. તે પોતાની નવી જ શોધખોળો સાથેની સલાહ અને છૂટવાના ઉપાય આપે, તેથી કાયમ સલાહ લેવા આવનારાઓની ત્રણ-ચાર ગાડીઓ ઘરની બહાર પડી રહેતી અને લોકો એમની પાછળ ફરતા.

### • અડચણો કાઢવાનું ફ્રી ઑફ કૉસ્ટ દવાખાનું

પોતાની પાસે પૈસાની એટલી બધી સગવડ નહીં પણ અક્કલ ઠેઠ સુધી પહોંચેલી. તે લોકોની અડચણ દૂર કરવા ફ્રી ઑફ કૉસ્ટ સલાહ આપવાનું દવાખાનું ખોલેલું. મામાની પોળમાં આજુબાજુ બધાને કહી દીધેલું કે અમે તમારા વગર ફીના ઘરના ડૉક્ટર છીએ. જેને જે અડચણ હોય તે કહેજો.

લોકોને નોકરી માટે ચિઠ્ઠી લખી આપે, ધંધાની ઉપાધિઓ સૉલ્વ કરે, વર-વહુના ઝઘડા ઉકેલી આપે, આપઘાત કરતા બચાવે. તે આવું સવારથી સાંજ ચાલ્યા કરે. પોતાની આખી જિંદગી આવી જુદી જ જાતની ગયેલી !

### • હેલ્પ કરવા પાછળના 'માન' પરેય જાગૃત

લોકો 'અંબાલાલભાઈ' બોલે, જોડા હઉ ઝાલી લે, 'તમારા વગર

મારું શું થાય' એવું કહે એટલે માનના આધારે બધી હેલ્પ કરવા તૈયાર થઈ જાય. પણ પોતે અંદર એટલા જાગૃત હતા કે એમને એ ખબર પડતી હતી કે આ બધી મદદ કરવા પાછળ પોતાનું 'માન' છે.

માન ગમે પરંતુ નિયમસર આપે એટલું જ ! નિયમની બહાર મીઠું બોલીને છેતરવા આવે ત્યાં દાદાશ્રીની આંખ કડક થઈ જાય અને એ કડકાઈથી જ સામેની વ્યક્તિ ધ્રુજવા માંડે.

**• નિષ્પક્ષપાતી રીતે પોતાને જોઈને, કરે માનનો દોષ ખુલ્લો**

દાદાશ્રીને માનની લાલચ એટલી પડી ગઈ'તી કે ભૂખ લાગે ને માન ન મળે તો સામેથી કોઈના ઘરે જાય ને ત્યાં 'આવો-આવો' કહી બોલાવે એટલે એ ભૂખ મટે. અને જો કોઈ 'આવો' કહીને ના બોલાવે તો બીજીવાર ત્યાં ન જાય.

જ્ઞાન થયા પછી પણ સત્સંગમાં પોતાનેય એવી ટેવ રહી કે દરેક આવે એટલે અચૂક 'જય સચ્ચિદાનંદ, આવો' એવું કહે. અને એની પાછળ પોતાને જ્ઞાન થતા પહેલા આવો રોગ હતો એના આધારે આ ટેવ પડી છે, એવું કહીને પોતાના માનના દોષને ખુલ્લો કરે છે.

**• માનના લીધે વહોરેલા ગુના**

'અંબાલાલભાઈ' કહીને બોલાવે એ માન સારુ અમુક ગુના પણ વહોરેલા. ઈન્કમટેક્ષમાં સપડાઈ ગયા હોય, સિમેન્ટની ચોરી કરી હોય એવા બધાનેય સલાહ આપીને પાછલા બારણે છોડાવેલા. તે દરેક કામમાં સરવૈયું કાઢવાની પોતાની ટેવના આધારે ખોળ્યું કે આમાં નફો-ખોટ શું રહ્યું ? તે સમજાઈ ગયું કે આ તો ખોટ જ ગઈ. અને ખૂબ પસ્તાવો પણ થયેલો. ૧૯૫૧ પછી આ ભૂલ સમજાઈ અને આવા ખોટા રસ્તા બતાવવાનું બંધ કર્યું. પાછલા બારણે છટકી જાય એવી સલાહ આપવાનું બંધ કરીને પછી ખૂબ પ્રતિક્રમણ કર્યા.

પાછલા બારણે છૂટી જવાની સલાહ આપવા પાછળ દાદાશ્રીને પોતાનો અહંકાર દેખાયેલો કે આ અહંકાર ધૃતરાષ્ટ્ર જેવો આંધળો છે અને એનું માનવાથી આ ભૂલ થઈ છે.

### • ભગવાન બહુ રાજી, હેતુની પ્યોરિટીને લીધે

આવી રીતે ખોટા રસ્તા બતાડીને મદદ કરવામાં સાંસારિક કાયદાનો ભંગ થતો હતો પણ ભગવાનના કાયદાનો નહીં. એટલે આવી ભૂલો થયેલી પણ તોય ભગવાન બહુ રાજી, કારણ એની પાછળનો હેતુ સામાને સુખ આપવા માટેનો હતો.

### • આવા પૉઝિટિવ માનનો ફાયદો

આવા પૉઝિટિવ માનનો ફાયદો શું થાય ? માનીમાં બીજા રોગ ના હોય. માની હંમેશાં ભોળા ને પોલા હોય. તે લોકો માન આપીને પહેલા ચગાવે અને પછી ચગેલા અહંકારને એવો અફાળે, તે એ માર પડવાથી એ પાછો વળે ને બીજા રોગ ન હોય, તેથી આત્મા તરફ જ જાય.

### • ખરેખર તો આ માનની પાછળ હાર્ટિલીપણું

ખરેખર તો આ માનની પાછળ એમનાથી લોકોના દુઃખ જોવાતા નહોતા. એમને લોકોના દિલ ઠારવાનું ગમતું હતું, ઓબ્લાઈઝ કરવાનું ગમતું હતું. અને આ જ હાર્ટિલી ગુણથી જે જ્ઞાન અપ્રગટ હતું, તે અંતે પ્રગટ થયું !

નિયમથી વધારે માન આપીને છેતરવા આવે ત્યાં કડકાઈ દેખાડે પણ પાછા જાણીજોઈને છેતરાય પણ ખરા, કારણ કે સમજે કે અત્યારે ભગવાનનું ઘર તો છે નહીં, તો લોકો ક્યાં જશે ? તો ભગવાનના આસિસ્ટન્ટને ત્યાં ભલે આવીને કામ કરાવી લે ! ભગવાનના આસિસ્ટન્ટ કોણ કહેવાય ? જેને પોતાને કશું જોઈએ નહીં અને સામાએ એની પાસેથી બધું કામ કરાવી લેવાની છૂટ !

### • અનોખી સમજણ

* સંસારનું કંઈ પણ આવડે છે તે અહંકારને આધારે આવડે છે. આવડે ક્યાં સુધી ? મહીં લાલચ હોય ત્યાં સુધી.

## [૧.૪] લોકોને બચાવ્યા આપઘાત કરતા

### • પ્રેમ વરસાવી, સમજણ આપી આપઘાતમાંથી બચાવે

આપઘાત કેમ ન કરવો જોઈએ એ માટેની વિગતવાર સમજણ

દાદાશ્રી પાસે હતી. આ સમજણ થકી બીજાને આપઘાત કરતા બચાવવા પોતે આખા વડોદરા શહેરમાં કહેવડાવેલું કે જે કોઈને આપઘાત કરવાનો હોય તો બંધ રાખે અને મને મળીને પછી બીજા દહાડે કરે.

એવા વ્યક્તિઓ દાદાશ્રીને મળેલા પણ ખરા કે જેણે આપઘાત કરવાની તૈયારી કરી હોય અને દાદાશ્રીને મળ્યા બાદ આપઘાત કરવાનું ટાળ્યું હોય. એના પર એટલો બધો પ્રેમ વરસાવે, એને બધી રીતે હેલ્પ કરે. પૈસાની થોડી ઘણી હેલ્પ જોઈતી હોય તો તે પણ કરે અને ગમે તેમ કરીને એને આપઘાત કરવામાંથી અટકાવે.

**• આપઘાત પાછળના કારણો ને આપઘાતની જોખમદારી**

* માણસ આપઘાત માત્ર અણસમજણથી કરે છે. સાચી સમજણ ના હોવાથી અગર આગળનું ના દેખાવાથી આપઘાત કરે છે.

* આપઘાતના વિચારો આવતા આવતા આવતા આવતા તે રીજ પૉઈન્ટ ઉપર આવે ત્યારે એ આપઘાત કરવાનું શીખી જાય. એને એ રૂપકમાં આવે.

* આવેલા કર્મનો હિસાબ પૂરો ન કરતા, આપઘાત કરીને નાસી છૂટવા જેવું કરવાથી બેવડા ગુનેગાર થવાય છે.

* 'આપઘાતના સંસ્કાર', પછી સાત-સાત ભવ ભોગવવા પડે છે. એના એ જ પરમાણુ એને ભમાવ્યા કરે. એના કરતા તો અત્યારે જે કર્મ આવ્યું છે તેને ભોગવીને છૂટી જવા જેવું છે.

**• અનોખી સમજણ**

* આ બાજુ ખોટું થવું ને આ બાજુ મરવું, બે ઑન ધી મૉમેન્ટ કરતા હોય તો બરાબર છે. આ તો ક્યારે પ્રસંગ બને છે ને ક્યારે મરે છે ! જગત માને છે કે આ આજે જ થઈ ગયું. આ તો ક્યારનું થયેલું છે ને આજે ઉઘાડું પડ્યું ભોપાળું !

* આપઘાત ન કરવા માટે એવી સુંદર સમજણ પાડે, સારાસાર બતાવે અને ગૂંચામણ કાઢી આપે તે પછી સામો પોતે જ એવો ન્યાય કરે

કે આ આપઘાત કરવા જેવો નથી. એનું મન આખુંય ફરી જાય.

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા દર્શાવતી સમજણ**

* પોતાનું સ્વરૂપ જ ભગવાન છે, તો પછી આપઘાત શાના માટે ?

## [૧.૫] કોઠાસૂઝ અને વિપુલમતિ

**• ખૂબ જ ઊંચી કૉમનસેન્સ, કોઠાસૂઝ ને વિપુલમતિ**

દાદાશ્રી ખૂબ જ ઊંચી કૉમનસેન્સ, કોઠાસૂઝ, વિપુલમતિ લઈને આવેલા. જેના કારણે પોતે તો ક્યાંય ગૂંચાય જ નહીં પરંતુ લોકોના ગૂંચવાડા સરળતાથી ઉકેલી આપતા.

* કૉમનસેન્સ - વ્યક્તિઓમાં અંદર અંદર થયેલા ઝઘડા કે ગૂંચોને ઉકેલી આપે. જ્યાં ને ત્યાં ફોડ પડી જાય અને પાંચસો માણસોનો ગૂંચવાડોય કાઢી આપે !

સામે કોઈ પણ પ્રકારની વ્યક્તિ હોય, સારી કે નઠારી તો પણ એની પ્રકૃતિ ઓળખી એ મુજબ વ્યવહાર કરીને ઉકેલ લાવી શકે.

* સૂઝ - સૂઝ એ કુદરતી બક્ષિસ છે, એ પુરુષાર્થ નથી. એ તો પૂર્વભવનો સામાન લઈને આવેલા હોય તેને હોય ! ક્રોધ-માન-માયા-લોભ સૂઝને ખાઈ જાય છે. ક્રોધ-માન-માયા-લોભમાં ધ્યાન, તે સૂઝ ઉપર બેધ્યાન રહે છે ને સૂઝ વધતી નથી.

હલકા લોકોની સૂઝ હલકી હોય, તે એમના સંસર્ગમાં રહેવાથી સૂઝ હલકી થઈ જાય. તે પછી આપણને ગૂંચવે.

* કોઠાસૂઝ - નાનામાં નાના પ્રસંગમાંથી ઊંડું રહસ્ય શોધી કાઢે.

* વિપુલમતિ - જગતમાં એવરીવ્હેર એડજસ્ટ કરી આપે એવી મતિ હોય તેને વિપુલમતિ કહેવાય.

જાડા પુસ્તકનો સાર અડધા કલાકમાં ખેંચી અને બાજુએ મૂકી દે. આખું પુસ્તક વાંચવાની જરૂર નહીં પણ ફક્ત પાનાઓ ફેરવીને અમુક વાક્યો પરથી તારણ કાઢી લે.

વિપુલમતિવાળાને કોઈ પણ વાત નીકળે તો શબ્દેશબ્દનો વિચાર આવી જાય અને સાંભળતાની સાથે જ વાતનો તોલ થઈ તારણ નીકળી અને ફોડ પડી જાય. વિપુલમતિ તો કોઈ એક્સેપ્શનલને જ હોય !

**• કોઠાસૂઝ, હૈયાઉકેલનો પ્રસંગ**

દાદાશ્રી ભારોભાર તટસ્થતાથી બધાની ગૂંચો એવી રીતે ઉકેલી આપતા કે લોકોનો ખૂબ વિશ્વાસ સંપાદન કરેલો. એટલે સુધી કે લોકો પોતાની આખી મિલકતની વહેંચણી કરવાનું એમને સોંપી દેતા. અને દાદાશ્રી પણ પોતાની ગજબની કોઠાસૂઝથી કોઈ એકને પણ અન્યાય ના થાય, અસંતોષ ના થાય એવી રીતે હૈયાઉકેલ લાવી વહેંચણી કરી આપતા. એટલે બધી જ કોમ્યુનિટીવાળાએ (જ્ઞાતિવાળાએ) હેડ મેમ્બર તરીકે સ્વીકારેલા.

એકવાર એક જગ્યાએ મિલકતની વહેંચણી કરવાની હતી, જેમાં બીજી બધી વસ્તુઓની વહેંચણી થયા બાદ સોનાની બે બંગડીઓ બાકી રહી. ત્રણ છોકરાંઓ અને એક માજી, એમ ચાર જણા હતા અને ચારેવને એ બંગડી જોઈતી હતી. દાદાશ્રીની પાસે તો ગજબની કોઠાસૂઝ અને બોધકળા, તે પેલા ચારેવને ભેગા કરીને કહ્યું, આ બંગડી ને વીંટી બધાને જોઈએ છે, તો શું કરીશું ? એના કરતા હું પાંચ હજાર આપીને લઇ લઉ. તમારે જોઈતી હોય પાંચ હજારથી વધારે હરાજીમાં બોલો, નહીં તો હું પાંચ હજારમાં લઈ લઉ છું. તે હરાજીમાં બોલતા બોલતા છેલ્લે એકે નવ હજાર કહ્યા. તે બધાની સહમતી લઈને એમને એ બંગડી આપી દીધી. તે બંગડી ભંગાવવી પણ ન પડી ને કોઈને અસંતોષ પણ ના થયો.

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* જ્ઞાન પહેલા પણ લોકો 'ભગવાન જેવા છે', એવું કહેતા.

* જ્ઞાન પહેલા બોધકળાથી વ્યવહાર ચોખ્ખો થાય અને જ્ઞાન બાદ જ્ઞાનકળાથી મુક્તિ થાય !

* મિથ્યાત્વીમાં સૂઝ હોય. સમકિતીને સૂઝ નહીં પણ દર્શન હોય.

## [૧.૬] વેલ્ડિંગ કરેલા

### • વેલ્ડિંગ કરી શકે એ તો એક સિદ્ધિ

દાદાશ્રી જ્ઞાન પહેલા બહુ અડચણ વેઠીને પણ બે વ્યક્તિ વચ્ચે વિખવાદ થયો હોય ત્યાં બન્નેનું વેલ્ડિંગ કરી આપે.

'વેલ્ડિંગ' શબ્દ એ દાદાશ્રીનો પોતાનો મૌલિક શબ્દ છે ! વેલ્ડિંગ કરી શકે એ તો ઊંચામાં ઊંચો ગુણ છે ! બુદ્ધિની સંપૂર્ણ કળા છે ! આ એક એવી સિદ્ધિ છે કે જેમાં બન્ને વ્યક્તિને ફાવે અને બેઉને ગમે એવી રીતે દાદાશ્રી વેલ્ડિંગ કરી શકતા. એકને ફાવે, એકને ના ફાવે તો વેલ્ડિંગ થાય જ નહીં.

લોકો શું કરે ? એક ફેરો માર ખાય એટલે પછી વેલ્ડિંગ કરવાનું છોડી દે અને ફાચર જ પાડ પાડ કરે. અથવા તો પોતે ફાચર ના પાડે પણ પોતાનો રોફ રહે એટલા માટે પડેલી ફાચર સાંધે નહીં અને એનો લાભ ઉઠાવે. જ્યારે દાદાશ્રીએ તો માર ખાઈનેય કાયમ સાંધ સાંધ જ કરેલું.

### • વેલ્ડિંગ કરવા પાછળની સમજણ

* વેલ્ડિંગ કરવામાં ઘણીવાર દાદાશ્રીને પૈસાનું નુકસાન પણ થાય. કારણ જેનું વેલ્ડિંગ કર્યું હોય એ બન્ને વ્યક્તિ વચ્ચે એકતા થઈ જાય અને દાદાશ્રીએ આપેલા પૈસા પછી પાછા ના આવે. છતાં એમણે વેલ્ડિંગ કરવાનું છોડેલું નહીં. એમને એવો વિશ્વાસ અને ખાતરી કે કુદરત બધું જુએ છે !

* વેલ્ડિંગ કરનારને માર જ આવે, પણ સરવાળે આવો માર પડે એટલે જગત જોડે વૈરાગ્ય આવે !

* વેલ્ડિંગ કરનાર આત્મપક્ષી થાય છે. માર પડી પડીને પુદ્ગલને જ પડે છે ને !

### • અનોખી સમજણ

* વેલ્ડિંગ કરનારને માર તો પડે પણ મહીં બળતરા બંધ થાય અને વેલ્ડિંગ ન કરનારને મારેય પડે ને બળતરા પણ રહે.

* પોતાનામાં લાયકાત ના હોય, પોતાનું જ મહીંથી તૂટી જતું હોય બીજાની જોડે અને સામાનું તૂટેલું સાંધવા જાય, તો સામાનું સંધાય નહીં. એ શક્તિ કામ જ ના કરે ને !

**• વાચક માટે - વેલ્ડિંગ થાય એવો ભાવ પકડી રાખવો**

* ખાનદાનને ઘેર ઉછરેલા માણસને વેલ્ડિંગ કરવાનો ભાવ ઉત્પન્ન થાય ! પણ પછી માર ખાય એટલે છૂટી જાય. તે દાદાશ્રી સમજાવે છે, કે બની શકે એટલું આપણે વેલ્ડિંગ કરવું અને ના થાય તો મનમાં ભાવ તો એવો જ રાખવો કે વેલ્ડિંગ થાય તો સારું. 'વિખૂટા પડી જાય તો સારું' એવું તો ના જ હોવું જોઈએ.

## [૨] નાનાથી પણ નાના રહેવાની રીત

**• ખોળી કાઢ્યો ઉપાય 'નાનાથી નાના' થવાનો**

નાનાથી પણ નાના રહેવા માટે અઢાર વર્ષની ઉંમરે દાદાશ્રીએ કરેલી આ શોધખોળ અદ્‌ભુત છે, કે જેનાથી પોતાને મોટાપણાની માન્યતા ન રહે ને એની ફળશ્રુતિ રૂપે સામેની વ્યક્તિને પોતાના માટેનો પ્રેમ પણ તૂટે નહીં.

દાદાશ્રીના દૂરના એક ભત્રીજાના દીકરા, જે દાદાશ્રીને 'દાદા-દાદા' કરીને પ્રેમથી સંબોધે. વારેઘડીએ આવું કહે એટલે પછી દાદાશ્રીને એમના મન પર બોજો લાગવા માંડ્યો. તે પછી એમને મહીં વિચારણા ચાલી કે એ તો વ્યવહારથી 'દાદા' જ કહેવાનો, તો આ બોજો ઉતારવો કેવી રીતે ? અને બીજું કે આવું બહુ માન આપે એટલે પછી આપણી આંખ એના તરફ નરમ થઈ જાય અને આપણે એને સત્ય કહેતા પણ ડરીએ. તો આનો ઉપાય શું કરવો ?

ત્યારબાદ ખૂબ વિચારીને શોધખોળ કરી અને ખોળી કાઢ્યું, કે એ મને 'દાદા' કહે તો મારે એને મનથી 'દાદા' માનવા. પ્લસ-માઈનસ કરી છેદ ઉડાડી દેવો. તે આવું કર્યું એટલે પછી મન પણ હલકું થવા માંડ્યું અને એનાથી સામે પેલાને એટ્રેક્શન વધારે થવા માંડ્યું, કારણ કે અંદરથી પોતે એનાથી નાના થઈ ગયા.

**• નાનાપણાની બિલીફથી સામાને રહે પ્રેમ**

એ ભત્રીજાના એક કાકા હતા, જે પોતે 'કાકા' થઈને એની પાસે રોફ માર્યા કરે. તે અંદર-બહાર બધી રીતે 'કાકા' થઈ જાય, એટલે એના પરિણામે પેલા ભત્રીજાને ડફળાવ્યા કરે અને આથી પેલાને એમની પર પ્રેમ જ ના આવે. તે ભત્રીજાને એકવાર દેવું થઈ ગયું ને પેલા કાકા એને મદદ કરવા અર્થે વારંવાર પૂછે, તો પણ ખુલ્લું કર્યું નહીં અને એ જ વાત પછી દાદાશ્રીએ પૂછી તો મુક્ત મનથી જણાવી દીધી. આથી કાકાને આશ્ચર્ય થતા એની પાછળનું રહસ્ય દાદાશ્રીને પૂછ્યું, ત્યારે આ પ્લસ-માઈનસ કરવાનો પોતાનો કીમિયો દાદાશ્રીએ એમને જણાવ્યો.

**• પ્લસ-માઈનસની ગોઠવણી પાછળ સમજણ**

માન શાથી ઊભું રહ્યું છે ? સામાને હલકો માનવાથી. તે આવું પ્લસ-માઈનસ કરી લેવલ ગોઠવવાથી સામેના માટે તિરસ્કાર રહે નહીં. 'હું દાદો છું' એ ભાન રહે નહીં અને એ 'દાદા-દાદા' કહ્યા કરે એના પાવરની અસર આ ગોઠવણીથી ઊડી જાય. પોતે એટલા જાગૃત હતા તેથી જાણે કે લોકો તો માન આપી ચડાવશે પણ અંતે પડવાનું તો મારે જ ને !

**• બોધકળાથી છોડાવ્યું દારૂખાનું ફોડવાનું**

આવી જ એક બોધકળાથી દાદાશ્રીએ બે છોકરાંઓની દારૂખાનું ફોડવાની જીદને છોડાવી આપેલી. મહીંથી પ્લસ-માઈનસ કરીને એ નાના છોકરાંઓના લેવલ પર જઈ એનું મન એક્સેપ્ટ કરે એવી રીતે સમજણ પાડી આપી કે 'રાજા હોય તે દારૂખાનું પોતે ના ફોડે. એના નોકરો ફોડે અને રાજા જુએ. એટલે આપણે રાજા છીએ ! એટલે લોકો ફોડે અને આપણે જોવાનું. ફોડવાવાળો તો આનંદ ના માણી શકે. એ તો ભયમાં જ હોય.' તે પેલા બન્ને છોકરાંઓને એવી ગેડ પડી ગઈ કે કાયમને માટે દારૂખાનું ફોડવાનું છૂટી ગયું.

**• અનોખી સમજણ**

* દાદાશ્રીનું યુનિક એલ્જીબ્રા (x=y) ! ફાધર ફ્રેન્ડ ક્યારે થાય ?

છોકરો બાહ્ય વ્યવહારથી ભલે 'બાપ' કહે પણ પોતે મનમાં અંદરખાને રાખે કે 'હું એનો છોકરો છું' તો !

* આત્માનો શુભ ઉપયોગ એટલે શું ? એડજસ્ટમેન્ટ લઈ લેવું તે.

* ઘરમાં 'તમે મોટા' એ સાંભળીને જો રોગ ચઢતો હોય તો સાંભળવું નહીં. આ શબ્દ રોગ કરનારા છે. એનું પ્લસ-માઈનસ કરી નાખશો તો બોજો વધશે નહીં ને બધાને આનંદ રહેશે.

* અમે ક્યારેય કોઈની પર સંસારી સત્તા વાપરેલી જ નહીં. સત્તા વાપરવી એ તો ઘેલછા છે.

* ખાનદાન તો કોનું નામ કે હાથમાં સત્તા આવી હોય છતાં સત્તા ના વાપરે તે.

**• વાચક માટે**

* દાદાશ્રી કહે છે, કે આ અમારી કળાઓ શીખી અને વાપરવાની શરૂઆત કરી દેજો, તો કાયમની સેફસાઈડ થઈ જશે.

* જ્ઞાનથી સામા જોડે કામ લેતા શીખો. સૌથી પહેલા થવું જોઈએ કે અત્યાર સુધીની આપણી રીત ખોટી છે, એટલે સબ્સ્ટિટ્યૂટ (એની અવેજીમાં બીજી રીત) જડશે. જ્યાં સુધી જૂનું જ્ઞાન ખસેડશો નહીં, ત્યાં સુધી નવું જ્ઞાન એડજસ્ટ નહીં થાય.

* ઘરમાં સામાની ભૂલ થઈ હોય તોય એને આનંદમાં રાખીને કામ લો અને બધાને આનંદમાં રાખો.

## [૩] નાટકના અનુભવ પરથી લીધો બોધપાઠ

**• નાટક જોવાનું છૂટ્યું આ એક પ્રસંગથી**

દાદાશ્રી નાનપણમાં મિત્રો સાથે એક નાટક જોવા ગયેલા. જેમાં એક જ ફેરો થયેલા કડવા અનુભવ પરથી ફરી નાટક ન જોવાનો દાદાશ્રીએ સ્ટ્રોંગ નિશ્ચય કરેલો. એ સ્ટ્રોંગ નિશ્ચય પાછળનો ક્ષત્રિય અહંકાર અને બધાની ટિકિટ લઈ આવ્યા તેની પાછળ ખુમારીવાળો ખાનદાન અહંકાર

આ પ્રસંગમાં જોવા મળે છે.

એમાં બનેલું એવું કે મેટ્રિકની પરીક્ષા આપવા દાદાશ્રી વડોદરા આવેલા ત્યારે ભર્તૃહરિનું નાટક આવેલું. તે દસ-બાર મિત્રો નાટક જોવા સાથે ગયા. તે ઘોડાગાડીમાંથી ઊતર્યા બાદ બધા આમતેમ આઘાપાછા થયા કરે, પરંતુ કોઈ ટિકિટ લેવા જવાની પહેલ ન કરે. તે દાદાશ્રીને થયું કે આ આમની જોડે ક્યાં ફસાયા ? તે થોડીવાર રાહ જોઈ કે સહુ સહુની ટિકિટ લઈ લે છે ? અથવા તો કોઈ શૂરવીરતા કે ખાનદાની દેખાડે છે ? પછી તો કોઈ ટિકિટ લેવા ગયું નહીં, તે એમનું ક્ષત્રિય લોહી ઊકળી ઊઠ્યું અને જઈને બધાની ટિકિટ લઈ આવ્યા. તે મોટાભાઈએ પરીક્ષા માટે આપેલા રૂપિયા આમાં વાપરી નાખ્યા. મોટાભાઈ વઢશે એ ભય હતો પણ આવું તો જોઈ જ ના શકાય, તે બધાની ટિકિટ લઈ લીધી.

**• નાટક જોવાનું છૂટવા પાછળ...**

તે આવા બધા ગુરુઓ (!) મળ્યા, તે આ પ્રસંગ પરથી એવો સજ્જડ બોધ લઈ લીધો કે જિંદગીમાં ફરી ક્યારેય નાટક જોવું નહીં. કારણ કે...

* દર વખતે આટલા બધા પૈસા ખર્ચવા પોસાય નહીં ને એકલા નાટક જોવામાં મજા આવે નહીં.

* બીજા લોકોના જેવો સ્વભાવ નહીં, તે બીજા બધા આઘાપાછા થતા હોય તે જોવાય નહીં. આવું ઊભા રહેવામાં પોતાની આબરૂ જાય એવું લાગે, અપમાન લાગે અને સહન ના થાય.

* આપણે બેઠા હોય ને પૈસા એમને આપવા પડે, તેમાં આપણી કિંમત, ખાનદાની શું રહી ? આવું પૈસાનો વિચાર આવે તે આપણી ખાનદાની ના કહેવાય, એવું લાગે.

પણ આવા સ્વભાવે જ અંતે સંસારમાંથી મુક્ત કરાવ્યા !

આવું બધું કરવામાં રૂપિયા હાથમાં ના રહ્યા પણ લોકોનો પ્રેમ ખૂબ સંપાદન થયો !

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* કંઈ પણ આવું પઝલ થાય તો તરત ઉપાય જડી આવે કે 'આના કરતાં નાટક જોવાનું બંધ કરો.' જગત નાટક જ છે ને બધું ! આ નાટક જોવા ગયા ત્યારે આ ફજેતો ઊભો થયો ને !

* બધા મિત્રોને ગુરુ માનીને, કે આ બધાએ મારું નાટક જોવાનું છોડાવ્યું, એવું પૉઝિટિવ જોઈને કાયમ માટે એ સંજોગમાંથી છૂટી ગયા !

* એક ફેરો નક્કી કરે, પ્રૉમિસ આપે, પછી એ ભૂલ ફરી જિંદગીમાં ક્યારેય ના થાય.

## [૪] જ્ઞાન પહેલાય અભયદાની

**• નાનપણથી જ અભયદાનની સૂક્ષ્મ જાગૃતિ**

દાદાશ્રી બાવીસ વર્ષની વયે સિનેમા જોઈને રાત્રે પાછા ફરતી વખતે પોતાના બૂટના અવાજથી કૂતરું જાગી ના જાય માટે બૂટ હાથમાં ઝાલીને પોળમાં પ્રવેશ કરતા. નાની ઉંમરમાં એમના અભયદાનના આ પ્રયોગ પાછળ એમની સૂક્ષ્મ જાગૃતિ છતી થાય છે.

નાનામાં નાના જીવથી માંડીને કોઈપણ વ્યક્તિને કિંચિત્‌માત્ર દુઃખ ન રહે એ રીતે પોતે તો જીવ્યા જ અને સાથે સાથે એ સમજણ બીજાને પણ આપી સાચું અભયદાન આપતા શીખવી શક્યા.

**• ઘરનાથી માંડીને દરેકને નિર્ભયતા અર્પી**

ઘરના લોકો દુઃખ થતું હોય, ફફડતા હોય એવો પ્રસંગ દાદાશ્રીની હાજરીમાં એક જગ્યાએ બનેલો. સ્થાનકવાસી શેઠ સાથે પોતે જમવા બેઠા'તા અને શેઠની દાળમાં બટાકાનો ટુકડો નીકળ્યો. તે જોઈને શેઠને જબરજસ્ત કષાય ઊભો થયો. પરિણામે ઘરના બૈરાંઓ ફફડી ઊઠ્યા. આ બધું દાદાશ્રીએ જોયું એટલે જમી લીધા બાદ શેઠને ખાનગીમાં લઈ જઈને ખૂબ જ સુંદર સમજણ પાડી કે 'કંદમૂળ ત્યાગ કષાય ઓછા કરવા માટે છે કે વધારવા માટે ? ને આ કષાય એ મોટામાં મોટી હિંસા છે !'

**• અભયદાન પાછળની સમજણ**

* દાદાશ્રીએ શેઠને પોતાનું એડજસ્ટમેન્ટ બતાવ્યું કે 'અમે તો બટાકાનો ટુકડો તો શું પણ માંસનો ટુકડો પડ્યો હોય તો પણ એને કોઈ જુએ નહીં એ રીતે ઓટીમાં ઘાલી દઈને દાળ પી જઈએ. ટુકડો ઓટીમાં નાખવાથી ભલે ઓટી બગડતી પણ એ ટુકડો જો થાળીમાં મૂકીએ તો ઘરના લોકોને કેટલું બધું દુઃખ થાય ! અને જો દાળ પીઈએ નહીં તો ઘરના સમજી જાય કે કશુંક મહીં હશે. એટલે અમે એવું દુઃખ પણ ના થવા દઈએ.'

* અંદર એવું રહે કે મને આવું કોઈ ફફડાવે તો મારું શું થાય ? એટલે મારાથી કોઈને કેમ ફફડાવાય ?

* ઘરના આપણાથી ફફડે એવું કેવું જીવન આપણું ? આને લાઈફ કેમ કહેવાય ?

**• અનોખી સમજણ**

* આપણાથી કોઈ જીવને ભય લાગે તો પછી આપણામાં અને હિંસક જાનવરોમાં ફેર શું રહ્યો ?

* ચોવિહાર કોણે કરવો જોઈએ ? 'જો તું ધંધાદારી હો અને ધંધાનું હિત તને હૃદયે હોય તો ચોવિહાર ને એ બધું કરીશ નહીં, નહીં તો એનાથી વધેલી જાગૃતિ તને કષાય કરાવશે. અને જો તને આત્માનું જ હિત હૃદયે હોય તો ચોવિહાર કરજે.'

* અભયદાન તો પરમ વિનય છે !

**• વાચક માટે**

* ભયનું દાન કરવાની પ્રેક્ટિસ તો લોકોને પહેલેથી જ છે કે 'હું તને જોઈ લઈશ.' પરંતુ દાદાશ્રીનું અભયદાન કોઈ શીખી ગયો તો કલ્યાણ થઈ જાય !

* દાદાશ્રી કહે છે કે સવારના પહોરમાં પાંચ વખત ભાવ કરીને નક્કી કરો કે 'પ્રાપ્ત મન-વચન-કાયાથી કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર

દુઃખ ના હો.' પછી દુઃખ થઈ ગયું એની જવાબદારી તમારી નહીં પરંતુ અમારી.

* કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય એ ભાવ પહેલા રાખવા, પછી એ પ્રયોગમાં આવે. ભાવ કર્યા હોય તો પ્રયોગમાં આવે.

## [૫] નાણું ખર્ચાયું વાહવાહમાં

### • નિષ્પક્ષપાતી દૃષ્ટિથી પોતાની પ્રકૃતિનું સૂક્ષ્મ નિરીક્ષણ

દાદાશ્રી પોતે બારીકાઈથી પોતાની પ્રકૃતિનું નિરીક્ષણ કરી અને તારણ કાઢી શકતા કે લોકો તો વખાણ કરે છે કે 'તમે નોબલ છો', પણ એવું માની ન લેતા, પોતાની જાત માટે નિષ્પક્ષપાતી રહી, ચકાસણી કરી, પોતાની કચાશ ખોળી કાઢતા.

૧૯૨૮-૧૯૩૦ દરમ્યાન દાદાશ્રીને કોન્ટ્રાક્ટના ધંધામાં પૈસાની કમાણી સારી. છતાં અગાસ જાય ત્યારે ત્યાં મંદિરમાં દાન આપતી વખતે સો રૂપિયા આપીને પંચોતેર પાછા આપવાનું કહેતા. આ પ્રસંગ પરથી દાદાશ્રીએ પોતાની પ્રકૃતિનો સ્ટડી કરીને હિસાબ કાઢી લીધો કે લોકો કહે છે, 'તમે નોબલ છો' ને આ અહીં મંદિરમાં શા હારુ વધારે પૈસા અપાતા નથી ? તે આ 'પાજી' ક્યાં છીએ અને 'નોબલ' ક્યાં છીએ, એ પોતાની સૂક્ષ્મ, નિષ્પક્ષપાતી દૃષ્ટિથી અંતે એમને જડી ગયું, કે આ જ્યાં વાહવાહ થાય છે ત્યાં બે હજાર પણ ખર્ચી શકાય છે પણ મંદિરમાં કે ધર્મમાં વાહવાહ ન બોલાય તેથી ત્યાં વધારે નથી અપાતું. એટલે પ્રકૃતિ વાહવાહ ત્યાં 'નોબલ' છે અને વાહવાહ નહીં ત્યાં 'પાજી' છે.

### • વણિકની લોભની ગાંઠ ને પાટીદારોની માનની ગાંઠ મોટી

આ પ્રસંગ પરથી ક્ષત્રિય અને વણિક પ્રકૃતિની ખાસિયતો પણ શોધી કાઢી કે વણિક પ્રકૃતિને લોભની ગાંઠ મોટી હોય અને પાટીદારોને વાહવાહ એટલે કે માનની ગાંઠ મોટી હોય. તેથી વણિક મંદિરમાં ને એમાં દાન આપવામાં વધારે પૈસા ખર્ચે અને આવતા ભવનો ડ્રાફ્ટ કઢાવે. જ્યારે પાટીદારો તો અહીં જ વાહવાહ થાય એવું હોય ત્યાં પૈસા ખર્ચી કાઢે, તે એનું અહીં ને અહીં ફળ મળી જાય.

### • મંદિરની તકતીમાં નહીં પણ વાહવાહમાં રસ

મંદિરમાં તકતી મૂકે તે વળી દાદાશ્રીને વાહવાહ ન લાગે, એ તો એમને કબ્રસ્તાન ઉપર મૂક્યા જેવું લાગે. એમને તો મોઢે વાહવાહ થાય તેમાં જ રસ આવતો. તે ફાધર ઑફ થઈ ગયા બાદ દેવું હોવા છતાં આ વાહવાહ મળે એ માટે ખડકીમાં બધો વ્યવહાર કરેલો. જ્ઞાન બાદ તો આવી કોઈ વાહવાહની ઈચ્છા નહીં છતાં પાછલા ભાવના આધારે હીરાબાની પાછળ પણ એવી જ વાહવાહની રીતથી જ ખર્ચ કર્યો હતો.

### • લોકોની નોબિલિટી જોઈ, અહોભાવ વ્યક્ત કરે

જ્ઞાન પહેલા પોતાના માટે આવું કોઈ વાહવાહ કરે તો ગમતું. એ આધારે જ્ઞાન બાદ કોઈ મહાત્મા આવું દાન આપે તો દાદાશ્રીથી બધાને કહેવાઈ જાય ખરું પરંતુ દાદાશ્રી કહે છે, કે આ વાહવાહ ન ગણાય, આ તો અમારાથી અહોભાવ વ્યક્ત થઈ જાય છે. પોતે એટલા લઘુતમ કે આજના લોકોના આવા નોબલ મન જોઈ પોતે ખૂબ જ કદર કરતા.

એક ફેરો દાનમાં પૈસા આપવા માટે લોકોને ધક્કા ખવડાવેલા, તે પ્રસંગ માટે પણ ખૂબ પસ્તાવો દર્શાવતા કહે છે કે અત્યારના લોકોના નોબલ મન જોઈને ખૂબ અહોભાવ થાય છે કે અમારું મન આટલું નોબલ નહોતું. તેઓ પોતાની નબળાઈઓને નિખાલસતાથી જાહેર કરી, એનું શુદ્ધિકરણ કરતા.

### • ૧૯૪૬ પછી આ બધામાંથી વૈરાગ્ય

૧૯૪૬ પછી આ બધામાંથી ખૂબ જ વૈરાગ્ય આવ્યો અને પોતાનું જે વાહવાહ અર્થે વપરાયેલું નાણું તે બધું ગટરમાં ગયું હોય એવું લાગ્યું. અને સમજાયું કે વાહવાહની ઈચ્છા રાખ્યા વગર પારકાં માટે નાણું વપરાય એ જ સાચું !

### • જ્ઞાની તરીકેની લાક્ષણિકતા

* અગાસમાં દાન આપવાના પ્રસંગનું હૂબહૂ વર્ણન કરતા દાદાશ્રી કહે છે, કે ''મને હજુય આ દેખાય છે, એ અંબાલાલ પૈસા આપતાય

દેખાય છે, ઑફિસેય દેખાય છે. સોની નોટ કાઢીને કહું છું કે 'લ્યો, પચ્ચીસ જમે કરો અને પોણોસો પાછા આપો.' એ સમયનું ચિત્રપટ મને હજુ હસાવે છે કે સો આપી દીધા હોત તો શું ખોટ જવાની હતી ?'' પોતાની પ્રકૃતિથી પણ કેટલી બધી નિર્લેપતા ! ત્યારે આવું જેમ છે તેમ ખુલ્લું કરી શકે.

**• અનોખી સમજણ**

* લોકો ધર્માદા માટે પૈસા માગે ત્યારે ભાવ બગડતા હોય એવું લોકોનું જોયેલું અને દાદાશ્રીને પોતાને પણ એવું થયેલું. એ અનુભવના આધારે અક્રમમાં લક્ષ્મી માંગવાનો વ્યવહાર જ બંધ રાખેલો.

**• વાચક માટે**

* અક્કલ તો અટકણ કર્યા કરે અને દાનમાં પૈસા આપવા ના દે, ત્યાં એનું પાંચ વર્ષ સુધી માનીએ નહીં, એનો અવરોધ કરીએ, વિરોધ કરીએ તો એ જતી રહે !

# [૬] કૉર્ટ અને વકીલોના અનુભવો

## [૬.૧] કૉર્ટનો ભય

**• 'જ્યાં ચીડ ત્યાં ભય' - દાદાશ્રીની પોતાની મૌલિક શોધખોળ**

જ્ઞાન પહેલા દાદાશ્રીને કંઈક પ્રોબ્લેમ ઊભો થાય ત્યારે સામાન્ય લોકો કરતા જુદી જ રીતે શોધખોળ થાય ને છેક તળિયા સુધી પહોંચીને પ્રોબ્લેમનું મૂળ શોધી કાઢે ને પછી ગજબનો ઉપાય જડી જાય.

દાદાશ્રીને નાનપણથી કૉર્ટનો ભય મહીં પેસી ગયેલો. એટલે ગમે તેવા પૈસા જતા કરે પણ ક્યારેય દાવો ના માંડતા. પરંતુ એક ફેરો એક વ્યક્તિએ સાક્ષી પુરાવવા માટે દાદાશ્રીનું નામ લખાવ્યું, એટલે દાદાશ્રીના નામનું સમન્સ નીકળ્યું. તે કૉર્ટમાં જવાનો સંજોગ ઊભો થયો. ત્યારે મનમાં ખૂબ ગભરામણ થઈ ગઈ. તે પહેલી વખત જે તારીખ આપેલી, તે તારીખે તો ના ગયા. એટલે પછી જજે કહેવડાવ્યું કે 'હવે જો નહીં આવો તો વૉરન્ટ કાઢીશ.' તે પછી ખરી મૂંઝવણ ઊભી થઈ.

પોતાને આવો ભય લાગે છે, એવું પાછું કોઈને શી રીતે કહેવાય ? નહીં તો લોક જાણી જાય કે આ તો નબળા માણસ છે ! અને લોકોને પોતે પાછા એવું કહેતા કે કૉર્ટમાં લડો. દાદાશ્રીને આવો ગૂંચવાડો થાય કે મહીં શોધખોળ ચાલુ થાય. એટલે પછી પોતે જ વિચાર કરી શોધખોળ કરી, કે લોકોને કૉર્ટનો કશો ભડકાટ નથી દેખાતો ને મારામાં એવી શું ખામી છે કે મને આમ થાય છે ? આ ન્યાયમંદિર નામ તો સરસ છે, એ કંઈ કોઈને ખઈ જતું નથી. કેટલાક લોકોને તો ત્યાં બહુ મજા આવે છે. તો પછી આ ભય લાગવા પાછળ કારણ શું છે ?

પછી બહુ તપાસ કરતા જડ્યું કે આ ન્યાયમંદિર પર પોતાને ચીડ છે, તિરસ્કાર પેસી ગયો છે કે 'ન્યાયમંદિર બહુ ખરાબ, કોઈ દહાડો જવા જેવું નથી, ત્યાં ખોટા ઝઘડા ને વઢવાડો હોય. વકીલો ખરાબ માણસો હોય', તે આવા બધા તિરસ્કારના કારણે ત્યાં મને ભય લાગે છે. પૂર્વે એના એ વિચાર કર્યા હોય, એના કારણે આ ગ્રંથિ બંધાઈ જાય.

તે આ દાદાશ્રીની બહુ વર્ષો પરની શોધખોળ કે જ્યાં ચીડ, તિરસ્કાર ત્યાં ભય. ના ગમતું, અભાવ, ચીડ, તિરસ્કાર આ બધા જ શબ્દો ભયને લાવનારા છે. તમને જેના જેના પર ચીડ ચડે, સાપ, વીંછી, વાઘ-સિંહ, ગરોળી-વંદા હોય કે કોઈ વ્યક્તિ હોય તો એનો તમને ભય લાગશે.

**• ચીડને ઓગાળવાના ઉપાયો**

* દાદાશ્રીએ પોતે કૉર્ટના ભય સામે પ્રતિભાવ મૂક્યો, 'કૉર્ટ બહુ સારી, જજો સારા, વકીલ સારા' ને પછી અમથું અમથું ત્યાં જા જા કર્યું, ઓળખીતા વકીલોની ચા પીધી તે પછી ભય છૂટી ગયો.

* જેટલા આંટા 'આ ખરાબ છે' કરીને માર્યા હોય એટલા આંટા 'આ સારા છે' કરીને ઉકેલીએ અને 'મેં તિરસ્કાર કર્યો એ મારી ભૂલ છે', એમ કરીને એના પ્રતિક્રમણ કરીએ, તો ધીમે ધીમે ચીડ ઓગળતી જાય.

* વ્યક્તિ માટે 'આફ્ટર ઑલ હી ઈઝ એ ગુડ મેન' કરીને પણ ચીડ કે નેગેટિવના આંટા ઉકેલી શકાય.

**• બોધકળા**

* જ્ઞાન પછી પણ કોઈ કૉર્ટની વાત કરે તો પાછલી પ્રકૃતિના આધારે અંદર ના ગમતા પરિણામ તો ઊભા થાય પણ પછી તરત અંદર 'બહુ સારું છે, બહુ સારું છે' કરીને પોતે ફેરવી નાખતા.

* કોઈ પ્રત્યક્ષ ગુરુ મળેલા નહીં, તે જ્યાં ગૂંચાય ત્યાં જાતે શોધખોળ કરે ને પોતાને આવા બધા ઉપાય જડી આવે, જે દાખલાઓ લોકોને આપવાથી એમને બહુ ઉપયોગી થઈ જાય.

**• અનોખી સમજણ**

* ભય કાઢવાનો આ રસ્તો તે સંપૂર્ણ ભય જ્યાં સુધી ના જાય, ત્યાં સુધીનો ઔપચારિક રસ્તો છે. સંપૂર્ણ ભય તો ક્રોધ-માન-માયા-લોભ જાય ત્યારે જ જાય !

* જો ખરેખર ભય લાગતો હોય તો એવા જાગૃત રહેવું જોઈએ કે આ દુનિયામાં એક ક્ષણ, એક જગ્યા એવી નથી કે જ્યાં ભય ના હોય. માટે આત્મા તરફ જાવ તો સંપૂર્ણ સેફસાઈડ થાય !

## [૬.૨] વકીલ પાસે પોપટ જેવા થઈને થયા એડજસ્ટ

**• મહીં પઝલ ઊભું થાય કે તરત જડે જવાબ**

એક જગ્યાએ કૉર્ટમાં સાક્ષી આપવા જવાનું હતું. તે વકીલે દાદાશ્રીને કહ્યું કે 'આ હું તમને કહું એવું તમારે બોલવાનું. એમાં જરા આવું ખોટું બોલવું પડશે.' તે દાદાશ્રીએ પહેલા તો કહ્યું કે 'એવું તો મારાથી ખોટું નહીં બોલાય.' આથી વકીલ ભડક્યા કે 'આ તો કૉર્ટ છે, આમાં તમારું સત્-બત્ ના ચાલે. આવું તમે નહીં બોલો તો કેસ હારી જઈશું ને આમાં મારી આબરૂ બગડશે.' દાદાશ્રીએ બહુ વિનંતી કરી પણ વકીલ માન્યા નહીં. પછી મહીં વિચાર આવ્યો કે એ પણ પ્રકૃતિના નચાવેલા નાચે છે અને હું પણ પ્રકૃતિનો નચાવેલો નાચું છું. પણ એમને દુઃખ તો ના થવું જોઈએ. તે પછી વકીલને કહ્યું, 'આવું જોખમ મેં કોઈ દહાડો ખેડ્યું નથી અને આ ખેડવાનું છે તો મને જરાક વિચારવા દો.'

હવે મહીં પઝલ શરૂ થયું તે શોધખોળ ચાલુ થઈ ને થયું કે આનો ઉકેલ ના જડે ત્યાં સુધી ઊંઘવું નથી. તે અંદર ઉપયોગ મૂક્યો ને વાતચીત થઈ કે 'આવું જૂઠું કેમ બોલાય આપણાથી ?' ત્યારે મહીંથી જવાબ મળ્યો કે 'સત્યવાદી શું કામ થાવ છો ?' તો કહે, 'અસત્યવાદી થવું ?' ત્યારે કહે, ''ના, આપણે પોપટ થઈ જાવ ને ! એ બોલાવે એટલું બોલવાનું. એ કહે કે 'આયા રામ' તો 'આયા રામ' અને 'ગયા રામ' તો 'ગયા રામ' કહેવું.'' તે મહીંથી જવાબ મળી ગયો. પોપટ થઈ જઈએ એટલે આપણી કોઈ જોખમદારી નહીં.

પછી તો બીજે દહાડે વકીલને કહી દીધું કે 'તમે કહેશો એટલું હું બોલીશ.' તે વકીલ ખુશ થઈ ગયા. ત્યારબાદ દાદાશ્રીએ સાક્ષી આપી. તે સામો વકીલ કાયદામાં ફસાવવા ગયો પણ જબરજસ્ત જાગૃતિ ગોઠવીને ક્યાંય ફસાયા વગર પોતે સાક્ષી આપી. અને પોપટ થઈને બોલ્યા તે જોખમદારીમાંથી પણ મુક્ત રહ્યા !

### • જ્ઞાની તરીકેની લાક્ષણિકતા

* જ્ઞાન નહોતું તોય આવું પઝલ ઊભું થાય ત્યારે કાયમ રાત્રે વિચારણા કરે, ઉપયોગ મૂકે કે મહીંથી સૂઝ પડી જાય અને છૂટવા તરફના સોલ્યુશન જડી જતા હતા. આ અંદરના જવાબથી દાદાશ્રીને બહુ આનંદ થઈ ગયો કે 'હે (મહીંવાળા) પ્રભુ ! તમે ના મળ્યા હોત તો શું દશા થાત ? આનો નિવેડો કેવી રીતે લાવત ?'

* મહીંથી 'પોપટ થઈ જાવ' એ સોલ્યુશન જડવાથી,

(૧) પોતાને જૂઠું બોલવામાં માંસાહાર ખાવા જેવો બોજો લાગતો હતો એ ઊડી ગયો.

(૨) બીજી બાજુ વકીલને દુઃખ થતું અટક્યું.

(૩) ખોટું બોલવાની પોતાની આખી જોખમદારી ઊડી ગઈ.

હવે આ જ વસ્તુ બુદ્ધિથી સૉલ્વ કરવા જતા ગૂંચાયા કરે, બધું બગડે ને પાછા વકીલના ગુનેગાર થઈએ. આ સોલ્યુશન મળ્યું એ તો

જાણે કે 'અકર્તા થઈ જાવ' એના જેવું, એટલે કે બુદ્ધિથી આગળનું સોલ્યુશન છે, એવું જણાઈ આવે છે.

**• અનોખી સમજણ**

* સત્ય-અસત્યની ભાંજગડ કરવા કરતા કોઈને દુઃખ ન થાય એ જોવાનું. એ જ છટકવાનો માર્ગ !

* સત્યનું પૂંછડું પકડવું એ જ અસત્ય. મન-વચન-કાયાથી કોઈને પણ દુઃખ ન થાય એ જ વ્યવહારનું મૂળ સત્ય !

* દુનિયાનું સત્ય ભગવાનની ભાષાનું અસત્ય છે પણ જ્યાં સુધી આ દુનિયાનો મોહ ને શોખ છે ત્યાં સુધી આ સત્યની નિષ્ઠા રાખો. છતાંય અસત્ય થઈ જાય તો ત્યાં એનું પ્રતિક્રમણ કરો.

**• વાચક માટે**

* બને ત્યાં સુધી કોઈનું સારું કરવા જૂઠું ના બોલવું, ચોરી ના કરવી ને હિંસા ના કરવી. કેમ કે બધી જોખમદારી આપણી જ છે. છતાં દાદાશ્રી કહે છે, આ છૂટવા માટે જૂઠું બોલવાનું અમે એકલાએ શિખવાડ્યું છે, દુનિયામાં બીજા કોઈએ શિખવાડ્યું નથી. અમે તો આ જગતથી છૂટવા માટેનો માર્ગ બતાડીએ છીએ પણ જો એનો દુરુપયોગ કર્યો તો જોખમદારી તમારી !

## [૭] મુશ્કેલી વખતે કળા

### [૭.૧] તરકીબ ખોળી કાઢી ચોબા સામે

**• સામાને અસંતોષ ના રહે એ રીતે છૂટવાની કળા**

દાદાશ્રીની બોધકળા એવી કે જે તે પરિસ્થિતિમાં સત્યનો આગ્રહ પકડ્યા વગર એડજસ્ટમેન્ટ બદલીને ઉકેલ લાવી નાખે. જે આ મથુરાના ચોબા સાથેના પ્રસંગમાં જોવા મળે છે.

એક ફેરો દાદાશ્રી મથુરા ગયા હતા. તે ત્યાં સ્ટેશન પર જ ચોબાએ ફસાવ્યા. દાદાશ્રી તો ભોળા તે ચોબાએ જે માહિતી પૂછી એ બધી આપી

દીધી ને પછી તો ચોબાએ એવું કાંડું ઝાલ્યું કે છોડે જ નહીં, અને કહે કે 'હવે તો તમારે અમારે ત્યાં જ ઊતરવાનું.' તે ખરેખરા ફસાયા. પછી તો છૂટવા માટે તરકીબ એવી કરી કે પેલાને અસંતોષ ના રહે અને પોતાને છોડી દે. તે ચોબાને કહ્યું, 'અહીં મસ્જિદ ક્યાં છે ? મારે નમાજ પઢવા જવું છે. મેં ત્રણ વર્ષથી મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો છે.'

ગમે તેટલા કાલાવાલા કરવાથી એ હાથ છોડત નહીં, પણ આ સાંભળતા જ ચોબાએ તરત જ હાથ છોડી દીધો અને જતો રહ્યો. ત્યાં રહીને ચિઢાયા કરવા કરતા જૂઠું બોલીને છટકી જવાય એવી કળા ખોળી કાઢી અને સામે પક્ષે ચોબાને પણ સંતોષ થયો કે 'સારું થયું કે આ લોકો અમારે ઘેર ના આવ્યા.'

જ્ઞાન પહેલા પાટીદારી પ્રકૃતિના કારણે આવું કોઈ જાળમાં ઘાલે તે પોસાતું નહોતું પણ જ્ઞાન પછી તો જે આવે તે સમભાવે નિકાલ કરતા.

**• તરકીબ કરવા પાછળ...**

દાદાશ્રીને એવું હતું કે કોઈ પણ જગ્યાએ આપણી સ્વતંત્રતા ના ખોવાવી જોઈએ. એટલે ચોબાને ત્યાં જવામાં પૈસા જાય એનો વાંધો નહોતો પણ પોતાની સ્વતંત્રતા હણાય અને એના દબાયેલા રહેવું પડે, એ પોસાતું નહોતું.

**• ગુજરાત 'ગાંડી' કહેવાય છે, શાથી ?**

બીજું દાદાશ્રીએ ત્યાં એવું સાંભળ્યું કે હિન્દુસ્તાનમાં ગુજરાત પ્રદેશને 'ગાંડી ગુજરાત' કહી સંબોધે છે. શાથી ? તો કહે, અહીં પાખંડી પૂજાય છે. બીજા પ્રદેશના લોકો આવું થવા દેતા નથી. જ્યારે ગુજરાતીને માન આપે તો એને સારા-નરસાના ભેદનો ખ્યાલ નથી આવતો ને એના કારણે પાખંડી પૂજાય છે. આના કારણે ગુજરાતમાં અણસમજુ લોકો પેસી જાય છે, એની કિંમત થાય છે અને સમજુની કિંમત થતી નથી.

**• અનોખી સમજણ**

* ગુજરાતીઓ અહંકારી અને ખોટા માની ખરા પણ દિલના બહુ ચોખ્ખા ! એ અહંકારના કારણે દયા, લાગણી, એકમેકને મદદ કરે એવા

બીજા ઊંચા ગુણોય ખરા. લોકોને આપવામાંય શૂરા ! એટલે પૈસાનો વરસાદેય પુષ્કળ પડે ને લક્ષ્મી કોઈ દહાડો ખૂટે નહીં. અને પાછા ભોળા તેથી પૈસા ટકે પણ ખૂબ.

* ગુજરાત ભારે પુણ્યશાળી પ્રદેશ છે ! તેથી આ કાળમાં આવા જ્ઞાની પણ અહીં પ્રગટ થયા ને !

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* 'ગુજરાત ગાંડી' આ સાંભળ્યા બાદ દાદાશ્રીએ તપાસ કરી કે આ લોકો માનના રોગના કારણે આપણને ગાંડા કહે છે, તે વાત તો સાચી છે. માટે આ રોગ પહેલો નિર્મૂળ થાય એવું કંઈક રસ્તો આપણે ખોળી કાઢો ! તે અંતે શોધખોળ કરીને એ ઈગોઈઝમનો રોગ સંપૂર્ણ નિર્મૂળ કરી નાખ્યો.

## [૭.૨] બહારવટિયાથી બચ્યા અનેરી સૂઝથી

**• ગજબની અંતર સૂઝ ને નીડરતા**

બાવીસ વર્ષની નાની ઉંમરે દાદાશ્રીને એક વખત બહારવટિયા ભેગા થયેલા. તેમાં લૂંટાયા વગર કેવી રીતે આબાદ છટકી ગયા તે આ પ્રસંગમાં જાણવા મળે છે. આમાં દાદાશ્રીની ગજબની અંતર સૂઝ ને નીડરતા જોવા મળે છે.

તે અરસામાં પોતે મોટાભાઈ સાથે કોન્ટ્રાક્ટના ધંધામાં હતા, ત્યારે વડોદરા જિલ્લામાં ડબકા કરીને ગામમાં કોન્ટ્રાક્ટ રાખેલો. એના એક કામની ચૂકવણી માટે હજાર રૂપિયા આપવાના થતા હતા. એટલે હજારેક રૂપિયા મોટાભાઈએ આપેલા, જે લઈને વડોદરાના વિશ્વામિત્રી સ્ટેશનથી સાંજના પાંચ વાગે પાદરા જતી ટ્રેનમાં બેસવાનું હતું અને ડબકા જવાનું હતું. જવામાં સાથે એમની જ ઉંમરનો એક નોકર પણ હતો.

હવે દાદાશ્રીનો જરા શોખીન સ્વભાવ, તે હજાર રૂપિયા હાથમાં આવતા સૌથી પહેલા હૉટેલમાં જવાનો વિચાર આવ્યો, કે પછી રાત્રે જમવાનો મેળ પડે કે ના પડે અને અત્યારે ટ્રેનને હજુ થોડો સમય છે, તો થોડો નાસ્તો કરીને જઈએ. તે બન્ને જણા સાથે હૉટેલમાં નાસ્તો કરવા

ગયા. તે નાસ્તો કરતા કરતા જરા મોડું થઈ ગયું. સ્ટેશન પર સમયસર પહોંચવા માટે સારી ઘોડાગાડી કરી, છતાં સહેજ માટે મોડા પહોંચ્યા અને નજર સામે ટ્રેઈનને જતા જોઈ.

આ જોતાવેંત પ્રથમ તો દાદાશ્રી અને એમના નોકર બન્નેને પેટમાં ફાળ પડી, કારણ કે મોટાભાઈનો તાપ સખત એટલે એમનો ભય ખૂબ લાગે. પછી તુરંત સ્વસ્થતાથી દાદાશ્રીએ નોકરને કહ્યું, 'ભાઈ, નાસ્તો કરવામાં ડિસ્કરેજ ના થયા તો હવે ડિસ્કરેજ થયે ના પાલવે.' તે સમયે નાની ઉંમર એટલે ચૌદ-પંદર માઈલ ચાલવાનો તો હિસાબ નહીં. તે નોકરને કહ્યું, 'ચાલ, આપણે ચાલીને જતા રહીએ.' તે બન્નેએ ચાલવા માંડ્યું. તે આઠેક માઈલ ચાલ્યા ત્યારે પાદરા ગામ આવ્યું. તે ત્યાં એક ઓળખાણવાળા મળ્યા, તેમણે ચેતવણી આપતા કહ્યું, 'આગળ બહારવટિયાનું ગામ છે, હવે રાત્રે આગળ જશો નહીં.' પણ મોટાભાઈના ભયના કારણે આગળ જવાનું નક્કી કર્યું.

પછી ત્યાં પાદરામાં ચા-પાણી કર્યા અને પેલા નોકરને કહ્યું, કે સિગરેટના પેકેટ બે-ત્રણ જોડે લઈ લે. દાદાશ્રી કહે છે, કે આવું કંઈક થવાનું હોય ત્યારે અમને પહેલેથી વિચાર આવી જાય. ચિંતારૂપે નહીં પણ સાવચેતીરૂપે. તે પેલા ઓળખાણવાળાએ બહારવટિયાની વાત કરી એટલે એ ભેગો થાય તો શું કરવું ? એ બધું અંદર ગોઠવી રાખ્યું.

પછી એક જગ્યાએ એકાંતમાં જઈને નોકરને પેલા હજાર રૂપિયા આપ્યા ને કહ્યું, કે 'આને તું લંગોટમાં મારી દે.' અને પોતે પાછા એકાદ-બે રૂપિયા ખિસ્સામાં રાખ્યા, જેથી બહારવટિયા પકડે તો શંકા ના જાય. પોતાના કપડાં ફર્સ્ટ ક્લાસ ને નોકરના કપડાં જરા મેલા હતા એટલે પૈસા એની પાસે રખાવ્યા. પછી કહ્યું, કે 'તું મારી પાછળ પાછળ ચાલજે, હું માર ખાઈશ પણ તને માર નહીં ખાવા દઉં. એટલે તું જરાય ગભરાઈશ નહીં. કારણ કે તું જો ભડકીશ તો પેલા સમજી જશે કે તારી પાસે પૈસા છે.'

તે તારાઓના અજવાળે બન્નેએ ચાલવા માંડ્યું, તે જે જગ્યાએ બહારવટિયા હશે એવું પેલા ઓળખાણવાળાએ કહેલું તેની નજીક

પહોંચ્યા. તે રેલવેથી નીચે વીસ ફૂટ સ્લૉપમાં ખાડા જેવું હતું અને બાવળી (બાવળોવાળી જગ્યા) હતી, તે નજીક આવતા નીચે હિલચાલ માલૂમ પડી. આથી વિચાર્યું કે જો સીધા ચાલ્યા જઈશું તો પડકાર કરશે, એટલે સામા જ જવું એમની. ભય પામીએ તો ભૂતાય પકડે. તે પોતે ક્ષત્રિય તે ભયની સામે પડ્યા. તે દાદાશ્રીએ પેલા નોકરને કહ્યું, 'મારી પાછળ પાછળ નીચે ઊતરી જા.' તે નીચે ઊતરીને જ્યાં બહારવટિયા બુકાની બાંધીને બેઠા હતા ત્યાં પહોંચી અને એ લોકો સાથે બેસી ગયા. તે બહારવટિયાએ ઊલટું કહ્યું, કે 'અલ્યા, કોણ છો ને ક્યાંથી આવો છો ?' તે દાદાશ્રીએ કહ્યું, કે 'અમે તો પાદરાથી ટિકિટના પૈસા નહોતા તે ચાલતા આવ્યા છીએ ને હજી આગળ જવું છે. અમે સાંભળ્યું છે કે અહીંયા તો બહારવટિયાનો ભો છે. તે તમે લોકો મળી ગયા તે સારું થયું. લ્યો, સિગરેટ પીવો.' તે ઊલટા બહારવટિયા ભડક્યા ને કહ્યું, કે 'હવે બહુ ડાહ્યો ના થઈશ ને ચાલવા માંડ.' તે જવાની રજા સામેથી આપી દીધી. તે દાદાશ્રી ઊઠીને ચાલી નીકળ્યા. તે જ્યાં રાત રોકાવાના હતા એ જગ્યાએ સેફસાઈડ સાથે પહોંચી ગયા.

હજાર રૂપિયા સાથે હતા પણ બહારવટિયાઓની સાયકૉલોજી સમજી એવું નાટક કર્યું અને એમને ભૂલથાપ ખવડાવી સલામત રીતે એમની પાસેથી આબાદ છટકી ગયા.

**• સૂઝ પડવા પાછળ...**

જ્ઞાન પહેલા દાદાશ્રીની બુદ્ધિ છે તે દિવાલો ઓળંગી ગયેલી, એટલે પહેલેથી એક જાતની સૂઝ પડી જાય મહીં. અમુક જગ્યાએ શું કરવું, કેવી રીતે કરવું, એ બધી મહીં સૂઝ પડી જાય. તે આવા બધા ઉપાય જડી આવે ને એ બધાનો નિવેડો આવી જાય.

**• સૂઝ નહોતી પડી એની પણ નિખાલસ કબૂલાત**

એક ફેરો માથા ભારે લોકોના લત્તામાં ફસાયા હતા, જ્યાં લાંબો કોટ પહેરીને નીકળવાના કારણે એ લોકોએ મારવાની તૈયારી કરી હતી. તે જગ્યાએ કશી સૂઝ નહોતી પડી, તે ભાગી જવું પડ્યું હતું. તે પણ પાછું એટલી જ નિખાલસતાથી ખુલ્લું કરે છે.

**• અનોખી સમજણ**

* લોકો લૂંટાતા પહેલા રડવા માંડે. લૂંટાવા પહેલા શા માટે ડરવું કે રડવું ? હા, રડવું હોય તો લૂંટાયા બાદ રડો.

* આ જગતમાં કોઈ કંઈ પણ ન કરી શકે એવું આ જગત નિયમસર છે, માટે ભડકશો નહીં. અને જે ભડકાટ આવવાનો છે, તે તમારા કોઈ ઉપાયે છૂટવાનો નથી.

* છેવટે તો કરોડો રૂપિયા હોય તોય પૂળો મૂકીને જવાનું અને ના હોય તોય પૂળો મૂકીને જવાનું, તો પછી આ હાય હાય શા માટે કરવાની ?

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* પહેલેથી જ એવી શ્રદ્ધા કે લૂંટનાર કોણ છે ? કોઈની સત્તા નથી.

* ચોરી કરવા તો એ લોકો (બહારવટિયાઓ) નીકળ્યા છે, તો એની છાતી ધબકારા મારવી જોઈએ, આપણી નહીં. જેની છાતીએ હિંમત હોય તેનું કોઈ નામ ના દે.

* શું બચ્યું છે એ જોવાની દૃષ્ટિ નાનપણથી જ કેળવેલી. આથી નુકસાન થાય તોય ઈફેક્ટ ન થાય ને જ્ઞાન નહોતું તોય કાયમ સુખી રહેતા !

* દાદાશ્રી આવા દાખલા લોકોને લાભ થાય એ માટે કહે પણ પાછા આના પ્રતિક્રમણ હઉ કરે કે 'અંબાલાલભાઈ, આ તમે યાદ રાખ્યું ને બધી વાતો કરી, તે બહાદુરી દેખાડવા હારુ જ ને !'

## [૮] શીખેલા છ કળાઓ

**• આવડવી જોઈએ છ કળાઓ**

માણસને બોત્તેર નહીં તો ઓછામાં ઓછી છ કળા પોતાની સેફસાઈડ માટે આવડવી જોઈએ. એવી પહેલા બોત્તેર કળાઓ હતી પણ તેની ઓછી કરતા કરતા આ છ કળા પર આવ્યા. અને 'આ છ કળા ન આવડતી હોય તો તે માણસ નથી', એવું દાદાશ્રીએ નાનપણમાં સાંભળેલું. તે થયું કે આ બોત્તેર તો આપણને આવડે એવી નથી પણ આ

છ સસ્તી છે તેમાં આપણે તૈયાર થઈ જવું. એ છ કળા એટલે કે કલમ, કડછી, બરછી, તરવું, તંતરવું, તસ્કરવું.

**(૧) પહેલી કળા - કલમ**

લખાણ એવું કરે કે પોતે પોતાના લખાણથી ક્યાંય બંધનમાં ના આવે. ભલે કો'કને બાંધતા ના આવડે પણ પોતે ના બંધાય.

આપણે લખીએ કે 'આ સાલ ત્રણ ટોપલા હાફૂસ કેરીના મોકલી આપીશ', પછી મોકલી ના શકાય તો પેલો રાહ જોઈને બેસી રહે. એટલે નીચે એવું લખવાનું કે 'આ સંજોગો પર આધાર રાખે છે. જો સંજોગો એવા હોય તો ન પણ મોકલાય.' એટલે બંધન ન રહે. એવી રીતે લખીએ કે 'આ ચોથે દિવસે ચોક્કસ તમારે ત્યાં આવીશ.' તે બંધાયા. આપણે એમ કહીએ કે 'એ બાજુ આવવાનો વિચાર છે થોડા ટાઈમમાં.' તો બંધાયા ના કહેવાય.

અમુક તો પૈસાની બાબતમાં હઉ બંધાઈ જાય. સોદા પર સહી કરી નાખે. ત્યાં ધંધાની બાબતમાં ન બંધાવા કહેવું, કે 'હું એકલો માલિક નથી, એટલે બીજાને પૂછવું પડશે.'

**• અનોખી સમજણ**

* ઘણા આવું બંધાઈ જાય ને કાચા પડી જાય. પણ ભગવાન પાછા કાચાના પક્ષમાં રહે છે, પાકાથી છેટા રહે.

**(૨) બીજી કળા - કડછી**

આપણે ભૂખ્યા ના મરીએ એટલી સામાન્ય રસોઈ આવડવી જોઈએ. દાળ-ભાત, શાક-રોટલી એટલું આવડતું હોય તો વાઈફ પિયર ગઈ હોય તો આપણો દહાડો નીકળી જાય. પહેલાના જમાનામાં તો હૉટેલ, લોજ એ બધું હતું નહીં એટલે આ કડછી તો આવડવી જોઈએ, નહીં તો ભૂખ્યા મરી જવાનો વખત આવે.

**(૩) ત્રીજી કળા - બરછી**

બરછી બે પ્રકારની :

(૧) હથિયાર

(૨) પર્સનાલિટી

પર્સનાલિટીની એટલે જબરજસ્ત હિંમત ! મજબૂત ઢાલ જેવી છાતી હોય તે ! અને જરૂર પડે એવું બોલે કે સામો થથરી જાય.

હથિયારવાળી બરછીમાં તો સામો મજબૂત મળે તો એ આપણું હથિયાર લઈને આપણને જ મારે. એના કરતા આ પર્સનાલિટીની બરછી સારી. દાદાશ્રી કહે છે, અમારા મોટાભાઈ ગામના ગામ હલાવી નાખે એવા હતા અને હું પણ એકાદ ગામ તો હલાવી નાખું એવી હિંમત તો ખરી ! સો બહારવટિયાને ભગાડી મૂકું એવી મજબૂત છાતી !

દાદાશ્રી વણિકની પોળમાં રહેતા. તે વણિકોને એમની હૂંફ રહે. કારણ કે ચોરોથી બચવા રાત્રે પોળની ચોકી કરવામાં દાદાશ્રી સાથે હોય. તે એમની હિંમતથી વણિકોને હિંમત રહે. દાદાશ્રી એ લોકો સાથે રહીને એમની પ્રકૃતિનું આખું નિરીક્ષણ કરતા, કે આ વણિકને આટલો બધો ભય શા માટે લાગે છે ? કારણ કે એ લોકો બહુ જ વિચારશીલ હોય, એટલે ખૂબ વિચાર કરવાથી માણસ નરમ થતો જાય. એને આગળના બધા વિચાર આવ્યા કરે કે મારશે તો શું થશે ? હાથ-પગ ભાંગી નાખશે તો શું થશે ? લોહી દેખાય, હાડકાં દેખાય, એટલે ભય બહુ લાગે. એ માર સહન ના કરી શકે. જ્યારે ક્ષત્રિયને આવા બહુ વિચાર ના આવે એટલે હિંમત રહે.

બીજું દાદાશ્રી કહે છે, કે અમારી પાસે એક્ઝેક્ટ બરછી ખરી, તે અમે જ્યારે જરૂર પડે ત્યારે વાપરીએ અને એવું સ્ટ્રોંગ બોલીએ કે સામે પેલાનું હાર્ટ બેસી જાય ને ગભરાઈ જાય. પરંતુ એ કડક જોડે જ એવા કડક થઈએ. બાકી નમ્ર જોડે તો પાછા એટલા જ નમ્ર !

**• દાદાઈ ફ્લેક્સિબલ બરછી**

કોઈ ચોર આવે તો ધીમે રહીને કડક બોલવું કે 'અલ્યા મૂઆ, કોણ છો ?' એટલે ભાગનારા હશે તો ભાગી જશે અને જો ચોર સામો થાય તો આપણે ત્યાં ફરી જવું ને કહેવું, 'લ્યો આ કૂંચી, એમાં છે તે લઈ જાવ.' એટલે પહેલા રોફ મારીને પછી પાછું બેસી જવું.

**• અનોખી સમજણ**

* ખરા અહિંસક તો એને કહેવાય કે જેને જોતાવેંત બહારવટિયા ભાગી જાય એવી પર્સનાલિટી હોય !

* બહારવટિયાથી શા માટે ભડકવાનું ? એ કંઈ જાનવર થોડા છે ? એ માણસ છે, તે એને પણ મન હોય અને એનું પણ મન એને ડરાવતું હોય.

**(૪) ચોથી કળા - તરવું**

ભલે આખો દરિયો ના તરી શકીએ પણ અડચણમાં આવ્યા હોઈએ તો પાણીમાં પચ્ચીસ-પચાસ ફૂટ તરી શકીએ એટલું આવડવું જોઈએ.

**(૫) પાંચમી કળા - તંતરવું**

ખરી રીતે તંતરવું એટલે સામાના મનને વશ કરવું. એવી સાચા હૃદયની વાણી હોય કે સામાનું મન વશ થઈ જાય. એટલે આપણી જોડે એને ક્યારેય ભાંજગડ ના પડે. તે દાદાશ્રી કહે છે, કે આ તંતરવું એકલું અમને જ્ઞાન થયા પછી આવડેલું. કારણ જેને પોતાનું મન વશ વર્તે, એને બધાના મન વશ વર્તે !

બીજું તંતરવું તે આ તાંત્રિકો પણ તાંત્રિક વિદ્યાથી સામાના મન વશ કરતા હોય છે પણ એ લોકોનો દુરુપયોગ કરી લાભ ઉઠાવે છે. બે પ્રકારના તાંત્રિક હોય છે કે જેમાં એક તો ત્રાટક કરીને સામાને ખેંચાણ ઊભું કરે અને બીજા તાંત્રિકો અતિશય મીઠું બોલીને, કપટ કરીને લોકોને તંતરી જાય.

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* ત્રાટકવાળા સામે મજબૂત મનોબળવાળો હોય તો એને પેલો વશ ના કરી શકે. તે દાદાશ્રીને એકવાર એક ત્રાટકવાળો મળેલો, તે એનું ત્રાટક એમણે તોડાવી નાખેલું. એને કહ્યું, કે 'તારી અંદરવાળો હું જ છું, બીજો કોઈ નથી.' તે પેલો જતો રહ્યો. તે બધાએ એનું કારણ પૂછ્યું, કે 'તમે શું કર્યું ?' તે દાદાશ્રીએ કહ્યું કે, 'આની પાછળ મારી સત્ય નિષ્ઠા

છે, મારી લોકોને બગાડવાની નિષ્ઠા નથી, સુધારવાની નિષ્ઠા છે. એટલે આની પાછળ ભગવાનનો હાથ છે. માટે જગત મને હરાવી શકે એમ છે નહીં.' પોતાની પ્યોરિટી પર કેટલી અડગ શ્રદ્ધા !

### (૬) છઠ્ઠી કળા - તસ્કરવું

તસ્કરવું એટલે ચોરી કરવી. દાદાશ્રી કહે છે, કે હું એકલો જ એવો છું કે તમને 'ચોરી કરતા શીખો' એવું કહું છું. એ ચોરી કરવા માટે નહીં પણ આપણી પાસેથી કોઈ ચોરી કરી જતું હોય તો ખબર પડે એ માટે એટલે કે સ્વબચાવ માટે.

દાદાશ્રી પોતે ભાઈબંધોની માંહ્યોમાંહ્ય આવું ચોરી કરતા શીખેલા. ભાઈબંધને કહી રાખ્યું હોય, કે 'તારી જાગૃત સ્થિતિમાં હું તારા ગજવામાંથી વસ્તુ કાઢી લઈશ.' તે વસ્તુ કાઢી લે અને પેલાને ખબર પણ ન પડે, પછી એને પાછું આપી દે. આમ એક્સપર્ટ થયેલા. તે પછી મુંબઈની ટ્રેનમાં ચોર ગજવામાંથી પૈસા કાઢવા ગયો કે તરત પોતાને ખબર પડી ગઈ ને એને જરાય ઈમોશનલ થયા વગર કહ્યું પણ ખરું કે 'અલ્યા, રહેવા દે ને ! મારે આગળ જવાનું છે, ટિકિટના પૈસા તો રહેવા દે.'

### • જ્ઞાની તરીકેની લાક્ષણિકતા દર્શાવતી સમજણ

* ચોર પણ દોષિત ના લાગે એની પાછળ એવી ઊંચી સમજણ કે દોઢ વર્ષનું બાળક નાગું ફરતું હોય તો તે ગુનો નથી ગણતા. એવી રીતે દરેક માણસનું ઈગ્નોરન્સ (અજ્ઞાન) જોઈ લેવું, જેથી એનો ગુનો ના દેખાય ને એની પર ઘૃણા ના થાય.

* ચોર ચોરી કરે છે એ એની ઈગ્નોરન્સથી કરે છે. અને એને ચોર કોણે બનાવ્યો ? ભગવાને બનાવ્યો કે પોતે જાતે થઈ ગયો ? તો કહે, 'ના.' ત્યારે કહે, એ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સે કર્યો છે એને. એમાં એનો ગુનો નથી. સામાજિક જીવન આને ના પાડે છે પણ જ્ઞાનીઓ તો કહે છે, કે 'જીવમાત્ર કર્મના આધીન છે, માટે એમાં આશ્ચર્ય જોશો નહીં.'

### • અનોખી સમજણ

* આ છ કળાઓ આવડવી એ જન્મજાત હોય છે, માટે હવે અક્રમ વિજ્ઞાન પ્રાપ્ત થયેલ મહાત્માઓને આ શીખવા જવા જેવું નથી. ખરી રીતે તો આત્મા જાણવા માટે અનંત અવતારથી ભટકીએ છીએ. તે એકલો આત્મા જ જાણવા જેવો છે, બીજું બધુંય પૂળો મૂકવા જેવું છે !

## [૯] કાગળની કઢાઈમાં ભજિયાં તળવાનો પ્રયોગ

### • સાયન્સનો નિયમ જાણી, કરી બતાવ્યો ચમત્કાર (!)

સામાન્ય રીતે ચમત્કાર માટેની અંધશ્રદ્ધાઓ, અણસમજણો ઠેર ઠેર લોકોમાં હોય છે, ત્યાં દાદાશ્રીએ એની પાછળની સત્ય હકીકત ખોળી કાઢી કે ખરેખર ચમત્કાર શું છે ?

મિત્રો સાથે વાતચીતમાં એક વખત કંઈક ચમત્કારની વાત નીકળી, તે દાદાશ્રીને જ્ઞાન પહેલા તો અહંકાર ખરો, તે ચડસાચડસીમાં કૂદી પડ્યા કે 'શું ચમત્કાર, ચમત્કાર... લ્યો, હુંય ચમત્કાર કરી બતાવું. હું કાગળની કઢાઈમાં ભજિયાં તળીને બતાવું ને તમને બધાને એક-એક ખવડાવું.'

તે મિત્રોને તો માનવામાં જ ના આવ્યું ને સો રૂપિયાની શરત મારવા તૈયાર થઈ ગયા, પણ દાદાશ્રી પાછા એટલા હાર્ટિલી કે તરત વિચાર આવ્યો કે આ બધા આટલા પૈસા કાઢશે ક્યાંથી ? કેમ કે ત્યારે બધા અઠ્યાવીસ વર્ષની ઉંમરના, તે મા-બાપ પાસે જૂઠું બોલવું પડે, કાં તો ચોરી કરવી પડે. તે દાદાશ્રી તરત બોલી ઊઠ્યા કે 'ના, ના, સો રૂપિયા નહીં. ફક્ત કોઈ એક જણ દસ રૂપિયા કાઢીને બધાને નાસ્તો કરાવજો.'

વડોદરાના ન્યાયમંદિરનો એક સેન્ટ્રલ હૉલ હતો, તે હૉલમાં આ કાગળની કઢાઈમાં ભજિયાં તળવાનો પ્રોગ્રામ નક્કી થયો. અને ત્યાં સ્ટવ ને બધી સાધન સામગ્રી લઈ જઈને ત્યાં બનાવવાનું શરૂ કર્યું. તે થોડો જાડો કાગળ લઈ તેને ચોંટાડીને કઢાઈ બનાવી અને એમાં તેલ રેડ્યું અને પછી મંત્ર મારતા હોય એવી રીતે હાથ આમ આમ કરીને દાદાશ્રીએ એકશન કરી અને પછી એક મિત્રને કહ્યું, કે 'હવે સ્ટવ

સળગાવ.' તે પેલાએ સ્ટવ સળગાવ્યો ને દાદાશ્રીએ ફર્સ્ટ કલાસ ભજિયાં તળી બતાવ્યા.

**• માટે મંત્ર બોલવાનું કર્યું નાટક**

બધાએ જાણ્યું કે આ ચમત્કાર કરી બતાવ્યો. પરંતુ દાદાશ્રીએ બધાને ફોડ પાડતા કહ્યું, કે આ ચમત્કાર નહોતો પણ આ તો સાયન્સ છે કે કાગળને એમ ને એમ સળગાવો તો સળગી જાય, પાણીવાળો કરીને સળગાવો તો પણ સળગી જાય, પણ જો અગ્નિની ઝાળ અડે એટલા અંદરના ભાગમાં તેલ ભરેલું હોય તો એ સળગે નહીં. કાગળ તેલ પી ગયેલો ભલે દેખાય પણ કાગળની બહાર નીચે તેલ ક્યાંય ચોંટેલું ના હોવું જોઈએ. બધાએ પૂછ્યું કે તમે મંત્ર બોલ્યા હતા તે ? તો કહે, એવું ના કરું તો તમારા મનના ભડકાટની સાયકૉલોજિકલ અસર મારા મન પર પડે. અને આ આવું કરું એટલે તમને બધાને લાગે કે ખરેખર કંઈક ચમત્કાર કરે છે.

**• ખરો ચમત્કાર કોને કહેવાય ?**

ચમત્કાર કોને કહેવાય ? જે બીજાને ન આવડી શકે. બીજાને શિખવાડે તો પણ ન આવડે એ ચમત્કાર. આપણા લોકો વિજ્ઞાન ના જાણવાને કારણે એને ચમત્કાર કહે છે. વિજ્ઞાનનો સ્વભાવ એવો છે કે તમે જાણી લો તો તમને પણ આવડી જાય. અને જાણી લે તો બે પૈસાની પણ એની કિંમત ના રહે.

**• ચમત્કારની પાછળ ત્રણ વસ્તુ...**

ચમત્કારની પાછળ ત્રણ વસ્તુ રહેલી છે. કાં તો એની પાછળ વિજ્ઞાન છે, જે તમે જાણતા નથી. કાં તો એની પાછળ હાથચાલાકી છે, એટલે કે એટલી બધી એની સ્માર્ટનેસ હોય કે તમને મૂરખ બનાવી જાય. અને ત્રીજું એને કોઈ દેવની સાધના હોય કે જે બીજેથી વસ્તુ ઉઠાવી લાવીને અહીં આપે. પણ આ ત્રણેય રીતો ખોટી છે. ચમત્કાર કરનારને કંઈક લાલચ છે, જેના કારણે આવી રીતે ચમત્કાર દેખાડે છે અને લોકો મૂરખ બની જાય છે.

• **અનોખી સમજણ**

* જે વર્લ્ડમાં કોઈ માણસને સંડાસ જવાની શક્તિ જ નથી, ત્યાં ચમત્કાર શી રીતે કરે ?

# [૧૦] મુસલમાનો સાથે...

## [૧૦.૧] ઘોડાગાડી વાપરી વિવેકપૂર્વક

• **લાગણીશીલ ને નોબલ સ્વભાવ**

ધીમે ધીમે જમાનો બદલાતા લોકોએ ઘોડાગાડી વગેરેમાં બેસવાનું ઓછું કરી દીધું હતું, એ વખતે દાદાશ્રી ખાસ ઘોડાગાડીનો ઉપયોગ કરતા અને મિકેનિકલ સાધનોમાં (રિક્ષા, ગાડીમાં) ન બેસતા. ભલેને ઘોડાગાડી ધીમે ધીમે ચાલે અને થોડું મોડું પહોંચાડે તો પણ તેઓ ઘોડાગાડી પસંદ કરતા.

પાછું લોકો બાર આના આપે ત્યાં દાદાશ્રી એક રૂપિયો આપે અને ઘોડાને મારવાની પણ ના પાડે. જ્યારે લોકો તો જલદી પહોંચવા માટે ઘોડાને મારવાનું કહે. તે પેલો ચાબૂક મારે, તે ઘોડો પાછલા બન્ને પગ અદ્ધર કરીને ઘોડાગાડીના પાટિયામાં ઠોકે. દાદાશ્રી આ બધું નિરીક્ષણ કર્યા કરે કે આને કેટલું દુઃખ થતું હશે ત્યારે આમ બે પગ ઠોકે છે ! તે ઊલટા મિયાંને પૂછે કે 'ઘોડાને ચા-નાસ્તો કરાવું છું ? તું એને પંપાળું છું ? એને સારી રીતે ખવડાવજે.' એવી બધી વાતચીત કરે.

ઘોડાગાડીવાળા કહે, કે ''સાહેબ, તમારા જેવા માણસ જોયા નથી. તમે એક જ એવા છો કે વધારે પૈસા આપો છો અને ઉપરથી ઘોડાને મારવા નથી દેતા. બાકી તો 'દાતા દાતા ચલે ગયે, રહ ગયે મખ્ખીચૂસ. ઉલ્લુ કા પઠ્ઠા રહી ગયા.' એના જેવું છે.''

• **ઘોડા ને મિયાંનું ઋણ ચૂકવાય પરસ્પર**

એક ફેરો અગાસથી ઘોડાગાડીમાં દાદાશ્રી પાછા ફરી રહ્યા હતા. તે પહેલા બે જણા બેઠા, પછી ઘોડાગાડીવાળાએ બીજા ચારને બેસાડ્યા. વળી પાછું કોઈએ હાથ ઊંચો કર્યો તો ઘોડાગાડી ઊભી રાખી. તે દાદાશ્રી

ઘોડાની દશા જોઈ બોલી ઊઠ્યા, કે 'અલ્યા, છ જણ બેઠા છે ને હવે ? કંઈ ઘોડાને પૂછ તો ખરો કે ભઈ, હું બેસાડું ?' તે મિયાંએ કહ્યું, 'એને પૂછવાની જરૂર નથી.' તે પછી સમજી ગયા કે ઘોડાને છૂટકો જ નથી. કારણ કે ઘોડાને માથે મિયાં પડેલા ને મિયાંને માથે ઘોડો પડેલો. એટલે બન્નેનું ઋણાનુબંધ કહેવાય.

**• એની પાછળની સમજણ**

* એટલા બધા લાગણીશીલ તે વિચાર આવે કે આ ઘોડો શું ખાશે ? આ મિયાં શું ખાશે ? તે ઘોડાને ખોરાક મળે, એના માલિકનું ગાડું ચાલે એટલા માટે ખાસ ઘોડાગાડીમાં બેસે.

* ઘોડાને કેટલું દુઃખ થતું હશે એ અનુભવી શકે ને એના આધારે એને મારવાની ના પાડે, ઘોડાગાડીમાં વધારે માણસો બેસાડવાની ના પાડે.

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* દાદાશ્રી કહે છે, પર્સ લૂંટાઈ જાય તો ત્યાં પાંસરો રહે પણ આવું દિલ મોટું ના થાય કે લાવ, બિચારાને આઠ આના વધારે આપું. આપણે ભલે મોટા દાનેશ્વરી ના થઈ શકીએ પણ આટલી પાંચ-દસ રૂપિયાની ભીડ ભાંગીને સાધારણ નામદાતા તો રહીએ !

* દાદાશ્રીના આવા ઉદાર સ્વભાવના કારણે ઘણા ઘોડાગાડીવાળા એમને ઓળખતા અને અંદર અંદર વાતચીત પણ કરતા કે 'વો મામા કી પોલવાલા આદમી હૈ ના, વો બહુત અચ્છા હૈ. ખુદા કે જૈસા આદમી હૈ. અલ્લાહ હી દેખ લો.'

**• અનોખી વાત**

* આ પેટ્રોલ એ પાણી નથી, એ એક પ્રકારના જીવ છે, જે પાંચમા આરામાં જ પાતાળમાંથી નીકળે ને વ્યવહારમાં આવે છે.

## [૧૦.૨] મુસલમાનો બીબીને ખુશ રાખે

**• દ્રષ્ટિ અન્યના ઊંચા ગુણો પર જ**

અહીં દાદાશ્રીની ગુણગ્રાહી દ્રષ્ટિ જોવા મળે છે કે જેમાં જ્ઞાતિ-

જાતિની સંકુચિતતામાં રહ્યા વગર ભેગી થયેલી દરેક વ્યક્તિમાં કેવા ઊંચા ગુણો છે, તેની પર જ કાયમ એમનું ઓબ્ઝર્વેશન રહેતું અને જે તે વ્યક્તિનું પોઝિટિવ ખોળી કાઢતા. એના પરથી એ આખી જ્ઞાતિના ગુણોને કળી જતા.

**• નિષ્પક્ષતા તે ખોળી કાઢી મુસલમાનોની સમજણ**

ઔરંગાબાદમાં દાદાશ્રીને એક પચ્ચીસ વર્ષના યુવાન મુસલમાન હકીમ ભેગા થયા હતા, જે ખાસ અધ્યાત્મ વાતો જાણવા આવેલ. એમને દાદાશ્રીની વૈજ્ઞાનિક વાતો ખૂબ ગમી. એની સાથે વાતો કરતા દાદાશ્રીને પણ એની સમજણ અને એના અમુક ગુણો જાણવા મળ્યા, જેનાથી તેઓ પણ પ્રભાવિત થયેલ.

નવા જ લગ્ન થયેલા એવા આ નવયુવાનને દાદાશ્રીએ પૂછ્યું, કે 'ખુદાની ભક્તિ કેટલો વખત કરું છું ?' તેના જવાબમાં પેલાએ કહ્યું, કે 'નાનપણથી રોજ સવારે ત્રણ-સાડા ત્રણ વાગે ઊઠીને નમાઝ પઢું છું અને આખા દિવસમાં પાંચ વખત નમાઝ પઢું છું.' એ જાણી દાદાશ્રીને એના માટે બહુ પૉઝિટિવ થયું કે આ હિન્દુઓના છોકરાંઓ આટલા વહેલા દર્શન કરવા ના જાય.

વળી દાદાશ્રીએ એને બીજું પૂછ્યું, કે 'તારે બીબી જોડે ઝઘડો થાય છે ?' તો કહે, 'બીબી તો મેરે મુંહ કા પાન ! મેરે કો દુનિયા મેં પ્યારે મેં પ્યારી ચીઝ ખાના હૈ. ઔર અગર ઔરત કે સાથ ઝગડા કરું તો મુજે ખાના કહાં સે મિલેગા ?' એટલે બહાર કોઈ સાથે ઝઘડો થઈ જાય પણ ઘરમાં તો એ ઝઘડો ના જ કરે. અને બીબી માટે આવી સમજણ એટલે એની પર જોર ના કરે. દાદાશ્રી કહે છે, એ લોકો દિલ્લગીવાળા હોય અને આપણા લોકોના દિલ તો રૂપિયામાં હોય.

બીજા એક એહમદમિયાં કરીને મુસલમાન લેબર કોન્ટ્રાક્ટર હતા, જે ધંધાના કારણે દાદાશ્રી સાથે પરિચયમાં આવેલા. તે એમને દાદાશ્રી ઉપર ખૂબ જ ભાવ ! પોતાનું ઘર એટલું સારું નહીં તેથી દાદાશ્રીને આમંત્રણ આપવા માટે થોડો સંકોચ થાય, પણ એકવાર પૂછ્યું કે 'તમે મારે ઘેર પધારશો ? મને બહુ ભાવ છે.' તો દાદાશ્રીએ

તરત જ એનો ભાવ જોઈને આમંત્રણ સ્વીકારી લીધું અને એના ઘરે ગયા. એમને તો કોઈ સાથે જુદાઈ નહીં. અને પોતાની સાથે કામ કરતા હોય એ બધા માટે એટલી જ હાર્ટિલી ભાવના કે કેમ કરીને એ સારું કમાય ને સુખી થાય !

એ એહમદમિયાંને પણ દાદાશ્રીએ પૂછ્યું, કે બીબી સાથે ઝઘડો થાય છે ? એણે પણ પેલા હકીમ જેવો જ જવાબ આપ્યો, કે 'બીબી તો મેરે મુંહ કા પાન !' બીજું બીબી સાથે કંઈક ઝઘડો થાય તો તમે શું કહો ? તો કહે, 'બીબીને કહું, કે 'મેરી હાલત મેં જાનું બીબી, જાને દો ના યાર...' કાં તો 'પ્યારી, આ બહાર સાહેબ હેરાન કરે છે ને તું પાછી હેરાન કરીશ તો મારું શું થશે ?' આવું તેવું બોલીને બીબીને ખુશ કરી દઉં.' મુસલમાનો બહાર ઝઘડા કરીને આવે પણ ઘેર બીબીને ખુશ રાખે. એને ખુશ કરવા હીંચકો હઉ નાખે. અને સમજે કે હીંચકો નાખવાથી એ કંઈ ચઢી બેસવાની નથી. એને કંઈ મૂછો આવવાની છે ?

આ બધા પાછળ એ લોકોની સમજણ એવી હોય કે આવો મતભેદ પાડીશું તો પછી સૂઈ ક્યાં જવાનું ? રહેવાનું તો સાથે જ છે. ઘેર ઉપર બીજો માળ છે નહીં કે ત્યાં જતું રહેવાય. તે વાઈફ ચિઢાઈ જાય તો પોતે સામે બોલવાનું બંધ કરી દે. સમજી જાય કે આમાંથી ભડકો થશે અને વળી પાછું સવારમાં ચા સારી નહીં મળે. એટલે એ વાઈફને ક્યારેય દુઃખ ના આપે. અને હિન્દુઓ ક્લેશમાં જીવન ગાળે. એટલે આ બાબતમાં મુસલમાનો વધારે ડાહ્યા છે !

### • જ્ઞાની તરીકેની લાક્ષણિકતા

* દાદાશ્રીનું ઓપન માઈન્ડ, તે લોકો સાથે વાતચીત કરીને દરેક વ્યક્તિના, દરેક કોમ્યુનિટીના શું શું ગુણો છે, એની શું સમજણ છે એ ખોળી કાઢે અને એમાંથી સવળા ગુણને એપ્રીશિએટ કરે (વખાણે). આ ગુણો જોઈ શકવા પાછળ એમની નિષ્પક્ષતા પણ જોવા મળે છે ! પોતે બીજે ક્યાંય ચોંટેલા નહોતા, તેથી આવું વર્લ્ડને ઓબ્ઝર્વ કરવામાં જ ટાઈમ કાઢ્યો હતો. આથી વર્લ્ડની ઓબ્ઝર્વેટરી બની લોકોના તમામ પ્રશ્નોના ખુલાસા આપી શક્યા.

**• અનોખી સમજણ**

* મુસલમાન ને ક્ષત્રિય પ્રકૃતિની અમુક ક્વૉલિટી મળતી આવે. તેથી દાદાશ્રીને જ્ઞાન પહેલા મુસલમાનો સાથે પણ જબરજસ્ત મેળ ! જ્ઞાન બાદ તો કોઈ જોડે જુદાઈ જ ના રહી, એટલે બધા જ જોડે મેળાપ !

## [૧૧] દાદા છે મોર્ડન, લગ્ન વિશે પણ

**• અનુભવથી આવેલી મનની વિશાળતા**

જ્ઞાન પહેલાય દાદાશ્રી અનુભવો પરથી તારણ કાઢી જમાના પ્રમાણે એડજસ્ટમેન્ટની રીતો શીખી ગયેલા. આથી એમની વિચારસરણી મૉડર્ન કહી શકાય એવી હતી. ઈન્ટરકાસ્ટ મેરેજ ન કરવા માટેના આગ્રહો અમુક પ્રસંગોના તારણ પરથી તૂટેલા તે પ્રસંગોનો અહીં ઉલ્લેખ છે.

એક ઓળખાણવાળાને ઘેર કોઈ કામ અર્થે જવાનું થયું. એ ભાઈ પોતે પાટીદાર અને પરણેલા નાગર બ્રાહ્મણને. દાદાશ્રી અને એ ભાઈના મામા બન્નેવ એમના ઘેર જોડે ગયા. એમને ત્યાં જમવા બેસવાનું થયું. થાળીમાં કંસાર પીરસાયો ને ત્યારબાદ એમાં રેડવા પેલા બેન ઘી લઈને આવ્યા. હવે એમનાથી ઘીનું પાટિયું નમાવાય નહીં ને ટીપું ટીપું ઘી રેડે. તે પેલા મામા અંદર ખૂબ ચિઢાયા કે આ મારો ભાણો બ્રાહ્મણીને ક્યાં પરણ્યો ? કારણ પાટીદારોને તો ઘીથી લદબદ કંસાર જોઈએ. તે દાદાશ્રી તો આ બધો તાલ જોઈને સજ્જડ થઈ ગયા. અને સમજી ગયા કે આ પાટીદાર અને બ્રાહ્મણ વચ્ચેનો સ્વભાવ ફેર છે. પાટીદારોનું તો જાડું ખાતું અને આ બ્રાહ્મણોનું થોડું પાતળું ખાતું. એમને જે સંસ્કાર પડેલા હોય એ ફેરફાર ના થાય. આખી જિંદગી એ જાતિ બદલાય નહીં. એટલે દાદાશ્રી એડજસ્ટમેન્ટ બતાવતા કહે છે, કે પેલા ભાણાએ ખરેખર વાઈફને કહી દેવાનું હોય, કે આપણો રિવાજ આવો છે ને તમારાથી વધારે આપી શકાશે નહીં, એટલે તમારે ઘીનો પાટિયો બાજુમાં જ મૂકી દેવાનો.

જો કે હવે કળિયુગમાં બધું છિન્નભિન્ન થઈ ગયેલું છે. એટલે અત્યારે તો બધી જાતિઓમાં મિક્ષ્ચર થયા છે. તે પહેલા ઈન્ટરકાસ્ટ મેરેજ

કરવામાં વાંધો હતો એટલો અત્યારે નથી. કારણ વૈષ્ણવને ત્યાં જૈન જન્મે અને જૈનને ત્યાં વૈષ્ણવ જન્મે એવું બધું બન્યું છે. છતાં દાદાશ્રી કહે છે કે ઈન્ટરકાસ્ટ મેરેજ માટે અમારે મંતવ્ય ના હોય. અંતે તો જેનો જ્યાં હિસાબ હોય ત્યાં પરણે છે. એટલે અમને એનું દુઃખ ના થાય કે એની નોંધ ના હોય.

છતાં બને ત્યાં સુધી નોબલ નાતવાળાએ નોબલ નાતમાં પરણવું. કારણ સહુ સહુની નાતનો હિસાબ સંસ્કાર પ્રમાણે ચાલે. બીજી નાતમાં સંસ્કાર બરોબર મળતા આવવા મુશ્કેલ છે.

અમેરિકામાં લોકો દાદાશ્રીને પૂછે છે કે 'અહીં નાત-જાત જેવું કશું રહ્યું જ નથી ત્યાં શું કરવું ?' ત્યાં દાદાશ્રી કહે છે, અહીં નાત-જાતના ફાઉન્ડેશન કાઢી નાખવાના છે બધા. એ બિલ્ડિંગ જૂના થઈ ગયા છે એટલે એની મેળે જ પડી જશે. અમેરિકાના છોકરાંઓને બનતા સુધી સમજણ પાડી કહેવું, ભલે બીજી નાતની હોય પણ ગુજરાતની એટલે કે આપણી ભાષાવાળી સાથે પૈણજે. અને અમેરિકન સાથે પૈણવાનું કહેતો હોય તો કહેવું, ભલે કોઈ પણ રાજ્યની હોય પણ ઈન્ડિયનને પૈણજે. બનતા સુધી પ્રયત્ન કરવો અને છેવટે જે પૈણીને આવે ત્યારે 'વ્યવસ્થિત' કહીને સ્વીકાર કરી લેવો.

### • એક જ અનુભવે પોતાના વિચારો-આગ્રહમાંથી નીકળી ગયા

જ્ઞાન પહેલાના પોતાના અનુભવ પરથી સમજીને આ આગ્રહમાંથી દાદાશ્રી બહાર નીકળી ગયેલા. એ પ્રસંગમાં બનેલું એવું કે દાદાશ્રીના એક કાકાના દીકરાના સાળા ફૉરેનની જર્મન લેડીને પરણ્યા. તે દાદાશ્રીને મનમાં ચીઢ રહ્યા કરે કે 'આ આમાં આપણા સંસ્કાર શું રહ્યા ? ને એ તો માંસાહાર ખાય, તે આપણે એમને ઘેર જઈને શું કામ છે ?' પણ પેલા બહુ મંડ્યા, તે પછી એક દહાડો એમના ઘેર ગયા. તે લેડીની પર્સનાલિટી જોઈને દાદાશ્રી ચમકી ગયા ને એ ચમકના જ્ઞાને સમજણ પાડી કે 'આ લેડીને જોતા પાંચ મિનિટમાં તમે ચમકી ગયા, તો આ માણસ કાયમ એને શી રીતે સંભાળતો હશે ?' તે પછી પેલા માટે ખૂબ માન ઊભું થયું. દાદાશ્રીના મનમાં જે તિરસ્કારનો રોગ હતો, એ રોગ

આ સમજણ થકી નીકળી ગયો.

દાદાશ્રી એની પર્સનાલિટી જોઈને ચમક્યા હતા, એવી જ રીતે દાદાશ્રીના શીલનો તાપ એ લેડીને લાગેલો. દાદાશ્રી કહે છે, ત્યારે અમારું શરીર એવું નહીં પણ પર્સનાલિટી ને શીલનો પ્રભાવ એવો ખરો કે બધાને તાપ લાગે.

દાદાશ્રીને આ બધા અનુભવો પરથી મનની નોબિલિટી આવતી ગઈ. અનંત અવતારોથી વિશાળતા થયેલી પણ આવરણ આવી ગયું હોય, તે પાછું આવું કંઈક ભયસ્થાન જુએ એટલે આવરણ તૂટી જાય.

પોતે મૉડર્ન સ્વભાવના, તે બધાની જોડે જમાના પ્રમાણે ભળતા રહેતા. એની પાછળ એવો હિસાબ કાઢેલો કે પોતે નાની ઉંમરના હતા ત્યારે મોટી ઉંમરવાળાને જૂની વિચારસરણીના કારણે ધિક્કારતા હતા, મશ્કરીઓ કરતા હતા. એના પરથી સમજી ગયેલા કે આ જમાના પ્રમાણે નહીં રહીએ તો નાના લોકો આપણી પણ આવી રીતે મશ્કરી કરશે.

**• અનોખી સમજણ**

* દાદાશ્રીની પોતાની શોધખોળ હતી કે જમાનાની વિરુદ્ધ જે લોકો ચાલેલા એ બધા જ ફેંકાઈ ગયેલા. નેચર નિરંતર ગોળ ફર્યા કરે છે. તે જૂનાનું નવું કરે છે ને નવાનું જૂનું કરે છે. એટલે આ બધું માણસ નહીં પરંતુ કુદરત કરી રહી છે. એ કુદરતના પ્રવાહને જો માન નહીં આપો તો માર્યા જશો. એટલે જમાના પ્રમાણે એડજસ્ટ થઈ જાવ.

# [૧૨] અવનવા અનુભવો-નિરીક્ષણો, મામાની પોળમાં

## [૧૨.૧] રહેવાનું સ્થાન પણ વિચારણાપૂર્વક

**• વણિક-ક્ષત્રિય પ્રકૃતિ ઓળખી કરી યથાયોગ્ય ગોઠવણી**

દાદાશ્રીને વણિક ને ક્ષત્રિય બન્ને પ્રકૃતિના લોકો સાથે રહેવાનો ઘણો સંજોગ થયેલો. તેમાં બેઉ પ્રકૃતિનું બારીકાઈથી અવલોકન કરેલ. બંને પ્રકૃતિમાં શું ગુણ-દોષ રહેલ છે, તેમજ એ પ્રકૃતિ મોક્ષ માટે કે સંસાર

માટે કેવો ભાગ ભજવી શકે, તે ઓળખી દાદાશ્રીએ પોતાના ધંધામાં કે અન્ય વ્યવહારમાં તે મુજબ ગોઠવણી કરેલ.

**• સમજીને પસંદગી વણિક પોળ ને વણિક સંગની**

દાદાશ્રી વડોદરામાં પહેલા જોગીદાસ વિઠ્ઠલની પોળમાં પટેલો સાથે રહેતા ને આશરે ૧૯૪૦ પછી મામાની પોળમાં વણિકો સાથે રહેવા ગયેલા. પછી છેક સુધી મામાની પોળમાં જ રહેલા.

પટેલોની પોળમાં થયેલા કડવા અનુભવો જણાવતા દાદાશ્રી કહે છે, મને પટેલોની જોડે રહેવાનું બહુ પોસાયું નહીં. શાથી ? એકવીસ વર્ષની ઉંમરે પહેલી વખત મુંબઈ ગયેલા. તે વળતા હલવો લઈને આવ્યા ને એ હલવો આડોશ-પાડોશમાં બધાને થોડો થોડો આપ્યો. એવી જ રીતે ફરી મુંબઈ જવાનું થયું તો કેરીઓ લઈ આવ્યા ને એ એક-એક કેરી પાડોશમાં આપી. બે-ત્રણ વખત આવી રીતે લાવવાનું થયું ને ચોથી વખત કશું ના લવાયું ત્યારે પેલા આજુબાજુવાળા પૂછવા લાગ્યા, કે 'મુંબઈ ગયા ને કશું ના લાવ્યા ? આવું કેવું રાખો છો ? કંઈક તો લાવવું જોઈએ ને ?'

આથી દાદાશ્રીને પછી વિચાર આવ્યો કે 'આ પીડા નહોતી, આવું કોઈ અપમાન કરતું નહોતું ને આ પીડા ક્યાંથી આવી ? એવી તે મેં શું ભૂલ કરી કે આ લોકોને આવી ઉઘરાણી કરવી પડી ?' તે તારણ કાઢીને ત્યાર પછીથી કાયમને માટે લાવવાનું બંધ કરી દીધું. ઘરના માટે બંધ અને બહારના માટે પણ બંધ. ઘરના માટે લાવીએ તો એ આજુબાજુવાળાને આપે ને ? દાદાશ્રી જાણી ગયા કે આ ક્ષત્રિય પ્રકૃતિ ખોડ કાઢે અને એટેક કરે એવી છે.

બીજું, ક્ષત્રિય પ્રકૃતિ જરૂર પડે તો માથું ઉતારીને આપી પણ દે અને જરૂર પડે તો માથું કાપી હઉ લે. તે દાદાશ્રી કહે, 'આવા બધા માથું આપવાના ને લેવાના સોદા મને પોસાય નહીં. હું તો સાયન્ટિસ્ટ માણસ અને મારે આત્મા ખોળવો છે ને હું ક્યાં આમની જોડે સોદો કરું ? હું તો શોધખોળ કરવા આવેલો કે આ જગત શું છે ને કેવી રીતે ચાલે છે ? આ બધા ધંધા આપણે ક્યાં માંડીએ ?'

પાટીદાર તો સગા ભાઈ સાથેય સ્પર્ધામાં પડે. પાછળ રહી ગયો હોય તો આગળ પણ લઈ આવે પણ પોતાનાથી આગળ જાય તો પછાડીનેય આગળ જવા ના દે. બાપ-દીકરોય સ્પર્ધામાં પડે ને ! જ્યારે વણિક વિચારવંત કોમ, તે આવું ના કરે.

છતાંય દાદાશ્રી કહે છે, અમે આટલા સૂક્ષ્મ, સૂક્ષ્મતમ વિચાર સુધી પહોંચેલા પુરુષ હોવા છતાં પટેલો જોડે સહેજેય ડખલ વગરનો, સહેજેય વઢ્યા વગરનો વ્યવહાર છેક સુધી રાખી શકેલા.

વણિકોનો વ્યવહાર બહુ ડહાપણવાળો હોય. તે વધારે રૂપિયા-બુપિયા ઉછીના ખોળે નહીં. બહુ ત્યારે પચ્ચીસ રૂપિયા લઈ જાય. કારણ કે એ સમજે કે પાછા આપવામાં મને જ તકલીફ થશે. એવી જ રીતે એને ત્યાં આપણે લગ્નમાં ચાંદલો પાંચ રૂપિયાનો લખાવીએ તો ચાર રૂપિયા પાછા આપે કે 'ના, એક રૂપિયો બહુ થઈ ગયો, કારણ કે મારા છોકરાંઓ પછી તમારે ત્યાં લખાવવામાં પહોંચી નહીં વળે.' તે દાદાશ્રીને આવો ડહાપણવાળો વ્યવહાર બહુ ગમે.

વણિકોની ખાનદાન ક્વૉલિટી હોય. તે પૂછીએ કે 'કંઈ અડચણ હોય તો કહેજો.' તે અડચણ ભોગવતા હોય તોય કહે નહીં. કારણ કે કર્મને માનનારા કે આમ કરીશ તો કર્મ બંધાશે, એ બધું સમજે.

એટલે આમ પોતાનું ક્ષત્રિય બ્લડ ખરું પણ ઝીણી વિચારણાવાળા, તે પછી વણિકો જોડે રહેવામાં સેફસાઈડ લાગી.

**• કંઈક ઊંચું ગોત્ર બંધાવાનું હશે તે જન્મ્યા ક્ષત્રિય કુળમાં**

દાદાશ્રીની વણિક જેવી બુદ્ધિ તેથી વણિક જોડે મેળ સારો પડે. પોતે મૂળથી પટેલ, પણ પહેલેથી વાણિયા જેવા. ઠેઠ સુધીના ઝીણા વિચારો, ફક્ત પાટીદાર કોમમાં જન્મને કારણે એમની ભાષા જરા જાડી હતી. દાદાશ્રી કહે છે, પટેલો ભોળા કહેવાય પણ અમે જરાય ભોળા નહીં. આખા વડોદરા શહેરમાં બધાય કહે, કે 'તમે તો વાણિયાનાય વાણિયા છો.' જૈનોય દાદાશ્રીની ઝીણી વાતો વખાણે કે 'ઊલટાના તમે અમને આગળની વાત સમજણ પાડો છો ને માર્ગદર્શન આપી જાવ છો.'

દાદાશ્રી કહે છે, કે હું તો વણિક કોમમાંથી ક્ષત્રિયમાં ભૂલો પડેલો

છું. કારણ કે તિરસ્કાર છૂટ્યો હશે કે આ ક્ષત્રિય કોમ સિવાય આ બધું છૂટી ના શકે, તે ક્ષત્રિયમાં જન્મ્યો. તેથી મમતા ઓછી અને મહીં ચોખ્ખું. પાછા જૈનોના ઘણા ખરા ગુણ દાદાશ્રીમાં ખરા પણ પક્ષપાતની ભાંજગડો ના ફાવે, તે નિરાંતે ક્ષત્રિયમાં જન્મ્યા ! તીર્થંકર થવા માટે ક્ષત્રિય ગોત્ર જોઈએ. તે ગોત્ર કંઈક સારું બંધાવાનું હશે, તેના માટે આ ફેરફાર થઈ ગયો હશે. આ ક્ષત્રિયને ત્યાં જન્મ થવો એ કંઈ હેતુ હશે ત્યારે ને ? થોડાક સંસ્કાર હોય અને જન્મ થાય એટલે એ સંસ્કાર ખીલી ઊઠે.

**• અનોખી સમજણ**

* વણિક-ક્ષત્રિયનું નિષ્પક્ષપાતી એનાલિસીસ

| વણિક | ક્ષત્રિય |
|---|---|
| * બહુ વિચારશીલ પણ એના કારણે હિંમત તૂટી જાય. | * ઝીણું વિચારી ના શકે એટલે હિંમત રહે. |
| * બહુ વિચારશીલ એટલે માર ના ખાય, પસ્તાવાનો વખત ના આવે. | * બહુ વિચારી ના શકે એટલે પસ્તાવાનો વખત ખૂબ આવે. |
| * છેક સુધી મમતા રહે, બધું આપી દે તો છેવટે એક ગીની પોતાની પાસે રાખી મેલે. | * મમતા ના હોય. |
| * તીર્થંકર પાસે કેવળી થઈ શકે, બધાનું કલ્યાણ ના કરી શકે. | * તીર્થંકર ગોત્રના અધિકારી ! બહુ લોકોનું કલ્યાણ કરી શકે. |
| * એક ફેરો આપી દીધા પછી વિચાર આવ્યા કરે. | * એક ફેરો આપ્યા પછી બીજો વિચાર ના આવે. |
| * બહુ વિચારશીલ તે પોતાનું મન બહુ દુઃખ દે અને સહન ના થાય તે પછી તીર્થંકર ભેગા થાય તો તરત બધું પૂળો મૂકી દે. કારણ કે થાકી ગયા હોય. | * આમને થાક-બાક ના લાગે અને મગજના થોડા ક્રેક હોય. ડાહીમાના ગાંડા દીકરા. |

| | |
|---|---|
| * વણિક જો ક્ષત્રિયની જોડે હોય તો ખરે ટાઈમે ક્ષત્રિયને અણી ચૂકાવડાવે અને એને બચાવે. | * સંસારના દુ:ખોમાંથી બહાર નીકળવું હોય તો વણિકે ક્ષત્રિયની દોસ્તી રાખવી. |

* છેલ્લે દાદાશ્રી કહે છે, વણિકનો થોડો માલ ક્ષત્રિયમાં નાખીએ ને ક્ષત્રિયનો થોડો માલ વણિકમાં નાખ્યો હોય, તે પછી જે મિક્ષ્ચર થાય એ બહુ સરસ થાય. ખરેખર બન્ને પ્રકૃતિ એકબીજાની પૂરક છે.

## [૧૨.૨] વકીલ સામે ક્ષત્રિયપણું

### • જ્ઞાન પહેલા અન્યાય સામે ક્ષત્રિય લોહી ઉકળે

મામાની પોળમાં લોકોને દાદાશ્રી પર એટલો બધો વિશ્વાસ કે નાની-મોટી ભાંજગડોમાં લોકો ન્યાય માટે દાદાશ્રીને બોલાવી જાય. ક્ષત્રિય અહંકારના કારણે અન્યાય સહન ન કરી શકે. આથી ખોટી રીતે અન્યાય થતો હોય તો પોતાની સૂઝ, બોધકળા, ક્ષત્રિય અહંકારની સ્ટ્રોંગનેસ બધું જ વાપરીને અન્યાય થતો હોય એને બધી જ રીતે મદદ કરતા.

આવો એક પ્રસંગ મામાની પોળમાં બનેલો. એક વણિક વકીલે કો'કને ઘર ભાડે આપેલું અને બે-ત્રણ વર્ષ પછી ખાલી કરવા માટેનું નક્કી કરી લખાણ કર્યું'તું. દાદાશ્રીને આ આખું લખાણ થયેલ એ બધી જ ખબર હતી. મુદત પૂરી થયા પહેલા જ એ વકીલે ભાડે આપેલ ઘરને ખાલી કરાવવા માટે ધાંધલ કરી અને ભાડુઆતનો સામાન ને એ બધું બહાર કાઢવા માંડ્યો. આવું થતા તે ભાડુઆત હેરાન-પરેશાન થઈ પછી દાદાશ્રીને બોલાવી ગયા. દાદાશ્રી એને ત્યાં ગયા ને આવું બધું જોઈને વકીલને સારી પેઠ ખખડાવ્યા.

પેલો વકીલ દાદાશ્રીની સામે જે લખાણનું કાગળ હતું તેનો ડૂચો વાળીને ગળી ગયો. અને આ જોતા જ દાદાશ્રીનું ક્ષત્રિય લોહી વધારે ઊકળી ઊઠ્યું, કે 'હવે તો મારી આખી જિંદગી આના માટે ખર્ચી કાઢું.' તે વકીલને કહ્યું, કે 'ઑપરેશન કરીને તારા પેટમાંથી આ કાગળ કઢાવું અને કૉર્ટમાંથી વકીલ તરીકેનું તારું લાઈસન્સ રદ કરાવું ત્યારે જ ખરું.' આવા વખતે શું બોલવું એ બધી વ્યવહારિક કળા પહેલેથી આવડે. તે

પેલા વકીલ તો ફફડી ઊઠ્યા ને પછી પોળના બીજા એક વકીલને વચ્ચે રાખીને એ વાતનો નિવેડો આવ્યો. છેલ્લે એ વકીલે માફી પણ માગી. ત્યારબાદ તો જ્યારે જ્યારે બીજા કોઈ કામ માટે દાદાશ્રી કૉર્ટમાં જાય તો એ વકીલ દાદાશ્રી માટે ખુરશી સામી લઈને આવે, એટલું માન રાખતા થઈ ગયા.

અમુક વાણિયાઓએ આ પ્રસંગ પછી કહેવડાવ્યું પણ ખરું કે 'પોળમાં ત્રણ જ પટેલો છો, બોલવામાં ધ્યાન રાખજો.' તે દાદાશ્રીએ કહ્યું, 'ફરી આવું કરતા પહેલા વિચારજો, નહીં તો આવી બન્યું જાણજો. અમે આ ભવ કે પેલા ભવવાળા લોક છીએ, અમને તો દીવાસળી ચાંપતા વાર નહીં લાગે.'

જ્ઞાન પહેલા કોઈ નબળો આવું નુકસાન કરતો હોય તો વાંધો નહીં, કારણ કે એ પોતે દુઃખી જ છે પણ જો કોઈ જબરો આવું જોર કરે ત્યાં દાદાશ્રીથી સહન ના થાય અને એવું થાય કે 'આવી જા.' અને જ્ઞાન પછી તો નબળો હોય કે જબરો બેઉ જોડે કશું નહીં. બન્ને ભમરડા જ છે, એવું જાણે.

**• અનોખી સમજણ**

વકીલની ભૂલ પાછળના કૉઝ દાદાશ્રીને સમજાય, કે...

* એણે પૂર્વભવે કંઈક અવળી દાનત કરી હશે, ત્યારે આવું થાય.

* નાનપણમાં જે સાંભળેલું હોય તેના અભિપ્રાય બંધાઈ ગયેલા હોય, તેથી આવા ગુના થયા કરે.

* ગુનો કરે ત્યારે ભાન હોય નહીં. ભાન ભૂલે ત્યારે ગુનો થાય. જેટલા પણ ગુના માણસથી થાય છે, એ ભાન ભૂલ્યા તેને લીધે થયેલા હોય છે.

આમ એ વકીલ પણ દોષિત ના લાગે એટલે એ વકીલને પણ દાદા સાથે ભેદ ના રહે.

## [૧૨.૩] મોહનભાઈ સાથેના પ્રસંગો

**• દાદાશ્રીની હીરાપારખુ દૃષ્ટિ**

દાદાશ્રીની જ ઉંમરના મોહનભાઈ કરીને એક વણિક ભાઈ

મામાની પોળમાં સાથે રહેતા'તા. તે બધા એને 'મોહન ગાંડો' કરીને ઓળખે પણ દાદાશ્રીની હીરાપારખુ દૃષ્ટિમાં એમને ઓળખાઈ ગયું કે આ બહુ ઊંચો માણસ છે ! દાદાશ્રીએ એમની સાથે કરેલ વિવિધ વાતચીત દરમિયાન વણિક પ્રકૃતિના ગુણ-દોષનું ખૂબ જ સુંદર અવલોકન કરેલું, એ આમાં જણાશે.

મોહનભાઈને દાદાશ્રી માટે ખૂબ જ અહોભાવ તેથી એમણે દાદાશ્રીને પૂછ્યું, કે 'આપ મને રોજ અડધો કલાક કે કલાક તમારો ટાઈમ આપશો ?' તો દાદાશ્રીએ 'હા' પાડી. એટલે એ રોજ દાદાશ્રીની સાથે ફરે. તે એક દિવસ દાદાશ્રીને કહે છે, કે 'હું મારી અપમાનની જગ્યા તમને દેખાડું ?' આ સાંભળતા જ દાદાશ્રીને ખૂબ આશ્ચર્ય થયું, કે આવું તો મેંય હજુ વિચાર્યું નથી કે મારી અપમાનની જગ્યા કોઈને દેખાડવી જોઈએ. આ માણસ કેટલી સરળતા અને નિખાલસતા લાવ્યો છે કે આવું બતાડી શકે છે ! દાદાશ્રી આવું એમનાથી વધારે શક્તિ દેખાડે અથવા એમને આશ્ચર્ય કરાવડાવે એ વ્યક્તિને ખાસ એમની પાસે રાખતા'તા.

**• 'મોહન ગાંડા'માંથી 'મોહન શેઠ' કરાવ્યા**

મોહનભાઈ જ્યાં લોકો એમનું અપમાન કરતા હતા તેવી બે-ત્રણ જગ્યાએ દાદાશ્રીને લઈ ગયા. ત્યાં પેલા લોકો ટીખળ કરવા લાગ્યા. તે જોઈ દાદાશ્રીએ કડકાઈ સાથે કહ્યું, 'આ તમે કોનું ટીખળ કરો છો, એ જાણો છો ? આની સરળતાનો દુરુપયોગ કરો છો પણ આનું બહુ નુકસાન થશે. આ પૂર્વભવનો સાધુ છે, જો મશ્કરી કરશો તો તમારી દશા બેસી જશે.' તે સામેવાળા સ્તબ્ધ થઈ ગયા. ઉપરાંત કહ્યું, કે હવેથી આને 'શેઠ' કહેજો. તે પોળમાં ત્યારબાદ 'મોહન ગાંડા'માંથી 'મોહન શેઠ' થઈ ગયા.

**• ઓળખી કાઢ્યા પૂર્વભવના દોષ બેઠેલા સાધુને**

એમના ઘેર પણ બધા એમને 'ગાંડો' કહે. એમના ફાધરે દાદાશ્રીને ફરિયાદ કરી, કે 'એ કશું કમાઈ લાવતો નથી.' દાદાશ્રીએ આમને પૂછ્યું કે 'તમે કશું કમાતા નથી ?' મોહનભાઈ કહે છે, કે 'મારા બાપા વધતું-ઓછું આપીને, ગમે તે રસ્તે કમાઈ લાવવાનું કહે છે. તે મને નહીં ફાવે.' તે દાદાશ્રી સમજી ગયા કે આ વણિક જાતિ કમાતા ના આવડ્યું એટલે

'ગાંડો' કહે. દાદાશ્રીએ તેના ફાધરને ઠપકો આપ્યો કે 'આ તમારા ઘેર પૂર્વભવનો સંત પુરુષ છે ! તમે જેના ને તેના રૂપિયા લઈ આવ્યા પણ એ નથી લેતો તો એ સારો છે કે ખોટો ?' આમ સૌ પ્રથમ એના ઘરમાં 'ગાંડો' કહેતા'તા એ બંધ કરાવડાવ્યું કે 'ગાંડો કહેશો નહીં, આ તો પૂર્વનો દોષ બેઠેલો સાધુ છે.'

મોહનભાઈ સાથેની વાતચીતમાં દાદાશ્રીએ આ ઓળખી પાડ્યું હતું. કારણ કે ઘરના બધા એને કહેતા, કે 'તમે ત્યાગ લઈને ઉપાશ્રયમાં બેસી જાવ.' તે દાદાશ્રી પણ પૂછતા કે 'તમને ઉપાશ્રયમાં શું વાંધો છે ?' તો કહેતા, કે 'ત્યાં વડીલ સાધુઓના આવા જાડા પગ દબાવવા પડે, એ મને ના પોસાય.' એટલે દાદાશ્રી જાણી ગયેલા કે, આને કંઈક ત્યાંની ઓળખાણ છે. પૂર્વનું ઋણાનુબંધ છે ને કંઈક એનો દોષ બેઠેલો છે, જેના કારણે આ મગજ પર અસર છે.'

**• ધન્ય છે આ વણિક અક્કલને (!)**

મોહનભાઈ અને એમના ફાધર વચ્ચે દાદાશ્રી વેલ્ડિંગ પણ કરતા. એક દહાડો મોહનભાઈને કહ્યું, કે 'આ તમારા બાપા સારા કપડાં-લત્તાં પહેરતા નથી ને તમારા હારુ પૈસા ભેગા કરે છે, તો એના પર જરા સારો પ્રેમભાવ રાખો ને સારી સેવા કરો.' ત્યારે એ કહે છે, 'તમે મારા બાપાને ઓળખતા નથી. એમને જો જોડે પૈસા લઈ જવાતા હોત તો અમારા માટે દેવું કરીને પૈસા જોડે લઈ જાય એવા છે.' તે દાદાશ્રી એમની આ અક્કલને જોઈ રહ્યા કે 'આવી અક્કલ તો અમારીય ના પહોંચે.'

**• વણિક ડહાપણવાળી કોમ, ન વટાવે ચેક પરચૂરણમાં**

દાદાશ્રીએ એકવાર એમને કહ્યું, કે 'કોઈ દહાડો ઈન્કમટેક્ષ કે બીજી-ત્રીજી અડચણ આવે તો અમને કહેજો.' ત્યારે એ કહે, 'તમે આ કોરો ચેક આપ્યો છે, તે મરવાની છેલ્લી ઘડી આવે ને છેલ્લી ઓ થાય ત્યારે વટાવીશ. અમથો આ પરચૂરણમાં નહીં વાપરવાનો. આવું ડહાપણ જોઈને દાદાશ્રી પ્રભાવિત થયા કે પાટીદારો તો આવો ચેક આપ્યો હોય તો બીજી ઘડીએ વટાવી કાઢે અને એની સામે આ લોકોની સમજણ કેટલી ઊંચી છે !

**• વાચક માટે**

* દાદાશ્રી મહાત્માઓને કહે છે, આવું આ 'દાદા'ના નામનો ચેક વારેઘડીએ વટાવવા જેવો નથી. સિગરેટના પાકીટ માટે ગાડીની સાંકળ ના ખેંચશો. કો'કને ત્યાં લગનમાં જવા માટે આ શરીર ઊભું ના કરશો, સત્સંગ માટે કરજો. દાદાના નામનો ઉપયોગ સારી રીતે કરજો, એનો દુરુપયોગ ના કરશો.

**• દાદાશ્રીના સંગની કિંમત સામે બધું જ જતું કરે**

એક દહાડો એ મોહનભાઈએ એના મધર વિજીમા સાથે ગાંડપણ કર્યું ને એની જણસો માગવા માંડ્યા. વિજીમા દાદાશ્રીને બોલાવી ગયા. દાદાશ્રીએ એમના ઘેર જઈ મોહનભાઈને કહ્યું કે, 'આજથી તમે અમારી સાથે એક કલાક ફરો છો તે બંધ. વિજીમાને તમે હેરાન કર્યા એનો દંડ આ.' મોહનભાઈએ કહ્યું, કે 'આ તો મને નહીં પોસાય.' તે દાદાશ્રીએ તરત જ વિજીમાને પગે લગાવડાવીને એમની માફી મંગાવી ને મોહનભાઈ પાસે બોલાવડાવ્યું કે આવું ફરી કોઈ દહાડો નહીં કરું.

દાદાશ્રીના સંગની કિંમત એમને મન એટલી મોટી હતી કે દાદાશ્રીના કહ્યા પ્રમાણે તરત જ આવું પાછા ફરી ગયા ને માફી માગી લીધી.

**• ઝઘડા પહેલા બારણાં બંધ, ન કરે ભવાડો**

'વાઈફ સાથે કોઈ દહાડો ઝઘડો થાય તો શું કરો ?' એના ઉત્તરમાં મોહનભાઈએ દાદાશ્રીને કહ્યું, 'સૌથી પહેલા ઘરનું બારણું વાસી આવું.' કેમ ? તો કહે, 'લોકો આવીને ઊલટા તેલ પૂરે ને સળગતું હોય તેમાં સંકોરે.' દાદાશ્રીને આ વાત પણ ખૂબ ગમી કે આ લોકોની અક્કલ અને કળા છે તો સાચી ! પટેલો તો ભોળા તે બારણાં બંધ હોય તે ઊલટા ઉઘાડી આવે અને ભવાડો થાય.

આવો જ એક પ્રસંગ દાદાશ્રીને હાલોલમાં એક ફેરો કોન્ટ્રાક્ટના કામ વખતે બનેલો. ત્યાં એક વણિક આખો દહાડો દારૂ પીએ, જુગાર રમે ને પૈસા વેડફી આવે. તે રોજ ઘરે જાય એટલે વાણિયણ સૌ પ્રથમ બારણું વાસીને બે-ચાર લાકડી મારે. હવે મારતી હોય પેલી વાણિયણ અને વાણિયો શું બોલે ? 'લે, લેતી જા. લે, લેતી જા.' પડોશમાં રહેનારા અમુક

માણસો હકીકત જાણે, તે દાદાશ્રીને આ જોવા લઈ ગયા. પેલો વાણિયો આવું બહાર આબરૂ ના જાય એટલે માર ખાતો જાય અને બોલતો જાય કે 'લે, લેતી જા.' એટલે લોકોને એવું લાગે કે વાણિયો વાણિયણને મારે છે. દાદાશ્રીને થયું કે આ તો ઈતિહાસ-ભૂગોળમાંય નહોતું જાણ્યું એવું નવું શાસ્ત્ર ભણ્યા આજે !

**• અક્કલથી વાઈફને કરી દે ખુશ**

મોહનભાઈ પોતાની વાઈફને ખુશ કરવા શું કહે ? 'હું રાંડીશ પણ તું ના રાંડીશ.' એટલે પેલી ખુશ થઈ જાય કે 'પોતે રાંડવા તૈયાર થઈ ગયા છે !' દાદાશ્રી કહે છે, 'જુઓ, આ વણિકની અક્કલ, કહેવું પડે ! આ બાજુ મારું બુદ્ધિનું બારણું બંધ હતું, એ ઉઘાડી દીધું.'

**• વૈરાગ્યને પુષ્ટિ આપનારા વિચારો જડ્યા આમની પાસેથી**

મોહનભાઈ માણસ બહુ ચોખ્ખા ! દાદાશ્રી એમને વૈરાગ્યના કેટલાક કારણો પૂછે. એક ફેરો દાદાશ્રી ને મોહનભાઈ બન્ને બગીચાની પાળી પર બેઠા હતા. દાદાશ્રીએ પૂછ્યું, 'અહીંથી કપડાં ના પહેર્યા હોય એવા પુરુષો નીકળે તો ?' તો કહે, 'હું પાછળ જોઈ જઉં, આંખો દાબી દઉં, જોવાનું ના ગમે.' 'અને એવી રીતે સ્ત્રીઓ નીકળે તો ?' તો કહે, 'એની તો વાત જ ના કરશો. મને ઊલટી થઈ જશે.'

આવી ઝીણી વિચારધારા દાદાશ્રીને ખૂબ ગમી. દાદાશ્રી કહે છે, મારી જાગૃતિ ને આમની જાગૃતિ મળતી આવે છે. તે હું મારી મજબૂતી કરવા માટે આવું બધું પૂછું. દાદાશ્રીએ પોતે તો બધું વિચારેલું જ હોય પરંતુ પોતાના મનને આવી રીતે પુરાવો આપે. જેથી પોતાના વૈરાગ્યના વિચારોને હેલ્પ થાય.

દાદાશ્રીએ પોતે જ્ઞાન પહેલા વૈરાગ્યને ખૂબ કસી નાખેલો. પોતાની એ તરફની દૃષ્ટિના કારણે આવું બ્રહ્મચર્યના તેજવાળા, ઊંચા ચારિત્રવાળા લોકો એમની દૃષ્ટિમાં તરત જ પરખાઈ જતા. ગામમાં મોટી ખડકીના એક પટેલ હતા, તેમને નાનપણમાં પૂછ્યું હતું કે, 'આટલા સિત્તેર વર્ષે તમારું આટલું તેજ શાથી દેખાય છે ?' તો કહે, 'ચારિત્રના પ્રભાવથી, એટલે કે બીજી સ્ત્રીઓ તરફ દૃષ્ટિ સુદ્ધાં બગાડી નથી.'

એવી જ રીતે સગામાં એક બીજા સાંઈઠ વર્ષના કાકા હતા, એમને પણ દાદાશ્રીએ પૂછ્યું, કે 'આટલી ઉંમરે તમારા મોઢા પર આ તેજ શેનું છે ?' ત્યારે કહે, 'મારી રૂમમાં કોઈ દહાડો તારા કાકીએ પગ મૂક્યો નથી. એક પથારી તો અમે જોયેલી નહીં કોઈ દહાડોય. નિરંતર સ્વતંત્ર સૂઈ જવાનું.' એટલે કે એકાંત શૈયાસન. તે મોઢા પર બ્રહ્મચર્યનું જબરજસ્ત નૂર ! જે દાદાશ્રીએ ઓળખી કાઢેલું.

અત્યારના જમાનામાં બાપ છોકરાને ડબલ બેડ લઈ આપે છે, તે દાદાશ્રી કહે છે કે, આ કેવી વાઈલ્ડનેસ પેસી ગઈ છે ? આ જે બ્રહ્મચારીઓનો દેશ, વાનપ્રસ્થાશ્રમને પૂજનારો દેશ ને આ બધું ક્યાં પેસી ગયું છે ? છતાં આ તો આપણા જ્ઞાન લીધેલા મહાત્માઓને આ વાત કરાય, બહાર બોલાય નહીં. આ સાપેક્ષ વાત છે, નિરપેક્ષ વાત નથી. બહાર તો જે પ્રવાહ ચાલી રહ્યો છે, એનાથી અવળા ચાલીએ એ ગુનો છે. કારણ કે કુદરતી પ્રવાહ છે. આ તો આ જ્ઞાનપ્રાપ્તિ થઈ હોય એના માટે આ વાત છે !

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* દાદાશ્રીને તેર વર્ષની ઉંમરે સમજાઈ ગયેલું કે 'આ જગતમાં ભટકામણ જો થતી હોય તો વિષય જ મુખ્ય કારણ છે.'

## [૧૨.૪] કરી મહારાજ માટે ડોળીની વ્યવસ્થા

**• અત્યંત વિચારણાથી મૂરઝાયું હૃદય વણિકોનું**

વણિક કોમ એટલે ખૂબ જ વિચારક કોમ. પરંતુ બહુ વિચારણાના કારણે ક્યાંક હૃદય ભાગ બંધ થઈ જાય અને જડની જેમ કાયદા પકડી અવ્યવહારુકતા કરી બેસે. એવો એક પ્રસંગ દાદાશ્રીએ અનુભવેલો.

મામાની પોળમાં દેરાસરના ઉપાશ્રયમાં એક ફેરો ઘરડા મહારાજ ચાતુર્માસ કરવા આવેલા. તે ચાતુર્માસ પૂરા થયા એટલે સંઘવાળાએ મહારાજને કહ્યું, કે 'તમે અહીંથી વિહાર કરી જાઓ.' અને મહારાજને ડાયાબિટીસના કારણે પગે પાકેલું, તેથી ચલાતું નહોતું. તે મહારાજ કહે છે, 'હું શી રીતે વિહાર કરું ? મારાથી ચલાય એમ નથી. તમે ડોળીની વ્યવસ્થા કરી આપો તો હું ચાર માઈલ દૂર ગામ છે ત્યાં જતો

રહું.' તે સંઘપતિએ બધા ચોપડા ઉથામ્યા પણ ક્યાંય એવું જડ્યું નહીં કે કોઈ મહારાજને પગે લંઘાવાથી ડોળીની વ્યવસ્થા કરવી પડી હોય. તે મહારાજને કહે છે, 'અમે આના પૈસા નહીં આપી શકીએ. અમે કાયદો કેવી રીતે તોડીએ ? અમારે ત્યાં આ કાયદો નથી.'

તે પછી એ મહારાજ સાથે એમના શિષ્ય હતા તે દાદાશ્રીને ત્યાં આવ્યા ને આ હકીકત જણાવી. તે દાદાશ્રીને તો અંદર ખૂબ જ થયું કે આટલી અવ્યવહારુકતા ? આટલી કૉમનસેન્સ અને માણસાઈ જતી રહી છે લોકોમાંથી ? દાદાશ્રીએ તો તરત કહ્યું, કે 'તમે ડોળી બોલાવી લો, હું પચાસ રૂપિયા આપી દઈશ.' પછી મહારાજને વળાવવા સંઘે વરઘોડો કાઢ્યો ને એમાં પાંચસો રૂપિયાનો ખર્ચ કર્યો પરંતુ આ ડોળીના પૈસા ના આપ્યા. કારણ કે વરઘોડાનો કાયદો હતો પણ આ ડોળીનો કાયદો નહોતો તેથી !

દાદાશ્રી કહે છે, આ આવી દશા થઈ છે ! દેખાય છે શેઠિયાઓ પણ સમ્યક્ બુદ્ધિ જોવા મળતી નથી ને વિપરીત બુદ્ધિ બધી ફરી વળી છે કે ક્યાંથી કોનું લૂંટી લઉ ને ક્યાંથી ખઈ જઉ. એ બધું આવડે છે પણ હિતાહિતનું ભાન રહ્યું નથી.

સમ્યક્ બુદ્ધિવાળાનો વ્યવહાર તો કેવો હોય ? સાંભળતાની સાથે મહીં ગજવામાં હાથ ઘાલે. પોતાના ઘરના પૈસામાંથી કાઢીને આપી દે. આવું કાયદા જોવા ના ઊભા રહે.

### • વીતરાગનો સાચો કૂવો ખોળી કાઢ્યો

તે પછી એ મહારાજના વરઘોડામાં દાદાશ્રી પણ ગયા હતા. તે ત્યાં પાછા જૈન શેઠિયાઓ એમને કહે કે 'જૈનેતર થઈને તમે ખૂબ કમાણી કરી ગયા !' તે દાદાશ્રી એ લોકોને (જૈનોને) બેસાડીને પાછા વાતચીત કરે કે તમને તો એવું છે કે આ ધર્મ તમારા જ ઘરનો છે, તમારા જ બાપ-દાદાનો છે, એટલે તમે એશઆરામ કરો છો અને મને તો તમન્ના છે કે કેમ કરીને આ વીતરાગ માર્ગને પહોંચી વળું ! એટલે હું તો જાણું કે અમારે પુરુષાર્થની જરૂર છે. આથી અમારે પ્રમાદ ના હોય. અને તમે તો જાણો કે બસ આપણા બાપ-દાદાનું છે. અમારા બાપ-દાદા આ કૂવામાં પડેલા, તે અમે પણ આ જ કૂવામાં પડીશું. પણ તમે જે પડવાની વાત કરો છો એ

વીતરાગના કૂવાનો ફોટો છે અને ફોટાના કૂવામાં પડશો. જ્યારે અમે તો વીતરાગનો સાચો કૂવો ખોળી કાઢ્યો છે.

**• અનોખી સમજણ**

* વીતરાગનો સાચો કૂવો કેવો હોય ? જેમાં નિરંતર પાણી હોય. નિરંતર સેફસાઈડ હોય, અન્‌સેફ ના હોય. વીતરાગના કૂવામાં આર્તધ્યાન-રૌદ્રધ્યાન ના હોય અને તમે જે પડવાની વાત કરો છો, એમાં તો ફક્ત પથરાં જ છે અને આર્તધ્યાન-રૌદ્રધ્યાનના કારખાના છે. એટલે એ કૂવામાં ના પડશો.

**• સમજાવીને કર્યા ટાઢાટપ**

આવું જ એક બીજા પ્રસંગમાં પણ બધા જૈનો ભેગા થયેલા ને દાદાશ્રીએ અડધી કલાક એવી વાતો કરી કે બધા જરાકવારમાં સમજી ગયા. બધા જૈનો મામાની પોળમાં ભેગા થઈને વાતો કરતા'તા કે 'ગવર્નમેન્ટ પાસે આપણે આપણું અલગથી જૈનિસ્તાન માગીએ.' ત્યાં દાદાશ્રી પહોંચ્યા ને છેલ્લું આ વાક્ય સાંભળ્યું તે દાદાશ્રીએ કહ્યું, 'સરકાર તમને કદાચ એક અલગ પ્રદેશ આપી પણ દે પણ પછી તમે હજામ, ઘોડાગાડીવાળા, સુથાર-કડિયા આ બધા કંઈથી લાવશો ? તે તમારે જાતે થવું પડશે.' તે આ બધી વાત વિગતવાર અડધો કલાક બોલ્યા કે બધા ટાઢાટપ થઈ ગયા ને કહેવા માંડ્યા કે 'આ તો બહુ મોટી ભૂલ થશે, અલગ ના મંગાય.'

## [૧૨.૫] બેચરલાલ શેઠનો બીડો !

**• વીતરાગની વાતનો મર્મ પારખનાર**

આગ્રહ ને દેખાદેખીથી અપાયેલ અને લેવાયેલ 'બાધા'ને અંતે વ્યક્તિ જ્યારે પાળી ન શકે ને બુદ્ધિથી છટકબારીઓ શોધે ત્યાં વીતરાગોની વાતનો મર્મ પારખનાર દાદાશ્રી કડક શબ્દો દ્વારા સામાને ભગવાનને છેતરવાના ગુના સામે ચેતવે છે.

**• ભગવાન મહાવીરના કેવળજ્ઞાનમાંય નહોતું આવ્યું આ જ્ઞાન (!)**

જ્ઞાન પહેલા પણ દાદાશ્રી ધાર્મિક ખરા અને જૈન ધર્મની વાત બહુ સુંદર રીતે કરી શકતા. લોકો ધર્મની વાત સાંભળવા માટે એમને માનભેર બોલાવે. દાદાશ્રી પણ નિખાલસતાથી કબૂલ કરે છે કે અમે પણ ત્યારે

માનના આદતી હતા. તે આવું કોઈ 'આવો-પધારો' કરે એટલે જાણે બેંક બેલેન્સ મળી ગયું હોય એના જેવું લાગે.

બેચરલાલ કરીને એક શેઠ હતા, તે દાદાશ્રીથી વીસેક વર્ષ ઉંમરમાં મોટા. તેમની જોડે દાદાશ્રીની બેઠક હતી. દાદાશ્રી રોજ એમને ધર્મની વાતો સંભળાવે, એટલે શેઠ પણ દાદાશ્રી પર બહુ ખુશ હતા.

દાદાશ્રીને શેઠને ત્યાં એક દહાડો નવીનતા જોવા મળી. શેઠ બીડીની જગ્યાએ મોટો બીડો પીતા હતા. દાદાશ્રીને આશ્ચર્ય થયું, તે પછી એમને પૂછ્યું, કે 'આવડો મોટો બીડો ?' ત્યારે જાણવા મળ્યું કે અપાસરામાં ગયા હશે ત્યાં મહારાજે બળજબરીથી બીડી નહીં પીવાની બાધા આપી હતી ને તોય શેઠ પાછા વાટાઘાટ કરીને ચાર પીવાની છૂટ લઈને આવ્યા હતા. પેલા મહારાજને એમ કે કંઈક સંયમ પમાડું, પણ સંયમનો ખરો અર્થ સમજ્યા વગર આવા આગ્રહમાં પડ્યા. ખરેખર તો આવો આગ્રહ એ ગુનો કહેવાય.

હવે એ શેઠને દિવસની પચાસ બીડી પીવા જોઈએ ને હવે આ ચાર જ બીડી પીવાની. તે પછી અક્કલ વાપરીને બીડીની જગ્યાએ ચાર મોટા બીડા બનાવ્યા. અને એ બીડા પાછા સળગાવીને રાખી મૂકે. દાદાશ્રીને થયું કે આમણે દબાણપૂર્વક બાધા લીધી છે, એટલે આમાં વાંધો ઉઠાવવા જેવું નથી.

## • કળિયુગનું કપટ કેટલું યોગ્ય ને કેટલું અયોગ્ય એની સુંદર સમજ

પછી શેઠે સવારથી બપોર સુધી પીધેલ બીડીમાં પાછળ પાંદડા લઈને ચઢાવવા માંડ્યા. આ જોઈને દાદાશ્રીને થયું કે આ ચાર બીડીઓ મોટી બનાવી તેનો વાંધો નહોતો, એ મહારાજને છેતર્યા કહેવાય પણ આ જે પાંદડા ચઢાવ્યા એ તો ભગવાન મહાવીરનેય છેતર્યા બરાબર છે. દાદાશ્રી કડકાઈ સાથે વઢ્યા કે 'શેઠ, આ મહાવીરને શું કરવા છેતરો છો ? આવું જ્ઞાન તો મહાવીરના કેવળજ્ઞાનમાંય નહોતું આવ્યું.'

આ ટેકનિક કરવી એ તો આઉટ ઑફ એગ્રીમેન્ટ કહેવાય અને મિથ્યા બુદ્ધિ કહેવાય. તે પછી સારું કરીને વઢ્યા કે 'આ તો ભયંકર કપટ કહેવાય. આ તો તમારી જાતને છેતરો છો, ભગવાન મહાવીરને

છેતરો છો ! પછી શી રીતે તમારું કલ્યાણ થાય ? ચાર બીડી બોલ્યા તે બોલ્યા, નહીં તો નહીં બોલવાનું. મહારાજને ચોખ્ખું કહી દેવાનું કે 'આ તમે કહેશો તોય નહીં પળાય મારાથી. તમે બાધા લો, મારાથી નહીં લેવાય.' પછી શેઠને પણ સમજાયું ને અંદર થયું કે હવે નહીં છેતરું.

**• બાધા તો એનું નામ કહેવાય...**

આવા જ બીજા એક પ્રસંગમાં દાદાશ્રીના એક ઓળખીતાએ ખાંડની બાધા લીધેલી અને પછી જમતી વખતે શીખંડમાં ખાંડની જગ્યાએ ગોળ મંગાવીને નાખ્યો અને દાદાશ્રીને કહ્યું, કે 'આવી મારા જેવી ભૂલ બીજા કોઈ ના કરશો. મેં ખાંડની બાધા લીધી છે, એવી કોઈ લેશો નહીં.'

દાદાશ્રીને કોઈ આવા કારસ્તાન કરે એ પસંદ નહોતા. એમને થાય કે એ તો એવી બાધા લીધી હોય તો ભગવાન મહાવીરનેય કહેવાય કે 'સાહેબ, તમે આ બાધા આપી પણ મારી શક્તિની બહારની વસ્તુ છે, માટે આ બાધા છોડી આપો.' દાદાશ્રી કહે, 'હું તો સ્પર્ધામાં પડીને પણ આવી બાધા લઉ નહીં. હું તો જે ખાવું હોય એ ખાઈશ અને ભક્તિએય કરીશ.'

બાધાની સુંદર વ્યાખ્યા આપતા દાદાશ્રી કહે છે, 'બાધા તો એનું નામ કહેવાય કે એની પર કંટાળો ના આવે. ઉલ્લાસપૂર્વકની હોય એ બાધા છે !'

**• અનોખી સમજણ**

* આ અક્રમ વિજ્ઞાન જુદી જાતનું છે ! આ વિજ્ઞાન નેગેટિવ નથી, બિલકુલ પૉઝિટિવ છે. તું જે કરતો હોય એ કર. અહીં વર્તનને આંતરવાની વાત નથી. બાધા એટલે તો બંધન અને આપણો માર્ગ તો મુક્ત થવાનો છે ! આ કાળની વિચિત્રતા છે કે જેટલું આંતરો તેમ એ વધતું જાય. જો કહેવામાં આવે કે 'આ કાલથી તમારે આ ખાવું નહીં', ત્યારે પેલો એ જ વસ્તુ છાનોમાનો ખાય.

## [૧૩] શ્રદ્ધાની મૂર્તિ

**• ક્રાંતિકારી વિચારસરણી**

ધર્મમાં ખૂબ સાંભળ્યું હોય છે, કે 'શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો', તો

ખરેખર શ્રદ્ધા રાખવાની હોય કે શ્રદ્ધા આવવી જોઈએ ? એ વખતમાંય દાદાશ્રીની કેવી ક્રાંતિકારી વિચારસરણી ! આ જ વાતની તાર્કિક વિશ્લેષણ સહ સમજણ અહીં જોવા મળે છે.

### • 'એવો ગુંદર ચોપડો કે મને શ્રદ્ધા આવે'

પચ્ચીસ વર્ષની ઉંમરે એક જૈન સાધુ મહારાજ સાથે દાદાશ્રી સંપર્કમાં આવ્યા. તે મહારાજ દાદાશ્રીને કહે છે, 'મારી પર તમે છ મહિના શ્રદ્ધા રાખો.' દાદાશ્રી તો ચોખ્ખું બોલનારા, તે કહે કે 'મહારાજ, મને તમારા પર શ્રદ્ધા આવતી નથી. ટિકિટ ચોંટાડવા ફરું છું પણ ટિકિટ ચોંટતી નથી. એટલે તમે કંઈક એવો ગુંદર ચોપડો કે મને શ્રદ્ધા આવે. કાં તો તમે એવું કંઈક બોલો અથવા તમે એવા કંઈક દેહકર્મી, પ્રભાવશાળી હો તો મને શ્રદ્ધા આવે ને મને આપનું નિદિધ્યાસન રહે. આ તમે સારું સારું બોલીને માન આપો છો, કે અંબાલાલભાઈ કોન્ટ્રાક્ટર છો ને આમ છો ને તેમ છો, એનાથી ઊલટી મારી તમારા પરની શ્રદ્ધા ઊઠી જાય છે. કારણ કે મારે કોઈ લાલચ નથી. મારે તો મૂળ સ્ટેશને પહોંચવું છે. એટલે ગાળો ભાંડીને પણ એવું કંઈક બોલો કે મને શ્રદ્ધા બેસી જાય.'

### • બળવાખોર સ્વભાવના કારણે અંતે સાચું જડી ગયું

દાદાશ્રીનો જરા બળવાખોર સ્વભાવ, જેને લીધે આવું ચોખ્ખું બોલી જવાયું. પછી પાછળથી લોકોએ કહ્યું, કે 'આવું બોલાતું હશે ?' આથી પસ્તાવો થયો. પણ પાછા પોતે જબરી સૂઝવાળા, તે તરત પાછું વાળી લેતા આવડે. મહારાજ પાસે જઈને કહ્યું, કે 'મારી વાઈફ મને ગાળો ભાંડે છે, તેથી મગજ જરા વિકૃત થઈ ગયું છે. એટલે કોઈ ફેરો આવું અવળું બોલી જવાય છે.' તે આવું બોલ્યા એટલે મહારાજના મનમાંથી ગૂંચ નીકળી ગઈ.

જેમ દેવતાને ઉધઈ ના ચઢે એવી રીતે આવા બળવાખોર સ્વભાવના કારણે બીજા જાળાં વળગ્યા નહીં અને અંતે સાચું જડી ગયું.

### • અનોખી સમજણ

* ખરા ખોજક હોય, એને માન આપે તોય ત્યાં શ્રદ્ધા બેસે

નહીં. જ્યાં એ એવું કંઈક બોલે કે આપણને વિચારતા કરી મૂકે, અત્યાર સુધી સાંભળેલું બધું ખોટું લાગે ને અનંત અવતારની શ્રદ્ધા તોડી નાખવા તૈયાર થઈ જઈએ, ત્યાં શ્રદ્ધા બેસે. પછી ભલેને એ આપણું અવળું બોલે.

* હૃદયથી બેઠેલી શ્રદ્ધા ટકે, બુદ્ધિથી બેસેલી શ્રદ્ધા ટકે નહીં.

* આપણી સૂઝને મળતી વાત આવે ત્યાં શ્રદ્ધા રાખવી.

* સમ્યક્ શ્રદ્ધા હોય એ જાય નહીં પછી. કારણ કે શ્રદ્ધા એ ખરેખર દર્શન છે.

* સમ્યક્ શ્રદ્ધાનો ગુંદર એવો હોય કે ચોંટી જ જાય અને પાણી કે થૂંકથી ચોંટાડેલી મિથ્યા શ્રદ્ધા કેટલો વખત ટકે ?

* સાચી શ્રદ્ધા તો ભગવાન પણ ન ફેરવી શકે એવી હોય.

* શ્રદ્ધાની મૂર્તિ ના થયેલા હોય, એ કહે કે 'મારી પર શ્રદ્ધા રાખો.' શ્રદ્ધાની મૂર્તિનું તો ચારિત્રબળ જ એવું હોય કે એમની પાસે શ્રદ્ધા આવી જ જાય !

**• જ્ઞાની તરીકેની લાક્ષણિકતા**

* દાદાશ્રી કહે છે, કે 'ભગવાન કર્તા નથી', તો લોકો એમની કેટલાય કાળની બેસેલી શ્રદ્ધા તોડી નાખવા તૈયાર થઈ જાય છે. અને પાછા પોતે સામેનાને કહે છે કે 'અમારો અક્ષરેય માનશો નહીં. અમારી પર શ્રદ્ધા રાખશો નહીં. તમારો આત્મા કબૂલ કરે તો સ્વીકાર કરજો.'

* દાદાશ્રી પોતે 'શ્રદ્ધાની મૂર્તિ' થયા એટલે મુસ્લિમ હોય, ક્રિશ્ચિયન હોય કે કોઈ પણ નાતના હોય, કોઈને જુદાઈ લાગે નહીં. આખા વર્લ્ડમાં કોઈ જોડે મતભેદ પડે નહીં. ભગવાને શાસ્ત્રમાં આને લખ્યું છે, 'શ્રદ્ધેય મૂર્તિ !' એટલે ગમે તે નાત-જાતનો હોય પણ એને શ્રદ્ધા બેસી જાય. કારણ કે ક્લિયર હોય એ મૂર્તિ. ત્યાં શ્રદ્ધા બેસાડવી ના પડે પણ દેખવા માત્રથી શ્રદ્ધા બેસી જાય. કો'ક ફેરો જ આવી મૂર્તિ પાકે !

❖❖❖❖❖

# અનુક્રમણિકા

## [૧] જ્ઞાની થતા પૂર્વેથી જ સુપરહ્યુમન

### [૧.૧] જીવન જીવ્યા પારકા માટે જ


| | | | |
|---|---|---|---|
| સુપરહ્યુમનના ગુણ દીસે... | ૧ | નથી કદી આપ્યું દુઃખ કોઈને | ૮ |
| નુકસાન કરનારનેય હેલ્પ... | ૨ | પોતાની નહીં, પારકાની જ... | ૯ |
| સુપરહ્યુમનને વર્તે મહીંનું સુખ... | ૨ | બસમાં-ટ્રેનમાં ઓળખીતાની... | ૧૦ |
| કોટિમાં કો'ક પાકે આવું | ૪ | આમ થતો પૈસા વસૂલાતનો... | ૧૦ |
| સુપરહ્યુમન છતાંય મોક્ષનું... | ૪ | ઝાડ પાસેથી શીખો... | ૧૧ |
| સદાય રહ્યા નિઃસ્વાર્થી | ૫ | મને મળ્યો માટે એને લાભ... | ૧૨ |
| પારકાના સુખ હારુ જ... | ૬ | મને મળ્યાનો દંડ (!), ધર્મ... | ૧૪ |
| લોકોને સુખ આપવું બને એટલું | ૬ | જગતને હેલ્પફુલ થતા થતા... | ૧૫ |
| પારકા હારુ જીવવામાં દેખાઈ... | ૭ | દાદાઈ જ્ઞાન ઝળહળાટ દેખશે... | ૧૬ |


### [૧.૨] કોઈનું કશું જોઈતું જ નહોતું


| | | | |
|---|---|---|---|
| અજાયબ શર્ત, હેલ્પ કરવાની | ૧૭ | ભાવનામાંથી થયો અહંકાર... | ૨૭ |
| મોડી રાત્રે ઘરે ગયા તે મિત્ર... | ૧૮ | બધામાં સંતોષી એવો મનનો... | ૨૮ |
| સતી પર ભાવ બગાડ્યો ! | ૧૯ | ઈચ્છાવાળા એ બધા ભિખારી | ૨૯ |
| ઓળખી ગયા લોકોના નબળા... | ૨૦ | આટલો વટનો કટકો રાખેલો... | ૨૯ |
| કોઈને દુઃખ ન થાય તે માટે... | ૨૧ | એવો કાયદો સમજેલો, તે... | ૩૦ |
| દૃષ્ટિ બગાડીને ખોટ ના ખાય... | ૨૨ | જેટલો શ્રીમંત એટલો વધારે... | ૩૧ |
| સામાના મનની પરિણતિ... | ૨૩ | લોકોની હીનવૃત્તિ જાણીને... | ૩૨ |
| મારે તમારું કશું જોઈતું... | ૨૩ | થોડા માટે વટલાઈએ એના... | ૩૩ |
| બે હાથવાળા બધા દુઃખી... | ૨૪ | સામો આપવા આવે તો લેવાનું | ૩૪ |
| લોકોને મનમાંય દુઃખ ન થાય... | ૨૬ | પોતે નિર્ભય, બનાવે બધાને... | ૩૫ |


### [૧.૩] હેલ્પ કરવા પાછળ પોતાનું 'માન'


| | | | |
|---|---|---|---|
| લોકો સલાહ લેવા આવે... | ૩૭ | અહો જાગૃત દાદા ! ખુલ્લા... | ૪૧ |
| અસલી અક્કલ, હોય નવી જ... | ૩૮ | તેથી પડી 'આવો-પધારો'... | ૪૧ |
| કાઢ્યું ફ્રી ઑફ કૉસ્ટ દવાખાનું | ૩૮ | માની હોય પોલા ને ભોળા | ૪૨ |
| તો જ આવું જ્ઞાન પ્રગટ થાય... | ૩૯ | ઓબ્લાઈજિંગ નેચરને લીધે... | ૪૪ |
| સામો માન આપે તો બધું... | ૪૦ | આખીય જિંદગી લોકોના... | ૪૪ |

| | | | |
|---|---|---|---|
| માનની ભીખે ગુના વહોરી... | ૪૫ | નિયમથી માન આપે તો જ... | ૫૧ |
| ભૂલ સમજાયા પછી બંધ કર્યું... | ૪૬ | માન આપીને છેતરવા આવે... | ૫૩ |
| ઓળખાયો આંધળો અહંકાર... | ૪૭ | જાણીને છેતરાય એવા... | ૫૪ |
| ખબર પડ્યા પછી કર્યા... | ૪૯ | આવડત સલાહ આપવાની... | ૫૪ |
| બધું ગાંડપણ ૧૯૫૧માં છૂટી... | ૪૯ | ખોલ્યું રહસ્ય, 'શેના આધારે... | ૫૫ |
| ખરેખર તો લાગણીવશતાથી... | ૫૦ | | |

## [૧.૪] લોકોને બચાવ્યા આપઘાત કરતા

| | | | |
|---|---|---|---|
| સલાહ આપી લોકોને... | ૫૮ | આપઘાતનો ગુનો સાત... | ૬૧ |
| સમજાવીને, પૈસા આપીને... | ૫૯ | આપે એવી સમજણ કે સામો... | ૬૨ |
| અણસમજણ સામે સમજણ... | ૬૦ | સમજાવે, થાળે પાડે, વાળે ને... | ૬૩ |

## [૧.૫] કોઠાસૂઝ અને વિપુલમતિ

| | | | |
|---|---|---|---|
| કૉમનસેન્સથી ઉઘાડે સર્વ તાળા | ૬૪ | ભગવાન નહોતા થયા... | ૭૦ |
| કઈ રીતે વધે સૂઝ ? | ૬૫ | હીરાની બે બંગડી ને એક... | ૭૨ |
| સૂઝ એ તો કુદરતી બક્ષિસ... | ૬૬ | કળા કરી પાડ્યા ભાગ | ૭૩ |
| મિથ્યાત્વમાં 'સૂઝ' તે સમકિત... | ૬૭ | હૈયા ઉકેલ લાવવાની... | ૭૪ |
| વિપુલમતિને લીધે તુરંત જ... | ૬૭ | બધી નાતના લોકોનો પ્રેમ... | ૭૫ |
| પૂર્વભવનો સામાન બહુ ઊંચો... | ૬૯ | ભારોભાર તટસ્થતા ને... | ૭૬ |

## [૧.૬] વેલ્ડિંગ કરેલા

| | | | |
|---|---|---|---|
| અડચણ વેઠીનેય કરેલા વેલ્ડિંગ | ૭૯ | અહંકાર ના જાગે અને... | ૮૪ |
| વેલ્ડિંગ કરવું એ તો સિદ્ધિ | ૭૯ | અમારા વેલ્ડિંગમાં તો બેઉને... | ૮૫ |
| વેલ્ડિંગ કરવાથી નુકસાન... | ૮૦ | પોતાનું તૂટે જ નહીં તે જ... | ૮૬ |
| મારો ધંધો જ સાંધવાનો... | ૮૧ | વેલ્ડિંગ કરતા ન ફાવે તો... | ૮૭ |
| વેલ્ડિંગ કરનારો માર જ... | ૮૨ | 'વેલ્ડિંગ' એ મૌલિક શબ્દ... | ૮૮ |
| વેલ્ડિંગ એ આત્મપક્ષી પણ... | ૮૩ | આવા તો બધા બહુ વિજ્ઞાન... | ૮૯ |

## [૨] નાનાથી પણ નાના રહેવાની રીત

| | | | |
|---|---|---|---|
| નાની ઉંમરે લોકો 'દાદા' કહે... | ૯૧ | અંદરખાને પોતે લેવલ ગોઠવે... | ૯૬ |
| બહારથી એ મને કહે 'દાદા'... | ૯૨ | આવું એલ્જીબ્રા તો કોઈએ... | ૯૭ |
| કાકાને કાકા થતા ના આવડ્યું | ૯૩ | શીખી લો દાદા પાસેથી આ... | ૯૯ |
| કાકા રોફ મારે તો ન કબૂલે... | ૯૪ | દુષમકાળમાં સેફસાઈડ... | ૧૦૧ |
| પ્લસ-માઈનસની નવી જ વાત | ૯૫ | ઘેલછા ભર્યા સંસારમાં સત્તા... | ૧૦૨ |

અહો ! આ બોધકળા, સામાના...૧૦૨

## [૩] નાટકના અનુભવ પરથી લીધો બોધપાઠ


જ્ઞાનીનો આદર્શ વ્યવહાર... ૧૦૫
નાટકની ટિકિટ કઢાવવા... ૧૦૫
આવા પાકા મીંઢ જોડે ક્યાં... ૧૦૬
તે બધાની ટિકિટ કઢાવી લીધી ૧૦૭
આવા ગુરુઓ મળ્યા ને... ૧૦૭
જળ લીધું, ફરી નાટક જોવા... ૧૦૮
મારા આવા સ્વભાવે જ... ૧૦૯
પ્રૉમિસ આપ્યા પછી વિચાર... ૧૧૦
દાદાની ઑટોબાયોગ્રાફી... ૧૧૧


## [૪] જ્ઞાન પહેલાય અભયદાની


કૂતરોય ભય ન પામે તે... ૧૧૪
ભય નહીં પમાડેલ કોઈનેય ૧૧૫
મારાથી ભય પામે તો... ૧૧૬
કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ... ૧૧૬
કોઈને દુઃખ ન હો, એ રીતે... ૧૧૬
નિરંતર અભયદાન... ૧૧૭
ઘરનાને ફફડાવે એવું જીવન... ૧૧૮
શેના હારુ કંદમૂળ છોડવાના... ૧૨૦
મોટામાં મોટી હિંસા હોય... ૧૨૧
મહાવીરના પાકા શિષ્ય ૧૨૨
આત્માનું જ હિત હોય તો... ૧૨૪
જાનવરોય પોતાના બચ્ચાંને... ૧૨૪
ઊંચા માણસો જ આ દાન... ૧૨૫
પહેલા ભાવ, પછી પ્રયોગમાં... ૧૨૫
અહો ! આ જ્ઞાન મૃત્યુ વખતે... ૧૨૬


## [૫] નાણું ખર્ચાયું વાહવાહમાં


દાન અપાય એવી શક્તિ... ૧૨૮
હિસાબ કાઢી જોયો, ક્યાં... ૧૨૯
પુણ્ય નથી કમાવું, વાહવાહ... ૧૩૦
અજ્ઞાનતામાં પણ... ૧૩૦
બીજાના મન મોટા દેખાય... ૧૩૨
ભાગીદારે અટકાવીને... ૧૩૩
પાટીદાર દેવું કરીનેય નાણું... ૧૩૩
વણિકમાં ‘લોભ’ની ગાંઠ ને... ૧૩૪
વણિક જુએ, પોતાનું શ્રેય... ૧૩૫
વાહવાહમાં જન્મેલા, તે... ૧૩૬
વાહવાહનો આગળ ડ્રાફ્ટ... ૧૩૭
પૂર્વે ભાવ કરેલા તે હીરાબા... ૧૩૭
દાદા અહોભાવ વ્યક્ત કરે... ૧૩૮
મકાન બાંધવા ધક્કા... ૧૩૯
આવા ભંગાર માલને... ૧૪૧
મંદિરના પૂજારીનેય કરવી... ૧૪૧
જાત અનુભવે લક્ષ્મીનો... ૧૪૩
આવી અક્કલનું પોતે પાંચ... ૧૪૩
પાછલું સંભારીને જોઈ... ૧૪૪
વાહવાહની ઈચ્છા વગર... ૧૪૬
૧૯૪૬થી વાહવાહમાંથી... ૧૪૭
પોતાની ભૂલોનો ઈતિહાસ... ૧૪૭
ખાય-પી, ખીલાઈ દે, નહીં... ૧૪૯

## [૬] કૉર્ટ અને વકીલોના અનુભવો

### [૬.૧] કૉર્ટનો ભય


સાક્ષી થવા સમન્સ આવ્યું... ૧૫૦
લોકોને કહેતો કે કૉર્ટમાં... ૧૫૧
નામ છે ન્યાયમંદિર ને મને... ૧૫૧
ના ગમતાથી ચીડ સુધીના... ૧૫૨
પહેલા તિરસ્કાર, પછી ભય ૧૫૪
તિરસ્કાર ઓગાળવાથી છૂટે... ૧૫૬
કહેવું, આફ્ટર ઑલ હી... ૧૫૭
કયા શાસ્ત્રમાં મળે આવું... ૧૫૮
સામે પ્રતિભાવ મૂકવાથી ભય... ૧૫૯
પોતે ગૂંચાય અને પોતે કરે... ૧૬૦
પ્રકૃતિને હજુય ગમે નહીં... ૧૬૧


### [૬.૨] વકીલ પાસે પોપટ જેવા થઈને થયા એડજસ્ટ


બુદ્ધિપૂર્વક આપી સાક્ષી કે... ૧૬૨
વકીલ કહે કે જૂઠું બોલવું... ૧૬૩
વકીલના નિકાલ માટે... ૧૬૪
મળ્યો જવાબ મહીંથી... ૧૬૫
પોપટની પેઠ બોલવામાં... ૧૬૬
અલૌકિક ઉપાદાન, ગૂંચાય કે... ૧૬૭
ફાઈલનો સમભાવે નિકાલ... ૧૬૯
ખરેખર આ દુનિયામાં કોઈ... ૧૭૦
જ્ઞાની બોલે એ ડિક્ષનરી... ૧૭૧
જૂઠું બોલવું પડે તો આમ... ૧૭૨
સત્યનું પૂંછડું પકડ્યું તે જ... ૧૭૩
દુરુપયોગ માટે નહીં પણ... ૧૭૪


## [૭] મુશ્કેલી વખતે કળા

### [૭.૧] તરકીબ ખોળી કાઢી ચોબા સામે


ભોળા ભાવે બોલ્યા, તે... ૧૭૬
જે ફસાય તેણે જ સૉલ્યુશન... ૧૭૭
ચોબાને અસંતોષ પણ ન... ૧૭૮
સાચું બોલીને મહીં ચિઢાયા... ૧૭૮
પરતંત્રતા ના પોસાય કોઈ... ૧૭૯
પાટીદારી કઠણ મગજ પણ... ૧૮૦
દાદાનો સત્સંગ હસતો-રમતો... ૧૮૧
મૂળિયું શોધ્યું, શાથી કહે... ૧૮૧
'ખોટા માની'... ૧૮૨
'આવો ચંદુભાઈ' કહ્યું કે... ૧૮૩
બીજા લોકો તપાસીને પછી... ૧૮૪
હૃદયના રાજેશ્રી તે લક્ષ્મીય... ૧૮૫
તે જ્ઞાની પાક્યા અહીં ૧૮૬


### [૭.૨] બહારવટિયાથી બચ્યા અનેરી સૂઝથી


ગુનાના ફળ રૂપે... ૧૮૭
કોન્ટ્રાક્ટના કામ અર્થે હજાર... ૧૮૮
શોખીન સ્વભાવ તે સ્ટેશન... ૧૮૯
પછી ઘોડાગાડી તો દોડાવી... ૧૯૦
ડિસ્કરેજ શું કામ થવું, પંદર... ૧૯૦
હવે આગળ બહારવટિયા... ૧૯૧
બહારવટિયા મળે તો 'શું... ૧૯૨
નોકરને કહ્યું, 'પૈસા તું રાખ... ૧૯૩

ગામ આવતા પહેલા જ... ૧૯૫ ટાઈમે કામ પૂરું કરવું... ૨૦૨
છેટા જઈશું તો પડકારશે... ૧૯૬ આવો તૈયાર માલ હતો... ૨૦૩
'ભાડું ખૂટ્યું તેથી ચાલીને... ૧૯૭ ભય પમાડનારા જ કંટાળ્યા... ૨૦૪
બહારવટિયાને મૂંઝવીને... ૧૯૮ લૂંટાયા પહેલા શું કામ... ૨૦૪
ભય પામ્યા તો તેને ભૂતાય... ૧૯૮ લૂંટાવાનું ઈનામ તો કો'ક... ૨૦૫
કળાધર દાદાએ કર્યું નાટક... ૧૯૯ બહારવટિયા જોયા ખરા... ૨૦૭
બુદ્ધિ દિવાલો ઓળંગી... ૨૦૦ સવળી દૃષ્ટિ 'શું બચ્યું' એ... ૨૦૮
નહોતી પડી સૂઝ ને ભાગવું... ૨૦૧ આવી વાતો યાદ રાખી... ૨૦૮

## [૮] શીખેલા છ કળાઓ

છ કળા આવડવી જોઈએ... ૨૧૦ ખાલી હોંકારો પાડવાની... ૨૨૬
પહેલી કળા - કલમ; લખે... ૨૧૧ અમારી પાસે એક્ઝેક્ટ... ૨૨૭
કલમના કાચા હોય તે... ૨૧૧ ચોથી કળા - તરવું; તરતા... ૨૨૮
રીત ધંધાની બાબતમાં ન... ૨૧૩ પાંચમી કળા - તંતરવું... ૨૨૯
બીજી કળા - કડછી; ભૂખ્યા... ૨૧૪ જેને પોતાનું મન વશ વર્તે... ૨૨૯
ત્રીજી કળા - બરછી; તે... ૨૧૫ હૃદયસ્પર્શી વાણીથી વશ... ૨૩૦
હથિયાર કરતા હિંમતવાળી... ૨૧૬ ત્રાટકથી વશ કરે એ... ૨૩૧
બરછી એટલે છાતી ઢાલ... ૨૧૭ જો વશ કરવા આવે તો... ૨૩૨
કળા જન્મજાત હોય પણ... ૨૧૮ મારી નિષ્ઠા સત્ય છે, તેથી... ૨૩૩
મામાની પોળમાં ચોર... ૨૧૮ છઠ્ઠી કળા - તસ્કરવું; તે... ૨૩૪
સુંવાળી પ્રજા ને બહુ... ૨૧૯ માંહ્યોમાંહ્ય ભઈબંધોમાં... ૨૩૪
ચોર આપણને જોઈને... ૨૨૦ ધંધો કરવા માટે નહ... ૨૩૫
વણિકને માર સહન થાય... ૨૨૨ કળિયુગમાં જ્ઞાનીનેય મળે... ૨૩૬
જેમ વિચારશીલ થતો જાય... ૨૨૨ ચોર પણ અજ્ઞાની, તો... ૨૩૭
હિંમતથી એક વાર રોફ... ૨૨૫ ખરી રીતે તો આત્મા... ૨૩૮

## [૯] કાગળની કઢાઈમાં ભજિયાં તળવાનો પ્રયોગ

બધા જેને 'ઈમ્પૉસિબલ' કહે... ૨૪૦ ખોલ્યું વૈજ્ઞાનિક રહસ્ય કે... ૨૪૫
મિત્રોને તકલીફ ન પડે... ૨૪૧ વિજ્ઞાન ન જાણે એટલે... ૨૪૬
સાધન-સામગ્રી લઈને... ૨૪૨ હું તો વિજ્ઞાન ખુલ્લું કરી દેતો ૨૪૬
મંત્રનું નાટક કર્યું, નહીં તો... ૨૪૨ સંડાસ જવાની શક્તિ નથી... ૨૪૮
હતો વૈજ્ઞાનિક પ્રયોગ પણ... ૨૪૪ ચમત્કારના ત્રણ સ્ટેજ ૨૪૯

## [૧૦] મુસલમાનો સાથે...

### [૧૦.૧] ઘોડાગાડી વાપરી વિવેકપૂર્વક


| | | | |
|---|---|---|---|
| ઘોડા ને મિયાંને ખાવાનું... | ૨૫૧ | ઘોડાને પૂછ તો ખરો, બેસાડું... | ૨૫૭ |
| પેટ્રોલ એ જીવ હોવાથી... | ૨૫૩ | દાદાને તેઓ કહે ‘ખુદા જેવા’ | ૨૫૮ |
| બીજા લોકો પૈસા ઓછા... | ૨૫૪ | હાર્ટ હશે ત્યાં જ ધર્મ ને તો... | ૨૫૯ |
| દાતા દાતા ચલે ગયે, રહ... | ૨૫૬ | | |


### [૧૦.૨] મુસલમાનો બીબીને ખુશ રાખે


| | | | |
|---|---|---|---|
| હકીમને દાદાની વૈજ્ઞાનિક... | ૨૬૧ | અમારે બધા જોડે મેળાપ થાય | ૨૬૪ |
| હકીમ પઢે પાંચેય નમાઝ... | ૨૬૨ | મિયાં બહાર લઢીને આવે... | ૨૬૫ |
| બીબી તો મેરે મુંહ કા પાન | ૨૬૨ | મિયાંભાઈ આમ લાવે ઉકેલ | ૨૬૬ |
| રમા રમાડવી સહેલ, વીફરે... | ૨૬૩ | ઓપન માઈન્ડ તે સારી... | ૨૬૮ |


## [૧૧] દાદા છે મોર્ડન, લગ્ન વિશે પણ


| | | | |
|---|---|---|---|
| પાટીદાર ભાણો પરણ્યો... | ૨૭૦ | જર્મન લેડીની પર્સનાલિટી... | ૨૭૮ |
| જેવા જોયા સંસ્કાર તેવા... | ૨૭૧ | એક જ અનુભવે ચીઢની... | ૨૭૮ |
| જુદી જુદી નાતના જુદા જુદા... | ૨૭૩ | દાદાને પર્સનાલિટીનો... | ૨૭૯ |
| આવું બોલે તેનાય પછી... | ૨૭૪ | દર્શન થાય દાદાની સમ્યક્... | ૨૮૦ |
| હવે બધું થઈ ગયું ભેળસેળ | ૨૭૪ | મનની વિશાળતા ક્યારે... | ૨૮૧ |
| નાતજાત-દેશ પ્રમાણે... | ૨૭૫ | હું તો મૉડર્ન સ્વભાવનો... | ૨૮૨ |
| સગા જર્મન લેડીને પરણેલા... | ૨૭૬ | નેચર કરી રહી છે જૂનાને... | ૨૮૩ |


## [૧૨] અવનવા અનુભવો-નિરીક્ષણો, મામાની પોળમાં

### [૧૨.૧] રહેવાનું સ્થાન પણ વિચારણાપૂર્વક


| | | | |
|---|---|---|---|
| પટેલો જોડે રહેતા ત્યારે... | ૨૮૫ | જાડું ખાતું પોસાય નહીં અમને | ૨૯૩ |
| ઉઘરાણીની ઉપાધિ લાગતાં... | ૨૮૬ | ક્ષત્રિયોનું ખાતું જ આખું જાડું | ૨૯૪ |
| કરવા અમારે મોક્ષના સોદા... | ૨૮૭ | વાણિયાની કર્મમાં માનનારી... | ૨૯૫ |
| હું ક્ષત્રિય પણ માથું... | ૨૮૯ | વણિક જેવા પહેલેથી છતાં... | ૨૯૬ |
| વાણિયા સાથે ફાવે એટલે... | ૨૮૯ | મૂળ પટેલ પણ વાણિયાનાય... | ૨૯૬ |
| વણિક-ક્ષત્રિયના મિક્ષ્ચરે... | ૨૯૦ | મોક્ષ માટે ક્ષત્રિયવટ જોઈએ... | ૨૯૭ |
| સંબંધ ના બગાડે એવા ગુણ... | ૨૯૧ | ગુણો જૈનના, પણ ગોત્ર... | ૨૯૮ |
| વણિકોનો બહુ ડાહ્યો... | ૨૯૨ | દાદાની ધર્મની ઝીણી વાત... | ૩૦૦ |

| | | | |
|---|---|---|---|
| સુંદર પ્રાકૃતિક ભેદ બતાવ્યા... | ૩૦૧ | મમતાનો રોગ અટકાવે... | ૩૦૫ |
| ક્ષત્રિયપણાનો ગર્વ પણ... | ૩૦૨ | વણિક બહુ વિચારક તે... | ૩૦૭ |
| વણિક ગમે તેટલું ત્યાગે... | ૩૦૪ | વણિક - ક્ષત્રિય, એકબીજાને... | ૩૦૮ |


## [૧૨.૨] વકીલ સામે ક્ષત્રિયપણું


| | | | |
|---|---|---|---|
| ક્ષત્રિયપણું તેથી અન્યાય... | ૩૧૦ | પહેલા તો જબરાની... | ૩૧૩ |
| વકીલે રમી રમત, તે પછી... | ૩૧૧ | ડફળાવ્યો હતો તે જ વકીલ... | ૩૧૪ |
| અમે તો આ ભવ કે પેલા... | ૩૧૨ | ભાન ભૂલે તેથી તો કરે ગુના | ૩૧૫ |


## [૧૨.૩] મોહનભાઈ સાથેના પ્રસંગો


| | | | |
|---|---|---|---|
| ચિઢાશો તો ચિઢવશે, શીખવ્યું... | ૩૧૬ | જો જો ના થાય દુરુપયોગ | ૩૩૨ |
| પહેલો મળ્યો પોતાના... | ૩૧૭ | મોહનલાલે બતાડ્યું ગાંડપણ... | ૩૩૩ |
| એની સરળતા જોઈ પારખી... | ૩૧૮ | ‘આપણો સંગ છૂટો’ એવા... | ૩૩૪ |
| મને આશ્ચર્ય કરાવે એને... | ૩૧૯ | લડે બારણું વાસીને, ગમી... | ૩૩૫ |
| ઓળખાણ કરાવી લોકોને... | ૩૨૦ | માર ખાય પણ ‘લે, લેતી... | ૩૩૭ |
| ‘મોહન ગાંડા’માંથી ‘મોહન... | ૩૨૧ | જોયો ઈતિહાસ-ભૂગોળમાંય... | ૩૩૯ |
| અનીતિથી ન કમાય તો... | ૩૨૨ | જોયા ને નોંધ્યા દુનિયાના... | ૩૪૦ |
| સૌ પહેલું ઘરનાને ‘ગાંડો’... | ૩૨૩ | રાજી રાખે પત્નીને કહી... | ૩૪૧ |
| પછી રહસ્ય ખોળી કાઢ્યું | ૩૨૪ | જાણીને પાતાળી વણિક... | ૩૪૨ |
| પાસ કર્યા જોઈ ઊંચા ભાવ | ૩૨૫ | લોકોને લાગે ગાંડો... | ૩૪૩ |
| છતે પૈસે પૈસા વાપરી ના શકે | ૩૨૬ | મોહ કે વૈરાગ થાય... | ૩૪૪ |
| કપડાંય પૂરા ન પહેરે, તે... | ૩૨૭ | વૈરાગ્યનું લેવલ મળતું... | ૩૪૫ |
| પૈસા લઈ જાય જોડે ને દેવું... | ૩૨૮ | પારખતા’તા બ્રહ્મચર્યના... | ૩૪૬ |
| અમારી અક્કલ ન પહોંચે... | ૩૨૯ | મળી એકાંત શૈયાસનની... | ૩૪૭ |
| ડહાપણવાળી વણિક બુદ્ધિ... | ૩૩૦ | ડાહ્યા થઈ શકે એવા છે... | ૩૪૯ |
| પરચૂરણમાં ના વટાવાય... | ૩૩૧ | | |


## [૧૨.૪] કરી મહારાજ માટે ડોળીની વ્યવસ્થા


| | | | |
|---|---|---|---|
| ચોપડાના કાયદા જડની જેમ... | ૩૫૧ | સમ્યક્ બુદ્ધિવાળો વ્યવહાર... | ૩૫૫ |
| દાદાએ આપ્યા ડોળીના પૈસા | ૩૫૨ | જૈનોને લાગે આ બાપ-દાદાનું... | ૩૫૬ |
| વરઘોડાના પાંચસો ખર્ચ્યા... | ૩૫૩ | શોધો સાચો વીતરાગનો કૂવો | ૩૫૭ |
| ચોપડો જોવાનો કે કૉમનસેન્સ... | ૩૫૪ | ચપટી વારમાં સમજણ પાડી... | ૩૫૮ |

## [૧૨.૫] બેચરલાલ શેઠનો બીડો !


ધર્મની વાત સાંભળવા બધા... ૩૫૯
મોટો-જાડો બીડો જોઈ... ૩૬૦
જબરજસ્તીથી બીડીની... ૩૬૧
ગુનો દબાણથી બાધાનો... ૩૬૨
ભગવાનના કેવળજ્ઞાનમાં... ૩૬૩
ભેદ, મહારાજ ને મહાવીરને... ૩૬૪
કપટ કરવા કરતા મહારાજને... ૩૬૪
આંતરો તો વધે આદતો... ૩૬૬
શ્રીખંડ ને ઉપરથી ગોળ... ૩૬૭
મેં ખાંડની બાધા લીધી... ૩૬૭
કારસ્તાન રચવા કરતા... ૩૬૮
ઉલ્લાસપૂર્વકની હોય એ બાધા ૩૬૮


## [૧૩] શ્રદ્ધાની મૂર્તિ


એવો ગુંદર ચોપડો કે મને... ૩૭૦
સુંદર વાણી-વર્તન રૂપી... ૩૭૧
બળવાખોર સ્વભાવ પણ... ૩૭૩
આવા સ્વભાવથી જાળાં ન... ૩૭૪
એવું બોલે કે શ્રદ્ધા આવી... ૩૭૫
નક્કી કરે કે નથી રાખવી... ૩૭૬
માન આપવાથી ખોજકને... ૩૭૭
મિથ્યા શ્રદ્ધા ટકે નહીં ને... ૩૭૮
ગાળો ભાંડે તોય શ્રદ્ધા બેસે... ૩૭૯
ધર્મમાં શ્રદ્ધા રાખવી પડે... ૩૭૯
બધાને શ્રદ્ધા બેસી જાય... ૩૮૦


❖❖❖❖❖

# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન' ભાગ-૪

## [૧]

## જ્ઞાની થતા પૂર્વેથી જ સુપરહ્યુમન

## [૧.૧]

## જીવન જીવ્યા પારકા માટે જ

### સુપરહ્યુમનના ગુણ દીસે બચપણથી

**પ્રશ્નકર્તા :** દાદા, એ જાણવું હતું કે આપને જ્ઞાન થતા પહેલા એની કંઈ પૂર્વભૂમિકા તો તૈયાર થતી હશે ને ? એકદમ તો જ્ઞાન ના આવી જાય ને ?

**દાદાશ્રી :** પૂર્વભૂમિકા ખરી, મને સુપરહ્યુમન કહેતા લોક, બાવીસ વર્ષની ઉંમરે. મારું મિત્ર સર્કલ હતું, એ 'તમારો વ્યવહાર સુપરહ્યુમનનો છે' એમ કહેતા'તા. શું કહેતા હતા ?

**પ્રશ્નકર્તા :** સુપરહ્યુમન.

**દાદાશ્રી :** સુપરહ્યુમન કોને કહેવાય, સાહેબ ?

**પ્રશ્નકર્તા :** જે મહામાનવ, પરમ આત્મા હોય એવા.

**દાદાશ્રી :** ના, પોતાનું સુખ પોતાને જરૂર હોવા છતાં જે બીજાને આપી દે છે, એ સુપરહ્યુમન કહેવાય. અગર તો તું મને દસ વખત નુકસાન કરું, તોય તું મુશ્કેલીમાં આવે તો હું તને હેલ્પ કરું, એ સુપરહ્યુમન કહેવાય.

## નુકસાન કરનારનેય હેલ્પ કરવી એવો દૈવી સ્વભાવ

**પ્રશ્નકર્તા :** એટલે અપકાર ઉપર ઉપકાર કરનાર ?

**દાદાશ્રી :** હા, અપકાર ઉપર ઉપકાર કરનાર. એ સહેલી વસ્તુ નથી, અપકાર ઉપર ઉપકાર કરવો. ઈન્સાનિયત કોનું નામ કહેવાય ? કોઈએ ઉપકાર કર્યો હોય તેનો ઉપકાર ભૂલે નહીં અને એનો સામો ઉપકાર કરી આપે. અને દૈવી માણસ, સુપરહ્યુમન કોને કહેવાય ? તમે ફરી વખત નુકસાન કરો તોય એ ફરી વખત સારું કરે. હું મારો સ્વભાવ છોડું નહીં. તમે તમારો...

**પ્રશ્નકર્તા :** એ એનો સ્વભાવ છોડે નહીં.

**દાદાશ્રી :** મને એક માણસે કહ્યું'તું, કે 'મેં આઠ-આઠ, દસ-દસ વખત તમને અવળું કર્યું છતાં તમે સવળું કરો છો, એનું શું કારણ ?' મેં કહ્યું, 'હું મારો સ્વભાવ ચૂક્યો નથી ને તમે તમારો સ્વભાવ ચૂક્યા નથી.' ત્યારે એ કહે, 'શું તમે સમજતા નથી ?' મેં કહ્યું, 'ના, સમજીને કરું છું આ. હું કંઈ ભોળો માણસ નથી.'

પછી મિત્રો મને કહે, 'આવું તો હોતું હશે ?' આ માણસ નુકસાન કરી ગયો તેને તમે છે તે ઉપરથી હેલ્પ કરો છો ? ત્યારે મૂઆ, નુકસાન કરે તેને જ હેલ્પ કરવાની હોય, બીજા કોને હેલ્પ કરવાની હોય ? નુકસાન કરે છે, ત્યારે ના સમજીએ કે આ માણસ દુખિયો છે બહુ. એને જ હેલ્પ કરવાની હોય. નુકસાન ના કરતો હોય, એને હેલ્પ શું કરવાની ?

## સુપરહ્યુમનને વર્તે મહીંનું સુખ અપાર

સુપરહ્યુમન તને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** હા, ખ્યાલ આવી ગયો. સામો માણસ બરોબર વર્તે નહીં છતાં પણ આપણે એની સાથે સારી રીતે વર્તવું એ સુપરહ્યુમન.

**દાદાશ્રી :** એ અપકાર કરે ને, તોય આપણે ઉપકાર કર્યા કરવો. તને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો તારો શો મત હવે ?

**પ્રશ્નકર્તા :** મારો મત સુપરહ્યુમનનો વિચાર કરવાનો. સુપરહ્યુમન તરફ મત છે.

**દાદાશ્રી :** શું વાત કરે છે તું ! એ અવળું કરે તોય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એમ ! સારું કહેવાય. પણ આ જો સમજે માણસ કે આના જેવી ડિગ્રી મળશે તો સીધો ચાલે કે ના ચાલે ? એ બધું જાણે ને, ત્યાર પછી મહીં પોતાના ભાવ-વિચાર કરે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** હું બાવીસ વર્ષનો હતો ત્યારે આ સુપરહ્યુમન શબ્દેય મને ખબર નહોતો. તે મારા ફ્રેન્ડ સર્કલમાં એક જણ બહુ બુદ્ધિશાળી હશે ને, તે 'ભઈ, તમારી વાત ના થાય, તમે સુપરહ્યુમન માણસ', કહે છે. બળ્યું, મને એમ થયું કે હું સુપરહ્યુમન ? મારામાં શું સુપરહ્યુમન જેવું ? તે મને મારા દોષો જ દેખાયા કરે. મને તો મારા દોષો હોય તે ખૂંચ્યા કરતા હોય ને ?

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** પણ પેલા બધાને સુપરહ્યુમનપણું દેખાયા કરે. બધે વ્યવહાર બધો સુપરહ્યુમન જેવો લાગે. ત્યારે મેં કહ્યું, 'સુપરહ્યુમન એટલે શું ?' ત્યારે કહે છે, 'તમે જો કેટલી બધી વખત લોકોની ઉપર ઉપકાર કરો છો ને છતાં જ્યારે લોકો નુકસાન કરે છે તોય તમે લેટ-ગો (જતું)

કરો છો, અને ફરી પાછો ઉપકાર કરો છો.' તે દહાડે એ માણસે એ સુપરહ્યુમનનો સમજાવેલો અર્થ તને સમજાવું છું આ. મને સુપરહ્યુમન કહે અને મને એમાં બહુ ઈન્ટરેસ્ટ આવતો'તો. કારણ કે મહીં સુખ બહુ વર્તે ને ! બહારનું કપડું ફાટી ગયેલું હશે, પણ અંદરનું સુખ બહુ હોય. બહાર તો લોક લૂંટી જાય, પણ અંદરનું સુખ બહુ વર્તે !

## કોટિમાં કો'ક પાકે આવું

અત્યારે સુપરહ્યુમન થવા જેવું નથી. અત્યારે સજ્જનતા રાખજો. સુપરહ્યુમન તો કો'ક, કરોડોમાં એકાદ માણસ થાય. એ ગજું નથી માણસનું. કારણ કે બે-ત્રણ વખત નુકસાન કરે ને, એટલે ફરી જ જાય એનું મન.

**પ્રશ્નકર્તા :** હા, ફરી જ જાય.

**દાદાશ્રી :** એટલી ધીરજ પકડી શકે નહીં. તોય હજુ કો'ક કો'ક ખરા, હોં ! એને લીધે તો આ જગત ઊભું રહ્યું છે. સજ્જનોય ખરા. સારું કામ કરનારા, લોકો કહે ને, કે 'ભઈ, પ્રભુદાસ પટવારીએ તો ઘણા કામ સરસ કર્યા !' એના આધારે ફરી સજ્જનતા ઉત્પન્ન થઈ. સજ્જનતાથી ફરી અહીં જન્મ થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, પાશવી, સજ્જન અને સુપરહ્યુમનમાં શો ફેર ?

**દાદાશ્રી :** આપણે કો'કનું સુખ પડાવી લઈએ; લોકો એના સુખમાં હોય, તેનું સુખ આપણે પડાવી લઈએ તો એ પાશવતા કહેવાય. 'એનું એ એનું, મારું એ મારું' એ સજ્જનતા કહેવાય. અને તમારું સુખ બીજાને તમે આપી દો; દુઃખ હોય બીજાને, તો તમારું સુખ હોય પોતાને, તે તમારે જરૂરિયાત પૂરતું જ હોય, પણ તમારું સુખ હોય તેમાંથી તમને મનમાં એમ થાય કે બધા દુઃખી છે તે ભલે હું થોડું વેઠી લઈશ પણ આને સુખ મળે. તે પોતાનું સુખ બીજાને આપી દે એ 'સુપરહ્યુમન' કહેવાય.

## સુપરહ્યુમન છતાંય મોક્ષનું અધિકારીપણું બાકી

અને સુપરહ્યુમન થયો એટલે દેવગતિમાં જશે. અહીં તમે જે કર્યું

ને, અહીં જો તમારા ગુણો છે તે પાશવતાના છે તો પશુયોનિમાં જશો. તમારા ગુણો સજ્જનતાના છે, તો ફરી અહીં આવવાના છો. આજુબાજુના લોક કહે, કે 'ભઈ, આ તો સજ્જન માણસ છે.' જો સજ્જનમાં ગણાવ, તો પછી તમે અહીં આવવાના છો. પછી 'સુપરહ્યુમન છે' એવું કહે તો દેવગતિમાં તમારું રિઝર્વેશન છે. છતાંય મોક્ષના અધિકારી નથી તમે. સુપરહ્યુમન થાય તો એ દેવલોકમાં જાય, પણ મોક્ષનો અધિકારી તો આત્મા જાણ્યા સિવાય, શુદ્ધ ભાવ, શુદ્ધ ઉપયોગ સિવાય કોઈ દહાડો થાય નહીં.

કોઈને દુઃખ આપનારો માણસ ચાર પગવાળો થયા વગર રહે નહીં. કોઈનેય દુઃખ આપ્યું હોય, કોઈની આંતરડી કકળાવી હોય, એ ચાર પગવાળો થયા વગર રહે નહીં. અને કોઈને સુખ આપ્યું હોય, એના અંતરને શાંતિ આપી હોય, તે મનુષ્યરૂપે થયા વગર રહે નહીં. અને જેણે પોતાનું સુખ સામાને આપી દીધું, પોતે ન વાપર્યું અને બીજાને આપી દીધું, કે હું ભલે ભૂખ્યો છું પણ આ ભૂખ્યો હશે, 'લે, તું ખાઈ લે, ભાઈ.' તો એ સુપરહ્યુમન, તે દેવગતિના સુખ ભોગવે. અને આમાં શું સુખ ? આપણે ખાઈને શું કાઢવાનું છે તે ? કો'ક ધરાય ને, તો આપણને આનંદ થઈ જાય ! કેટલો બધો આનંદ થાય તે ઘડીએ ! પોતે ખાઈને શો આનંદ, કોઈને થયો ? રોજ કાજુ જ ખા ખા કરે છે ને બધું ખા ખા જ કરે છે ને, પણ કોઈના મોઢા પર આનંદ મેં જોયો નથી ! પણ જ્યારે કો'ક ખાય તો આપણને કેવો આનંદ થાય !

## સદાય રહ્યા નિઃસ્વાર્થી

એવા કેટલા હોય છે ? પાટીદાર જ્ઞાતિમાં કેટલા હોય છે, પોતાનું સુખ બીજાને આપી દે એવા ?

**પ્રશ્નકર્તા :** બહુ ઓછા.

**દાદાશ્રી :** ના પણ, સેંકડે (સોએ) પચાસ ટકા હોય છે ? બધાય લઈ લેવા ફરે. બાપેય છોકરાં પાસે લઈ લેવા ફરે. બાપેય જાણે કે છોકરો ક્યારે મને આપે ? કારણ કે હ્યુમનમાં સ્વાર્થનો ગુણ હોય. અને સ્વાર્થ

કોઈ દહાડો મને થઈ ગયેલો નહીં. મારી પાસે સ્વાર્થ નહીં. હું એક સેકન્ડેય સ્વાર્થી બન્યો નથી.

## પારકાના સુખ હારુ જ જીવનારને શું દુઃખ હોય ?

મને બાવીસ વર્ષે અહંકાર, પાર વગરનું ગાંડપણ હતું. પણ છતાંય સુપરહ્યુમન કહેતા હતા. કારણ કે મારું પોતાનું સુખ આખી જિંદગી આપી દીધું લોકોને. મારું પોતાનું સુખ જે હોય ને, તે પણ આપી દીધું, મારી પાસે રહેવા દીધું નથી. હું તો આપી દેતો'તો. કારણ કે મને આમાં સુખ લાગતું જ નહોતું. સુખ આમાં છે જ ક્યાં તે ? આ તો ભ્રાંતિથી માનીએ તો આમાં સુખ છે, બાકી આમાં કશું ફેક્ટ, કરેક્ટ (સાચી) વસ્તુ નથી. સુખ તો વગર મહેનતે પ્રાપ્ત થાય એનું નામ સુખ કહેવાય. આ તો હૅન્ડલ મારી (મહેનત કરી) અને સુખી થવું એનો શો અર્થ છે તે ?

અને મને સુખ ના મળે તેનો વાંધો નહીં, તમને બધાને થવું જોઈએ. પહેલેથી જ સ્વભાવ આવો. મારા સુખ ભણી તો મેં જોયું જ નથી, મારી આખી જિંદગીમાં જોયું નથી. અને મારો ધંધોય મેં મારી આખી જિંદગી કર્યો નથી. લોકોના સુખને માટે જ જીવન ગયું છે. અને મને દુઃખ પડ્યુંય નથી. કારણ કે પારકા હારુ જીવનારને દુઃખ હોય કશું ? મારે પછી બીજું શું જોઈએ ? બેંકમાં પૈસા મૂકવા જવાનો જેને કંટાળો છે, પછી બેંકમાંથી લાવવાનો જેને કંટાળો છે, ચેક લખવાનો જેને કંટાળો છે, તેને બીજું શું જોઈતું હોય ?

**પ્રશ્નકર્તા :** કંઈ જ નહીં.

## લોકોને સુખ આપવું બને એટલું

**દાદાશ્રી :** મનુષ્યોની સાથે બે જ વસ્તુ હોય છે, પુણ્ય અને પાપ. બે જ ખાતા લઈને આવે છે ને બે ખાતા લઈને જાય છે.

**પ્રશ્નકર્તા :** પાપ અને પુણ્ય, બે.

**દાદાશ્રી :** હા. પુણ્ય હંમેશાં મિત્ર સમાન કામ કરે છે અને પેલું પાપ દુશ્મન જેવું કામ કરે. પુણ્ય હંમેશાં મિત્ર સમાન હોય. એ તમને

કોઈ જાતની અડચણ ના પડવા દે. અડચણવાળી જગ્યાએ પણ અડચણ ના પડવા દે. અને પાપ, જ્યાં અડચણ ના હોય ત્યાંય એને અડચણ પાડે ! હવે પુણ્ય કેમ કરીને ભેગું થાય ? ત્યારે કહે, તમે લોકોને સુખ આપો એટલે પુણ્ય ભેગું થાય. લોકોને દુઃખ આપો એટલે પાપ ભેગું થાય. જો સમજી લેવું હોય તો સમજી લો. બધા જ ચોપડીઓનું (શાસ્ત્રો વાંચ્યાનું) ફળ. એટલે બધાય ધર્મ જાણવા જેવા નથી, આટલો જ ધર્મ જાણવા જેવો છે. લોકોને સુખ આપવું બને એટલું. પૈસા ના હોય તો ઓબ્લાઈજિંગ કરવું, આ બીજું કરવું, અનેક જાતનું હોય છે. કંઈ પૈસા એકલાથી સુખ અપાતું નથી. ફેરો ખઈને, ધક્કો ખઈને, ગૂંચાયેલો હોય એને સારી સમજણ પાડીને. પોસ્ટમાં જતા હોય તોય પાડોશીને પૂછીએ, કે 'ભઈ, તમારે કંઈ પોસ્ટનું કામ હોય તો કહો મને, કરતો આવું.' શું વાંધો ભાઈ ?

**પ્રશ્નકર્તા :** કશો વાંધો નહીં, દાદા.

**દાદાશ્રી :** હું તો નાનપણમાં ઘેરથી શાક લેવા નીકળું ને, તે પાડોશીને હઉ પૂછું કે તમારે શાક લાવવું છે ? એક ધક્કામાં ચાર ધક્કા થાય. અને આખી જિંદગી પારકા માટે જ કાઢેલી.

## પારકા હારુ જીવવામાં દેખાઈ ગયેલો નફો

તે હું તો અમથો જતા-આવતા બહાર નીકળું, જ્ઞાન નહીં થયેલું તે દહાડે, તે જ્યારે નીકળું ત્યારે લોકોના મનમાં ભાવ વધારે થાય કે આ અંબાલાલ આવે તો સારું. જ્ઞાન નહીં થયેલું તોય ભાવ બહુ. કારણ કે મારા પોતાના માટે આખી જિંદગી મેં કર્યું નથી. ધંધા ચાલ્યા ઠેઠ સુધી, અત્યાર સુધી ચાલ્યા, પણ મારા પોતાના માટે નથી કર્યું મેં. અને જગત શું કરે ? કોના હારુ કરે ?

**પ્રશ્નકર્તા :** પોતાના માટે.

**દાદાશ્રી :** હં, અમે બીજાને માટે જ લાઈફ ગાળેલી. પોતાનું કામ કે પોતાની જાતને જોવાની નહીં, સામાની જ મુશ્કેલી હું સદાય જોતો.

મારી જાત માટે કંઈ કરવાનું જોતો નહીં, પણ સામાની મુશ્કેલી સદા જોતો અને દૂર કરતો. મારો ધંધો એમ ને એમ ચાલ્યા જ કરતો'તો. સામાને શું અડચણ પડે છે એ જોવાનું.

**પ્રશ્નકર્તા :** આ જાતનો વિશ્વાસ તમને ક્યારથી થયેલો, ધંધો ચાલ્યા જ કરે એમ ?

**દાદાશ્રી :** એ તો કેટલાય અવતારનો. આ તો એક અવતારનું નહીં બધું, પહેલાના અવતારનું આ અને એના ફળરૂપે આ આવ્યું ને એનું આ ચાલ્યા કરે. ને એના ફળમાં ચાલ્યા કરે. અને આમાં (બીજાને મદદરૂપ થવામાં) નફો છે એવું દેખાઈ ગયેલું.

## નથી કદી આપ્યું દુઃખ કોઈને

**પ્રશ્નકર્તા :** આપ્તવાણી-૩માં લખ્યું છે, કે 'જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી પુણ્ય એકલું જ મિત્ર સમાન કામ કરે છે.'

**દાદાશ્રી :** જ્યાં જાવ ત્યાં... મુશ્કેલીના પ્રસંગમાંય જાવ તો ત્યાં આગળ હેલ્પ કરીને તમને તેમાંથી બહાર કાઢી મૂકશે. માટે પુણ્યૈ તરછોડવા જેવી વસ્તુ નથી. પાપ તો ના જ હોવું જોઈએ આપણે. સંસારમાં કોઈને દુઃખ આપીએ નહીં, એવું તો હોવું જ જોઈએ. અને સુખ આપવાની ઈચ્છા હોવી જોઈએ, બસ ! સુખ આપવું એ જ પુણ્ય છે, બીજું કશું નહીં.

**પ્રશ્નકર્તા :** આપને જ્ઞાન થયું તે પહેલા દુઃખ આપેલું કોઈને ?

**દાદાશ્રી :** ના, ના, કોઈ એના મનથી માની લે તો જ. એ એના મનથી માની લે કે 'મને આ દુઃખ દે છે', મેં નહીં આપેલું.

**પ્રશ્નકર્તા :** ઓબ્લાઈજિંગ નેચર ?

**દાદાશ્રી :** ઓબ્લાઈજિંગ કાયમને માટે. બહુ ત્યારે બૉસને દુઃખ આપવા જઉં. તો બૉસ હોય કેટલા ?

**પ્રશ્નકર્તા :** એકાદ.

## પોતાની નહીં, પારકાની જ ચિંતા કરેલી

**દાદાશ્રી :** મેં શું કરેલું ? પુણ્ય જ બાંધ બાંધ કરેલું. હવે પુણ્ય કેવી જાતનું ? 'તમારે શું અડચણ છે ? તારે ભાઈ શું અડચણ છે ?' મારી તો ચિંતા જ નહીં કરેલી, પારકાની જ ચિંતા. મારું તો કર્મના ઉદયે જે થવાનું હશે તે થશે, પણ પારકાની ચિંતા. તમારા અમદાવાદમાં બધાય એવા જ છે ને !

**પ્રશ્નકર્તા :** નહીં, બહુ ઓછા.

**દાદાશ્રી :** પારકાની ચિંતાવાળો એક સાધુ નથી. સાધુએ એમ કહે, કે 'મારા પગનું શું થાય ? મારે શું લૂંટાવાનું છે ? પણ મારો પગ ભાંગી નાખે તો મારું શું થશે ?' અરે, તારા પગને તોપને બારે ચડાવવો છે ? આ તો જેને કંઈ પણ સ્પૃહા નથી. હોતા હશે એવા કોઈ ?

પારકા માટે જ હું જીવતો'તો, મારા પોતાના માટે જીવ્યો નથી. એક કલાકેય મારા પોતાના માટે જીવ્યો નથી. અત્યારેય હું પારકા માટે જ જીવું છું. મારા માટે તો જીવવાનું રહ્યું જ નથી હવે. એવું તમે કેટલાય વખતથી નથી જોતા, જ્યારથી ભેગા થયા ત્યારથી ?

**પ્રશ્નકર્તા :** જોયા છે.

**દાદાશ્રી :** તે એવી જ લાઈફ હતી, આખીયે લાઈફ. ગયા અવતારની વાત તો છોડી દો. તે એવું જીવે, એવું પુણ્ય હોય, ત્યારે બહુ ફળ આપે. તે તમે એના નજીકનું કંઈક પુણ્ય બાંધ્યું હશે, એના જેવું કંઈક, તેથી આ દાદા ભેગા થયા ! સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ગજવા કાપનારો ગુરુ ક્યારે ભેગો થાય ? બહુ પુણ્ય કર્યું હોય, પણ ગજવા કાપવાની બાબતમાં, ત્યારે એ ગુરુ પ્રાપ્ત થઈ જાય. છ મહિનામાં તો ઑલ રાઈટ (નિષ્ણાત) બનાવી દે. એવું હું તમને સહેજાસહેજ જ્ઞાની બનાવી દઉં. નિમિત્ત છું ને !

## બસમાં-ટ્રેનમાં ઓળખીતાની લઈ લે ટિકિટ

**પ્રશ્નકર્તા :** મારા ફોઈ કહે છે, કે અમે નાના હતા ત્યારે મુંબઈથી ભાદરણ જવા દાદાનો સંગાથ બહુ વાર કરેલો. તો કહે, દાદા અમને ટ્રેનમાં જોડે બેસાડે. અમને બધે બહુ ખવડાવે. પોતે જરાય ના ખાય, પણ અમને બહુ ખવડાય ખવડાય કરે.

**દાદાશ્રી :** બેનો બધી નાની નાનીને.

**પ્રશ્નકર્તા :** નાની જ હતી, બહુ બેનો નાની.

**દાદાશ્રી :** તે પરણાવવા હું જ ગયેલો ને, અને નાનો હતો ત્યારથી તે આ જ્ઞાન થતા સુધી મારો એક નિયમ એવો હતો, કે સ્ટેશન પર તમે ભેગા થયા હોય બે-ત્રણ જણ, અને હું ટ્રેનમાં જવાનો હોઉ, તો તમારા બધાની ટિકિટો હું જ લઈ આપું. કોઈ દહાડો ભેગા થયેલા માણસને મેં ટિકિટ લેવા નથી દીધી. તે આખી જિંદગી ગયેલી આવી. જ્ઞાન નહોતું તોયે મને ટેવ હતી એવી. તે બસમાં બેસું તો જે કોઈ ઓળખાણવાળા, ખાસ અંગત સગા ને એ બધું હોય નજીકના, તે તરત જોઈ લઉં કે આ પેલા ત્રણ જણ છે, આ બે જણ છે. એટલે પેલો ટિકિટ ફાડવા આવે તેને હું કહું કે 'ત્રણ ને બે, પાંચ ને આ મારી છઠ્ઠી, છ ફાડી નાખ.' મારાથી જોઈ ના રહેવાય એ એટલે ફાડી નખાવડાવું. આ કાયમેય, બસમાં બેઠો એટલે આ થાય મને. ગાડીમાંય મારી જોડે હોય તો થાય, નહીં તો એ ડબ્બામાં જુદા બેઠા હોય તો આપણને કંઈ ખબર ના પડે ને ! અને એમાં તો પછી ટિકિટ લેવાની નથી હોતી ને ! આમાં તો પછી ટિકિટ લેવાની હોય છે, બસમાં બેઠા પછી. પહેલા રિવાજ એવો હતો, એ ટિકિટ પછી ફાડતા'તા. એટલે એ હિસાબ હોય તો જ થાય બધું, નહીં તો ના થાય.

## આમ થતો પૈસા વસૂલાતનો સંતોષ

બીજું, અમને જ્ઞાન પહેલા એવો ભાવ રહે કે જો શરીરમાં શક્તિ સારી હોય તો આપણે બસમાં ઊભા રહીએ અને બીજાને બેસવાની જગ્યા આપીએ.

મોટરગાડીમાં જઉં તો મને ગાડી ખાલી લઈને આવવાનું હોય તો ઉપાધિ થાય કે આ નકામો, ખોટો ફેરો થાય છે. રસ્તામાં પૂછું કોઈને, 'કંઈ જવું છે તમારે ? બેસી જાવ.' પૈસા વસૂલ કરવા માટે. મારે પૈસા નથી જોઈતા, પણ બેસે તો મારા મનમાં એમ લાગે કે મારા પૈસા વસૂલ થયા. કોઈકને રસ્તામાં બેસાડું ત્યારે મને મજા આવે જરા. નહીં તો મને એમ લાગે આ ખાલી ગાડી લઈ જશે... એટલે પૂછું કે 'કંઈ જવું છે ? પેણે જવું છે ? હારું, બેસી જા, બેસી જા, હેંડ.' મને સંતોષ થાય કે આ ગાડી મારી નકામી ના ગઈ, સ્વભાવ એવો.

**પ્રશ્નકર્તા :** એ તો બરોબર જ છે ને ! આમેય ઉપયોગ થવાનો જ છે.

## ઝાડ પાસેથી શીખો યોગ-ઉપયોગ પરોપકારાય

**દાદાશ્રી :** મારી આખી જિંદગી ઓબ્લાઈજિંગમાં જ ગયેલી છે. ઘેર વાપર્યું નથી મેં. આપી છૂટેલો છું બધાને.

**પ્રશ્નકર્તા :** હા, વાત સાચી.

**દાદાશ્રી :** કારણ કે વાપરવાનો મારો સ્વભાવ નથી. કો'કને કામ લાગે. હું તો અહંકારેય કરતો'તો, તે કેવો કરતો'તો ? પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમરે પણ અહંકાર કરતો'તો ને, તેય વિચિત્ર પ્રકારનો અહંકાર કરતો. આ ભઈ મને મળ્યા અને જો એમને લાભ ના થાય તો મારું મળવું ખોટું હતું. એટલે દરેક માણસ લાભ પામેલો.

આંબો શું કહે છે ? મને ભેગો થયો ને કેરીની સિઝન હોય અને જો સામાને લાભ ના થાય તો હું આંબો જ નહીં. ભલે નાની હોય તો નાની, તને ઠીક લાગે તે, પણ તને એનો લાભ તો થાય ને ! એ આંબો કંઈ પોતે લાભ ઉઠાવતો નથી. એવા કંઈ વિચાર તો હોવા જોઈએ ને ! અને પુણ્યરૂપી મિત્ર જોઈતો હોય તો આ ઝાડ પાસેથી શીખી લે, કે યોગ-ઉપયોગ પરોપકારાય. આ ઝાડ પાસેથી તું શીખી લે, કે આ આંબો કેરીઓ આપે છે તને, ઉપરથી ઝૂડિયું (જેનાથી ઝુડાય એવી સોટી) મારે તોય કેરી આપે. આમ ઝૂડિયું મારે ને, તોય કેરી આપે. ઢેખાળો મારે તોય

કેરી આપે. એ કેરીઓ ખવડાવે. લાકડા બાળવા જોઈતા હોય તો કાપવા દે. લાકડા આપે, બધું આપે. એને કશું જોઈતું નથી તમારી પાસેથી અને તમે ચોંટી પડ્યા છો એની ઉપર માલિકીપણાનો દાવો માંડીને. એ એની જમીનમાં ઊગ્યું છે ને તમે કહો છો, 'આ મારી જમીન છે.' એ આંબો જાણતો નથી કે આ જશુભાઈની જમીન છે, કે હું જશુભાઈનો આંબો છું એવું. આ તો જશુભાઈ ચોંટી પડ્યા છે. 'આ જમીન અમારી ને આ આંબો અમારો', કહે છે. પણ એ આંબાનો બધો યોગ ને ઉપયોગ બધો પરોપકારને માટે !

**પ્રશ્નકર્તા :** પરોપકાર માટે.

**દાદાશ્રી :** તો માણસનુંય એવું હોવું જોઈએ. માણસના 'યોગ-ઉપયોગ પરોપકારાય' એટલે શું ? એનો અર્થ શો ? ત્યારે કહે, આ મન-વચન-કાયાનો યોગ તે પારકા માટે હોવો જોઈએ. પરોપકારને માટે હોવો જોઈએ. અને ઉપયોગ એટલે શું ? ત્યારે કહે, બુદ્ધિ-અહંકાર એ બધું પારકા માટે. 'યોગ-ઉપયોગ પરોપકારાય.'

**પ્રશ્નકર્તા :** આપ્તવાણી-૩માં લખ્યું છે, 'આ લાઈફ જો પરોપકાર માટે જશે તો તમને કશીય ખોટ નહીં આવે, કોઈ જાતની અડચણ નહીં આવે. તમારી જે જે ઈચ્છા હશે એ બધી પૂરી થશે.'

**દાદાશ્રી :** હવે બીજા શા ધર્મ કરવાના ? આમાં કંઈ કર્મકાંડ ને ક્રિયાકાંડની જરૂર છે એવી ? અહીં પરોપકારના દરેક કામ કર ને ! પારકા હારુ જીવતો હોય ને, તેને સંસાર બહુ અડે નહીં. એવા થોડાક માણસો હોય છે.

## મને મળ્યો માટે એને લાભ થવો જ જોઈએ

તને સમજ પડે છે કે કો'કના ઉપકારમાં આવવું એ ફાયદો છે ? એ મને કહે તું. કો'કના ઉપકારમાં આવવું તને ગમે છે કે ઉપકાર કરવો ગમે છે ?

**પ્રશ્નકર્તા :** ઉપકાર કરવો ગમે.

**દાદાશ્રી :** તો એ ધ્યેય નક્કી કરી નાખ, કે આપણાથી પાંચ-દસ હજાર માણસોય પણ કંઈક શાંતિને પામે, લાભને પામે. આપણા થકી કંઈ પણ પામો. નાનપણમાંથી મેં નક્કી રાખેલું કે કોઈ પણ માણસ મને મળ્યો એટલે એને લાભ થવો જ જોઈએ. વીસ વર્ષેય હું બોલતો'તો, મને મળ્યો માટે લાભ થવો જોઈએ. મને કેમ મળ્યો આ ? તું કયા પુણ્યના આધારે મને ભેગો થયો ? ફાધર-મધરેય મને ભેગા થયા તે એમને લાભ થવો જ જોઈએ, એવો હું નિશ્ચયવાળો માણસ. નહીં તો આપણા અપશુકન થયા લોકોને, એ આપણે શું કામના ? આપણાથી લોકોને લાભ ના થવો જોઈએ ?

**પ્રશ્નકર્તા :** થવો જ જોઈએ, ચોક્કસ, લાભ થવો જ જોઈએ.

**દાદાશ્રી :** એકલો રાજી નહીં, પણ એને લાભ થવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** કોઈ મને ગાળો ભાંડતો હોય તેનેય પણ લાભ થવો જોઈએ. આ સિદ્ધાંત મારો નાનપણથી હતો. જો મારા શકન ના થતા હોય, અપશુકન થતા હોય તો હું માણસ જ શેનો ? લાભ થવો જ જોઈએ ને, કે 'દાદા મળ્યા એટલે મને લાભ થયો.' જો શુકન થયા ને ! પણ થતા હતાયે ખરા. મારી ભાવના હતી ને આ.

**પ્રશ્નકર્તા :** જયંતીભાઈને તો બહુ લાભ થયો, દાદા.

**દાદાશ્રી :** આ તો અમારામાં નાનપણમાંથી ભાવ હતો. આ જ્ઞાન થતા પહેલાનો ભાવ હતો કે મને મળ્યો એટલે કંઈ પણ સંસારી એને ફાયદો થવો જ જોઈએ, ને ના થાય તો મારું અસ્તિત્વ જ કામનું નથી. સંસારી ફાયદા માટે લોકો આવે બિચારા, અને ફાયદો ન થાય એનો, તો મીનિંગલેસ. એવી વાત કરવાનો શું અર્થ છે ? ફાયદો થવો જ જોઈએ. એ ગમે એટલો નાલાયક હોય તેનું મારે જોવાનું નહીં. પણ હું તને ભેગો થયો અને જો કદી મારા તરફની સુગંધી ના આવી તો શું ફાયદો ? આ અગરબત્તી નાલાયકને સુગંધી આપે કે ના આપે ?

**પ્રશ્નકર્તા :** આપે. નાલાયકોનેય આપે, બધાયને આપે.

**દાદાશ્રી :** એવી રીતે મારી સુગંધી જો તને ના અડી તો પછી મારી સુગંધી જ ના કહેવાય ! એટલે કંઈક લાભ થવો જ જોઈએ, આવો નિયમ મારો.

## મને મળ્યાનો દંડ (!), ધર્મ અથવા વ્યાપારિક ફાયદો સામાને

અમારા મામી અત્યારે છે તે પંચ્યાસી વર્ષના છે. તે મારા મનમાં એમ ઈચ્છા કે આ મામીએ મને નાનપણમાં ઊંચકીને આમથી આમ ફેરવ્યો, તે હજુ મને યાદ છે. માટે મામી આ જ્ઞાનને કેમ કરીને પામે, તે મામી એવા પામ્યા છે, કે નિરંતર એમને દાદા... ભાણાભાઈ જ યાદ રહ્યા કરે છે. અને 'હું શુદ્ધાત્મા છું', અત્યારેય એવું શુદ્ધાત્મા રહે છે. હમણે જાત્રા કરાવી આવ્યો બધેય. આપણી ગાડી લઈને ગયા'તા. એટલે મામી, મામાના છોકરાંઓ બધા આ જ્ઞાન કેમ પામે એવી ભાવના... કારણ કે મને ભેગા થયા... અને એક મામા એવા હતા ને, તે જરાક એવા જ, ઓલિયા જેવા હતા. તે મને જ્ઞાન થતા પહેલા આ કહેવા આવ્યા'તા. મને કહે છે, 'ભાણાભાઈ, આપની પાસે કશુંક છે, અને મને કશુંક આપજો, હું મામો થઉંને.' તે મારી ઉંમરના હતા, સરખી ઉંમરના હતા. ત્યારે કહે, ''મેં તમને બોરા ખવડાવ્યા'તા, રાયણા ખવડાવ્યા'તા. આ બધું તમને નહોતું ખવડાવતો ? અને તમે તો પહેલેથી કૃષ્ણ જેવા હતા. તમારું ચરિત્ર તો કૃષ્ણ ભગવાન જેવું હતું. કો'કને, તમે અહીં બેસો ને પેલા ઘરમાં કો'કને વઢવાડ ઊભી કરી આપો. એટલે તમે તો કૃષ્ણ જેવા હતા. દહીં ખઈ જતા'તા, માખણ ખઈ જતા'તા, તે બધું મને યાદ છે. માટે કંઈક મારું કામ કાઢજો.'' મેં કહ્યું, 'મામા, કાઢી આપીશું કામ.' પછી એમનેય જ્ઞાન આપ્યું. મામા અત્યારે ફરે-કરે છે. 'બસ, થઈ ગયું કામ ! હવે એક સત્સંગ મંડપ બંધાવું છું અને દાદાનો સત્સંગ અમારા ગામમાં ચાલુ કરી દઈશું', કહે છે.

એટલું મારા મનમાં રહેતું'તું કે મને મળ્યો એટલે એને કંઈક સુખ ઉત્પન્ન થવું જોઈએ મારા નિમિત્તે. ધર્મ ના પ્રાપ્ત થાય, તો વેપારિક

ફાયદો થાય, એવુંય એને થવું જોઈએ. મને કેમ મળ્યો ? માટે એનો દંડ આ (!) શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એનેય ફાયદો એ નિમિત્તે.

**દાદાશ્રી :** મને કંઈક મળ્યો માટે દંડ (!) નાનપણમાંથી જ એ ભાવના હતી, કે મળ્યો એટલે એને કંઈનું કંઈ સુખ થવું જ જોઈએ. નહીં તો મારું મળેલું એનું નકામું જાય.

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** એટલો બધો ઈગોઈઝમ રાખતો'તો કે હું મળ્યો ને જો એને દુઃખ રહ્યું, તો હું મળ્યો એનો અર્થ શો ? આવું મને ઈગોઈઝમ હતો. હું મળ્યો એટલે ! 'હું' એટલે શું ? દૈ (દેવ) જાણે, તે દહાડે બીજાનું ભલું કરવા રામ નીકળ્યા !

## જગતને હેલ્પફુલ થતા થતા અંતિમ ધ્યેયે પહોંચાય

તમે કશું લૂંટી લીધા દાદાને ?

**પ્રશ્નકર્તા :** હા, લૂંટ્યા જ છે ને !

**દાદાશ્રી :** કારણ કે આવું લૂંટવાનો ફરી વખત નહીં મળે. અને તમારું દુઃખ ના રહેવું જોઈએ. મને ભેગા થયા પછી જો દુઃખ રહેતું હોય, તો હું ભેગો થયેલો નકામો છું. એ તો જાણે કે સ્કૂલમાં હતો ત્યારેય એ ટેવ હતી. આ જ્ઞાન થયા પછી તો આ ટેવ, કે આ લોકોને કાયમનું દુઃખ જવું જોઈએ. અને પેલું જ્ઞાન નહોતું થયું ત્યાં સુધી, કંઈક દુઃખ હોય તો આપણે એને હેલ્પ કરીએ એમાં. એ જ કામ, હેલ્પ કર્યા જ કરવી. ગમે તે રસ્તે હેલ્પ કરતો'તો. આખી જિંદગી હેલ્પિંગમાં (મદદ કરવામાં) જ ગયેલી છે. અને મારો જીવનનો ધ્યેય સફળ થઈ ગયો છે. અને કેટલાય લોકો મારા હાથથી સફળ થયા. એટલે તું કંઈક ધ્યેય નક્કી કરજે એવો કે જગતને ઉપકારી થઈ પડીએ. જગત એટલે અમુક માણસોને, અમુક વધુ પડતા માણસોને આપણે હેલ્પફુલ થઈ પડીએ, ઉપકારી થઈ પડીએ

અને એ જ આપણો માર્ગ ! ધ્યેયે જતા જતા જતા આપણો ધ્યેય સંપૂર્ણ કરવાનો રસ્તો જ આ.

## દાદાઈ જ્ઞાન ઝળહળાટ દેખશે આખું વર્લ્ડ

**પ્રશ્નકર્તા :** સત્ પુરુષો જન્મથી જ એવા હોય છે પાછા.

**દાદાશ્રી :** એ તો પહેલેથી જ હોય એ. બહુ ડાહ્યા હોય નાનપણથી. હું બહુ સામાન લઈને આવેલો, એટલો બધો સામાન, જ્યારે આ સામાન બહાર વેચીશ ને, જ્યારે દેખાશે તમને આ ઝળકતો, ત્યારે તમને સમજાશે કે ઓહોહો ! આટલો બધો સામાન દાદા લાવ્યા છે ! આખા વર્લ્ડની વાત કરું છું. આ કંઈ નાના છોકરાની કે કંઈ આ રૂમની વાત છે ? ત્યારે આ એ.એમ.પટેલ કંઈ બિલકુલ ઘનચક્કર નથી એવું તો હુંય જાણું છું ! થોડાંઘણાં હશે વખતે, કંઈ આખાય નથી.

**નીરુમા :** સહેજેય નહીં !

**દાદાશ્રી :** મારું શું કહેવાનું ? હશે તો થોડાંઘણાં હશે, પણ આખા નથી એટલું તો હુંય જાણું છું. માટે આખા જગતનું કામ કાઢવા માટે આવ્યા છીએ.

❖❖❖❖❖

# [૧.૨]

# કોઈનું કશું જોઈતું જ નહોતું

## અજાયબ શર્ત, હેલ્પ કરવાની

**પ્રશ્નકર્તા :** દાદા, એક પુસ્તકમાં આપે લખ્યું છે કે 'તમારે મારું કામ ન કરવું, તમારે મારી પાસે કરાવી જવું.'

**દાદાશ્રી :** હા, મેં લખ્યું છે ને કે 'મારું કામ કરશો નહીં કોઈ.' પચ્ચીસ વર્ષે ભઈબંધો બધાને કહેલું, બધા મિત્રો હતા ખાસ, ખાસ કંપની. એ બધાને કહી દીધેલું, કે 'તમારે બધાને કામ હોય તો મારી પાસે કરાવવું, મારું કામ કોઈએ કરવું નહીં. તમારે મને કોઈ પણ જાતની હેલ્પ કરવી નહીં, કોઈ પણ સંજોગોમાં ન કરવી, અને તમારે જ્યારે જરૂર હોય ત્યારે, રાત્રે બે-ત્રણ વાગેય આવીને મારી પાસે હેલ્પ લઈ જવી. હું તમારું કામ રાત્રે પણ કરીશ.'

ત્યારે કહે છે, 'આવો અહંકાર કરવાની શી જરૂર, કે મારું કામ તમારે કોઈએ કરવું નહીં.' ત્યારે હું એટલું સમજી ગયેલો, કે આ લોકો બે હાથવાળા, ઈચ્છાવાળા, એટલે હું એને કામ કરવાનું કહું, તે પેલાના મનમાંય અજંપો થાય કે 'આ પાછું આ કંઈ ઉપાધિ આવી ?' એટલે કામ કરે ખરો, પણ મને 'ઉપાધિ' જાણે એ. શું જાણે ?

**પ્રશ્નકર્તા :** ઉપાધિ જાણે, આફત.

**દાદાશ્રી :** તે એવી ઉપાધિ નહીં થવા માટે મેં કહેલું કે મારું કામ

તમે કોઈ કરશો નહીં. મારી જોડેનો પ્રેમ ન તૂટે એટલા માટે આ કહેલું મેં.

## મોડી રાત્રે ઘરે ગયા તે મિત્ર મૂંઝાયો

એ અહંકાર માટે નહોતું કર્યું. આ ઉપાધિ સ્વરૂપ ન થઉં એ માટે. અને એવું મારે ક્યારે કહેવું પડ્યું ? એવો શા હારુ અહંકાર કરવો પડ્યો હશે, મારું કામ કરશો નહીં એવું ? એ અહંકાર કહેવાય. મારું કામ...

**પ્રશ્નકર્તા :** કરશો નહીં.

**દાદાશ્રી :** અને તમારે જ્યારે કામ હોય ત્યારે રાતે બે વાગેય આવજો. એ બધો અહંકાર કહેવાય. કેટલો બધો અહંકાર મારો ગાંડો હશે ? આ ગાંડો અહંકાર કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** પણ શુભ અહંકાર.

**દાદાશ્રી :** એવો અમે અહંકાર કરીએ નહીં. પણ આ તો એક જણે અનુભવ એવો કરાવડાવ્યો, કડવો. એક ફેરો સિનેમામાં કો'કની જોડે ગયા હઈશું, ત્યાંથી પાછા જતા'તા. તે મને થયું, લાવ ને, ફરીને પેલા ફ્રેન્ડને ત્યાં જઈને બેસી આવીએ. આ આટલે આવ્યા છીએ ત્યારે મળતા જઈએ. એ લોકો તો મોડા સૂઈ જાય છે. તે હું તો સિનેમામાંથી નીકળીને રાત્રે બાર વાગે એક અમારા મિત્રને ત્યાં ગયો. તે શ્રીમંત, આપણે એવા શ્રીમંત નહીં. જો કે મારું ગાડું ચાલ્યા કરતું'તું સારી રીતે, પણ પેલો શ્રીમંત. હવે હું સિનેમા જોવા ગયો હતો, પણ એના મનમાં એમ થયું કે અત્યારે આવ્યા, કંઈક જરૂર હશે તેથી આવ્યા લાગે છે, નહીં તો આવે નહીં અત્યારે. કોઈ દિવસ આવે નહીં, આજે બાર વાગે આવ્યા છે, એટલે કંઈક કામ હશે, કંઈ પૈસા-બૈસા જોઈતા હશે કે શું હશે ? એટલે મારી આંખ વાંચ વાંચ કરવા માંડ્યો એ તો. કોઈ દહાડો બાર વાગે જઉં નહીં, તે દહાડે ગયો એટલે એ શું કરવા માંડ્યો ?

**પ્રશ્નકર્તા :** શંકા કરે કે આ કંઈક સ્વાર્થ માટે આવ્યા લાગે છે એમ.

**દાદાશ્રી :** કશુંક કામ માટે આવ્યા છે. એટલે એને ગભરામણ થઈ અંદર છાતીમાં. તે ઘડીએ પેલું અહીં ઉપર મશીન બાંધે ને, પેલો ડૉક્ટર,

તે ઘડીએ એમ જ કહે કે પ્રેશર વધી ગયું છે આનું ! એટલે હું આંખ વાંચી ગયો. એટલે એ મિત્ર, રોજ જે માનથી બોલાવતો'તો ને, જે પ્રેમથી ને જે ભાવથી, એ ભાવ-પ્રેમ, શબ્દો એના એ જ છે, પણ આંખમાં ફેરફાર લાગ્યો એની. એની મેં આંખ વાંચી લીધી. જેમ સતી નારી શેને ઓળખી જાય ? વિકારીને તરત ઓળખે. તેમ આંખ ઓળખી ગયો. મને મનમાં થયું, આ ભડક્યો છે, મહીં ચમક્યો છે, કે 'આ કંઈ લેવા આવ્યા છે !' ચમકેલો ખબર ના પડે આપણને ? 'અત્યારે કંઈથી ? અત્યારે કંઈથી ?' મને થયું, બિચારો મૂંઝાયો આ તો. આ તો આપણે ફસાયા. મૂંઝામણ તો થાય જ ને, જ્યાં સુધી એના પ્રશ્નનો ખુલાસો ના થાય એટલે.

## સતી પર ભાવ બગાડ્યો !

**પ્રશ્નકર્તા :** આપનું પ્રયોજન શું હતું જવાનું ત્યાં ? રાત્રે બાર વાગ્યે ફ્રેન્ડને ત્યાં જવાનું શું કારણ હતું ?

**દાદાશ્રી :** ખાલી અમથા જ. આ જતા જતા, મને થયું, લાવ, મને મળી આવવા દે. જરા ચા-બા પીઈએ રાતે કોઈ વખત, એવું જ. આવું હું એકલો ન જઉં, કોઈ વખત આવું બને નહીં. તે પેલાના મનમાં એવું થયું, કંઈ ઓચિંતી અડચણ આવી હશે, માટે આવ્યા છે. આ કોઈ દહાડો આવે નહીં ને, માટે કંઈક જોઈતા હશે પૈસા. તે એનું મોઢું ઊતરી ગયું. એને આનંદ થવાની જગ્યાએ મૂંઝાયો મારાથી. મેં કહ્યું, 'બસ, આવવાનું બની ગયું મારા ભાઈ અત્યારે. તે ઈચ્છા હતી કે આ એક ચા પીવો અહીં તમારા ઘરનો ને પછી પાછો જઉં. એટલી ઈચ્છા હતી, બીજી કોઈ ઈચ્છા નથી.' એટલે એને ઠંડક વળી. 'બસ ! તો પછી નિરાંતે બેસોને થોડીવાર, જરા નાસ્તો-બાસ્તો કરો.' મને થયું, 'હવે એને ટાઢક વળી !' તે ત્યાં સુધી એ બહુ ગૂંચાયો, તે એનું મન બધું ગૂંચાતું મને દેખાયા કરે, બળ્યું ! અને એને અકળામણ થઈ ગયેલી દેખાઈ.

'મૂઆ, સતીને તે વેશ્યા માની !' એવો મારા મનમાં વિચાર આવ્યો. એક સતી, જેને આવો વિચાર પણ નથી આવ્યો ને એવું કરેય નહીં. એનો સંસાર સળગતો હોય તોયે આવું ના કરે. એટલે મેં જાણ્યું,

કે 'આ સતી પર જો આવા ભાવ કરે છે, તો વેશ્યા પર કઈ જાતના ભાવ કરે આ લોકો !' હું સમજી ગયો કે આ જગતને ભાન જ નથી. બેભાનપણામાં મનુષ્યો જીવી રહ્યા છે, કશું ભાન જ નથી. એ તો માણસ કહેવાય એટલું જ છે. આવું કેમ કરાય આપણાથી ? કોઈને માટે ખરાબ વિચાર કેમ કરાય તે ? પછી માગે ત્યારની વાત ત્યારે, પણ હજુ માગતા પહેલા આવો વિચાર કેમ કરાય ?

## ઓળખી ગયા લોકોના નબળા સ્વભાવને

મેં કહ્યું, 'આ હાથ મેં ધર્યો નથી, અને તેં આવી કલ્પના કરી ?' 'આ હાથ નહીં ધરવો' એવો મારો નિશ્ચય, જન્મથી જ નિશ્ચય છે. પણ આવી કલ્પના કરી એટલે હું સમજી ગયો કે આ લોકોનું ગજું નથી. આ લોકો ગજા બહાર છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** હા, ગજા બહાર છે.

**દાદાશ્રી :** ગમે તેવી કલ્પના કરી નાખે. આમને કંઈ એવું નથી કે આ પુરુષ કોણ છે ! એ જાણી શકતા નથી. સતી હોય કે વેશ્યા હોય, તે બેઉને માટે સરખી કલ્પના કરીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** ખોટું થાય.

**દાદાશ્રી :** જોખમદારી આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** આવે.

**દાદાશ્રી :** એની દૃષ્ટિ મારા તરફ બગડી. એટલે જેમ સતી ઉપર કોઈ માણસ કુદૃષ્ટિ કરે એવું મને લાગ્યું, કે મારા જેવા ચોખ્ખા માણસ ઉપર તારી આવી દૃષ્ટિ થઈ ! જે ભગવાન પાસે હાથ ધરે એવો નથી પુરુષ, તેની માટે દૃષ્ટિ બગાડી ! એટલે આ એનો શો દોષ બિચારાનો ? એને તો બુદ્ધિ તે સ્વાભાવિક એવું કરે ને ! પછી મને એમ લાગ્યું, કે આ મનુષ્યોનો સ્વભાવ જ આવો છે, કે એમના મનમાં કંઈક વહેમ પડી જાય.

**પ્રશ્નકર્તા :** હા, પછી એ રીતે જ જુએ.

**દાદાશ્રી :** એટલે હું સમજ્યો કે આ લોકોની ભૂલ નથી. એ લોકોને ભય રહ્યા કરે છે, કે કોણ આવશે ને લઈ જશે, કોણ આવશે ને લઈ જશે મારું ધન. શું રહ્યા કરે ?

**પ્રશ્નકર્તા :** હા, ભય રહ્યા કરે.

**દાદાશ્રી :** હા... કે આવીને કો'ક લઈ ગયો, લઈ ગયો. આપણી પાસે ના હોય તો તો જાણીએ કે માગવાના શું છે હવે, મારી પાસે છે જ નહીં ત્યાં. એટલે પછી મને સમજણ પડી ગઈ.

## કોઈને દુઃખ ન થાય તે માટે આવું કહેલું

હું સહજભાવે ગયેલો. પણ મિત્રે શું વિચાર કર્યો ? 'કંઈ અડચણ આવી હશે... હવે કેટલા માગશે એનું શું ઠેકાણું ?' એટલે ગૂંચાયા કરે મહીં. કારણ કે બસ્સો-પાંચસો માગે તો વાંધો નહીં, પણ પાંચ-દસ હજાર રૂપિયા માગે તો મારી શી દશા થાય ? એ મહીં ગૂંચાયા કરે, મનમાં ને મનમાં. એટલે મને થયું, કે મારા આવવાથી જો આને દુઃખ જ થયું, તો પછી મારે શું શોધખોળ કરવી હવે ? તે આખી રાત શોધખોળ કરી અને પછી મારી કંપની (મિત્ર મંડળ) હતી આઠ-દસ માણસની. આમ તો પંદર-વીસ માણસની હતી, પણ આમ આઠ માણસ સિલેક્ટેડ હતા. તે બીજે દહાડે આઠ મિત્રો હતા ને, તે બધાને ચા-પાણી નાસ્તા કરાવ્યા. તે કહે 'કેમ આજ બહુ ખુશ છો ?' મેં કહ્યું, 'આજ રાજા થવા માગું છું દુનિયાનો.'

**પ્રશ્નકર્તા :** રાજા થવા માગું છું !

**દાદાશ્રી :** હં. ત્યારે કહે, 'એવું રાજ કંઈથી લાવશો ? શું કરશો ?' ત્યારે મેં કહ્યું, 'તમારે આઠેય જણે મારું કોઈ કામકાજ કરવું નહીં. ગમે તે ટાઈમે, હું મુશ્કેલીમાં હોઉ તોય તમારે મારું કામ કરવાનું છે, એવું તમારા મનમાં પણ લાવશો નહીં. એટલે ભય પામશો નહીં. હું ગમે તેવી મુશ્કેલીમાં હોઉ તોય. અને તમારું કામ હોય તો અધરાતેય મને કહી દેજો.' પછી એ લોકોએ કારણ પૂછ્યું, 'પણ વાંધો શો પણ એમાં તમને ?' મેં કહ્યું, 'ના, કોઈને દુઃખ થવાનું કારણ છે ને બધું. તમને મારી પર શંકા

પડે એના કરતા તમે ન કરો. એ આ જાતનો અહંકાર સારો છે.' કારણ દુઃખ થાય એવું... અહંકાર માટે નહોતો બોલ્યો. કોઈને દુઃખ ના થવું જોઈએ. આની પાછળ મારો અહંકાર નથી, કહ્યું. આની પાછળ તમને દુઃખ ના થાય, હું ગમે તે ટાઈમે તમારે ત્યાં આવું તો તમને મનમાં એમ ના થાય કે 'કશું જોઈતું હશે આમને.' આપને સમજમાં આવે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

## દૃષ્ટિ બગાડીને ખોટ ના ખાય એ માટે એડજસ્ટમેન્ટ

**દાદાશ્રી :** કારણ કે તમારું મન નિર્બળ છે. તે મારે કામ ના હોય તોય તમે કલ્પી બેસશો કે આ કામ માટે આવ્યા છે. હું કામ કરાવડાવું જ નહીં પણ તમે કલ્પી બેસશો. અને તમારું મને કામ નથી, એટલે મારા તરફથી કોઈ પણ પ્રકારનો તમે ભય રાખશો નહીં. હું ગમે તે ટાઈમે તમારે ત્યાં આવું, તો કલ્પના કરશો નહીં કે અંબાલાલ કશુંક લેવા આવ્યા. તમે જે રીતે મને જુઓ છો, એ જ રીતે, એ દૃષ્ટિથી જોજો. સહેજ દૃષ્ટિફેર કરશો તો તમને ફાયદો નહીં થાય, નુકસાન થશે.

આ તો શાથી આવું મારે કહેવું પડ્યું ? કોઈ સતી બઈ હોય, એની પર તમે ખરાબ દૃષ્ટિ કરો તો મારે તમને ના કહેવું જોઈએ કે તમે ભૂલ્યા છો અહીં આગળ ? ના કહેવું પડે ? કહેવું પડે કે ના કહેવું પડે ? એ એણે સતી ઉપર બીજો ભાવ કર્યો. એ તમને સમજાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** મારે કશું જ જોઈતું નહોતું. અને પેલાની દૃષ્ટિ બદલાયેલી મને લાગી. મને થયું, 'આ રોજ દૃષ્ટિ હતી તે આ દૃષ્ટિ નહોય આ. મારા તરફ દૃષ્ટિ બગાડી છે આ.' કઈ દૃષ્ટિથી મને જોયો ? વેશ્યાની દૃષ્ટિથી જોયો. એટલે પછી બીજે દહાડે મેં બધાને ભેગા કરીને કહી દીધું, કે 'તમારે મારું કામ કરવું જ નહીં.' કારણ કે ભય પામે નહીં મારાથી. હું આ પેણે ગયો તો એ ભય પામ્યો ને, બિચારો ! પામ્યો કે ના પામ્યો ?

**પ્રશ્નકર્તા :** હા, ભય પામ્યો.

**દાદાશ્રી :** હા, વગર કામનો ભડકાટ અને હું કશું લેવા નહોતો ગયો ને મૂઓ મનમાં માની બેઠો કે 'અત્યારે આ આવ્યા છે તો માગશે, તો શું કરીશ ?' પેસે કે ના પેસે ભડકાટ ? અને આપણે એમ કહીએ, 'કશું કામ નથી ભાઈ, ચા પીવા જ આવ્યો છું', તો એ ખુશ થઈ જાય. નહીં તો ભડકાટ પેસી જાય ને !

## સામાના મનની પરિણતિ ખબર પડી જાય

મને હઉ ભડકાટ પેસે ને મહીં. ઘણા ફેરો કો'ક ના આવે એવો હોય, એ મોડો આવે ને, ત્યારે મનમાં એમ થાય ! તમે જાણો છો ને ભય લાગે આપણને ? કોઈ માણસ ઘરમાં આવ્યો હોય તો આપણને મનમાં કાંઈ વિચાર જાતજાતના આવે ને ? આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** આવે.

**દાદાશ્રી :** તમને હઉ આવે છે ? મને હઉ આવે છે ને ! કશું માગશે તો, કશું માગશે ? અને હોય તો તો આપું, પણ ના હોય ત્યારે મનમાં એમ થાય કે માગશે તો આપણે શું આપીશું ? અને પાછું અડધું તો, તમારું મન ક્યાં ફરી રહ્યું છે એ અમને ખબર પડે બળ્યું, તેનો પહેલો ભય પેસી જાય. મનનું ના જાણીએ ત્યાં સુધી પાંસરું રહે, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, પાંસરું રહે.

**દાદાશ્રી :** સામાના મનની થોડી પરિણતિ અમને ખબર પડી જાય. સર્વસ્વ રીતે નહીં, પણ થોડી ઘણી, કે આ શું હેતુ છે ! એટલે પેલો ભય તો એમ કે ઘરમાં હોય નહીં ને પેલો માગે, તો આપણે જવાબ કાંઈ આપવો પડે ને ? કાંઈક તો કરવું પડે ને, ભઈ ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** હં...

## 'મારે તમારું કશું જોઈતું નથી' કહીને નિર્ભય બનાવ્યા

એટલે આ અહંકાર માટે નહીં બોલેલો. લોકોનો ભડકાટ નીકળી

જાય તે માટે. બધા ભાઈબંધોને બેસાડીને, બધાને ભેગા કરીને ચા-પાણી કરીને પછી કહ્યું, કે 'ભઈ, મારા તરફનો કોઈ પણ પ્રકારનો ભય રાખશો નહીં. તમારું કોઈ કામ મારે નથી એવું. તમને મનમાં લાગે કે કરવું છે, તોય તમે તમારી જાતને કહી દો કે અંબાલાલે પોતે ના પાડી છે, આપણે ખોટું એમનું અપમાન કરીએ છીએ. માટે તમે નીડર રહેજો, હું જ્યારે આવું ત્યારે.'

**પ્રશ્નકર્તા :** એ વખતે એમને મુક્ત કરી નાખ્યા તમે.

**દાદાશ્રી :** એમને મુક્ત કર્યા'તા. બધાને ના કહી દીધી. મારા તરફનો ભય રાખશો નહીં. હું રાતે બાર વાગે આવું, બે વાગે આવું, મારી પર શંકા-કુશંકા કરશો નહીં. કુશંકા કરવા જેવો પુરુષ જ નથી આ ! અને પેલાની દૃષ્ટિ બગડીને એટલે મારે કહેવું પડ્યું. ખુલ્લેખુલ્લું કહેવું પડ્યું. એટલે બધાને આનંદ થઈ ગયો કે સારું થયું, આમના તરફનો ભય તો નહીં હવે. આપણે કામ હશે તો રાત્રે બે વાગે કરાવી લાવીશું.

**પ્રશ્નકર્તા :** કેવું આમ તોલી લીધું ત્રાજવે !

**દાદાશ્રી :** હા, બહુ ગમ્યું એ લોકોને. હવે એ લોકોની આબરૂ જ લીધેલી કહેવાય ને ? પણ લોકોને ગમતી આવી વાત, કે અંબાલાલ, માણસ ચોખ્ખા, સારા છે. એટલે હું એને ત્યાં ગમે તે ટાઈમે જઉં તો એને શંકા ના પડે કે પૈસા લેવા આવ્યા હશે કે શું ? કે ભૂલ થઈ હશે એટલે આવ્યા હશે ? મારા તરફનો ભય એમને છોડાવી દીધો. મેં કહ્યું, 'મારા તરફથી નિર્ભય રહેજો. કોઈ પણ ચીજ મારે જોઈતી નથી. તમારે મારી પાસે હોય ત્યાં સુધી લઈ જવાનું.' આ લોક એવા બિચારા બીકણ છે, કે 'આ શું લેવા આવ્યો હશે ?' મેર ગાંડિયા, નહોય આ હાથ ધરનારો ! પણ એના મોઢે એવું ના કહું. આ તો તમને કહું છું.

## બે હાથવાળા બધા દુઃખી, એમની પાસે શું ખોળવાનું ?

મને એમ લાગ્યું કે આ જગતના મનુષ્યોને દૃષ્ટિ બગાડતા વાર નહીં લાગે. માટે એક એવું નિર્ભય પદ આ લોકોને આપો, આપણી જોડે રહે છે તેને, કે એમને દૃષ્ટિ જ બગડે નહીં પછી. એટલે મેં કહ્યું, 'મારું

કામ તમારે કોઈએ કરવું જ નહીં, એટલે મારા તરફથી ભો તમને ના હોવો જોઈએ, કે આ કશું લેવા આવ્યા હશે કે શું ?' પેલો પ્રસંગ થયો તેથી. ત્યારે કહે, 'એમ કેમ ?' મેં કહ્યું, 'હું બે હાથવાળા પાસે કશું માગતો જ નથી. કારણ એ પોતે જ દુઃખી છે અને એ કંઈ ખોળે છે ઊલટાં. એની પાસે હું કંઈ આશા રાખતો નથી, પણ મારી પાસે તમે આશા રાખજો. કારણ કે તમે તો મૂળથી ખોળો છો અને તમને છૂટ છે.' એટલે નિર્ભય બનાવ્યા'તા. ત્યારે એ લોકોએ શું કહ્યું ? 'આ સુપરહ્યુમન સિવાય કોઈ આવું બોલી શકે નહીં.' ત્યારે મેં કહ્યું, 'એ તમે કોઈ લેખકને પૂછી આવજો.' એમણે શું કહ્યું ? સુપરહ્યુમનનું એ આપ્યું...

**પ્રશ્નકર્તા :** હા, ટાઈટલ આપ્યું.

**દાદાશ્રી :** હા, કે આ સુપરહ્યુમનનો સ્વભાવ આવો હોય. એ લોકોએ સાચું પદ આપ્યું'તું ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો, એવું લાગે છે. અઠવાડિયાના અનુભવ ઉપરથી લાગે છે.

**દાદાશ્રી :** હા. એટલે લોકોએ આ બધું પછી કહેલું. લોક તો બહુ ડાહ્યા છે, પણ આ ભડક લાગે કે ના લાગે ? હું કોઈ દહાડો જઉં નહીં બાર વાગે, ને ગયો'તો. તે લોકોને ભડક લાગે કે ના લાગે ?

**પ્રશ્નકર્તા :** લાગે, હા.

**દાદાશ્રી :** 'કોઈ દહાડો આવે નહીં, આજ આવ્યા છે ! પાનસે માગશે કે હજાર માગશે બળ્યા !' પછી હિસાબેય કાઢે કે પાનસે માગે તો મારે શું કરવું ? સોમાં પતાવી દેવું કે બસ્સોમાં પતાવી દેવું ! આ તરત મહીં બધી ગણતરી હઉ કરી નાખે, બધું કર્યા કરે. અને તે મને આંખમાં દેખાય, કે 'આ બિચારો ગણતરીમાં પડી ગયો છે !' એટલે બનતા સુધી ચા જ નહોતા પીતા. કોઈને ત્યાં ઊતરતો નહોતો. કોઈને ત્યાં મહેમાન થતો નહોતો. મને ભારરૂપ લાગ્યું'તું એ. હું આંખ વાંચી શકતો હતો. જ્ઞાન નહોતું તોય સામાની આંખ વાંચી શકતો'તો. એટલે ભારરૂપ, બોજારૂપ લાગ્યું કે ત્યાં બંધ કરી દઉં પાછું. અહંકાર ખરો ને, તે દહાડે તો !

## લોકોને મનમાંય દુઃખ ન થાય એવી ભાવના

**પ્રશ્નકર્તા :** એમાં દાદા, એવું થયેલું કે તમારી ચિઠ્ઠીઓ લખાવી ગયો હોય, તમે કામ કર્યું પણ તમારું કામ આવ્યું હોય ત્યારે એ ઊભો ના રહે ?

**દાદાશ્રી :** હું કામ કરાવતો જ નહીં, મેં ના કહી દીધેલું.

**પ્રશ્નકર્તા :** દાદા, 'ના' કહેલું ખરું પણ એવો કંઈ અનુભવ થયો હતો ?

**દાદાશ્રી :** આ શું કરવાના બિચારા ? અને આમાં કરાવીએ ને આ કરે, તો બરકત ના આવે. એના કરતા એમને મુક્ત રાખીએ તો આનંદ રહે કે હવે અંબાલાલ મને કશું કહેવાના નથી. નહીં તો શ્રીમંત હોય ને, તે જાણે કે બે હજાર માગશે તો શું થશે ? અલ્યા, 'હું નહોય માગણ, ના હાથ ધરે તારી પાસે.'

**પ્રશ્નકર્તા :** ના માગે, એ તો બરાબર છે.

**દાદાશ્રી :** ના પણ દુઃખ થાય બિચારાને. એને દુઃખ થાય એવું કાર્ય આપણાથી થાય જ નહીં ને ! એના કરતા આપણે કહી દઈએ કે 'ભઈ, મારું કામ તમારે કરવું જ નહીં.' તો જો ભયમુક્ત થાય ! પછી આપણે બે વાગે રાત્રે જઈએ ને, તોય કહેશે, 'આવો.'

**પ્રશ્નકર્તા :** પણ એ બહુ કામ કરાવી ગયો હોય તો એને થોડો ભય રહે ને ? એ એના ભયથી પછી અળગો થાય ને ? એ પછી એમ સમજે કે હવે અંબાલાલનું કંઈ કામ આપણે કરવું જ પડશે, બહુ કામ કરાવ્યા છે, તો એની મેળે જ પાછો આવતો ઓછો થઈ જાય ને ?

**દાદાશ્રી :** ના, આવતો ઓછો ના થાય એ. એ તો એને ગમે જ, આ તો બહુ સારું છે ને ! એ તો આવે આખી જિંદગી. રડે હઉ ને ! દુઃખ આવે ત્યારે રડેય ખરો.

**પ્રશ્નકર્તા :** ના, ના, એ લોકોને જ્યારે પોતાને એમ થઈ જાય છે કે આપણે વધારે પડતા સ્વાર્થી છીએ, એવું હવે ઉઘાડા થઈ ગયા પછી

એમને કાઢી મૂકવા નથી પડતા, એની મેળે જ જતા રહે છે.

**દાદાશ્રી :** એની મેળે જ જતા રહે છે. એનો કાળ પાકે ને, પછી જતા રહે. એટલે કાઢવા પડતા નહોતા મારે ત્યાંથી તો. કુદરતનો નિયમ હોય ને, કે આ કાળ પૂરો થાય એટલે ગયે જ છૂટકો.

## ભાવનામાંથી થયો અહંકાર, 'આ હાથ લેવા માટે નથી'

એટલે આ શર્ત કરેલી. ગાંડી શર્ત કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** ના કહેવાય, દાદા. ઉત્તમ શર્ત કહેવાય આ તો.

**દાદાશ્રી :** તે શર્ત આખી જિંદગી રાખેલી. અને પછી એક જણે બહુ કહ્યું, 'બહુ અડચણ પડે તો લેવુંય પડે, એમાં આટલો બધો રોફ શું મારો છો એમ ?' મેં કહ્યું, 'જો, બીજો ગાંડો અહંકાર કરું છું. આ હાથ લેવા માટે નથી, આપવા માટે છે. હોય તો આપીશું ને લેવાની મનાઈ આ. હું તો ક્ષત્રિયપુત્ર છું. દુનિયા જતી રહે, દેહ જતો રહે તો વાંધો નહીં પણ આ ક્ષત્રિયપુત્ર છું !' ત્યારે કહે છે, 'આ તમારો ઈગોઈઝમ નથી ?' મેં કહ્યું, 'હા, ઈગોઈઝમ છે, પણ હેલ્પિંગ છે.' શું છે ?

**પ્રશ્નકર્તા :** મદદ કરનાર, હેલ્પિંગ.

**દાદાશ્રી :** હા. ત્યારે કહે, 'શું હેલ્પ કરે આમાં તમને ? અમે હેલ્પ કરીએ તો શું વાંધો ?' મેં કહ્યું, 'ભઈ, તમે બે હાથવાળા છો. તમારી પાસે હેલ્પ માગવી, એ મારી ભૂલ છે.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** 'તમારે હેલ્પ માગવાની જરૂર જ નથી', એમ તમે કહ્યું ને એમને.

**દાદાશ્રી :** એ લોકોનું ગજું નથી.

**પ્રશ્નકર્તા :** એ જ હું કહું છું.

**દાદાશ્રી :** આ શું આપવાના હતા, બિચારા ! આપ્યા પછી મનમાં થાય કે 'આ પાછા આપશે કે નહીં ? બળ્યા, શરમના માર્યા આપ્યા', કહેશે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આવો હિસાબ ગણે એ. આ બે હાથના માણસોનું શું ગજું ? હજારો હાથવાળો મહીં બેઠેલો છે ! માગો એ આપનારો છે, તો એની જોડે ઓળખાણ ના કરું ? આમની જોડે, આ ટેંટા (શક્તિહીન) જોડે ! એટલે અમને આ મેળ પડે નહીં આવો.

## બધામાં સંતોષી એવો મનનો રાજા

**પ્રશ્નકર્તા :** દાદા, આગળ તમે એવું કહ્યું કે 'મારું કોઈ કામ તમારે કરવું નહીં', એ અહંકાર નહોતો અને હવે એવું કહો છો કે 'આ હાથ લેવા માટે નથી', એ અહંકાર છે, તો એવું લાગે છે કે આ તમારો પૉઝિટિવ અને ખુમારીવાળો અહંકાર હતો. તો એ ખુમારીમાં તમને અંદર શું વર્તતું હતું, તે વર્ણન કરો ને !

**દાદાશ્રી :** મને તો કોઈનીય ક્યારેય કશી પડેલી જ નહીં. મૂઓ, કોટ્યાધિપતિ હોય તોય તે બે હાથવાળા પાસે શું આશા રાખવાની ? મારી નજરમાં તો કોઈ વસેલો જ નહીં. આવડા મોટા હજારો હાથવાળાને ત્યાં હાથ ધરે કે અહીં તારી પાસે ? તું તારી દાનત જો. મજા ના આવે એ માણસમાં. એ સત્યુગના માણસોની વાત જુદી છે અને આ તો કળિયુગના બધા. સ્વાર્થી બધા.

મને એટલી બધી મહીં ખાતરી હતી કે બે હાથવાળા મનુષ્યો છે, માટે એમને વિશેષ કામ સોંપવું નહીં આપણે, કારણ કે બધું કામ કરશે તોય મન છેવટે ભિખારી છે. અને મારી જાતને, મને લાગેલું કે હું તો મનનો રાજા છું ! કારણ કે સર્વ વાતમાં મને સંતોષ રહી શકે છે. તે દહાડે અજ્ઞાનદશામાંય સંતોષ ! એટલે મને લાગે ને, કે મનનો રાજા છું હું !

હું જાણું પહેલેથી, હું કયું જ્ઞાન જાણતો હતો, કે આ બે હાથવાળા લોક બિચારા ભિખારી મનના. આ પાંચ અબજ હોય તોય મૂઓ ભિખારો હોય. વધુ કમાવાની આશા રાખતો હોય. આમની પાસે લેવા જેવું શું હોય તે ? હું તો પહેલેથી રાજા મનનો માણસ !

## ઈચ્છાવાળા એ બધા ભિખારી

મેં કહ્યું, તમે બે હાથવાળા ભિખારા માણસો, તમે શું મારું ધોળવાના છો ? આખો દહાડો ઈચ્છા, ઈચ્છા ને ઈચ્છા ! અને પૈસાની ઈચ્છા તારે બંધ થઈ ગઈ હોય તો હું તને કહું કે પૈસાવાળો છું. જેને પૈસાની ઈચ્છા એ ભિખારા કહેવાય. કારણ કે આ અમદાવાદના શેઠિયાઓ મને ભેગા થાય છે ને તે જમવા બેઠા હોય ત્યારે બે મિલો છે તોય હાય પૈસા, હાય પૈસા ! મૂઆ ચક્કર, કંઈ મરવાનું ના હોય તો આવું વિચાર કર્યા કર ! મરવાનું તો પાસે આવ્યું હવે, નજીક આવ્યું.

જુઓ તો, અહીં પંદર-પંદર માળના બિલ્ડિંગ બાંધે છે અને કાકો હાંફ્યા કરતો હોય અને જોયા કરે. 'સરસ બંધાયું ને સરસ...' એ હાંફ ચઢતો હોય ને પાછો 'સરસ બંધાયું !' અલ્યા મૂઆ, આ મરી મરીને મહીં છે તે ગિલોડી થઈશ, અક્કરમી !

**પ્રશ્નકર્તા :** આપે પેલા મકબરે કીધું'તું, કે આ મકબરા બાંધવામાં આપણે જ હઈશું. હવે એમાં શું જોવું છે ?

**દાદાશ્રી :** હા, આપણે જ... શું જોવું છે ? એટલે આય મોટા મોટા બાંધી અને જીવ એમાં ભરાઈ જાય છે બિચારાનો. એમાં જવાનું થયું તે ઘડીએ આમ છોડવાનું ગમતું નથી. એટલે ભટક ભટક કરે છે આમ. અનંત અવતારથી આવું ને આવું ભટક ભટક કરે છે !

## આટલો વટનો કટકો રાખેલો પણ તિરસ્કાર નહીં

અરે, જેની પાસે બે હાથ છે, એની પાસે કંઈ પણ લેવા હું નથી આવેલો. મહીં પાર વગરની અંદર અસ્કયામતો (મિલકત) મેં જાતે જોયેલી છે. જ્યાં ભગવાનની પાસે... સહેજે સાક્ષાત્કાર તો મને રહેતો'તો જ. ધ્યાન નહોતું રહેતું, પણ ભગવાનનો સાક્ષાત્કાર એટલે એવું શું ? એના પરિણામ તરત પહોંચી જાય ને એનું તરત ફળ મળ્યા કરે. એ તો પહેલેથી હતું.

એટલે હું તો ચૌદ લોકના નાથ પાસે હાથ ધરું. આ આમની

પાસે, આ ભિખારી પાસે શું ધરવાનું છે ? જેને કંઈ પણ ઈચ્છા છે ને કરોડાધિપતિ છે, પણ ઈચ્છાવાળો એટલે ભિખારી. એ કરી પણ શું શકે ? આ ઈચ્છાઓ, આ ઈચ્છાઓ, આ ઈચ્છાઓ, આ ઈચ્છાઓ. ઈચ્છાઓને જીતે તે કો'કને આપી શકે. ઈચ્છાઓ ખરી કે નહીં ? જો એમની ભૂગોળ જુએ ને, તો કેટલું બધું ચિતરામણ હોય !

**પ્રશ્નકર્તા :** એનો અંત જ નથી.

**દાદાશ્રી :** એનો અંત જ નથી. એટલે આ સંસારનો અંત ના આવે. જેને કંઈ પણ ઈચ્છા નથી... અને મારી ઈચ્છાનો તો અંત જ છે કે અમુક અમુક બાબતની ઈચ્છા, બીજી કંઈ પડી નથી. તે હું તો ઈચ્છાઓનો અંતવાળો છું, હું તો ભિખારો નથી. આમની પાસે હાથ ધરવાનો ? એટલે આટલો વટનો કટકો રાખેલો. હાથ ધર્યો નથી મેં. એટલે એનો તિરસ્કાર નહીં, પણ આમની ઉપર આશા રાખીને શું કરવાનું ? તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** કંઈક સ્વમાન તો હોવું જોઈએ ને ! અને લોકોનું લઈનેય પાછા છેલ્લે સ્ટેશને જાય છે ને પાછા સૂતા સૂતા આરામથી જાય છે ને ! ત્યારે મૂઆ, છેવટે આ જ વેહ (વેશ) આવવાનો હતો ત્યારે લીધું શું કરવા તે ? અને લીધું એટલે મૂછ વેચી. મૂછ વેચી ખાધી કહેવાય ને ? વટ, વટ જ ના રહ્યો ને !

## એવો કાયદો સમજેલો, તે હજાર હાથવાળા પાસેય નહોતું જોઈતું

**પ્રશ્નકર્તા :** એટલે તે વખતે દાદા, એ એવો એક પ્રકારનો અહંકાર.

**દાદાશ્રી :** નહીં, બહુ મોટો અહંકાર, જબરજસ્ત અહંકાર. અહંકાર તો એટલે સુધી કે જમણો હાથ લોકોની પાસે ધરવા માટે નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ જે અહંકાર છે તે જીવનની અંદર તો ઊંચા પ્રકારનો અહંકાર કહેવાય ને ?

**દાદાશ્રી :** બહુ ઊંચો અહંકાર એ તો. હાથ જ ધરવાનો નહીં ને ! મને તો એટલો બધો અહંકાર કે આ બે હાથવાળા માણસ પાસે વળી

હાથ શો ધરવો ? જો હાથ ધરવાનો હોય તો પેલા હજાર હાથવાળા પાસે ધરવાનો. પણ તેય એની પાસે આપણે દબાયેલા શા માટે રહેવું જોઈએ ? આપણે ખાવા જોઈએ ત્રણ રોટલી, એના શું કરવા દબાયેલા રહીએ આપણે ? એ તો સોળ હજાર રાણીઓનો ધણી હોય, આપણે શું આ ભાંજગડ ? એ કહેશે, 'અમારી રાણીઓને ત્યાં જમવા આવજો.' આપણે કંઈ (ક્યાં) ઉપાધિમાં પડીએ આ બધી ? એટલે એની પાસેથીયે ના જોઈએ. હું તો કાયદો સમજી ગયો કે આપણો હિસાબ છે, એટલે પછી બીજી ભાંજગડમાં ઊતરેલો નહીં.

'હાથ ધરવો નહીં' એ તો બહુ મોટો અહંકાર હતો. મિત્રોને કહી દીધેલું ને, કે 'આ હાથ માગવા માટે નથી. એટલે તમે નીડર રહેજો.' ત્યારે બીજું શું થઈ જવાનું હતું એનું ? એનેય કંઈક કર્મના ઉદય તો હોય ને, બળ્યા ? સાંધો તો મળી આવે કે ના મળી આવે ? પણ બહુ અડચણ પડેલી નહીં. આવો સ્વભાવ તોય અડચણ નહીં પડેલી. પછી વસ્તુ કોઈ દહાડો ખૂટતી નહોતી. જરૂરિયાતની વસ્તુ બધી એની મેળે જ આવી પડતી'તી. આ હાથે કોઈ દહાડો માગવું નથી પડ્યું.

મૂળથી જો કે મારા વિચાર તો એવા જ કે આ હાથે લેવું તો નહીં જ. એક અવતારમાં શું થઈ જવાનું છે ? આ ગાયો-ભેંસો ક્યાં હાથ ધરે છે કોઈ દહાડો, તોય એમનું નથી ચાલતું ? ના ચાલે ? આ ગાયો-ભેંસો હાથ ધરે છે ? તોય એમનું ચાલે છે ને ? એટલે એવી મનમાં ખાતરી થઈ ગયેલી કે ચાલશે બધું ગાડું. એવી લાચારી શા માટે અનુભવીએ ? અને કશું મારે જોઈતું જ નથી. હું જાણું, નાનપણથી હું સમજતો'તો કે આ મારેય બે હાથ છે, આ લોકોને બે હાથ છે, ત્રીજો કોઈનો દીઠો નહીં. ફક્ત માતાજીને ચાર હાથ હોય છે, તેય ફોટાવાળા માતાજીને ! બાકી બીજો કોઈ તે બે હાથથી ઉપરી જોયો નથી.

## જેટલો શ્રીમંત એટલો વધારે ઈચ્છાવાળો

હમણાં કોઈ પાંચ-પચાસ હાથવાળો હોય તો આપણે કહીએ, કે 'વિલ યૂ હેલ્પ મી ?' (તમે મને મદદ કરશો ?) આ બે હાથવાળાને

શું કહીએ આપણે ? અને ભિખારા મનના ! અમારું બધું શ્રીમંતોનું જે સર્કલ હતું, તે જેમ જેમ શ્રીમંત થયેલો હોય ને, એ બધા મનના ભિખારા જોયા. એના કરતા તો જે ગરીબોનું સર્કલ હતું ને, તે બહુ મોટા મનના ! કારણ કે આજે મારી પાસે સો રૂપિયા હાથમાં આવ્યા છે તો આપણે બધી ફ્રેન્ડ કંપનીને બોલાવવી છે, મારે જમાડવા છે અને પેલાની પાસે રોજના પાંચસે આવતા હોય તોય ના જમાડે કોઈ દહાડો.

**પ્રશ્નકર્તા :** લોભ છે ને !

**દાદાશ્રી :** લોભ, શ્રીમંત એટલે લોભ. એક દહાડો હું એક જણને ત્યાં બેઠો હતો, હવે મોટી કરોડાધિપતિ પાર્ટી. અમે બધા ફ્રેન્ડ સર્કલમાં, તે બીજા બહારથી બે-ત્રણ જણા આવ્યા. તે પેલો મને કહે છે, 'જોયું, ચાય પીવા નીકળ્યા છે.' હવે હું તો સમજી ગયો કે આ આવા નંગોડ માણસો ! પેલા માણસ આપણે ત્યાં આવે છે, તે કોઈ નવરા છે મૂઆ ચા પીવાને માટે ! આ વડોદરું શહેર છે, આ કંઈ ગામડું નથી. અને ગામડું હોય તોય ચા પીવા આવે તો બહુ સારું, ઊલટું લોક ચા પીવા આવે તો આપણે જરૂર પાવી જોઈએ, કે આવી કોણ ચા પીવા આવે ? ખાવા કોણ આવે ? મને કહે, 'જોયું ?' ત્યારે હું તો સજ્જડ થઈ ગયો કે આ લોકોની ભાવના દુષ્ટ થઈ ગયેલી છે.

## લોકોની હીનવૃત્તિ જાણીને લીધેલું એડજસ્ટમેન્ટ

એક ભાઈબંધ એવો હતો. તે ભાઈબંધેય હતો ને ભાગીદારેય હતો. તે એ ખુરશીએ બેઠા હોય એટલે હુંય જોડે બેઠો હોઉં. પછી કો'ક આવે ઓળખાણવાળા ભાઈબંધ-દોસ્તારો એવા ત્યાં, તે સો ફૂટ છેટે દેખે ત્યારે મને શું કહે ? 'આવ્યા હવે, ચા પીવા નીકળ્યા છે લોકો. નાલાયકોને એમ ખબરેય નથી કે સવારના પહોરમાં લોકોને ત્યાં ચાય પીવા જવાય ?' એ તો આવું બધું બોલ બોલ કરે. તે હું બધું નિરીક્ષણ કર્યા કરું. આવું બોલે ખરો, પણ પેલાં થોડેક દસેક ફૂટ છેટે આવે, ત્યારે કહે, 'આવો, આવો, આવો, પધારો, પધારો.' મેં કહ્યું, 'આ કઈ જાતની રીત છે !' પેલાં થોડેક છેટે આવે ને, એટલે આવું બોલે ! ત્યારે એમાં શું ફાયદો કાઢ્યો એણે ?

બે જાતના ભાવ રાખવાનો શું ફાયદો આપણને ? એણે બે જાતના ભાવ રાખ્યા ને ? અહીં નજીક આવે ત્યારે શાથી એવું બોલે છે ?

**પ્રશ્નકર્તા :** એ એવો ભાવ બતાવવા માટે કે આવું મારા મનમાં છે, પણ એવું મનમાં ના હોય.

**દાદાશ્રી :** ના, એ કહેશે, 'નહીં બોલીએ તો ખોટું લાગશે અને આપણું કામ નહીં થાય.'

**પ્રશ્નકર્તા :** દંભ એ તો.

**દાદાશ્રી :** હવે વેર બાંધે એ કામ ના થાય. આમ પાકો બહુ, પણ પાછો આમ પહેલેથી બોલી જાય. તે મૂઆ, આ તો બધું તેં ખોટું કર્યું. આપણે ખેતરમાં કંઈક, બગીચામાં કંઈક છોડ રોપવા હોય તો બીજને પહેલા શેકી નાખીને પછી રોપીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** એ ખલાસ, પછી તો તે ઊગે જ નહીં ને !

**દાદાશ્રી :** તે આવું આ શેકીને રોપ્યા જેવું. અરે મૂઆ, બધાને આ કહે ને, 'આવો' એમ. છેટેથી ગાળો ભાંડે, હં કે. આ બધા જ મોટા મોટા બંગલાવાળા છે ને, તે બધેય એવું. રિવાજ જ એવો. અને પાછા પેલાં આવે ત્યારે શું કહે, 'આવો, આવો, આવો પધારો !' ત્યારે મૂઆ, પહેલા શું કામ અવળું બોલે છે ? નંગોડ, આવો કઈ જાતનો નાગો છે તે ? હૃદયનું જુદું, મોઢાની વાત જુદી ! કઈ જાતના નાગા લોકો ! 'કેન્સલ', મેં કહ્યું. અને આમને જ પછી કેન્સર થાય બધાને. પછી ડૉક્ટર કહે, કેન્સર, કેન્સલ. હાર્ટ ફેઈલ થાય, બીજું થાય. મારા બહુ ફ્રેન્ડોને હાર્ટ ફેઈલ થયું.

## થોડા માટે વટલાઈએ એના કરતાં વટલાયા વગર રહેવું સારું

અને આ શું ધોળવાના હતા અમથા ? એક હજારની ખોટ ગઈ હોય તોય કલ્પાંત કર્યા કરે. મેર ચક્કર, મારે તો આવું નથી. સબ મૂડી ચલી જાય તોય કાંઈ હરકત નથી. અમારી ઈચ્છા નથી કે આ ચલે જાવ. પણ જતી રહી તે, એ મારી ઈચ્છા વિરુદ્ધ જતી રહી હોય, તો અમે કંઈ એવું ડરીએ એવા નથી. અને એવા અમે નિસ્પૃહ નથી કે 'જતી રહો',

એવું કહીએ. 'મૂડી આ જતી રહે', એવું નિસ્પૃહ અમે બોલીએ નહીં.

એટલે આ ભય એમને આખી જિંદગી મટી ગયો ને, કે આ આમને કશું જોઈતું નથી. આપણે ગમે તે ટાઈમે જઈએ તો રૂપિયાની આશા નથી એ જાણે ને, પછી ? તમને કેમ લાગે છે ? હેલ્પિંગ વાક્ય હતું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** કારણ કે માગ્યું જ નથી કોઈનું. આ હાથ ધરવાનો હોય આમની પાસે, આ ભિખારા લોકો પાસે ? દસ રૂપિયા પડી ગયા હોય તો 'કંઈ પડી ગયા હશે બળ્યા ? કંઈ પડી ગયા હશે ?' મેર ચક્કર, આ લાખ રૂપિયાની મિલકત તો છે, મેલને પૂળો અહીંથી. એ લાખની મિલકત ના ગણે. તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** બિલકુલ.

**દાદાશ્રી :** તો અમારો કાયદો સાચો છે ?

**પ્રશ્નકર્તા :** એકદમ. એકદમ.

**દાદાશ્રી :** તમને કાયદો બરોબર લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** શું હાથ ધરીએ ને એની પાસે શું લેવાનું તે ? કોઈ ફેરો હજાર-બે હજાર લેવા હારુ હાથ ધરીએ અને વટલાઈએ એના કરતા વટલાયા વગર રાખો ને ! ગાડું ચાલશે કે નહીં ? અને પછી આપણે સૂઈ ગયા ને સવાર ના પડે તો શું કરીએ ? કેમ બોલ્યા નહીં ? સવાર તો પડ્યા વગર રહે જ નહીં ને ! શુક્રવારનો શનિવાર થયા વગર રહેવાનો નથી, પંદરસો લો કે ના લ્યો.

## સામો આપવા આવે તો લેવાનું

હા, સામો ઘેર બેઠા આપવા આવે તો લેવાનું. એમાં એને ભય નથી. એ આપવા આવે તો લો. એ કહે, 'હમણે મારી પાસે સરપ્લસ (વધારાના)

છે, તો તમારી પાસે રાખો આટલા', તો લઉં. એ જાણીબૂજીને... એ જાણતા હોય આમને ભીડ છે તો લઉં. ના લઉં એવું નહીં. પણ ભય ના પામવો જોઈએ. મારા થકી એ ભય ના પામે માટે આ બધું કરવાનું.

સામો ભય તો ના જ પામવો જોઈએ. શાના માટે ? મારામાં કાંઈ... હું કાંઈ જંગલી છું ? જનાવર છું ? જંગલી જનાવરનો ભય લાગે. કોનો લાગે ?

**પ્રશ્નકર્તા :** જંગલીનો.

**દાદાશ્રી :** આ ગાયો-ભેંસોનોય લોકોને ભય નથી લાગતો અને આપણો, માણસનો ભય ?

## પોતે નિર્ભય, બનાવે બધાને નિર્ભય

**પ્રશ્નકર્તા :** દાદા, આ કેટલા વર્ષ પહેલાની વાત છે ?

**દાદાશ્રી :** હું પચ્ચીસ વર્ષનો હોઈશ. કોઈને દુઃખ તો ના જ થવું જોઈએ ને. હું એની આંખો વાંચી જ ગયેલો, કે આ કોઈ દહાડો અત્યારે આવે નહીં ને કંઈ ખાસ કામ હશે એટલે જ આવ્યા છે. એનો તે ભડકાટ જ બેસે ને ! નિર્ભય બનાવી દીધા હોય તો વાંધો ખરો ?

અત્યારે તો અહીં આ દાદા કોઈને ત્યાં આવે છે, ફલાણી જગ્યાએ આવે છે, આમને ત્યાં આવે છે, કોઈને ભય જ નહીં ને ! દાદા પૈસા લે નહીં, કશુંય લે નહીં. એ મૂકવા-લેવાનું કશુંય નહીં. આ ચા મૂકવી હોય તો મૂકો, ના મૂકવી હોય તો ના મૂકો, તોય કોઈને કશી પડેલી ના હોય. ભય જ નહીં ને ! બધા નિર્ભય થઈ ગયા છે. પેલું તો ભય લાગ્યા કરે. તેથી પુસ્તકમાં હઉ લખ્યું છે, કે 'ભાઈ, તમારું કામ કરાવી જજો. તમારું કામ કરવામાં મને કંઈ હરકત છે નહીં. મારી પાસે કામમાં પૈસા હશે તો તેય હું આપીશ.' મારી પાસે હશે એટલા. નહીં હોય તો નહીં આપું. પછી હીરાબા ના કહે તો નાય આપું. કંઈ આપણી સત્તા ઓછી છે બધી ? આ તો સહિયારું છે ને, નહીં ? ખરું કે ખોટું ? એ કહે, 'તમે હવે કબાટ ઉઘાડશો નહીં.' તો આપણે ના કહીએ કે લ્યો, આ તમારી કૂંચી, તમારી

પાસે રહેવા દો ? એમને તો એમ જ લાગે કે એ આપી દેશે બધું. એ આઘાપાછાય ના થાય ને ! હું એકલો હોય ને કોઈ આવ્યા હોય ને બેઠા હોય ને, તો એ આઘાપાછાય ના થાય. ચોક્કસ રહે. એમને થાય આ તો આપી જ દે છે બધાને.

પણ નિર્ભય બનાવ્યા ને, બધાને.

**પ્રશ્નકર્તા :** હા, બધાને નિર્ભય બનાવ્યા.

**દાદાશ્રી :** નિર્ભય બનાવી દીધેલા. કોઈને ભય લાગે નહીં એવું રાખેલું.

**પ્રશ્નકર્તા :** દાદા, અમે પોતે પણ અહીં દાદા પાસે આવીને નિર્ભય થઈ ગયા.

**દાદાશ્રી :** નિર્ભય જ થઈ જાય, કારણ કે હું નિર્ભય છું. કારણ કે ભગવાન જેને વશ થયેલા છે, ત્યાં શું ના હોય ! શી શી ચીજ હશે, એ નહીં હોય ? એક ફક્ત બુદ્ધિ એકલી ના હોય. અને બુદ્ધિ હોય ત્યાં ભગવાન આવે નહીં. ઊભાય ના રહે ને, થોડીવારેય.

❖❖❖❖❖

## [૧.૩]

# હેલ્પ કરવા પાછળ પોતાનું 'માન'

### લોકો સલાહ લેવા આવે મામાની પોળમાં

**પ્રશ્નકર્તા :** દાદા, વ્યવહારમાંય આપની સલાહ લેવા આવતા'તા ને, બધા ?

**દાદાશ્રી :** બધા બહુ લોકો આવતા'તા. મેં લોકોને કહેલું કે તમારા પોતાના કામ કરાવી જજો મારી પાસે, જે કંઈ કામ હોય તે. સલાહ, સંપ, બીજું કંઈ હોય, મારી પાસે પૈસા હોય તો તેય અમે આપીશું. પણ તમારું કામ કરીશું. તમારે મારું કશું કામ કરવું નહીં, હું તમારું કરીશ. એટલે પછી લોક કંઈ છોડે ? એ આવું કંઈથી મળે ? આવી તો કોઈ સિક્યોરિટી જ ના મળે ને !

ઓબ્લાઈજિંગ નેચર રહેલો ને, એટલે રોજ ચાર-પાંચ ગાડીઓ ઘેર પડી રહે સલાહ લેનારાની. કો'કે કહ્યું હોય કે, 'મામાની પોળમાં જજો. અને જ્યાં બે-ચાર ગાડીઓ જોડે પડી રહી હોય તો ત્યાં આગળ અંબાલાલભાઈનું ઘર !' આજથી પિસ્તાલીસ વર્ષ પર ક્યાં બંગલામાં લોકો રહેતા'તા ? ત્યારે મામાની પોળ એ બહુ ઉત્તમ ગણાતી'તી. સંસ્કારી પોળ ! તે દહાડે અમે ત્યાં રહેતા'તા, અને પંદર રૂપિયાનું ભાડું. તે દહાડે લોકો સાત-સાત રૂપિયાના ભાડાના ઘરમાં પડી રહે. અમે પંદરમાં રહેતા. આમ મોટા કન્ટ્રાક્ટર કહેવાઈએ. શું કહેવાઈએ ?

**પ્રશ્નકર્તા :** કન્ટ્રાક્ટર.

**દાદાશ્રી :** હવે ત્યાં પેલા બંગલામાં રહેવાવાળા આવે પછી, મોટરો લઈ લઈને. કારણ કે ઉપાધિમાં સપડાયેલા હોય, તે અહીંયા આવે સલાહ લેવા અને બધી રીતે મદદ માટે. બધા ફજેતા જ કહેવાય ને, આ તો !

## અસલી અક્કલ, હોય નવી જ શોધખોળ

હું ધંધો કરતો હતો, ત્યારે મહીં સલાહ આપવાની સિસ્ટમ. દિમાગ જરા સારું ચાલે એટલે. તે સલાહ આપવા બેસી જવાનું બહુ. તે કોઈનું નોકરીનું ઠેકાણું ના પડતું હોય તો પાછું નોકરીની ચિઠ્ઠી લખી આપું. ધંધો ના ચાલતો હોય તો કેમ કરીને ચાલે એવી સલાહ આપું. પૈસા તો ઓછા કંઈ આપણી પાસે બહુ હોય છે, તે બધે પૈસા આપીએ ? પણ સલાહ આપીએ, ફ્રી. આ જ મારો ધંધો. તે અમારે ત્યાં શેઠિયાઓ સલાહ લેવા આવતા. સલાહ તો એવી સરસ આપું, અક્કલ ઠેઠ સુધી પહોંચેલી ને ! આ દુનિયામાં ખરા અક્કલવાળા તો થોડાક છે, બીજા તો નકલી છે. બીજા નકલી અક્કલવાળા છે. કેવા છે ?

**પ્રશ્નકર્તા :** નકલી.

**દાદાશ્રી :** અને મારી તો દરઅસલ અક્કલ હતી. નવી જ શોધખોળ હોય મારી તો !

## કાઢ્યું ફ્રી ઑફ કૉસ્ટ દવાખાનું

મામાની પોળમાં આજુબાજુ બધાને કહી દીધેલું કે અમે ડૉક્ટર છીએ ઘરના. તે જેને કંઈ અડચણ હોય તે કહેવું. તે અમારે વગર ફીના ડૉક્ટર સારા. વગર ફીના ડૉક્ટર શું ખોટા ? અડચણ ઓછી થઈ જાય ને, પેલાને તો !

એ લાઈફ તો બહુ જુદી જાતની ગયેલી.

**પ્રશ્નકર્તા :** આપની વાતમાં બહુ મજા આવે છે. એ વર્ણન કરો ને !

**દાદાશ્રી :** લાઈફ બહુ જુદી જાતની ગયેલી ને, તેથી આ જ્ઞાન હાજર થયું. લાઈફ જ જુદી જાતની ગયેલી. પૈસાની જરૂર નહીં, કશું

લોભ-બોભ નહીં. ઘેર બેઠો હોય ને, તો સવારના પહોરમાં, પેલું દવાખાનું હોય ને, તે દવાખાનાની પેઠ ચાર-પાંચ જણ આવી જાય. કહે, 'મારે નોકરીનું હમણે ઠેકાણું નથી પડતું, તે તમારે પંચાયત ખાતામાં ઓળખાણ ખરું ને ? એલેમ્બિકમાં (એ નામનું કારખાનું) તમારી ઓળખાણ છે ને ?' પછી ચિઠ્ઠી લખી આપું એને. એટલે નોકરીવાળાને નોકરી, ધંધાવાળાને ધંધો ના ચાલતો હોય, તો એને દેખાડું સારા સારા રસ્તા. આવું ફ્રી ઑફ કૉસ્ટ દવાખાનું કોણ કાઢે ? તમે ફ્રી ઑફ કૉસ્ટ કાઢ્યું છે દવાખાનું ? કૉસ્ટ લઈને કરો છો ને ?

અમારે બેંકમાં લાંબું ના હોય, એટલે પૈસા-બૈસા નહીં પણ મૂળથી સ્વભાવ એવો કે ઘરનું (પોતાના સ્વાર્થનું) કામ જ નથી કર્યું. અને ઉદયમાં આવે તેમ વર્ત્યો છું. ઘેર જે કોઈ આવે ને, તેને પૂછું કે તમારે શું અડચણ છે ? તમારું આમ થયું કે ના થયું ? બાયડી જોડે વઢવાડ થઈ'તી, તે રાગે પડ્યું કે નથી પડ્યું ? તમે આપઘાત કરવાનો તે વખતે વિચાર કરતા'તા, તે વિચારો બંધ થઈ ગયા કે નથી થયા ? આનું આ જ કરેલું છે આખી જિંદગી. આખો દહાડો આ જ ભાંજગડ, બીજી નહીં. જે કોઈ આવે ને, તેને આવું આવું પૂછવાનું. એને શું દુઃખ છે ? શેના દુઃખમાં છે એ પૂછવાનું. ગમે તે ટાઢ હોય, તડકો હોય, વરસાદ હોય, તો અમે એ રીતે કરેલું બધું અત્યાર સુધી.

## તો જ આવું જ્ઞાન પ્રગટ થાય ને !

પૈસા તો કંઈ મારે લાંબા હોય નહીં આપવાના. હતા ત્યાં સુધી આપતો હતો. આપું ને પછી પાછા ના આવ્યા, એટલે ભાગીદાર હિસાબો શીખી ગયા. એટલે એમણે લઈ લીધો કબજો. એ કહે છે, 'ભઈ, પૈસા તમારા હાથમાં રાખવાના નહીં.' અને ઘરમાં હીરાબાએય લઈ લીધો. 'તમારા હાથમાં પૈસા અપાય નહીં', કહે છે. મેં કહ્યું, 'સારું, લઈ લીધું તો આપણે ઉપાધિ ઓછી.' ઉપાધિ એટલી ઓછી ને ! એટલે પૈસાની અડચણવાળા ના આવે મારી પાસે. એ જાણે કે દાદાજી પાસે લાંબા પૈસા નથી. પણ આ મગજ બહુ જબરજસ્ત ! કંઈક ફસાયો હોય ને, તેને છોડાવી આપું ઝટ. તે મારી પાછળ બધા ફર્યા કરે.

**પ્રશ્નકર્તા :** એમણે મને વાત કરી કે જ્ઞાન પ્રગટ થયા પહેલા પણ આપનું વર્તન એવું જ હતું એમ.

**દાદાશ્રી :** હા, વર્તન તો બધું નાનપણથી એવું.

**પ્રશ્નકર્તા :** બધી બહુ વાતો કરી આપની.

**દાદાશ્રી :** એ તો ભાગીદારીનું વર્તન, પણ મારું સ્વતંત્ર વર્તન તો... મેં કોઈ દહાડો ઘરની વાત જ નથી કરી. પારકાની જ વાતો કરેલ. એટલે એક સાથે બેસનારો માણસ કહેતો'તો, કે આ પચાસ વર્ષથી મેં જોયું, પણ તમે તમારા ધંધાની વાત કોઈ દહાડો નથી કરી.

**પ્રશ્નકર્તા :** તો જ આવું જ્ઞાન પ્રગટ થાય ને !

## સામો માન આપે તો બધું કામ કરી આપે

**દાદાશ્રી :** મેં કશી બાબતમાં મહેનત કરી નથી કોઈ જાતની. અને પછી પેલા કશામાં (લોભ-લાલચમાં) મહીં પડેલો નહીં ને, તે બુદ્ધિ બહુ તીક્ષ્ણ. તીક્ષ્ણતાવાળી બુદ્ધિ એટલે ગૂંચાયેલા માણસને એક કલાકમાં કાઢી આપું એની ગૂંચ. ગમે એવો ફસાઈ ગયો હોય ને, તો એને કાઢી આપું બહાર. એવું બ્રેઈન ટૉનિક બહુ સારું ચાલે. અને હું કશું લઉં-કરું નહીં. લાલચુ તો નામેય નહીં પહેલેથી. લોભ બિલકુલ નહીં. એક માન સિવાય બીજું કશુંય નહીં. તે લાલચ-બાલચ નહીં, લોભ નહીં એટલે પેલા લોકોને ફાવતું આવ્યું. એટલે 'અંબાલાલભાઈ, આમ છે, તેમ છે', આમ મારા જોડા હઉ ઝાલી લે ઘણા ફેરા તો, હંકે. બહુ કામ હોય ને, તો જોડા હઉ ઝાલી લે. એટલે હું જાણું કે આપણે કંઈક કમાયા આ ! આ કમાણી સારી થઈ. તે આમાં એકલામાં છેતરાય છેતરાય કર્યું.

આ તો તમે પેલું 'અંબાલાલભાઈ, અંબાલાલભાઈ' બોલો એટલે પેલા અંબાલાલભાઈ આમ છેતરાઈ જાય ઝટ. આમને છેતરવા હોય તો એક 'અંબાલાલભાઈ' કહેવાની જ જરૂર. અને 'તમારા વગર મારું શું થાય' એટલું બોલવાની જરૂર. બહુ થઈ ગયું ! તે આખો વર્ષ દહાડો આપે એ સર્વિસ. 'તમારા વગર મારું શું થાય' એવું કહે છે ને ? તે માર ખા ખા કર્યા ઊલટા.

## અહો જાગૃત દાદા ! ખુલ્લા કરે પોતાના દોષ

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે તમે લોકોના કામ કરતા એની પાછળ આપનું માન હતું ?

**દાદાશ્રી :** હા, તે માન ખાવા માટે. માનની લાલચ પડી ગયેલી.

**પ્રશ્નકર્તા :** માનની લાલચ ?

**દાદાશ્રી :** ભૂખ લાગે, બે કલાકમાં ના મળે તો.

**પ્રશ્નકર્તા :** ભૂખ લાગે તો શું થાય પાછું ?

**દાદાશ્રી :** ભૂખ લાગે તો સામો જઉં ત્યાં. 'આવો આવો આવો, ઘણે દહાડે આવ્યા', કહેશે. એટલે ચાલ્યું પાછું. માન આપનારો ના મળે ને, તે દહાડે હું ત્યાં સામો જઉં, બપોરે ઘેરથી ચા-બા પીને. ત્યાં ચા પીઈએ, નાસ્તો કરીએ, અને વાહ વાહ કર્યા કરે બધા, જ્ઞાન નહોતું તોય. વાણી એવી સરસ ને, તે બધાને કામ લાગે. કંઈક ગૂંચાયો હોય ને, તો એના તાળા ઉઘાડી આપું. એટલે ત્યાં જતા પહેલા 'આવો આવો આવો' કર્યા કરે. આદેય નામકર્મ ! કેવું ?

**પ્રશ્નકર્તા :** આદેય નામકર્મ.

**દાદાશ્રી :** હં. અને કેટલાક તો જાય ત્યારે કહેશે, 'આ શું કરવા અહીં આવ્યો પાછો અત્યારે ? વગર કામનો દોડાદોડ શું કરવા કરે છે ?'

## તેથી પડી 'આવો-પધારો' કહેવાની ટેવ

મને પહેલા જ્ઞાન નહોતું ત્યારે, જો 'આવો-પધારો' ના કરે, તો એને ત્યાં ફરી જઉં નહીં. મને 'આવો-પધારો' જોઈએ. એટલે આ હિસાબ ખોળી કાઢેલો. મેં કહ્યું, 'આ જેને જે જોઈએ છે ને, તે બોલે પાછો.' એટલે મારે ત્યાં આવે તે દરેકને, સગાંવહાલાં બધાનેય 'આવો-પધારો' કહીને બોલાવાનું. હજુય 'આવો' બોલવાની ટેવ, તે કો'ક કો'ક ફેરો બોલી જવાય છે 'આવો'. હવે ના હોવું જોઈએ, છતાંય માલ ભરેલો ને બધો.

**પ્રશ્નકર્તા :** દાદા, હવે ના હોવું જોઈએ, એવું કેમ ? એમાં શું વાંધો ?

**દાદાશ્રી :** ના, લોકોને વ્યવહારમાં એવું જોઈએ છે, કે જ્ઞાની પુરુષને 'આવો' શા માટે બોલવું પડે ! અરે ભાઈ, એ જ્ઞાની પુરુષ જુદા, એ ક્રમિક માર્ગના જ્ઞાની.

'જય સચ્ચિદાનંદ, આવો.' આ અમે 'આવો' કહીએ છીએ, તે અમારા સ્વભાવથી બોલીએ છીએ એટલું જ. અમારે મૂળથી 'આવો' કહેવાનો સ્વભાવ અમારો. તે શાથી પડી ગયેલો છે તે જાણો છો તમે ? અમને 'આવો' કહે એ બહુ ગમે, એટલે અમે લોકોને કહીએ કે 'આવો.' અમે કો'કને ત્યાં જઈએ અને 'આવો' કહે એટલે ખુશ !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આજે પણ દાદાને 'આવો' કહીએ તો દાદા ખુશ થઈ જાય ?

**દાદાશ્રી :** હા, હા, આજેય ખુશ થઈ જાય. પણ હવે પેલું નહીં, આ અહંકારની ડખલ નહીં ને ! પણ આ મોઢું જરાક એ થઈ જાય. એ કંઈ ચટણીનો સ્વાદ ઓછો જતો રહે છે ! સ્વાદ તો તેવો ને તેવો જ લાગે. એ જ્ઞાન થયું પણ સ્વાદ કંઈ જતો રહે છે કે એ ? પણ જે પહેલા રસ હતો, એકરસતા હતી, તે ના હોય હવે.

અને માનીને તો અમે 'આવો-પધારો' એવું જ બોલતા પહેલેથી. મેં શોધખોળ કરી હતી. મેં કહ્યું, 'આવો-પધારો' એવું આપણે બોલવું, તો એ આપણને કહેશે. આ 'પધારો' નહીં બોલે ને 'આવો' એકલું કહેશે તોય બહુ થઈ ગયું આપણે. કેટલાક તો બોલે નહીં, આપણે એના ઘરમાં જઈને બેસીએ-ઊઠીએ, તોય કશું બોલે કે ચાલે નહીં. અલ્યા મૂઆ, કોથળા છોડને આ બધા. કોથળા શું કરવાના, રાખી મેલવાના છે ? કોથળા છોડી છોડીને વહેંચને થોડું થોડું. મફતનો માલ છે એ આપવાનો. 'આવો-પધારો' કહીએ તો કેવું સારું દેખાય મોઢું આપણું તે ! અને સામાને આનંદ થાય કે ના થાય ?

**પ્રશ્નકર્તા :** થાય.

## માની હોય પોલા ને ભોળા

**દાદાશ્રી :** મેં મારો ધંધો કર્યો નથી. આ ધંધો મારા પુણ્યથી બધો

ચાલેલો. જે ધંધો ચાલેલો કાંતિભાઈ ને મારો ભેગો, એ તો અમારા પુણ્યના હિસાબે ચાલેલો. એટલે આ બધા લોકોના જ કામ કરેલા. તો એના બદલામાં શું કે એ માન આપ આપ કરે. કારણ કે આવો પરગજુ માણસ કોણ મળે ? 'આવો અંબાલાલભાઈ' કહે એટલે ચાલ્યું. આવા પોલા માણસ કોણ મળે તે ? કશું બીજું નહીં, 'અંબાલાલભાઈ' એટલું જ કહ્યું એટલે બસ, ચા-પાણી નહીં કરો તોયે ચાલશે. અને 'આવો-પધારો' કહ્યું એટલે બસ, બહુ થઈ ગયું. જમવાનું નહીં કરું, બે દહાડા ભૂખ્યો રાખીશ તોયે ચાલશે.

**નીરુમા :** આ મોટું જમણ ને !

**દાદાશ્રી :** હા, અને તારી ગાડીમાં આગલી સીટ પર બેસાડજે અમને, પાછળ નહીં. એટલે પેલો આગલી સીટ મારી રાખી જ મેલે, કે આવીને બેસે તેમાં. આવું કોણ કરનાર મળે ?

**પ્રશ્નકર્તા :** આ માની હોય એ જરા પોલા હોય ?

**દાદાશ્રી :** માની પોલાય હોય ને ભોળાય હોય બિચારા. માની, એક માન ખાવા માટે એ બધી રીતે છેતરાય બિચારો. રાતે બાર વાગે કોઈ આવે ને, 'સાહેબ છે કે, રણછોડભાઈ સાહેબ છે કે ?' એટલે 'રણછોડભાઈ સાહેબ' કહ્યું, કે 'આવો આવો', આ બધાને ઉઠાડે, ઘરનાને. માનીનો બીજા લોકો આવી રીતે લાભ ઉઠાવે. પણ માનીને ફાયદો તો કરી આપે. માનીને એવો ઊંચે ચઢાવે અને એવો અફાળે, કે ફરી ખો ભૂલી જાય ! ઊંચે ચઢ્યા પછી પડે ! પછી 'અંબાલાલ' કહે તો કેવું કડવું ઝેર જેવું લાગે ? રોજ 'અંબાલાલભાઈ' કહે ને એક દહાડો 'અંબાલાલ' કહે ત્યારે.

આ બધું માનને લઈને ગૂંચાય છે. પણ માન સારું. માની માણસ થાય એ સારો. કારણ કે માની માણસને બીજા રોગ ના હોય. એને માન આપીએ કે ખુશ અને લોભિયો માણસ તો એને પોતાનેય ખબર ના પડે કે મારામાં લોભ છે ! એના ધણીનેય ખબર ના પડે કે મારામાં લોભ રહેલો છે. અને માની તો ભોળો, માન ને ક્રોધ બે ભોળા છે સ્વભાવના. તે

ત્યાં લગનમાં જાય ને, ઈન્વિટેશનમાં (આવકારતી વખતે) કહે, 'આવો-પધારો' કે તરત ખબર પડી જાય. કો'ક કહે, 'શું કરવા છાતી કાઢો છો ?' અને પેલા લોભિયાને ખબર જ ના પડે. કોઈ કહેનારેય ના મળે ને !

## ઓબ્લાઈજિંગ નેચરને લીધે અપ્રગટ હતું તે પ્રગટ થયું

**પ્રશ્નકર્તા :** તમારી જે પુસ્તકમાં જીવનકથા, જીવનચર્યા વાંચીએ છીએ, તેના ઉપરથી તો એવું લાગે છે કે એક 'માન' સિવાય બધી જ જ્ઞાની તરીકેની તૈયારી તમારી હતી, પૂર્વથી.

**દાદાશ્રી :** ના, એટલે આમ એ બધી તૈયારી એ તો લાગે એવી તમને. પણ અજ્ઞાની એટલે એનામાં દોષ હોય જ ! આ તો એવું છે ને, કે આમ ચોખ્ખો માણસ ને, અને લોકોના કામ કરું, ઓબ્લાઈજિંગ નેચર, એટલે સહુ કોઈ 'આવો-પધારો, આવો-પધારો' કરે. અમદાવાદની પોળના બધા, આખી નાત 'પધારો-પધારો' કર્યા કરે. તે દરેક, ઠક્કરો-બક્કરો, બધાય 'આવો-પધારો' કરે. કારણ કે આવો માણસ કોણ મળે ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** પછી એમાં મારું શું રહ્યું ? પણ ઓબ્લાઈજિંગ નેચર ને, તેનો ફાયદો આ થયો. આ ઝબકી ઊઠ્યું તેથી. અને મહીં હતું તે જ ઝબક્યું, પ્રગટ થયું. અપ્રગટ હતું તે પ્રગટ થયું !

## આખીય જિંદગી લોકોના દિલ ઠારેલા

હું વ્યવહારમાં રહું સરસ. તે બધી નાતમાં ઓળખે લોકો બધાય. અમદાવાદી પાટીદારો, જૈન હોય, ગામડાના જૈન હોય, શહેરના જૈન હોય, લુહાણા-બુહાણા, બીજા બધાય ઓળખે. એટલે અંબાલાલભાઈ થઈ ગયેલા પ્રખ્યાત, તે કંકોતરીઓ આવે તે ત્યાં આગળેય ચાંદલા કરી આવું. હવે મારે એકુંય છોડી નહીં પૈણાવાની, નહીં છોકરો પૈણાવવો. મને લોકો કહેય ખરાં, 'તમારે છોડી-છોકરાં પૈણાવાના નથી, શું કરવા ચાંદલા કરો છો ?' મેં કહ્યું, ત્યાં ચાંદલા કરું છું તે નામ કાઢવા માટે. અને નામ નીકળે નહીં કોઈ દહાડો આમાં, આ તો ઊંધા પૈસા જાય. તે

બધી નાતોમાં જઉં. અને બે-ત્રણ જણને તો છોડી હઉ પૈણાવી દીધી'તી. પણ તે મારે ત્યાં જે નોકરી કરતા'તા તેની. છોડી પૈણાવી એટલે વધારે નહીં, બે-ત્રણ હજાર આપીને. ત્રણેક હજાર રૂપિયા હોય તો પતી જાય એ જમાનામાં.

**પ્રશ્નકર્તા :** તે જમાનામાં બે-ત્રણ હજારમાં પતી જતા'તા, બરોબર.

**દાદાશ્રી :** તે હજાર અમારી કંપનીના બોનસ તરીકે આપી દઉં અને બે હજાર મારા ઘરના આપી દઉં. પણ એ ઊંચું મૂકી આપું. લોકોના દિલ ઠારેલા, દિલ દુભાવેલા નહીં. અત્યારે દિલ નથી ઠારતો હું બધાના ? તમે મારું ઠારો છો કે હું તમારું ઠારું છું ?

**પ્રશ્નકર્તા :** ના, ના, તમે અમારું ઠારો છો. આપનું દિલ ઠારવાના હોત તો અમારી કેવી પુણ્યૈ !

**દાદાશ્રી :** એ દિલ ઠારેલા. એ જ મુખ્ય વસ્તુ છે, દિલ ઠારવાનું ! એ પૈસા આપ્યાથી પતતું નથી. દિલ ઠારીએને... તીર્થંકરોએ કેટલાય લોકોના દિલ ઠાર્યા. એમને કાયમના નમસ્કાર હોય ! કેટલા લોકોના દિલ ઠાર્યા ! નર્યો દુઃખનો સમુદ્ર આ તો. આધિ-વ્યાધિ-ઉપાધિ, ત્રણ જાતના તાપ સળગે. તે પહેલા તો લાકડાની અગ્નિથી સળગતા'તા, અત્યારે તો પેટ્રોલની અગ્નિથી સળગે છે. કેટલી આધિ-વ્યાધિ ને ઉપાધિ છે ને ?

**પ્રશ્નકર્તા :** હં.

## માનની ભીખે ગુના વહોરી, કર્યા લોકોને અડચણમુક્ત

**દાદાશ્રી :** ખાલી આમાં ખોટું કયું વધારે કર્યું છે, કે લોકો જે સલાહ લેવા આવ્યા ને, ધંધા માટે. એટલે ઈન્કમટેક્ષનું ખોટું કર્યું હોય અને પછી કેમ છૂટી જવું ખોળતો હોય, એને પાછલું બારણું દેખાડી દીધેલું. એ પછી ડંખેલું, કે 'હારું, આ ગુનેગારોને પાછલા બારણેથી બચાવ્યા !' તે માન આપે એટલા માટે જ ને ! એટલે 'અંબાલાલભાઈ, અંબાલાલભાઈ', છ શબ્દ બોલે પેલા. બધું ખોટું કર્યું હોય, તે સરકારનું ખોટું કર્યું હોય, સિમેન્ટ ઓછો નાખ્યો હોય અને પકડાયો હોય, તે ઘડીએ

સલાહ આપતો'તો, ખોટી સલાહ. તે પાછલે બારણે રહીને કાઢી મેલવા, ગુનેગારોને છટકબારી આપવી એ ખોટી સલાહ કહેવાય. શું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** ખોટી સલાહ.

**દાદાશ્રી :** હા, એટલે આમને કંઈ સપડાઈ ગયા હોય ઈન્કમટેક્ષમાં બિચારા, તો હું સલાહ આપું. તે એ છૂટી જાય, પણ તે પાછલે બારણે રહીને કાઢી મૂક્યા બરાબર ને ? તે ઊંધું-છતું કરીને આવ્યા હોય ને, તોય એમને પાછલે બારણે રહીને હું કાઢી મેલું. હવે ગુનો એણે કર્યો અને છોડાવી આપું હું. એટલે ગુનો મારા માથે લીધો. તે પેલું માન ખાવા હારુ. શેના હારુ ?

**પ્રશ્નકર્તા :** માન.

**દાદાશ્રી :** પાછલે બારણે કાઢી મેલવું એ ગુનો નથી ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. ગુનો સાચો.

**દાદાશ્રી :** અક્કલથી દેખાડી દઉં પાછો, તે પેલો બચી જાય. એટલે પેલો મનમાં એ (ઉપકાર) રાખે. ગુનો અમને ચોંટે. તે પછી સમજાયું કે આ બેભાનપણામાં આ ગુના થયા બધા, માન ખાવા માટે. મને ખાલી એમાં મળે શું, દલાલીમાં ? 'અંબાલાલભઈ અંબાલાલભઈ', એ દલાલીમાં મળે. એટલે પેલો જરા ઢીલું મોઢું કરે એટલે 'ગભરાઈશ નહીં, આપણે વાંધો નહીં, હું છું ને !' બીજે દહાડે રસ્તો દેખાડીએ પાછલે બારણે ! મારી પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરીને પાછલે બારણેથી આ માણસોને છૂટા કર્યા. કારણ કે મને શું લાભ એમની પ્રત્યે ? ત્યારે કહે, મને માન આપે છે એ. માન ભૂખ્યો હતો. માનનો ભૂખ્યો નહીં, પણ ભિખારી. જેમ ભિખારી ભીખ માગ્યા કરે ને, એવી રીતે માન !

## ભૂલ સમજાયા પછી બંધ કર્યું આવી સલાહ આપવાનું

એ ફસાયા હોય તે બધાને મફતમાં છોડાવી આપું. એટલે 'અંબાલાલભાઈ, અંબાલાલભાઈ' કહ્યા કરે, આખો દહાડો માન આપ્યા જ કરે. પૈસા નહીં તો આ રસ્તે માન. અને પેલા લોકો પીરસેય ખરા

અને આપણે જમીએય ખરા, માનને નિરાંતે ! લોકો 'સાહેબ, સાહેબ' કરે. તેમાં એય રસથી પડેલા ને હુંય રસથી પડેલો. અહંકારનો રસ એમનેય ખરો ને મનેય ખરો. તે અહંકારનો રસ ચૂસવા માટે, આ કંઈ લોકોને નોકરી અપાવવા માટે નહીં. એટલે કીર્તિ-બીર્તિ બધુંય ખાવાની ટેવ પડી ગયેલી.

**પ્રશ્નકર્તા :** લોકો તમારા બૂટ ઊંચકતા'તા.

**દાદાશ્રી :** નહીં, આ સલાહથી લોકોને ઘણી અડચણો તૂટી ગયેલી બધી. પણ વ્યવહારની સલાહ આપતા આપતા મારી શી ભૂલ થઈ, કે આગલે બારણે એ લોકોને કાઢવા જોઈએ તેને બદલે પાછલે બારણે કાઢી મેલવાની ટેવ પડી ગઈ. એટલે જવાબદારી મારી આવી. ઈન્કમટેક્ષ ચૂકવવા માટે હું એને સલાહ આપું. તે નીકળી પણ જાય, પણ એ જવાબદારી તો મારે ઘેર જ આવીને ! એટલે મને એ મારી ભૂલ સમજાઈ, ત્યાર પછી મેં પાછલા બારણા બંધ કરી દીધા. આગલે બારણે રહીને નીકળ.

## ઓળખાયો આંધળો અહંકાર ને એને કહ્યો 'ધૃતરાષ્ટ્ર'

આ સાહેબ સમજી ગયા હશે, પાછલા બારણે ? શું સમજી ગયા ?

**પ્રશ્નકર્તા :** આપણે માથે જવાબદારી લઈને.

**દાદાશ્રી :** તમે રેડ પાડો ને, ત્યારે પાછલે બારણે રહીને એ નીકળી જાય. એટલે આ બધી સલાહ આપતા આપતા આવી ફસામણેય થયેલી મને. આમાં કર્મ બંધાય મોટા મોટા. એના દુઃખ કાઢવા માટે હું આવું શીખવાડું કે 'તું આમ રહીને જતો રહે ને, બા.' હવે વખતે જતો રહ્યો, એને લાભ થઈ જાય, પણ એ જવાબદારી કોના માથે ? આવું ના હોય. આવી સલાહ ના અપાય. એટલે આવી પણ સલાહ તે ઘડીએ અપાઈ ગયેલી. આ આમ અહંકાર ખરો ને, તે બધો અહંકાર એટલે આંધળો, ધૃતરાષ્ટ્ર ! ત્યારથી મેં એનું નામ પાડ્યું'તું, કે 'તું તો આંધળો જ મૂઓ છું. મેં તને અજવાળાવાળો જોયો નહીં', તે હું આ રસ્તે ચડી ગયો. કારણ કે તે દહાડે તો અહંકાર ભારે ને !

આ આપણે શેના હારુ જવાબદારી લઈએ છીએ ? અહંકાર પોષાયો એટલે. એટલે કહીએ, 'હું છું ને !' ઓહોહો... ! મોટા છો, સંડાસ જતા આવડતું નથી ને ! પછી હું આ આવું કહેતો'તો, ''ફાકી ફાકવી પડે છે ને, શું જોર કરો છો ? 'હું છું, હું છું' કર્યા કરો છો ? પાછી ફાકી તો ફાકવી પડે છે.'' ફાકી નથી ફાકવી પડતી ?

**પ્રશ્નકર્તા :** ફાકવી પડે.

**દાદાશ્રી :** અને પાછો 'હું છું' બોલે. બધે એવા કે ? દુનિયામાં બધાય 'હું છું'વાળા કે ?

**પ્રશ્નકર્તા :** બધાય.

**દાદાશ્રી :** ઘણાંખરાં સૉલ્યુશન બહુ સારા આવતા'તા, પણ આ સૉલ્યુશનમાં હું ફસાયેલો, કેટલાક સૉલ્યુશનમાં. પછી પાછળથી ખબર પડી કે આ આંધળા અહંકારનું માન્યું, તે માર પડ્યો આ. પાછલે બારણે કાઢી મેલ્યા. હવે પેલો જાણે કે 'મને બચાવ્યો દાદાએ.' મારા મનમાં એમ થાય કે 'મેં બચાવ્યો.' અને પછી સરવાળે હિસાબ મેં કાઢી જોયો. મારે તો હંમેશાં સરવૈયું કાઢવાની ટેવ. દરેક કામ કરું ને એનું સરવૈયું કાઢી જોઉં કે નફો-ખોટ ક્યાં આગળ રહ્યું ? તે તરત ખબર પછી પડી ગઈ કે આ તો બહુ ખોટ ગઈ. એટલે ધીમે ધીમે બંધ કરી દીધું એ, પાછલે બારણે કાઢી મેલવાનું. બીજી રીતે સલાહ આપીએ આપણે એને. બીજા હજારો રસ્તા હોય છે, પણ પાછલે બારણે ના કાઢી મેલાય. તમે પાછલું બારણું સમજી ગયા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમે તો જોયેલું બધું, નથી અનુભવમાં ? વેપારીઓ એટલે પાછલે બારણે...

**પ્રશ્નકર્તા :** એમને એ જ જોવાનું ને, દાદા. સેલટેક્ષમાં આ જ બધું જોવાનું ને, એમણે. પાછલું બારણું વધારે જોવાનું.

**દાદાશ્રી :** આ બધું જોવાનું મળે. એટલે અમારે તો બહુ વેહ આવા.

## ખબર પડ્યા પછી કર્યાં પ્રતિક્રમણ

ઊલટું આ ઓછી ઉપાધિ કરી છે ? કંઈ કરવામાં બાકી રાખ્યું છે ? સારા માણસનેય હેલ્પ કરેલી. સારામાં સારા રસ્તા બતાડેલા, પણ અહીંયા આમનેય રસ્તા બતાડવામાં બાકી નહીં રાખેલું. ચોરનેય કહેલું, કે 'આમ રહીને તું ચોરી કરજે, તો મળશે તને.' કારણ કે એ 'સાહેબ સાહેબ' કર્યા કરતો હોય, તે 'મારું આ દુઃખ ક્યારે જાય' કહેશે. એટલે સીધા ચોરને નહીં, પણ આ સરકારી ચોરીઓ આવી કરજો, તેમ કરજો. સીધા ચોરના પ્રસંગમાં તો કોઈ આવીએ જ નહીં ને ! પણ આ બધું જ્યાં સુધી પોતાનું ભાન નથી, ત્યાં સુધી કપાળકૂટો (માથાકૂટ) કર્યા જ કરવાનો.

એટલે બધા પ્રતિક્રમણ કરવા પડ્યા અમારે તો. પછી ખબર પડી ને ! જ્યારે અહંકારમાં હોય ત્યારે ખબર ના પડે ને માણસને, કે શું કામ ગુનો કરી રહ્યો છે ! એક સારું થાય તો બીજું બગડેય ખરું ને ! અત્યારે એવું નથી થતું. આ જ્ઞાન પહેલા, પછી નહીં.

**પ્રશ્નકર્તા :** એ તો જ્ઞાન પહેલાની વાત છે ને ?

**દાદાશ્રી :** પહેલાની વાત છે. એ પછી તો આવું હોય નહીં ને ! પાછલે બારણે કાઢીએય નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ખરેખર પાછલે બારણે કાઢ્યા અને તે દોષ બેઠેલા, એ તો મારે પ્રતિક્રમણ કરીને દમ નીકળી ગયો'તો. જ્યારે ખબર પડી ત્યારે પ્રતિક્રમણ કર્યા ને ! નહીં તો આ ખબર નહોતી ત્યાં સુધી તો ઊલટો હું રોફભેર ચલાવ્યા જ કરતો'તો ને ! પાછલે બારણે કાઢીએ અને ઉપરથી કેવી અક્કલ વાપરી એના ચા-પાણી પીઈએ પાછા. શું અક્કલના ઉસ્તાદ ! પછી ખબર પડી કે આ અક્કલના ઉસ્તાદ તો જુઓ !

## બધું ગાંડપણ ૧૯૫૧માં છૂટી ગયું

જે મદદ લેવા આવ્યો ને, પછી ચોર મદદ માગવા આવ્યો તો

ચોરનેય સલાહ આપેલી. 'તમે મારું તો કામ કાઢી નાખ્યું ને !' આટલું જ જોઈએ અમને. શું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** માન.

**દાદાશ્રી :** અમારો અહમ્ પોષે એટલે બધું એનું કામ થઈ ગયું. એની જવાબદારી બધી લઈ લઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એ જ માણસ પાછો આજે આવે આપની પાસે, તો આપના વિશે હવે શું માને ?

**દાદાશ્રી :** ના, એ તો એ જાણે ને, 'આ તો ભગવાન જેવા છે. આ તો મારા દુઃખના હારુ જ એ કરેલું બધું. પોતે કંઈ નહોતા કરતા એવું.' એવું સમજે. પહેલા અમેય કરેલી ચોરીઓ. તે ૧૯૫૧માં અમે ચોરીઓ બંધ કરી દીધેલી. ચોરી પોતે કરેલીય પાર વગરની, અને ચોરીઓ કરતા શીખવાડેલુંય લોકોને પાર વગરનું. અને પાછું ઈન્કમટેક્ષવાળા આગળ કેવી રીતે છૂટી જવું તેય દેખાડેલું. ક્યાં મૂકી દેવી ને જવા દેવી, ખોટી લક્ષ્મીને. આવા કેટલાય ગુના થયેલા હોય. અમારે કંઈ વકીલાત હતી ? વકીલો પૈસા હારુ કરે, અમે માન હારુ કરતા. બધું એકનું એક જ છે ને ! બધી વકીલાત જ છે ને ! તે પાછલે બારણેથી કાઢી મેલેલા. પછી એ બહુ ખોટું લાગેલું મને, કે 'સાલું, આવું ગાંડપણ કર્યું !' અને બધું ગાંડપણ એકાવનની સાલમાં છૂટી ગયું, હડહડાટ.

## ખરેખર તો લાગણીવશતાથી આવા ગુના થયેલા

પણ કરેલું ખરું આવું બધું. સામાને શાંતિ કેમ થાય એના માટે આખી લાઈફ ગયેલી, આખી લાઈફ એવી. કારણ કે આ કોઈનું દુઃખ મારાથી સહન ના થાય. કોઈનું દુઃખ જોવાય નહીં. બહુ લાગણીવશ થઈ જઉં, સ્વભાવ એવો. કોઈને દુઃખ થયું હોય તો સહન ન થાય. એટલે પાછલે બારણેય કાઢી મેલું. હવે એ પાપ તો બેસે ને, મને જ બેસે ને !

**પ્રશ્નકર્તા :** હા, એ થયું પાપ.

**દાદાશ્રી :** પહેલા એવી સેફસાઈડ હું કરી આપતો, પણ જ્ઞાન થયા

પછી નહીં કરેલું એવું. પછી આવી જોખમદારી કોણ વહોરે ? પેલુંય બધું પાપ યાદ હતું, બધું ચોપડીમાં લખેલું હતું, પણ આમ જ્યારે જુએ ત્યારે આમ પાછું દેખાય બધું. તે ધોઈ નાખ્યું. બધા લૂગડાં ધોઈને સાફ કરી નાખ્યા.

**પ્રશ્નકર્તા :** કો'કને સલાહો આપીને પાછલા બારણાં દેખાડવા એ તમારી વ્યવહારિક દૃષ્ટિ સાચી છે, પણ ભગવાનની દૃષ્ટિએ સાચું નથી.

**દાદાશ્રી :** ના, ભગવાન તો મારી પર બહુ રાજી. કારણ કે દરેક માણસના દુઃખને બંધ કરેલું, ઘેરે આવ્યો તેને.

**પ્રશ્નકર્તા :** હા, એ બરાબર છે. પેલાનો આત્મા શાંત થાય એટલે ભગવાન રાજી.

**દાદાશ્રી :** ભગવાન તો બહુ રાજી.

**પ્રશ્નકર્તા :** તો દાદા, જ્ઞાન જેને ન થયું હોય, તેને સારું કામ કરવા માટે આવો અહંકાર તો જોઈએ જ ને ?

**દાદાશ્રી :** હોય જ એ, રહે જ. આ ક્યાં રહે, નહીં તો ? આ (આત્માની) ગુફામાં ના રહેતો હોય તો આ (અહંકારની) ગુફામાં રહે છે એ નક્કી.

સાચો અહંકાર તો હોવો જ જોઈએ, નહીં તો સારું કામ કોઈ કરે જ નહીં. અને મને તે અહંકાર હતો, તેથી કરતો'તો ને ! બહુ ભારે અહંકાર ! અહંકાર ભારે, અને તે પાછો ગાંડાય કાઢે કો'ક ફેરો. આવોય ખરો, સારોય ખરો ને પણ ગાંડા કાઢે એવોય અહંકાર ખરો. પણ મજા નહોતી, એમાં શાંતિ કોઈ દહાડો નહોતી. ઉપાધિ, દુઃખ, દુઃખ ને દુઃખ !

## નિયમથી માન આપે તો જ ગમે

**પ્રશ્નકર્તા :** દાદા, આવી માનની ભૂખ હોય તો લોકો તો બહુ વખાણ કરીને એને મૂર્ખ બનાવે, તો આપને ખબર પડી જતી હતી ?

**દાદાશ્રી :** પણ માન આપનારોય છે તે મીઠું બોલે તે ગમે નહીં પાછું.

**પ્રશ્નકર્તા :** એ ના ગમે ત્યાં ?

**દાદાશ્રી :** હં. નિયમથી માન આપે તો જ ગમે. મીઠું બોલે તો એ મહીં હળાહળ ઝેર હોય. એ તો 'મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે' હોય. એવું ના ફાવે. એ તો મૂરખ બનાવવા જાય.

**પ્રશ્નકર્તા :** એટલે નિયમથી માન આપે તો પાછું ગમે.

**દાદાશ્રી :** નિયમથી એટલે આવું છેતરવાનું ના હોય. આમ રેગ્યુલર પદ્ધતથી. એમને એમનું કામ કરાવી લેવાની છૂટ, સ્વાર્થ રાખવાની, પણ છેતરવાનું નહીં. કામ કરાવવાની તો છૂટ આપેલી. કારણ કે હું જાણું, કામની જ બિચારા એ કંઈક આશા રાખે કે મારે દાદાજી કામ લાગે છે, એને પેલું (લાલચ) ખરું ને. એટલે એને બિચારાને બહુ ટાઢક રહ્યા કરે. છેતરવા આવે તો એના સાંધા તોડી નાખું. આમ તું કહું એ બધા કામ કરું.

**પ્રશ્નકર્તા :** છેતરવા આવે એના સાંધા તોડી નાખીએ, એ કેવી રીતે ? એને ફાવવા ના દો એમ ?

**દાદાશ્રી :** ના, ના, એ તો આવતા પહેલા એનું... 'કેમ અહીં ? શું છે ?' એવું બોલું ને, તે પેલો મહીંથી ધરુજવા (ધ્રુજવા) જ માંડે. 'કેમ અહીં ? શાને માટે બધું આ ?' એવું બોલું હું. ગવર્મેન્ટમાં પેલો ડી.એસ. પી. પૂછતો હોય ને, એવું પૂછું એને.

**પ્રશ્નકર્તા :** એ પ્રમાણે કરવું પડે ખરું ?

**દાદાશ્રી :** કરવું પડે નહીં, અમને સહેજે નીકળે. આંખ કડક થઈ કે નીકળે.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે. સહેજાસહેજ થઈ જ જાય એ.

**દાદાશ્રી :** સામો એમેય ના કહે કે 'મને ગાળો દીધી કે મને અપમાન કર્યું', એવું એ ના કહે. બહુ કડક સ્વભાવ, કડક બહુ.

**પ્રશ્નકર્તા :** કષાય ન હોય, કષાય રહિત હોય.

**દાદાશ્રી :** 'કડક બહુ' એવું બોલે, બધે તે. 'બહુ કડક સ્વભાવ છે, હં. જોજો, ત્યાં સાચવીને જજો.'

## માન આપીને છેતરવા આવે તો આંખ ઉપરથી ઓળખી લે

**પ્રશ્નકર્તા :** પણ એ પહેલા ખબર પડવી જોઈએ ને, કે આ માન આપીને છેતરવા આવ્યો છે એવી ?

**દાદાશ્રી :** તરત ખબર પડે, સુગંધી આવી જાય. એની આંખ ઉપરથી જ ઓળખી જઉં ! આંખમાં બધું દેખાય. આંખ પરથી તો બદમાશ હોય તે ઓળખાય, લુચ્ચો ઓળખાય, ચારિત્ર ફેલ ઓળખાય, બધા ઓળખાય અને જ્ઞાનીય ઓળખાય આંખ પરથી, કે જેની આંખમાં ચકલાં જ ના રમતા હોય. લોક આંખ જોઈને જ ખુશ થઈ જાય, વીતરાગતા દેખાતી હોય ! દ્વેષવાળી આંખ ઓળખાય નહીં તને ? કોઈ દ્વેષીલું આમ જુએ તો તને ?

**પ્રશ્નકર્તા :** ખબર પડે ને !

**દાદાશ્રી :** આ ભાઈને ખબર પડી જાય તરત, નહીં ? કોઈ દ્વેષીલું જુએ તો ?

**પ્રશ્નકર્તા :** હા, તરત જ ખબર પડે.

**દાદાશ્રી :** તરત ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** તો એ તો વીતરાગેય ના ખબર પડે ?

**પ્રશ્નકર્તા :** ખબર પડે ને !

**દાદાશ્રી :** રાગથી જુએ તેય. આપણા ઉપર કોઈ રાગ કરતો હોય તો આપણને ખબર પડે કે ના પડે, કે આનો આપણા પર રાગ છે એવું ?

**પ્રશ્નકર્તા :** હા, ખબર પડી જાય. એ સાચું માન આપે છે કે ખોટું માન આપે છે, એ તરત ખ્યાલ આવી જાય.

**દાદાશ્રી :** બધું, બધું ખબર પડી જાય.

## જાણીને છેતરાય એવા ભગવાનના આસિસ્ટન્ટ

**પ્રશ્નકર્તા :** પેલો માન આપતો હોય અને આ પોતાને મીઠું લાગે તો પેલો છેતરવા આવ્યો છે કે સાચો છે એ ખબર પડે ?

**દાદાશ્રી :** ના. માન આપે એ મીઠું લાગે, પણ એ તો અમે છેતરાવાના નહીં. અમે જાણીએ કે એને બિચારાને કંઈ કામ હશે એટલે આવ્યો છે. એ તો છૂટ આપેલી હતી. તમારા કામ કરાવજો, તમારા કામો મારાથી બને એટલા કરીશ. કારણ કે એના હારુ બિચારા જીવે છે. મારે ત્યાં શું કરવા આવે ? અત્યારે ભગવાનનું ઘર હોત તો ત્યાં જાત લોક. પણ છે નહીં, એટલે કંઈ જાય ? ત્યારે કહે, 'કોઈ ભગવાનના આસિસ્ટન્ટ છે ?' તો ત્યાં જાય. ભગવાનનું ઘર છે નહીં, કંઈ (ક્યાં) જાય લોકો તે ? તે એમના આસિસ્ટન્ટ ખોળી કાઢે.

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** આસિસ્ટન્ટ કોણ કહેવાય, કે ભઈ, તારા તરફનું મારે કશું જોઈએ નહીં. તારું કામ મારી પાસે કરાવી લેવાનું.

## આવડત સલાહ આપવાની, પૈસા ભેગા કરવાની નહીં

**પ્રશ્નકર્તા :** તમે કહો છો કે અમને વ્યવહારમાં કશું આવડતું નથી ને આ તો કેટલી બધી કળાઓ છે તમારી ! આ મોટા શેઠિયાઓ મામાની પોળમાં ગાડીઓ ઊભી રાખે અને તમારી સલાહ લેવા આવે.

**દાદાશ્રી :** હા...

**પ્રશ્નકર્તા :** તો એ કેવી રીતના ? એ ટેલી કેમનું થાય, તમને આવડત નહીં ને ?

**દાદાશ્રી :** એ તો આવડત નહીં એટલે શું ? આમ ફક્ત સલાહ આપતા આવડે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી એ તો મોટામાં મોટી વસ્તુ ને !

**દાદાશ્રી :** પણ એવું કામનું શું તે સલાહ આપીને ? સલાહ આપીને અમારું ઘર શી રીતે ચાલે ? પૈસો લેવાનો નહીં.

**પ્રશ્નકર્તા :** એવું તમારે ક્યાં જોઈતું'તું ? તમે બન્ને બાજુ બોલો એ કેમ ચાલે, દાદા ? આમેય બોલો, આમેય બોલો, કેમ ચાલે ?

**દાદાશ્રી :** ના, પણ પૈસો લેવાનો નહોતો. લોકો શું કહે, 'તમારા ઘરમાં કશું કમાયા ?' એટલું પૂછતા'તા ને ! આમાં તો માન-તાન આપી જાય બધા. બધું ફ્રી ઑફ કૉસ્ટ જ રાખેલું.

આ આપણા લોકો આવડ્યું કોને કહે છે ? ઘરમાં પૈસા ભેગા કરે એને આવડ્યું કહે છે આપણા લોક. એટલા હારુ જ, લોક ભેગા કરવા હારુ જ માથાકૂટ કરી રહ્યા છે ને ? અને હું તો હોય તે વિખરાવી દેતો ઊલટો. અને હીરાબાને ભીડમાં નાખતો'તો. શું ?

**પ્રશ્નકર્તા :** એટલે આ આવડત નહીં એમ. સંસારનું ભેગું કરવું, આ નામના કરવી એ આવડત નહીં ?

**દાદાશ્રી :** હા, એવી આવડત જ નહીં.

## ખોલ્યું રહસ્ય, 'શેના આધારે કંઈ પણ આવડે છે'

જેને કંઈ પણ આવડે છે, તે અહંકારના આધારે આવડે છે. 'જ્ઞાની', જેને કંઈ જ આવડતું નથી, તેને અહંકાર જ નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારું એક વાક્ય છે કે મને કાંઈ આવડતું નથી એટલે તો હું આત્માનું શીખ્યો.

**દાદાશ્રી :** એ તો અત્યારે બોલ્યો.

**પ્રશ્નકર્તા :** એટલે આ ન આવડ્યું એ ફાયદામાં ગયું ને ?

**દાદાશ્રી :** ના, એ તો થોડા વરસથી બોલ્યો, નહીં તો 'નથી આવડતું' એવું બોલતો જ નહીં. 'મને તો સંસારનું બહુ આવડે છે' એવું જાણતો'તો.

**પ્રશ્નકર્તા :** સલાહ લેવા આવતા'તા ને !

**દાદાશ્રી :** આ બાબતની સંસારી સમજણ બહુ ભારે હતી ને !

એટલે હમણાંનો બોલ્યો કે ‘આ મને કશું આવડતું નથી.’ અને ખરેખર ભૂલીએય ગયો, સંસાર ભૂલીએય ગયો.

અને અત્યારેય કશું આવડતું નથી, તેય જોયું મેં. સંસારનું કશુંય આવડતું નથી. એક અક્ષરેય આવડતું નથી સંસારનું, એય મેં જોયું. તે દહાડે આવડતું’તું તેય જોયું. અત્યારે એ સલાહ પૂછવાની વાત ક્યાં ગઈ, અત્યારે તો કશું આવડતું જ નથી ને, મૂઆ. તું સલાહ પૂછવા આવે તેનું શું ? આવડે તેને પૂછવાનું હોય ને ? કારણ કે આવડે ક્યાં સુધી ? મહીં લાલચ હોય ત્યાં સુધી. ચાર-ચાર ગાડીઓ ઘર પાસે પડી રહેતી હતી બહાર, મામાની પોળમાં. લોકોય સમજે કે આમને ત્યાં ચાર ગાડીઓ રોજ આવવાની. શા હારુ અહીં શેઠિયા પડી રહેતા ? એ ઘરમાં કંઈ બંગલો હતો ? ત્યારે બંગલી હતી ? ટેન બાય ટ્વેલ્વ (દસ બાય બાર) ની રૂમ ! એટલી રૂમમાં, તોય પણ શેઠિયાને આવવું પડે. કારણ કે ગૂંચાયો હોય તો શું કરે પણ ? ગૂંચવાડો કાઢી આપું, એટલે બેસી રહે બિચારા. અને મને શાથી આવડે ? પેલી લાલચ, ‘તમારે લીધે હું બચ્યો, તમારે લીધે બચ્યો’, એટલું જ કહેનાર જોઈએ. કેવું ?

**પ્રશ્નકર્તા :** એ લાલચ, માનની લાલચ.

**દાદાશ્રી :** આટલી લાલચ હારુ. પાછા ગુનેગારોને પાછલે બારણે રહીને કાઢી મેલેલા. અલ્યા મૂઆ, આગલે બારણે રહીને કાઢવાના, તે પાછલે બારણે કાઢો છો ? પછી મને ખબર પડી, મેં કહ્યું, ‘અરેરેરે ! પાછલે બારણે રહીને તો હુંય ના જઉં અને મેં લોકોને પાછળ રહીને ભગાડ્યા !’ પાછલે બારણે રહીને ગુનેગારોને કાઢી મેલ્યા ! કેવું ?

**પ્રશ્નકર્તા :** પાછલે બારણેથી.

**દાદાશ્રી :** કારણ કે પેલો કહે, ‘તમારે લીધેને આ, નહીં તો હું માર્યો જાત.’ આહાહા, શું તે મોટા ભગવાનનાય ગુરુ થઈ બેઠા હોય એવું ! પેલો ‘તમારે લીધે’ કહે એટલે આપણે જાણ્યું કે આવી ગયું બધું. જે તું કહું એની પર સહી કરી આપીએ, હેંડ. જે તું ગુનો કરું, ફાંસીનો ગુનો તું કરું અને સહી મારે કરી આપવી. ઘણા આવા કામ કર્યા, તે ઓળખું

ને, હું બધું. હવે કશી લાલચ નથી રહી. મેં કહ્યું, 'આપણી આવડત જતી રહી.' તે લાલચ હતી તેથી આવડતું'તું. શાથી આવડતું'તું ?

**પ્રશ્નકર્તા :** હા, લાલચ હતી તેથી.

**દાદાશ્રી :** કોઈ જાતની લાલચ રહી નહીં, તે આવડતું જ બંધ થઈ ગયું ને !

ક્યાં સુધી આવડે માણસને ? જે, જે વિષયમાં જે જાણકાર છે, જાણકારી છે, તેમાં એને કંઈ લાલચ હોય ત્યાં સુધી આવડે. નહીં તો લાલચ ગઈ એટલે જતું રહે. અમને જુઓ ને, કશુંય આવડતું નથી. આ અહીંથી આપણે ત્યાં ગયા'તા ને, ત્યાં મને વખતે ભૂલેશ્વરમાં કોઈ કહે, તમે જાતે જાવ જોઈએ. અને ખુરશી ઊંચકનારા અજાણ્યા હોય, તો હું એમને દોરવી શકું નહીં કે 'આમ હેંડો.' ઊલટા ખુરશી ઊંચકનારા મને કહેશે, 'આ રસ્તો બરોબર નથી દેખાડતા, ગૂંચાય ગૂંચાય કરે છે. કશું ખબર જ નથી.' પછી મારે કહેવું પડે, કે 'રામ તારી માયા !' રામની જ માયા છે ને ! નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, એ તો છે જ ને ! રામની જ માયા છે ને ! મહીં બેઠો છે એની જ માયા છે.

**દાદાશ્રી :** અમારો વેશ તો આખી જિંદગી આવો ને આવો ગયેલો, બળ્યો ! પાંસરો રહેલો નહીં ને ! જમાત બડી, બહુત બડી, ભારે. શું ?

**પ્રશ્નકર્તા :** જમાત.

**દાદાશ્રી :** જમાત !

❖❖❖❖❖

# [૧.૪]

# લોકોને બચાવ્યા આપઘાત કરતા

## સલાહ આપી લોકોને આપઘાત કરતા બચાવેલા

**પ્રશ્નકર્તા :** દાદા, આપ તટસ્થતાથી ખુલ્લું કરો છો કે સલાહ આપવા પાછળ આપનું માન હતું પણ સામા પક્ષે વાત કરીએ તો આપની સલાહથી કેટલાયના જીવન તથા કુટુંબ બચી ગયેલા એવું સાંભળેલું.

**દાદાશ્રી :** હા, હું સલાહ તો એવી આપતો'તો કે બિચારો આપઘાત કરવાનો હોય તો બંધ રાખે. અને વડોદરા શહેરમાં તો કહેવડાવી દીધેલું બધેય, આખા શહેરમાં, આજથી વીસ-પચ્ચીસ વર્ષ ઉપર, કે 'જેને કોઈને આપઘાત કરવો હોય, તે મને મળીને પછી કરજો. મને એક ફેરો ભેગા થઈને પછી કરજો, જેને કરવું હોય તેને.' એવું બધે કહેવડાવી દીધેલું, મિત્રો અને ઓળખાણવાળા મારફત.

**પ્રશ્નકર્તા :** એને કરવાની છૂટ છે, પણ પહેલા આપને ભેગા થઈને.

**દાદાશ્રી :** તે ઘણાંખરાં ચેન્જ થઈ ગયેલા, બિચારા.

**પ્રશ્નકર્તા :** હા, હું એ જ કહેવા માગતો'તો.

**દાદાશ્રી :** ચેન્જ થઈ ગયા. એક સગાને તો એમ કહેલું... અમે બે ભરૂચ ગયેલા. તે ભરૂચથી આવતા આવતા મેં કહ્યું, 'છોડીઓના બાપ છો. કશુંક અવળું-હવળું થાય તો મરી ના જશો, મને મળવા આવજો.'

તે પછી એવું જ થયું છ-આઠ મહિના પછી. એટલે પેલા ભાઈ તો ઝેર ખઈ લેત ત્યાં આગળ. ઝેર જ ખઈ લે એવા વટવાળા હતા. તે પછી મને મળવા આવ્યા. મને કહે છે, ''તમે કહેતા'તા એવું જ થયું, ને આ મળવા આવ્યો છું હું.'' ત્યારે મેં કહ્યું, 'ક્યારે થયું આ ?' ત્યારે કહે, 'પરમ દહાડે જ જાણ્યું.' મેં કહ્યું, 'જે દહાડે થયું હોય તે દિવસ ખોળી કાઢો. આ તો હતું જ. આમાં નવું શું લાવ્યા આ ? તે દહાડે ઝેર કેમ ના ખાધું ? જ્યારે ઝેર ખાવાનું હતું તે દહાડે ખાધું નહીં અને હવે ઝેર ખાવા ફરો છો ?' ત્યારે કહે, 'શું કરું પણ આ ? આબરૂ જાય ને ?' મેં કહ્યું, 'ગયેલી જ છે આબરૂ, છે જ ક્યાં તે ?' લોક નથી જાણતા કંઈ આ બધા ? તો કહે, 'હવે શું થાય ?' મેં કહ્યું, 'આને સાંધો આબરૂને હવે. આ ગયેલી આબરૂને સાંધો આપણે.' એટલે સાંધામાં, વચ્ચે પડીને મેં સાંધી આપી આબરૂ. શું થાય ત્યારે ? 'આવું થયું તે હું મરી જઈશ.' અરે, પણ તે દિવસે મરી જવાનો હોય તો વાંધો નહીં, તો તો મનેય વાંધો નહીં. હું જાણું કે ભઈ, ના, ઑન ધી ડે (એ જ દિવસે), આ બાજુ ખોટું થવું ને આ બાજુ એમનું મરવું, બે ઑન ધી મૉમેન્ટ છે. આ તો ક્યારે થયું ને ક્યારે મરો છો ? કઈ જાતના લોક છો તમે ? અત્યાર સુધી સંઘર્યું બધું ! હું વઢ્યો સારો કરીને. ત્યારે કહે, 'હા, વાત તો ખરી. હારું, મેં સંઘર્યું અત્યાર સુધી, તે ખોટું કહેવાય ને !'

## સમજાવીને, પૈસા આપીને નવજીવન બક્ષે

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આ સાંભળનારને તો તે વખતે બળેલો આવ્યો હોય તો તેને તો ઠંડક જેવું લાગે. આવ્યો હોય ત્યારે તો બળેલો આવ્યો હોય ને !

**દાદાશ્રી :** અરે, બહુ ઠંડક, ઠંડક જ થઈ જાય ને ! તે પેલા ભાઈને તો એવી ઠંડક થઈ ગઈ, તે રડી પડતા. પછી કહે છે, 'હવે મને ચા પાવ.' મેં કહ્યું, 'કશું કરવાનું નહીં, હં.' ત્યારે કહે, 'આવું પગલું-બગલું કશું ભરવાનું નહીં ?' 'કશું પગલું નહીં ભરવાનું. હિંસક પગલું-બગલું ભરવાનું નહીં. એના રસ્તા હોય છે બધા', કહ્યું. 'ના, પણ આને કેમનું સમજાય ? એને મેં કહ્યું, 'આ આજે બન્યું છે ?' આ જગત શું માને છે,

કે આ આજે જ થઈ ગયું. અરે મૂઆ, આ તો ક્યારનું થયું, આજે ઉઘાડું પડ્યું ભોપાળું. શું થયું ?

**પ્રશ્નકર્તા :** હા, ચાલતું'તું ઘણા વખતથી, આજે બહાર પડ્યું.

**દાદાશ્રી :** ભોપાળું ઉઘાડું પડ્યું. ભોપાળું ઉઘાડું પડે તે દહાડે આપણે શાંત રહેવું જોઈએ, કે 'મારી હારી આપણી ભૂલ થઈ કે અત્યાર સુધી આ ખબરેય ના પડી !' ઊલટું આપણે શાંત થવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** આ તમે કહ્યું ને, કે પછી મેં સાંધી આપ્યું. તે કઈ રીતે તમે કર્યું, એ કહો.

**દાદાશ્રી :** પૈસાની પોટલી બાંધીને બોલાવ્યા એમને. અને જઈને વિવાહ કરાવી આપ્યો અને રાગે પાડી દીધું. રૂપિયા આપી દીધા. પેલો ભીડવાળો હતો, તે રાગે પડી ગયું પછી. મરવાથી વધારે ફાયદો થાય ? નહીં, ઊલટું નાતમાં ફજેતો થાય, કે 'કંઈક હશે ત્યારે બાપ મરી ગયો હશે ને ?' માટે જીવતા રહો ને, મૂઆ.

## અણસમજણ સામે સમજણ આપી અટકાવે આપઘાત

અમારે ત્યાં એક બહુ શ્રીમંત શેઠ હતા ને, તે આમ માથા પર બંદૂક ધરીને પછી ફોડી એણે. બહુ મોટો શેઠ હતો, પાંત્રીસ-સાડત્રીસ વર્ષનો.

**પ્રશ્નકર્તા :** શું તે અવગતિયો થયો હશે ? એવું સાંભળ્યું છે કે પછી સાત ભવ આવી રીતના થાય, એ વાત સાચી છે ?

**દાદાશ્રી :** એ તો જે સંસ્કાર પડે ને, તે બધાય સંસ્કાર પાંચ-પાંચ, સાત-સાત ભવના પડી જાય છે.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** એટલે આ કોઈ સંસ્કાર પડવા ના દેશો. ખોટા સંસ્કાર પડવા ના દેવા જોઈએ. એવા સંસ્કારથી દૂર ભાગજો. આ અહીં ગમે એટલું દુઃખ હોય તો સહન કરજો પણ પોતાને ગોળી-બોળી ના મારશો. શું ?

**પ્રશ્નકર્તા :** આપઘાત કરશો નહીં.

**દાદાશ્રી :** એવા માણસ હોય તેને હું કહી રાખું. જોખમવાળા માણસ હોય એમને કહી રાખું, કે 'આપઘાત કરવાનું થાય, તો તું મને યાદ કરજે અને મારી પાસે આવજે. તને ચિંતા ના થાય એવું લાઈફ આપી દઈશ.' ચિંતા થાય ને બિચારાને, સહન થતું ના હોય ! શું કરે હવે પણ ? એવા બે-ત્રણ જણ બચી ગયેલા બિચારા ! એમને સમજાવી દઉં કે આમાં શું સાર છે ને તને શા માટે આપઘાત કરવાની જરૂર નથી. જે તારું દુઃખ છે તે આ રીતે ફરી જશે. તે ફેરફાર થઈ જશે, પછી તારે દુઃખ છે જ નહીં. એવું સમજાવી દઈને, એને મનનું સમાધાન કરી આપીએ. એને સમજ પાડી દઉં પછી તે બીજે દહાડે આપઘાત કરતો બંધ થઈ જાય. અરે મૂઆ, આપઘાત કરીને કામ શું છે તે ? આપઘાત કરીને કંઈ ઉપર તારા માટે ગાદી રાખી મૂકી છે ? ઊલટું બેવડા ગુનેગાર બનશો. એક તો ચોરી કરી, ને પાછો નાસી જાવ છું ? વળી પકડી લાવ્યા ને નાસી જાવ છું ? તે ભારે ગુનેગાર બને છે. મૂઆ, આવ્યું તેને ભોગવીને છૂટી જા ને ! આ તો વગર કામના શું કરવા આપઘાત કરે છે ? તું પોતે જ ભગવાન છે ! વગર કામનો તારે આપઘાત કરવાની જરૂર જ શી છે ? પણ જો કોઈએ આવું કહ્યું જ નથી ને ! આ હું જેવું કહું છું એવું કોઈએ એને કહ્યું જ નથી, પણ ખરેખર હકીકત એમ જ છે ને ! અણસમજણથી આપઘાત કરે છે. આપઘાત કરવા જેવું જગતમાં છે જ નહીં કશુંય. સમજણ ના હોય એનામાં, આગળનું દેખાય નહીં, ત્યાર પછી આપઘાત કરે છે.

**પ્રશ્નકર્તા :** ભય પેસી જાય.

**દાદાશ્રી :** કશું દેખાય નહીં એને, આંધળો થઈ જાય છે.

## આપઘાતનો ગુનો સાત અવતાર સંસ્કાર બગાડે

હું તો વીસ-બાવીસ વર્ષનો હતો, ત્યારે એક માણસ મને કહે છે, 'તમને કોઈ દહાડો આપઘાતના વિચાર આવ્યા ?' મેં કહ્યું, 'મને તો કોઈ અવતારમાંય નથી આવ્યો !' હું શું કરવા આપઘાત કરું ? હઉ થશે, એ જોઈ લેવાશે. પણ આપઘાતની જવાબદારી ના લેવાય. આપઘાતની

જવાબદારી બહુ છે. આ આપઘાતનું તો સાત અવતાર સુધી જાય નહીં.

**પ્રશ્નકર્તા :** સાત અવતાર સુધી આપઘાત કર્યા જ કરવાના.

**દાદાશ્રી :** એના એ પરમાણુ જ એને ભમાવ્યા જ કરે. સાત અવતાર બગડે એમાં. આપઘાત ક્યારે કરે ? આપઘાતના વિચારો આવતા આવતા આવતા આવતા તે રિજ પૉઈન્ટ ઉપર આવે, ત્યારે એ આપઘાત કરવાનું શીખી જાય. અને એને રૂપકમાં આવે. તે પછી આ બાજુના સાતેય અવતાર કરવા પડે, ત્યારે છૂટે એ. ધીમે ધીમે છૂટતું જાય. એટલે પછી એના ભવ બગડે. તે સંસ્કાર પછી કાઢ્યા ના જાય. ફરી પાછો આપઘાત કર્યા કરે. એટલે આ આપઘાતના જેમ સાત-સાત જન્મના સંસ્કાર છે ને, એવા આ દરેક વસ્તુના સાત-સાત જન્મના સંસ્કાર પડે છે.

**પ્રશ્નકર્તા :** દરેક વસ્તુના સાત જન્મ ?

**દાદાશ્રી :** હા, એની હદ છે. એની લિમિટ છે એ. એટલા માટે કોઈ પણ વસ્તુમાં પેસતા પહેલા વિચાર કરવો, કે સંસ્કાર શું થશે ? પણ વધારેમાં વધારે આપઘાત કરનાર ગુનેગાર છે. બાકી બીજું બધું તો છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એમાં ઈન્ટેન્સ રિઍક્શન આવે છે, નહીં ? એમાં તીવ્ર પ્રત્યાઘાત પડે છે ને ?

**દાદાશ્રી :** હા, આપઘાતમાં તો એ પડ્યા પછી 'બચાવો'ય કહે પાછો. તળાવમાં પડ્યો ત્યાં સુધી આપઘાત કરવો હોય, અને પડ્યા પછી કહેશે, 'મને બચાવો.' હવે કોણ બચાવે ? બાપ બચાવે એને ? એટલે એ માણસ એટલો બધો બેભાન થઈ જાય, એને ગમે એટલું સમજાવો, ગમે તેવું એને કરો પણ આપઘાત કરીને જંપે.

## આપે એવી સમજણ કે સામો પોતે જ ન્યાય કરી લે

તેથી મેં કહેલું લોકોને, કે કોઈ આપઘાત કરતો હોય, તો મારે ઘેર મોકલજો પહેલો. એમને સમજણ પાડી દઉં, કે ભઈ, આ આમ છે ને તેમ છે. એટલે એના મનમાં એમ થાય કે 'હારું, આપઘાત કરવા જેવું છે નહીં. આ દાદા ખરું કહે છે.' એટલે પોતે જ એનો ન્યાય કરી નાખે. હું

એવું બોલું કે ન્યાય પોતે કરે, કે ખરેખર તો આપઘાત કરવા જેવું નથી. એની ગૂંચામણ કાઢી નાખું બધી. કારણ કે એ ખાલી મેડનેસ છે એક જાતની. મેડનેસ ! પણ એવું સમજાવનાર હોય નહીં ને ? હું સમજાવું એટલે પછી એના બધા વિચારો ફરી જાય. પછી ખુશમાં થઈને ફરે.

## સમજાવે, થાળે પાડે, વાળે ને ઘરના પૈસાય આપે

૧૯૫૧ પછી એ બધાને ખબર આપેલી કે 'જે કોઈને આપઘાત કરવો હોય તો મને ભેગો થાય ને પછી કરે.' કોઈ આવે કે 'મારે આપઘાત કરવો છે', તો એને હું સમજાવું. આજુબાજુના 'કૉઝિઝ', 'સર્કલ', આપઘાત કરવા જેવો છે કે નથી કરવા જેવો, બધું એને સમજાવી દઉં ને એને પાછો વાળી લઉં. જો એને સો-બસ્સોની ભીડ હોય તો રૂપિયા આપીને પતાવી દઉં. ધંધો ના હોય તો ધંધાનો રસ્તો દેખાડું અને નહીં તો આપઘાત તો તું કરીશ જ નહીં. તને આ રીતે આવો ફાયદો થશે, એવું દેખાડું. પણ એને વાળું. કારણ, બીજું તો આપણે શું કરી શકીએ ? ઓબ્લાઈજ કરીએ, એટલે અહીં લોકોએ આવીને લાભ લીધેલા. મને મળે એટલે ફેરવી નાખું. અને પાછા ઘરના રૂપિયા-બુપિયા હઉ આપું. મહીં કેટલાક લોકોને સો-બસ્સો આપેલાય ખરા, તે તાત્કાલિક અડચણ માટે. અને પછી એને જીવતો રાખું.

❖❖❖❖❖

# [૧.૫]
# કોઠાસૂઝ અને વિપુલમતિ

## કૉમનસેન્સથી ઉઘાડે સર્વ તાળા

**પ્રશ્નકર્તા :** દાદા, વડોદરામાં જૂના માણસો એમ કહે કે કોઈનેય તકરાર થઈ હોય ને, તો પહેલા દાદાને યાદ કરે. કોઈને કોઈક ડખો પડ્યો હોય ને, તો પહેલા તમને યાદ કરે. ડખા પડે ને કોઈને, ઝઘડા થાય...

**દાદાશ્રી :** તમને શી રીતે ખબર પડી ?

**પ્રશ્નકર્તા :** બધા જે જૂના મળે છે, તે બધા અમને કહે, કે 'અમે આ રીતે ઓળખીએ, કે અમારા કોઈનું જો કોઈ બાઝ્યું હોય તો ઉકેલી આપે દાદા.'

**દાદાશ્રી :** ઉકેલી આપે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ ઝઘડા થાય એનો નિકાલ કરી આપું. એ ગૂંચો પડેલી હોય, તે ઉકેલી આપું. તમને કહે ખરા વાત ?

**પ્રશ્નકર્તા :** હા, એ બધા જૂના માણસો મળે એ કહે.

**દાદાશ્રી :** આ તો અમે ત્રીસ વર્ષથી ટચમાં જ નથી લોકોના. એટલે ભૂલી જાય કેટલાક તો. અને હું પહેલા તો રોડ પર ફરતો ફરતો જઉં ને, તો દર ત્રીજી દુકાનવાળો મહીં બોલાવે. અત્યારે તો હું દુકાનોમાં જઉં

ને, તો કોઈ મારો ઓળખાણવાળો નથી મળતો, કારણ કે હવે છોકરાના છોકરા બધા. કોઈ પણ ઓળખાણવાળો જ નથી. મારી જોડેના બધા ચાલ્યા ગયા. તે કોઈ કહેનાર મળે છે ખરો ?

**પ્રશ્નકર્તા :** મળે, દાદા, ઘણા મળે.

**દાદાશ્રી :** મહીં ગૂંચો કાઢી આપે એમ ?

**પ્રશ્નકર્તા :** હા, તમે કૉમનસેન્સથી ગૂંચો કાઢી આપો.

**દાદાશ્રી :** કૉમનસેન્સ કોને હું કહું છું ? એક માણસ કહે, 'કૉમનસેન્સ તો મારેય છે.' મેં કહ્યું, 'લે ને, તાળું ઉઘાડ ને ! ઘેર બૈરી જોડેનું તાળું વસાઈ જાય છે, એ તો ઉઘડતું નથી. અને તારું તાળું વસાઈ ગયેલું અમે ઉઘાડી આપીએ.' એટલે એ કૉમનસેન્સનો અર્થ મેં મૂક્યો છે પુસ્તકમાં. કૉમનસેન્સનો અર્થ શું ? એવરીવેર એપ્લિકેબલ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એવરીવેર એપ્લિકેબલ, રાઈટ.

**દાદાશ્રી :** એ કૉમનસેન્સ, એવરીવેર એપ્લિકેબલ, બધા જ તાળા એ ઉઘાડે. બધી જાતના, કટાયેલા-બટાયેલા ! બધા તાળા ઉઘાડી દઉં.

## કઈ રીતે વધે સૂઝ ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ જે વ્યવહારની બધી આવડત એ તમારામાં પહેલેથી ?

**દાદાશ્રી :** એ બહુ સારી, વ્યવહારની આવડત બહુ સારી. બહુ સારી સૂઝ પડે.

**પ્રશ્નકર્તા :** તે એવી સૂઝ બધાને કેમ ના આવે ?

**દાદાશ્રી :** હોય ખરી, પણ લોભના માર્યે ઊડી જતી હોય, ત્યાં બેધ્યાન રહે. સૂઝ હોય પણ લોભ એને છે એટલે બેધ્યાન રહેતો હોય, તો એમાં એ સૂઝ શું કરે બિચારી ? આ ક્રોધ-માન-માયા-લોભ ખઈ જાય છે આ લોકોની સૂઝને. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એટલે સૂઝ હોય તો ખરી ?

**દાદાશ્રી :** હોય, સૂઝ તો હોય.

**પ્રશ્નકર્તા :** હોય તો ખરી જ, પણ એ જાગ્રત કરવાની હોય.

**દાદાશ્રી :** પણ સૂઝેય દિવસે દિવસે જો તમે એને બેધ્યાન ના રહો ને, તો પછી ઉંમર વધતી જાય સૂઝની.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** પણ તમે તો તમારા ક્રોધ-માન-માયા-લોભમાં, એટલે આ બાજુ બેધ્યાન જ રહો છો, એટલે પછી શું થાય ? અને અમે તો એ સૂઝમાં જ જાગૃત રહીએ.

**પ્રશ્નકર્તા :** દાદા, એ સૂઝ જે છે, એ અહંકારથી ઢંકાઈ જાય ખરી ? સૂઝવાળા માણસને જો અહંકાર પાછો જો કંઈક હોય, તો એનાથી એ સૂઝ ઢંકાય ખરી ?

**દાદાશ્રી :** ના, એવું નહીં. એ અહંકારથી ઢંકાતી નથી. ફક્ત સૂઝવાળા માણસના પરિચયથી એ વધતી જાય છે. અહંકાર એને કશું કરી શકતો નથી. દારૂય કશું કરી શકતો નથી ને ! દારૂ નહીં, ગાંજો, એ બધુંય કશું એને કરી શકતું નથી. ફક્ત હલકી સૂઝવાળાની જોડે પડી રહેવાથી, સંસર્ગથી સૂઝ ઓછી થતી જાય છે. હલકા લોકોની સૂઝ હોય હલકી, તેની જોડે પરિચયમાં આવવાથી સૂઝ ઓછી થતી જાય ! પછી એય ગૂંચવાતા હોય ને આપણનેય ગૂંચવે. એટલે સંગ-સંસર્ગ બહુ સારો રાખવાનો, સૂઝવાળાનો. આ કવિઓ-બવિઓ બહુ સૂઝવાળા હોય !

## સૂઝ એ તો કુદરતી બક્ષિસ, મહાપુણ્યશાળીને હોય

મારે એ જ વધારે હતું, સૂઝ બહુ જબરી ! જ્યાં ને ત્યાં ફોડ પડી જાય. એટલે સાંજે દસ-પંદર માણસ પૂછવા આવે, તેનો નિવેડો આવી જાય !

ઘણા લોકોને સૂઝ હોતી નથી. સૂઝ તો મહાપુણ્યશાળીઓને હોય !

સૂઝ શું કામ કરે ? જ્યારે ગૂંચવાયેલો આવ્યો હોય ને, ત્યારે એને નિરાધારપણું લાગે.

**પ્રશ્નકર્તા :** હં, એ સૂઝ નથી એટલે.

**દાદાશ્રી :** હા, નિરાધારપણું લાગે. પણ પછી આમ થોડીવાર બેસે, પછી મહીં સૂઝ પડી જાય કે 'આમ કરો ને, કશો વાંધો નહીં.' એટલે પછી ચાલ્યું. એવી સૂઝ પડી જાય મહીં. એ કુદરતી બક્ષિસ છે, એ પુરુષાર્થ નથી. જુદી જુદી જાતની સૂઝ હોય.

## મિથ્યાત્વમાં 'સૂઝ' તે સમકિત થતા થાય 'દર્શન'

એ સૂઝ જ્યારે પરફેક્ટ થાય ત્યારે દર્શન કહેવાય.

**પ્રશ્નકર્તા :** સૂઝ પરફેક્ટ થાય, ત્યારે દર્શન કહેવાય ?

**દાદાશ્રી :** હા, ત્યારે દર્શન કહેવાય. કારણ કે 'સૂઝ' બધાને હોય. 'દર્શન' સમ્યક્‌માં જાય.

**પ્રશ્નકર્તા :** એટલે સૂઝ મિથ્યાત્વમાં પણ હોય, મિથ્યાત્વ હોય તોય ?

**દાદાશ્રી :** ત્યાં મિથ્યાત્વમાં જ સૂઝ હોય, અને સમકિતીને સૂઝ ના હોય, એને દર્શન હોય. અને તારે કેવળદર્શન હોય. જે દર્શન પછી કોઈ મોટી ચીજ જોવાની ના હોય એવું.

## વિપુલમતિને લીધે તુરંત જ તારણ કાઢે

**પ્રશ્નકર્તા :** (પત્ર વાંચે છે) 'આ ભાઈએ તેમના લખાણમાં પૂજ્ય દાદાશ્રીની બે લાક્ષણિકતાઓનો નિર્દેશ કર્યો છે; તે છે વિપુલમતિ અને કોઠાસૂઝ.'

**દાદાશ્રી :** વિપુલમતિ ને કોઠાસૂઝ. એવું કહે છે કે મેં દાદાને જોયેલા પહેલેથી એ.

**પ્રશ્નકર્તા :** લાક્ષણિકતા.

**દાદાશ્રી :** પછી ?

**પ્રશ્નકર્તા :** (પત્ર વાંચે છે) 'ઘટના નાની અને ક્ષુદ્ર હોય, પણ તેમાંથી નવું ઊંડું રહસ્ય ભેદવાની સૂઝ દાદામાં છે. સામાન્ય પ્રસંગમાં પણ ઊંડું રહસ્ય શોધી કાઢવાનું...'

**દાદાશ્રી :** આ કોઠાસૂઝ અજ્ઞાનતામાં રહેલી. અને વિપુલમતિ એટલે શું ? પુસ્તક ઝાલે ને, તરત અડધા કલાકમાં આખોય સાર ખેંચી લે એનો. તરત મૂકી દે આવડું મોટું, જાડું પુસ્તક.

**પ્રશ્નકર્તા :** (પત્ર વાંચે છે) 'તેઓશ્રી પુસ્તકના પત્તા ફેરવીને તેના સાર તત્ત્વને શીઘ્ર ગ્રહી લે છે.'

**દાદાશ્રી :** હા. બધાય વાંચી રહ્યા હોય અને પછી એના એ જ વાંચેલાનું ઊંડું રહસ્ય મને જડ્યું હોય ને પેલાને ના જડ્યું હોય.

**પ્રશ્નકર્તા :** તે એ વખતે અમુક પેલી દૃષ્ટિ હશે ને, કે અમુક જિજ્ઞાસાવૃત્તિ કહો કે શોધકવૃત્તિ કહો, કે અમુક વસ્તુ જોઈએ છે, એ આમાં છે કે નહીં, અથવા એ વસ્તુનું કેટલું આમાં છે એવું શોધી લો આપ ?

**દાદાશ્રી :** આ શું કહેવા માગે છે, આમાં કંઈક..., આ કહેનાર માણસનામાં કંઈ બરકત છે કે નહીં, એટલું જોઈ લઉં. આમથી જોતો જોતો તે એની બરકત જોઈ લઉં. આમાં બરકત દેખાતી નથી એટલે પછી મૂકી દઉં, વાંચીને. વાંચીને નહીં, પણ એના એક-એક વાક્ય ગમે ત્યાંથી પકડી, એમાં શું બરકત છે એ જોઈ લઉં. કારણ કે આટલા પુસ્તકો, કેટલાય આખા પુસ્તકો, લાઈબ્રેરીમાં કંઈ પુસ્તકોનો પાર હશે ? હું પુસ્તકની પસંદગી કરતા બહુ વાર લગાડું. પસંદગી કર્યા પછી બરકત છે કે નહીં તે જોઈ લઉં. ત્યાં હજાર પુસ્તકમાંથી એકાદ પુસ્તકમાં સહેજ મને બરકત દેખાય. આ બીજા લોકોએ તો પોતાના અહંકાર ગાયા છે. કશું ભલીવાર નથી.

અમને તો પહેલેથી જ જગતના શબ્દેશબ્દનો વિચાર આવે. પહેલા ભલે જ્ઞાન નહોતું, પણ વિપુલમતિ એટલે બોલતાની સાથે જ ફોડ પડે,

ચોગરદમના તોલ થાય. વાત નીકળે તો તરત જ તારણ નીકળી જાય, આને 'વિપુલમતિ' કહેવાય. વિપુલમતિ હોય જ નહીં કોઈને ! 'આ' તો એક્સેપ્શન (અપવાદ) કેસ બની ગયો છે ! જગતમાં વિપુલમતિ ક્યારે કહેવાય ? એવરીવેર એડજસ્ટ કરી આપે એવી મતિ હોય. આ તો કાચું કાપવાનું હોય તેને બાફી નાખે અને બાફવાનું હોય તેને કાચું કાપી નાખે, તો ક્યાંથી એડજસ્ટ થાય ? પણ એવરીવેર એડજસ્ટ થવું જોઈએ.

## પૂર્વભવનો સામાન બહુ ઊંચો લાવેલા

**પ્રશ્નકર્તા :** દાદા, એ કૉમનસેન્સ જે છે તે કેવી રીતે આવતી હશે ? એ જે કોઠાસૂઝ જે કહે છે, એ કેવી રીતે... ?

**દાદાશ્રી :** નહીં, એ તો પૂર્વનું બધું.

**પ્રશ્નકર્તા :** એ પૂર્વનું ?

**દાદાશ્રી :** પૂર્વનું. પૂર્વનો સામાન બધો લઈને આવેલો. એ તો લાવેલા હોય ને, સમજણ પડી જાય તરત બધાની. ગૂંચવાડો બધાનો કાઢી આપતો હતો. તેથી 'અંબાલાલભઈ' કહે ને, નહીં તો કોઈ કહેતું હશે કે ? છ અક્ષર તે કોઈ બોલતું હશે ? આમ ચાર અક્ષરેય બોલતા અઘરા પડે છે લોકોને.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે.

**દાદાશ્રી :** બધાનો, પાંચસે માણસોનો ગૂંચવાડો પડ્યો હોય ને, તે જ્ઞાન નહોતું તોય ગૂંચવાડો બધો કાઢી આપતો'તો. સૉલ્યુશન કરેલા, હોં. પાછું મારા એકલાના નહીં, બધાના. બધા આવે ને, એ બધા ગૂંચાયેલા હોય. તે મહીંથી નીકળે. આ કબાટમાં માલ બહુ સારો. પૂર્વભવે કંઈક કરેલું ને, બધું !

**પ્રશ્નકર્તા :** આ પહેલા સંસારના નિવેડા નીકળતા હતા, હવે અહીં કાયમના નિવેડા નીકળતા થયા !

**દાદાશ્રી :** હા...

**પ્રશ્નકર્તા :** એમાં કંઈ બહુ ફેર નથી પડ્યો.

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** અને તે દહાડેય ટોળાના ટોળા રહેતા બહાર. આજેય ટોળાના ટોળા જ પાછા !

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** દાદા, આ તમે લોકોનો ગૂંચવાડો કાઢી આપતા'તા એટલે એવી બુદ્ધિ, બુદ્ધિકળા ડેવલપ થયેલી ને ?

**દાદાશ્રી :** એ ગમે તે હોય, પણ પૂર્વભવનો માલ બહુ સરસ લાવેલો ! એમ ને એમેય દિવાળીના દહાડે પગે લાગવા આવે લોકો, ભઈબંધ, ભાગીદારો-બાગીદારો બધાય.

**પ્રશ્નકર્તા :** એ આગલી પુણ્યૈ ખરી ને ?

**દાદાશ્રી :** પુણ્યૈ તો ખરી પણ આ માલ બહુ સારો ભરી લાવેલો પૂર્વનો ! વ્યવહારિકતા બહુ, આખું જ્ઞાન ને બધું લઈને આવેલો. એ જ્ઞાન તો, આ પ્રગટ થયું ત્યારે જ્ઞાન થયું, નહીં તો ત્યાં સુધી બુદ્ધિરૂપે હતું.

## ભગવાન નહોતા થયા ત્યારેય લોકો ભગવાન જેવા માને

**પ્રશ્નકર્તા :** દાદા, તમે વ્યવહારિક જ્ઞાન ઊંચું લાવેલા, એની સાથે તમારો વ્યવહાર પણ આદર્શ હતો ને ?

**દાદાશ્રી :** મારો આ વ્યવહાર આદર્શ ! એટલે હું કોઈને દુઃખ ન થાય એવી સ્થિતિએ રહેતો'તો. અને કોઈની જોડે સહેજેય ઊંચા શ્વાસે નહીં રહેલો ચાલીસ વર્ષથી. ઊંચો અવાજ નહીં કરેલો કોઈની જોડે.

**પ્રશ્નકર્તા :** જરાય નહીં ?

**દાદાશ્રી :** નહીં, કોઈની જોડે નહીં. એય જાણે લોકો, 'ભગવાન જેવા છે', કહે છે. આજુબાજુવાળા એમ કહે, 'ભગવાન જેવા જ છે, પહેલેથી ભગવાન જેવા. બધો અમારો વહીવટ જ એમને સોંપી દીધેલો.'

એને વઢવા-કરવાનું હોય, એ લોકો અંદર અંદર વઢ્યા હોય ને, તો એ બધું વહેંચવા-કરવાનું મારે હોય.

**પ્રશ્નકર્તા :** એમ !

**દાદાશ્રી :** હં. ઝઘડા-બગડા મહીં ભઈઓ-ભઈઓમાં હોય તે ચાર ભઈઓનું સોનું વહેંચવાનું હોય ને, તે વહેંચવા જવાનું મારે હોય. આ આમનું વહેંચવાનું હોય, આમનું વહેંચવાનું, એ બધું વહેંચવાનું મારે. અને તે આવડેય ખરું બધું સરસ રીતે.

**પ્રશ્નકર્તા :** તમે આ પણ કરી આપો ?

**દાદાશ્રી :** બધું, આજુબાજુવાળા મને જ સોંપે બધું.

**પ્રશ્નકર્તા :** ભગવાન જેવા માને. ભગવાન જેવા નીતિવાળા.

**દાદાશ્રી :** ભગવાન જેવા માને. અને આ બધા લોકો કહે, કે 'દાદા તો જ્ઞાન આપે છે.' ત્યારે કહે, 'તમે તો હમણે જ્ઞાન લીધું, અમે તો આખી જિંદગી લે લે કર્યું છે !' પણ હવે એમને પેલું જ્ઞાન રહ્યું અને આ જુદું જ્ઞાન. એટલે પેલાને પેલા સમજણ પાડવા જાય, કે 'આ જ્ઞાન જુદી જાતનું છે.' તો કહે, 'એ જુદી જાતનું તે જ અમને જ્ઞાન મળ્યું છે.' એટલે આવી રીતે રહી ગયું. આવી રીતે અધૂરું રહી ગયું બધું. શું થાય તે ? અને વહેંચતા કરતા મને આવડેય ખરું ને, પાછું !

**પ્રશ્નકર્તા :** પેલા ડૉક્ટર કહેતા હતા ને, 'અમે તો મહાવીર કુટુંબના.' અમે કીધું તમે જ્ઞાન લો. તો કહે, 'એ જ્ઞાન તો અમારા ઘરમાં જ છે. અમે તો મહાવીર કુટુંબના, અમારા ઘરમાંથી જ્ઞાન ક્યાં જવાનું...'

**દાદાશ્રી :** આવું બધું. ઘરના-ઘરના કહીને, એય... ખઈ-પીને મોજ !

**પ્રશ્નકર્તા :** બહારના લઈ જશે અને લઈ ગયા.

**દાદાશ્રી :** ના, પણ એવું બધું. આજુબાજુવાળાને પૂછવા જાવ, 'દાદા ?' 'એ તો ભગવાન જેવા હતા જ પહેલેથી.' એટલે એ સમજ્યા નથી કે આ 'જ્ઞાની', થઈ ગયા છે એવું. કારણ કે પહેલેથી સ્વભાવ એવો,

ન્યાયી ધોરણ, એટલે લોકો સોંપી દે બધું. એટલે એ લોકો આમને કહે, કે ‘આ તમે પાડોશીઓએ લાભ ઉઠાવ્યો નહીં ?’ ‘અરે, એ તો નાના હતા, અમે ત્યારથી લાભ લીધેલો જ છે.’ એટલે પેલાને પેલી ખબર ના પડી કે આ નવી જાતનો છે લાભ. એટલે ‘એવા જ છે એ’ એમ કરીને... તે કોઈ જગ્યાએ બૂમ નહીં, બરાડા નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, દૃષ્ટિ જોઈએ ને ? દૃષ્ટિ ખૂલેલી હોય તો લાભ મળે ને ?

**દાદાશ્રી :** બહુ, બહુ, બહુ દૃષ્ટિ ખૂલવી જોઈએ.

જીવન મારું કેવું હતું ? આડોશીઓ-પાડોશીઓ બધા લોકો ‘ભગવાન જેવા છે’, એવું કહે. તે ભગવાન થયો નહોતો તે ઘડીએ, જ્ઞાન નહોતું, પણ ‘ભગવાન જેવા છે’ એવું બધા કહે. એનું શું કારણ ? ન્યાયી હતો સંપૂર્ણ. અને બધા પોતાની બધી મિલકત આપી દે. એને વહેંચણી કરવી હોય, બીજું કરવું હોય તોય પણ બધો વિશ્વાસ, ટ્રસ્ટ. વિશ્વાસુ સંપૂર્ણ બધાનો.

## હીરાની બે બંગડી ને એક વીંટીના ચાર ભાગ શી રીતે થાય ?

એક જગ્યાએ તો મિલકત વહેંચવા જતા ચાર ભાગ પાડવાના, ત્રણ ભઈઓ ને એની મા. ચાર જણનું વહેંચવાનું હતું, તેમાં હીરાની બંગડીઓનો સેટ એક જ હતો. તે ત્રણ-ત્રણ દહાડા સુધી ભાંજગડો ચાલ્યા કરતી’તી. તે પછી મને કહે છે, ‘આ મોટાભાઈ જોડે વઢવાડ ખસતી નથી. મોટાભાઈ પકડી રાખે છે બધું અને નથી ઠેકાણું પડવા દેતા.’ મેં કહ્યું, ‘અલ્યા, ચા મૂકજે. આવીશ હું.’ તે ચા-બા પીને પછી બેસું.

હવે બીજું વહેંચવાનું તો વહેંચાઈ ગયું, પણ સોનું ને એ બધું રહ્યું. તે મેં કહ્યું, ‘તોલી આપીશ.’ શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** તોલી આપીશ.

**દાદાશ્રી :** પચાસ-પચાસ તોલા એ લોકોને ભાગ આવતું’તું.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** બસ્સો તોલા હતા. તે વાણિયાને સોનું હતું તે વહેંચી આપ્યું. પછી હીરાની બંગડીઓ હતી અને હીરાની વીંટી હતી. હવે બે જ બંગડી હતી હીરાની અને વીંટી એક હતી. ત્યારે કહે, ‘આમાં ચાર ભાગ શી રીતે કરશો ?’ ત્યારે મેં કહ્યું, ‘હું વહેંચી આપીશ, ટુકડા નહીં કરવા પડે.’ ટુકડા કંઈ કરાતા હશે ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** ત્યારે કહે, ‘પણ શી રીતે ચાર કરાશે ?’

## કળા કરી પાડ્યા ભાગ

હવે એક જ વીંટી હીરાની. તે બધા મને ખાનગીમાં કહી જાય, ‘વીંટી મને આપજો હોં, દાદા.’ હું કહું, ‘હા, તમને આપીશ.’ પછી પેલો બીજોય કહી જાય, ‘દાદા, મને આપજો.’ મેં કહ્યું, ‘હા, તમને આપીશ.’ બધા ચારેવને કહી રાખેલું. પેલા માજી કહે છે, ‘જો મારા છોકરાની પાસે ના જવા દેવી, વીંટી મને એકલીને આપી દેજો.’ મેં કહ્યું, ‘હા, તમને આપી દઈશ, માજી.’ તે વીંટી હાથમાં આવી એટલે પછી મેં કહ્યું, ‘આ વીંટી એક છે, બધાને જોઈએ છે, શું કરીશું આપણે ? એના કરતા બે-ત્રણ હજાર રૂપિયા આપીને હું લઈ લઉં, શું ખોટું છે ? નહીં તો તમારે જોઈએ તો વધારે બોલો ત્રણ હજારથી.’

**પ્રશ્નકર્તા :** હા, ત્રણ હજારથી વધારે બોલે તેને આપી દેવા તૈયાર છીએ.

**દાદાશ્રી :** હા, ‘નહીં તો ત્રણ હજારમાં હું લઈ લઉં છું’, કહ્યું. ત્યારે પેલો કહે છે, ‘મારા પાંત્રીસસો.’ તો પેલો કહે છે, ‘ચાર હજાર.’ મેં કહ્યું, ‘ચાર હજારમાં તો ના અપાય. બોલો, જેને જોઈતી હોય. વીંટીનો જેને શોખ હોય તે બોલો જલદી.’ એનો શોખીન જ ન નીકળ્યો કોઈ. અલ્યા મૂઆ, બધાય મને કહેતા’તા કે અમારે વીંટીનો શોખ છે ને ? કેમ પછી વીંટીનો શોખ છોડી દેતા હશે એવો ?

**પ્રશ્નકર્તા :** એ મફત જોઈતું’તું.

**દાદાશ્રી :** એમ ! હું સમજી જઉં. એ ચારેય જણ માગતા'તા ને, તે હું જાણતો'તો કે મારી પાસે તો છે કળા, તમે માગ્યા જ કરો ને ! જે પિસ્તાલીસો આપે એ લઈ જાય, એમાં શું ? જો તને શોખ હોય તો લઈ જા. અને તારે તો પૈસાય ગણવા છે ને વીંટીય ગણવી છે, બેય સાથે ના ચાલે. તને શોખ હોય તો લઈ જા.

**પ્રશ્નકર્તા :** પૈસા આપીને લઈ જાવ.

**દાદાશ્રી :** હા. પછી હવે હીરાની બે જ બંગડીઓ અને મોતીની બંગડીના બે સેટ. તે બધાય કહે છે, 'અમને જોઈએ.' પેલા કહે, 'મારે જોઈએ.' મારું હારું, આ તો ભાંજગડ ઊભી થઈ. પેલો કહે, 'મારે જોઈએ છે, મને જ કરી આપજો આ.' પેલો કહે, 'મને કરી આપજો.' હું તો કોઈને 'ના' ના પાડું કંઈ, કે 'યસ.' ના પાડીએ તો એમને એમ લાગે ને, કે દાદા મને કહેતા જ નથી. મેં કહ્યું, 'ભઈ, આ બે હીરાની બંગડી, કોને જોઈએ છે કહો ?' બધા કહે, 'મેં કહેલું છે ને તમને, મેં કહેલું.' મેં કહ્યું, 'વહેલો તે પહેલો !' એવું કહ્યું પછી. 'આ બે હીરાની બંગડીના મારા પાંચ હજાર રૂપિયા. હવે બોલો, જેને જોઈતી હોય તે લે... બોલી જાવ.' મેં પહેલા પાંચ હજાર બોલ્યા, હરાજીમાં. ઑક્શનમાં (હરાજીમાં). જેને જોઈતી હોય તે લ્યો. કોઈ છ હજાર બોલ્યું, કોઈ સાત હજાર બોલ્યું, પછી નવ હજારે ઊભી રહી ગાડી. મેં કહ્યું, 'ભઈ, જોઈતી હોય તો લે ને ! તું કેમ લેતો નથી ?' તો કહે, 'હવે નથી જોઈતી.' મેં કહ્યું, 'બધા સહમત છો ?' ત્યારે કહે, 'હા, સહમત છીએ.' જો ભાંગવી પડી ? શું વગર કામની, મૂઆ ભાંજગડો... તે બધા ખુશ થઈ ગયા. મેં કહ્યું, કે 'પછી બૂમ ના પડે હોં, મને હીરાની બંગડી ના મળી !'

## હૈયા ઉકેલ લાવવાની આગવી ગિફ્ટ

પછી મોતીની બંગડીઓ બધી કાઢી નાખી. અમને બધું આવડે, તુર્ત આવડે. મહીં હાથમાં આવતાની સાથે જ બધું એનું શું કરવું, શું નહીં એ બધું આવડે અને કોઈને વઢંવઢા કરવું ના પડે. અન્યાય કહેવો નહીં.

**પ્રશ્નકર્તા :** અન્યાય કહેવો નહીં.

**દાદાશ્રી :** હા. ઑન ધી મૉમેન્ટ (એ જ ક્ષણે) વિચાર આવે, કે શું કરવું ને એ બધું. બધાને ખુશ કેમ રાખવા અને સંતોષ કેમ રાખવો ! એના મનમાં સંતોષ રહી જાય ને, ના મળી તોય ! કે 'સાલું વગર કામના પૈસા આપી દઈએ, તેના કરતા બીજી લઈશું આવી.' તમને સમજાયું ને ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એટલે આવો ઉકેલ લાવી આપ્યો. એને 'હૈયા ઉકેલ' કહે છે આમ.

**પ્રશ્નકર્તા :** હૈયા ઉકેલ !

**દાદાશ્રી :** તમે શબ્દ સાંભળેલો કે ?

**પ્રશ્નકર્તા :** દાદા, હૈયા ઉકેલ, બરાબર છે.

**દાદાશ્રી :** હૈયા ઉકેલ. કો'કને હોય, બધાને ના હોય. આ તો ગિફ્ટ છે, ગિફ્ટ ! ગિફ્ટ આ જાતની.

**પ્રશ્નકર્તા :** ગિફ્ટ ! દાજી (દાદાના ભઈબંધ વિઠ્ઠલભાઈ દાજી) કહે છે, કે 'અંબાલાલ બહુ મહેનતુ માણસ અને પહેલેથી સમજાવવામાં તો બહુ હોશિયાર.'

**દાદાશ્રી :** હા, હા, દાજી જાણે એ બધું.

**પ્રશ્નકર્તા :** કહે છે, 'કોઈ પણ માણસને સમજાવવો હોય, તો એ સમજાવી દે.'

**દાદાશ્રી :** હા.

## બધી નાતના લોકોનો પ્રેમ સંપાદન કર્યો

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા તમારામાં તટસ્થતા બહુ વર્તાતી. કોઈની કંઈ પણ વાત આવે તો તેમાં તમે તટસ્થતાપૂર્વક એ જોતા એટલે ઘણા પ્રૉબ્લેમ ઊકલી જતા.

**દાદાશ્રી :** હા, ઊકલી જતા. તટસ્થતાથી જોતો હતો.

**પ્રશ્નકર્તા :** હા, તટસ્થતા બહુ, નહીં તો ઉકેલ આવે નહીં.

**દાદાશ્રી :** તટસ્થતાથી. એટલે લોકોનો પ્રેમ બહુ સંપાદન કરેલો. વડોદરામાં, બધી નાતોવાળા. અમદાવાદ પાટીદાર એકલા નહીં, કાઠીયાવાડના પાટીદારો, આપણે ચરોતરના પાટીદારો, આમના પાટીદારો, ઉત્તર ગુજરાતના પાટીદારો. જૈન વાણિયા એકલા નહીં, ગામડાના જૈન, અહીંના જૈન, બધાય. તે લગ્નમાં પહેલો મને બોલાવે. એની જરા આબરૂ વધે. એ કહેશે, 'સારા માણસ ગણાય છે.' અને મારો રોફ પડે. મારે જે જોઈતું હતું એ મને મળ્યું. એમને જે જોઈતું હતું તે...

**પ્રશ્નકર્તા :** રોફ પડે એ.

**દાદાશ્રી :** રોફ પાડવાની ઈચ્છા, બસ ! બીજું કંઈ નહીં. જો કે પછી મેં વ્યવહાર બંધ કરી દીધો. કારણ કે બાર મહિને હજાર-બે હજાર કંકોત્રીઓ આવે, કંઈ ઓછી આવે ? ઘરનું ભાડું પંદર રૂપિયા મહિને અને કંકોત્રીઓ આટલી બધી !

**પ્રશ્નકર્તા :** પણ આપ આ કંઈ સંસારની વાતો નથી કહેતા, આ તો બધી લિંક અમને કંઈક જુદી જ લાગે છે. પંદર રૂપિયાના ઘરમાં રહીએ અને કંકોત્રીઓ હજાર !

**દાદાશ્રી :** જુઓ તો ખરા હવે આ બધુંય ! એટલે પછી હું સમજી ગયો કે આપણે આ ફૂલાઈએ છીએ. આપણા મનમાં એમ સમજીએ છીએ કે ઓહોહો ! કેટલી બધી મારી ઓળખાણ છે ને કેટલો બધો સંબંધ છે ! પણ આપણે છોકરાં નથી. આ ચાંદલો એ તો વ્યવહારથી છે, આપવું ને લેવું. તો આપણે લેવાનું નથી, તો શા માટે આવું દર સાલ આપ્યા કરવું, આ હપ્તા ભર્યા કરવા ? પછી વ્યવહાર માંડવાળ કર્યો બધોય. શું કર્યું ? કંકોત્રી આપે તો જવાનુંય નહીં ને આપવાનુંય નહીં એમને.

## ભારોભાર તટસ્થતા ને સંડોવાયા વગર ગૂંચ ઉકેલતા

એટલે મને દરેક કોમ્યુનિટીવાળાએ સ્વીકાર કરેલો. એટલે વન ઑફ ધી હેડ મેમ્બર્સ (એક મુખ્ય સભ્ય) તરીકે. પૈસા નહીં પણ મારી

પાસે જુબાન બહુ સરસ. અને ખાનદાની સરસ ! ઊંચી ખાનદાની ! મોટા મોટા શેઠિયાઓ હું જઉં એટલે આઘાપાછા થઈ જાય. એવી મારી પર્સનાલિટી, શ્રીમંતાઈ નહીં. શ્રીમંત તો આપણું ગાડું ચાલે એટલું. એ પાંચ-પચાસ હજાર... લાખ રૂપિયા, બે લાખ પડ્યા હોય એ, બીજું કંઈ નહીં. અને પૈસા ધંધામાં ખરા.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ તમારા જ્ઞાન પહેલાની ભૂમિકામાં ભારોભાર તટસ્થતા દેખાય છે. જ્ઞાન થતા પહેલાના જીવનમાં ભારોભાર તટસ્થતા રહેતી'તી જ એમ, રિલેટિવમાં પણ.

**દાદાશ્રી :** હા, પહેલેથી રહેતી.

**પ્રશ્નકર્તા :** અને તેના કારણે લોકોની ગૂંચો બહુ ઉકેલતા'તા.

**દાદાશ્રી :** હા, બહુ ઉકેલતા'તા.

**પ્રશ્નકર્તા :** હા, કારણ કે તમારે કંઈ લેવાદેવા નહીં.

**દાદાશ્રી :** એ ગૂંચો ઉકેલાતી'તી, એટલે જ મારે ત્યાં ગાડીઓ મૂકી રાખતા'તા.

**પ્રશ્નકર્તા :** પણ એ જગ્યાએ તમારી ભૂમિકા એવી હતી કે એમાં સંડોવાયા વગર તમે જોઈ શકતા'તા. અને પેલા લોકો સંડોવાઈને જોતા'તા.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એટલે જ એમને સમજણ ના પડે.

**દાદાશ્રી :** એટલે એ મારી પાછળ ફર્યા કરતા'તા અને મારે આ સ્વાદ જોઈતો'તો, 'આવો અંબાલાલભાઈ' ને આમ ને તેમ. ત્યાં જઈએ તે પહેલા ચા-પાણી બધું આમ આપણે જોઈએ. બસ આટલું જ, રૂપિયા-બુપિયાની ભાંજગડ નહીં.

**પ્રશ્નકર્તા :** નહીં, નહીં. તે આ વાતો પરથી સમજણ પડે છે. એ એક જાતની ભારોભાર મૂડી હતી કે વસ્તુને તટસ્થ રીતે એના બધાય પાસા સાથે જોઈ શકતા'તા.

**દાદાશ્રી :** હા, દેખાતા બધા પણ. એય હતું, બોધકળા પહેલેથી રહેતી'તી. જ્ઞાનકળા નહોતી પણ બોધકળા હતી. બોધકળા ! જે આ બધું બોલું છું ને અત્યારે, એ બધી બોધકળાઓ હતી.

વ્યવહાર જો ચોખ્ખો થાય તો જ મોક્ષ થાય, નહીં તો આ બધી વાતોથી કંઈ મોક્ષ થાય નહીં. વ્યવહારની બધી કડીઓ મળવી જોઈએ. એ બધી કડીઓ અમારી પાસે છે. બોધકળા અને જ્ઞાનકળા, બન્નેય કળા અમારી પાસે છે. બોધકળાથી વ્યવહાર ચોખ્ખો થાય અને જ્ઞાનકળાથી મુક્તિ થાય. એ બન્નેય કળા છે, તેની મહીં આપણું કામ કાઢી લેવું !

❖❖❖❖❖

# [૧.૬]
# વેલ્ડિંગ કરેલા

## અડચણ વેઠીનેય કરેલા વેલ્ડિંગ

**પ્રશ્નકર્તા :** દાદા, હીરાની બંગડીના જે રીતે આપે ભાગ પાડી આપ્યા તે ઉપરથી સમજાય કે જે કુટુંબમાં ભાગલા પડી જાય, ઝઘડો વધી જાય તેનો તમારી કોઠાસૂઝથી એવો ઉકેલ લાવો કે કુટુંબ એક થઈ જાય પાછું.

**દાદાશ્રી :** અમારે તો પહેલેથી જ, જ્ઞાન થતા પહેલાય કોઈનું તૂટતું હોય તો સાંધી આપીએ, 'વેલ્ડિંગ' કરી આપીએ. પણ જ્ઞાન નહોતું ને, એટલે આ 'વેલ્ડિંગ' કરવાથી અમને અડચણ બહુ પડેલી.

**નીરુમા :** દાદા, જ્ઞાન નહોતું ત્યારે વેલ્ડિંગ કરવાથી બહુ અડચણ આવી ?

**દાદાશ્રી :** ખૂબ જ અડચણ આવેલી. પણ મારો સ્વભાવ પહેલેથી કેવો, નાનપણમાંથી ? વેલ્ડિંગ કરીએ. કોઈ જગ્યાએ વિખવાદ ઊભો થયો હોય તો વેલ્ડિંગ કરી આપું. તે બહુ અડચણ પડેલી, છતાંય એ અડચણ વેઠીનેય પણ વેલ્ડિંગ કર કર કરેલું.

## વેલ્ડિંગ કરવું એ તો સિદ્ધિ

**નીરુમા :** તો દાદા, વેલ્ડિંગ કરે ત્યારે તો આવે જ ને મુશ્કેલી ?

વેલ્ડિંગ કરનારને મુશ્કેલી આવે જ.

**દાદાશ્રી :** શી મુશ્કેલી આવે ? તમને શું સમજણ પડે ?

**નીરુમા :** તમે છે તો બે જણનું સાંધવા જાવ, તો એકને છે તો ફાવે નહીં.

**દાદાશ્રી :** ના, એવું તેવું નહીં. વેલ્ડિંગ તો અમે એવી રીતે કરીએ કે બેઉને ફાવે તે ઘડીએ. અને બેઉને ના ફાવતું હોય તો વેલ્ડિંગ થાયેય નહીં. એ તો એવી સિદ્ધિ હોય છે કો'ક માણસનામાં. તે બેઉના સાંધા ભેગા કરી આપીએ ને તરત વેલ્ડિંગ કરી આપીએ.

વેલ્ડિંગ તો ઊંચામાં ઊંચો ગુણ છે. એના માટે તો કોઈ કશી ભાંજગડ જ ના ઉઠાવે ને ! પણ તેય છે તે એ વેલ્ડિંગ પછી પાછળ મને બહુ નુકસાન થયેલું.

**નીરુમા :** ઘસાવું પડે તમારે.

**દાદાશ્રી :** ના, દરેક બાબતમાં નુકસાન, નુકસાન ને નુકસાન...

## વેલ્ડિંગ કરવાથી નુકસાન, પણ કુદરતને સોંપી ચાલુ રાખેલું

**નીરુમા :** દાદા, કઈ રીતે ? એનો દાખલો આપો ને, એટલે સમજણ પડે.

**દાદાશ્રી :** હમણે આ (સામે બેઠેલા મહાત્મા બેનને સંબોધીને) ને એ (એ બહેનના પતિને સંબોધીને) છે ને બે.

**નીરુમા :** હા.

**દાદાશ્રી :** એ ચાર-પાંચ વખત વઢતા હોય, સામાસામી બહુ એ થઈ જતું હોય, તો પછી હું શું કરું ? બેઉને વેલ્ડિંગ કરી આપું. હવે મારી કિંમત, ફ્રેન્ડ તરીકે ક્યાં સુધી વધારે હોય ? એ વઢતા હોય ત્યાં સુધી બેઉની આગળ વધારે હોય.

**નીરુમા :** બરાબર, ખરું છે.

**દાદાશ્રી :** અને વેલ્ડિંગ કરી આપું એટલે પછી ઘણી જગ્યાએ તો મારા પૈસા હઉ ગયા છે. મેં વેલ્ડિંગ ના કર્યું હોત તો મારા આપેલા પૈસા હાથમાં આવત, મારી પાસે.

**નીરુમા :** બને એવું, બરાબર છે. સમજાઈ ગયું, દાદા.

**દાદાશ્રી :** વેલ્ડિંગ કર્યું એટલે એકના એક જ થઈ ગયા ને ! એ છે તો એકના એક જ. હું જુદો. પણ કુદરત એ બધું જુએ છે ને, આમણે શું કર્યું છે ! તે હિસાબે મેં એ ચાલુ રાખેલું. બાકી અનુભવ મને થઈ ગયેલા આવા, બહુ કડવા. પણ આપણે તો કુદરત ઉપર છોડી દીધેલું ને ! રૂપિયા હઉ ગયેલા એમાં, વેલ્ડિંગ કરવાથી. જો ના કર્યું હોત તો રૂપિયા આવી જાત. પેલી બઈ કહેત, 'એમના રૂપિયા કેમ નથી આપી દેતા ?'

**નીરુમા :** બરાબર.

**દાદાશ્રી :** આ તો હવે બઈએ કહે નહીં.

## મારો ધંધો જ સાંધવાનો, તોડવાનો નહીં

આ એક દાખલો તમને સમજ પડી ?

**નીરુમા :** હા, પડી ગઈ, દાદા.

**દાદાશ્રી :** એના પરથી બીજા દાખલા એવા બનતા હશે ?

**નીરુમા :** બધા એ જ બનવાના ને ! ઘણા બનવાના આવા તો.

**દાદાશ્રી :** હા, એવા અમારા દાખલા બધા બનેલા. અને લોકો શું કરે ? કે એક ફેરો માર ખાય ને, એટલે પછી વેલ્ડિંગ કરવાનું છોડી દે. ફાચર જ પાડ પાડ કરે. શું કરે ?

**નીરુમા :** જ્ઞાન બદલાઈ જાય ને, એનું. એની દૃષ્ટિ બદલાઈ જાય.

**દાદાશ્રી :** નહીં, ફાચર જ પાડ પાડ કરે એટલે એનો રોફ તો રહે ઠેઠ સુધી.

**નીરુમા :** અને એક વખત ફાચર પાડે અને એને જો રોફ પડ્યો એટલે એને...

**દાદાશ્રી :** એ પોતે ફાચર ના પાડે. પોતે ફાચર ના પાડે એવા ઘણા માણસો હોય છે. પણ ફાચર પાડેલી સાંધી આપે નહીં, એના પોતાના રોફ માટે.

**નીરુમા :** બને, બરાબર.

**દાદાશ્રી :** પોતે ફાચર પાડનાર એવાય માણસો ખરા. પણ એવા જૂજ માણસો. પણ ફાચર પડેલી હોય તેમાં પોતાનો લાભ છે, એને છોડે નહીં પછી એ. અને મારા જેવી ભૂલ તો કો'ક જ કરતા હશે. તે બધે જ કરેલી પાછી. એક જગ્યાએ નહીં, બધે જ સાંધી આપેલું. કારણ મારો ધંધો જ સાંધવાનો. તોડવાનો નહીં ને !

## વેલ્ડિંગ કરનારો માર જ ખાય પણ સરવાળે આવે વૈરાગ

**નીરુમા :** દાદા, આ તો બહુ મોટું વિજ્ઞાન છે !

**દાદાશ્રી :** હા, વિજ્ઞાન બહુ મોટું, પણ જગતને માફક આવે નહીં ને ! જગત તો બે ભેગા થઈ ગયા એટલે આપણે... પછી બઈ કહેશે, 'એ આવા છે.' ત્યારે એય કહેવા લાગે પેલો, 'હા, એવા છે.' શું ?

મારી વાત સમજણ પડવી જોઈએ ને ? અમારે કુટુંબમાં હઉ એવું થયેલું. વેલ્ડિંગ કરેલું એટલે માર પડેલો. અને વેલ્ડિંગ ના કરો તો 'આવો કાકા, આવો કાકા, આવો, આવો' પણ એ બધાએ વૈરાગ આપ્યો ને ! પછી આપણને સરવાળે શું આપે છે ?

**નીરુમા :** વૈરાગ આપે. માર ખાય તો જ વૈરાગ આવે ને, દાદા !

**દાદાશ્રી :** વૈરાગ આવે. નહીં તો વૈરાગ આવે જ નહીં ને ! આ જગત જોડે શી રીતે વૈરાગ આવે ? તને આવે વૈરાગ થોડો ઘણો ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ વેલ્ડિંગ કરવામાં તો હંમેશાં માર ખાવો પડશે, જો

કરશો તો. વેલ્ડિંગ કરનારો માર જ ખાય આ દુનિયામાં. અને તે વૈરાગ ઊંચો આવે પણ પછી, કે આ બેઉના સુખને માટે વચ્ચે આપણને જ માર પડ્યો ! મેં પાર વગરનો માર ખાધો છે !

## વેલ્ડિંગ એ આત્મપક્ષી પણ અહંકાર ન જાગે તો

**નીરુમા :** દાદા, મારી પ્રકૃતિમાં વેલ્ડિંગનું હતું શરૂઆતમાં. પછી છે તો માર પડ્યો એટલે વેલ્ડિંગ કરવાનું બંધ થઈ ગયું.

**દાદાશ્રી :** બંધ થઈ જાય ને ! જગત બધાને એવું હોય. ખાનદાનને ઘેર ઉછરેલો માણસ હોય ને તે વેલ્ડિંગ કરે, ત્યારે એને મૂળ ભાવ ઉત્પન્ન થાય. પછી માર ખાય એટલે છૂટી જાય. આ માર, અહીં ક્યાં પોસાય આ !

**નીરુમા :** આ છેલ્લા બે-ચાર વર્ષમાં જ વધારે છૂટી ગયું, અત્યાર સુધી હતું.

**દાદાશ્રી :** હા, પણ એ તો છૂટી જાય. સહન ના કરી શકે ને !

**નીરુમા :** ના, પણ એ આજે બધું પાછું સેટ થયું, દાદા. તમે જે વાત કરીને...

**દાદાશ્રી :** પણ માર પડશે એ તો. એ તો બધું ગજું હોય તો, માર ખાવાની શક્તિ હોય તો જ આમાં ઊતરવું.

**નીરુમા :** દાદા, આમેય કંઈ નથી માર પડતો ? આત્માનું બગાડીને માર સહન ના કરવો, એના કરતા આત્માનું જ ના સુધારીએ ?

**દાદાશ્રી :** કારણ કે આત્મા તો ઠેઠ સમજી જ જાય છે અંદર, કે 'આ મને ગધેડો કહે છે ને આમ કહે છે, તેમ કહે છે.' એના ફળેય મળે છે. અને આત્મા છે તે વેલ્ડિંગ કરે છે તેય સમજી જાય છે. એ આત્મપક્ષી થયા. અને પુદ્‌ગલમાં માર પડે. તને માર પડશે ચાલશે થોડો ઘણો ?

**પ્રશ્નકર્તા :** ચાલશે.

**દાદાશ્રી :** શી રીતે સહન થશે હવે ? આ તારા મધર બોલે ત્યારે તો અકળાઈ જઉં છું.

**પ્રશ્નકર્તા :** દાદા, એ રીતે પણ જો વૈરાગ ઊંચો આવતો હોય તો વાંધો નથી.

**દાદાશ્રી :** વૈરાગ તો બહુ ઊંચો આવે. પણ જો પેલા માણસનો અભાવ થઈ જાય આપણને તો શું થાય ? આપણા મનમાં પોતાનો અહંકાર જાગે કે હું આમનું ઊલટું સારું કરવા ગયો ને એ લોકો આવા ! તે આ માણસનો પેલો અભાવ ઉત્પન્ન થઈ જાય, તો શું થાય ?

**નીરુમા :** એ બીજો ખાડો. આ ખાડાને બદલે બીજો ખાડો.

**દાદાશ્રી :** બીજો ખાડો પાછો ઊભો કરે. એ બધું અમે નહીં કરેલું. શું ?

**નીરુમા :** અહંકારથી થાય તો તો વધારે નુકસાન થાય.

**દાદાશ્રી :** ના, પણ એ અમારો અહંકાર ભારે હતો, પણ આ નહીં કરેલું અમે. અત્યાર સુધી નહીં.

## અહંકાર ના જાગે અને વેલ્ડિંગેય થાય

**નીરુમા :** દાદા, તો શું કરવું ? કેવી રીતના એડજસ્ટમેન્ટ લેવું ? તમે કેવી રીતે એડજસ્ટમેન્ટ લીધેલું ? અહંકારેય ના જાગે અને વેલ્ડિંગેય થાય. પોતાનું નુકસાન થાય, માર પડે, તોય પોતાને વાંધો ના આવે. તો એ કઈ રીતે રાખેલું ?

**દાદાશ્રી :** એ અહંકાર એવો હશે, એ જાતનો.

**નીરુમા :** ના, પણ અમે કેવી રીતે રાખીએ ? હવે અમારી પાસે તો આ જ્ઞાન છે.

**દાદાશ્રી :** તમને તો 'માર ખાવો છે' એવું નક્કી કરો ત્યાર પછી રહે. નહીં તોય માર જ છે ને ! જગતમાં કોણ માર ખાધા વગર રહે છે ? એના કરતા આ સીધા જ માર ખાવ ને !

**નીરુમા :** એ બરાબર છે. મારેય પડે છે ને પોતાનુંય બગડે છે આ તો...

**દાદાશ્રી :** ના, આ તો મહીં બળતરા બંધ થાય ને માર ખાવાનો. અને પેલું તો બળતરા, માર, બધું સાથે. માર તો દેહ છે ત્યાં સુધી પડ્યા જ કરવાનો. જો કે અમને તો આ જ્ઞાની થયા પછી નથી પડ્યો. આ હમણે આ કોનો કર્મનો ઉદય ને કેવી રીતે આવ્યું, આમાં આપણો ભાગ હશે ત્યારે જ ને ? નહીં તો મને તો નથી આવ્યું આવું. ને તમે જોયું હશે ને, અત્યાર સુધી નથી આવ્યું મને.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હં... એટલે મેં તો માર પહેલા ખઈ લીધેલા છે. આવા કેટલાક હોય દુનિયામાં ? એની ગણતરી હોય ને ?

## અમારા વેલ્ડિંગમાં તો બેઉને ઉપકાર લાગે

છોકરો ને ફાધર લઢતા હોય ને, એનેય વેલ્ડિંગ કરી આપ્યું હોય તો એક થઈ ગયા પછી આપણો હિસાબ ખોવડાવી કાઢે.

**નીરુમા :** દાદા, એમાંય પાછું એવું થાય, મારો પોતાનો અનુભવ છે કે આપણે વેલ્ડિંગ કરવા જઈએ તો પેલાનું જો ઠેકાણે હોય તો એ સહમત થાય વેલ્ડિંગમાં, અને ના થાય તો પાછું ઉપરથી આપણને જ બાટકે (ઝઘડે) કે 'હાળા, તમે પેલાનો આમ ખોટો પક્ષ લો છો ને આમ કરો છો ને તમે જ આવા છો.' એવુંયે બને.

**દાદાશ્રી :** ના, મારે એવું નથી બન્યું. એવું મારી પાસે કહેવા જેવું હતું જ નહીં ને ! અજ્ઞાન દશા હતી ને, તોય હું કો'કને સળી કરવા જેવું જ રાખતો નહોતો. અરે ! આંગળી કરવા જેવું જ નહોતો રાખતો. એવું ના બને. એમ તો બેઉ ઉપકારમાં જાય એ વખતે આપણા. પછી ચા-પાણી બધુંય કરે ને ત્યાર પછી બેય ખરેખરા ભેગા થઈ જાય. ત્યાર પછી વાંધો આવે.

**નીરુમા :** દાદા, ભેગા થતા પહેલાની જ વાત છે આ તો. તમે તો એને બધી રીતે સમજાવી શકો એટલે એ ભેગું થઈ જાય.

**દાદાશ્રી :** ના, એવું નહીં.

**નીરુમા :** દાદા, પણ અમને ના આવડે તો ઊંધુંય થાય.

**દાદાશ્રી :** ના, એવું અમારે નથી થતું, અમારે એવું થાય જ નહીં ને !

## પોતાનું તૂટે જ નહીં તે જ બીજાનું સાંધી શકે

**નીરુમા :** હવે ધારો કે આ બેનને એના હસબંડ સાથે ઝઘડો થયો કશો. એટલે મારી પાસે બેને વાત કરી. હજુ એના હસબંડ સાથે તો મારે વાત થઈ જ નથી. બેને મને કહ્યું, કે 'જો ને, એ મને આમ કહે છે, મારો કશો વાંક નથી, આમ તેમ.' હવે હું એમને સમજાવવા જઉં, કે 'હવે આવું બધું શું કરવા ? એ તો આપણા ધણી છે તે સહન કરી લેવું પડે.' કે આમ તેમ કશું હું કહેવા જઉં, તો એ કહેશે, 'તમે તો એમનો જ પક્ષ તાણો ને ! તમે મારું કેમ સમજતા નથી ?'

**દાદાશ્રી :** ઓહો ! એ તો તમે એ લાયકાત ધરાવતા નથી. આવું નહીં બનેલું મને.

**નીરુમા :** હા, એવું બને. મારે બને કોઈવાર.

**દાદાશ્રી :** ના, એ લાયકાત જરા કાચી હોય તો જ. બાકી આ તો મને એવું બનેલું નહીં. બધા એક્સેપ્ટ (સ્વીકાર) જ કરે. હું કહું, કે 'આવું' તો પછી એક્સેપ્ટ કરી દે. આ કચાશ દશામાં છે. કેટલાક વખત પોતાનામાં એવા ગુણો હોય અને સામાને છે તે શાંત કરવા જાય. પોતે તૂટી જાય બીજાની જોડે અને સામાનું તૂટેલું સાંધવા જાય એ બધી કાચી દશાઓ. હું તો તૂટું જ નહીં. કોઈ દહાડો તૂટ્યો જ નથી કોઈની જોડે.

**નીરુમા :** બરાબર, એ વાત બેઠી. પેલાને શબ્દ ઊગે જ નહીં ને !

**દાદાશ્રી :** ઊગે જ નહીં ને ! એટલે હું તો સામો માણસ છોડીને મને જતો રહે તો વાત જુદી છે, પણ હું ના છોડું. એટલે આ ટચ થતું'તું.

હું બીડી ના પીતો હોય અને પેલાને કહું કે 'એય બીડી ના પીવાય.' એટલે એક્સેપ્ટ કરી દે. એવી શક્તિ હોવી જોઈએ ને ! તમારે તે કો'કની જોડે તો એ મિત્રાચારીમાં તૂટી જતું હોય અને તમે લોકોનું સાંધવા નીકળો, તમારી મહીં શક્તિ જ કામ ના કરે ને !

**નીરુમા :** હં... બરાબર છે.

## વેલ્ડિંગ કરતા ન ફાવે તો છેવટે સવળો ભાવ રાખવો

**નીરુમા :** કોઈ વખત 'વેલ્ડિંગ' કરતા ના ફાવ્યું તો શું કરવું ?

**દાદાશ્રી :** લાયકાત ના હોય ને પછી આપણે કરીએ એ કામનું નહીં ને ! બને એટલું કરવું અને ના થાય તો છોડી દેવાનું. મનમાં ભાવ રાખવાના કે આ 'વેલ્ડિંગ' થાય તો સારું. આમ પદ્ધતિસર 'વેલ્ડિંગ' ના થાય તો ભાવ રાખવાના, પણ ભાવ તો તૂટવા ના દેવો જોઈએ. 'વિખૂટા પડી જાય તો સારું' એવું તો હોવું જ ના જોઈએ ને ! એ ભેગા છે તે જ દુઃખમાં છે ને ! એય મનમાં તો એમ કે 'આ ક્યાં ભાંજગડમાં ફસાયા !' અને એને પાછા આપણે વિખૂટા પાડવા જઈએ ! એ ના હોવું જોઈએ.

**નીરુમા :** દાદા, પણ એ ઘડીએ સમતા ના રહે. તે ઘડીએ એમ થઈ જાય કે 'આ આવું કરે છે ?'

**દાદાશ્રી :** એ કચાશ એટલી ! એ કચાશ ને ! એ એવું જ કરે એમના ટાઈમે. સાપને દૂધ પાઈને મોટો કરીએ, ઉછેરીએ, પછી એકાદ ધોલ એને મારી જુઓ જોઈએ ! 'મેં આટલા દહાડા દૂધ પાયેલું છે, એક ધોલ મારું.' તો શું કરે એ ?

**નીરુમા :** હવે જેનું 'વેલ્ડિંગ' કરીએ એ પછી સામો થાય એટલે એમ થાય કે 'આમ કેમ કરે છે ?' તો તે અહંકારથી જ 'વેલ્ડિંગ' થયેલું કહેવાય ને ?

**દાદાશ્રી :** હા, અહંકારથી જ થયેલું, એની મીઠાશ ખાવા માટે.

**નીરુમા :** ભાવમાં હોય કે 'વેલ્ડિંગ' કરવું, પણ કરાય નહીં. પહેલા મીઠાશ લાગે, પણ પછી સહન ના થાય એટલે છોડી દે.

**દાદાશ્રી :** એ તો પછી ભાવ રાખવો. પછી 'વેલ્ડિંગ' થાય તો ઠીક છે, નહીં તો ભાવ રાખવો. અને જે થયું એમાં 'એમનું હતું ને એમને થયું' એવું આપણને હોવું જોઈએ.

## 'વેલ્ડિંગ' એ મૌલિક શબ્દ દાદાનો

એટલે 'આ બધા શી રીતે ભેગા થાય ? ગૂંચ શી રીતે નીકળે ?' એ બધી બહુ વસ્તુ જાણે, એને તો 'વેલ્ડિંગ'નો કરનાર કહેવાય.

**નીરુમા :** આપનું જે 'વેલ્ડિંગ' છે એ સૂક્ષ્મ લેવલનું હોય છે, લોકોના સ્થૂળમાં હોય છે.

**દાદાશ્રી :** હા, સ્થૂળમાંય બધા બહુ હોય છે એવા.

**નીરુમા :** આપનો આ ગુણ મને બહુ ગમ્યો. આપ કેવી રીતે બધાને સમજાવી કરીને 'વેલ્ડિંગ' કરો ને છેવટે બધાય આનંદમાં આવી જાય, એવું કરી આપો છો !

**દાદાશ્રી :** અને બધા આનંદમાં આવે એટલે એનો પછી મને આનંદ આનંદ રહે. વખતે કોઈનું મોઢું ચઢેલું હોય તો તેને પહેલા હું પૂછું, કે 'શું છે તે આમ છે, તેમ છે ? શા દુઃખે મોઢું ચઢાવે છે ? મરવાનું તો છે જ, તો જીવતા શા હારુ આનંદમાં નહીં રહેવાનું ? મરવાનું જ છે, તે દહાડે જોઈ લઈશું. પણ અત્યારે તો આનંદમાં રહેવાનું.'

એ તો વર્ષ-બે વર્ષ દુઃખમાં ના હોય ને પછી પાછા દુઃખમાં ને દુઃખમાં. આ દેહ જ એવો છે પુદ્ગલનો કે દુઃખ જ લાગે. દેહેય માથું ચઢે ત્યારે ના દુઃખ લાગે ? ત્યારે જો દેહનું દુઃખ લાગે છે તો ધણીનું ના લાગે ? પણ તોય 'વેલ્ડિંગ' થઈ ગયા પછી બે ભેગા થઈ જાય છે, તે ખરી મઝા આવે છે !

**નીરુમા :** 'વેલ્ડિંગ' શબ્દ તો, દાદાની મૌલિક વાત છે !

**દાદાશ્રી :** 'વેલ્ડિંગ' શબ્દ જ 'દાદા'નો છે !

**દીપકભાઈ :** આ 'વેલ્ડિંગ' શબ્દ દાદાનો જ હોઈ શકે !

**દાદાશ્રી :** 'વેલ્ડિંગ' શબ્દ બીજો કોઈ બોલે જ નહીં ને ! કોઈ કહે, કે ''મેં બે જણને 'વેલ્ડિંગ' કરી આપ્યું'' તો એ 'દાદા'નો જ શબ્દ છે, એ વાત ચોક્કસ થઈ જાય. આ 'વેલ્ડિંગ' વસ્તુ જ મૌલિક છે. અત્યારે તો ઘણા માણસો આ 'વેલ્ડિંગ' શબ્દ શીખ્યા.

## આવા તો બધા બહુ વિજ્ઞાન છે મારી પાસે

આમાં ટેપ કરો છો પાછા એ હરેક બાબતો ?

**નીરુમા :** દાદા, આ તો બધું કેટલું મોટું વિજ્ઞાન છે ! આ જ મોટું વિજ્ઞાન છે !

**દાદાશ્રી :** ત્યારે આવા તો બધા બહુ વિજ્ઞાન છે મારી પાસે.

**નીરુમા :** એ કંઈક કાઢો ને, અમને કંઈક...

**દાદાશ્રી :** શું કાઢો ? શી રીતે કાઢે ?

**નીરુમા :** દાદા, એ તો બહુ કાઢ્યું છે. પણ આવું કંઈક નવું નવું નીકળે ને, દાદા.

**દાદાશ્રી :** હા, પણ એ તો સંજોગો હોય તો નીકળે ને ?

**નીરુમા :** નિમિત્ત...

**દાદાશ્રી :** નહીં તો તમે જાણતા નહોતા કે આ દાદા છે તે સાંધેલાને તોડતા નથી એવું ?

**નીરુમા :** એ જાણું છું. સાંધતા હોય છે એય ખબર છે.

**દાદાશ્રી :** ના, પણ ત્યારે તે તમે કેમ લખ્યું નહીં ? તમે વિગતવાર મારી પાસેથી માગો છો ને ?

**નીરુમા :** હા.

**દાદાશ્રી :** તમે વિગત કરી શકો છો. આટલા બે વાક્યો પરથી એસે (નિબંધ) લખી લાવો છો !

**નીરુમા :** લખાય, દાદા. બહુ લખાય.

**દાદાશ્રી :** આવું કોઈ પૂછનાર મળે ત્યારે બધી વાત ઝીણવટથી નીકળે. આપણે ત્યાં પૂછનાર મળે નહીં ને કોઈ ! બધાને એમ ને એમ ઠંડક વર્ત્યા કરે. એટલે કહે છે, સારું છે હવે. પણ પૂછે તો બહુ સારું. સાયન્સ છે આ તો.

**પ્રશ્નકર્તા :** સાયન્સ છે. સર્વોત્તમ વિજ્ઞાન છે અને સર્વોત્તમ કળા છે !

**દાદાશ્રી :** હા, સર્વોત્તમ જ્ઞાન અને કળા બેઉ છે. એટલે આમાં જ્ઞાનકળા અને બુદ્ધિકળા બન્ને છે. એટલે જેટલી સૂર્યનારાયણની કળાઓ છે એટલી બધી આ વિજ્ઞાનમાં કળાઓ છે ! અને બુદ્ધિની સંપૂર્ણ કળા છે ! એટલે કામ કાઢી નાખે એવું છે !

❖❖❖❖❖

# [૨]

# નાનાથી પણ નાના રહેવાની રીત

## નાની ઉંમરે લોકો 'દાદા' કહે તે બોજો લાગ્યો

**નીરુમા :** દાદા, પેલી એક તમારી વાત કરો ને ! પેલો તમારો એક ભત્રીજાનો દીકરો હતો, એની જોડે તમે કેવી રીતના એડજસ્ટમેન્ટ લેતા હતા, કે એના કાકાને એની સાથે ઝઘડો થતો હતો ને તમારું બધું સાંભળતો'તો. ને પછી તમે એના કાકાને એડજસ્ટમેન્ટની કળા બતાવેલી.

**દાદાશ્રી :** હા. એટલે અમારા એક છેટેના ભત્રીજાનો દીકરો, છેટેથી ચોથી પેઢીનો. અને ખાસ કરીને મારાથી બે-ત્રણ વર્ષે નાનો. ભત્રીજાનો દીકરો એટલે મને 'દાદા' કહે. એટલે હું જ્યારે ભેગો થઉં ત્યારે દાદાના પ્રેમથી બોલ બોલ એ કર્યા કરે. 'દાદા ક્યારના આવ્યા છો, દાદા આમ છે, તેમ છે.' જાણે એના પોતાના જ દાદા હોય એવું ! એટલે પછી મને બોજો વધવા માંડ્યો કે આ વારેઘડીએ 'દાદા, દાદા' કરે છે ! એટલે મારા મન ઉપર બોજો ચઢવા માંડ્યો. બોજો વધે કે ના વધે ?

**પ્રશ્નકર્તા :** વધે.

**દાદાશ્રી :** એટલે પછી મેં વિચાર કર્યો કે આ બોજો થશે, હવે શું કરીશું ? આ તો માથા ઉપર બોજો વધતો જશે દહાડે દહાડે. એ તો 'દાદા, દાદા' કહ્યા જ કરવાનો. તો આ બોજો ઉતારવો કેમ ? પછી આપણી એના આગળ આંખ નરમ થઈ જાય. શું થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** નરમ થઈ જાય.

**દાદાશ્રી :** આપણી આંખ નરમ થઈ જાય, પછી સત્ય બોલતા પણ ડરીએ આપણે. એટલે આ પ્રશ્ન મને મૂંઝવેલો, અઢાર-વીસ વર્ષની ઉંમરે. કારણ કે ઘણાંખરાંનો હું દાદો થઉં, એટલે લોકો 'દાદા, દાદા' કરે. પણ એ કેટલાક માણસો 'દાદા, દાદા' કરે ને, તે ઉપલક જેવો વ્યવહાર રાખે, તો મને બોજો ના વધે કંઈ. પણ આ તો જાણે પોતાના જ દાદા હોય એવું પ્રેમથી બોલે ને, તે મને બહુ બોજો લાગવા માંડ્યો.

## બહારથી એ મને કહે 'દાદા', મનમાં હું એને કહું 'દાદા'

પછી મેં શોધખોળ કરી, બહુ વિચાર કર્યો. મને થયું, કે 'હવે આ બોજો શી રીતે ઊતરે ?' એને એમ કહીએ કે ''તું મને 'દાદા' ના કહીશ'', તોય ખોટું કહેવાય વ્યવહારમાં. ''તમને 'દાદા' ના કહું તો હું શું કહું ?'' એટલે આમેય ગૂંચામણ અને આમેય ગૂંચામણ ઊભી થઈ. એવા બે-ચાર જણ હતા, તે પ્રેમથી 'દાદા' કહે. મારો સ્વભાવ થોડો પ્રેમવાળો અને બીજા બધા તો ઉપલક. મને પૂછે, 'દાદા ક્યારના આવ્યા છો ?' હું કહું, કે 'પરમ દહાડે આવ્યો.' એ પછી કશુંય નહીં, લટકતી સલામ. પણ આ તો રેગ્યુલર સલામ કરે એવું. એટલે પછી મેં શોધખોળ કરી, બહુ વિચારીને. એટલે મેં કહ્યું, 'આ બોજો શી રીતે ઉતારવો ?' એટલે પછી એ મને 'દાદા' કહે અને હું એને 'દાદા' કહું. તે હું મનથી એને 'દાદા' માનું. એ જ્યારે મને 'દાદા' કહે ત્યારે હું એને મનથી 'દાદા' કહું. એટલે પ્લસ-માઈનસ કર્યા કરું, છેદ ઉડાડી દઉં. હું એને મનથી 'દાદા' કહું. એટલે મારું મન બહુ સારું રહેવા માંડ્યું, હલકું થવા માંડ્યું. તેમ તેમ પેલાને એટ્રેક્શન વધારે થવા માંડ્યું. હું એને મનથી 'દાદા' માનું એટલે પછી એ પહોંચે ને વાત, એના મનમાં મારી વાત પહોંચે ને ! કે ઓહોહો ! કેટલો મારી ઉપર ભાવ છે એમને !

આ બહુ ઝીણી વાત, બહુ સમજવા જેવી વાત છે. આપણે ટૂંકી વાત આમ નીકળે કોઈ વખત, તો આ કહી દઉં તમને. આવી જો ગોઠવણી કરતા આવડે તો કલ્યાણ થઈ જાય એવું છે. એટલે પછી શું કર્યું ? આવો

વ્યવહાર ચાલે એટલે એના મનમાં એમ જ લાગે કે 'આ દાદા જેવા કોઈ માણસ મળે નહીં, આ મારા દાદા જેવા !'

## કાકાને કાકા થતા ના આવડ્યું

હવે એના કાકા હતા, તે ત્યાં આફ્રિકા રહે. મારા ભત્રીજા થાય ને એના કાકા થાય. સગા કાકા નહીં, પણ કાકાના દીકરા એટલે એક જ પેઢી દૂરના. હું ચોથી પેઢીનો દાદો થઉં. એના કાકા ફક્ત એનાથી પાંચ વર્ષે મોટા, અને મારી ઉંમરના. તે હવે એના કાકા હતા, તે શું કરે ? આફ્રિકાથી આવીને છે તે વડોદરે એને ત્યાં ઊતરે, ભત્રીજાને ત્યાં. પછી વેઢમીઓ જમે. કાકા આવે એટલે પેલી ભત્રીજાની વહુ તો વેઢમીઓ જ બનાવે ને ! તે વેઢમીઓ જમે, સારી રીતે દૂધપાક બનાવે. અને પછી આ કાકા શું કરે સાંજ પડે ? 'તારો હિસાબ દેખાડ મને આ. તને આટલો પગાર મળે છે, તે તું આ બધું પૂરું શી રીતે કરું છું ? આ બધાને ચા પાઉં છું અને આ વેઢમીઓ ખવડાવું છું તે !' તે મૂઆ ડફોળ, એનું ખઉં છું ને વળી પાછું આવું બોલું છું, એને ડફળાવું છું ? આવું ડફળાય ડફળાય કરે. કાકો થવા ફરે એ. શું કરે ?

**પ્રશ્નકર્તા :** કાકા થવા ફરે.

**દાદાશ્રી :** અને જેમ બાપ ટૈડકાવે, તેમ કાકોય ટૈડકાવે. હારું આ તો કંઈ જીવન કહેવાય ? એટલે પછી પેલો ભત્રીજો પણ એની શરમથી નભાવી લે, બિચારો બોલે નહીં. પણ એના મનમાં પ્રેમ ના રહ્યો કાકા ઉપર જરાય.

પેલા બિચારા એમ જાણે કે આપણા કાકા આવ્યા છે, એટલે જમાડો બરાબર અને પેલા કકળાટ કર્યા વગર રહે નહીં. એટલે પેલાને મનમાં એમ થાય કે આ કઈ જાતનો કાકો ? આમાં મારો ખોટો બગાડ નથી. ચા-પાણી તો આ મારી વહુ આવી તેને ના જોઈએ બળ્યું ? તે શ્રીખંડ-પૂરી ખાતા જાય ને કચકચ કરતા જાય અને કાકાનો રોફ મારતા જાય. પાછો લાગણીવાળો ખરો, પણ તે કાકા થતા નથી આવડતું ને !

## કાકા રોફ મારે તો ન કબૂલે ને દાદાની પ્રેમ કરામતે કબૂલે

પછી એક ફેરો પેલાને બેએક હજાર રૂપિયા, પંદરસે રૂપિયા દેવું થઈ ગયેલું. આ તો બહુ જૂના જમાનાની વાત, જ્યારે પૈસો બહુ મોંઘો હતો. તે પછી એનો આ કાકો કહે છે, 'એને દેવું છે એ હું જાણું છું, તે મારે એને આપી દેવું છે. એટલે દેવામાંથી છૂટો થઈ જાય.' તે પેલા કાકાએ પેલા ભત્રીજાને પૂછયું, 'ભઈ, કેટલું દેવું છે ?' એ ભઈ-બઈ કંઈ ના બોલે. 'અલ્યા, કેટલું દેવું છે ? કહી દે ને મને ! આપી દઈએ અહીંથી.' ત્યારે પેલાએ કહ્યું, 'ના, એવું કશું દેવું-બેવું છે નહીં મારે.' એટલે પછી મને કહેવા માંડ્યા. આ દેવું છે ને 'નથી' કહે છે, હું આપી દેવાનું કહું છું તોય.

પેલો કહેતો જ નહોતો, એને વિશ્વાસ જ નહોતો આવતો આ કાકા ઉપર. 'મોઢે બોલીને પછી આપવાના નથી', કહે છે. અને આ પૂછે એટલું જ. સ્વભાવ જાણી ગયેલા. પેલો એમ જાણે કે આ કાકો તો બોલે છે અવળું અને પછી આપતોય નથી, એના કરતા આપણે ના કહેવું એ શું ખોટું ? આપણી આબરૂમાં રહીએ એ સારું. એટલે પેલાએ કહ્યું નહીં. બાપ કરતાંય વધારે જોર કરતો હતો કાકો. પેલાનો બાપ મરી ગયેલો, એના બાપ કરતાંય વધારે જોર કરે. એટલે પેલો કહે છે, 'મારે કંઈ ખાસ દેવું છે નહીં.' એટલે પછી મને કહેવા માંડ્યા એના કાકા, 'આ શું સમજે છે ? આ એને પંદરસો-બે હજારનું દેવું થઈ ગયેલું છે. મારે એને એમાંથી અડધા પૈસા તો આપવા છે, હજારેક હું આપું, પણ ના પાડે છે.' મેં કહ્યું, 'આય દુનિયા નવી જાતની ને ! કાં તો એને ભત્રીજો થતા નથી આવડતું અને કાં તો તને કાકો થતા નથી આવડતું. કંઈક ભૂલ છે આમાં.' એટલે 'આ કંઈ કહેતો જ નથી, છે જ નહીં મારે, અડવા દેતોય નથી. કેવો આ નફ્ફટ છે માણસ !', કહે છે. મેં કહ્યું, 'એવો નથી, હું એવો નથી માનતો.' ત્યારે કહે, 'તમને એના ઉપર વિશ્વાસ છે ?' મેં કહ્યું, 'મને સો ટકા વિશ્વાસ છે.'

એટલી વારમાં એ ત્યાં રહીને જતો'તો, મેં કહ્યું, 'ભઈ, અહીં આવ બા, તારે દેવું છે ?' ત્યારે કહે, 'હા, દાદા, છે.' 'કેટલુંક છે તે ?'

'સોળસે-સત્તરસે રૂપિયા દેવું છે', કહે છે. પછી મેં કહ્યું, કે 'તું જા હવે.' પછી પેલાને મેં કહ્યું, 'જો, તું કહું છું ને કે નાલાયક માણસ છે, આ તો લાયક માણસ છે.' ત્યારે કહે, 'તમારી પાસે શી રીતે કબૂલ કરે છે ?' મેં કહ્યું, 'ચોથી પેઢીનો દાદો હું, તું પહેલી પેઢીનો કાકો ! એટલે મારી પાસે આવું કબૂલ કરે છે.' ત્યારે કહે, 'ના, પણ તમે કંઈક કરામત કરી ! મારી પર ભાવ જ નથી રાખતો, હું આપવાનું કહું છું તોય !' મેં કહ્યું, 'ના લે, કોઈ બાપોય ના લે. તું તો વાળી વાળીને (ફરી ફરીને) વાણી બોલીને આપવા માગું છું.' કેવું ? હાથ ધર, લે પહેલા પચાસ આપું છું, આપી આવ જા. હાથ ધર, બીજા પચાસ આપું છું... એ નહોય માંગવાવાળો ! અલ્યા, આ તો ક્ષત્રિયપુત્ર છે ! 'ભીખ માગીશ પણ આવું નહીં લઈએ. ઘર વેચી દઈશ.' શું કહે ?

**પ્રશ્નકર્તા :** ઘર વેચી દઈશ.

**દાદાશ્રી :** અને કોઈ ના લે, આવું લેતું હશે ?

## પ્લસ-માઈનસની નવી જ વાત

તે પછી મને કહે છે, 'તમારી પાસે કંઈક કરામત છે. આ તમારી પાસે બોલ્યો, દૈ જાણે, અને મારી પાસે નથી બોલતો.' 'તને કાકો થતા ક્યાં આવડે છે ? મૂઆ, શું જોઈને અક્કરમી કાકો બની ગયો છું ?' કહ્યું. કાકો થઈને પાછો દંડો બજાવે ત્યાં આગળ, ખઈને ! પેલું ખાય ને દંડો બજાવવો, આખો દહાડો 'બહુ વખત ચા પીવાની નહીં, આવા ખર્ચા કરાય નહીં, આમ છે, તેમ છે' એવું બોલ્યા કરે. ત્યારે મૂઆ, શ્રીખંડ-પૂરી તમે ખાઓ છો, તે વખતે ખર્ચો બોલતા નથી. મૂઆ, કઈ જાતના નાલાયક પાક્યા છો, અન્ફિટ માણસો ! આમ આફ્રિકામાં સારા પગારદાર ઑફિસર થઈ ગયા, એટલે આવડી ગયું જાણે ? આ સંસાર તો આવડવો કંઈ સહેલી વાત છે ? તો મને કહે છે, 'શું એવી કળા કરો છો ?' મેં કહ્યું, 'તું કાકો થઈને બેઠો છું. મોટા કાકા આવ્યા ! હેંડતા આવડે નહીં ને મોટા કાકા થઈને બેઠા છો તે !' ત્યારે મને કહે છે, 'તમે દાદા નહીં થયા ?' મેં કહ્યું, ''મને એ 'દાદા' કહે છે અને હું મનથી એને

'દાદા' માનું છું, એમ કરીને પ્લસ-માઈનસ કરું છું.'' હું શું કરું છું ? એ મને મોઢે 'દાદા' કહી શકે, મારાથી એને મોઢે ના કહેવાય, નહીં તો બહાર ખોટું દેખાય ને ! એટલે મનથી હું એને મારા 'દાદા' માનું છું અને એ મને મોઢે કહે છે, આમ પ્લસ-માઈનસ કરી નાખું છું. એથી બિચારાને એને એમ ના લાગે કે આ દાદા મારા વિરોધીમાં છે. અને તું તો એને ડફળાવું છું. તું જાણું છું કે આ મારો ભત્રીજો છે. એ મને 'દાદા' કહે છે, હું એને 'દાદો' માનું છું અંદરખાને. અંદરખાને લેવલ ગોઠવેલું છે. ને તમે કાકાપણું ઠોકો છો, 'હું કાકો, કાકો, કાકો.' આવું પ્લસ-માઈનસ કરીએ તો દાદા મર્યાદામાં રહે, નહીં તો દાદા ટૈડકાવે. સમજાયું તમને ? આવડશે ?

**પ્રશ્નકર્તા :** દીકરાના દીકરા થતા આવડવું જોઈએ.

**દાદાશ્રી :** શી રીતે આવડે ? આ પૂતળા જેવા માણસો, બાપ થતા ક્યાંથી આવડે ? હુડ હુડ હુડ કરીને બાપ થઈ જાય છે.

**પ્રશ્નકર્તા :** અત્યારે સાથે રહેવું હોય તો દીકરાના દીકરા તરીકે રહેવું જોઈએ. આ એક જ રીત છે.

**દાદાશ્રી :** હા. મેં કહ્યું ને પેલાને એ મને 'દાદા' કહે છે, તે ઘડીએ હું એને 'દાદા' માનું છું. એ પ્લસ-માઈનસ થઈ ગયું એટલે મને એ તરફ તિરસ્કાર રહે નહીં, 'હું દાદો છું' એવું મને ભાન રહે નહીં.

મેં કહ્યું, 'બીજી કોઈ કરામત નથી. એ મને દાદો કહે તો હું એને દાદો માનું. પણ એ તારો કાકો છે એવું માન્યું તેં ?' 'ના, આવો કીમિયો તો જાણું જ નહીં. હું આજથી હવે આ કીમિયો વાપરીશ.' તો મેં કહ્યું, 'કીમિયો વાપરશો તો બધુંય ચાલે, આ દુનિયા બધીય ચાલે.'

## અંદરખાને પોતે લેવલ ગોઠવે તો છોકરો ફ્રેન્ડ થાય

આ તો એક વાત નીકળી ત્યારે ને, પ્લસ-માઈનસની વાત ! તમને કામ લાગશે આ, હં. તમે જોજો તો ખરા, આ તો એક મોટો ચમત્કાર છે આનો ! આ મારા એક-એક વાક્યમાં ચમત્કાર હોય છે. આ નથી લાગતું

ચમત્કાર જેવી વાત ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** છે.

**દાદાશ્રી :** છોકરાંઓ કશું બગડે નહીં. આ તો એકલા બાપ થઈને ફરે, એકાંતિક ! અલ્યા, અનેકાંત રાખ ને ! તમારે એની જોડે મનમાં 'હું એનો છોકરો છું' એવું માનવું પડે તો ફ્રેન્ડ થવાય, નહીં તો થવાય નહીં. બાહ્ય વ્યવહારમાં 'હું એનો ફાધર છું' પણ અંદરખાને આપણે માનવું 'હું એમનો છોકરો છું.' ત્યારે ફ્રેન્ડશિપ થાય, નહીં તો થાય નહીં ફ્રેન્ડશિપ. ફાધર 'ફ્રેન્ડ' કેવી રીતે થાય ? ત્યારે કહે, 'લેવલ લે ત્યારે.' લેવલ કેવી રીતે લેવાય ? ત્યારે કહે, 'એને મનમાં એવી રીતે માને કે હું એનો છોકરો છું.' થશે એવું ? કરે તો કામ થઈ જાય. કેટલાય લોકો કરે છે ને કામ થઈએય જાય છે.

એટલે તે દહાડે એ નાની ઉંમરમાં છે તે મેં એમ નક્કી કરેલું કે આ બોજો વધે છે, તે મેં એને પછી આંતરિકથી એને 'દાદા' તરીકે માન્યો. એ મને કહે તે પહેલા હું એને 'દાદો' કહી દઉં આંતરિકથી, મનથી. એટલે કોઈ દહાડો મેં એને છંછેડ્યો નથી કે દાદા તરીકે એને મેં ટૈડકાવ્યો નથી. એવું કોઈ દહાડો બને નહીં, પ્રેમ જ હોય. ટૈડકાવીએ ક્યારે ? એકાંતિક થઈ જાય, હું દાદો થઈ જઉં અને એ પૌત્ર થઈ જાય એટલે પછી માર ટૈડકાવીએ. પછી ધાંધલ ચાલુ થાય.

## આવું એલ્જીબ્રા તો કોઈએ શિખવ્યું જ નહીં

**પ્રશ્નકર્તા :** આપે વાત કરીને હમણાં, કે હું એકાંતિક દાદો થઈ જઉં, તો ટૈડકાવાનો વખત આવે. તો હવે આ એકાંતિક અને અનેકાંતિક, એ જરા સમજાવો.

**દાદાશ્રી :** આ તો વ્યવહારથી 'દાદા' કહે છે. કંઈ નિશ્ચયથી દાદા છીએ આપણે ? એટલે અનેકાંત ક્યારે થાય ? આપણે એને વ્યવહારથી બીજી રીતે 'દાદા' સમજીએ. એ જાણે નહીં. જો એ જાણે તો ખોટું દેખાય. એ કહેશે, ''તમે કેવા માણસ, મારા દાદા થઈને મને 'દાદો' કહો છો ?'' બીજી રીતે કહો કે એ એને ખબર ના પડે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બીજી રીતે.

**દાદાશ્રી :** ધણીએ આ સ્ત્રીને તો ત્યાં સુધી કહેવું પડે કે 'એ મારા ધણી છે ને હું એની બૈરી છું.' એવું પ્લસ-માઈનસ કરીએ ત્યારે એ સ્ત્રી જોડે રાગે રહે. આ તમને ના ગમી વાત ?

**પ્રશ્નકર્તા :** ગમે, બહુ ગમે દાદા.

**નીરુમા :** દાદા, ધણીને આ જ ગમે એવું નથી.

**દાદાશ્રી :** 'આ દાદા શીખવાડે છે, એ શી રીતે પોસાય ?' કહે છે. અમે મનથી હીરાબાને 'અમારા ધણી છે' એવું માનીએ. તે અમારે ડખો નહીં થયેલો કોઈવાર. પ્લસ-માઈનસની વાત અમારી પાસે પહેલેથી હતી. એલ્જીબ્રા (બીજગણિત) સારામાં સારું શીખેલા છીએ અને એલ્જીબ્રાનો અર્થ પણ સમજી ગયા છીએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** કામ લાગે એવી છે આ વાત ?

**પ્રશ્નકર્તા :** અદ્‌ભુત છે, દાદા !

**દાદાશ્રી :** ના, એટલે આ અમારી નાનપણમાંથી અનુભવની આવેલી વાત. એણે કબૂલ કર્યું, તે અમારો પેલો ભત્રીજો કહે છે, કે 'તમે શું એવું રાખો છો, તમે ધર્મિષ્ઠ છો એટલે ?' મેં કહ્યું, 'ના બા, આમાં ધર્મની જરૂર જ નથી. આ તો કોઈ પણ સંસારી માણસ કરી શકે.'

અને માન શાથી ઊભું રહ્યું છે ? સામાને હું હલકો માનું છું માટે માન રહ્યું છે. માટે એને હલકો ના માનવો. 'એ તો મારો ઉપરી છે', એવું કહેવું. શું ?

**પ્રશ્નકર્તા :** પેલાને હલકો માને છે એટલે માન ઊભું રહ્યું છે.

**દાદાશ્રી :** હા. નહીં તો, 'હું તો આનો કાકો થઉં' એમ માન્યું એટલે પેલું માન રહે. તો આપણે વ્યવહારમાં કહેવું, કે 'ભઈ, હું આનો

કાકો છું', પણ અંદરખાને આપણે 'એ મારો કાકો છે' એવું માનવું. એટલે પ્લસ-માઈનસ થઈ જાય. પ્લસ-માઈનસ થઈ જાય એટલે એલ્જીબ્રામાં ઊડી જાય છે ને, છેદ ઊડી જાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પછી એક્સ ઈક્વલ ટૂ વાય (x=y) એટલે આવી ગયું. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** આ વાત ગમી, દાદા. બહુ સરસ છે ! આપે કહ્યું ને, કે સામાને હલકો ગણે છે, માટે માન ઊભું રહ્યું છે.

**દાદાશ્રી :** હા, માન તેથી જ ઊભું રહ્યું છે ને ! મારો ભત્રીજો થાય, આનો હું દાદા થઉં. પછી જાડો થતો જાય મૂઓ. એને ભાગતો નથી.

**પ્રશ્નકર્તા :** હા, ભાગતો નથી એટલે...

**દાદાશ્રી :** પછી કહેશે, 'હું આનો દાદો થઉં, પણ મારું માનતો નથી.' શી રીતે માને, મૂઆ ? તું દાદો થઈ ગયો છું એટલે ! તું એને ભાગી નાખું તો માની જાય.

## શીખી લો દાદા પાસેથી આ માસ્ટર કી

ઘરમાં 'તમે મોટા' સંભળાય છે એ જ તમારી ભૂલ છે. 'તમે મોટા' એવું સાંભળો જ નહીં. એ કહે તેનો વાંધો નહીં. પણ તમે એને સાંભળો નહીં, જો તમને રોગ ચઢતો હોય તો અને જો રોગ ના ચઢતો હોય તો સાંભળો નિરાંતે. એ શબ્દ રોગ કરનારા હોય તો તમે ના સાંભળો. નહીં તો 'તમે મોટા, હું નાનો' એવું છે તે પ્લસ-માઈનસ કરી નાખો, તો બોજો વધશે નહીં ને બધાને આનંદ રહેશે. પ્લસ-માઈનસ કરજો બધું. ચાલશે ? આ સમજણ પડી પ્લસ-માઈનસની ? નથી સમજણ પડી ?

**પ્રશ્નકર્તા :** હજુ વધારે સમજાવો ને, દાદા.

**દાદાશ્રી :** આપણે ધણી થવાને માટે વાંધો નથી, પણ અંદરથી આપણે સમજવું જોઈએ, કે 'એ મારા ધણી છે.' એટલે એમના તરફથી

માન રહે ને, આપણું ! મોઢે નહીં કહેવું જોઈએ. મોઢે કહીએ તો ઊંધો અર્થ થાય, દુનિયા ગાંડા કહે આપણને.

આ બહુ ઝીણી વાત છે. આ સમજે તો બહુ ઉત્તમ વાત છે. એ મને 'દાદો' કહે વ્યવહારમાં, તે મારે 'હા' જ કહેવું પડે. અને જેમ જેમ 'દાદો' કહે આપણને તેમ તેમ મારા પાવર ઉપર અસર થાય કે ના થાય ? એટલે મારા એ પાવરની અસર ઊડી જાય, એટલે અંદરખાને મારે એને 'દાદો' માનવો પડે, કે એ મારો 'દાદો' છે. સમજણ પડી આ ? આ પ્લસ-માઈનસની સિસ્ટમ. જો તમને આવડે તો સ્વીકારી લેજો.

મારી પાસે આ બધું વ્યવહારિક જ્ઞાન જાણવાને માટે બહુ ટાઈમ હોય તો લાભ લેવો. તને ગમ્યું કે બધું ?

**પ્રશ્નકર્તા :** હા, ચાવી બહુ સરસ છે.

**દાદાશ્રી :** ચાવી ના હોય ત્યારે પછી માણસ રખડી મરે ને બધા. મારી પાસે પચાસ હજાર માણસ આવે, તો જો મારી પાસે પ્લસ-માઈનસની ચાવી ના હોય તો બધાની જોડે મારે ભાંજગડો પડી જાય ને ? કારણ કે લોકો એમ માને કે દાદા સહુથી મોટા. અને હું પ્લસ-માઈનસ ના કરું તો મારે પડી જવું પડે ને ! સહુ મને ઊંચે ચઢાવીને બેસે, પછી પડવાનું તો મારે જ ને ? પણ ના, હું ચાવી બધી લગાવીને પછી બેસી જઉં.

આટલી વાત કામમાં લાગશે આમાંથી ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** બસ ત્યારે. બધી કળાઓ જોઈએ, બા. એમ ને એમ બાપ થઈ ગયા ! એ તો આ કૂતરા બાપ થયેલા જ છે ને ! ગધેડા-બધેડા બધાય બાપ થાય છે ને ! છોકરો આપણી પાસેથી ખસે નહીં એવો જોઈએ બાપ. હું એને 'દાદા' માનું એટલે મારી જોડે બેઠો હોય તો ખસે નહીં ને ! અને બહારગામ ગયા હોય તો એના કાકાની પથારી ના કરે, મારી પહેલી કરી નાખે. જુઓ ને, કહી દીધું ને એનું દેવું, અને પેલો એનો કાકો તો સજ્જડ જ થઈ ગયો. મને કહે, 'તમે કંઈક ચાવી મારો

છો.' મેં કહ્યું, 'દેખ, અમારી ચાવી.' એવું ના આવડે ? કળા છે ને ? કળા છે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** દાદા, કળા જ છે, બહુ મોટી કળા ! આ તો બધાને જીતવાની ચાવી છે !

**દાદાશ્રી :** આ નાની ઉંમરમાં મને આવડે.

**નીરુમા :** દાદા, કેટલી ઉંમર હશે ત્યારે ?

**દાદાશ્રી :** એ વીસ-બાવીસ વર્ષની. હું જાણું કે હું દાદો થઈ બેસું તો પછી એ મારો પાવર વધતો જાય ને એનો ઓછો થતો જાય. આનું લેવલ ક્યારે આવે ? 'આવો દાદા, આવો દાદા' એટલે થઈ ગયા દાદા ! ઊંધા ફેરવો તોય દાદા ! એવા દાદા આપણે નથી થવું બા. પ્લસ-માઈનસથી ઉડાડી મેલવાનું. નહીં તો તિરસ્કાર પેસી જાય.

તમને નથી લાગતું આ શીખવા જેવી કળા છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, જબરજસ્ત કળા છે !

## દુષમકાળમાં સેફસાઈડ માટેના અનેક ઉપાયો આ જ્ઞાનમાં

**દાદાશ્રી :** અમારી કળાઓ બધી ઊંચી હોય, જો શીખી લે તો. જો વાત ગમી હોય તો શરૂઆત કરી દેજો. કાયમને માટે સેફસાઈડ થઈ જશે.

હવે તમને જ્ઞાન છે તેથી સામા જોડે કામ લેતા શીખો, પહેલાની રીત હવે ફેરવો. પહેલા તો એવું થવું જોઈએ કે અત્યાર સુધીની રીત ખોટી હતી. ત્યાર પછી સબ્સ્ટિટ્યૂટ (અવેજી) જડશે. હવે સબ્સ્ટિટ્યૂટ ખોળો. ઘરમાં એવા આનંદથી રહો, સામાની ભૂલ થઈ હોય તોય તેની જોડેય આનંદથી રહો. બધાને આનંદમાં રાખો. ભૂલવાળાનેય આનંદમાં રાખીને પછી કામ એવું લેવું. મારી જોડે બેસો છો રોજ, કંઈ ને કંઈ શીખવાનું તો મળે જ ને ! પણ જ્યાં સુધી તમે પેલું ખસેડો નહીં, ત્યાં સુધી પેલું એડજસ્ટ ના થાય. કારણ કે 'આ તો આપણે વારસામાં આવેલું એ શી રીતે આપી દેવાય ?' કહે.

**પ્રશ્નકર્તા :** પેલું પ્રેક્ટિકલ જોયેલું ને બધું. બાપ-દાદાનું પ્રેક્ટિકલ જોયેલું છે. જે રીત પેલી, પ્રેક્ટિકલ જોયેલી રીત છે.

**દાદાશ્રી :** ના, એ તો તે દહાડે કિંમતી હશે, આજે નથી કિંમતી.

## ઘેલછા ભર્યા સંસારમાં સત્તા ન વાપરે તો જ છૂટાય

આ જ્ઞાનમાં તો એટલા બધા ઉપાયો છે કે તમે દુશ્મનને ત્યાં જવાના હોય તો તે દુશ્મનનેય નરમ કરી નાખે તેવું આપણું જ્ઞાન છે !

અમે ક્યારેય કોઈની ઉપર સંસારી સત્તા વાપરેલી જ નહીં. એ સત્તા વાપરવી એ તો ઘેલછા છે, ઘેલછા. ખાનદાન તો કોનું નામ કે હાથમાં સત્તા હોય, સત્તા આવી હોય છતાં સત્તા ના વાપરે તે. આ કાળમાં બધે જ અજ્ઞાનનો અહંકાર છે. આખુંય જગત મેન્ટલ થઈ ગયું છે. કોઈનેય ગુરુ થતા આવડતું નથી. કોઈને બાપ થતા આવડતું નથી, કોઈને મા થતા નથી આવડતું, કોઈને ધણી થતા નથી આવડતું ને કોઈને બૈરી થતાય નથી આવડતું, તેવો કાળ છે. ને આવા કાળમાં સુખ તે ક્યાંથી હોય ? આ જ કાળ ખરો છૂટવા માટેનો છે. આ તો ચોતરફથી નરી ફસામણ, ફસામણ ને પાછો ચોગરદમથી ભો, ભો ને ભો જ. તે આ કાળમાં બેસી તે શી રીતે રહેવાય ? આ તો જ્યાં ને ત્યાં નરી ઘેલછા જ છે, તે આવા જગતમાં ક્યાં સુધી બેસી રહેવાય ?

અમે તો પહેલેથી જ, જ્ઞાન થતા પહેલાય સંસારી સત્તા જ નહીં વાપરેલી. મને કોઈ 'દાદો' કહે એટલે મારું વર્તન જ એવું હોય કે 'હું પૌત્ર છું.' મને કોઈ 'કાકો' કહે તો મારું વર્તન 'ભત્રીજા' તરીકેનું હોય. ખરી રીતે હવે શું હોવું જોઈએ ? અહંકારપૂર્વક નહીં હાંકતા આત્માનો શુભ ઉપયોગ મૂકીને હાંકવામાં આવે તો ફળદાયી થઈ પડે. શુભ ઉપયોગમાં રહેવાનું છે ને શુભ ઉપયોગમાં વર્તવાનું છે. આત્માનો ઉપયોગ એટલે શું ? એડજસ્ટમેન્ટ લઈ લેવું તે. આપણું જ્ઞાન અજાયબ છે !

## અહો ! આ બોધકળા, સામાના લેવલ પર જઈને ગેડ પાડી

**પ્રશ્નકર્તા :** દાદા, તમને નાના માણસો અને બાળકો જોડે વ્યવહાર કરવાની કળા સરસ આવડે છે.

**દાદાશ્રી :** હા, પેલા ચંદુભાઈ આપણે ત્યાં આવે છે, એમના બે છોકરાં છે. તે એક ચૌદ વરસનો હતો ને એક તેર વર્ષનો હતો. તે બેઉ છોકરાં હેરાન કરે. 'દારૂખાનું લાવી આપો, દારૂખાનું લાવી આપો', અને પાછા ફોડી નાખે એટલે ખલાસ થઈ જાય બળ્યું. પેલાને આવક ઓછી હતી. ત્યારે મને કહે છે, 'આ છોકરાંઓ બહુ હેરાન કરે છે દારૂખાના માટે.' ત્યારે મેં કહ્યું, 'હેંડ, હું આવીશ, દવા કરીશ.'

તે છોકરાંને બેસાડ્યા. બેસાડી અને પૂછયું એમને, કે 'ભઈ, દારૂખાનું તમને બહુ ગમે છે ?' ત્યારે કહે, 'દારૂખાનું તો ગમે જ ને, કોને ના ગમે ?' મેં કહ્યું, 'સારું.' પછી મેં એમને સમજણ પાડી. મેં કહ્યું, 'આ આપણા રાજા છે ને, ત્યાં રાજમહેલમાંથી દારૂખાનું ફોડે કે ના ફોડે ?' ત્યારે કહે, 'હા, એ તો બહુ ફોડે દારૂખાનું.' મેં કહ્યું, 'જાતે ફોડે ?' ત્યારે કહે, 'ના, એ તો બેઠા બેઠા પેલા નોકર પાસે ફોડાવડાવે.' ત્યારે મેં કહ્યું, 'તો એ શું કરે ?' ત્યારે કહે, 'એ જુએ, બસ !' ત્યારે મેં કહ્યું, 'આ બધા ફોડે છે ને, તે આપણે ત્યાં જઈને જોવું. આપણે રાજા છીએ !' આપણે રાજા, ત્યાં જઈને આરામથી જોઈએ. ફોડનાર તો ભડકમાં હોય બિચારા, એને તે જોવાનું ક્યાં, ટાઈમ મળે જ નહીં. મેં કહ્યું, 'રાજા જુએ ને માણસો ફોડે. તે તમે જોવાનો અભ્યાસ કરો આ કાલથી.' એવું બહુ રીતે સમજાવ્યું ને, તે પછી એ દારૂખાનું માગતા નહોતા પછી. હા, પણ જુએ. એ ફોડનારા ફોડે, મજૂરો ફોડે બિચારા ! દાઝે-કરે તે મજૂરો દાઝે, આપણે શું છે ? તે ત્યાર પછી છૂટી ગયેલું દારૂખાનું. તે આ બોધકળા કહેવાય, બોધકળા !

તે ત્યારથી છોડી દીધું, તે આજ સુધી. એ મોટી ઉંમરના થયા, તે અત્યારેય કહે છે કે અમે ત્યારથી બંધ કરી દીધેલું. અમને સમજણ પડી ગઈ, કે 'જોવામાં ફાયદો છે.' જો કામ લાગ્યું કે ના લાગ્યું ? અને પેલો સળગાવીને ઊંધું ઘાલીને પાછો દોડે ! હવે જોવાનો અભ્યાસ એને થાય નહીં, ગભરાયેલો હોય. આ તો મનમાં એમ થાય કે મેં ફોડ્યો. હવે રાજાને ત્યાં રાજા શું જાતે ફોડતા હશે ? એને દાખલો એવો આપી સમજ પાડી, તો છૂટી ગયું. સમજણ પડે તો છોડી દે, નહીં ?

**પ્રશ્નકર્તા :** સમજ પડે તો છોડી દે.

**દાદાશ્રી :** છોડી દે. એને સાચી સમજ પડવી જોઈએ. મેં કહ્યું'તું, 'આપણે આ બધું દારૂખાનું ફૂટે છે ત્યાં જઈને જોવું અને આપણે રાજા થવું, આપણે નોકર ના થવું.' તે એ ગેડ પડી ગઈ, ત્યારથી દારૂખાનું છૂટી ગયું, ત્યારથી લાવવાનું બંધ થઈ ગયું એ બે છોકરાંનું. તે અત્યારે અમેરિકા છે તે કહે છે, કે ''તમે દારૂખાનું છોડાવી દીધું'તું અમારું.'' એટલે એવો દાખલો બેસે ને ! અમારી પાસે તો બુદ્ધિકળા હોય, તે બુદ્ધિકળાથી હું એક દાખલો બેસાડી દઉં ને, તો એનું મન એક્સેપ્ટ કરે તો એ બાજુ ચાલવા માંડે.

❖❖❖❖❖

# [૩]

# નાટકના અનુભવ પરથી લીધો બોધપાઠ

## જ્ઞાનીનો આદર્શ વ્યવહાર વાતોના વડાથીય જાણવા મળે

**નીરુમા :** દાદા, પેલી નાટકની ટિકિટની વાત કરો ને !

**દાદાશ્રી :** નાટકની ટિકિટની તો હું શું વાત કરું ? નાટકની ટિકિટની વાત કરો, કહે છે. આપણે સત્સંગ કરીએ કે આવી વાતોના વડા કરવા છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, એમાંથી જાણવાનું મળે ને ! અમારો વ્યવહારેય કંઈ એવો હોય તો પ્રકાશ પડે ને !

**દાદાશ્રી :** ના, આ તો વાતોના વડા કહેવાય.

**નીરુમા :** પણ દાદા, આ તો બહુ મોટી વસ્તુ...

**દાદાશ્રી :** આ નીરુબેન આવું તેવું કઢાવડાવે છે, જૂની વાતો.

**નીરુમા :** બધાને જાણવા મળે ને, દાદા.

## નાટકની ટિકિટ કઢાવવા કોઈ જાય નહીં

**દાદાશ્રી :** હા, જુઓ ને, નાટકની ટિકિટો કઢાવી હતી.

**પ્રશ્નકર્તા :** એ શું હતું, દાદા ?

**દાદાશ્રી :** એ તો એક ફેરો નાટક જોવા ગયો'તો, ૧૯૨૮માં. તે

ભર્તૃહરિનું નાટક હતું. તે મનેય ભારે પડી ગઈ અને બીજા લોકોનેય ભારે પડી ગઈ. મને શું ભારે પડી ગઈ ? હું તો કૉલેજમાં છે તે પેલું પરીક્ષા આપવા આવેલો મેટ્રિકની. અને પછી બધા દસ-બાર છોકરાંઓ કહે છે, 'હેંડો, આજ નાટક જોવા જઈએ.' તે અમે તો બે ઘોડાગાડીઓ કરીને ગયા. તે ઘોડાગાડીના પૈસા છે તે એ લોકોએ ચૂકવ્યા, પણ બારેવ જણ નીચે ઊતરી, આમથી આમ ફરે ને તેમથી તેમ ફરે. આઘાપાછા થવા લાગ્યા. પણ નાટકની ટિકિટબારી હતી ને, ત્યાં કોઈ જાય નહીં. મને મહીં રીસ ચઢી, કે મારું હારું કોઈ બોલતું નથી ! જો એમ કહે, કે 'સહુ સહુની ટિકિટ લઈ લો', તો વાત જુદી છે. કાં તો એમાંથી એક માણસ એમ કહે, કે 'લ્યો, હું ટિકિટ લઈ દઉં છું', તો વાત જુદી. આ તો કોઈ હાલેય નહીં ને ચાલેય નહીં.

## આવા પાકા મીંઢ જોડે ક્યાં ફસાયા ?

મેં કહ્યું, 'આ શું ભવાડો પાછો ? આ આમની જોડે આપણે ક્યાં ફસાયા ! આ ફજેતામાં આપણે ક્યાં ફસાયા !' શૂરવીર જોડે જઈએ. જરાક મોડું થાય તો પેલાને રીસ ચઢે, મૂઓ ત્યાં દોડતો જઈને લઈ આવે. અહીં તો કોઈ શૂરવીર તો દેખાતો જ નથી. ઊલટું ત્યાં તો આપણે વાળવું પડે, કે 'ભઈ, ના, તમે ના લેવા જશો. હું લઉં છું.' અહીં તો કોઈ હલતું જ નથી, પેટમાં પાણી જ હલતું નથી હજુય. મોઢું આમ જોયા કરે. કોઈને પેટમાં પાણી ના હાલે, હોં. અને આમ બધા ઊભા'તા.

**પ્રશ્નકર્તા :** દાદા, શું ગણતરી હશે એ વખતે ? આમ બધા ઊભા હશે તેની ગણતરી શું હશે, કે ટિકિટો આપોઆપ આવશે ?

**દાદાશ્રી :** હં... જેનું લોહી ઉછાળે ચઢશે એ કાઢશે, આપણે શી મગજમારી તે ? લોહી ઉછાળે ચઢે ને ! એમાં કાચો હોય તેનું લોહી ઉછાળે ચઢે, બીજા કોઈનું તો ના ચઢે. બધા પાકા હોય ગઠ જેવા. મીંઢ* જેવા તે ! આ અમે લોકો, કાચા લોકો. તે પછી અમારાથી એ જોવાય નહીં. અમારું લોહી એવું ના હોય. આવું એટલું બધું ઠંડું લોહી ના હોય. અમારું લોહી ઊકળવા માંડ્યું, કે અરેરેરે ! આવું કેમ ચાલે ? આ તો અપમાન થાય છે !

*મીંઢ - બોલે નહીં ને મનમાં લુચ્ચાઈપૂર્વક દબાવીને રાખે તેવું

## તે બધાની ટિકિટ કઢાવી લીધી

હવે આવું નભાવી લેવાય ? એટલે મૂળ અમે તો ક્ષત્રિયપુત્ર, શૂરવીર, તે અમારાથી સહન ના થાય, અમારાથી અપમાન ઘડીવાર સહન ના થાય. અમારી તો નાકકટ્ટી થઈ જાય. અમે તો થોડીવાર રાહ જોઈ કે ભઈ, હઉ હઉની લે છે કે કોઈ ખાનદાની દેખાડે છે ? અને પછી મને થયું, 'ભઈ, આ બધા ભમાભમ (ભમવું - આંટા મારવા) કરે છે, આમાં આપણો દહાડો વળે નહીં. આપણે ટિકિટ કઢાવી લો.' તે હું દસ-બાર રૂપિયા ગજવામાં નાખી ગયેલો. તે બાર માણસની બાર રૂપિયાની ટિકિટ હું લઈ આવ્યો. મોટાભાઈ વઢશે કે જે કરવું હોય તે કરે પણ બારેય ટિકિટો લઈ આવ્યો, બાર રૂપિયાની. તે ગજવામાં હતા એ બધાની. અને બધાને અપાવી.

રૂપિયો ભાવ, તે બાર રૂપિયા ખર્ચ્યા. એક રૂપિયાનું ગજું નહીં. તે અહીં પરીક્ષા માટે આપેલા રૂપિયા, તેમાંથી બાર રૂપિયા ખર્ચ્યા. પણ 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ'. ત્યારથી નિયમ લઈ લીધો કે કોઈ દહાડો નાટક જોવું નહીં. આવા લોકોના ભેગા કંઈ આપણે જન્મ્યા, કે જે લોકો ટિકિટ લેવા જ નવરા નથી.

## આવા ગુરુઓ મળ્યા ને નાટક જોવાનું છોડાવ્યું

મેં કહ્યું, 'આ આપણા ગુરુ !' તે દહાડે નિયમ લીધો. એમના ગુરુએ મને આ છોડાવડાવ્યું. શું ?

**પ્રશ્નકર્તા :** આવો ગુરુ દાદા... ?

**દાદાશ્રી :** તે આ મહીં આઘુંપાછું ના થાય. પેટમાં પાણી ના હલે, આમ જાણે એય... જ્ઞાની બેઠા હોય એવા !

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો દત્તાત્રેયના ગુરુની વાત જેવી કરી આ તો. આ તો દત્તાત્રેયને જે ગુરુ મળે એવી વાત કરી આપે.

**દાદાશ્રી :** ત્યારે મને ગુરુ જ મળ્યા ને, બધાય ! તે દહાડે તો નાની ઉંમર ને બાર રૂપિયા ખર્ચ્યા એટલે મોટાભાઈ તેલ કાઢી નાખે. એકલો

સવા રૂપિયો ખર્ચવો હોય તો ભઈ તેલ કાઢી નાખે, હિસાબ માગે એ. આ બારમાં શું થાય હવે ? અને ખાનદાની જાય નહીં પાછી. સહન ના થાય, કે હવે આ તો આપણી આબરૂ ગઈ આમાં, આપણું રહ્યું શું ? ક્ષત્રિય પાણી ને ! મૂળ ક્ષત્રિય ને ! રીસ ચડી મહીં. તે વીંટી હઉ વેચી ખઈએ અમે તો. કદી આવું થતું હોય ને, તો વીંટી વેચી ખઈને પણ લઈ આવીએ ખરા. અમારાથી ના સહન થાય આવું. તે મૂઆ ફોઈબા છીએ આપણે ? આ ફોઈબાઓ ઊભી રહે. આપણે તો મૂછોવાળા છીએ.

ક્ષત્રિય લોહી ઊકળ્યા વગર રહે નહીં ને ! આમ આવું ઘડીવાર બેસી ના રહેવાય. ત્યારે ઉપદેશેય એવો આપે ને !

**પ્રશ્નકર્તા :** અને દાદા, એ કામેય કાઢી નાખે.

**દાદાશ્રી :** ત્યારે આપણને કામ લાગી ગયું. એ બધા હતા તો આપણને આ નાટક જોવાનું બંધ થઈ ગયું, એની મેળે. પછી નહીં ગયેલો. કારણ કે આપણો સ્વભાવ આવો ને આ લોકોની જોડે મેળ પડે નહીં. લોક તો તે ઠંડા ઊભા રહે, એ તો દોઢ કલાક સુધી ઊભા રહે. કહેશે, બીજા શૉમાં (ખેલમાં) જઈશું. પણ કોણ કાઢે ? આ મને ચળવિચળ (અસ્થિર) થયા કરે. એક મિનિટ જવી તે મુશ્કેલ મારે તો. એટલે મહીં આઘુંપાછું આઘુંપાછું થયા જ કરે. તે શી રીતે પોસાય આમ હલકા મનનું ? પૈસો વહાલો કે જાત વહાલી ? પૈસાનો વિચાર આવે તે આપણી ખાનદાની ના કહેવાય.

## જળ લીધું, ફરી નાટક જોવા જવું નથી

બાર ખર્ચાયા પણ સરવાળે ફાયદો થયો ને ?

**પ્રશ્નકર્તા :** હા, ફાયદો થયો.

**દાદાશ્રી :** જુઓ, અમે ક્ષત્રિય સાચા ને ! વટ તો અમારાથી ભૂલાય નહીં. અને તે ઘડીએ અમારું લોહી તપી જાય. તે મૂઆ, બધાય પોણિયા હોય તો આપણે આખા તે રહો, કહ્યું. પોણિયા કહે તે દહાડે, આવાં જે ઢીલા નીકળે ને, એને શું કહેતા'તા ?

**પ્રશ્નકર્તા :** પોણિયા.

**દાદાશ્રી :** હં... તે આ ચકલુંય હલે નહીં, નહીં તો હઉ હઉની લઈ લો. બેમાંથી એક કરો. પણ મારે ઠપકો ખાવો પડ્યો ને, ઘેર ? તે દહાડે બાર રૂપિયા એટલે આજના પાંચસો રૂપિયા કહેવાય. હવે બાર રૂપિયા તો મારું ગજું શું ? હું તો બે-ચાર રૂપિયા ખર્ચી શકું, ભણું એટલે કૉલેજમાં હાઈસ્કૂલમાંથી પરીક્ષા આપવા આવેલો હતો ને !

**પ્રશ્નકર્તા :** હા, ઘેરથી પૈસા લઈને આવેલા.

**દાદાશ્રી :** તે દહાડે બાર રૂપિયા આપવા, એ તો મોટું જોખમ. ઘેરથી અમુક રૂપિયા આપીને મોકલેલા હોય, પણ આ સ્વભાવથી બાર રૂપિયા ખર્ચ્યા. તોય પેલા બધાયને કશુંય નહીં, પણ ત્યારથી જળ મૂકેલું, કે ફરી હવે નાટક જોવું નથી.

## મારા આવા સ્વભાવે જ મુક્ત થયો સંસારથી

તે ફરી નાટક જોયું નથી મેં. ત્યારથી મેં નિયમ લઈ લીધો કે આ જોવા જેવી ચીજ નહોય, આવું જો લોકો કરતા હોય તો. આપણે એકલપેટે (એકલાએ) જોવાય નહીં આપણાથી, સ્વભાવ નથી એવો અને આપણી પાસે એવી લક્ષ્મી હોય નહીં હાથમાં. અને આવું જોઈ રહેવું એ આપણો ધર્મ નહીં. તમે આઘાપાછા થાવ એ જોઈ ના રહેવાય મારાથી. એ સૌ સૌનો સ્વભાવ છે ને આ તો ! નહીં તો બીજા તો જોઈ રહે, નહીં ? શું થાય છે ? તાલ જુએ, તાલ ! મારાથી આ સહન ના થાય. કો'ક જોડે આવ્યું હોય ને, તે મુંબઈ આવવાના હોય તે મુંબઈની ટિકિટ લઈ લઉં. હવે એ જમાનામાં મુંબઈની ટિકિટ ભારે પડે. પણ સ્વભાવ પડેલો તે જાય નહીં. પ્રકૃતિ છે ને ! ના લેવાય તો મહીં આબરૂ ઓછી થઈ ગયેલી હોય એવું લાગે મહીં. કપાઈ ગયેલી હોય ને આબરૂ, એવું લાગે. હવે ઘેર એવી કંઈ મોટી મિલકતો નહોતી. કશુંય નહોતું, પણ સ્વભાવના આવા.

મને તો મારા સ્વભાવે જ સંસારમાંથી મુક્ત કર્યો છે. મારાથી સહન જ ના થાય. તે આ આપણે બેઠા હોય ને પૈસા એમને આપવા પડે, તો આપણી કિંમત શું રહી ? એ કિંમતો કાઢ કાઢ કરી, તે કિંમત જડી નહીં પછી છેવટે અને મૂડી નકામી ગઈ બધી. તે સાવ નકામી નહીં,

પ્રેમ તો હતો જ ને લોકોનો ! પ્રેમ તો બહુ સંપાદન કર્યો, નહીં ? તમે જોયેલો ને પ્રેમ ?

**પ્રશ્નકર્તા :** પ્રેમ આજે પણ છે.

**દાદાશ્રી :** હા, આજે લોક કહે છે ને !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હં, એટલે પ્રેમ સંપાદન કરેલો. રૂપિયા રહેલા નહીં હાથમાં પણ પ્રેમ સંપાદન કરેલો.

## પ્રૉમિસ આપ્યા પછી વિચાર સરખો ન આવે

ત્યારથી નાટક બંધ થઈ ગયું પણ. કંઈક પઝલ થયું કે મહીં જડી આવે તરત, કે 'આમ કરો' અને એ જે બાર રૂપિયા ગયા ને, એ પછી જોયું નથી નાટક. એ પ્રૉમિસ એટલે પ્રૉમિસ. અમારું પ્રૉમિસ એટલે બહુ ઉત્તમ. મોટામાં મોટું જો ઉત્તમ હોય તો અમારું પ્રૉમિસ. જો આ હુક્કાનું પ્રૉમિસ આપ્યા પછી વિચાર સરખો નથી આવ્યો. અને ચા એની મેળે જતી રહી છે, તેનો વિચાર આવે. ટેવ નથી, પણ એના વિચાર આવે. પેલાનો તો વિચાર સરખોય નહીં. પ્રૉમિસ એટલે પ્રૉમિસ. કિકાણી સાહેબને કહ્યું, કે 'પ્રૉમિસ.'

તે પ્રૉમિસની કિંમત હોય કે ના હોય ? એ નાટકેય પ્રૉમિસથી જ મૂકાયેલું, કે હવે નહીં ખર્ચું. જોઈને શું કરવાનું ? તે નાટક જ છે ને બધું !

પણ આવું આ અમે નાટક જોવા ગયા હતા, તે આવી દશા થઈ હતી ! પણ તે દહાડે જળ લીધું હતું, કે હવે કોઈ દહાડોય નાટક જોવું નથી. આ ઉપદેશ મળ્યો આપણને. અને જોવું હોય તો પછી નાણાંની કોથળી તૈયાર રાખવી. આપણી પાસે કોથળી હોય નહીં ને નકામું ભઈ વઢંવઢા કરે. નહીં તો જૂઠું બોલવું પડે. પછી જૂઠાનો આરોપ લઉં ને, હું. જૂઠું જ બોલવું પડે ને પછી ? બે ચોપડીઓ લાવ્યો ને ફલાણું લાવ્યો ને લોચા જ વાળવા પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા, લોચા જ વાળવા પડે.

**દાદાશ્રી :** મોટાભાઈ હિસાબ તો પૂછે ને બધો ? તમે હિસાબ પૂછો કે ના પૂછો ? તમે હિસાબેય નથી પૂછતા છોકરાંઓને ? બહુ સારા માણસ ! ના, પણ હિસાબ તો સારો. પૂછવું જોઈએ, કે શેમાં વાપર્યા, શું કર્યું ?

**નીરુમા :** કોઈવાર તમારેય લોચા મારવા પડે ? હિસાબમાં કોઈવાર લોચા મારવા પડે તમારે ?

**દાદાશ્રી :** બહુ લોચા મારેલા.

## દાદાની ઑટોબાયોગ્રાફી કઈ રીતે ઉપયોગી થાય ?

હવે આ કહે છે, 'અમારે તમારી ઑટોબાયોગ્રાફી લખવી છે.' ઑટોબાયોગ્રાફી એટલે એનું શું કહે ?

**નીરુમા :** જીવનચરિત્ર.

**દાદાશ્રી :** હા, હવે એમને એ લખીને શું કાઢવું છે આવા પ્રસંગોમાં ? આ આમાંય પાછા જીવનચરિત્રમાં જો ગુણ લખે ને, તો બહુ લોકોને લાભ થાય.

**પ્રશ્નકર્તા :** એ લાભ થાય, બરોબર છે.

**દાદાશ્રી :** પણ જોડે આ લખો તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** પણ આ ઓબ્લાઈજિંગ નેચર, એ બધી વસ્તુ જ્યારે આવે ત્યારે પાછું એનું મૂળ...

**દાદાશ્રી :** એ ઓબ્લાઈજિંગ નેચર એકલો નહીં, એ નેચરમાં જે બધા ગુણો હતા, એ બધું લખો તો લોકોને એના પરથી દાખલો જડે.

**પ્રશ્નકર્તા :** હા, હેલ્પિંગ થાય એ.

**દાદાશ્રી :** પણ જોડે જોડે આય ખરું ને, કે સિનેમા-નાટક જોવા જતા હતા ને બારીએ ચઢીને બહાર જતા'તા ને જૂઠું બોલતા'તા ને !

**નીરુમા :** એ લખે ને, દાદા, પણ જોડે આ વસ્તુ લખવી જ બહુ ઈમ્પૉર્ટન્ટ (મહત્ત્વનું) છે. એ હું લખીશ, કે 'ચોરી તો કરી પણ...'

**દાદાશ્રી :** તો પછી અવળે રસ્તે ચઢે લોકો.

**નીરુમા :** ના, ના ચઢે.

**દાદાશ્રી :** ના, ના, એ તો ‘દાદાય આવું કરતા હતા. મારે પણ...’ આ લોકો શું ખોળે છે ? ગાંધીજીએ સહેજ જ માંસાહારનું લખ્યું’તું. તે દાખલા લે છે એ લોકો, કે ‘ગાંધીજીય માંસાહાર કરતા હતા.’ અલ્યા મૂઆ, ના કહેવાય આ તમારી પાસે. તમારી પાસે તો જૂઠું રડવું જ જોઈએ.

**પ્રશ્નકર્તા :** વિકલ્પી લોકો ને, આપણા. ભારે વિકલ્પી લોકો એટલે.

**દાદાશ્રી :** નહીં, એમને જે જોઈતું હોય એ મળે.

**પ્રશ્નકર્તા :** હા, મળે. અને એ આત્મકથામાંથી એ જ ભાગ ખોળી કાઢે.

**દાદાશ્રી :** પુરાવો જડે એને.

**પ્રશ્નકર્તા :** આત્મકથામાં બધું બહુ લખેલું હોય, તેમાંથી એ જ ખોળી કાઢે કે હવે અહીંયા મેળ બેસે છે આપણો.

**દાદાશ્રી :** અને મારો પુરાવો મળે એટલે કામ જ થઈ ગયું ને, એનું તો !

**પ્રશ્નકર્તા :** હા, કામ જ થઈ ગયું.

**દાદાશ્રી :** ‘દાદાના આવા ગુણ હતા તોય આવા દાદા થયા, તો અમેય પણ એવા થઈશું’, કહેશે. આનો દુરુપયોગ કરે તેથી નથી લખવા દેતો. અને જો લખવું હોય તો થોડું ક્લિયરન્સ કરી નાખજો, એમ ને એમ ના લખશો.

**નીરુમા :** પૉઝિટિવ જ મૂકવાનું.

**દાદાશ્રી :** ના, નેગેટિવ લખો. પણ નેગેટિવ જે એ કરે ને, તો બહુ નુકસાન ના થાય એવા નેગેટિવ લખો.

મૂળ શાસ્ત્રકારોએ તો એવું કહેલું કે અમુક જ માણસોની બાયોગ્રાફી હોય અને જે ઉપરના ટૉપ માણસો છે ને, એની બાયોગ્રાફી ના હોય.

કારણ કે એમનામાં જેટલા સીધા લક્ષણ હોય ને, એવું મહીં વાંકાય હોય. અને પેલા છે તે સીધા હોય બિચારા. એટલે જગતને શીખવાડવા માટે બાયોગ્રાફી હોય તો સીધા લોકોની લેવી જોઈએ. આ તો જરા વાંકાય હોય થોડા થોડા.

**પ્રશ્નકર્તા :** હા, હા, કંઈ વાંધો નહીં.

**દાદાશ્રી :** તો વાંક કાઢી નાખવો જોઈએ, એ લાઈન કાઢી નાખવી જોઈએ. તો જ પબ્લિકને કામ લાગે. નહીં તો પબ્લિક આવું ઊંધે રસ્તે ચાલે.

**પ્રશ્નકર્તા :** ના, ના, આ વસ્તુ તો લોકભોગ્ય બનાવવાની અને લોકને ઉપદેશને હિસાબે.

**દાદાશ્રી :** હા, બરોબર છે.

**નીરુમા :** હવે દાખલા તરીકે આ નાટકનો દાખલો છે.

**દાદાશ્રી :** હા. એ દાખલો ઘણો કામ કરે, એ ઘણું હેલ્પ કરે.

**પ્રશ્નકર્તા :** ઘણો ઉપયોગી થઈ પડે.

**નીરુમા :** પણ એ જે તે ઘડીએ તે વખતે એક જ ક્ષણે તમે ડિસિઝન લીધું, કે 'હવે નથી જ જોવું.'

**દાદાશ્રી :** હા.

**નીરુમા :** તો એ પ્રૉમિસ એટલે પ્રૉમિસ.

**દાદાશ્રી :** હા, એ તો ઘણું હેલ્પફુલ છે. આમાં હેલ્પફુલ પ્રસંગો બધા બહુ છે. કારણ કે સિદ્ધાંત ઉપર રહેલો ને, મારા પોતાના સિદ્ધાંત ! ને આ જ્ઞાનના સિદ્ધાંત ઉપર નહીં, મારો સિદ્ધાંત, જે નક્કી થયેલો હોય, સંસ્કાર સિદ્ધાંત !

❖❖❖❖❖

# [૪]

# જ્ઞાન પહેલાય અભયદાની

## કૂતરોય ભય ન પામે તે માટે દાદાનો પ્રયોગ

આજથી પચાસ વર્ષ ઉપર હું સિનેમા જોવા જતો'તો, અત્યારે પિસ્તાળીસ-પચાસ વર્ષથી તો નહીં ગયો હોય. પણ તે પહેલા જતો હતો. બધું તમારા જેવું જ જીવન બધું, બાવીસ વર્ષેય નહીં, અડતાલીસ વર્ષનો થયો ત્યાં સુધી. તમારા જેવું જ જીવન, એમાં ડિફરન્સ કશોય નહોતો. થોડો ઘણો ડિફરન્સ, તે અમુક ગુણો બહુ હાઈ લેવલના હતા. ત્યારે પેલા લૉ લેવલનાય ખરા ને, પાછા. એટલે જ્યારે બાવીસ વર્ષનો હતો ને, ત્યારે સિનેમા જોઈને પાછો આવું તો બાર-સાડા બાર વાગેલા હોય. તે આવું એટલે પેલા બૂટ આ નીચે ઍસ્ફાલ્ટ (ડામર) રોડ એટલે ખખડે, નીચે અવાજ થાય. અને અમે તે દહાડે બૂટમાં પેલી ચકતીઓ-બકતીઓ નખાવીએ લોખંડની, તે બૂટ ઘસાઈ ના જાય એટલા હારુ. અને આ ડામરના રસ્તા. એટલે ખટક ખટક થાય. રાતે અવાજ બહુ સારો આવે.

હવે રાતે કૂતરા બિચારા સૂઈ રહે, ખસે નહીં. તે નિરાંતે આમ કરીને સૂતો હોય ને અવાજ થાય તે આમ કરીને કાન ઊંચા કરે, તે આપણે સમજીએ કે ચમક્યું બિચારું આપણે લીધે. આપણે તો એવા કેવા જન્મ્યા આ પોળમાં, કે આ કૂતરા આપણી પોળમાં ચમકે છે આપણાથી ! એટલે પહેલેથી છેટેથી બૂટ કાઢી અને હાથમાં ઝાલીને આવું. છાનોમાનો

પેસી જઉં, પણ કૂતરાને સહેજ એ ના થવા દઉં. આ નાની ઉંમરમાંથી મારો પ્રયોગ. આપણે લીધે ચમક્યું ને !

**પ્રશ્નકર્તા :** હા, એની ઊંઘમાં પણ વિક્ષેપ પડ્યો ને !

**દાદાશ્રી :** એની ઊંઘમાં વિક્ષેપ પડ્યો ને, પાછું એ ચમક્યું ને, તો એનો સ્વભાવ નાયે છોડે, વખતે કોઈ ફેરો ભસેય ખરું. એ સ્વભાવ પડેલો છે. એટલે એના કરતા ઊંઘવા દઈએ તો શું ખોટું બિચારાને ? તેમાં પોળવાળાને ના ભસે. પણ ઊંઘમાંથી ચમક્યું ને ! અને ચમકેલું તે પાછું જોઈ લઉં હું, અવાજ થયો કે તરત ચમકે.

## ભય નહીં પમાડેલ કોઈનેય

બૂટથી ખટક ખટક અવાજ થાય ને, તે કૂતરું આમ ભડકીને જાગે. પછી કૂતરાના મનમાં એમ થાય, કે 'આ મૂઆ, અત્યારે કંઈ રઝળતા હશે તે ?' પણ શું કરે એનું ચાલે નહીં ને ! એ એવું બોલે તો આપણે એને મારીએ પાછા, આપણે તો બહુ સત્તાવાળા ને ! કુત્તાના ઉપરી ને !

હવે એ એની મેળે સૂઈ ગયું છે. એ એના પલંગમાં સૂઈ ગયું છે, આપણે હમણે આપણા પલંગમાં સૂઈ જવાનું છે. એને શું કરવા ઊઠાડીએ આપણે ? સૂતા હોય એને જગાડીને શું કામ છે બિચારાને ? આપણે મોડા આવીએ તેમાં એણે શો ગુનો કર્યો ? એને જગાડીએ એમાંય એને દુઃખ થાય છે એવું મને લાગેલું. કોઈની ઊંઘને શું કરવા આપણે બગાડીએ ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** એટલે કૂતરા અમારા ઘર આગળ બેસી રહ્યા હોય, બહાર રોડ ઉપર. એટલે હું સમજી ગયેલો કે આ બિચારાઓ ઝબકીને જાગશે. તે અડધી ઊંઘવાળા હોય છે. ખરેખર ઊંઘતા નથી હોતા. તે ખરેખર ઊંઘતા હશે ? ભય પેસે ને, બિચારાને. 'આ શું થયું ?' કહેશે. એટલે હું પોળને નાકેથી બૂટ કાઢીને હાથમાં ઝાલી લેતો'તો અને ધીમો ધીમો ઘરમાં પેસી જતો'તો. પણ કૂતરાને જગાડ્યા નથી કોઈ દહાડોય. એને ભય નહીં પ્રાપ્ત કરાવેલો, કોઈને.

## મારાથી ભય પામે તો વાઘમાં અને મારામાં શું ફેર ?

મારાથી કોઈને ભય પ્રાપ્ત થાય એ તો મને બહુ દુઃખ લાગતું'તું. મારી હસ્તીથી જો ભય પ્રાપ્ત થાય તો હું કેવો હોઉ ? આ વાઘનોય ભય લાગે છે ને મારોય ભય, તો તો મારામાં ને વાઘમાં ફેર શું રહ્યો ?

**પ્રશ્નકર્તા :** આપણે પણ વાઘ જેવા જ થઈ ગયા.

**દાદાશ્રી :** હિંસક જ કહેવાઈએ ને ! હિંસક જાનવરો જેવા જ થયા ને ! ભય કેમ લાગવો જોઈએ ? ઊલટો એનો ભય જતો રહે એવું આપણે થવું જોઈએ. એવું ના બની શકે તો ભય થવાનું તો ન જ હોવું જોઈએ આપણાથી. એની કાંઈ લિમિટ તો હોવી જોઈએ ને ? એ અભયદાન. કોઈને ભય ના પમાડે. આપણે જેની પાસે માગતા હોઈએ, ઉઘરાણી કરવા જઈએ ને, છતાં પણ આપણાથી ભય ના પામે એવી સ્થિતિમાં રાખે એવું. કેળવતા વાર લાગે પણ આપણા મનમાં ભાવ તો રાખવો જ જોઈએ ને, કે મારે અભયદાન આપવું છે.

## કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય તે અભયદાન

**પ્રશ્નકર્તા :** અભયદાન એટલે શું, એ જરા વિગતવાર સમજાવો.

**દાદાશ્રી :** અભયદાન એટલે આપણાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય. તે કૂતરું અહીં સૂઈ રહ્યું હોય ને, તો એને એ જાગવું પડે એવું હું ના કરું. આમ પગ બહુ ઊંચા લઈને જતો હતો. બૂટનો અવાજ ના થવા દઉં. મને એમ થતું કે મને કોઈ ફફડાવે તો મારું શું થાય ? માટે કૂતરાનેય હું ના ફફડાવું. એવી રીતે આખી લાઈફ ગયેલી. કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય નહીં.

## કોઈને દુઃખ ન હો, એ રીતે જીવ્યા જીવન

પણ ભડકાટ ન થાય એ બિચારાને, એવી રીતે જીવન જીવેલો. અભયદાન, એને ભય ના કરાવડાવો જોઈએ. નિર્ભય બનાવવો જોઈએ. આપણાથી કોઈ જીવને દુઃખ ના થાય, ત્રાસ ના થાય એવું જીવન રાખવું. કોઈને ભય ના લાગે એવું જીવન હોવું જોઈએ.

આ તો આવતા આવતા બૂટ તો ખખડાવે એ ખખડાવે પણ ઉપરથી પેલો કૂતરો સહેજ ભસે ને, તો એ બે જોડા મારી આવેય ખરો ! મેર ચક્કર, આ બધું શું કરે છે ? બેભાનપણે ! એટલે અભયદાન આપો. કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય એવું જ જીવન હોવું જોઈએ. અનંત અવતાર દુઃખ દઈને જીવ્યા. એ જેટલું દુઃખ આપશો ને, એ પાછું તમારે લેવાની શક્તિ હોય તો આપજો. દુઃખ પાછા લેવાની, આપણે ભોગવવાની શક્તિ હોય તો આપજો. આપણે ત્યાં રિવાજ કેવો હોય છે ? આપણે ત્યાં લગ્ન હોય ને, તો 'ભઈ, પેલાને ત્યાં ત્રણ જ માણસ છે, તે ત્રણ તેરી નવ લાડું આપજો', કહે છે. ત્યારે એને ત્યાં લગ્ન હોય તો કેટલા આપી જાય ? એય નવ જ આપી જાય. એ કંઈ વીસ આપી જાય ? એટલે આ વ્યવહાર છે બધો સંસારનો. જેવું સુખ આપો એવું તમને સુખ સામો આપશે. દુઃખ આપો તો દુઃખ આપશે.

કોઈને પણ દુઃખ ના હો અને તમારા દુઃખ હોય તે અમને સોંપો. લોકોને, બીજાને દુઃખ આપીને સુખી થવું, તેના જેવી નિષ્ઠા કઈ જાતની ? બીજાને દુઃખ આપીને સુખી થવું, બને જ કેમ કરીને ? બીજાને દુઃખ અપાય જ કેમ કરીને ? કોઈને દુઃખ આપીને આપણે સુખવાળા થઈએ નહીં. માટે સુખની દુકાન કાઢો. બધાને સુખ જ આપો ને પછી જો દુઃખ તમારે ત્યાં આવે તો મને કહેજો, જવાબદારી મારી. પહેલું છ મહિના, બાર મહિના દુકાન જરા મોળી ચાલશે પણ પછી બાર મહિના પછી સરસ ચાલશે.

## નિરંતર અભયદાન, સામાવાળિયાને પણ

આ બધા જીવડાં-બીવડાં પાકે છે બધા, એ થથરે છે તમને દેખીને. તે એ એની મેળે ભય પામે એ વાત જુદી છે, બાકી તમારે ભય ન પમાડવો જોઈએ.

અભયદાન એટલે શું ? અહીં ચકલા બધા બેઠા હોય તો ઊડી જશે એમ માનીને આપણે આમ ધીમે રહીને, પેલી બાજુ રહીને જતા રહેવું અહીંથી. ક્યાં જોયા અભયદાની પુરુષો ? અભયદાન તો મોટામાં

મોટું દાન છે ! અમે નિરંતર અભયદાન જ આપીએ છીએ, બીજું કશું આપતા નથી. અમારા જો સામાવાળિયા થયેલા હોય તો તેમનેય જઈને કહી આવું, કે 'ભઈ, તમે સામા થશો પણ હું સામો નહીં થઉં. આપણે કંઈ હોય તો બધું નિકાલ કરી નાખો, મારી ભૂલ થઈ હોય તો.'

**પ્રશ્નકર્તા :** આ અભયદાનનો એક્સ્ટ્રીમ કેસ (જબરજસ્ત દાખલો) છે !

**દાદાશ્રી :** અમારું કહેલું અભયદાન, એવું જો દાન આપવાનું કોઈ શીખી ગયો તો કલ્યાણ થઈ જાય !

ભયનું દાન આપવાની પ્રેક્ટિસ તો લોકોને પહેલેથી છે, નહીં ? ભયનું દાન આપવાનું ! 'હું તને જોઈ લઈશ', કહેશે. લ્યો, એ અભયદાન કહેવાય કે ભયનું દાન કહેવાય ?

અભયદાન તો આપણા મહાત્માઓને નિરંતર હોય. જે ફાઈલોનો સમભાવે નિકાલ કરે છે. સાહેબ, તમે કરેલું કે નહીં, ફાઈલોનો સમભાવે નિકાલ ?

**પ્રશ્નકર્તા :** કરીએ છીએ.

## ઘરનાને ફફડાવે એવું જીવન શું કામનું ?

**દાદાશ્રી :** અભયદાન તો પરમ વિનય છે ને ! ઊંચામાં ઊંચું દાન અભયદાન છે ! તે માણસોને બધે થઈ શકે એવું છે પણ એ તો કરતા જ નથી લોકો. એમાં કંઈ પૈસા ખર્ચવાના નથી. થઈ શકે એમ છે, તોય નથી કરતા. ઊલટું બીજાને ભય ઊભો થઈ જાય છે આમ.

હવે એક વાત તમને કહું. એક સ્થાનકવાસી જૈનને ત્યાં એક ફેરો જમવા બોલાવ્યા'તા અમને. પછી એ શેઠ જોડે જમવા બેઠા'તા. શેઠ તો પંચોતેર-સિત્યોતેર વર્ષની ઉંમરના અને શરીર સારું. ચોવિહાર કરે નિરંતર, કંદમૂળ ત્યાગ અને દુકાનોમાં જાગૃતિ. જાગૃતિ ક્યાં એમની ? વેપારમાં જ જાગૃતિ બધી. કેવી ?

**પ્રશ્નકર્તા :** એટલે સંસારમાં.

**દાદાશ્રી :** સાંભળજો ! જૈનોને વગોવવા માટે નથી કહેતો હું. આ તો શું પરિણામથી શું પરિણામ ઊભા થાય તે કહેવા માટે કહું છું. કોઈને વગોવવા જેવું તો છે જ નહીં જગતમાં. એટલે જમવા બેઠા'તા, ત્યાંથી પછી એમની દાળમાં બટાકાનું ફોડવું નીકળ્યું. શું થયું ? બટાકાનું ફોડવું નીકળ્યું ! તે એ કોણે નાખ્યું હશે ? તમને શું લાગે છે ? અનુમાન કરો ને ! અનુમાન પ્રમાણથી, પ્રત્યક્ષ પ્રમાણ જવા દો. અનુમાન પ્રમાણથી બોલો ને, કોણે નાખ્યું હશે ?

**પ્રશ્નકર્તા :** શાક ભેગું આવી ગયું, તે રસોઈયાએ નાખ્યું હશે.

**દાદાશ્રી :** શું કરવા નાખ્યું હશે, આ શેઠને ખવડાવવા હારુ ?

**પ્રશ્નકર્તા :** ભૂલથી પડી ગયું હોય અંદર, ભૂલથી આવી ગયું. બજારમાંથી આવ્યું હોય ત્યારે ભેગું આવી ગયું.

**દાદાશ્રી :** ના, આ શેઠ-શેઠાણી એ બધા ચોવિહાર કરે અને કંદમૂળ ત્યાગ, અને છોકરાંઓ બટાકા સિવાય ખાય નહીં. બોલો ! એમનું બટાકાનું શાક જુદું થાય. શેઠેય જાણે આ. તે આ બટાકો કાપતા કાપતા એકાદ ફોડવું ઊડીને પેલી બાજુ પડેલું. શું થયું ?

**પ્રશ્નકર્તા :** એટલે દાળમાં આવી ગયું.

**દાદાશ્રી :** હવે શેઠની દાળમાંથી નીકળ્યું. એટલે પછી શેઠ તો આમ કરીને મહીં મોઢું ચઢી ગયેલું અને જો કષાય સળગવા માંડેલા. અને ધીમે રહીને કહે છે, 'અલ્યા, શું નાખ્યું છે ?' તેની સાથે બૈરાંને ફફડાટ... હમણે જો ધરતી માર્ગ આપે ને, પેસી જાય મહીં બિચારા. જો એની ધાક કેટલી છે ! 'અલ્યા, શું નાખ્યું છે ?' એમ કહેતાની સાથે ઘરનાં બૈરાંઓ બિચારા મહીં, વાઢો તો લોહી ના નીકળે એવાં થઈ ગયાં. ડિસ્ટર્બ થઈ ગયા બિલકુલેય. કારણ કે આકરો, એવો આકરો તે ભીંત હઉ હાલે ! પેલી ઘરની સ્ત્રીઓ તો બિચારી મડદાલ થઈ ગઈ, કે 'આ શી દશા બેઠી હવે !' આ સસરો ને આ વાત, પછી શી દશા બેસે ? જાણે ચકલા ફફડે એમ ફફડી ગઈ.

અરે, મેર ચક્કર, શી દશા થશે તારી ? આ બૈરાંઓ તારાથી ફફડે ! આપણા ઘરની છોકરીઓ, બૈરાંઓ આપણાથી ફફડે, એવું જીવન આપણું ! આને લાઈફ કેમ કહેવાય તે ? અભયદાન આપવા નીકળ્યા છે મોટા ! કૂતરાને પણ ભય ના પમાડે એવા અભયદાની પુરુષો ! અને અહીં આગળ છે તે પોતાની ઘરની સ્ત્રીઓ આમ ફડફડ ફડફડ, ધરુજે (ધ્રુજે). એટલે મેં શેઠને કહ્યું, 'શેઠ, હમણે નહીં, પછી વાત કરું છું. આ બૈરીના રૂબરૂ આબરૂ નહીં લઉં.' 'આ જુઓ.' મને દેખાડવા માંડ્યા. શું જો જો કર્યા કરો છો તે ?

## શેના હારુ કંદમૂળ છોડવાના કહ્યા છે ?

જમ્યા પછી મેં ખાનગીમાં લઈ જઈને શેઠને કહ્યું, 'કષાય કરવા હારુ ચોવિહાર કરો છો ? અને આ કષાય કરવા હારુ કંદમૂળ નહીં ખાવાનું કહ્યું છે તમને ?' એટલે ટાઢા પડ્યા. આમ તો સમજણ તો બધી ખરી ને, કે કષાય ઓછા કરવા માટે કંદમૂળ નહીં ખાવાના કહ્યા છે. શું કહ્યું છે ? શેના હારુ કંદમૂળ છોડવાના કહ્યા છે ?

**પ્રશ્નકર્તા :** કષાય ઓછા કરવા.

**દાદાશ્રી :** ઓછા કરવા માટે. ત્યારે શું કષાય કરવા માટે ? એટલે પાછા ટાઢા થઈ ગયા. મેં કહ્યું, 'જાનવરમાં જશો !' જેટલું વાઘથી ના ભડકે એટલું એ શેઠથી બૈરાં મહીં ફફડ ફફડ થતા'તા. અરે ! કઈ જાતનો પાક્યો છું તું ? બટાકો નીકળ્યો... તે બટાકા જોડે આવું કરું છું, તેવું બૈરાં જોડેય કરું છું ! કષાયો કરવા માટે આ બટાકા બંધ કહ્યા છે ? કષાય ઓછા કરવા માટે કહ્યા છે. ત્યારે મૂઓ કષાય કરે છે, 'આ શું નાખ્યું છે ? શું નાખ્યું છે ?'

**પ્રશ્નકર્તા :** તો એને પ્રશસ્ત કષાય ન કહી શકીએ ?

**દાદાશ્રી :** પ્રશસ્ત કષાય હોય નહીં. પ્રશસ્ત કષાય ફક્ત ગુરુ ને શિષ્ય બેની વચ્ચે હોય અને છોકરાં ને બાપની, બેની વચ્ચે હોય. બીજે ક્યાંય પ્રશસ્ત કષાય હોય નહીં. આ તો એં... 'કોણે બટાકું નાખ્યું ?' તે પેલી બઈ જોડે ઝઘડી પડ્યા. એટલે તરત મેં શેઠને છે તે ટૈડકાવ્યા,

'પાંસરા બેસો ને ! મરવાનું છે પાછું !' ત્યારે કહે, 'આ હું નથી ખાતો ને મહીં નાખ્યું.' મેં કહ્યું, 'નાખ્યું નથી, આ તો તમારા છોકરાં બટાકાનું શાક ખાતા હોય, તેથી મહીં ઉછળીને ફોડવું પડ્યું હોય, તેમાં શો ગુનો છે એમનો ? એ ફફડાવવા માટે છે આ બધું ?'

## મોટામાં મોટી હિંસા હોય તો કષાય

ત્યારે મને કહે, 'દાદાજી, શું કરો તમે ?' મેં કહ્યું, 'તમારા જેવા ના હોય અમે. આટલા વરસો પાણીમાં ઘાલ્યા ! આ શું ? બૈરીઓ આમ થથરે, ધરુજે (ધ્રુજે) છે, તો તમે શાંતિ કોને આપશો ? તમારી જાતને શાંતિ નથી, તેથી તો સામો થથરે છે.' તો કહે, 'દાદાજી, પણ ચોખ્ખું ના કહીએ તો શું થાય ?' મેં કહ્યું, 'કોને ચોખ્ખું કહો છો ? ચોખ્ખું એનું નામ કહેવાય કે પોતાનેય શાંતિ હોય અને સામાનેય શાંતિ હોય. આ તો તમારીયે શાંતિ જતી રહી અને સામાનીય શાંતિ જતી રહે, એને ચોખ્ખું કેમ કહેવાય તે ?' પછી મને કહે છે, 'તમે શું કરો પછી ? બધાને કહો નહીં ?' મેં કહ્યું, 'બધાને તો નહીં પણ જોડે બેઠા હોય તેનેય ના કહું હું. આમ જોઈ અને તરત જ ઓટીમાં ઘાલી દઉં.' પછી બહાર જઈને નાખી દઈએ. ઓટી બીજે દહાડે ધોઈ નાખીએ. શું બગડી ગયું ભઈ ?

**પ્રશ્નકર્તા :** પણ તે તો કેટલી સમજ મજબૂત હોય તો આ બધું થઈ શકે ને ?

**દાદાશ્રી :** હં, કાઢીને થાળીમાં મૂકું ને, તો બૈરાં સમજી જાય કે આ કંઈક આવ્યું ! તે ઊલટું તેમને ઉપાધિ પેસે બિચારાને ! અને જો આખો દહાડો કષાય, કષાય, કષાય, કષાય ! અણસમજણ જ કહેવાય ને બધી. અને ધર્મ શેને માને ? ત્યાં દેરાસરમાં દોડધામ દોડધામ કરે એનું નામ ધર્મ કહે. ઘેર ફેરફાર થયો એને ધર્મ નહીં. મહાવીર સ્વામીએ શું કહ્યું, 'કષાય ઓછા થાય એ ધર્મ.' તો આ લોકોએ કષાય વધારવા એ ધર્મ માની લીધો. એ કષાયના જેવી હિંસા કોઈ નથી. આ દુનિયામાં મોટામાં મોટી હિંસા હોય તો કષાય ! ભગવાન આવા ગાંડા નહોતા, ભગવાન તો ડાહ્યા હતા. આ તમે કંઈથી આવા પાક્યા બધા ! તે કષાય નહીં કરવાની

જગ્યાએ કષાયો કરી રહ્યા છો ? અક્કલ જોઈએ કે ના જોઈએ ? હોળીને બહાર સળગાવવાની કે ઘરમાં ? વગર દીવાસળીએ ક્યાંથી આ હોળી સળગાવ સળગાવ કરો છો ? દીવાસળી નથી, લાકડા નથી અને હોળી સળગાવી ! શેઠને હું ખૂબ લઈ પડ્યો. પણ શેઠ મારી વાત ઉપરથી સમજી ગયા કે દાદાની આ વાત સાચી છે.

## મહાવીરના પાકા શિષ્ય

એટલે અમે શેઠને શું કહ્યું પછી, કે 'તમારે તો બટાકો નીકળ્યો, પણ તમારા ઘેરે જ છે તે મહીંથી કાગડો છે તે આમ કશુંક લઈ જતો હોય, માંસાહારનો ટુકડો અને તે એના મોઢામાંથી છૂટીને દાળમાં પડ્યો, અને એ ટુકડો અમારામાં આવે, તો હું શું કરું ?' ત્યારે કહે, 'તમે શું કરો, એ મને કહો.' ત્યારે મેં કહ્યું, 'એ ટુકડો હું કાઢી લઉં...' મારે શું કરવું જોઈએ, એ તમે કહો હવે.

**પ્રશ્નકર્તા :** ઉપાડીને બાજુમાં મૂકી દેવું અને દાળનેય ઉપાડીને બાજુમાં મૂકી દેવી. દાળ અને ટુકડો બેઉ બાજુમાં મૂકી દેવા.

**દાદાશ્રી :** ના, એટલે અમે એવા અજાગૃત નથી તમારા જેવા કે બાજુમાં મૂકીએ અમે. બાજુમાં મૂકીએ તો સ્ત્રીઓ જાણી જાય કે 'ઓહોહો, આ દાદાના દાળમાં આ આવ્યું છે ! તે આપણે આના કરતા ઝેર ખઈને મરવું સારું', કહેશે. શું કહે એ ? એટલે એ હું જાણું કે આ વસ્તુ શું બની ગઈ ! હકીકત શું છે, એ બધું મને ખ્યાલમાં આવી જાય. એટલે એ જે આ માંસનું ફોડવું હોય ને, તે નિરાંતે હું કાઢી અને મારી ઓટીમાં ઘાલી દઉં તરત. તમારે ઓટી ના હોય !

**પ્રશ્નકર્તા :** એ ઓટીની ખબર જ નથી.

**દાદાશ્રી :** આપણે એવી નથી કહેવત, 'ઓટીમાંનો હારે ને મુઠ્ઠીમાંનો જીતે.' ઓટી શબ્દ વાપરે છે ને, એવું નથી ખબર ? એવું એ ઓટી. તે ઓટીમાં હું ઘાલી દઉં. શેઠ કહે છે, 'હેં હેં ? ઓટીમાં ઘલાતું હશે ?' ત્યારે મેં કહ્યું, 'આ દુનિયામાં કોઈને નુકસાન ન થાય, કોઈને દુઃખ ન થાય...' હું મહાવીરનો શિષ્ય છું ! બહુ ડાહ્યો હોઉં !

**પ્રશ્નકર્તા :** હા, હા, એટલે. બરાબર છે એ, બહુ...

**દાદાશ્રી :** અમે બહુ પાકા !

**પ્રશ્નકર્તા :** ના, બરાબર છે, પાકા. એકદમ યોગ્ય છે.

**દાદાશ્રી :** એક વાળ જેટલી ભૂલ અમારામાં ના નીકળે. બહુ ડાહ્યા હોઈએ અમે તો, મહાવીરના શિષ્ય ! કેવું આ ડહાપણ ! કેટલી ઊંચી વાત છે ! આ સમજાય એવું છે ?

**પ્રશ્નકર્તા :** હા જી, બરાબર.

**દાદાશ્રી :** અમે એ ટુકડો બહારેય મૂકીએ નહીં. ત્યારે કહે, 'પેલી પછી દાળ થોડી ખાવ કે ના ખાવ ?' મેં કહ્યું, 'ખઉં, નિરાંતે ખઉં !' આ દાળનો જેને શોખ છે તેનો મોક્ષ નથી. આ દાળ પર જેને ચીડ છે તેનો મોક્ષ નથી. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે. રાગ-દ્વેષથી પર છે. ન રાગ, ન તો દ્વેષ. આ ના તો રાગ જોઈએ, ના દ્વેષ જોઈએ.

**દાદાશ્રી :** કારણ કે દાળ હું ના ખાઉં તો બૈરાં સમજી જાય, કે શું હશે મહીં ? એટલે એને દુઃખ થાય. પેલો માંસનો ટુકડો જો થાળીની કોરે મૂકું તો બૈરાં પછી જુએ તો ભડકે. કે 'ઓહોહો ! દાદાને આવી દશા થઈ !' એટલે અમે શું કરીએ કે એ ટુકડો કાઢી અને ઓટીમાં ધીમે રહીને ઘાલી દઈએ, શેઠ જાણે નહીં એમ. ત્યારે કહે છે, 'ઓટી બગડે ને !' ઓટી મૂઈ બગડે, ધોતિયા લાખ બગડે તોય વાંધો નથી. પણ આ બાઈને સહેજ પણ દુઃખ થાય તો બળી તમારી માણસાઈ ! આથી તો જાનવરો સારા હોય.

**પ્રશ્નકર્તા :** દાદા, બહુ ઉત્તમ. એકદમ બરાબર છે આ. આ ઓટીમાં નાખવાનું બહુ સારું.

**દાદાશ્રી :** જો ખબર પડે તો બહુ દુઃખ થાય એ લોકોને.

**પ્રશ્નકર્તા :** બરાબર છે, કોઈના મનને દુઃખ ના થાય એ વસ્તુ બરાબર છે.

**દાદાશ્રી :** અમે તો અમારા વિરોધીનેય મનદુ:ખ નથી કરતા, તો આને કેમ કરીએ ?

## આત્માનું જ હિત હોય તો ચોવિહાર કરજો

પછી શેઠ કહે છે, 'હું આ ચોવિહાર કરું કે બંધ રાખું ?' મેં કહ્યું, 'હજુ વધારે ચિડાવું હોય તો કરો. ગુસ્સે વધારે થવું હોય તો ચોવિહાર ને બધું કરો.' ત્યારે કહે છે, 'કેમ એમ ?' ત્યારે મેં કહ્યું, 'ભગવાને ના પાડી છે, કે જો તું ધંધાદારી હો અને તને ધંધા ઉપર જ લક્ષ હોય અને ધંધાનું હિત તને હોય હૈડે (હૈડું - હૃદય) તો ચોવિહાર ને એ બધું કરીશ નહીં. અને જો તને આત્માનું જ હિત હૈડે હોય તો ચોવિહાર કરજે.' નહીં તો પેલી જાગૃતિ વધેલી પેલામાં વપરાય, તે આખો દહાડો કષાય કર્યા જ કરે. ત્યાં તો અજાગૃતિ જ સારી. કેવી ?

**પ્રશ્નકર્તા :** અજાગૃતિ.

**દાદાશ્રી :** આપને સમજમાં આવે છે ને ? ભગવાન બહુ પાકા હતા. મહાવીર એટલે અસલમાં અસલ પાકા (મોક્ષ માટે પાકા). ચોવીસેય તીર્થંકરોમાં પાકામાં પાકા મહાવીર હતા અને વીરમાં વીર મહાવીર હતા !

## જાનવરોય પોતાના બચ્ચાંને ન ફફડાવે, સર્યા કરુણામયી શબ્દ

અમે અભયદાની પુરુષ કહેવાઈએ ! અમારાથી કોઈ જીવ ભય ના પામે. નિરંતર અભયદાનવાળા ! અમારા હાથમાં અભયદાન ભરેલા છે. તો તમે થોડાંઘણાં તો અભયદાન કરો, બીજા પૈસા ના હોય તો અભયદાન તો કરો ! પૈસાવાળો જ્ઞાનદાન કરશે, પણ સૌથી ઊંચું દાન કયું ? તો કહે, અભયદાન. અભયદાન ઊંચું નહીં ?

**પ્રશ્નકર્તા :** ઘણું મોટું.

**દાદાશ્રી :** ત્યારે અભયદાનેય ના આવડે, બળ્યા ? અને તેય ઘરના માણસને ? આ ઘરના ફફડે છે ! કૂતરી હઉ પોતાના કુરકુરિયાને ના ફફડાવે. સાપેય એના બચ્ચાને ના ફફડાવે, બીજાને ફફડાવે. વાઘેય બીજાને ફફડાવે પણ તે પોતાના બચ્ચાને ના ફફડાવે. આ તમારી કઈ જાત, કઈ

ઓલાદ કહેવાય આ ? અને આવું કોઈ 'ઓલાદ' બોલે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** 'ઓલાદ' તો હું એકલો જ બોલું ને ? 'ઓલાદ' બોલું ને, એટલે રોગ નીકળી જાય હડહડાટ. ભૂલે જ નહીં. ફરીવાર આવું થાય ને, તે ઘડીએ તરત એ શબ્દો યાદ આવે, પેલો 'ઓલાદ' બોલેલો. બાકી મને શોખ નથી આવો. પણ આ કદી...

**પ્રશ્નકર્તા :** ના પણ એ કચરો કાઢવાનો રસ્તો છે ને !

**દાદાશ્રી :** હા, એ રસ્તો છે.

## ઊંચા માણસો જ આ દાન કરી શકે

**પ્રશ્નકર્તા :** દાદા, ચાર પ્રકારના દાન આપે કહ્યા છે, પણ અભયદાનમાંથી આ બીજા ત્રણેય દાન નીકળી આવે છે, એ ભાવમાંથી.

**દાદાશ્રી :** ના, એ ત્રણેય દાન તો... આ અભયદાન ઊંચો માણસ કરી શકે. એની પાસે લક્ષ્મી ન હોય તો શી રીતે એ જ્ઞાનદાન કરી શકે બિચારો ? એ તો લક્ષ્મીવાળાઓનું કામ છે. અને ઊંચા પુરુષો પાસે લક્ષ્મી હોય યા ના પણ હોય, એમને કંઈ લક્ષ્મી સાથે વ્યવહાર નથી, પણ અભયદાન તો અવશ્ય કરી શકે. જ્યારે લક્ષ્મીવાળાઓ પેલું અભયદાન કરતા નથી, એમનાથી ના થઈ શકે. એ કાચા હોય. લક્ષ્મી જ રળી લાવ્યા છે ને તેય લોકોને ભય પમાડીને ભેગી કરી લાવ્યા છે.

**પ્રશ્નકર્તા :** અભયદાન કેટલું સહેલું છે ! જો માણસ ધારે તો એ સહેલામાં સહેલું અને ટૉપ લેવલનું દાન છે.

**દાદાશ્રી :** સહેલું તો નથી, એ થતું હોય તો લોક ક્યારનાય કરવા ના બેસી જાત ?

## પહેલા ભાવ, પછી પ્રયોગમાં આવે

માટે આ અભયદાન, કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવા

ભાવ પહેલા રાખવા. પછી એ પ્રયોગમાં આવે. ભાવ કર્યા હોય તો પ્રયોગમાં આવે. પણ ભાવ જ ના કર્યા હોય તો... એટલે આ મોટું દાન કહ્યું ભગવાને. એમાં પૈસા-બૈસાની કોઈ જરૂર નથી. ઊંચામાં ઊંચું દાન જ આ. કોઈને ત્રાસ ના આપવો એ ઊંચામાં ઊંચું. એ અમને આવડે પહેલેથી. કોઈને સહેજ પણ મુશ્કેલીમાં ન મૂકવા એવો મારો નાનપણથી સ્વભાવ છે, ભલે હું મુશ્કેલીમાં મૂકાઉં. એટલું પહેલેથી, કોઈ જીવને દુઃખ ના હો એટલા માટે બહુ કાળજી રાખવાની.

અભયદાન, જેમાં એક પાઈનો ખર્ચ નહીં એ દાન સારું ને ? અભયદાન ! કોઈ જીવ આપણાથી ત્રાસ ના પામે, કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. ધોલ મારે તોય પણ એને દુઃખ ના થાય એવું અભયદાન હોવું જોઈએ. કેવું હોવું જોઈએ ? સામો તો નિર્ભય જ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આ તો ઊંચી વાત છે, પરમ કોટિની વાત છે !

**દાદાશ્રી :** હા.

## અહો ! આ જ્ઞાન મૃત્યુ વખતે પણ અભય રાખશે

**પ્રશ્નકર્તા :** અને અમે પણ પામીશું. અમે પણ એ શીખી જઈશું.

**દાદાશ્રી :** હા. એ તમે અભયદાન આપ્યા હશે એટલે તમારે ભય પામવાની કોઈ જરૂર નથી. તમને અભયદાન આવ્યા જ કરે. અભયદાનના તમે વિચાર કર્યા હશે, વિચાર કરો, તો તમને પણ અભયદાન આવી મળે.

**પ્રશ્નકર્તા :** એટલે અગાઉ કર્યા હશે અમે લોકોએ, એટલે અભયદાન મળ્યું.

**દાદાશ્રી :** ના, એટલે મારું કહેવાનું કે જો આપણામાં અભયદાન આવશે તો આપણને અભય કરનારા મળી આવશે. આપણને ભય નહીં પામવા દે કોઈ.

**પ્રશ્નકર્તા :** તો અમે આ જ્ઞાન લીધું ત્યારે અભયદાનની શરૂઆત થઈ ગઈ અમારી.

**દાદાશ્રી :** થઈ ગઈ, થઈ ગઈ, બરાબર. અને એ અભયદાન, ટ્રકની જોડે ગાડી અથડાય તોય એને અભય રાખે.

**પ્રશ્નકર્તા :** મૃત્યુ સામે આવે તો પણ અભય લાગે.

**દાદાશ્રી :** અભય લાગે. ખાલી ખમીસ ફાટી ગયું ફક્ત એટલું જ.

**પ્રશ્નકર્તા :** જેમ આ ખમીસ ફાટી ગયું, એવું જાણે પેલું દેહરૂપી ખમીસ ફાટી ગયું.

**દાદાશ્રી :** બનતા સુધી અભયદાન મનમાં એ કરી રાખવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, મનમાં શું કરી રાખવું જોઈએ ?

**દાદાશ્રી :** એટલે કોઈને ત્રાસ ના થાય, કોઈને દુઃખ ના થાય, આ રીતે અભયદાન આપો. સવારના પહોરમાં તમારે બહાર નીકળતી વખતે નક્કી કરવું જોઈએ, કે 'આખા દિવસમાં કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર મન-વચન-કાયાથી દુઃખ ન હો.' એવો ભાવ રાખી, પાંચ વખત બોલીને પછી નીકળવું જોઈએ. પછી દુઃખ થયું એનો રિસ્પૉન્સિબલ હું, તમે નહીં. તમે પાંચ વખત ભાવ કરીને નક્કી કરો, એટલે પછી બીજી જવાબદારી હું લઈ લઉં.

❖❖❖❖❖

# [૫]
# નાણું ખર્ચાયું વાહવાહમાં

## દાન અપાય એવી શક્તિ છતાંય...

**પ્રશ્નકર્તા :** દાદા, અભયદાન સમજાયું પણ તમે જ્ઞાન પહેલા કોઈ મંદિરમાં કે બીજે ધર્મમાં દાન આપતા હતા ?

**દાદાશ્રી :** થોડુંઘણું સારે રસ્તે ગયું ! અમે લોભિયા નહોતા, પણ અમારો પૈસો ખર્ચાય ક્યાં આગળ ? મોટા મનના હતા પણ વાહવાહ બોલાય ત્યાં ખર્ચીએ. અને આ મંદિરમાં તો નામ આપણું નીકળે નહીં ને, એટલે ખર્ચીએ નહીં. તે મંદિરમાં ઓછું ખર્ચેલું.

અગાસ જતો'તો ત્યારે કન્ટ્રાક્ટનો ધંધો. આમ તો અમે બાર મહિને લગભગ હજારેક રૂપિયા કમાઈ જઈએ. એ જમાનામાં, નાઈન્ટીન થર્ટી ટુમાં (૧૯૩૨માં). '૨૮માં, '૩૦માં. હવે આઠસો-નવસો રૂપિયા બહુ થઈ ગયા ત્યારે. સાધારણ લોકોને, કૉમન માણસોને મહિને છે તે પચ્ચીસ રૂપિયા ખર્ચ હોય તો અમારે ચાલીસ રૂપિયા ખર્ચ હોય. તે બાર ચોકું અડતાલીસ, પાંચસો ઘરમાં જાય અને બસ્સો-ત્રણસો વધે, તે રાજા ! તોય પણ અગાસ જઈએ ને, તો દાન માટે સોની નોટ આપી પછી હું કહું કે 'પચ્ચીસ લઈ લો.' ત્યારે પેલા કહે, 'એકાવન રાખો ને !' ત્યારે કહું, 'તો સારું, એકાવન લઈ લો.' પણ બાકીના પાછા લઉં, સો રૂપિયા અપાય એવી શક્તિ છે છતાંય. પછી ખબર પડી મહીં, કે આ જુઓ ને,

આવુંય કર્યું ! ત્યારે સો આપતા નહોતા આવડતા ? તો કહે, 'ના, એ આપવાનું નહીં, બંધ છૂટે નહીં !' શું ના છૂટે ?

**પ્રશ્નકર્તા :** બંધ.

**દાદાશ્રી :** ના, હું પાછો કહુંએય ખરો કે 'ભઈ, કન્ટ્રાક્ટર આપણે, શું ખોટ ?' તોય પણ ના છૂટે. મારી પ્રકૃતિ એવી હતી, કે પૈસા જલદી અપાય નહીં આ બધી બાબતોમાં. આમ પાછી પ્રકૃતિ નોબલ બહુ. હમણે કો'ક વાહવાહ કરે ને, તો બે હજાર રૂપિયા ખર્ચી નાખે. આ તો જ્ઞાની થયા પછી મારી પ્રકૃતિ બધી ફરી ગઈ.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** નહીં તો પહેલા હું આવું બધું, એક સોની નોટ આપું ને પોણોસો પાછા માગું. એટલે સો આપી દે તો ચાલે એવું હતું. પણ મેં કાયમ જોયું, કોઈ દહાડોય મન એમાં ચાલ્યું નથી.

## હિસાબ કાઢી જોયો, ક્યાં નોબલ, ક્યાં ચીકણા ?

જુઓ ને, પૈસા આપવાની જીગર નહોતી ચાલતી ! સોમાં કંઈ મારું બધું જતું રહેવાનું હતું ધન ? પણ તમારા જેવી નોબિલિટી જોયેલી નહીં ને, અમે તો. દાન-બાન આપેલા નહીં. એ તો નોબિલિટી જોઈએ. આમ નોબિલિટીવાળાને પૂછવા જઈએ તો કહે, 'ભઈ, તમે બહુ નોબલ માણસ છો.'

તે પછી મેં તપાસ કરી જોઈ. આમ લોક કહે, કે 'બહુ નોબલ છો તમે.' મને થયું, હારું, આ કેમનું નોબલ ? અહીં આગળ તો ચીકાશ કરે છે. એટલે મેં મારી જાતને પૂછયું, કે ''તું આ નોબલ છું કે પાજી (કંજૂસ) છું ? લોક કહે છે, 'ના, તમે નોબલ છો.' તે કઈ રીતે નોબલ ?'' ત્યારે કહે, 'વાહવાહથી.' 'પાજી કઈ રીતે ?' ત્યારે કહે, 'કોઈ વાહવાહ બોલે નહીં, કંઈ બોલે નહીં ત્યાં પાજી.' તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા, પડી.

**દાદાશ્રી :** એટલે આમ નોબલ પણ પાજી દેખાયો. મેં હિસાબ કાઢી રાખ્યો છે, 'નોબલ ક્યાં હતો, ચીકણો ક્યાં હતો !' જ્યાં 'વાહવાહ' થતી હોય ને, ત્યાં નોબલ હતો અને 'વાહવાહ' ના થાય ત્યાં ચીકણો. નવી જાતનું લાગે છે ને તમને ? વાહવાહ કરે ત્યાં હજાર રૂપિયા ખર્ચી નાખે, નહીં તો એકુંય ના આપે. એ રીતે તે ચીકણો સ્વભાવ તદ્દન નહીં. પણ વાહવાહ ના થતી હોય ત્યાં ધર્મ હોય કે ગમે તે હોય. ત્યાં થોડી ચીકાશ થઈ જાય. પણ વાહવાહ ઉપર જોર વધારે હોય. ક્યાં હોય ?

**પ્રશ્નકર્તા :** વાહવાહ ઉપર.

## પુણ્ય નથી કમાવું, વાહવાહ જોઈએ

**દાદાશ્રી :** 'આમાં કોણે વાહવાહ કર્યું', કહેશે. આપણે પુણ્ય નથી કમાવું કંઈ, વાહવાહ જોઈએ, વાહવાહ ! નોબલ ખરો સ્વભાવ, પણ વાહવાહ કરે તો. નહીં તો બધેય પાજી. હમણે તમને હૉટલમાં જમાડવું હોય, તો દસ રૂપિયા ખર્ચો કરી નાખું, લોકો ત્રણ રૂપિયા કરે ત્યારે ! જમાડવાના હોય તો બધા પાંચ હજારને જમાડીએ અને વાજાં લાવીએ, ફલાણું લાવીએ, એમાં હજારો રૂપિયા ખર્ચી નાખે. વાહવાહ, અંબાલાલભાઈની. તે આ શોધખોળ કરી, મેં કહ્યું, 'આ આવું કેમ ? મંદિરમાં આપવામાં કેમ ઓછું ?' ત્યારે કહે, 'એમાં વાહવાહ કોણ કરશે ?' જુઓ, કેવું કેવું ખોળે છે ! તમને સમજાયું ને ? અહીંયા નોબલ રહેવાય છે, અહીં રહેવાતું નથી.

## અજ્ઞાનતામાં પણ નિષ્પક્ષપાતી હિસાબ કાઢતા આવડે

એટલે હિસાબ કાઢી જોયો ને ! તે બધી બાજુનો હિસાબ આવડે. દરેક ખાતા, બધા ખાતા ખબર પડે, એટ એ ટાઈમ (તે જ ક્ષણે). તમને બે-ત્રણ ખાતા ખબર પડે, મને તો એટ એ ટાઈમ બધા ખબર પડે. કયું ખોટનું, કયું નફાનું, કયું આમ તેમ, બધા... આ ખાતા બોલું છું તે ઉપરથી તમે સમજી જાઓ ને, કે કયા કયા ખાતા બોલે છે !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે આ હું ચીકણો છું કે નહીં, તે તપાસ કરી, તો કહે, ના, ચીકણો નથી. સમજણનો ફેર છે આખો. વાહવાહ ગમે છે. જો વાહવાહ કરનારો હોય તો રોકડા લાવી આપીએ, વાહવાહ કરનારને. આપી દીધા, પણ 'વાહવાહ'માં જ ગયેલું એ નાણું બધું. બોલો હવે, કઈ કઈ જાતના રોગ હોય છે ? તે જ્ઞાની પુરુષ થયા પછી આ રોગ તૂટ્યો બધો. એ એક પ્રકારનો રોગ ને ? 'વાહવાહ' થાય. પછી ગાંડુંઘેલું બબડે તોય પણ 'વાહવાહ !'

તે મનેય પૂછનારે પૂછયું હતું, 'તમારો સ્વભાવ ચીકણો હતો કે નોબલ ?' મેં કહ્યું, 'નોબલ હતો અને ચીકણો હતો.' 'વાહવાહ' ના થાય ને, ખાનગી રહે ને, ત્યાં ચીકણો અને વાહવાહ ત્યાં નોબલ. જ્ઞાની પુરુષ એ બધા માણસના જેવા જ હોય ને, પહેલા તો. ધીમે ધીમે થાય ને ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમે ત્યારે પણ કેટલું સૂક્ષ્મ જોતા'તા ! બહુ સૂક્ષ્મ જોતા હતા ત્યારે પણ તમે, અંદરથી જોતા'તા.

**દાદાશ્રી :** હા, પણ મારું કહેવાનું કે, આ સ્વભાવ, પ્રકૃતિ જાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આવું ચારે બાજુની ચકાસણી કરવાનું ક્યાંથી સમજણ પડે ?

**દાદાશ્રી :** ના, એ ગજું નહીં તમારું. અમારે તો આ બ્રહ્માંડમાં એવું કોઈ પરમાણુ બાકી નથી કે વિચારમાં નથી આવ્યું.

**પ્રશ્નકર્તા :** અમારે તો એક જ બાજુ જતું હોય. આમનું જતું હોય તો એમનું જ ચાલ્યા કરે.

**દાદાશ્રી :** ના, પણ આ મારા વિચારો તમને આપું ને, એટલે ઊગે, તમારું ઊગે.

**પ્રશ્નકર્તા :** ઊગે, બરાબર છે. સમજણ પડે હવે કે કેવી રીતે, શું કરવું !

## બીજાના મન મોટા દેખાય ને પોતાનું મન ગરીબ લાગે

**દાદાશ્રી :** હવે પોણોસો પાછા ના લઈએ તેથી કંઈ આપણે ગરીબ થઈ જવાના નથી, પણ મન જ ગરીબ એવું. પાછું એક બાજુ મન રાજાયે બહુ મોટું, અને એક બાજુ અમુકમાં સંકોચેય કરે, એય મેં જોયેલું. અને પાછું બહાર જમાડવાના હોય તો પાંચસો રૂપિયાનો ખર્ચ કરે. મનની આદતો જોઈ લીધેલી બધી. અને ધર્માદામાં આપ્યા તે કોણ જાણવાનું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, તોય તકતીઓ મૂકાવે છે ને બધા. ધર્માદામાં તકતીઓ પણ મૂકાવે છે.

**દાદાશ્રી :** એ બાબતમાં તો અમે તદ્દન વિરુદ્ધ. તકતીઓ મૂકાવે ને, એ તો કબ્રસ્તાન ઉપર મૂક્યા બરોબર છે ! અમને તો તકતી લખાવે એ ના ગમે. લોકો આમ મોઢે વાહવાહ કરે એ મને રસ આવતો. તે દહાડે આ જ્ઞાન નહીં ને, તે કંઈક ઠંડક તો જોઈએ ને ! ફ્રિજની ઠંડક તો જોઈએ, જ્ઞાન નહીં એટલે.

**પ્રશ્નકર્તા :** જોઈએ ને !

**દાદાશ્રી :** હા... હા. બારસો માણસ જમાડ્યું કહેશે, બારસો માણસ ! સાંભળ્યું એટલે ખુશ.

**પ્રશ્નકર્તા :** એને તેય જિંદગીભર સંભાર સંભાર કરે.

**દાદાશ્રી :** હા, પછી ગા ગા કરે. સંભાર સંભાર નહીં, ગા ગા કરે. ગાયા જ કરે એને. એને તો વાગોળ્યા કરે કહેવાય. ખાઈને પાછું કાઢવું અને ફરી પાછું ખાવું એનું નામ વાગોળવું.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** જિંદગી તો ઈન્ટરેસ્ટિંગ ગેમ (રસપ્રદ રમત) છે. જ્ઞાન નહોતું તોય મને ઈન્ટરેસ્ટિંગ ગેમ લાગી હતી. પણ અત્યારે બીજાના આવા મન મોટા જોઉં ને, ત્યારે મનમાં એમ થાય ઓહો, તે દહાડે મારું નહોતું ને !

## ભાગીદારે અટકાવીને સત્સંગને રસ્તે ચઢાવ્યા

ફાધર ઑફ થઈ ગયા ને, ત્યારે અમારા બ્રધર કહે છે, 'આપણે આખી ખડકીનો (શેરી) વ્યવહાર કરવો છે. પણ આપણે અત્યારે દેવું છે, તે તારો શો વિચાર છે ?' મેં કહ્યું, 'ભલે દેવું રહ્યું, પણ કરો આપણે.' શાથી ? ધર્માદામાં અપાતા નથી, અમને જોઈએ છે વાહવાહ. અને ધર્માદામાં કોઈ વાહવાહ બોલે નહીં ને ! આ તો, 'વાહ ! કહેવું પડે ! એમના ફાધર પાછળ એ ખડકી કરી !' એ વાહવાહ કરે એટલે.

**પ્રશ્નકર્તા :** એમાંય અંતરાય હોય તો અટકે ને ? કરે તોય ના યશ મળે, તોય વાહવાહ ના મળે. વાહવાહમાંય પણ અંતરાય આવે તો અટકે ને, વાહવાહ પણ ?

**દાદાશ્રી :** વાહવાહમાં શું અંતરાય હોય ?

**પ્રશ્નકર્તા :** એટલે ખર્ચો કરે તોય લોકો વાહવાહ ના બોલે. પૈસા ખર્ચે તોય લોકો વાહવાહ ના કરે.

**દાદાશ્રી :** ના, એ એટલું તો કરતા'તા. એ ભાવના સારી હતી. લોક વાહવાહ બહુ કરે. એટલે વાહવાહની જ ટેવ. તે આ ફ્રેન્ડ સર્કલને નાસ્તા કરવાના, તે એય ચાલો. એ તો અમારા ભાગીદારનું સારું થજો કે મને રોક્યો આ બધામાં. અવળે પૈસા જતા'તા ને, એ બંધ કરાવડાવ્યા. કારણ કે એમનું સત્સંગથી મન ચોખ્ખું થઈ ગયું ને ! તે સત્સંગને રસ્તે ચઢાવનાર એ.

## પાટીદાર દેવું કરીનેય નાણું ખર્ચે વાહવાહમાં

અમારા પાટીદારનો ખાસ રિવાજ જ હોય, કે અમારું નાણું વાહવાહમાં જાય ! મંદિરમાં જતું નથી અમારું નાણું. અને તમારું વણિકોનું સારી જગ્યાએ જાય છે. તમારે કાચા પડવાની જરૂર નથી. તમારા હાથે તો બહુ સરસ કામ થવાના છે. તમારે એ વિચારવાની નથી જરૂર. તમે શું કરવા વિચાર કરો છો એટલો બધો ?

**પ્રશ્નકર્તા :** ના, વિચાર નહીં, આ તો પ્રકૃતિની વાત કરું છું.

**દાદાશ્રી :** પ્રકૃતિ તો બધાની હોય. મારી મેં ના કહી ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હજુય જરા પાતળી અમુક બાબતમાં. અને વાહવાહનું આવે ત્યાં ખરેખર ગલીપચી થાય. જો હીરાબાની પાછળ કરવામાં વાહવાહ થવાની હતી તે વાસણો કેટલા લઈ આવ્યા ત્યાંથી ! સાંઈઠ હજાર રૂપિયાના તો વાસણો લાવ્યા !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** વાહવાહ હતું ત્યારે ને ! આ પાટીદારો વાહવાહના ભૂખ્યા, તેની આ ઉપાધિ ને ! અને વણિક લોકો છે તે એમને વાહવાહની જરૂર નહીં. આપણે ભગવાનમાં મૂક્યા હોય તો આવતે ભવ મળે.

**પ્રશ્નકર્તા :** હિસાબવાળું કામ, ગુણાકાર કરે.

**દાદાશ્રી :** જ્યારે પાટીદારોને તો વાહવાહ જોઈએ ! અહીંયા આગળ છૂપું આપવાનું હોય તો ના અપાય.

**પ્રશ્નકર્તા :** દાદા, દેવું કરીનેય આપીએ, વાહવાહ કરવાના હોય તો દેવું હઉ કરીએ.

**દાદાશ્રી :** દેવું હઉ કરે. વાહવાહ કરી કે ધૂળધાણી કરી નાખે. દેવું કરીનેય કરે. વાહવાહ ! હવે કેટલા દહાડા ટકે ? ત્રણ દહાડા, હોં ! પછી કશુંય નહીં. પોક પડીને બંધ થઈ જાય. ત્રણ દહાડા સુધી પોક પડે જરા.

## વણિકમાં 'લોભ'ની ગાંઠ ને પટેલમાં 'વાહવાહ'ની ગાંઠ મોટી

પટેલો-બટેલોને જ્યાં સુધી ગરીબી હોય ને, ત્યાં સુધી જરા લોભની ગાંઠ હોય. પછી છૂટ્યું એટલે પછી ખૂબ રાજેશ્રી હોય મન ! મન સ્વભાવથી રાજેશ્રી. પછી એમને લોભની ગાંઠ ના હોય, તૂટી જાય. ના હોય ત્યાં સુધી લોભ કર્યા કરે. પછી એ આવ્યું કે ઉડાડે. પણ તેય ધર્માદા આપતા વાંધો. વાહવાહ કરે ત્યાં ખર્ચો કરે.

**પ્રશ્નકર્તા :** દાદા, એ માનની ગાંઠ કહેવાય ને ?

**દાદાશ્રી :** માનની ગાંઠ !

**પ્રશ્નકર્તા :** તો દાદા, એવી ગાંઠ તો વાણિયામાંય હોય છે. વાહવાહ થાય છે જ્યાં, તકતીમાં આવે...

**દાદાશ્રી :** હોય તો ખરી, પણ એ વાહવાહની આમના જેવી ના હોય. ધૂળધાણી ના કરી નાખે પૈસા. વાહવાહની તો હોય જ એ, પણ પેલી મોટી ગાંઠ નહીં, આમના જેવી નહીં.

વણિકનામાં 'લોભ'ની ગાંઠ મોટી અને આમનામાં 'વાહવાહ'ની ગાંઠ મોટી. બન્નેય ગાંઠો નુકસાનકારક છે.

## વણિક જુએ, પોતાનું શ્રેય શેમાં ?

મને જ્ઞાન નહોતું થયું ને, ત્યારે ધર્મમાં પૈસા નહોતા અપાતા, જોઈએ એટલા, સંતોષકારક. ત્યાં તાણી તાણીને અપાતા'તા. અને અમારે એક મહેતાજી કહે છે, 'મારે સાહેબ, છોડી પૈણાવાનું ઠેકાણું નથી ને હવે હું શું કરું ?' મેં કહ્યું, 'કેટલો ખર્ચ થાય ?' તો એ કહે, 'પચ્ચીસો-ત્રણેક હજાર.' મેં કહ્યું, 'જાને, એ તો અમે પૈણાવી લેશું, ત્યાર હોરું આપી દઈશ તને.' હવે ત્યાં (ધર્મમાં) ના અપાય. ત્યાં આપતા નથી ફાવતા. એય અજાયબી છે ને ! અહીં માન-તાન આટલું બધું ભરેલું. આ બાજુનું માન-તાન ભરેલું હશે ને ?

એ પૈસા ખર્ચવા હોય તો ત્યાં (ધર્મમાં) ખર્ચો. તે ડાહ્યાઓનું કામ છે. અમે તો દાંડાવાળા લોક. એ તો તમારા વણિક જેવા ડાહ્યા લોકોનું કામ છે કે ધર્મમાં જ પૈસો નાખે. અને આ મારવાડીઓ તો કરે છે શું ? ભગવાનને ત્યાં જ નાખી આવવાનું બધુંય. થેપાડા (થેપાડું-જાડું ટૂંકું ધોતિયું) પાછા જૂના પહેરવાના. શું ?

**પ્રશ્નકર્તા :** હા, એ તો સાવ જૂના, મેલા જ.

**દાદાશ્રી :** હા, પૈસા નાખી આવવાના. કારણ કે વધે છે. પછી એ જ ઊગે ને ! અમે તો બિયા હઉ ખઈ જઈએ છીએ ! અમારા પટેલો

તો બિયા હઉ ખઈ જાય, પછી ખેતરા રહી જાય એમ ને એમ. અમારું ખાતું બધું જાડું તે.

તમારે વાણિયા વાહવાહવાળા નહીં. એ કહેશે, 'વાહવાહમાં શું જાડા થવાના હશે ?' વાહવાહ તો ક્ષત્રિયોને જોઈએ. તમે તો આપણું શ્રેય શેમાં, એટલું ખોળી કાઢો. એટલે અત્યારે આપીએ અને આવતે ભવ લઈ લેવાય, એ તમે અને અમે તો એમ જાણીએ કે આપ્યું એટલે ગયું. આ લઈ લેવાય એવું જાણીએ જ નહીં ને ! આપ્યું એટલે ગયું. અને તમે શું જાણો, કે 'આપ્યું એટલું જ સાથે.'

## વાહવાહમાં જન્મેલા, તે વાહવાહની ટેવ પડેલી

લોભી નહોતો સ્વભાવ, પણ વાહવાહ ખોળે.

**પ્રશ્નકર્તા :** વાહવાહનું ખોળો એટલે તમને કીર્તિનું એ હતું ?

**દાદાશ્રી :** હા, એ જ, કીર્તિનું, ત્યાં વાહવાહ. મૂળ તો અમારે ત્યાં વાહવાહમાં અમે જન્મેલા. અમારી બધી પૈઠણો-બૈઠણો વાહવાહની. ફાધરની પાછળ આખું ગામ જમાડ્યું હતું ને એના ફાધરે આમ કર્યું હતું ને તેમ કર્યું હતું. આ બધું વાહવાહમાં. બ્રાહ્મણો જમાડ્યા, ફલાણું કર્યું, ચોરાસીઓ કરી (બ્રાહ્મણોની બધી નાતોનું જમણ કરવું). વાહવાહમાં જન્મેલો, તે વાહવાહની ટેવ પડેલી. અને તમે છે તે ભગવાનના ઘેરને માટે વાપરવા શીખ્યા'તા ને, એટલે તમને આ ટેવ બધી. વાહવાહની ટેવ ઓછી. એટલે તમે લોકો પાંચ લાખ આપવાના હોય તો ત્યાં આપી શકો. તમારા મન મોટા હોય અને અમારું મન સંકુચિત થઈ જતું હતું. તે મને હવે આ જ્ઞાની થયા પછી ખબર પડી. પણ એ શું કામનું ? ત્યાં તો સો આપતી વખતે પોણોસો પાછા લીધેલા. આ તો કયા જમાનાની વાત કરું છું ? ૧૯૩૨ની. તે દહાડે પચ્ચીસેય છે તે આજના પચ્ચીસો જેવા. એટલે અત્યારે લોકોના મન જોઈને મને મનમાં એમ થાય કે, સાલું, આવું કેવું મન હશે પહેલા ! એવું જ થયા કરે મને. લોકોના મન કેવા કેવા મોટા હોય છે ! પણ ઝીણાવાળાયે જોયા મેં. મારા સગા છે એક, મિલમાલિક છે, તે એક હજાર નથી અપાતા. જુઓ ને, આય

એવી અજાયબી જ છે ને ! આપવું એ કંઈ સહેલી વાત નથી, બા. એ તો બહુ મોટું, એ ગયા અવતારે જબરજસ્ત પુણ્ય બાંધ્યા હોય ત્યારે અપાય, નહીં તો અપાય નહીં !

## વાહવાહનો આગળ ડ્રાફ્ટ મળે નહીં

**પ્રશ્નકર્તા :** પણ આ વખતે આપે તો પુણ્ય બાંધી લે ને, આવતા જનમ માટે પણ.

**દાદાશ્રી :** એ તો આવતા ભવનો ડ્રાફ્ટ છે. બીજું આપવાનું કોઈને નથી. આ ગયા અવતારે ડ્રાફ્ટ મોકલેલો, તે આ ભવમાં અત્યારે આ બંગલો મળ્યો છે ને મેળવ મેળવ કરે છે. નહીં તો પચાસ હજારેય એની પાસે હાથમાં આવે ક્યાંથી ને આ ડાઉન પેમેન્ટ આપેય શી રીતે ? પણ ગયા અવતારે ડ્રાફ્ટ આપેલો, તેનો આ ડ્રાફ્ટ મંજૂર થયો. અને આ ફરી હવે આ ડ્રાફ્ટ આપશે એટલે ફરી મંજૂર થશે. ખેતરમાં બીજ નાખી આવીએ, તો કપાસ લેવાય ને ? અને બીજ બધું વાપરી ખાઈએ તો ?

**પ્રશ્નકર્તા :** કશુંય ના ઊગે.

**દાદાશ્રી :** એવું આ. એટલે વાણિયા વાહવાહમાં માને નહીં. પાકા ! વાહવાહથી કંઈ છેતરાય નહીં. એ તો જુએ કે આગળ જમે થાય છે કે અહીંનું અહીં રહે છે ? પેલું વાહવાહવાળું તો અહીં વટાઈ ગયું. એનું ફળ લઈ લીધું મેં, ચાખી લીધું. અને આ તો વાહવાહ ના ખોળે, ત્યાં ફળ ખોળે એ, ડ્રાફ્ટ. બહુ પાકા, વિચારશીલ લોકો ને ! આપણા કરતા વિચારશીલ ! વાણિયા આવતા ભવના ડ્રાફ્ટ કઢાવડાવે. અને આપણે તો આ ભવમાં જ ડ્રાફ્ટ વપરાઈ જવો જોઈએ, વાહવાહનો ! વાહવાહનો આગળ ડ્રાફ્ટ નહીં ને વાહવાહ નહીં તેને આગળનો ડ્રાફ્ટ.

**પ્રશ્નકર્તા :** હંઅ...

## પૂર્વે ભાવ કરેલા તે હીરાબા અર્થે ખર્ચાયા

**દાદાશ્રી :** એટલે અમારી કુટેવ આ. અમારે વાહવાહમાં જતા રહે

અને તમે છે તે વાહવાહને તે કિંમત ગણો નહીં. પેલી કિંમત ગણો કે આવતા ભવમાં આવે એ બીજ, ડ્રાફ્ટ લઈ લો તમે. આ વાહવાહ અમને સમજણ નહીં ને ! પણ તે હવે મને સમજણ પડી, કે આ ડ્રાફ્ટ લીધેલા. પણ પહેલા તો આ સમજણ પડે જ નહીં ને ! અત્યારે એ વાહવાહના ભૂખ્યા નથી, પણ વાહવાહના ભાવ કરેલા, તે હીરાબાની પાછળ છે તે લાખ ઉપર જશે ખર્ચ. કારણ કે બે હજાર-બાવીસસો તો છોકરીઓને આવડા આવડા તાટ ને એ બધું વહેંચ્યું, સ્ટેનલેસ સ્ટીલનું. રૂપિયા રોકડા હઉ. અને બધી આખી હાઈસ્કૂલો, કૉલેજો, કન્યાશાળાઓ, બાલમંદિરો, બધાને દૂધપાક-પૂરી ને એ બધું જમાડ જમાડ કર્યા. ચાર દહાડા સુધી ખૂબ ચાલ્યું. તે આ બધા ભાવ કરેલા તેનું. અત્યારે મને ઈચ્છા નથી આવી, વાહવાહ કરે તે ! મારે તો વાહવાહને શું કરવું છે ? પહેલા વાહવાહનો ભૂખ્યો હતો ત્યારે મળ્યા કરતું'તું, આવું ખર્ચ્યા કરીએ તે.

## દાદા અહોભાવ વ્યક્ત કરે એ વાહવાહમાં ના ગણાય

આ જૈનો શું કરે ? જ્યાં કોઈ જાણે નહીં ત્યાં આપી આવે.

**પ્રશ્નકર્તા :** દાદા, એ વધારે સારું ને ?

**દાદાશ્રી :** હા. એનું કારણ શું, કે જે વાહવાહવાળું છે ને, એનું ફળ અહીંનું અહીં મળી ગયું કહેવાય. અને પેલું ફળ મળવાનું રહ્યું. બેમાં ફેર નહીં ?

**પ્રશ્નકર્તા :** ફેર, ઘણો ફેર.

**દાદાશ્રી :** ફેર. વાહવાહ થયું એટલે એનું ફળ અહીં મળી ગયું. અને વાહવાહ ના થયું એટલે ફળ ત્યાં રહ્યું. આ કૉલેજ બંધાવીએ અને નામ આવ્યું જશુભાઈનું એટલે વાહવાહ થઈ ગયું. પણ ત્યાં આગળ આપ્યું, ભલે એ થોડાંઘણાં જાણતા હોય. પાંચ-પચાસ માણસ જાણે, એને વાહવાહ ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ એ ત્યાંનું ફળ.

**પ્રશ્નકર્તા :** દાદા, તો પછી તમે બધાની વચ્ચે કેમ કહેતા હો છો ? તમે કેમ બધાની વચ્ચે કહી દો છો ?

**દાદાશ્રી :** ના, એ તો મારો પ્રકૃતિ સ્વભાવ. એવું એને લીધે બોલાઈ જાય. કારણ કે મારાથી અહોભાવ થઈ જાય કે, 'અહોહો ! કેવો આ ! કહેવી પડે આ શક્તિ !' અહોભાવ, તે હું બોલું તેનો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ પછી વાહવાહમાં જ જતું રહે ને ?

**દાદાશ્રી :** અહોભાવ થાય ! હવે થોડું થોડું હું વાહવાહ બોલું છું, એનું શું કારણ ? એને આત્મસંતોષ થાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** આત્મસંતોષ થાય.

**દાદાશ્રી :** મેં આપ્યા હોય ને આવું ના બોલે તો પહેલા મારા મનમાં શું થાય ? મેં આપ્યા હોય છતાં બોલે નહીં તો મને મહીં ઉપાધિ થઈ હોય ને, તેની આ મારી ટેવ છે.

## મકાન બાંધવા ધક્કા ખવડાવીને પૈસા આપ્યા

આ અમે વાહવાહવાળા લોક. એટલે અમારું ધૂળધાણીમાં જાય પુણ્ય. ખરું સાચી જગ્યાએ અપાવું જોઈએ. તે ના ફાવ્યું, અમને આવડ્યું નહીં ને ધૂળધાણીમાં પૈસા ગયા. એ ધૂળધાણીમાં ગયું, વાહવાહ થયેલી એ નોબિલિટી. અને આ નોબિલિટી એ આવતા ભવની. હવે એ આવતા ભવનું ના થયું ને આ જુઓ તો, આ ભવનું વાહવાહ કર્યું એટલે લોકોએ પીલ્યા !

અમે કશું ધર્માદો જ નહીં કરેલો. મહાપરાણે પછી પેલા મણિભાઈ ભૂલાભાઈ બહુ મંડ્યા કે આપણા ભાદરણવાળાનું અગાસમાં મકાન બાંધવું છે. આ અમુક લોકોએ જગ્યા આપી છે. આપણે ત્યાં ઊતરવાનું સ્થાન જોઈએ. એ ત્યાં આગળ ભાદરણવાળાનું મકાન બાંધવું હતું, અમારે ભાદરણવાળાને ઊતરવા માટે. તે દહાડે ભાદરણમાંથી કોઈ પૈસા આપે નહીં, અમારા ગામમાં ત્રણ હજાર રૂપિયા ભેગા નહોતા થતા. કારણ બે-ત્રણ માનનારા એટલે કોઈ ત્રણસો આપે, કોઈ બસ્સો આપે. તે દહાડે પૈસાની સગવડ નહીં ને !

**પ્રશ્નકર્તા :** હા, પૈસાની સગવડ નહીં.

**દાદાશ્રી :** તોય ત્યાં એ ભાદરણ ગામવાળાએ બે-ચાર હજાર રૂપિયા ભેગા કર્યા, અને પછી કહે છે, 'બીજા સાત હજાર રૂપિયા ખૂટે છે, એનું કરી આપો ને !' તો પછી અમારા ભાગીદાર કહે છે, 'બાને નામે કરાવડાવો આ ઘર આપણે.' અને તે દહાડે દસેક હજાર રૂપિયા ખર્ચવાની જરૂર હતી એ ફર્સ્ટ ફ્લોર માટે. ત્યારે સસ્તું હતું બધું. અને પછી સાત હજાર આપવાના કહ્યા, તેય પણ આપતા આપતા ત્રણ વર્ષ કાઢ્યા. અને અમારી પાર્ટી મોટી ગણાય પાછી. એય... ઠેઠ એલેપ્પી સુધી ઑફિસો, વેસ્ટર્ન ઈન્ડિયા ટ્રેડિંગ કૉર્પોરેશન ! સ્વભાવ પાકા ! તે મહાપરાણે બાના નામથી સાત હજાર આપ્યા હતા. હવે એ જમાનામાં સાત હજાર એટલે તો બહુ કહેવાય ને ! પણ તે મહાપરાણે, થોડા થોડા કરીને આપેલા. આ પંદરસો હમણાં આપ્યા, પાછા ખૂટી પડ્યા ત્યારે કકળાટ કરીને આપીએ. આમ ભલીવાર નહીં કશોય. તે જેટલા રોકડા અપાય એટલા રોકડા આપ્યા. બીજું, અમારી પાસે સાગ-બાગનું, સીસમ-બીસમનું લાકડું હતું, તે બધું બારી-બારણાં બનાવવા માટે આપ્યું. એમ કરીને સાત હજાર પૂરા કર્યા, તેય ખેંચાઈ ખેંચાઈને. મણિભાઈ ઉઘરાણી કરે ત્યારે અપાય. આમાં આપવાનું હોય તો ઉઘરાણી હોય નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આમ તો હું કોઈ દહાડો પૈસો કોઈનો લઉં નહીં ને કોઈને માગવા મોકલુંય નહીં. આ તો આ મંદિરમાં ધક્કા ખવડાવ્યા'તા. બાકી હું કોઈના લઉંએય નહીં ને ધક્કો કોઈને ખવડાવુંય નહીં. એક ચાર આનાય કોઈ મારી પાસે માગતું ના હોય. કારણ કે ઓછું હોય તો ઓછું ચલાવી લઉં. મને પોસાય નહીં. કોઈ મારે ત્યાં ધક્કો ખાય એ તો એક મિનિટ પણ મારાથી સહન થાય નહીં. પણ આ મંદિરમાં ધક્કા ખવડાવ્યા હતા એ મને યાદ છે. પણ તેમાંય છે તે મારાથી જાતે જવાબ અપાય નહીં, એ અમારા ભાગીદાર જવાબ આપે. એ ધકેલે વર્ષ સુધી.

અને મારે તો મહીં ત્રણ મિનિટેય ના ધકેલાય. મને તો ‘આમ છે, તેમ છે’ બોલવાનું, જૂઠું બોલવાનું આવે ને, તો મને પોસાય નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, જીભે લોચા વળે એવું બોલતા.

**દાદાશ્રી :** એ તો હું સંકોચાઈને ચાલુ. જૂઠું બોલાય નહીં એટલે સંકોચાઈને જ ચાલવાનું ને !

## આવા ભંગાર માલને પછીથી જોઈને કાઢ્યો

તે પાંચ-સાત હજાર આપતા આપતા તો મેં ત્રણ વર્ષ તો ઉઘરાણી કરાવડાવી હતી, એ લોકોને. અને તે દહાડે જમાનોય એવો. ત્રણ વર્ષ એમણે ઉઘરાણી કરી ત્યારે આ ભાદરણવાળાનું મકાન બનાવવા સાત હજાર રૂપિયા આપ્યા મેં. બોલો, હવે એ મન કેવું ખરાબ ! કંઈ રૂપિયા હાથમાં નહીં આવ્યા હોય ? ત્યારે કહે, ‘ના, આ અપાય છે હવે, આ પેલું કામનું કરો ને !’ એ બરાબર ના કહેવાય. એ તો આપનારો માણસ...

**પ્રશ્નકર્તા :** આપી જ દે.

**દાદાશ્રી :** ના પણ, આ માલ ભરેલો તે, આનું નામ ભરેલો માલ કહું છું હું. એને જોઈને કાઢવાનો છે.

**પ્રશ્નકર્તા :** જોઈને કાઢવાનો છે.

**દાદાશ્રી :** કે કેવો ભર્યો’તો, એ જોઈને કાઢવાનો. એટલે શુદ્ધિકરણ એ માલનું થઈ ગયું અને તમેય શુદ્ધ થઈ ગયા, એવું આપણે કહેવા માગીએ છીએ. એટલે આ હું કહું છું ને, ધક્કા અમે ખવડાય ખવડાય કરતા હતા. તે માલ ભરેલો તે પાછું અમે જોઈ અને પછી કાઢ્યો.

## મંદિરના પૂજારીનેય કરવી પડે ઉઘરાણી ?

આ અત્યારે તો જમાનો સુધર્યો. અત્યારે હોય તો આપે, નહીં તો ના હોય તો નાય કહે, નાય આપે. પણ ના આપે તો સારું, ધક્કા ખાવાના મટી જાય ને !

**પ્રશ્નકર્તા :** પણ ધક્કા ના ખવડાવે એ ખરું, આ જમાનામાં એવું ખરું.

**દાદાશ્રી :** અમે તો ધક્કા હઉ ખવડાવેલા બળ્યા, મને હજુ યાદ છે ને !

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આપની ના આપવાની વૃત્તિ નહોતી.

**દાદાશ્રી :** ના આપવાની વૃત્તિ નહીં, પણ પેલાના જોડા ઘસાઈ જાય ને, બિચારાના ! હવે દેખાવો નીકળી ગયો. આ જમાનો કંઈ જુદી જાતનો આવ્યો છે ! કાં તો ના આપે, કાં તો આપે તો તરત આપી દે.

**પ્રશ્નકર્તા :** આપી દે, હા, બરોબર.

**દાદાશ્રી :** પહેલા તો ધક્કા ખાઈ ખાઈને...

**પ્રશ્નકર્તા :** ધક્કા ના ખવડાવે આજે. પહેલા તો ના કહે નહીં ને આપે નહીં, એવું હતું. એટલે ધક્કા જ ખાવા પડે પેલા માણસને.

**દાદાશ્રી :** ના કહે નહીં ને આપે નહીં.

**પ્રશ્નકર્તા :** હા, એટલે પછી પેલા માણસને ધક્કા જ ખાવા પડે.

**દાદાશ્રી :** તે આ મંદિરના પૂજારી હતા ને, તે મેં બોલાવ્યો એક દહાડો. 'તું ક્યાં જઉં છું ?' ત્યારે કહે, 'ઉઘરાણીએ.' મેં કહ્યું, 'અલ્યા, તમારે શેની ઉઘરાણી ?' ત્યારે કહે, 'આ લોકો દીવો બોલે છે, આ દીવાનું ઘી બોલે છે ને પછી પૈસા આપતા નથી આ લોકો.' મેં કહ્યું, 'એવું હોતું હશે ? ઉઘરાણી બાકી હોય છે એની, આ શેઠિયાઓ પાસે ?' 'મોટા મોટા પાસે બાકી છે', કહે છે. ત્યારે મેં કહ્યું, 'લિસ્ટ ક્યાં છે ?' તે પછી લિસ્ટ જોઈને મને થયું આવાં મોટા મોટા માણસો ! તે કોઈના પાંચસો બાકી, કોઈના સાતસો બાકી, કોઈના પંદરસો-બે હજાર બાકી, ઘીના દીવાના. ત્યાં બોલતા તો બોલે. અને પછી તારીખ જોઈ, તે ત્રણ-ત્રણ વરસ નીકળી ગયેલા. ત્યારે મેં પેલાને કહ્યું, 'કેમ આટલું બધું મોડું કરે છે ?' ત્યારે ઊલટા એમ કહે છે, 'આમાં કંઈ અમે રોકડા લીધા છે એ તો ? આમાં તો અમે લખાવ્યું છે, આ કંઈ રોકડા લીધા નથી.'

**પ્રશ્નકર્તા :** ના, ના, આ તો એનો બચાવ જ એવી રીતે કર્યો કે સામાવાળોય વિચાર કરતો થઈ જાય !

**દાદાશ્રી :** મેં કહ્યું, 'ઉઘરાણી તે પતી નથી જતી ?' 'એ છ-છ વર્ષની થાય છે', મને કહે. અને કેટલાક તો એમ કહે છે, ''હવે તે દહાડે બોલી ગયા'તા એ બોલી ગયા'તા, તે આપી દઈશું એ.'' શું થાય ? હે વીતરાગો ! તમે ગયા પણ અમે નહોતા જાણતા કે આવી વંશાવળી પાછળ પાકશે ! અલ્યા, ભગવાનને ઘેર આવું તોફાન ચાલ્યું છે ! આ ના શોભે ! એને કોણે ઊંચો બાંધ્યો ?

## જાત અનુભવે લક્ષ્મીનો વ્યવહાર બંધ રાખ્યો અક્રમમાં

હું પોતે જ એક ફેરો છે તે તેમાં અઢી રૂપિયા મણનું ઘી, બોલીને, ચડસે ચડીને પસ્તાયો'તો પછી, કે સાલું આટલું બધું કંઈ બોલી ગયા આપણે ? એટલે ત્યારથી મનમાં સમજી ગયો કે આ હારું મને ફસામણ થઈ'તી, તો આ બીજા લોકોને નહીં થતી હોય ? એટલે આ બધું અમારા અનુભવમાં આવેલું. ઘી બોલવામાં મને જ ફસામણ લાગી'તી કે સાલું આટલું બધું ક્યાં બોલી ગયા આપણે ? મને જો આવો વિચાર આવ્યો કે 'આટલું બધું ક્યાં બોલ્યા ?' હવે એ કયું ધ્યાન કહેવાય ? બોલતી વખતે બોલ્યો, ત્યાર પછી મહીં ધ્યાનને પાંસરું રાખ ને ! પણ પાછો ધ્યાનને શું કરવા પાછો ફ્રેક્ચર કરે છે ? આ તો રૌદ્રધ્યાન કહેવાય. હવે ભગવાનના દીવા ઉપર રૌદ્રધ્યાન કરે. એટલે આ લોકોની શું દશા થતી હશે ? માટે લક્ષ્મીનો વ્યવહાર ના જોઈએ આપણે ત્યાં. લક્ષ્મીવાળા આપશે લક્ષ્મી. તમે બધા અખંડ લક્ષ્મીવાળા માણસો ! હોય છે બધા, આપશે ને થશે... પુણ્યશાળી હોય ને લઈને આવેલા હોય બધું. અને આપે છે ને લે છે ને ચાલે છે ગાડાં ! અને ના ચાલે તો આપણે એને કંઈ એય નથી ને ! એનું ચાલ્યા જ કરે.

## આવી અક્કલનું પોતે પાંચ વર્ષ ન માને તો જતી રહે

આ બધા દાન આપે ને, તે જોઈને મને તો અજાયબી થાય ! હું મારી જાતને માપું કે ના માપું ? હું તો ભલે અત્યારે જ્ઞાની થયો, પણ તે દહાડે કંઈ જ્ઞાની હતો ? અને અત્યારે આપનારા માણસો, એમને જોઉં

છું, ત્યારે મને અજાયબી લાગે છે કે ઓહોહો ! આ કેવા ને આનું મન કેવું ને મારું મન કેવું !

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** અને તેય કંઈ ગણતરીમાં આવ્યું નહીં, કામ લાગ્યું નહીં કશુંય ! ઊલટું મુશ્કેલી થઈ એ તો. આ તો મૂર્ખાઈ જ છે, આ ફૂલિશનેસ છે બધી ! અક્કલ લડાવે, અક્કલ ! અક્કલ ના આપવા, દે બળી !

**પ્રશ્નકર્તા :** એને કાઢવી કેવી રીતે, દૂર કેવી રીતે કરવી એવી અક્કલને ?

**દાદાશ્રી :** એ ના જાય, જાયેય નહીં એ તો.

**પ્રશ્નકર્તા :** પણ તો શું કરવું એમ ? એ અટકણ કર્યા કરે છે, એનું શું કરવું હવે ?

**દાદાશ્રી :** અક્કલનું પાંચ વર્ષ સુધી માને નહીં, તો જતી રહે એ.

**પ્રશ્નકર્તા :** પાંચ વર્ષ ના માને તો ?

**દાદાશ્રી :** હં. એનો અવરોધ કરીએ, વિરોધ કરીએ તો જતી રહે. અમારી જતી રહી, અમારામાં બિલકુલ અક્કલ નથી અત્યારે. હવે અક્કલ જરાયે નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, તે તમારી તો જ્ઞાને કરીને ગઈ ને ?

**દાદાશ્રી :** હા, એ તો જ્ઞાને કરીને જતી રહી.

**પ્રશ્નકર્તા :** દાદા, અમારી તો અક્કલ વધતી જાય છે.

**દાદાશ્રી :** એ તો પછી ધીમે ધીમે ઓછી થઈ જશે.

## પાછલું સંભારીને જોઈ પોતાની ડફોળાઈ

આ તો પાછલું સંભારી જરા જોઈ લેવાનું, કે આમને બીજી કશી ભાંજગડ નથી. આ બધાય એવા છે, આ છોકરાંઓ બધાય, એકેએક !

આની પાસે લાખ રૂપિયા હોય તો નવ્વાણું હજાર ત્યાં આપી દે એવો છે. પણ આપણે તો પૈસાની જરૂર નથી. એ કેવા કેવા હૃદય હોય છે આ લોકોના ! આ છોકરાંઓનું મન, બહુ સરસ આ લોકોનું હાર્ટ ! પણ મને લાગે છે આ જ્ઞાન મળ્યું એટલે. બાકી એય નોબલ તો ના થાય. આટલું બધું નોબલ થઈ શકે નહીં માણસ. એટલે એ આમની સાથે સરખામણીમાં મારી ભૂલ છે, એ મને લાગે છે. તોય આમના જેટલો નોબલ હું હતો નહીં. આ લોકો જે નોબલ છે, એવી તો મારામાં નોબિલિટી હતી જ નહીં.

**પ્રશ્નકર્તા :** આપને કોઈ મળ્યું નહોતું ને એવું ! આપને એવા કોઈ જ્ઞાની પુરુષ મળ્યા નહોતા ને !

**દાદાશ્રી :** ના, કોઈ નહોતા મળ્યા. કોઈ સમજણ પાડનાર નહોતો, તેથી આ ઊંધું ચાલ્યું.

**પ્રશ્નકર્તા :** હા, ત્યારે પછી.

**દાદાશ્રી :** નહીં, આ મન જ એવું પણ. કેવું ? ઘણા રૂપિયા આવ્યા ને ઘણા ગયા. પણ આપ્યું નહીં એટલી ભૂલ થઈ. અને તોય નાણું તો હતું ત્યાંનું ત્યાં જ પાછું. તોય ના વધ્યું કે ના ઘટ્યું. અપાયું નહીં એટલું જ.

**પ્રશ્નકર્તા :** અપાયું નહીં એટલું જ.

**દાદાશ્રી :** હા, એટલે આવી ડફોળાઈની સીનસીનેરી રહી ગઈ. બાકી માલ જતો રહેલો. નાણું તો જતું રહે ને, નાણું તો રહેતું હશે ?

જ્ઞાન થયું ત્યારે પાંસરો થયો. જ્ઞાન થયા પછી મને ખબર પડી કે આહાહા... આ આટલી બધી ભૂલો કરી છે ! અજાગૃતિ, બેભાનપણા, આ લોભના બેભાનપણાને લીધે. કશું ભેગું તો થવાનું નથી. આમ ભઈબંધો જોડે ઉડાવી મેલે સો રૂપિયા, પણ ત્યાં ના અપાય. ત્યાં ઉડાડી મેલેલું, તે તો ગટરમાં ગયું. ના ભઈબંધના ઘરમાં રહ્યું ને ના આપણા ઘરમાં રહ્યું, તાજ હોટલવાળો ખઈ ગયો. શું ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** ભઈબંધના ઘરમાં રહ્યું હોય ને એનું દુઃખ ઓછું થયું હોય, તો વાત જુદી છે. કોઈક માણસનું દુઃખ ઓછું થાય આપણાથી તો ઉત્તમ વસ્તુ છે. પણ ના, એ તો ધૂળધાણીમાં જતું રહ્યું, ગટરમાં જાય છે. આ બધી લક્ષ્મી અત્યારે ગટરમાં જ જઈ રહેલી છે. મને કોઈ કહેનાર મળ્યું નહીં ને, તે આખી જિંદગી નાણું સવળે રસ્તે બહુ ના ગયું, થોડુંક જ ગયું. ભેળું કરવા રહ્યા, તે ભેળું કરેલાની બધી ઉજાણી થઈ ગઈ. ભેળું કરવા ગયા તો ઉજાણી થઈ જાય પછી. તે સારા રસ્તે ના અપાય.

## વાહવાહની ઈચ્છા વગર પારકા માટે વપરાય એ જ સાચું

હંમેશાંય દરેક નાણું ચંચળ સ્વભાવનું હોવાથી સારી જગ્યાએ વપરાય તો વાપરી નાખવું, નહીં તો ચંચળ સ્વભાવનું હોવાથી ટકશે નહીં. ના વપરાય તો ટકશે નહીં, બીજે રસ્તે જતું રહેશે. ગટરમાં જતું રહેશે. સારે રસ્તે ના જાય તો ગટરમાં તો જવાનું જ છે એ વાત નક્કી જ છે. અમે તો જાતે ગટરમાં જતું જોયું બધું. એ તો સારું થયું થોડુંઘણું રહ્યું, તે આ અપાય છે અત્યારે. હજુ બે-ત્રણ લાખ આપવાની ઈચ્છા છે મારી. હવે રહ્યું તે બધું કોને આપી દેવાનું છે પછી ? એ તો સાચે રસ્તે વપરાયું એટલું સાચું.

વાહવાહની ઈચ્છા વગર પારકા લોકોને માટે નાણું વપરાય, એ જ બધું સાચું અને પોતાને માટે બધું વપરાઈ જાય એ ગટરમાં ગયું.

**પ્રશ્નકર્તા :** વાહવાહ કરવા માટે વાપરીએ, પણ વપરાય તો પારકા માટે જ ને ?

**દાદાશ્રી :** ના, પણ તોય એ તો વાહવાહમાં એનો બદલો મળી ગયો ને આપણને ! એનો બદલો મળી ગયો ને ખુશ થઈ ગયા આપણે. રાતે એવી ઊંઘ આવે, એવી મજા આવે, ટેસ્ટ આવે ! વાહવાહ... વાહવાહ... તે ચાલ્યું ચંદુભાઈનું. ચંદુભાઈ ક્યાં જઈને બેસે પાછા ? છાપરે જઈને બેસે. એ છાપરેથી પછી પાડે લોકો. પછી કહેશે, ''કેમ બહુ રોફ કરતા'તા, તે હવે ટાઢા થઈ ગયા ?'' તે પાછા પાડે લોકો. પાડનારાય એ, ચઢાવનારાય એ.

## ૧૯૪૬થી વાહવાહમાંથી વૈરાગ્ય ને ૧૯૫૮માં જ્ઞાન

એ વાહવાહ પોકળ ગયું. મૂરખ બનાવી ગયા લોક. એ નથી બનાવી ગયા, આપણે બન્યા. પછી ભાઈબંધોને રૂપિયા ધીરેલા, એય છોડી દીધા. મેં કહ્યું, 'જો આ છોડીએ તો આ સંગ છૂટે, નહીં તો સંગ છૂટે નહીં ને !' આપણે એની પાસેથી પાછા લઈએ એટલે ફરી લેવા આવવાનો પાછો. એના કરતા તો ના લઈને છોડી દીધા. પેલો મોઢું દેખાડેય નહીં ને ભાંજગડ નહીં. ચોર-બદમાશોનો સંગ નહોતો, પણ સંસારમાં આગળ પડતો ભાગ ને આગળ વધવાની જ ઈચ્છા, સંસારમાં. તેમાં હુંય લપટાયેલો. મને આ ગમે નહીં, એ રુચેય નહીં, પણ વાહવાહ ગમે ને પેલી. વાહવાહ, વાહવાહ ! પણ આ જ્ઞાન પછી તો અમારે એ બધા સંગ જ છૂટી ગયેલા. આમેય '૪૬ પછી વૈરાગ આવી ગયેલો ને '૫૮માં આ જ્ઞાન પ્રગટ થયું !

આ તો તમને અમારો ઈતિહાસ કહ્યો. માલૂમ ના પડે, આપણે શું શું નાટક કર્યું હતું તે ?

**પ્રશ્નકર્તા :** પડે.

**દાદાશ્રી :** ખબર પડે ને ? સ્વભાવ છે તે કેવો હતો તે આપણને દેખાય ને ? કેમ પોણોસો પાછા લો છો ? તે દહાડે નહોતું દેખાતું, પણ આજ તો દેખાય ને ? આ તો સ્વભાવ કેવો પાતળો છે, તે જોયું મેં.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** સ્વભાવ શું કામ કરે છે એ જોયું મેં. સ્વભાવ તો લાખ રૂપિયા હોય ને, તોય પાનસે ના આપવા દે. અને બાર મહિનાના હજાર જ કમાતો હોય ને, તે પાનસે આપે. એ સ્વભાવ છોડે નહીં.

## પોતાની ભૂલોનો ઇતિહાસ ચિત્રપટની જેમ દેખાય

અંબાલાલનો સ્વભાવ દેખાયો નાનપણમાં. આમ મોટા કન્ટ્રાક્ટર હતા, પણ સો રૂપિયા ના અપાયા, જુઓ તો ખરા ! મને હજુય યાદ આવે છે, સો આપ્યા હતા ને પોણોસો પાછા લીધા. મને આ દેખાય છે હજુય !

એ અંબાલાલભાઈ આપતાય દેખાય છે, એ ઑફિસેય દેખાય છે ! તે પણ સોની નોટ કાઢીને કહું, કે 'લ્યો પચ્ચીસ, અંબાલાલ મૂળજીભાઈના નામે જમે કરો અને પોણોસો પાછા આપો.' એ ચિત્રપટ મને અત્યારે હસાવે છે, કે સો આપી દીધા હોત તો શું ખોટ જવાની હતી ? એ બધા બચાવેલા, તે લોકો ઘાલી ગયા અને આમ ના આપ્યા. ત્યારે મેં કહ્યું, સ્વભાવનો દોષ છે ને આ.

**પ્રશ્નકર્તા :** સ્વભાવ એવો.

**દાદાશ્રી :** પ્રકૃતિ સ્વભાવ. એટલે આ બધાનો સ્વભાવ જોઈને મને એમ લાગ્યું, કે મારો આ જો નાનપણમાં કેવો સ્વભાવ હતો ! અને અત્યારે બધાનું મન જોઈને હું તો ખુશ થઈ જઉં, કે મારું મન ક્યાં હતું અને આ લોકોનું કેવું મન છે !

મારું મન કેવું, મપાઈ જાય કે ના મપાઈ જાય ? હું બધું જાણું કે ના જાણું, આગલી હિસ્ટ્રી ? કે ભૂલી જાય હિસ્ટ્રી ?

**પ્રશ્નકર્તા :** જણાય, દાદા.

**દાદાશ્રી :** વર્લ્ડની હિસ્ટ્રી યાદ રહે છે તો આપણી હિસ્ટ્રી ના યાદ રહે ? જો કે અમારી યાદગીરી ખલાસ થઈ ગયેલી છે.

એ ધર્મમાં તો પોણોસો પાછા માગતો હતો, એ મને હજુય યાદ છે. તે આ છોકરાંઓ આપે છે ને, ત્યારે મને શરમ આવે છે, કે બળ્યું ! આ કેવા મન ને આ હૃદય કેવા ! આ લોકો કેવા મોટા મનના હોય છે ! એ જોઈને હું મારા બધા ઢંગને સમજી ગયેલો. આમ મોટું મનેય ખરું, પણ વાહવાહમાં. ગલીપચી કરનાર જોઈએ અમને. ગલીપચી કરી કે ચાલ્યું.

**પ્રશ્નકર્તા :** દાદા, એ જીવનો સ્વભાવ છે.

**દાદાશ્રી :** હા, એ પ્રકૃતિ બધી. તે વાહવાહ કેટલી બધી પ્રિય હતી મને ! પછી હિસાબ કાઢી નાખેલો બધો કે આ શું ? આ આવું કેમ બન્યું ? આવું કેમ બન્યું ? શેના આધારે આમ બન્યું ? નહોતા પૈસા ?

પૈસા તો હતા. પૈસા તો ધૂળધાણી બહુ થઈ ગયા. બહુ પૈસા આવ્યા ને પૈસા ગયાયે બહુ, પણ અપાયા નહીં. એ કહે ને, એ પેલી પ્રકૃતિ. આ બાજુનો હિસાબ લાવેલો ઓછો, ઊંધો લાવેલો.

## ખાય-પી, ખીલાઈ દે, નહીં તો બધું ધૂળધાણી

કબીર સાહેબે કહ્યું છે ને, કે તારી પાસે આ જે મિલકત હોય, તેમાં તું પહેલા ખા, પી, બ્રાન્ડી-બ્રાન્ડી નહીં, દૂધ છે, છાશ છે, એને ખાય, પી, ખીલાઈ દે. ખા, પી, ખવડાવી દે લોકોને, કર લે અપના કામ. 'ખાય-પી, ખીલાઈ દે, કર લે અપના કામ; ચલતી વખત રે નરો, સંગ ન ચલે બદામ.'

ખાય પકાય લુટાય કે, કરિ લે અપના કામ;
ચલતી બિરિયા રે નરા, સંગ ન ચલે છદામ.
- કબીરજી

માટે અહીં ખવડાવી દેજે, નહીં તો ધન તો આમાં નહીં જાય તો બીજે રસ્તે જતું રહેશે. ધનનો સ્વભાવ ચંચળ છે. બીજે રસ્તે જતું જ રહે.

મને આખી જિંદગી આ ખૂંચ્યા કરેલું, ધર્મમાં અપાય નહીં બહુ તે. બહુ ત્યારે પાંચ-દસ હજાર રૂપિયા આપ્યા હશે આખી જિંદગી થઈને ! પણ અપાય નહીં, છૂટે નહીં. લાખો રૂપિયા ગયા આમાં, ધૂળધાણીમાં ! બહુ ખૂંચ્યા કરે મહીં, કે આ કેવા પુણ્યશાળી લોકો, તે આપી શકે છે !

હમણે હીરાબા ખાતે આપવાના, તે અપાશે હવે બે લાખ મંદિરમાં. નહીં તો અપાતા ન હતા એકુંય. હવે મન મોટું થઈ ગયું. હજુ તો બીજા આવશે ને બીજા અપાયા જ કરશે પેલા સીમંધર સ્વામીના મંદિરમાં. મારે કશું આપવાનું હોય નહીં, કારણ કે મારી પાસે મિલકત જ નથી. એ હીરાબાના નામની મિલકત, હીરાબા આપે એ. અને આપીને ત્યાં જ આપવાના છે, બીજું શું કરવાનું છે ?

❖❖❖❖❖

# [૬]
# કૉર્ટ અને વકીલોના અનુભવો

## [૬.૧]
## કૉર્ટનો ભય

### સાક્ષી થવા સમન્સ આવ્યું પણ કૉર્ટનો ભય લાગે

**પ્રશ્નકર્તા :** દાદા, તમે એક વાર વાત કરેલી કે તમને પહેલા કૉર્ટનો બહુ ભય લાગતો હતો, તેની વાત કરો ને !

**દાદાશ્રી :** મારી સત્યાવીસ-અઠ્યાવીસની ઉંમર ને એક માણસે છે તે મારી ઉપર સમન્સ કઢાવેલો. સાક્ષી પૂરવા માટે, કે તમે જાણો છો તેથી. મેં કહ્યું, 'અલ્યા ભઈ, મને કૉર્ટમાં નથી ફાવતું, ના કઢાવીશ. મને સાક્ષી તરીકે ફાવતું નથી, મને તું અમથું બોલાવીશ નહીં. માથાકૂટ ના કરાવીશ.' પણ એ જાણે કે મારે કામના છે, એટલે કઢાવી નાખ્યું એણે. હવે સમન્સમાં ના જઈએ તો પછી પાછો પેલો પકડી મંગાવે. હવે મને તો મહીં કૉર્ટમાં પેસવું જ ભય લાગે. કારણ કે એની પર ચીડ હતી. કૉર્ટ ઉપર ચીડ એટલે ભય પેસી ગયેલો.

ન્યાયમંદિર ઉપર એટલી બધી ચીડ, નાનપણમાં. ગમે એવા પૈસા કોઈની પાસે માગતો હોય તો છોડી દઉં. એ ત્યાં આગળ દાવો માંડવાની વાત નહીં. પણ તેનો અર્થ એ થયો કે મને ન્યાયમંદિર ઉપર ભય પેઠો.

તે એક ફેરો સાક્ષી પૂરવા જવાનું થયું તો મનમાં ગભરામણ થઈ. મને તો ન્યાયમંદિર જોઉં ને મહીં ચમકારા થાય. બહુ તિરસ્કાર આ બધા પર ! કૉર્ટો ઉપર, વકીલો ઉપર, એ બધા ઉપર તિરસ્કાર બહુ, ત્યારે નાની ઉંમર ને ! અને બહુ તિરસ્કાર ત્યાં આગળ ભય લાગે. કૉર્ટમાં પેસવાનો જ મને ભય લાગે. અને તે દહાડે જ્ઞાન થયેલું નહીં. એટલે હવે શો નિવેડો કરવો ? એટલે પછી હું ના ગયો તે તારીખે. એટલે પછી પેલા જજે શું કહ્યું ? 'વૉરન્ટ કાઢીશ તમારી ઉપર, જો નહીં આવો તો.' કારણ કે આપણો કંઈ ગુનો નહોતો, પણ સાક્ષી તરીકે જો કૉર્ટનું માન્ય ના કરીએ, તો કૉર્ટનો તિરસ્કાર કર્યા જેવું થાય. એટલે આપણે જવું પડે.

## લોકોને કહેતો કે કૉર્ટમાં લડો ને મને ભય લાગે

તે હું તો એક ફેરો ના ગયો, મહીં ભયને લીધે. તો ફરી પેલાએ કહેવડાવ્યું કે 'ભઈ, આ તો સમન્સ કાઢશે ! પછી પકડીને લઈ જશે એના કરતા જઈ આવો ને !' તે પરાણે ગયો, તે પછી મહીં પેસતા મહીંથી આ ફટાકા મારવા માંડ્યા ! હવે હું કો'કને કહું, કે 'આ તો મને નથી ફાવતું.' તો મને કહે, 'કેવા નબળા માણસ છો ?' એવું જ કહે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તે દહાડે આ જ્ઞાન નહીં થયેલું. પણ ત્યાં તો એ સાક્ષી આપવા જવાનું ને આ વકીલ શું કહે, કે 'આ કેવા માણસ કે અત્યાર સુધી કન્ટ્રાક્ટનો ધંધો કરો છો ને, આ આવડા મોટા કોન્ટ્રાક્ટર થઈને આવા નબળા કેવા માણસ !' હવે લોકોને હું કહેતો'તો કે કશું ભય ના રાખશો, કૉર્ટમાં લડો અને મારાથી જવાય નહીં. એટલે પછી મેં વિચાર કર્યો, 'આ કેમ ભય લાગે છે ? સાલું કંઈ સમજાતું નથી !'

## નામ છે ન્યાયમંદિર ને મને ભય કેમ લાગે છે ?

પછી મેં શોધખોળ કરી, મેં વિચાર્યું, 'આ શું કારણ ? આ લોકોને કશું ભડકાટ નથી દેખાતો ને મને કેમ આમ થાય છે ? આ મને થવાનું કારણ શું છે ? મારામાં એવી શું ખામી છે કે આ મને ભડકાટ થાય છે ?'

ત્યાં એવું પૃથક્કરણ કર્યું. આનું નામ ન્યાયમંદિર છે ને બીક કેમ લાગે છે આમાં ? આ કંઈ ન્યાયમંદિર કોઈને ખઈ જતું નથી, કશું છે નહીં. તો પછી કેમ આ ભય લાગે છે ? શું કારણ છે ? પછી શોધખોળ કરતા કરતા ખબર પડી કે મેં તિરસ્કાર બહુ કર્યા છે, તેનું છે આ. ન્યાયમંદિરે કોઈ દહાડો આવવા જેવું નથી. સાલું, આ તો કકળાટનું ઘર ને અહીંયા આવવું જ ના જોઈએ. ન્યાયમંદિર ખોટું છે. આ ન્યાયમંદિરમાં વઢવાડો, ઝઘડાઓ ખોટા છે. વકીલો ખરાબ માણસો, ફલાણા ખરાબ માણસો, તે એની ઉપર તિરસ્કાર બહુ છીટ્ છીટ્ કર્યા. જ્યાં તિરસ્કાર ત્યાં ભય લાગે. એટલે બધી બહુ તપાસ કરી ત્યારે જડ્યું, કે એની પર ચીડ છે માટે લાગે છે. જેની ઉપર ચીડ એનો ભય લાગે.

## ના ગમતાથી ચીડ સુધીના શબ્દો ભયને લાવનારા

ચીઢ ચઢે ત્યાં ભય લાગે, એવું તને સમજાય ખરું આ ? મારું વાક્ય તને સમજાય ? મારું વાક્ય સમજતા બહુ વાર લાગે, નહીં ?

**પ્રશ્નકર્તા :** સમજ પાડો તો સમજણ પડી જાય.

**દાદાશ્રી :** ના. ના. એ તો પોતે પોતાની મેળે જ માપ કાઢી જુએ કે ફલાણા-ફલાણા જોડે મને ચીઢ ચઢે છે, ત્યારે શું થાય છે તે ?

**પ્રશ્નકર્તા :** ચીઢથી અભાવ ઉત્પન્ન ન થાય ?

**દાદાશ્રી :** અભાવ થયો તેથી ચીઢ ઊભી થાય. ચીઢથી ભય લાગે. માટે અભાવ કોઈની પર રાખવો જ નહીં ! અભાવ આવે ત્યાં ગોઠવીને ફેરવી નાખવું.

**પ્રશ્નકર્તા :** ચીઢ ચઢે ત્યાં તિરસ્કાર ઊભો થાય, એમાં ભીતિ (ભય) ક્યાં આવી ?

**દાદાશ્રી :** એ તિરસ્કાર ત્યાં જ ભય હોય. ચીઢ ત્યાં તિરસ્કાર ને તિરસ્કાર ત્યાં ભય. તમને ધંધા ઉપર જો તિરસ્કાર આવી ગયો, તો પછી તમને ભય લાગ્યા કરશે, ત્યાં જવાનો જ ભય લાગ્યા કરશે.

**પ્રશ્નકર્તા :** તો ચીઢ ચઢે તો ઉગ્રતા કેમ ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** એ ચીઢ ચઢે ને પછી બધી નબળાઈઓ ઊભી થાય. એ બધી ભયની નિશાનીઓ. ઉગ્રતા થવી એ ભય લાગ્યાની નિશાની ! આપણે ના સમજીએ, કે ભઈને ભય લાગ્યો છે તેથી ચિઢાયો હવે !

આ તો મારી બહુ વર્ષો પરની શોધખોળ. પોલીસવાળા પર ચીઢ બહુ, તે મને ભય લાગ્યા કરે. મેં કહ્યું, 'કારણ શું છે સાલું ? આપણા જેવા માણસ જ છે ને !' પછી ચીઢ કાઢી નાખી, તે ભય જતો રહ્યો.

અરે, વાઈફ ઉપરેય જો કદી છ મહિના-બાર મહિના ચીઢ રહ્યા કરે ને, તો વાઈફનોય ભય લાગે એવું આ તો ! ચીઢ છે ત્યાં ભય. સાપ જોડે ચીઢ, ગરોળી પર ચીઢ. ગરોળી પર જો ચીઢ ચઢી હોય ને, તો ભય લાગશે અને ચીઢ ના ચઢી હોય તો ભય નહીં લાગે.

**પ્રશ્નકર્તા :** ચીઢને લીધે ભય લાગે છે કે ભયને લીધે ચીઢ ચઢે છે ?

**દાદાશ્રી :** ના, ચીઢને લીધે ભય છે. ભય તો હતો જ નહીં ને, એ વાઈફનો ભય કંઈ હોતો હશે ? અરે, આ પોલીસવાળાનો કંઈ ભય હોતો હશે ? એ ચીઢ છે માટે ભય લાગે છે. ગોદડા ઉપર ચીઢ ચઢી હોય તોયે તમને ગોદડાનો ભય લાગે.

**પ્રશ્નકર્તા :** ચીડથી ભય કેવી રીતે ઉત્પન્ન થાય ? ચીડ કોઈ વસ્તુ ઉપર હોય, એમાંથી ભય કેવી રીતે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** જ્યાં ચીડ ત્યાં ભય. તમને તમારા બા ઉપર ચીડ હોય તો તમને એમનો ભય લાગે.

**પ્રશ્નકર્તા :** હા, ભય લાગે, બરોબર છે.

**દાદાશ્રી :** ચીડ ત્યાં ભય. ચીડ એટલે ના ગમતાથી માંડીને ચીડ સુધીના બધા શબ્દો. ના ગમતાથી માંડીને એ બધાય શબ્દો એ ભયને લાવનારા છે. આવી મારી શોધખોળ. કેવી સરસ શોધખોળ ! આ દુનિયામાં જ્યાં જ્યાં ના ગમતું હોય ને, ત્યાં એનો ભય લાગે. અને જે ગમતું હોય, ત્યાં બીક છૂટી જ જાય. એટલે પછી મેં એમ ફેરવ ફેરવ

કર્યું, ન્યાયમંદિર એ આમ છે, તેમ છે, ન્યાયનું મંદિર છે, કોઈને ખઈ જાય નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, મંદિર તો ખરું જ, ન્યાયમંદિર તો ખરું જ ને ?

**દાદાશ્રી :** હા, નહીં તો એ ભય શાનો ? આ પોલીસવાળાનો ક્યાં સુધી મને નાનપણમાં ભય લાગતો'તો ? જ્યાં સુધી મને લાગ્યું કે 'આ ખરાબ છે' ત્યાં સુધી. કોઈ ખરાબ છે એવું માન્યું ત્યાંથી ભય પેઠો. ઘણાં માણસો, 'એય ગિલોડી આવી, ગિલોડી આવી, ગિલોડી' એને જે ભય પેસી ગયો હોય ને, તે જ્યાં જાય ત્યાં એને ગિલોડી જ દેખાય. મેર ચક્કર, એ ગિલોડી શું ખોટી છે ? ગિલોડી સારી ઊલટી. આવો આવો તે નકામો ભય છે એ તો. એક માણસ તો અડધા કલાક સુધી સંડાસ ના ગયો. મેં કહ્યું, 'કેમ તમે બેસી રહ્યા છો ?' જઈને પાછા આવ્યા બે વખત. તે કહે, 'મહીં ગિલોડી છે, તે ખસતી નથી.' હવે લે !

**પ્રશ્નકર્તા :** હા, દાદા, આ બહુ ખરું છે.

**દાદાશ્રી :** મેં વટાવેલું આ બધું. આ બધા ભયને વટાવી વટાવીને હું આગળ ચાલ્યો છું.

## પહેલા તિરસ્કાર, પછી ભય

જેને જ્યાં પ્રેમ હોય, તેનો ભય લાગે ?

**પ્રશ્નકર્તા :** ના, ન લાગે, બિલકુલ ન લાગે.

**દાદાશ્રી :** તે કેટલાય ચૌદશિયા હોય છે ને, એ તો ત્યાં જઈને બેસી રહે ત્યારે જ એને મજા આવે ! એને ત્યાં પ્રેમ. અને ત્યાં જઈને ચા-બા પીશું, નિરાંતે ગપ્પાં મારીશું. અને ત્યાં કંઈ કોઈ ખઈ જાય છે ? એ તો જજનેય એની વહુ વઢતી હોય ઘેર. પણ ઉંમર નાનીને એટલે મનમાં એમ લાગે કે આ જજ શું કરી નાખે ને ફલાણું કરે, ને પોલીસવાળાનાય ભડકાટ હતા પહેલા તો. એટલે પછી શોધખોળ કરેલી કે જ્યાં આગળ તિરસ્કાર ત્યાં ભય. એ શોધખોળ અમારી બહુ સરસ રહી પછી. ભય લાગવાનું કારણ જ તિરસ્કાર. જો પોલીસવાળાને જ્યાં ને ત્યાં તમે

તિરસ્કારની દૃષ્ટિથી જુઓ ને, તો પોલીસવાળો દેખશો તો ભય લાગશે તમને. આ વાઘ-સિંહની શાથી બીક લાગે છે આપણને ? તિરસ્કારને લઈને. સાપની બીક શાથી ? એ દૃષ્ટિથી જોઈએ એટલે, તિરસ્કારને લઈને. ઘરમાં તિરસ્કાર થયો કે એનો ભય લાગશે. તારે અનુભવ થઈ ગયેલો, નહીં ? કોનો કોનો ભય લાગતો હતો તને ?

**પ્રશ્નકર્તા :** પ્રિન્સિપાલ હોય ને, તેનો. પછી જે લોકો આપણા શેઠિયા તરીકે બેસેલા હોય ને, જે આપણને કમાન્ડ કરતા હોય ને, એ લોકોનો ભય લાગે. જે લોકો મને કાબૂમાં લાવવા માગતા હોય ને, તે લોકોનો ભય લાગે. કારણ કે એ લોકોની સાથે મને તિરસ્કાર હતો એમ.

**દાદાશ્રી :** આ ચોર લોકોનો તમને તિરસ્કાર ખરો ને, તે ભય લાગ્યા કરે. જેનો તિરસ્કાર એનો ભય.

તમે કહો, કે 'આ માણસ નાલાયક છે અને લુચ્ચો છે', ત્યાંથી તમને એનો ભય પેસશે.

**પ્રશ્નકર્તા :** દાદા, એવું ના હોઈ શકે કે ભય હતો એટલે તિરસ્કાર પેદા થયો ?

**દાદાશ્રી :** ના, ના.

**પ્રશ્નકર્તા :** મૂળ તિરસ્કાર છે ?

**દાદાશ્રી :** મૂળ તિરસ્કાર, તમારો તિરસ્કાર જ છે. આ કૉર્ટમાં લોકોને ભય નથી લાગતો, વકીલોને નથી લાગતો. ત્યાં બીજા લોકો તો રોફથી ચા-પાણી પીવે છે, મજા કરે છે, પણ હું એવો કેવો ગાંડો કે મને ભય લાગે છે !

એ તો કૉર્ટમાં પેસતા જ મને બીક લાગતી'તી. આમ આમ આમ થાય, ફટાકા મારે. પછી જ્યારે શોધખોળ કરી, કે કૉર્ટ એ તો ન્યાયમંદિર જેવું, અને તમને જ કેમ ભય લાગે છે ? ત્યારે ખબર પડી, કે 'આ ખરાબ છે, ખરાબ છે, ખરાબ છે, આ ના હોવું જોઈએ, આમાં ના જવાય', એ કર્યું તેનો ભો આપણને પેસી ગયો.

## તિરસ્કાર ઓગાળવાથી છૂટે કલ્પિત ભય

પોલીસવાળા જોડે તમને તિરસ્કાર હોય તો પોલીસવાળાનો ભય લાગે. બઈ જોડે તિરસ્કાર ઊભો થયો હોય તો બઈનો ભય લાગે. એટલે તિરસ્કાર માત્ર ડિઝોલ્વ કરી નાખો કે ભય ઊડી જશે.

**પ્રશ્નકર્તા :** દાદા, એ તિરસ્કાર ડિઝોલ્વ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** ઓહોહો, ન્યાયમંદિર આવું ! ન્યાયનું મંદિર આવું ! તે મેં આવી ભૂલ કરી, એનો પશ્ચાત્તાપ કરું છું. એટલે તિરસ્કાર ડિઝોલ્વ થઈ જાય. આ રીતે કરી નાખેલો મેં. પછી ન્યાયમંદિરમાં જવાનો મને કશો ભય લાગ્યો નહીં. આ શોધખોળ કરી કે આ તિરસ્કારથી જ ભય ઊભા થાય છે. જેટલા પ્રકારના ભય છે એ તિરસ્કારથી ભય ઊભા થાય છે. આમને શેની ઉપર તિરસ્કાર છે ? મરણ ઉપર તિરસ્કાર છે. કેવું ?

**પ્રશ્નકર્તા :** મરણ ઉપર.

**દાદાશ્રી :** તેથી ભય લાગે ને, પ્લેનમાં બેસવાનો.

**પ્રશ્નકર્તા :** હં, મરણનો ભય.

**દાદાશ્રી :** તિરસ્કારેય નહીં, જે વખતે જે બન્યું એ કરેક્ટ. કારણ કે આપણે ક્યાં મરવાના છીએ ? દાદા મરવાના નથી, આપણે મરવાના નથી. આ તો કપડાં ફાટી જાય તે કાઢી નાખે, એમાં શું થયું, કંઈ બગડી ગયું ? ફાટેલા કપડાં ના કાઢવા પડે ? એવા ને એવા રખાય ? રહેવા દેવાય ? અને પ્લેન પડી જાય એટલો ભય લાગે છે, એ માણસની જો જાગૃતિ હોય તો આ દુનિયામાં એક સેકન્ડ પણ એવી નથી કે જે ભયવાળી ના હોય. ભય વગરની જગ્યા હોય ? એટલે અમને તો બધું નિરંતર ભયવાળું લાગેલું જગત, એટલે આ છૂટી ગયેલું પછી. ભય લાગે તો છૂટે આમાંથી.

**પ્રશ્નકર્તા :** દાદા, કૃતક (માની લીધેલો) ભય હોઈ શકે, મિથ્યા ભય ? ખોટો ભય હોઈ શકે ? કારણ કે જો સાચો ભય લાગે તો છૂટી જાય પણ ખોટો-ખોટો ભય લાગે તો ?

**દાદાશ્રી :** ના, આ બધા ખોટા જ ભય છે. સાચા ભય જ નહોય આ. ખોટા, કલ્પિત ભય છે આ બધા. આ જેટલા ભય છે ને, એ બધા કલ્પિત ભય છે. સાચો ભય હોય નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, એ ભયના વિચારની ગ્રંથિઓ હોય ?

**દાદાશ્રી :** હા, એ ગ્રંથિ ક્યારે થાય કે એકની એક વસ્તુ પર બહુ વિચાર કર કર કર્યા કરીએ ને, એટલે ગાંઠ બંધાય.

**પ્રશ્નકર્તા :** પણ એ પહેલાની હોય કે હમણાં બાંધીએ ?

**દાદાશ્રી :** મૂળ હોય ને, નહીં તો નવીય પાડે. હવે વિચારવાનું રહ્યું જ નહીં ને આપણે, એટલે બંધાય નહીં નવી. જૂની ગાંઠો હોય.

## કહેવું, આફ્ટર ઑલ હી ઈઝ એ ગુડ મેન

**પ્રશ્નકર્તા :** કોઈ વ્યક્તિનો ભય લાગતો હોય ત્યાં શું કરવું ?

**દાદાશ્રી :** આફ્ટર ઑલ, હી ઈઝ એ ગુડ મેન, કહેવું. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** આફ્ટર ઑલ, હી ઈઝ એ ગુડ મેન.

**દાદાશ્રી :** એ ગમે એટલો ખરાબ હોય, આફ્ટર ઑલ, હી ઈઝ એ ગુડ મેન. એ વાક્ય આપણને શું કરે ? આપણને એના તરફ અભાવ ના કરવા દે. નહીં તો આપણે હઉ તણાઈ જઈએ, અભાવ થઈ જાય એટલે. અને જેનો અભાવ થાય એનો ભય લાગે દુનિયામાં. ભય કોનો લાગે ? જેનો અભાવ થાય તેનો. જે માણસ ઉપર તમને અભાવ પેઠો, એ અભાવ વધતો વધતો ગયો તે એ માણસને દેખો ને, તમને મહીં છેહકા (ઘા) લાગ્યા કરે, ધ્રાસકો પડે. તેથી અમે અભાવ કોઈની ઉપર ના રાખીએ. એ તો ઊલટું ભયકારક. પોલીસનો ભય શાથી લાગે છે ? અભાવ છે તેથી. એને દેખતા જ, 'એય પોલીસવાળા, એય પોલીસવાળા ખરાબ, ખરાબ, ખરાબ.' અનુભવ થયેલો કોઈ દહાડો, આવું અભાવ થાય ત્યાં ભય લાગે એવું ?

**પ્રશ્નકર્તા :** બિલકુલ ખરી વાત છે, કરેક્ટ વાત છે. અને પોલીસવાળા જોડે જ વળી !

**દાદાશ્રી :** એટલે આપણે કહેવું કે ‘આફ્ટર ઑલ, હી ઈઝ એ ગુડ મેન.’

## ક્યા શાસ્ત્રમાં મળે આવું પ્રેક્ટિકલ જ્ઞાન ?

આ દુનિયામાં ભય શેને લઈને છે ? આ ‘ખરાબ’ કહ્યું કે ભય, ‘ખોટો’ કહ્યો કે ભય. કારણ કે એના તરફ પછી અભાવ થતો જાય છે. એ વધતો વધતો બહુ ભય લાગે પછી તો. ખૂબ જ ભય લાગે એ માણસને. જેની ઉપર બહુ અભાવ હોય ને, એ આવતા પહેલા તો ખૂબ જ ભય લાગ્યા કરે.

તમને અનુભવ નહીં હોય. તમને કોની ઉપર અભાવ થાય ?

**પ્રશ્નકર્તા :** થાય દાદા, બધા ઉપર. આ એ જ દુનિયાના રમકડાં ને, અમે.

**દાદાશ્રી :** એમ ! થાય ખરું. હવે આ ભયનું બીજ શું છે, શું કારણ છે, એ લોકો ક્યાં જાણે ?

**પ્રશ્નકર્તા :** ના જાણે કોઈ. આ કયા શાસ્ત્રમાં છે ? એકુંય શાસ્ત્રમાં નથી આ. ક્યાંય મળે નહીં તમને.

**દાદાશ્રી :** હવે આપણે એક જ વાત કરવી, ‘આફ્ટર ઑલ, હી ઈઝ એ ગુડ મેન.’ શું કહ્યું ? વાક્ય સારું છે અંગ્રેજીમાં ?

**પ્રશ્નકર્તા :** બહુ સારું છે.

**દાદાશ્રી :** એનો અર્થ શો થાય ?

**પ્રશ્નકર્તા :** બધું બાદ કરવાનું, આ સારો છે, એટલું મનમાં યાદ રાખવાનું.

**દાદાશ્રી :** હા. બીજું ગમે તે હોય, આપણે આ યાદ રાખવાનું.

**પ્રશ્નકર્તા :** એનું બીજું બધું જોવાનું નહીં.

**દાદાશ્રી :** જોવાનું કે નહીં એ બોલતા નથી આપણે. પણ બધું ગમે એટલું હોય છતાંય ‘આફ્ટર ઑલ, હી ઈઝ એ ગુડ મેન.’ એટલે આપણે

ભય રહ્યો નહીં. તે નટુભાઈ ઝાલી પડ્યા છે. તે બધે ગા ગા કર્યા કરે છે, 'દાદાએ કેવું વાક્ય કહ્યું, દાદાએ કેવું કહ્યું !'

## સામે પ્રતિભાવ મૂક્વાથી ભય છૂટી ગયો

તમને પોલીસવાળાનો ભય ક્યાં સુધી લાગે ? તમે એને ખરાબ ખરાબ કરો છો ત્યાં સુધી.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** 'બહુ સારા છે, સારા છે, સારા છે' બોલો તો ના લાગે. પાંચ હજાર વખત તમે ખરાબ બોલ્યા હોય ને, તો પાંચ હજાર વખત સારા, સારા બોલો તો એ ઊડી જાય. આ ખરાબ બોલ્યા તેનું મહીં સિલક છે અને તેનો ભય છે. બીજું કશું છે નહીં આ તો. નાનપણમાં અમે આ શોધખોળ કરેલી. એને 'સારો, સારો' કરીએ એટલે પછી ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** બહુ મોટો સિદ્ધાંત છે. જે ભાવ ચાલતો હોય એનાથી પ્રતિભાવમાં ઊતરો એટલે...

**દાદાશ્રી :** ઊડી જાય પછી. અમને તો કૉર્ટમાં જતા જ તે ગભરામણ થતી'તી. પસીનો છૂટી ગયો'તો અમનેય. કારણ કે તિરસ્કાર, તિરસ્કાર. અલ્યા, ન્યાયમંદિર માટે તિરસ્કાર શાનો તે ? ત્યારે કહે, 'જૂઠા લોકો, બધા વકીલો જૂઠા, લબાડ બધા.' તે આ ના હોવું જોઈએ. એટલે પછી એનો જ પ્રતિભાવ મૂક્યો. વકીલો સારા-ડાહ્યા માણસો હોય છે. જજો કેવા સરસ હોય છે ! અને એ ન્યાયમંદિર છે. બધા લોકોને તો પોસાય છે, તમને કેમ નથી પોસાતું ? અને પછી એમેય કહેલું, દાનત ચોર છે તમારી.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એમેય કહેલું કે દાનત ચોર છે. હું જાણું કે આ ભાવ મૂકીશ એટલે ભય છૂટી જશે. એટલે પછી મેં દસ-પંદર દહાડા સુધી 'કૉર્ટ બહુ સારી છે, કૉર્ટ સારામાં સારી છે, એ ન્યાયમંદિર છે. ન્યાયમંદિર તો બહુ સારું, જજો સારા, વકીલો સારા.' બધા ભાવ આમ-તેમ ફેરવ્યા, અને પછી ત્યાં અમથું અમથું આવ-જા કર્યું. તે પછી ભય છૂટી ગયો.

## પોતે ગૂંચાય અને પોતે કરે શોધખોળ

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે એ વખતે તમે જાણીને ત્યાં જરૂર જાવ એમ કરો ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** ન જવું હોય તોય જાવ, એમ ?

**દાદાશ્રી :** ના, ના. અમથો અમથો ફરી આવું, જરા જોઈ આવું. કંઈ લેવાદેવા વગર અમથો ફરી આવું. 'કેવું સરસ છે ! આ વકીલો જુઓ ને...' વકીલના રૂમમાં બધા બેઠા હોય. કોઈ વકીલ ઓળખાણવાળો મળે તો કહે, 'અરે, આવો આવો, તમે ઘણે દહાડે આવ્યા છો ! કંઈ સાક્ષી પુરાવો છો ?' મેં કહ્યું, 'ના, બા. કશું છે નહીં. ખાલી જોવા આવ્યો છું.' જેથી ભય છૂટી જાય. નહીં તો નકામો ભય લાગ્યા કરે, વગર કામનો. હવે આપણે એને સાક્ષી આપવા જવાનું છે, એમાં આટલો બધો ભય ! 'તને નહીં લેવા, નહીં દેવા.' પણ એને ભય પેસી ગયો છે તે શું થાય તે ? અને પાંજરામાં પેસતા તો ફટાકા મારે.

**પ્રશ્નકર્તા :** દાદા, મુંબઈમાં વાંદાનો ભય બહુ લાગે બધાને. જરાક વાંદો આવ્યો...

**દાદાશ્રી :** હા, તે વાંદાનો ભય બહુ લાગે. એવું છે ને, આ વાઘ, સિંહ એ બધું 'આ મને નુકસાનકર્તા છે અને મારી નાખનારા છે ને', એવો ભય પેસી ગયો છે. એને લીધે ભય લાગે. ભય રાખવાની કોઈ જરૂર નથી. ભય રાખનારા આ દુનિયામાં વહેલા મરી ગયેલા. મરણકાળ પહેલા મરી ગયેલા. 'મરી ગયો, મરી ગયો બાપ, મરી ગયો.' અલ્યા, જીવું છું ને મરી ગયો, બોલું છું ? બે જોડે ? એટ એ ટાઈમ !

આ મારી શોધખોળ ! મને કોઈ ગુરુ મળ્યો નહીં. પણ આ જાતની શોધખોળ, પોતે ગૂંચાય ને પોતે ખોળે, પોતે ગૂંચાય ને પોતે ખોળે. એટલે આ દાખલા આપી શકું છું બધા. અત્યાર સુધીમાં જે દાખલા છે ને, તે મારા અનુભવના દાખલા છે અને હેલ્પફુલ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા, બહુ હેલ્પફુલ. આ ડિસ્ચાર્જ જલદી થવા માંડે.

**દાદાશ્રી :** હા, બરોબર, હેલ્પફુલ.

## પ્રકૃતિને હજુય ગમે નહીં પણ આમ ફેરવીને ઉકેલ લાવે

આ શોધખોળ છે તેને લઈને ભાંગી નાખેલું મેં આ. ભય ભાંગી નાખેલો. જ્ઞાન નહોતું થયું ત્યારે નિર્ભય બનવા માટે થોડું કંઈ સાધન કરવું પડે ને ? અને શેનાથી ભય ઉત્પન્ન થાય એ શોધખોળ કરેલી. લોકોના ખ્યાલમાં નથી એ. હું તો ના ગમતું હોય એને ગમતું કરી નાખું. એટલે ચીડ જતી રહે પછી. અને અત્યારેય કૉર્ટ-બૉર્ટમાં જવાનું ના ગમે, પહેલેથી જ ના ગમે. અમથું એ વાત કોઈ કરે ને, તો અત્યારેય ગમે નહીં મહીં. પણ પછી તરત ફેરવીએ. મહીં પ્રકૃતિ તો એવી જ લાવેલા. તે ફેરવીએ એને. બહુ સારું છે, બહુ સારું છે, ન્યાયમંદિર છે, આ મંદિર બહુ સારું, બહુ સારું, એવું બોલીએ ને, એટલે...

**પ્રશ્નકર્તા :** નીકળી જાય પેલું.

**દાદાશ્રી :** હપૂચું નીકળી જાય. 'આ મારા ભાભી ખરાબ છે, ખરાબ છે' એમ કર કર કરે ને, તે એમને દેખે ત્યાં ભય લાગે ને ઊલટો મહીં ધ્રાસકો પડે, કે શું બોલશે, શું નહીં ? 'બહુ સારા છે, બહુ સારા છે' બોલીએ એટલે ના થાય. તું અખતરો કરી જોજે ને ! આ તો ઔપચારિક રસ્તો. બીજું, સંપૂર્ણ ભય તો ક્યારે જાય ? ક્રોધ-માન-માયા-લોભ ને એ બધું જાય ત્યારે. નહીં તો ઔપચારિક તો આ હોય જ. તે ઔપચારિક બતાવી દઉં હું. તમને અત્યારે ચાલચીલું (હાલ પૂરતું) કામ લાગી જાય.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, બહુ કામનું. આની બહુ જરૂર પડે છે.

**દાદાશ્રી :** હા, બહુ જરૂર પડે.

❖❖❖❖❖

## [૬.૨]
# વકીલ પાસે પોપટ જેવા થઈને થયા એડજસ્ટ

### બુદ્ધિપૂર્વક આપી સાક્ષી કે મોટા વકીલેય મહાત

**પ્રશ્નકર્તા :** દાદા, તમને કૉર્ટનો ભય તો જતો રહ્યો પણ પછી પેલા કેસમાં સાક્ષી આપવાની હતી, એનું શું થયું?

**દાદાશ્રી :** આમ તો કૃપાળુદેવનો ભક્ત, કંઈ જેવો તેવો માણસ ? પછી સાક્ષી એવી આપી, તે સામાના વકીલે જજને કહ્યું, 'સાહેબ, આ સાક્ષી બહુ બુદ્ધિશાળી છે.' મોટા વકીલ હતા તે પૂછતા'તા. કેવું બોલે ? વાંકું. તે વાંકું પૂછે એને શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ક્રૉસ એક્ઝામિનેશન.

**દાદાશ્રી :** ક્રૉસ, ક્રૉસ. પેલા પક્ષના મોટા વકીલ હતા, તે ક્રૉસ કરતા'તા અને હું જવાબ આપતો હતો. તે પછી મોટા વકીલે જજ સાહેબને શું કહ્યું ? કે 'સાહેબ, આ સાક્ષી છે તે બહુ બુદ્ધિપૂર્વક વાતો કરે છે અને ખોટું જ બોલે છે.' એટલે જજે કહ્યું, 'એ ખોટું બોલે છે, એવું શા આધારે તમે કહો છો ?' ત્યારે કહે, 'બહુ બુદ્ધિશાળી છે આ માણસ ! તે બુદ્ધિથી આ વાતો કરે છે બધી.' તે જજ પછી મૌન રહ્યા કે આવું શું બોલો છો ? પણ પેલા વકીલે તો આવીય દલીલ કરવા માંડેલી. તે જજ મૌન રહ્યા. તે બુદ્ધિથી વાત ના કરે તો શેનાથી કરે પણ, મનથી વાત કરે ? ના પણ પેલાનું તોડી નાખ્યું બધું. જેમ છે એમ ફેક્ટ જ ગોઠવીને પણ જરાય

બગડ્યા સિવાય ગોઠવીને કહી દીધું. જેમ છે એમ. આપણે જે જાણતા હોય સાક્ષી તરીકે, એ બધું જ કહી દીધું અને ગોઠવણી કરીને કહ્યું. તે પેલાએ બુદ્ધિ શાથી કહી ? પેલા કાયદામાં આવી જાય એટલા માટે. એ પેલાને કાયદામાં ના આવે એવું બોલાવવું'તું મારી પાસે. તે સાહેબને વિનંતી કરવા માંડ્યા, 'સાહેબ, આ સાક્ષી બહુ ઈન્ટેલિજન્ટ માણસ છે અને બુદ્ધિથી જવાબ આપે છે બધા.' પણ સાહેબે ગણકાર્યું નહીં. આવું હઉ બોલે જજને. તે મને જુએ ને આમ ચિઢાય.

## વકીલ કહે કે જૂઠું બોલવું પડશે, તે થયું પઝલ

પછી ફરી નથી ગયો ત્યાં. આ આપણું કામ નહીં. મેં તો પેલાને ના કહ્યું, મેં કહ્યું, 'મને નહીં આવડે ત્યાં સાક્ષી પૂરવાનું.' સાક્ષી થતા આવડે નહીં. આ ધંધો આપણો નહીં. અને પાછું આ સાક્ષી આપવાની'તી ત્યારે અમારા વકીલ કહે છે, 'આ હું તમને કહું એવું બોલવાનું તમારે. આવું બોલવું પડશે, ખોટું બોલવું પડશે.' ત્યારે તે દહાડે મને જ્ઞાન થયેલું નહીં, એટલે જરાક મનમાં એમ થયું કે આપણે તો ખોટું બોલાય કેમ કરીને ? એ કહે છે, 'આવું બોલવું પડશે.' મેં કહ્યું, 'એ તો મારાથી નહીં બોલાય. એ તો મને નહીં ફાવે. આવું આ પ્રમાણે મેં જોયું છે ને તમે કહો છો કે આવું બોલવું પડશે, એ કેમ ફાવે તે ?'

પછી વકીલ તો ભડક્યા કે 'આ તો તમે આખો કેસ બગાડી નાખશો !' કહે છે, 'હું બોલું એટલું જ તમારે બોલવું પડે.' મેં કહ્યું, 'આ તો પણ વાત જૂઠી છે. આ તમે કહો છો એવું નથી, આમ છે.' ત્યારે કહે, 'આમાં સત્-બત્ ના ચાલે, આ તો કૉર્ટ છે.' એટલે પછી મને મનમાં એમ થયું કે આ સાલું કઈ જાતનું પઝલ ? કેવી રીતે આ ઉકેલવું ? તે હું ગૂંચાયો. આ કઈ જાતનું, જૂઠું બોલાવડાવે છે ને તેય જબરજસ્તીથી ! હારું આય એક દબાણ છે.

મેં કહ્યું, 'ના, ભાઈ, હું જાણું છું એટલું બોલીશ. હું કંઈ તમારું કહેલું બોલવાનો નથી.' ત્યારે કહે, 'તો મને વકીલ શું કરવા કર્યો ? મારી આબરૂ બગાડો છો તમે બધા ભેગા થઈને. મને આમાં નાખવો જ

નહોતો આ કેસમાં. આ મારા અસીલે તમને સાક્ષી રાખ્યા, એ તમે બેઉ ખોટા છો. તો તમે મને શું કરવા રાખ્યો ?' મેં કહ્યું, ''સાહેબ, હું ક્યાં કરવા આવ્યો'તો, આ તો મારા સગાંવહાલાંએ તમને ગોઠવી આપ્યું !'' વકીલ બહુ સીધો માણસ, તે કહે છે, 'આવું અંબાલાલભઈ ! તમે આવું કરો છો ? પોતાના વિરુદ્ધમાં થાય એવું ?' મેં કહ્યું, 'હું વિરુદ્ધ નથી, પણ મેં જોયું એટલું કહીશ.'

ત્યારે કહે, 'મને આ ક્યાં તમારામાં ઊભો રાખ્યો ? હું ખોટો દેખાઉં. મારી આબરૂ જાય આમાં ઊલટી. આવા મળે સાક્ષી, તો અમારો તો આખો કેસ ઊડી જાય.' મેં કહ્યું, 'સાહેબ, તમારી શી રીતે આબરૂ જાય ? આબરૂ તો અમારી જાય ! પૈસા અમારા જાય, બીજું નામ અમારું ખરાબ થાય.' એ કહે, 'આબરૂ અમારી જાય છે, તમારી ના જાય !' મેં કહ્યું, 'આ વેશ ક્યાં થયો ?' પાછી એની આબરૂ જાય ને ! આમાં તો કેસ અમારો ને એની આબરૂ જાય, તે શી રીતે જવા દેવી ? 'આ અસીલે મને ક્યાં વકીલ કર્યો ? આ તો બળ્યું આબરૂ બગાડી મારી તો, ધૂળધાણી કરી નાખી મારી આબરૂ', કહે છે. મેં કહ્યું, 'સાહેબ, એમાં તમારી આબરૂ શાની ધૂળધાણી થાય ?' ત્યારે કહે, 'ના, ના, હું પછી આ કેસ હારી જઉં અને મારે જોખમ આવી પડે. બહાર કીર્તિ મારી અવળી ફેલાય.' મેં કહ્યું, 'તો મારે શું કરવાનું ?' ત્યારે કહે, 'હું બોલાવું એટલું જ બોલવાનું.' મેં કહ્યું, 'મેં જોયું છે એવું નહીં બોલવાનું ?' ત્યારે કહે, 'ના, હું બોલાવું એટલું જ.'

## વકીલના નિકાલ માટે મહીંથી જવાબ માગ્યો

ત્યારે જ્ઞાન થયેલું નહીં, એટલે પછી મને મહીં અજંપો થયો કે 'આ હારું શું થશે હવે ? આવું કેમનું ?' આ તમે કહો છો એવું મહીં ગભરામણ થયેલી, કે કેમ કરીને માંસાહાર અપાય ? એમ જે ગભરામણ થાય ને, આય એક માંસાહાર તેવું જ કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** હા, હા, કહે એવું જ બોલવાનું એટલે.

**દાદાશ્રી :** એટલે મેં તો એમને બહુ વિનંતી કરી પણ એ તો ગાંઠ્યા

જ નહીં, માન્યું નહીં. 'તમારે બોલવું જ જોઈએ', કહે છે. પછી મેં વિચાર કર્યો, કે સાહેબ કંઈ ફરે નહીં. કારણ કે સાહેબ પ્રકૃતિનો નચાવેલો નાચે છે. અને હું પ્રકૃતિનો નચાવેલો નાચું છું અને હું પોતાનો નાચેય કરું છું. એટલે પછી મેં પેલાને કહ્યું, 'મને આજ રાતે વિચાર કરવા દો. આવું જોખમ મેં કોઈ દહાડો ખેડ્યું નથી ! અને આ જોખમ ખેડવાનું છે, જરાક વિચારવા દો.'

એટલે પછી નિકાલ કરવા વિચાર મારે કરવો પડ્યો. મને થયું, 'હવે કંઈક કરવું પડશે, હારું આને બચાવવો તો જોઈએ ને !' તે રાતે વિચાર કર્યો. મેં વિચાર્યું, આનો જવાબ ના જડે ત્યાં સુધી ઊંઘવું નથી આપણે. પછી મેં ઉપયોગ મૂક્યો અંદર, કે 'હારું, આ જૂઠું કેમ બોલાય આપણાથી ?' જ્ઞાન થયા પછી બોલત.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થયા પછી બોલાય.

**દાદાશ્રી :** હા, પણ એ જ્ઞાન થતા પહેલા તો ના બોલાય ને ! આગ્રહ હોય ને, આવો.

## મળ્યો જવાબ મહીંથી, 'વકીલ પાસે પોપટ થઈ જાવ'

તે પછી મહીંથી અવાજ આવ્યો. મને કહે છે, 'તમેય વળી સત્યવાદી શું કામ થાવ છો ?' ત્યારે મેં કહ્યું, 'શું અસત્યવાદી થવું ?' તો કહે, ''ના. તમારે એમ જ માનવાનું કે આ પોપટને આપણે કહીએ ને, બોલો 'આયા રામ', ત્યારે પોપટ નથી બોલતો ? એટલે કાલે વકીલ સાહેબને કહેજો કે સાહેબ, તમે જેટલું ભણાવશો એટલું બોલીશ હું. એટલે એ પોપટને ભણાવે ને પોપટ બોલે, તેમ આપણે પોપટ થઈ જાવ ને ! એ બોલાવે એટલું બોલવાનું.'' શું ?

**પ્રશ્નકર્તા :** તે બોલાવે તેટલું બોલવાનું.

**દાદાશ્રી :** હા. એ કહે કે 'આયા રામ', ત્યારે આપણે કહીએ કે 'આયા રામ.' 'ગયા રામ', તો કહીએ, 'ગયા રામ' ! આપણે પોપટ થઈ જાવ ત્યારે. પછી ખુલાસો થઈ ગયો. આ તો મને જવાબ મળેલો.

મારા જવાબો બધા જાતજાતના મળે. મને છૂટી જવાય એવા જવાબ મળે. એટલે મને શું સમજણ પડી ગઈ કે એ બોલે, એ પ્રમાણે આપણે પોપટ થઈ જાઓ. પોપટની પેઠ બોલવું. પોપટ બોલે તો પોપટને કશું નુકસાન ના થાય કે લાભેય ના થાય. 'આયા રામ' બોલે કે 'ગયા રામ' બોલે. એને અડે જ નહીં ને ! એ એનું બોલાવેલું અમે બોલીએ છીએ. જૂઠું બોલાવતો'તો, હળાહળ જૂઠું. 'ત્યારે મારી આબરૂ રહેશે. આ તો મારી એમ કે પ્રેસ્ટિજ જ ઊતરી જાય !' કહે છે. મેં કહ્યું, 'આ ભયંકર ભૂલ થઈ આપણી.' પણ પછી મેં શોધખોળ કરી રાત્રે.

## પોપટની પેઠ બોલવામાં જોખમદારી નહીં પોતાની

પછી મેં વકીલને બીજે દહાડે કહ્યું, 'સાહેબ, તમે જે બોલાવશો એ હું બોલીશ. હું તમારા પોપટ જેવો છું.' તે બહુ ખુશ થઈ ગયા. 'બધું બોલશો ?' મેં કહ્યું, 'હા, તમે જેટલું બોલાવો એટલું, મારે શું લેવાદેવા છે ? તમે બોલાવો ને હું બોલું. તમારા કહ્યા પ્રમાણે બધું બોલીશ.' પછી યૂ આર નૉટ રિસ્પૉન્સિબલ, પોપટ થઈ જાવ તો.

**પ્રશ્નકર્તા :** હા, પોપટ થઈ જાવ તો આપણે રિસ્પૉન્સિબલ નહીં.

**દાદાશ્રી :** હં. આવું મહીંથી જવાબ મળે અમને. મહીંથી જવાબ મળ્યો કે વકીલ શીખવાડે છે, શીખનાર પોપટ છે.

**પ્રશ્નકર્તા :** હા, પોપટ છે.

**દાદાશ્રી :** પોપટ જે બોલે, તેમાં જોખમદારી નથી હોતી. પોપટ 'હરે રામ' બોલે તે પોપટને ફાયદો થાય કે નુકસાન થાય કશું ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** સમજાય છે, હું શું કહેવાનું કહું છું ? અને મારે લેવાદેવા નહીં ને, તમે બોલાવો એટલું બોલું એટલે. એ મારે જોખમદારી નહીં ને પછી. મારે શાની જોખમદારી ? મારી ઈચ્છા નથી. મને પોપટ બનાવ્યો, તે પોપટ થઈ ગયો ! મારે તો પોપટની પેઠ બોલવાનું, પછી જવાબદારી

એની. મારી શેની જવાબદારી ? મેં કહ્યું, 'હું તમારા કહ્યા પ્રમાણે બોલીશ.' સત્તા જ મારી ના રહેવા દીધી ને ! બરોબર છે ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે.

**દાદાશ્રી :** આ તો જ્ઞાન પહેલાની વાત છે. પોપટને બોલાવીએ એટલું જ બોલે ને ! પણ વકીલ બહુ ખુશ થઈ ગયો, ચા પણ પીધી, હોં ! નહીં તો એની આબરૂ જતી રહે બિચારાની, થોડી ઘણી હોય તો. 'કેસ હારી ગયો', કહેશે. હાર્યો હોય હું ને એ લઈ લ્યે માથે !

## અલૌકિક ઉપાદાન, ગૂંચાય કે મહીંથી સૉલ્યુશન મળે

મને મહીંથી જવાબ મળ્યો, કે આપણે પોપટ થઈ જાવ ને ! એ કહે છે, 'બોલો રામ.' ત્યારે આપણે કહીએ, 'બોલો રામ.' આપણને કહે, કે 'ગયા રામ.' ત્યારે કહીએ, 'ગયા રામ.' એ બોલાવનાર ને આપણે બોલનાર. આપણે એમાં લેવાય નહીં ને દેવાય નહીં. એ એવું જ કહે છે ને ! એ એવું ક્યાં કહે છે, કે ભઈ, તમે એડજસ્ટેબલ બોલજો ! એ ઉપલક બોલજો ને, તમને ફાવે એવું બોલજો, પણ તે અમે કહીએ છીએ, એ તમે બોલો. તે આપણેય કહીએ કે 'આયા રામ.' ''ના, એવું નહીં બોલવાનું, 'ગયા રામ' બોલો.'' ત્યારે કહીએ, 'ગયા રામ.' એટલે મહીંથી જ જવાબ મળ્યો, ઉકેલ આવી ગયો. આ એક મોટી એ (ગિફ્ટ) હતી પહેલેથી, કે ગૂંચાઉ કે તરત બીજે દહાડે જવાબ હાજર.

**પ્રશ્નકર્તા :** જવાબ મળી જતો'તો.

**દાદાશ્રી :** જવાબ સારો છે ને આ ?

**પ્રશ્નકર્તા :** હા, બહુ સારો છે.

**દાદાશ્રી :** મને તે દહાડે બહુ ગમેલું કે 'ઓહોહો ! પ્રભુ, તમે ના મળ્યા હોત તો મારી શી દશા થાત ! આ નિવેડો ના લાવી આપ્યો હોત, તો મારી શી દશા થાત !' હું ગૂંચાઈ ગૂંચાઈને થાકું ને ! હું મારો ધ્યેય છોડું નહીં, કે આપણે જોયું હોય એટલું જ બોલાય, બીજું ના થાય તે, ગમે તે આપણને નુકસાન થયું તોય.

**પ્રશ્નકર્તા :** આ જે ખ્યાલ આવ્યો, કે ભઈ, કાંઈ વાંધો નહીં, પોપટની જેમ બોલશું. એ બહુ મહત્ત્વનો, એટલો જો ખ્યાલ આવી જાય કે તમે બોલો એમ મારે બોલવાનું.

**દાદાશ્રી :** ના, ગૂંચવાયું ને, એટલે પછી નીકળ્યું મહીંથી આ. ગૂંચામણ થઈને એટલે નીકળે જ મહીંથી. એ ગૂંચામણ પેસવાની જરૂર છે. મેં કહ્યું, 'આ જૂઠું બોલવાનું વકીલ કહે છે ને જૂઠું બોલવું, આ કઈ જાતનું ? હારું, આ તો ફસામણ થઈ ગઈ !' વકીલ કહે છે, 'મારી આબરૂ જાય.' અલ્યા મૂઆ, આ કેસ મારો ફેલ જાય, એમાં તારી શેની આબરૂ જાય ? અને તને ફી તો આપી. એમની આબરૂ બગડવાની કે મારી બગડવાની છે ? એમાં કેસ ફેલ થાય એટલે આબરૂ બગડતી હશે મને લાગે છે, નહીં ?

**પ્રશ્નકર્તા :** કેસ ફેલ થતો હશે ને, એટલે.

**દાદાશ્રી :** બગડી જાય, નહીં ? એણે આવું કહ્યું. એટલે મેં વિચાર્યું કે સાલું આ તો એક બાજુ વકીલ ભાંડે છે, એક બાજુ પેલાય ભાંડે છે. બધા ભાંડ ભાંડ કરવા માંડે તો તો આપણી શી દશા થાય આમાં ? તે પછી મેં વિચાર્યું અને પછી રાત્રે મને મહીંથી અવાજ મળ્યો. 'એ વકીલ બોલે છે એ બોલો ને, તમે દોઢડાહ્યા શું કરવા થાવ છો ?' ત્યારે મેં કહ્યું, 'જૂઠું ના કહેવાય આ ?' ત્યારે કહે, 'તમારે એટલું જ કહેવાનું, કે સાહેબ, આપ જે કહેશો એ શબ્દેશબ્દ હું બોલીશ. અંદર મનમાં સમજવું, કે સાહેબ, હું તમારો પોપટ. પોપટ થઈને બોલજો.' છે કંઈ ભાંજગડ ?

**પ્રશ્નકર્તા :** ના, કશો વાંધો નહીં.

**દાદાશ્રી :** આવો અવાજ નીકળ્યો ને, તે પછી પોપટ થઈને બોલ્યો, તે પછી આ વકીલ ખુશ થઈ જાય ને ! ''તમે ના કહેતા'તાને કાલે ?'' મેં કહ્યું, 'ના, આવડી ગયું !'

**પ્રશ્નકર્તા :** દાદા, એમ નહીં. આ તમે જ્યારે પથારીમાં પડ્યા, ત્યારે તમને જે અંદરથી અવાજ આવ્યો, એવા ઘણી વખત અંદરથી અવાજ આવતા હશે ને ?

**દાદાશ્રી :** ઘણા બધા સૉલ્યુશન મળે. બધા જ સૉલ્યુશન મળે ! તેથી મારે ત્યાં ચચ્ચાર ગાડીઓ પડી રહે. લોકો પૂછવા આવે તેને સૉલ્યુશન મળી જાય ને !

**પ્રશ્નકર્તા :** દાદા, એમ નહીં. કોઈ પણ એક કોયડો આવે, એટલે તમને મગજ શાંત થાય, એટલે અંદરથી અવાજ આવે ને ? અંદરથી અવાજ ક્યારે આવે, કે જ્યારે મગજ શાંત થાય.

**દાદાશ્રી :** ગૂંચાય ત્યારે, ગૂંચવણ ઊભી થાય ત્યારે.

**પ્રશ્નકર્તા :** પણ આ જે તમે કીધું, ગૂંચવાડો ઊભો થાય ત્યારે એ અવાજ નીકળે. પણ અહીં રોજના રોજ ગૂંચવાડા પડતા હોય છે !

**દાદાશ્રી :** જુઓ ને, મને આ મહીંથી સૉલ્યુશન મળી ગયું ને ! હું મારું બોલું ત્યારે ભાંજગડ ને ! આ સૉલ્યુશન સમજણ પડી તમને ?

**પ્રશ્નકર્તા :** હા, પોપટ થઈ જવું.

**દાદાશ્રી :** હવે આમાં અહીંયા આગળ આવું ના આવડે, તે શું કરે ? વકીલનું કહ્યું પોતાની બુદ્ધિમાં લઈ લે ને પછી પોતાની બુદ્ધિથી એને બનાવીને એ બોલવા જાય એટલે ગુનો કર્યો. વકીલે ગુનો કર્યો તે કર્યો પણ એણેય કર્યો. હવે વકીલ ગુનો કરતો નથી. એ વકીલ તો વકીલાત આ પ્રમાણે જ હોય. પેલો ગુનેગાર થાય છે. અને હું તો ગુનામાંથી છટકી ગયો. વકીલે કહ્યું માટે એ કહે એ પ્રમાણે મારે બોલવાનું.

## ફાઈલનો સમભાવે નિકાલ કરી ભાંગ્યું દુઃખ

**પ્રશ્નકર્તા :** દાદા, આવી રીતે જૂઠું બોલવું પડે તો એનો દોષ ના લાગે ?

**દાદાશ્રી :** 'પોપટ'ને શો દોષ ?

**પ્રશ્નકર્તા :** પણ જૂઠું બોલવાનો ફાયદો થાય છે ને એને ?

**દાદાશ્રી :** કોને ?

**પ્રશ્નકર્તા :** બોલનારને. પેલો વકીલ કહે કે તારે આમ જૂઠું બોલવાનું.

**દાદાશ્રી :** જેના સાક્ષી થયા હોય તેને ફાયદો થાય ને !

**પ્રશ્નકર્તા :** હા, જેના સાક્ષી થયા હોય તેને થાય.

**દાદાશ્રી :** અને વકીલનો તો ઊલટો રોફ વધે.

**પ્રશ્નકર્તા :** હા, વકીલનો રોફ વધે.

**દાદાશ્રી :** પણ આપણે શું ? તે પોપટની પેઠ બોલવાનું, 'આયા રામ.'

**પ્રશ્નકર્તા :** દાદા, એના ફાયદાનું આપણા મોઢે બોલાવે ત્યારે શું કરવાનું ? ત્યારે શું જવાબ આપવો ? એનો ફાયદો હોય અને આપણને કહે, તમે જૂઠું બોલો.

**દાદાશ્રી :** એના ફાયદાની આપણે ભાંજગડ નહીં કરવાની. આ તો એ કહે છે કે હું તમારો વકીલ છું. તમે અને અસીલ, તમારે લીધે મને દુઃખ થયું. એ દુઃખ ભાંગવા માટે આપણે જૂઠું બોલવું પડે. તમારે લીધે મને દુઃખ થયું કે તમને મેં ક્યાં કર્યા ? એટલે કેટલાક સંજોગોમાં ઉપરી કહે તો ના કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** કરવું પડે.

**દાદાશ્રી :** નહીં તો પાછો ચિડાય મૂઓ. ચિડાય કે ના ચિડાય ?

**પ્રશ્નકર્તા :** ચિડાય, ચિડાય.

**દાદાશ્રી :** અને તો વ્યવહાર બગડે. એટલે આપણે ઉકેલ તો લાવવો પડે ને.

## ખરેખર આ દુનિયામાં કોઈ સત્ય સત્ય જ નથી

એટલે પછી મને એમ સમજાયું કે આ તો શેના જેવો દાખલો બન્યો, કે એક જણે ગધેડાનું પૂંછડું પકડેલું, તે એ પકડવાનું ક્યાં સુધી ?

એ એક-બે લાત ખઈએ અને તેમ છતાંય લાતો માર માર કરે તો છોડી દેવાનું. એક-બે લાત ખઈએ અને પછી લાત ના મારે તો આપણે ઝાલી રાખવાનું. તે આ ગધેડાની લાતો ક્યાં સુધી ખાયા કરવાની ? પૂંછડું ! સત્યનું પૂંછડું ! આ દુનિયામાં કોઈ સત્ય, સત્ય જ નથી. અને છતાંય અસત્યને સત્ય કહેવું એ મૂર્ખાનું કામ, એ જવાબદારી છે. અસત્યને સત્ય ભણી લાવવું એ તો જવાબદારી છે. પણ સત્યનું પૂંછડું ના પકડાય. સત્યને, એને આગ્રહ સુધી... દુરાગ્રહમાં ના પડાય. તે પછી પોપટના જેવું બોલી ગયો ને, પણ !

તમને વાંધો નહીં ને, પોપટ જેવું બોલીએ તો ?

કૉર્ટોવાળાને શું ખબર પડે કે આ કેવી રીતે બોલીએ છીએ આપણે ? મને પણ ફક્કડ જવાબ મળી ગયો'તો આ. તમને આ જવાબ ગમ્યો ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા, બહુ. આ જ રસ્તો. આ જ બધીય ગૂંચોનો ઉકેલ છે.

## જ્ઞાની બોલે એ ડિક્ષનરી, એક શબ્દમાં આખો સાર

**દાદાશ્રી :** હા, ગૂંચનો ઉકેલ. નહીં તો પૂંછડું છોડે નહીં. 'અમારા બાપદાદા આ જ કૂવામાં પડીને મરી ગયેલા.' પણ મૂઆ તે ઘડીએ તો પાણી હતું. હવે શું કરવા તું માથાફોડ કરે છે વગર કામનો ? મેલ ને, બાપદાદા ક્યાંય ગયા ! એ આપણે નહોય લેવાદેવા ! આ તો ખાલી કેમોફ્લેઝ (બનાવટ) છે. શું છે આ ?

**પ્રશ્નકર્તા :** કેમોફ્લેઝ.

**દાદાશ્રી :** હં. હવે હું કંઈ ભણેલો માણસ છું ? પણ કેમોફ્લેઝ ક્યાંથી મને યાદ આવ્યું ? આ મુંબઈ જેવું બીજું મુંબઈ બનાવી દીધું'તું '૪૨માં. એટલે મુંબઈ જેવું નહીં, પણ એવા બધા ઝૂંપડા ઊભા કરી નાખ્યા ને, તે પેલા ઉપરવાળા એમ જાણે કે અહીં જ છે બધું આ ! એ કેમોફ્લેઝ !

**પ્રશ્નકર્તા :** લડાઈ વખતે.

**દાદાશ્રી :** પેલા બૉમ્બ નકામા જાય ! તેથી આ કેમોફ્લેઝ હું બોલું, હં. અહીં આ જગ્યાએ એડજસ્ટ થાય કે ના થાય એ મને ખબર નથી, પણ હું તો એમ જ બોલ્યો.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ એપ્રોપ્રિએટ છે, બરોબર છે.

**દાદાશ્રી :** આમાં લઈ શકાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાનીના મોઢામાંથી જે શબ્દ નીકળે છે, એ જો ડિક્ષનરીમાં ના હોય તો ડિક્ષનરીની અંદર એ દાખલ કરી દેવો પડે.

**દાદાશ્રી :** દાખલ કરી દેવો જોઈએ, એ ખરું કહે છે.

**પ્રશ્નકર્તા :** એવું જ્ઞાનીનું વચન હોય છે.

**દાદાશ્રી :** ખરું કહે છે. ડિક્ષનરીમાં ના પણ હોય એવું બને.

'ગયા રામ' કહેવામાં શું વાંધો આપણને ? એ કહેશે, 'નહીં, એવું નહીં બોલવાનું. આયા રામ બોલો.' તો કહીએ, 'આયા રામ, ચાલો.' આપણે રામને જતા જોયા હોય, એ કહે, 'આયા રામ કહો.' તો કહીએ, 'આયા રામ.'

આ કામ લાગશે ? પૂંછડું ના પકડશો. પૂંછડું પકડીને કોઈ મોક્ષે ગયેલો નહીં. ભગવાન મહાવીરેય પૂંછડા પકડતા નહોતા. બહુ ડાહ્યા ! વૉટ ઈઝ એડજસ્ટેબલ એન્ડ વૉટ ઈઝ નૉટ ? ડાહ્યા નહીં હોય ? અને 'સત્ય'નું પૂંછડું પકડે, એને જ ભગવાને 'અસત્ય' કહ્યું છે.

## જૂઠું બોલવું પડે તો આમ ગોઠવણી કરીને પછી બોલો

**પ્રશ્નકર્તા :** કોઈનું સારું કામ કરવા માટે આપણે જૂઠું બોલીએ તો કોને દોષ લાગે ? આવું કરી શકાય ?

**દાદાશ્રી :** જૂઠું બોલે તેને દોષ લાગે.

**પ્રશ્નકર્તા :** જૂઠું બોલે તેને જ દોષ લાગે ?

**દાદાશ્રી :** ત્યારે બીજા કોને ? એને કોણે ઊંચો બાંધ્યો'તો, તે એ જૂઠું બોલીને પેલાનું સારું કરે ?

**પ્રશ્નકર્તા :** બીજા કોઈનું સારું થાય છે એટલે તમે જૂઠું બોલો, એમ કરીને કોઈ દબાણ કરે તો ?

**દાદાશ્રી :** તો એમ કહેવું, કે 'ભઈ, હું તમારા દબાણથી બોલીશ, હું તો પોપટ છું.' બાકી, હું નહીં બોલું પોકળ. આ તો તમારા દબાણથી બોલીશ, પોપટ થઈને. પોપટ બોલે એવી રીતે બોલજો. તમે જાતે બોલી ન ઊઠશો. પોપટ થઈને બોલજો, પોપટ બોલે ને ? પોપટ બોલે કે 'આયા રામ' ત્યારે એય કહેશે, 'આયા રામ.' 'સાહેબ, તમે જેમ કહો એમ કરીશું. તમારા કહેવાના, તમારી આજ્ઞામાં, તાબામાં છું', કહીએ. શું કરવાનું, તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા, જૂઠું બોલવાની તરકીબ.

**દાદાશ્રી :** કોઈનું સારું કામ કરવા બને ત્યાં સુધી જૂઠું બોલવું નહીં. કોઈના સારા હારુ ચોરી ના કરવી. કોઈના સારા માટે હિંસા ના કરવી. બધું આપણી જ જોખમદારી છે.

## સત્યનું પૂંછડું પકડ્યું તે જ અસત્ય

સત્ય-અસત્યની ભાંજગડ મૂકી દેવાની. એ ભાંજગડવાળા ત્યાં કૉર્ટમાં જાય. પણ આપણે કંઈ કૉર્ટમાં બેઠા નથી. આપણે તો અહીં દુઃખ ના થાય એ જોવાનું.

કાકા પૂછતા હોય, 'શું ફૂટ્યું ?' તો આપણે જરા જૂઠું બોલીને એવું સમજાવતા આવડે કે 'પાડોશવાળાને ત્યાં કશું ફૂટયું લાગે છે !' તો કાકા કહેશે, 'હા, ત્યારે કશો વાંધો નહીં.' એટલે ત્યાં જૂઠું બોલે તોય વાંધો નહીં. કારણ કે ત્યાં સાચું બોલીએ તો કાકા કષાય કરે, એટલે એ બહુ ખોટ ખાય ને ! એટલે ત્યાં 'સચ'નું પૂંછડું પકડી રાખવા જેવું નથી.

આ તો છટકવાનો માર્ગ દેખાડીએ કે ભઈ, આ કાકાને કષાય ના થાય એટલા સારુ આવું કરજે. નહીં તો એ કાકાને કષાય થાય એટલે

તમને કષાય કરે. 'તું અક્કલ વગરનો છે. વહુને કશું કહેતો નથી. એ છોકરાં સાચવતી નથી. આ પ્યાલા બધા ફોડી નાખે છે !' એટલે બધું ઊભું થાય ને સળગે પછી ! એટલે કષાય થયા કે બધું સળગાવ સળગાવ કરે. એના કરતા એ સળગતા જ ટોપલી ઢાંકી દેવી !

બાકી, સાચું-જૂઠું એ તો એક લાઈન ઑફ ડીમાર્કેશન છે, નહીં કે ખરેખર તેમ જ છે. 'સત્યનું જો પૂંછડું પકડશો તો અસત્ય કહેવાય', ત્યારે એ ભગવાન કેવા ! કહેનારા કેવા ! 'હેં સાહેબ, સત્યને પણ અસત્ય કહો છો ?' 'હા, પૂંછડું કેમ પકડ્યું ?' સામો કહે કે 'ના, આમ જ છે.' તો આપણે છોડી દેવાનું.

આ જગતમાં સાચું ને ખોટું કશું છે જ નહીં, આ તો સમાજે ઊભું કરેલું છે. હિન્દુ લોકોનું સાચું હોય, એ મુસ્લિમો કહે, 'ખોટું છે તમારું.' હિન્દુઓ રાતે ના ખાય. ત્યારે એ કહેશે, કે અમે દહાડે ના ખાઈએ. એ રોજા કરે, રાતે જ ખાય પછી. એટલે એ બધું સત્ય ખરેખર સત્ય નથી, આ બધા લોકોનું માનેલું સત્ય છે. ભગવાનને ત્યાં તો આવું કશું છે જ નહીં.

શું લાગે છે તમને ? કરેક્ટ લાગે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ...એડજસ્ટેબલ રહેવું જોઈએ, એવરીવેર એડજસ્ટેબલ રહેવું જોઈએ. ખાલી એડજસ્ટેબલ.

## દુરુપયોગ માટે નહીં પણ છૂટી જવા માટેનું શસ્ત્ર

વ્યવહાર સત્ય કોને કહેવાય ? કોઈ જીવને નુકસાન ના થાય એવી રીતે વસ્તુ લે, વસ્તુ ગ્રહણ કરે, કોઈ જીવને દુઃખ ના થાય એવી વાણી બોલે અને કોઈ જીવને દુઃખ ના થાય એવું વર્તન હોય. વ્યવહારનું મૂળ સત્ય આ છે. એટલે કોઈને દુઃખ ના થાય એ મોટામાં મોટો સિદ્ધાંત ! વાણીમાં દુઃખ ના થાય, વર્તનમાં દુઃખ ના થાય અને મનથીય એને માટે ખરાબ વિચાર ના કરાય. એ મોટામાં મોટું સત્ય છે, વ્યવહાર

સત્ય છે, તેય પાછું ખરેખર 'રિયલ' સત્ય નહીં. આ છેલ્લામાં છેલ્લું વ્યવહાર સત્ય છે !

એટલે આ જે 'સત્ય-અસત્ય' છે ને, આ જગતનું જે સત્ય છે ને, એ ભગવાન આગળ બિલકુલ અસત્ય જ છે, એ સત્ય જ નથી. આ દુનિયાનું જે સત્ય છે, તે ભગવાનની ભાષામાં અસત્ય છે. છતાં પણ જ્યાં સુધી આ દુનિયાનો તમને મોહ ને શોખ છે, ત્યાં સુધી આ સત્યનો સ્વીકાર કરો. આ સત્યની નિષ્ઠા રાખો. છતાંય પણ અસત્ય થઈ જાય, તો ગભરાશો નહીં. પછી એનું પ્રતિક્રમણ કરો. બીજો કોઈ રસ્તો નથી. અસત્ય તો થઈ જવાનું ખરું પણ પ્રતિક્રમણ કરવું પડે, અતિક્રમણ કર્યું માટે. શું કર્યું માટે ?

**પ્રશ્નકર્તા :** અતિક્રમણ કર્યું માટે પ્રતિક્રમણ કરવું પડે.

**દાદાશ્રી :** આ જૂઠું બોલવાનું અમે એકલાએ શીખવાડ્યું છે. આ દુનિયામાં બીજા કોઈએ શીખવાડ્યું નથી. પણ એનો જો દુરુપયોગ કરે તો જવાબદારી એની પોતાની. બાકી, અમે તો આમાંથી છટકવાનો માર્ગ દેખાડીએ છીએ, પણ એનો દુરુપયોગ કરે તો એની જોખમદારી !

❖❖❖❖❖

# [૭]
# મુશ્કેલી વખતે કળા

## [૭.૧]
## તરકીબ ખોળી કાઢી ચોબા સામે

### ભોળા ભાવે બોલ્યા, તે ફસાયા ચોબા પાસે

**પ્રશ્નકર્તા :** દાદા, તમને મહીંથી આવા જવાબ મળ્યા કરતા હોય તો મગજેય આપનું કેટલું પાવરફુલ હશે ! ગમે તેવી મુશ્કેલીમાંય રસ્તો તરત નીકળી જતો હશે ને ?

**દાદાશ્રી :** હા, હું એક ફેરો મથુરામાં ગયો હતો. તે અમે મથુરામાં ફસાયા. ચોબાજી પાછળ પડ્યા, તે હાથ ઝાલી ઝાલીને પૈસા માગે. ત્યાં સ્ટેશન પર જ મળ્યા પેલા (ચોબા). 'શું નામ તમારું ?' તે ભોળા ભાવે કહી દીધું મેં તો, 'મારું નામ અંબાલાલ.' 'કયા ગામના ?' એટલે પછી મેં કહ્યું, 'ભાદરણના.' અમારા દાદીમા ગયા હશે ત્યાં આગળ, તે ચોપડા કાઢ્યા. એટલે મળતી વાત આવી. તે દાદાનું નામ પૂછવા માંડ્યો. તે પછી ચોપડામાં આવ્યું, દાદાનું નામ. પછી સગાંવહાલાંનું નામ દીધું, ત્યારે મેં કહ્યું, 'આ વાત સાચી છે આની.' તે પછી ચોબો છે તે કહે છે, ''ચલો સા'બ હમારે યહાં.'' તે મારું હારુ હાથ ઝાલ્યો. કહે, 'તમારા દાદીમા અહીં આવ્યા હતા ને અમારે ત્યાં આ ચોપડામાં નોંધ છે આ.' નામ તો સાચું જડ્યું. ત્યારે મેં કહ્યું, 'આ તો બોલીને ફસાયા.' અને મૂળ ભોળા અમે

તો. પછી એ તો હાથ ઝાલ્યો તે કાંડું ના છોડે. એ તો મજબૂત ને મારું શરીર પાતળું, શી રીતે છોડાવું ? હાથ ભાંગી જાય તોય ના છોડે એ લોકો.

**પ્રશ્નકર્તા :** બહુ જબરા હોય છે એ લોકો. બહુ ચીટકું હોય છે.

**દાદાશ્રી :** આપણે તો પેલું નામ ભોળપણમાં કહી દીધું, કે ભઈ, અમે આમ ભાદરણના છીએ. એટલે એણે તો મારું હારું નામ કાઢ્યા, તે ચોપડામાં નીકળ્યા, જડ્યા અમારા વડિયાઈ (દાદી) આવેલા તે. ત્યારે મેં કહ્યું, એ તો અમારા ફાધરના બા થાય. એટલે કાંડું તો પછી છોડે જ શેના તે ? મેં તો જાણ્યું નામ કાઢે છે તે સારા માટે કંઈક, આપણને કામ લાગશે. ત્યારે તો કાંડું પકડ્યું. કહે છે, 'હવે અમારે ત્યાં જ ઊતરવાનું ને અમારે ત્યાં જ રહેવાનું, બીજે નહીં.'

## જે ફસાય તેણે જ સૉલ્યુશન લાવવું પડે

પેલા જોડેવાળાને મેં કહ્યું, 'આ જો ફસાયા.' ત્યારે કહે, 'હવે તમે કહ્યું તેથી તો આ ફસાયા, નહીં તો ના થાત.'

એ તો કાંડું એવું પકડેલું કે છૂટે નહીં બળ્યું. એ તો શરીરે શું મજબૂત ! સો કિલો વજન હશે એનું. આવી ગુણ ઊંચકવીય ભારે પડી જાય ! પછી મેં કહ્યું, આ તો મારું હારું મુશ્કેલીમાં મૂકાયા, આપણે તો એને ત્યાં જવાય નહીં. આપણે તો આવું ના હોય, આપણને. અને એવી શ્રદ્ધા નહીં તે વખતે, આ લોકોની ઉપર. પછી મેં તો જે જોડે હતા તેને પૂછયું, 'શું કરીશું ?' ત્યારે કહે, 'એ તો એના કહ્યા પર જવું પડશે, છૂટકો જ ના થાય.' પછી મને થયું, છેતરાયા છીએ આપણે, તો કંઈ લોક ગોઠવણી કરી આપવા નહીં આવે. જે છેતરાયો તેને કરવી પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** આપણે મથુરામાં ફસાયા હોય ચોબા પાસે, તો આપણે જ રસ્તો કરવો પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** ત્યાં સ્ટેશન પર ઊતરતા જ ચોબા હાથ પકડે છે. છોડતા

નથી પછી. તે પછી શું કરું તું ? નવ પેઢીઓના નામ કાઢે આ બધા, તમારા દાદા આવ્યા'તા ને ફલાણા આવ્યા'તા અને તમે ભોળા ભાવે કહી દો કે 'ડાકોરનો છું', તો એ નામ સાથે કાઢે બધું. તે ચોબા હાથ પકડે પછી શું થાય હવે ? શી રીતે છૂટો ?

**પ્રશ્નકર્તા :** પછી કંઈક આપીને જ છૂટવું પડે.

**દાદાશ્રી :** જેમ આપીએ તેમ વધારે લબદાવે મૂઆ. તે વળી ચોબા પાછા, અને શરીરેય જબરું ! એક ટોપલી ભરીને લાડવા ખઈ જાય મૂઆ, અત્યારેય.

## ચોબાને અસંતોષ પણ ન થાય એવી તરકીબથી છૂટ્યા

પછી મેં તો તરકીબ ખોળી.

**પ્રશ્નકર્તા :** શું તરકીબ ખોળી ?

**દાદાશ્રી :** પેલાને કહ્યું, 'મસ્જિદ ક્યાં આગળ ? મારે નમાઝ પઢવા જવું છે. અને અમારે તો મુસ્લિમ ધર્મ પાળીએ તો માંસાહાર બધું જોઈએ, અહીં તમારે ત્યાં મળશે ? મેં ત્રણ વર્ષથી મુસ્લિમ ધર્મ સ્વીકાર કર્યો છે.' 'એ નહીં, નહીં, નહીં, નહીં, નહીં.' મૂઆએ છોડી દીધો ઝટ. હાથ છોડીને જતો રહ્યો બા ! 'અમારું ફાવશે તમને ? અમે તો માંસાહાર ને મુસ્લિમ ધર્મ પાળીએ ને, તે બધો અમારો ખોરાક જુદો !' તે 'છી... છી...' કરીને જતો રહ્યો. ન્હાવા ગયો હશે પાછો, હોં. એ તો ન્હાયા હશે ત્યારે એમનું રાગે પડ્યું હશે. ત્યારે મૂઆ, અમને ક્યાં અડ્યો તું ? ઊલટો હાથ છોડી દીધો મારો ! આમ કાલાવાલા કરીએ તો એ છોડે કાંઈ ? એને અસંતોષ થાય. આ તો એને સંતોષ થાય કે સારું થયું ના આવ્યો તે !

## સાચું બોલીને મહીં ચિઢાયા કરવું એવું શા માટે ?

આ એક કળા જ છે ને ! પેલો અડે નહીં, પછી મુસલમાનને તો અડે નહીં પાછો. ન્હાય, તે પાણી રેડીને ન્હાય મૂઓ. હા, એ નાહી આવે પાછો. કેટલી ડોલો પાણી રેડી દે, મહીં ડૂબકી મારી આવે જમુનાજીમાં. આમ ફસાય એટલે કંઈક કરવું તો પડે ને ?

આ તો જેને પોતાને નાચવું ના હોય ને, તે બધી જગ્યાએથી છૂટી આવે. જેને નાચવું ના હોય ને, તેને હજાર રસ્તા હોય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આમ જૂઠું બોલાય ?

**દાદાશ્રી :** ત્યારે તે સાચું બોલાય ? સાચું બોલવું ને મહીં ચિડાયા કરવું એના કરતા જૂઠું બોલીને મહીં ચિડાયા ના કરવું. એના પંજામાંથી બહાર નીકળવામાં જૂઠું શાનું ? સાચું તો બોલાતું હશે ?

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એનો તો હક્ક ગયો ને, તમારી પાસેથી પૈસા કમાવાનો !

**દાદાશ્રી :** એનો હક્ક ગયો, એ તો પછી એ ભેગો થાય તો આપવા પાંચ રૂપિયા. પણ ભેગો થાય તો અમે આપીએ. મને ભેગો થયો નહીં, નહીં તો આપી દઉં. રૂપિયા તો આપી દઈએ પણ આ આપણી જે એ (સ્વતંત્રતા) છે, એ જતી રહે ને ! આપણી જે સ્વતંત્રતા છે, આપણે બેસવાનું કે ઊઠવાનું, કંઈ જવાનું હોય, એ આપણી સ્વતંત્રતા તો મારી જાય ને ! અને એના લાડવા તો ખાવા પડે ને, આપણે શ્રીખંડ ખાવો હોય. આપણે શ્રીખંડ ખાવો હોય અને એ લાડવા બનાવતો હોય. એનું શું કામ ? આપણે સ્વતંત્રતા ના ખોઈ નાખવી કોઈ જગ્યાએ જઈએ તો.

## પરતંત્રતા ના પોસાય કોઈ પણ રીતે

**પ્રશ્નકર્તા :** દાદા, આય એક કળા છે, વ્યવહાર કળા.

**દાદાશ્રી :** અમે તરકીબ ખોળીએ. એ ક્યાં મૂઆ એના દબાયેલા રહીએ ને આપણે જમીએ-કરીએ ! પૈસા આપીએ પણ આપણા ધાર્યા પ્રમાણે ના થાય ને ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** પેલા ભઈ મારી જોડેવાળા ખુશ થઈ ગયા ને ! એ એવું બોલેલા, કે 'તમને છોડી દીધો પણ મનેય છોડી દીધો !' કશુંય એનું ચાલવા ના દઉં. હું તો ગાંડા હઉ કાઢું તે ઘડીએ, જો એના બંધનમાં આવ્યા હોય ! નહીં તો ચોબા છોડે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના છોડે.

**દાદાશ્રી :** અરે, હાથ તૂટી જાય તોય ના છોડે. અને પાછા ઘેર જઈને ત્યાં જમીએ ને દસ આપીએ તો એને પોસાય નહીં પાછા. વીસ તો જોઈશે જ, કહેશે.

**પ્રશ્નકર્તા :** ધોતિયું માગે ને કપડાં માગે.

**દાદાશ્રી :** હા, એના કરતા એક નન્નો ભણો તો સો દુઃખને હણે. લોકોને કહે કે 'માંસાહાર કરવા જવાતું હશે !' એટલું જ. ત્યારે અમારી તો આબરૂ ગયેલી જ છે પહેલેથી. આબરૂ જતી રહેવાની, એના કરતા હતી જ ક્યાં પહેલેથી ?

પહેલા તો કોઈ જાળમાં ઘાલે તો પોસાય નહીં અને હવે ચાલે છે બધું. કોઈ હમણાં ગૂંચવે-કરે તોય ચલાવી લઈએ. સમભાવે નિકાલ કરીએ ને, હવે.

## પાટીદારી કઠણ મગજ પણ મહીં પાપ-કપટ નહીં

તે દહાડે જ્ઞાન નહીં મને. એટલે પાટીદારનું મગજ ખરું ને, તે જરા કઠણ મગજ ! પણ આવું નાટક કરીએ કે તરત ચકલા ઊડી જાય, કેટલી વાર લાગે ? પછી પ્રતિક્રમણ કરી લઈએ. તે દહાડે તો જ્ઞાન થયેલું નહીં ને, એટલે પ્રતિક્રમણેય ક્યાં કરવા પડતા'તા ? જેમ આવે તેમ બૉમ્બ મારીએ, ઉડાડીએ એને. આવું ડફળાવાની ટેવ, તે છૂટે નહીં ને !

**પ્રશ્નકર્તા :** પછી જ્ઞાન થયા પછી આ બધાના પ્રતિક્રમણ કર્યા હશે ને, તમે ?

**દાદાશ્રી :** ના, ના, એવું કંઈ નવરા છીએ આ બધું ! એવા બધા ક્યાં પ્રતિક્રમણ... ક્યારે પાર આવે આના તે ?

**પ્રશ્નકર્તા :** દાદા, તો પછી એકદમ ચોખ્ખું કેમનું થઈ ગયું ?

**દાદાશ્રી :** એ મહીં ચોખ્ખું ને, મહીં પાપ નહીં, કપટ નહીં. બિલકુલ કપટ નહીં, પ્યૉર. એક અહંકારનું એકલું જ, તે આંધળો, માર ખવડાવે.

પણ બીજું બધું પ્યૉર. આ ગ્રેડ જ મળે નહીં ને, આ પ્યૉરિટી વગર ! અને ફાધર-મધર બધી પ્યૉરિટી એમની, તે ભારે પ્યૉરિટી !

## દાદાનો સત્સંગ હસતો-રમતો થાય

**પ્રશ્નકર્તા :** દાદા, આ ચોબા પાસે આવી તરકીબ કરીને છૂટી જવું, આવું તો સાંભળેલું જ નહીં !

**દાદાશ્રી :** હા, તમે સાંભળેલું નહીં. જોયેલું જ નહીં ને ! આવી વાતો સાંભળેલી નહીં. વાંચેલુંય ના હોય, બળ્યું ! વાંચ્યું હોય તોય કામ લાગે.

**પ્રશ્નકર્તા :** હા, આવું જાણ્યું હોય તો કદાચ એવો પ્રસંગ આવે તો છૂટી જઈએ.

**દાદાશ્રી :** તમારે મહાત્માઓને કેટલો આનંદ રહે છે ?

**પ્રશ્નકર્તા :** હા, કેટલો આનંદ રહે છે !

**દાદાશ્રી :** નર્યું આનંદથી જ ઓરડી ઊભરા ઊભરા થયા કરે છે. આપણો સત્સંગ તો હસતો-રમતો જવો જોઈએ, હસતો-રમતો. તમે એવું ગાવ છો ને પેલું ? 'હસતો-રમતો જાય.' આમ મોઢા પર માખ બેઠી હોય એવું ના હોવું જોઈએ. આપણે આત્મા પ્રાપ્ત કર્યો, હવે છૂટવાના થયા !

## મૂળિયું શોધ્યું, શાથી કહે, 'ગાંડી ગુજરાત' ?

પછી મથુરામાં ત્યાં બીજો એક જણ મળ્યો. 'ક્યાંથી આવો છો ?' મેં કહ્યું, 'ભાદરણથી.' તે 'ગાંડી ગુજરાત', કહે છે. મેં કહ્યું, 'અલ્યા, કઈ જાતના નાલાયક છો ?' મને તો ગુસ્સો ચડ્યો. ગુજરાતના લોકો ઉદાર, નોબલ, વધારે આપી જાય, તેને લીધે ગાંડી કહો છો ? મેં કહ્યું, 'આ અમે દિલદાર, મોટા દિલના માણસો છીએ. બીજા કોઈ પણ પ્રદેશ એવા નથી કે આવી મોટાઈ રાખે, એ લોકો આપે એવા નથી. રૂપિયા વધારે અમે આપીએ છીએ, નોબલ અમે વધારે છીએ. લોક બધા ચીકણા લાટ જેવા છે, બીજા બધાય. આ અમે એકલા જ નોબલ હાથે આપીએ એવા છીએ. આખું ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત બધું. અને તમે કેમ આમ કહો છો ?'

પછી મેં એમને પૂછયું, કે 'મને સાચી રીતે સમજાવો, કે શાથી ગાંડી કહો છો ? શું અમે નથી આપતા ?' ત્યારે કહે, 'બધા કરતા વધારે આપો છો તમે. બધી રીતે સારામાં સારા છો, પણ તમારે ત્યાં સારો-ખોટો બેઉ એક જ લાઈનમાં પેસે છે. ખોટાનેય સરખું ઈનામ ને સારાનેય સરખું ઈનામ. એટલે ત્યાં કિંમત નથી, કદર નથી, માટે ગાંડી છે. તમારે ત્યાં છે તે અણસમજુ લોકો પેસી જાય છે એની કિંમત છે અને સમજુની કિંમત જ નથી.'

**પ્રશ્નકર્તા :** પાખંડી પૂજાય છે.

**દાદાશ્રી :** 'પાખંડી પૂજાય છે', કહે છે. 'ત્યાં ધૂતારાને પૂજવામાં આવે છે ! સમજણ વગર જ પૂજે છે !' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ધૂતારાને પણ પૂજવામાં આવે છે.

**દાદાશ્રી :** હા. ગમે તેવો માણસ હોય તેની પૂજા થાય ત્યાં આગળ... અને બીજા પ્રદેશો તો તપાસ કરીને પૂજે, પણ ગુજરાત પ્રદેશ એકલો જ એવો છે કે પાખંડીને પૂજે છે. એટલે પછી મેં મારું પકડી લીધું, પછી હું સમજી ગયો, કે પાખંડીને પૂજવાની વાત સાચી છે. કારણ કે આ પ્રદેશ એ એકલો જ એવો છે, બીજા બધાય પ્રદેશ પાખંડીને કોઈ પૂજે નહીં. દક્ષિણી પેસવા ના દે, કોઈ પેસવા ના દે. કોઈ પ્રદેશ એવો નથી કે જે પેસવા દે આવા અન્‌ફિટોને. આ એક ગુજરાત, એટલે આમને ત્યાં ફિટેય ચાલે, અન્‌ફિટેય ચાલે. ફિટનું ઓછું ચાલે જરા ને અન્‌ફિટનું વધારે ચાલે, બસ એટલું જ. અહીં તો પાખંડી આવ્યો હોય ને, તો ચાલે તમારે ! છ મહિના સુધી, બાર મહિના સુધી કોઈ બાપોય પૂછનાર ના મળે. એય જમવાના ચાલે, બે દહાડા-રાત રહેવાના છે તે રહો. રોજના છસ્સો-છસ્સો રૂપિયા ફીયે આપે, રહેવાના હોય તો.

## 'ખોટા માની', ગુજરાતીઓનો આ એક મોટો રોગ

શાથી એવું ચાલે છે એ તમે જાણો છો ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા.

**દાદાશ્રી :** આપણી શું એવી ખામી છે ? ત્યારે કહે, ''ગુજરાતમાં 'આવો જશુભાઈ' એટલું કહે, એટલે જશુભાઈ જાણે કે બીજું ગમે તે હોય, આપણને તો સરસ રીતે બોલાવે છે ને ! પછી એ ખરાબ કરતો હોય તોય આપણે શું ? પણ આપણને તો બોલાવે છે ને સારી રીતે.'' એટલે ખોટા માની ! કેવા ?

**પ્રશ્નકર્તા :** ખોટા માની.

**દાદાશ્રી :** ગુજરાતમાં બધાય એવા. 'આપણને તો રોફથી બોલાવે છે ને ! છોને ઊંધું કરતો, હઉ થઈ રહેશે', કહે. અને પેલા દક્ષિણના લોકોને રોફથી બોલાવે તોય અંદરખાને એને ગાંઠે જ નહીં ને ! બીજી કોઈ પ્રજા ના ગાંઠે. આ હિન્દુસ્તાનમાં આ ગુજરાતની પ્રજા એકલી જ આ ગાંડી પ્રજા... માની, ખોટા માની ! 'આવો ચંદુભાઈ', એટલે બસ થઈ ગયું ! બસ આથી વધારે કંઈ બીજું જોઈએ જ નહીં ને ! બસ થઈ ગયું ! એનો અહમ્ પોષાય ને, એટલે પેલું પોલ ઉઘાડું ના કરે મૂઓ. લેટ-ગો કરે, જવા દો ને, આપણે શું છે ? તેથી બધું ચાલે છે આ. તદ્દન પોલી છે આ, પ્રજા જ પોલી છે. અને જ્ઞાનીઓય તેથી પાકે છે, ભોળા છે ને લોકો આવા ! આવા દિલના ભોળા છે બિચારા ! ચોખ્ખા દિલના, સારા દિલના ! એક ફક્ત અહંકાર, પેલાએ 'આવો જશુભાઈ' કહ્યું, કે પેલાનું પોલ ચાલ્યું જાય.

**પ્રશ્નકર્તા :** પોલ ચાલ્યું જાય, 'આવો' કીધું એટલે.

## 'આવો ચંદુભાઈ' કહ્યું કે જૂઠો પણ ચાલી જાય

**દાદાશ્રી :** આટલી જ કટેવ, કે કો'ક સારી રીતે બોલાવે એટલે પછી એના દુર્ગુણ હોય તોય ઉઘાડા નહીં કરવાના. પોલ ચાલ્યું જાય ત્યાં આગળ. અને સારો માણસ હોય ને, દુર્ગુણ વગરનો, તે સારી રીતે બોલાવે નહીં. 'આવો-પધારો જશુભાઈ' કહેવાની એને શી જરૂર ? એટલે પેલા જશુભાઈ કહેશે, 'આ મહારાજ બરોબર નથી, પેલો મહારાજ સારો છે.' એટલે સારાની કદર નથી.

તમને આમાં સમજાય તો વધારે પૂછજો આ. બધેય 'ગુજરાત

ગાંડી', કહે છે. તમે 'ગુજરાત ગાંડી' એવું સાંભળેલું ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા, મેં સાંભળ્યું છે. બીજા સ્ટેટવાળા એવું કહે છે.

**દાદાશ્રી :** 'તમારે ત્યાં સાચા-જૂઠાની પરીક્ષા નથી. તમારે ત્યાં જૂઠા હોય તે ફાવી જાય અને સાચા માર્યા જાય છે. એટલે ગાંડી કહીએ છીએ.' એ તપાસ કરતા મને ખબર પડી કે સાચી વાત છે આ. ખરું કહ્યું એણે. ત્યારથી સમજી ગયો, કે વાત તો ખરી જ છે. આપણી ભૂલ છે, આ કહે છે એમાં ખોટું નથી. મનેય જો એમ કહ્યું હોત ને, મને જો આ જ્ઞાન ન થયું હોત ને 'આવો અંબાલાલભાઈ' કહે એટલે પછી હું એની બીજી બાજુ જોવા ના રહું. પેલા બીજા લોકોને કહું કે હેંડો. એટલે આ એક ગુજરાતીઓનો રોગ છે મોટો !

## બીજા લોકો તપાસીને પછી જ કરે દર્શન

આ તો મેં શોધખોળ કરીને આનો ટેસ્ટ કરીને જોયેલો. બીજા પ્રદેશોમાં ના ચાલે. તમે ખૂબ માન આપો તોય વારેઘડીએ તપાસ કરે. બહુ માન આપે છે, માટે કંઈક હશે, કંઈક વિચિત્ર હશે ! અને અહીં તો પાંચ-સાત જણને, આગેવાનને માન આપે, કે ચાલ્યું, તમારી પાછળ ઘેટાં ચાલુ જ હોય. તે આ દક્ષિણવાળા ના થવા દે. એ તો બહુ ચોક્કસ કોમ્યૂનિટી કહેવાય.

**પ્રશ્નકર્તા :** આપણા ગુજરાતમાં સમૂહજીવન ઓછું છે.

**દાદાશ્રી :** હા, સમૂહજીવન ઓછું, ઈગોઈઝમને લીધે. અને એ તો બહુ સારું આ દક્ષિણમાં તો. એ તો પહેલામાં પહેલા તપાસ કરે કે કેમનો સાચો છે ? કઈ બાજુનો ખોટો છે, એ પહેલું તપાસ કરે. આ માણસ અહીંયા શું કરવા આવ્યો છે ? પહેલા તો એ શંકાથી જુએ કે 'નંગોડ જ હશે !' એમ તપાસ કરતા કરતા પછી કહેશે, આ બરા*, બરા નક્કી કરે ને, પછી દર્શન કરે. નહીં તો ત્યાં સુધી કરે નહીં. બહુ ચોક્કસ ! કાલે ગાડીમાં અમને તેડી લાવતા હતા, તે જો પેલો તપાસ કરતો હતો ને ? પછી કહે છે, 'આ સાંઈબાબાના દર્શન થયા.' શું કહેતો'તો એ ?

*બરા - મરાઠીમાં બરા એટલે સારો

**પ્રશ્નકર્તા :** હા, 'સાંઈબાબાના દર્શન થઈ ગયા', કહે છે.

**દાદાશ્રી :** હા, 'રૂબરૂ સાંઈબાબા આજ મિલા હમકો', કહે છે.

## હૃદયના રાજેશ્રી તે લક્ષ્મીય પાર વગરની આવે !

**પ્રશ્નકર્તા :** દાદા, તો પછી ગુજરાતીઓની આ ખોટા માનવાળી પ્રકૃતિ ક્યારે અટકે ?

**દાદાશ્રી :** એ અટકે નહીં, એ આખા ગુજરાતની ના અટકે. એ તો આવી ને આવી જ રહેવાની. આપણે આપણી મેળે સુધરી જવું જરા.

અમે તો તપાસ કરી, કે ગુજરાતમાં આ રોગ વધારે છે તે આપણને આ લોકો ગાંડા કહે છે. માટે આ રોગ પહેલો આપણે નિર્મૂળ થાય એવો કંઈક રસ્તો ખોળી કાઢો. એટલે પછી શોધખોળ કરી. એ રોગ હપૂચો નિર્મૂળ થઈ ગયો અમારો. એ ઈગોઈઝમનો રોગ જ નિર્મૂળ થઈ ગયો આખોય. એટલે ખરેખરી મજા આવે ને, પછી. વાંધો જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** એ તો એકલા ગુજરાત માટે જ થોડું છે, એ તો દરેક જગ્યાએ હશે, ઈગોઈઝમ ?

**દાદાશ્રી :** આપણો ઈગોઈઝમ ડહાપણવાળો નથી, સહેજ મેડવાળો (ગાંડપણવાળો) છે. મેડ એટલે એક જાતનો ઈગોઈઝમ એવો વધી ગયેલો કે આપણને બોલાવે એટલે સામો શું ખોટું કરે છે, એ આપણે જોવા ના રહીએ. આપણને મીઠાશ પહેલી વર્તે અને આ લોકો બધા તપાસ કરે. પંજાબમાં જોવા જાવ, બધેય તપાસ કરે. પહેલો નંબર છેતરાય ગુજરાત ને બીજો નંબર છેતરાય મૈસુર ! બીજા બધા છેતરાય જ નહીં, બહુ પાકા ! પણ પુણ્યૈય સારી પાછી, બહુ મોટી. એય અહંકારને લઈને જ આટલી દયા-બયા બધુંય છે. બીજા ઊંચા ગુણો જે રહેલા છે ને, આપણામાં, બહુ ઊંચા ગુણો છે. એટલે એ ઈગોઈઝમ ફાયદાકારકેય છે. એ ગુજરાતનો ઈગોઈઝમ એવો છે કે બહુ લાગણીવશવાળો ને બહુ દયાળો. હૃદયના બહુ સારા લોકો ! લોકોને આપવામાં શૂરા ! એટલે એનો વરસાદેય પુષ્કળ પડે છે ને લક્ષ્મીય કોઈ દહાડો ખૂટતી નથી. જુઓ ત્યારે ગુજરાતને...

## તે જ્ઞાની પાક્યા અહીં

ગુજરાતની ભોળી પ્રજા, તેથી જ પૈસા ટકેય છે ને ! અને તે ગાંડા નહીં, પણ ભોળા દરઅસલ ! આ બીજી પ્રજા તો ચોક્કસ, ચણિયારે ચોક્કસ. એ ઓર અજાયબી !

**પ્રશ્નકર્તા :** આ બીજી બાજુના માણસો બધા ચોક્કસ કહેવાય ?

**દાદાશ્રી :** એ ચોક્કસ પણ ત્યારે ભિખારીપણું હોય બળ્યું ! ભોળા હોય તો આ પૈસા આવશે. ગુજરાત ભોળપણવાળું, બધાય ભલા માણસો, તે જુઓ ને ! તેને લક્ષ્મી પાર વગરની આવે છે ! શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** લક્ષ્મી પાર વગરની આવે.

**દાદાશ્રી :** છે પણ પુણ્યશાળી બહુ, ભારે પુણ્યશાળી ! લક્ષ્મી-બક્ષ્મી બધી રીતે ઢગલેબંધ વરસ્યા જ કરે છે ! અને જ્યાં ગુજરાતી ગયા હોય ત્યાં આગળેય મોટું સ્વર્ગ બનાવી દે છે. પછી ગમે તે નાતનો હોય, પણ ગુજરાતી હોવો જોઈએ. ભોળી પ્રજા પાછી. રાજેશ્રી, ભોળી, બધી રીતે એકમેકને હેલ્પ કરવાવાળી !

**પ્રશ્નકર્તા :** દાદા, ભગવાનેય ગુજરાતીમાં જ પાક્યા ને ! આ કાળમાં ગુજરાતીમાં જ પાક્યા ને, ભગવાન !

**દાદાશ્રી :** કોણ ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પ્રગટ થયા ગુજરાતીમાં જ ને !

**દાદાશ્રી :** એ તો બીજે ક્યાંથી, ચરોતરના જ ને !

**પ્રશ્નકર્તા :** ભાદરણના એ... હા...

**મહાત્માઓ :** હા...

❖❖❖❖❖

# [૭.૨]

# બહારવટિયાથી બચ્યા અનેરી સૂઝથી

## ગુનાના ફળ રૂપે બહારવટિયા ભેગા થયા

**નીરુમા :** દાદા, તમને નાનપણમાં પેલા બહારવટિયા મળ્યા'તા એ પ્રસંગ કહો ને !

**દાદાશ્રી :** હા... હા, એ તો બધું ઈતિહાસ કહેવાય. આ તો દાખલા કહેવાય. એ તો બહારવટિયા ભેગા થાય, બધુંય ભેગું થાય, શું ના થાય દુનિયામાં ?

**પ્રશ્નકર્તા :** દાદાનેય બહારવટિયા ભેગા થયા'તા ?

**દાદાશ્રી :** ગુનો કરીએ એટલે બહારવટિયા ભેગા થાય જ.

**પ્રશ્નકર્તા :** ગુનો કરે તો ભેગા થાય ?

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** એ કર્યો હશે એટલે ભેગા થયા હશે ?

**દાદાશ્રી :** કર્યો ત્યારે જ ભેગું થાય ને ! મોટાભાઈએ કહ્યું, કે 'આ હજાર રૂપિયા લઈને જા કન્ટ્રાક્ટના કામ ઉપર.' એમણે ટાઈમસર મને રૂપિયા આપી દીધેલા. અને પાંચ વાગે ગાડી ઊપડે વિશ્વામિત્રી સ્ટેશનથી, આ દાખલો છે હવે બધાને સાંભળવો હોય તો કહીએ, બધાની ઈચ્છા હોય તો.

**પ્રશ્નકર્તા :** દાદા, સાંભળવો છે બધાને.

**દાદાશ્રી :** બહુ વાતો છે, આવી બધી તો કેટલીય વાતો છે !

**પ્રશ્નકર્તા :** દાદા, કહો, અમને ગમે.

## કોન્ટ્રાક્ટના કામ અર્થે હજાર રૂપિયા લઈને જવાનું થયું

**દાદાશ્રી :** એ તો એવું થયેલું, તે વખતે ઉંમર નાની, બાવીસ વર્ષની ઉંમર. તે કન્ટ્રાક્ટના ધંધા ઉપર જવાનું, અહીં ડબકામાં થોડું કોન્ટ્રાક્ટનું કામ લીધેલું ને !

**પ્રશ્નકર્તા :** હા, ડબકા, અહીં પાદરામાં છે તે.

**દાદાશ્રી :** જુલાઈ આખરે પૂરું કરવાનું. તે મોટાભાઈ કહે છે, 'જાવ, પાંચ-સાત દહાડામાં કામ પૂરું કરીને આવો, ત્યાર હોરો પછી આ ચોમાસુ આવશે.' ત્યારે મેં કહ્યું, 'ઓહ ! એનો શો હિસાબ ? અમે કરી નાખીશું.' તે આ મોટાભઈએ જુલાઈ આખરે કામ પૂરું કરવાનું હતું, બિલ હાથમાં આવેલું નહીં. એટલે હું કહું કે 'તમે પૈસા આપો તો હું કામ પર જઈને પૂરું કરી આવું.' ત્યારે કહે, 'બિલ આવે એટલે આપું.' એમ કરતા કરતા છ દહાડા નીકળી ગયા. ત્યારે મેં કહ્યું, 'હવે ક્યારે પૂરું થશે ?' એટલે એ કો'કની પાસેથી લઈ આવ્યા, હજારેક રૂપિયા. મને કહે છે, 'લે, લઈ જા અત્યારે.' અને મને કહે છે, 'પાંચની ગાડીમાં જાવ.' તે પેલી પાંચ વાગે તે દિ' ગાડી ઊપડતી વિશ્વામિત્રીથી.

**પ્રશ્નકર્તા :** હા, વિશ્વામિત્રીથી.

**દાદાશ્રી :** તો એમણે એવે ટાઈમે આપ્યા કે અમને ગાડી મળી જાય, સાંજના પાંચ વાગ્યાની. તે રૂપિયા વધારે નહોતા, હજાર રૂપિયા લઈને કામ પર જવાનું હતું. પણ તે દહાડે હજાર એટલે આજના વીસ હજાર જેવા. એટલે એ હજાર રૂપિયા લઈને જવાનું હતું ગાડીમાં. તે આ રૂપિયા મારા હાથમાં આવ્યા ને, એટલે મારી જોડે એક નોકર હતો અમારો, પીજનો પટેલ, નોકરી અમારે ત્યાં કરતો'તો કોન્ટ્રાક્ટમાં. તે વીસ વર્ષની ઉંમરનો. અમે બે જણ ઉપડ્યા. તેય નોટો પાછી છૂટી લઈ જવી

પડે દસ-દસની. ત્યાં ગામડામાં પાછી વટાવે ક્યાં ? એટલે છૂટી લઈ જવી પડે. તે હજાર રૂપિયાની નોટોની થોકડી લઈ અને પછી અમે નીકળ્યા.

## શોખીન સ્વભાવ તે સ્ટેશન પહેલા હૉટલનો સ્ટોપ કર્યો

જવાનું હતું ડબકા અને અહીંથી બેસવાનું, વિશ્વામિત્રી સ્ટેશનેથી. અને અહીંથી ત્યાં ઘોડાગાડીમાં જવાનું. અમે બેઉ સરખી ઉંમરના લગભગ અને મને કટેવ પડેલી, તે હૉટલમાં જરા નાસ્તા-બાસ્તા કરીને પછી જઉં. એટલે રૂપિયા લઈને પછી બહાર નીકળ્યા, એટલે પહેલું જ રૂપિયા હાથમાં આવ્યા એટલે યાદ આવ્યું કે પહેલા સારી હૉટેલમાં જરા નાસ્તા-પાણી કરીએ. એટલે મેં પેલાને કહ્યું, 'હજુ ગાડીને વાર છે, જરા નાસ્તા-પાણી કરીએ, ચા-પાણી. ત્યાં રાત્રે કશું ખાવાનું મળ્યું, ના મળ્યું, તો અત્યારે થોડા નાસ્તા-પાણી કરી લઈએ.' ત્યારે ઉંમર નાની અને શોખીન સ્વભાવ, તેમાં હજાર રૂપિયા હાથમાં આવ્યા એટલે અમે બે જણા હતા તે સારી હૉટેલમાં ગયા અને નાસ્તા-પાણી કર્યા.

**પ્રશ્નકર્તા :** દાદા, શું ખાધેલું ?

**દાદાશ્રી :** આ ગાંડું નહીં, આપણું જ દેશી બધું.

**પ્રશ્નકર્તા :** હા, એ આપણું જ, પણ આમ વાનગી કઈ ?

**દાદાશ્રી :** બહુ સારી વાનગી હતી. એ એટલી સ્વાદિષ્ટ ચીજો, એવી મળે નહીં અત્યારે.

**પ્રશ્નકર્તા :** દાદાજી, તીખું હતું કે ગળ્યું ?

**દાદાશ્રી :** તીખું, તીખું, ગળ્યું અમારી પાસે ના હોય. અમારી પાસે તો આ મગજ તીખું ને એય તીખું !

એય નિરાંતે બપોરે બે વાગે ચેવડા ને સેવો ને બધું, નાસ્તા-પાણી. આવું હોતું હશે, પંતૂજી ખાતું ? આઈસ્ક્રીમ-બાઈસ્ક્રીમ ના ખાય, આવું ખાય. ચેવડા ખૂબ ખાય, તે પણ તલના તેલના ચેવડા. મગફળી-બગફળી નામ નહીં. તલનું જ તેલ હતું. એટલે વાયડું થાય જ નહીં કોઈને.

**પ્રશ્નકર્તા :** દાદા, એ સિંગતેલ તો હતું જ નહીં ને, એ વખતે.

**દાદાશ્રી :** ના, મગફળી વપરાતી જ નહોતી. મહીં અંદર ચેવડાની અંદર નાખવા વાપરતા'તા. તેય શરૂઆત થયેલી. બાકી મગફળી વાપરે નહીં. કોપરું નાખે, બીજું નાખે. ત્રણ આને ભૂસું ને દોઢ આને ભજિયાં. દોઢ આનાના અસલ ભજિયાં, ફર્સ્ટ ક્લાસ ! તાજા, તાજા !

## પછી ઘોડાગાડી તો દોડાવી પણ ટ્રેન ચૂકી ગયા

હવે રાત્રે જમવા કંઈ જવું પડે નહીં, એટલે હૉટલમાં નાસ્તા-પાણી કરવા બેઠા. નિરાંતે નાસ્તા-પાણી કર્યા. ત્યારે થોડા પૈસામાં નાસ્તા-પાણી બહુ સારા થાય. ટાઈમસર હતા તોય, આ નાસ્તા-પાણી કર્યા, એ એક ભૂલ અમારી થઈ. અને પછી ઘોડાગાડી કરી, તે ઘોડાગાડીમાં બેસીને ત્યાં વિશ્વામિત્રી સ્ટેશન ગયા. ત્યારે બીજું સાધન નહીં. તે ઘોડાગાડી સારી કરી, જલદી પહોંચી જવા, હૉટલમાં નાસ્તો કરવા ગયા તેની નુકસાની ભાંગવા માટે. ઘોડાગાડીવાળાને કહ્યું, 'જરા ઉતાવળ કર, ઉતાવળ, પેલી ગાડી ઊપડવાની તૈયારી કરે છે, વિસલો (સિસોટીઓ) મારે છે !' તે એક બાજુ ઘોડાગાડી દોડે ને એક બાજુ ગાડી ઊપડી, વિશ્વામિત્રી સ્ટેશનેથી, પાદરાવાળી ગાડી.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ તે એ ધીમે ધીમે જાય ને, બિચારી. ઘોડાગાડી ઠેઠ સ્ટેશન સુધી લંબાવી, પણ ગાડી ઊપડી ગઈ, નીકળી ગઈ. તેણે ઘણી ઉતાવળ કરી પણ બે મિનિટ માટે જતી રહી ગાડી, પાંચ વાગ્યાની.

## ડિસ્કરેજ શું કામ થવું, પંદર માઈલ ચાલી લઈશું

એ ગાડી ઉપડી તે દેખીએ અમે, એવી રીતે ઘોડાગાડી અમારી પહોંચી ત્યાં આગળ. એટલે ફાળ પડી મને અને પેલાને, બેઉને, કે હવે ઘેર શું જવાબ આપીશું ? અત્યારે તો દમ કાઢી નાખવાના આ ! આપણે આ નાસ્તો કરવા ના રહ્યા હોત તો ટાઈમ તો હતો જ. ત્યાં આગળ ઘોડાગાડી પહોંચી, ત્યારે ઘોડાગાડી ચાલતી'તી ને સામે ગાડી ઊપડતી'તી,

બેઉ જોવામાં આવ્યું. એટલે ઘેર મોટાભાઈનો ભય તો બહુ, મારા કરતા વીસ વર્ષ મોટા, એટલે ભય બહુ. એટલે મને થયું, આ તો ઉપાધિ થઈ ગઈ.

મારી જોડેવાળો ડિસ્કરેજ થઈ ગયો. મેં કહ્યું, 'ભાઈ, ડિસ્કરેજ થયે ના પાલવે. આપણે જો નાસ્તો કરતી વખતે ડિસ્કરેજ ના થયા ને હવે ડિસ્કરેજ થઈએ તે શું કામનું ? નાસ્તો કરતી વખતે શૂરવીર હતો અને હવે ડિસ્કરેજ થયે પાલવે નહીં ને !' ત્યારે એ કહે, 'ગાડી ઊપડી ગઈ, હવે શું કરીશું ? મોટાભાઈને શું કહીશું ?' અને એમનો કડક સ્વભાવ, સહન ના થાય. મને તો ફફડાટ છૂટે, પરસેવો છૂટી જાય. મોટાભાઈનો તાપ બહુ, જબરજસ્ત તાપ, મને તો જરાય સહન ના થાય. તે થયું કે શું થશે હવે ? એટલે પછી મેં પેલાને કહ્યું, 'ભઈ, ચાલ, આપણે ચાલીને જતા રહીએ.' તે દહાડે એવો દસ માઈલ, પંદર માઈલનો હિસાબ નહીં. ઉંમર એવી ને, બાવીસ વરસની ઉંમર હતી. મેં કહ્યું, 'ચાલ, આપણે જતા રહીએ.' અને હિસાબેય નહીં, આમ ફરવા જેવું લાગે. આમ ભય જેવું નહીં. ત્યારે પેલો કહે છે, 'હા, કશો વાંધો નહીં, પણ આ રૂપિયા છે પાસે.' તો મેં કહ્યું, 'એ બધું મારે સાચવવાનું, તું ચાલીશ ખરો ને ?' ત્યારે કહે, 'હા, ચાલીશ.' એટલે પછી અમારે તો ચાલીને જ ડબકા જવાનું થયું અને અમારા નાસ્તા-પાણી કરેલા તો ભારે પડ્યા !

ઉંમર નાની એટલે નક્કી કર્યું કે ભલે ને, ગાડી જતી રહી, આપણને પગમાં તો જોર છે ને ! તે ત્યાંથી ચૌદ માઈલ થાય. ચૌદ માઈલે ઊતરવાનું હતું ગાડીમાં બેસીને. તે અમે બેઉ જણાએ ચાલવા જ માંડ્યું, સાંજના પાંચ વાગે. તે આઠ માઈલ ચાલ્યા, ત્યારે પાદરા આવ્યું.

## હવે આગળ બહારવટિયા મળશે એવી મળી ચેતવણી

ત્યાં આગળ મેં કહ્યું, 'ફરી ચા-પાણી કરીએ.' હવે આટલું બધું ચાલ્યા તે.

**પ્રશ્નકર્તા :** આઠ માઈલ ચાલ્યા'તા એટલે ચા-પાણી કરવા જ જોઈએ ને !

**દાદાશ્રી :** પછી પાદરામાં એક જણ ઓળખાણવાળા મળ્યા તે કહે છે, 'અત્યારે ના જશો હવે રાત્રે. આગળ છે તે આખું બહારવટિયાનું ગામ છે.' ત્યાંથી બે જ સ્ટેશન છેટું. હવે એક બાજુ આ જ્ઞાન છે ને એક બાજુ અમારા મોટાભાઈનું જ્ઞાન તો મને હાજર હોય જ ને ! એ જ્ઞાનનો ભય તો હાજર જ હોય ને, કે આપણે ભૂલ કરીએ તો આવો દંડ થાય ને ! માટે ભૂલ ભાંગી નાખવી. ભૂલ થઈ છે, એવું ના થવા દેવું. કોઈ પણ રસ્તે આપણે પહોંચી જવું.

એક બાજુ મોટાભાઈની બીક, એટલે ચાલવા માંડ્યું. પણ એમણે કહ્યું, કે 'અહીંથી રાતના પોર ચાલતા આગળ જવાય નહીં. તમારી પાસે કંઈ જોખમ છે ?' તે અમે કહ્યું, 'અમારી પાસે તો કશું જોખમ જ નથી.' અમુક વખતે જગતમાં સાચું ના બોલાય. તે ભો જ ગયો. ત્યાંથી ડબકાની સડક હતી. તે ત્યાં પાછો બીજો કો'ક રસ્તામાં મળ્યો ને, તે કહે, કે 'અહીં તો ઉઠેલ બહારવટિયા ફરે છે. તે આગળ જવાય જ નહીં.' તે મને તો પહેલેથી જ એમ કે કોણ લૂંટનાર છે ? કંઈક સત્તા હશે કે નહીં ?

## બહારવટિયા મળે તો 'શું કરીશું'ની નીડરતાથી ગોઠવણી કરી

ત્યારે પાછું ત્યાં છે તે ચા-પાણી કરી અને મેં પેલાને કહ્યું, 'સિગરેટની ડબ્બી લઈ લે, અલ્યા.' ત્યારે એ કહે છે, 'સિગરેટની ડબ્બી તો છે ને તમારી પાસે.' મેં કહ્યું, 'એ તો મારે પીવાની. પેલા બાપા મળશે તેને શું પાઈશ ? આ (બહારવટિયા) સામા મળે તેને શું પાઈશ ? મૂઆ, હજાર રૂપિયા છે, તે લઈ લેશે મારીને.' એટલે સિગરેટની ડબ્બીઓ બે-ત્રણ લીધી જોડે. મને પેલા પહેલેથી વિચાર આવે અવળા. શું થશે આગળ ઉપર, એવા વિચારો આવી જાય. તે ભેગો થયો તો શું કરવું આપણે ? એટલે ચિંતા ના થાય, પણ શું કરવું એના પ્રિકૉશન્સ આવી જાય. ફરી પાછું આગળ જવાનું હતું, છ-સાત માઈલ.

**પ્રશ્નકર્તા :** બીજા છ-સાત માઈલ.

**દાદાશ્રી :** તો જ એ ગાડી ચૂક્યાની તે ભૂલ ભાંગી જાય. રાત્રે જ્યાં સૂઈ જવાના હતા, ત્યાં જઈને સૂઈ જવાનું. પણ આ તો ભૂલ ભાંગી. અને ત્યાંથી પાછું આગળ જવાનું હતું. પણ રાત્રે જ્યાં સૂવાનો વિચાર

કર્યો હતો, ગાડીમાં ગયા હો તોય, તે હવે જે ભૂલ ખાધી હતી એ ભૂલ ભાંગી નાખવાની.

**પ્રશ્નકર્તા :** બરોબર.


**દાદાશ્રી :** પછી સિગરેટ એટલા માટે લીધી, કે એ બહારવટિયા ભેગા થાય, તો મારે એમને શું કહેવું ? શું આપણી પાસે બીજું સાધન વાતચીત કરવાનું ? એટલે હું કહું, કે લ્યો, સિગરેટ-બિગરેટ પીઓ.

હું જાણું કે અત્યારે કોઈ મથુરા મળ્યા વગર રહે નહીં. અંધારી રાત છે અને વખત ખરાબ છે, અને દસ-અગિયાર વાગી જાય, તો બાર વાગે તો આવે ને, પેલા લોકો. બે સિગરેટના પાકીટ લીધા, મળે તો શું કરવું એનું ગોઠવી રાખેલું. વિચારી રાખેલું નહીં, ગોઠવી રાખેલું. વિચારવું અને ગોઠવવું બેમાં ફેર.

## નોકરને કહ્યું, 'પૈસા તું રાખ ને ગભરાઈશ નહીં'

એટલે ચા-પાણી કર્યા પછી ખાનગી એક જગ્યાએ ઊભા રહીને પેલાને મેં કહ્યું, 'લે આ રૂપિયા, તું તારી પાસે લંગોટમાં મારી દે. નહીં તો આપણે જો આ હજાર રૂપિયા જાય તો આપણે ઘેર શું જવાબ આપીએ ? તારે મારી પાછળ પાછળ ચાલ્યા કરવાનું, આઘાપાછા નહીં થવાનું. તું પાછળ ને હું આગળ. રૂપિયા તું ઘાલી રાખ. હિંમત મારી, મારે તને સાચવવાનો, તું ગભરાઈશ નહીં.' તે એણે લંગોટમાં રૂપિયા મારી દીધા. એ નોકરના કપડાં જરા મેલા, મારું કપડું જરા સારું દેખાય. શેઠ ખરો ને, હું તો !

તે પછી છે તે મારી પાસે કશુંય નહીં. ફક્ત મારી પાસે રૂપિયો-બે રૂપિયા રાખ્યા ને સિગરેટો ખરી. પછી હું આગળ ને એ પાછળ. મેં કહ્યું, 'તું તારી મેળે પાછો ભડકીશ નહીં, હું છું.' તોય પેલો ફફડ્યા કરે આમ મહીં. મેં કહ્યું, 'ફફડીશ નહીં જરાય, હું છું જોડે.' એ કહે છે, 'પણ આગળ બહારવટિયાનું ટોળું...' મેં કહ્યું, કે 'હું માર ખાઈશ પણ તને બચાવીશ. તું તારી મેળે ચાલ ને, મારી જોડે.' એને મેં હિંમત આપી. એટલે હિંમતમાં આવી ગયો. પછી ચાલ્યો ભઈ મારી જોડે.


વિશ્વામિત્રી જંકશન
૭ માઈલ
પાદરા
(ફરી ચા-પાણી કર્યા)
૬ થી ૭ માઈલ
બહારવટિયા મળ્યા
સરકારી સ્ટોર
(રાત્રી રોકાયા)
ડબકા

હું આગળ ને એ પાછળ, રેલવે લાઈન પર. અંધારું, પણ આ તારાઓના અજવાળાથી ચાલી શકાય. બૅટરી જેવા તે દહાડે સાધનો બહુ નહીં. અને હોય તોય આપણને ખબર જ નહીં ને, કે અત્યારે રાત્રે બૅટરીની જરૂર પડશે. એટલે પછી ચાલતા ચાલતા ચાલતા, પેલાને મેં કહ્યું, 'ભાઈ, તું ભડકીશ નહીં, હોં. કંઈ પણ અવાજ થાય, બીજું થાય. હું છું તારી જોડે, ગભરાઈશ નહીં. કોઈ પણ ગણસારો (અણસારો) દેખાય તો ભડકીશ નહીં.' એટલે પેલો સમજી ગયેલો કે ભડકવા જેવું નથી. ''જો 'તારી પાસે પૈસા છે' એવું ભડકી જઈશ તો સમજી જશે પેલા.'' મને ખબર ખરી કે આ નંગોડો ભેગા થયા વગર રહે નહીં. આ ક્વૉલિટી અગિયાર-બાર વાગે ને, એટલે ભેગા થયા વગર રહે નહીં ને !

## ગામ આવતા પહેલા જ દેખાયા બહારવટિયા

એટલે હું તો સિગરેટ પીતો જઉં ને ચાલતો જઉં. તે દહાડે શ્રીમદ્ રાજચંદ્રનું નામ-બામ હાથમાં આવેલું નહીં. ઐસે હી ચાલ્યા એમ, ઉપયોગ-બુપયોગ કશુંય નહીં. પછી તો જે ગામ જવાનું હતું, તે ગામ નજીક આવ્યું. જ્યાં આગળ અમારે ઉતારો કરવાનો હતો રાત્રે, ત્યાં આગળ છે તે પંચાયતનું એ હતું, આ રેસ્ટ હાઉસ જેવું. એટલે ભાડે રેસ્ટ હાઉસ જેવું, પણ નાના સ્ટૉર જેવું. આપણે પડી રહેવાના સાધન તરીકે ચાલે. કાયમ આવવા-જવા માટે, આડે દહાડેય ચાલે. એટલે મેં કહ્યું, 'ત્યાં મુકામ કરીશું.'

પછી રેલવે લાઈન ઉપર ચાલ ચાલ કર્યું. ત્યાં એક બાવળી (બાવળોવાળી જગ્યા) આવી, અને એક ખાડો આવ્યો, તળાવ. તે હવે જે ગામમાં અમારે રેસ્ટ હાઉસમાં મુકામ કરવાનો હતો, હવે ત્યાં આગળ જ આવું આવ્યું. હવે ત્યાંથી રેસ્ટ હાઉસનો, પા કલાકનો રસ્તો. ત્યાં આગળ લોકોએ અમને કહેલું કે પેલી બાવળીમાં બહારવટિયા બેસી રહેલા હોય છે. અને તે અમે જાણીએ ખરા કે, 'અહીં આગળ આનો મુકામ છે.'

**પ્રશ્નકર્તા :** બહારવટિયાનો ?

**દાદાશ્રી :** હા. ત્યાં મોટો ખાડો, તળાવ, અને મોટી બાવળી બધી અને રેલવે. તે રેલવેથી એ મહીં અંદર આમ વીસ ફૂટ સ્લૉપમાં જઈએ ત્યારે નીચે છે તે બાવળી બધી આવે, એટલો બધો સ્લૉપ, નીચાણમાં એ જગ્યા. એટલે પછી ત્યાં પેલા લોકોએ કહેલું, કે 'આ બાવળીમાં ઘણા ફેરા બહારવટિયા બેસી રહે છે.' એટલે મેં પેલાને (નોકરને) કહ્યું, 'હવે જો અત્યાર સુધી મળ્યો નથી. હવે આ અહીં ચેતવાનું છે અને ચૂપ રહેજે. હું ચાલુ તે બાજુ ચાલવું તારે.' એટલે ચાલતા ચાલતા ગણસારો સાંભળ્યો મેં, અવાજ સાંભળ્યો. એ કાન જરા સારા, તે અવાજ સાંભળ્યો. મેં કહ્યું, ''સાલું છે ખરું કો'ક તો !'' અને કઈ બાજુથી આવે છે, જોઈ લીધો. ત્યાં આગળ મને ગણસારો લાગ્યો કે આ માણસો દેખાય છે બધા, આમ નીચે જોયું તો. એટલે હું સમજી ગયો કે આ જ લોકો બહારવટિયા ! અને અમને કહ્યું હતુંય એ જ જગ્યા !

## છેટા જઈશું તો પડકારશે, તેથી સામે ગયા

પછી ''અહીંથી જો સીધા જઈશું તો એ પડકાર કરશે, 'ખડે રહો' કહેશે, તો આપણા મોતિયા મરી જશે.'' એવો વિચાર કર્યો મેં. એટલે મેં કહ્યું, એ જ્યાં બેઠા હોય ત્યાં જ જવું આપણે, એની સામા જ. કારણ કે જો સીધા જઈશું તો 'અબે કૌન હૈ' બોલશે, તો આપણા ગાતર ઢીલા થઈ જશે. માટે આપણે ચાલો એની પાસે જ. બહારવટિયા જે બેઠા હતા, તે આમ જઈએ ત્યારે 'ઊભો રહે' કહે ને ? એના તરફ જતા હોય તો 'ઊભો રહે' કહે આપણને ? તે મેં પેલાને કહ્યું, 'રેલવે લાઈનથી ઊતર મારી જોડે.' એટલે સ્લૉપમાં ઊતરી પડ્યા, ઢાળમાં. અને પેલા બધા બેઠેલા, બુકાનીઓ બાંધીને. તે પેલા બહારવટિયા પાસે જઈને બેઠો હું તો. તે બહારવટિયાઓ તો બુકાની બાંધેલા, ઓળખાય-બોળખાય નહીં. અંધારું ઘોર પણ સાધારણ આમ સહેજ સહેજ દેખાય, આ તારાઓના લીધે અજવાળું. પેલાને (નોકરને) શું કહ્યું ? 'અલ્યા બેસ, આજ તો બહુ થાક્યા છીએ, બેસ થોડીવાર. સિગરેટ, બીડી-બીડી પીઈએ.' એટલે એણે (બહારવટિયાએ) કહ્યું, 'અલ્યા, કોણ મૂઆ છો ? કંઈથી આવ્યા છો ?'

જો નીચે પહોંચ્યા એટલે, 'અત્યારે ક્યાંથી આવો છો' એમ પૂછે છે. અને આમ જતા હોય તો, 'અબે કૌન જાતા હૈ, ઊભા રહો, ખડે રહો', કહેશે. પછી મેં કહ્યું, 'અમે તો આ ટિકિટના પૈસા નહોતા એટલે અમે પાદરાથી ચાલતા આવ્યા છીએ. અને અહીં જવું છે આ ગામ.' એ ગામનું નામ દઈ દીધું મેં.

## 'ભાડું ખૂટ્યું તેથી ચાલીને આવ્યા' કહી માથે પડ્યા એમને

અને મેં કહ્યું, ''અહીંયા તો બહારવટિયાનો ભો ને, એટલે અમને ગભરામણ લાગતી'તી. તે આ તમે મળ્યા તો સારું થયું.'' પછી સિગરેટ કાઢીને હું તો બેઠો ત્યાં આગળ અને પછી સળગાવીને મેં એમને સિગરેટ ધરી. 'સિગરેટ-બિગરેટ પીવી હોય તો લ્યો, પીવો', કહ્યું. 'હવે તું બહુ ડાહ્યો ના થઈશ. હવે હેંડ, સીધો ચાલવા માંડ, મોટો ડાહ્યો આવ્યો છે તે !' મેં કહ્યું, 'આ સિગરેટ તો પીવો, આમાં તમારું શું બગાડવું છે ? પૈસા નહોતા તે આ સિગરેટ લઈને ચાલ્યા અત્યારે. ભાડું ખૂટ્યું એટલે ચાલીને આવ્યા, તેમાં ગુનો કર્યો અમે કંઈ ?'

**પ્રશ્નકર્તા :** અમારી પાસે ભાડાના પૈસા નહોતા એટલે ચાલતા આવ્યા.

**દાદાશ્રી :** ભાડું ખૂટ્યું, એટલે ચાલીને આવ્યા. ત્યારે કહે, 'જાય છે કે નથી જતો ? હમણે આડું મારું છું. મોટો સિગરેટ પાવાવાળો આવ્યો છે ! તું જાય છે કે નથી જતો ?' મેં કહ્યું, 'થોડીવાર તો બેસવા દો.' 'એય ઝપાટો, મારો અલ્યા થાપટ', કહે છે. મેં કહ્યું, 'ઊભા રહો, ઊઠીએ બા, થાપટ ના મારીશ, ઊઠીએ. તને ના ફાવતું હોય તો અમે આ હેંડ્યા.'

એ કહે, 'ચાલવા માંડ, બહુ દોઢડાહ્યો ના થા.' કારણ કે એ લોકો તો બહુ કામગરા અને બહુ વિચારક માણસો, એમાં આ ડખલ કરીએ એટલે પછી કહે. 'ચાલવા માંડ' એમ કહ્યું ને, એટલે મેં કહ્યું, આ ઝટ ફાવ્યા, ચાલો. આ લોકોએ એમ ને એમ ટિકિટ આપી દીધી. પાસ આપી દીધો આપણને !

## બહારવટિયાને મૂંઝવીને સલામત નીકળી ગયા

તે ઊઠીને અમે હેંડતા થયા. અને પછી ત્યાંથી દસ જ મિનિટમાં જ્યાં આગળ અમારે ઊતરવાનું, એ સરકારી સ્ટૉર. દસેક મિનિટમાં ત્યાં સ્ટૉર પર પહોંચ્યા. પેલો પગી (રખેવાળ) કહે છે, 'શેઠ, અત્યારે કંઈથી આવ્યા ? ગાડી તો ક્યારની આવી ગઈ !' તો મેં કહ્યું, 'અમે રસ્તે રસ્તે આવ્યા. પાદરેથી આવ્યા. ગાડી ચૂકી ગયા, પાદરામાં ગયા હતા તે.' એને એમ તો ના કહેવાય ને, કે આ બધી હકીકત બની'તી. પછી તે મને કહે છે, 'તમે શી રીતે આવ્યા ? આ હમણે જ ગયા પેલા બધા. હમણે અહીં ભાંગ-બાંગ પીને ગયા. તમને શી રીતે ભેગા ના થયા ?' મેં કહ્યું, 'થયા ને, ભેગા.' તો કહે, 'માર્યા-કર્યા ?' મેં કહ્યું, ''ના, માર્યાય નથી ને લૂંટ્યાય નથી બિચારાએ. એમણે જ કહ્યું કે 'તું તારે ચાલ્યો જા.' મને એ લોકોએ શેઠ-બેઠ નહીં કહ્યું, તું ચાલ્યો જા અહીંથી, ઊઠ, તું જા અહીંથી.'' એ કહે, 'બહારવટિયાએ આવું કહ્યું ? કંઈ તમને કર્યું નથી ? માર્યા-કર્યા નથી ?' મેં કહ્યું, ''ના, માર્યા નહીં, અને પાસ આપી દીધો કે 'જા.' સહેજ તુંકારો કરીને ટૈડકાવે એટલું જ, કે 'ઊઠ અહીંથી હવે છાનોમાનો !' પણ બહુ સારા માણસ. મારી પાસે પાંચ રૂપિયા હતા તેય ના લઈ લીધા. તે કશું માર્યા-કર્યા નહીં.'' લ્યો, હજાર રૂપિયા હતા પણ જુઓ, સેફસાઈડપૂર્વક નીકળી ગયા ને !

## ભય પામ્યા તો તેને ભૂતાય પકડે

અને છેટા જઈએ ત્યારે શું થાય ?

**પ્રશ્નકર્તા :** એમના મનમાં લાગે કે કંઈક છે આમાં.

**દાદાશ્રી :** ના, છેટા જઈએ એટલે ભય પામ્યા ને, પછી એને ભૂતાય પકડે ને બધાય પકડે. ભૂતા એને ફરી વળે. મારું તો મૂળ ક્ષત્રિયનું ને, તે સામા જઈએ. ક્ષત્રિય કુળ એટલે સામા જવાની ટેવ. આવી જા ને, જોઈ લઈશું. તમે શું કહો છો, ક્ષત્રિય કુળ એવું ખરું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** બધાય ક્ષત્રિય એવા હોય તો સારા એ !

**દાદાશ્રી :** હવે આ વાત બહાર કોઈ સાંભળતો હોય તે આપણને શું કહે ? સત્સંગ કરો છો કે ગપ્પાં મારો છો, એવું આપણને કહે.

**પ્રશ્નકર્તા :** જે કાંઈ કરીએ છીએ, એ કરીએ છીએ. અધિકારી સિવાય બીજાને આવું પૂછવાનો અધિકાર નથી.

**દાદાશ્રી :** હા, હા, ખરી વાત. પણ સેફસાઈડથી નીકળી ગયા એનો આનંદ બહુ વર્તાય.

**પ્રશ્નકર્તા :** હા, એક્ઝેક્ટલી. આજે તમે વર્ણન કરો તો અમને થાય છે ને કે આ અજમાવવા જેવું છે !

## કળાધર દાદાએ કર્યું નાટક, બહારવટિયા ભૂલથાપ ખાઈ ગયા

**દાદાશ્રી :** હું પણ ડહાપણ કર્યા વગર ના રહું, કે 'ભઈ, એક સિગરેટ તો પીવો તમે.' સિગરેટ એમના હારુ જ લીધેલી વધારે, કે એમને પાઈશું. આ બધું ત્યાં રૂપકમાં આવી ગયેલું, કે આવું થાય ત્યારે પાવી એમને સિગરેટ. એ જાણે કે માથે પડ્યા મને ! માથે પડ્યા, ટિકિટ વગરના લોક ! કંઈ આ અહીં આવ્યા પાછા. મેં સળગાવવા માંડી એમની રૂબરૂ, મેં કહ્યું, 'લ્યો, આ સિગરેટ-બિગરેટ પીવો ને !' 'જો પાછો બોલ્યો', કહે છે. હું સમજુ કે આ જરાક એ કરીશું ને, નાટક કરવાનું. પછી એણે છોડી દીધા.

આ જગત નાટક જ છે ને ! હું આમનો જમાઈ થયો, એ નાટક નથી ? કોઈ સાચો જમાઈ હોતો હશે ? આ તો અમે કામ કાઢી લઈએ, નિર્દોષ ભાવથી. સામાને નુકસાન કરવા માટે નહીં, સામાને ભૂલથાપ ખવડાવી દેવા માટે.

**પ્રશ્નકર્તા :** દાદા, અત્યારે બીજું કોઈ આવું કરવા જાય તો ફસાઈ જાય.

**દાદાશ્રી :** મને તો બધી કળા આવડે, બધી બહુ કળા આવડે. રૂપિયા એના (નોકરના) લંગોટમાં મરાવેલા. અને એના કપડાં જરા

મારા કરતા રાશી અને મારા તો ઈસ્ત્રી ટાઈટ. એટલે પેલો ખંખેરી લે તો મને ખંખેરી લે, તો હું કહી દઉં, કે 'લે ભાઈ તારે, આ કોટમાંથી લઈ લે, જે હોય તે.' પાછું થોડુંક મહીં પરચૂરણ રાખેલું. પાછું એ ના ભાગે આવે ત્યારે તો હપૂચા કહે, કે આ હપૂચા ના હોય એવું ના હોય. એટલે બધું રાખેલું. પણ જો એ કાઢી લેત, તો આપી દેત. પણ પેલા લંગોટવાળા એ બધું અનામત. પણ મળ્યા ખરા એક ફેરો, આખી જિંદગીમાં. પણ પાસ આપી દીધો તરત જ, 'ઊઠ અહીંથી', કહે છે. એમને માથે પડ્યા જેવું લાગ્યું. મેં કહ્યું, 'અહીં બહારવટિયાનો ભો, એટલે તમને દેખીને અમને તો ગભરામણ જ બંધ થઈ ગઈ.'

## બુદ્ધિ દિવાલો ઓળંગી ગયેલી, તે જબરજસ્ત સૂઝ પડી જાય

**પ્રશ્નકર્તા :** બહારવટિયા હતા એને જ કહે, 'બહારવટિયાનો ભો, આ તમે મળ્યા તો સારું થયું.'

**દાદાશ્રી :** ના, એટલે એવું છે ને, આ બુદ્ધિ છે તે દિવાલો ઓળંગી ગયેલી. એટલે અમને પહેલેથી આ એક જાતની સૂઝ પડી જાય મહીં ! તે સૂઝનો આ ઉપાય, શું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સૂઝ પડી જાય, કે અહીં શું કરવાનું, અમુક જગ્યાએ શું કરવાનું, અમુક જગ્યાએ શું કરવાનું, બધી સૂઝ પડી જાય.

**પ્રશ્નકર્તા :** તે એ સૂઝ પડી હશે ને, એ વખતે ? બહારવટિયાની જે વાત છે, એમાં સૂઝની વાત લાગે છે.

**દાદાશ્રી :** હા, સૂઝની જ ને બધી, આ સૂઝ...

**પ્રશ્નકર્તા :** હા, તે શું હતું ?

**દાદાશ્રી :** મહીં અંદર સૂઝ પડી જાય ને, એટલે આ આમ કરો ને આમ કરો. એટલે થઈ ગયું, નિવેડો આવી જાય.

## નહોતી પડી સૂઝ ને ભાગવું પડ્યું'તું, તેય જણાવે દાદા

તોય એક જગ્યાએ સૂઝ ના પડી, તે મારે દોડવું પડ્યું'તું.

**પ્રશ્નકર્તા :** એ શું, દાદા ?

**દાદાશ્રી :** હું એકવાર માથાભારે લોકોના લત્તામાં ગયો'તો. તે મને ખબર નહીં. તે હું તો કોન્ટ્રાક્ટનો ધંધો કરું, એટલે લોંગ કોટ પહેરીને ત્યાં રહીને જતો'તો. તે આપણને ખબર નહીં કે આ આવો લત્તો છે ! ત્યારે મહીંથી બે-ચાર જણાં કહે, 'અલ્યા, ચ્યો (કયો) આ છે તે ? કોણ મૂઓ લાંબો કોટ પહેરીને જાય છે તે ?' ત્યારે મને મનમાં થયું, 'દૈ જાણે શું હશે તે, આ આવું કેમ કહેતો હશે ?' 'લાવ, પેલું આડું કાઢ', પેલા કહે છે. આડું એટલે તમે ના જાણો, નહીં ? ગાડાને આડા હોય છે, આડા ! 'કાઢ આડું', કહે છે. મને થયું કે 'આ તો અહીં ફસાયા, આપણે ભાગો અહીંથી.' તે ભાગીને જતો રહ્યો પણ હું. ત્યારે ઉંમર ત્રીસ-બત્રીસ વર્ષની, શરીર સારું હતું.

**પ્રશ્નકર્તા :** પણ દોડીને જ જતા રહ્યા ?

**દાદાશ્રી :** ત્યાં કશું નાટક કરતા ના આવડ્યું, તે ભાગી ગયો. મેં કહ્યું, આ આડું મારે એ તો પાછું ! આ નાલાયક લોકો. અને આપણામાં એવો કોઈ ધર્મ નહીં કે પ્રભાવ પાડી દે. તે આડું મારી બેસે ને ! આ આવું જો અત્યારથી બોલે, આપણે વગર નામ દીધે આવું બોલે છે, તો શું ના કરે એ માણસ ? હું મારે રસ્તેસર જતો હતો અને કહે છે, 'આડું કાઢો, કયો જાય છે ?' આ લાંબો કોટ પહેરીને ગયા એટલે ગુનો !

**પ્રશ્નકર્તા :** પણ એ જ કારણ ? લાંબો કોટ પહેર્યો એટલે આડું કાઢો ?

**દાદાશ્રી :** હા, એ જ. આટલો બધો રોફભેર અહીંથી જાય ?

**પ્રશ્નકર્તા :** હા, રોફે કરીને.

**દાદાશ્રી :** આ તો બધી જાતના ખેલ છે. પણ અમુક જગ્યાએ

નાયે આવડ્યા હોય ! આ જગ્યાએ ના આવડ્યું તેય ખેલ... જગા મને યાદ આવી ગઈ. આમાં શું કાઢવાનું હારું ? આ તો આ જેમ તેમ કરીને પતાવીને અહીં સુધી આવ્યો છું !

## ટાઈમે કામ પૂરું કરવું જરૂરી હતું

હવે શું બીજી કંઈ વાત કરતા નથી ? તમે મારી પાસે બોલાવ બોલાવ કરો છો. બીજી તમે વાત કરતા નથી. કશું વાત કરો ને ! તમને બહારવટિયા નથી મળ્યા કોઈ દહાડો ?

**પ્રશ્નકર્તા :** આપણી પાસે છે શું, તો લૂંટાઈ જાય ? આપણી પાસે છે શું, તો કાઢી લે ?

**દાદાશ્રી :** ના, પણ મળ્યા છે ખરા ? આ તો નાનપણની વાતો આમને કરેલી હોય. કોઈક દહાડો વાત નીકળે ત્યારે કરેલી, તે એનો ટેસ પડી જાય એમને.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, તમને એ વિચાર ના આવ્યો કે એક ગાડી ગઈ, હવે બીજી આવશે. બેસો અહીંયા શાંતિથી.

**દાદાશ્રી :** ના, ત્યારે બહુ ગાડીઓ નહીં. એ પાંચની ગઈ, પછી ફરી ગાડી બીજે દહાડે સવારમાં દસ વાગે.

**પ્રશ્નકર્તા :** તો અહીંયા ઘરે આવીને સૂઈ ના જઈએ ?

**દાદાશ્રી :** મોટાભાઈનો આકરો સ્વભાવ, તે ઘેર જવાય નહીં. હવે કરાય શું અને ત્યાં ગયા વગર છૂટકો નહીં. હું જઈશ નહીં તો બીજો એક દહાડો બગડે. આ તો એ ગાડીમાં ગયા હોત તો શું થાત ? પહોંચીને એક જગ્યાએ સૂઈ જવાના હતા, તે જગ્યાએ આગળ જવા નીકળી ગયા. એટલે આપણો ટાઈમ બગડ્યો નથી. ટાઈમ એ, ઈસેન્સ (એસેન્સ) ઑફ ધ ટાઈમ હતો. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરોબર, બરોબર છે.

**દાદાશ્રી :** ટાઈમ ઈસેન્સ (એસેન્સ) હતો.

## આવો તૈયાર માલ હતો તેથી અક્રમ પ્રગટ થયું

**પ્રશ્નકર્તા :** દાદા, પછી ત્યાં પહોંચીને શું કર્યું ?

**દાદાશ્રી :** પછી નોકરને મેં કહ્યું, 'ચા-બા બનાવ અત્યારે, હેંડ.' ત્યારે કહે, 'દૂધ છે નહીં.' મેં કહ્યું, 'તું ગમે ત્યાંથી લઈ આવ. અને તું ચા-બા બનાવ, ગરમ નાસ્તો કર, આજ તો ખરા ફાવ્યા છીએ !' નોકરનેય સવારમાં પાંચ આપી દીધા. સવારમાં ઊઠીને પછી ચાલવા માંડ્યું. પહોંચી ગયા અમે. ત્યાંથી કાણ કરવા માંડી હોત તો શું થાત ?

**પ્રશ્નકર્તા :** તો થાત, મોકાણ જ થાય. કાણ કરે તો મોકાણ થાય.

**દાદાશ્રી :** કશો વિચાર જ નહીં આવેલો એવો કે લૂંટશે અમને. એવો વિચાર જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** આ અક્રમ પ્રગટ થયું છે, તે આપનામાં કંઈ અમસ્તું પ્રગટ નહીં થયું હોય !

**દાદાશ્રી :** અમસ્તું નહીં, આ બધું તૈયાર માલ લઈ આવેલા. અમથો આ દીવો એમ ને એમ ઝળકે નહીં ને ! એ દીવા એટલા, આ દિવેટો એટલીઓ, તે ઘી એટલું, બધું લઈને આવેલો છું. પણ મને આ ભવમાં ખબર નહીં પડેલી. કેવું સરસ ! પેલો છોકરો તો જીવતો'તો ત્યાં સુધી કહેતો'તો કે 'આ કહેવું પડે !'

**પ્રશ્નકર્તા :** વિઠ્ઠલભાઈ ?

**દાદાશ્રી :** ના, પેલો મારી જોડે આવેલો તે માણસ. અમારે ત્યાં નોકરી કરતો'તો ને, તે આવ્યો'તો. ''તે દહાડે તો અજાયબી જ કરી હતી તમે ! શું કારીગરી કરી'તી !'' કહે છે. એમાં કારીગરી કશુંય નહોતી. વગર કામનું પહેલું રડવું કે પછી રડવું, આ જ્ઞાન અમારું બધું હાજર રહે. પહેલું રડીએ તો અવશ્ય મરી ગયા વગર રહે જ નહીં.

## ભય પમાડનારા જ કંટાળ્યા દાદાની કારીગરીથી

જુઓ, હજાર રૂપિયા બચ્યા ને માર ખાધો નહીં. પેલાએ ટૈડકાવ્યા

એટલું જ. 'ઊઠને અહીંથી, ચાલવા માંડ', કહે છે. છૂટી આપી એ લોકોએ, પરવાનગી આપી એ લોકોએ. એય કંટાળ્યા આપણાથી. આપણે જેનાથી ભય પામતા'તા, એય આપણાથી કંટાળ્યા કે 'આ પાછા કંઈ આવ્યા ? પાછું બીડીઓની વાતો કરે છે ! આ બહુ દોઢડાહ્યો લાગે છે', કહે છે.

**પ્રશ્નકર્તા :** એના બીજા ઘરાક અટકી જાય ને ! એને પાછો બીજો ધંધો કરવાનો હોય તે અટકી જાય ને ?

**દાદાશ્રી :** હા, એને બધી બહુ સુંદર ગોઠવણી કરેલી હોય છે. એમની તો આપણા કરતાંય વધારે જાગૃતિ, એટલે એ ગોઠવણીને નુકસાન થાય ને ! પેલાએ (પગીએ) કહેલું ને, 'અસલ બહારવટિયા બેઠા હશે, હમણે અહીં આવીને જ ગયા.' પેલો (પગી) બધાને ઓળખે. 'તમને કશું કર્યું નથી ને ?' મેં કહ્યું, 'ના, કશું જ નહીં.' એમણે ઊલટું એમ કહ્યું, કે 'તું ઊઠીને જા અહીંથી.' એટલે પેલોય બહુ ખુશ થઈ ગયો ને કહે છે, 'આવું બનેલું જ નહીં. માર્યા વગર તો રહે નહીં. મારીને થોડુંઘણું લઈ લીધા વગર રહે નહીં, જવા જ ના દે એમ તો.' જો ઉપર ચાલ્યો જતો હોત ને, તો 'અબે કૌન હૈ' બોલત. જો સામા ગયા તો બચી ગયા.

## લૂંટાયા પહેલા શું કામ રડે છે ?

ગાડી એક્સિડન્ટ થતા પહેલા રડવા માંડીએ તો ? એક્સિડન્ટ થયા પછી રડજે ને, આ હમણે શું રડે છે ?

એકનો એક છોકરો માંદો થયો હોય ને, તે મનમાં એમ વિચાર આવે કે મરી જશે તો શું થશે ? તે પોતે રડે ત્યાં આગળ. ધ્રુસકા મેલી મેલીને રડતો હોય, એના જેવું છે. પેલો જીવે છે ને મૂઆ, રડે છે શેનો તે ?

**પ્રશ્નકર્તા :** હજુ લૂંટાયા તો છે નહીં.

**દાદાશ્રી :** ના, તેનો વાંધો નહીં. ત્યાં સુધી એ વાંધો નહીં. જીવે છે ત્યાં સુધી દવા કરો. મર્યા પછી તને ધરાવો થાય ત્યાં સુધી રડજે. પણ આમ પહેલો ક્યાં રડે છે ? હજુ તો જીવે છે એ. પહેલું રડે ત્યારે લોકો

ના કહે, મૂઆ, હજુ જીવતો છે, રડાતું હશે ? એવું કહે કે ના કહે ?

**પ્રશ્નકર્તા :** કહે.

**દાદાશ્રી :** અને આ લૂંટાવાની બાબતમાં ?

**પ્રશ્નકર્તા :** કશું ના કહે. દાદા, એવું એ સમજે નહીં ને !

**દાદાશ્રી :** આની સિમિલિ સમજે નહીં કે આ શાને લીધે રડે છે !

**પ્રશ્નકર્તા :** તો શું બધા એમ કહે કે અહીં લૂંટાવાનું છે તો તોય...

**દાદાશ્રી :** રોફથી જઉં હું, નીડરપણાથી જઉં. અને પછી લૂંટાયા પછી થોડીવાર રડવું હોય તો રડજે. હજી મૂઆ, લૂંટાયા પહેલા શું કામ રડે છે ?

## લૂંટાવાનું ઈનામ તો કો'ક દહાડો લાગે

એક માણસ મુંબઈમાં છે તે એવા ગભરાટવાળા, તે મને કહે છે, 'હવે તો આ ટેક્ષીઓ-બેક્ષીઓમાં ફરાય નહીં.' મેં કહ્યું, 'શું થયું ભઈ ? આટલી દસ હજાર ટેક્ષીઓ છે ને ના ફરાય, એવું આ શું આવ્યું ? સરકારનો કાયદો આવ્યો ?' ત્યારે કહે, 'ના, લૂંટી લે છે. ટેક્ષીમાં મારીને લૂંટી લે છે.' અલ્યા મૂઆ, આવા ગાંડા ક્યાં સુધી કાઢશો તમે લોકો ? લૂંટાવું એ કાયદેસર છે કે ગેરકાયદેસર છે ? લૂંટાવું એ કાયદેસર છે. આવું દહાડામાં રોજ ચાર જણ લૂંટાતા હોય તેથી એ ઈનામ તમને લાગશે, એ શી રીતે ખાતરી થઈ ગઈ ? એ ઈનામ તો પહેલા નંબરવાળાને કો'ક દહાડો લાગે, કંઈ રોજ ઈનામ લાગતા હશે ?

મેં આ બધાને કહ્યું, 'ભય હોતો હશે !' મૂઆ, આ ભય કરીને કંઈ સુધી બેસી રહેશો, આ જગતમાં ? આ બે બૉમ્બ પડે તો બૉમ્બ પડશે એવા વિચાર કરીને કંઈ સુધી બેસી રહેશો ? આ પેલાએ કહ્યું'તું ને, પેલું ઉપરથી પડવાનું છે, સ્કાયલેબ ! તે આ ચકલા ફડ ફડ થતા'તા. પણ અલ્યા મૂઆ, સ્કાયલેબ તારી પર પડે નહીં, સ્કાયલેબ તો બહુ પુણ્યશાળી માણસની પર પડે. તારી પર ક્યાંથી પડે તે અક્કરમી ? એ સ્કાયલેબ

નવરું નથી, એ તો પુણ્યશાળીને ખોળે છે. કોને ખોળે છે ? જબરજસ્ત ઑનવાળાને ખોળે છે એ. કોને ?

**પ્રશ્નકર્તા :** જબરજસ્ત ઑનવાળાને.

**દાદાશ્રી :** જબરજસ્ત ઑનવાળાને. સાધારણ ઑન કરવાની તો બધાને છૂટ છે. પણ જબરજસ્ત ઑનવાળાને ખોળે છે એ. આમાં તારે ભાગ આવશે શી રીતે ?

એટલે ગભરાવાનું નહીં, કહ્યું. મુંબઈમાં લહેરથી ફરો, દાગીના પહેરીને ફરો, આમ ફરો, ફલાણું કરો. પણ પાછો હું એમેય કહું છું, હીરાના કાપ પહેરીને ફરતા હોય, તેને 'ના' કહું છું. હીરાના કાપ પહેરીને તે શું કામ ફરે છે ? આખો કાન તોડી લેશે. આપણે જરૂર શું ? ત્યાં સોનાના પહેર ને ! જ્યારે એ કહે, કે 'આપી દો', ત્યારે કહીએ, 'લે ભઈ, કાઢી આપું. ઊભો રહે, તોડી ના નાખીશ, બા !' હીરાનું જશે તો તને દુઃખ થશે.

આ જગતમાં કોઈ કંઈ પણ ન કરી શકે એવું આ જગત નિયમસર છે. માટે ભડકો નહીં કોઈથી અને ભડકાટ જે આવવાનો છે, તે તમારા કોઈ ઉપાયે છૂટવાનો નથી. ક્યા હોનેવાલા હૈ ? ક્યા દુનિયા દૂસરે કી હૈ ? કોની દુનિયા છે ?

**પ્રશ્નકર્તા :** આપણી, આપણી.

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** હા, એને માટે પેલો બહારવટિયાનો દાખલો આપ્યો છે કે સો માણસ લૂંટાઈ ગયા હોય ત્યાં તું નિર્ભય થઈને જજે. એ તને મૂકવા આવશે.

## બહારવટિયા જોયા ખરા પણ લૂંટાયા નહીં

**દાદાશ્રી :** ભયથી નાસે તો શંકા પડી જાય બહારવટિયાને.

**પ્રશ્નકર્તા :** હા, શંકા પડી જાય.

**દાદાશ્રી :** જે ભયથી નાસે ને, તેની ઉપર બહારવટિયાને શંકા પડે. એને ખોળે, 'ઊભો રહે' કહે.

**પ્રશ્નકર્તા :** આ તમે બીવો તો આ કૂતરા વધારે ભસે ને કરડે એના જેવું.

**દાદાશ્રી :** એટલે મારે જાતે અનુભવ થયેલો આ. અમે તો બહારવટિયા જોયા તો ખરા ! લૂંટાયા નહીં ને ચોર દીઠા આ તો !

**પ્રશ્નકર્તા :** એટલે એ લોકોને એમ લાગ્યું ને, કે જેની પાસે ભાડાના પૈસા નથી, એની પાસે શું હોય ? માટે કાઢી મૂકો.

**દાદાશ્રી :** એવું કંઈ રસ્તો ખોળવો પડે. હિંમતપૂર્વક સામનો કર્યો, જેથી મહીં છાતીએ ધબકારા ના મારે. એની છાતી ધબકારા મારે પણ આપણી ના મારે.

**પ્રશ્નકર્તા :** ત્યારે તો સામે ગયા !

**દાદાશ્રી :** એ ચોરીઓ કરવા નીકળ્યો છે, જ્યારે હું કંઈ ચોરી કરવા તો નથી નીકળ્યો ! એ ચોરીઓ કરવા નીકળ્યો છે, માટે એની છાતી ધબકારા મારે, કે આ કંઈ પોલીસવાળાને કહી દેશે તો શું થશે ? એ છાતીએ જેને હિંમત હોય એને કશુંય નહીં, આ દુનિયામાં કોઈ નામ દઈ શકે એમ નથી. આ વર્લ્ડમાં કોઈ એવો પાક્યો નથી કે કોઈ આપણું નામ દે ! એટલે થોડી હિંમત રાખવી પડે મહીં. તમને ના ગમી વાત આ બધી ?

**પ્રશ્નકર્તા :** ના, ના, બહુ સરસ વાત છે.

**દાદાશ્રી :** ત્યાર પછી સારું.

છેવટે અહીંયા ગમે એટલું હોય તોય પૂળો મૂકીને ત્યાં જવાનું છે ને ? પૂળો મૂકીને નહીં જવાનું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** કરોડ હોય તોય પૂળો મૂકીને જવાનું અને ના હોય તોય પૂળો મૂકીને જવાનું, તો હાય હાય શું કરવાની ?

## સવળી દૃષ્ટિ 'શું બચ્યું' એ જોવાની

**પ્રશ્નકર્તા :** દાદા, તમને આવી પરિસ્થિતિમાં કોઈ ભય નહોતો લાગતો અને શું કરવું એવી સૂઝ પડી જતી હતી, પણ એ વખતે આપની જ્ઞાનની ગોઠવણી કેવી હોય ?

**દાદાશ્રી :** મારે જ્ઞાન નહોતું ને, તોય એડજસ્ટમેન્ટ લેતા આવડતું'તું. હવે જ્ઞાન થયું એટલે તો જ્ઞાનમાં હોય એટલે કોઈ ઈફેક્ટ ના થાય, પણ પહેલા એડજસ્ટમેન્ટ લેતા આવડતું. અહીંથી આપણે બધા સાથે જતા હોય અને બહારવટિયા મળ્યા, તો પાંચ હજાર લઈ લીધા, તો પછી પાંચ હજાર લીધા તેની ચિંતા ના કરું હું. માર્યો નથી ને ? અને માર્યો હોય તોય એક જ હાથે વાગ્યું ને, બે હાથે નથી વાગ્યું ને ? અને એક હાથ કાપી નાખ્યો હોય તો હું કહું કે બે પગ ને એક હાથ તો છે જ ને આપણી પાસે ! અમે આ દૃષ્ટિએ જોઈએ. જગત આખું કઈ દૃષ્ટિએ જુએ છે ? ઊંધી દૃષ્ટિએ. રૂપિયા ગયા તેની ચિંતા કરે. અરે મૂઆ, રૂપિયા ગયા તેની ચિંતા ? માર્યો નહીં એટલું બહુ છે ! છોડી દે ને મૂઆ, કહીએ. આ તો બહારવટિયા કહેવાય, મારીએય નાખે ! તમને કઈ દૃષ્ટિ સારી લાગે છે ?

**પ્રશ્નકર્તા :** આ જે આપે કહ્યું એ દૃષ્ટિ કેળવવા જેવી છે અમારે.

**દાદાશ્રી :** હા. એ કેળવે તો સુખી થઈ જાય ને જ્ઞાન ના હોય તોય સુખી થઈ જાય. એટલે જન્મથી જ મેં તો આ દૃષ્ટિ કેળવેલી ને, તે સુખી કાયમને માટે.

## આવી વાતો યાદ રાખી, તો પ્રતિક્રમણ કરો

આ દાદા એમની ડહાપણની આગલી વાતો કરે ને, આ જ્ઞાન થતા પહેલાના ડહાપણની, બહાદુરી ભરેલી વાતો કરે ને, તે દહાડે દાદાને પ્રતિક્રમણ કરવું પડે. આ તમારી પાસે વાત કાઢી, એ વાત ઘનચક્કરની વાત, અહીંયા આગળ ડહાપણ મેળવ્યા. તે તો આ બધાને દાખલા માટે,

એક તમને સમધારણ રહે એટલા માટે વાત કરવી પડે, કે જ્ઞાની પુરુષનેય આવું આવું હોય. શા હારુ દાખલો દઈએ ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષનેય આવું હોય.

**દાદાશ્રી :** બહાદુરી દેખાડવા માટે નહીં, તમને દાખલો લેવા માટે, એમાંથી લાભ લેવા માટે. છતાંય એ યાદ રહ્યું છે તે અમે પાછા ઘેર જઈને કહીએ, કે 'અંબાલાલભાઈ, એમાં તો તમે આ યાદ રાખ્યું, માટે બહાદુરીની વાત માટે જ રાખેલું હશે ને ? કંઈ બહાદુરી દેખાડવા હારુ જ ને !' પહેલા જ્ઞાન નહોતું થયું ત્યારે આ જ વાતોથી બહાદુરી દેખાડતા'તા. મેં આમ કરેલું ને તેમ કરેલું ને એ બધું કહેલું ને ! શું ?

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

❖❖❖❖❖

# [૮]
# શીખેલા છ કળાઓ

## છ કળા આવડવી જોઈએ માણસને, તે પોતે શીખ્યા

**પ્રશ્નકર્તા :** કલમ, કડછી, બડછી, તરવું, તંતરવું અને તસ્કરવું, એ છ વિદ્યાઓ કહેલી તમે, તો એ જરા સમજાવો. જીવનમાં એ બહુ ઉપયોગી છે વ્યવહાર માટે.

**દાદાશ્રી :** કલમ, કડછી, બરછી, તરવું, તંતરવું અને તસ્કરવું. આ છ વિદ્યા આવડવી જોઈએ એટલે શીખેલો. ઓછામાં ઓછી આ છ કળા તો જાણવી જોઈએ. એવી બોતેર કળા હતી, તેની ઓછી કરતા કરતા છ કળા પર આવ્યા.

**પ્રશ્નકર્તા :** હા, છ કળા.

**દાદાશ્રી :** મને નાનપણમાં કોઈએ કહેલું, કે 'આ છ વિદ્યા આવડે તો એ માણસ કહેવાય.'

**પ્રશ્નકર્તા :** એ ખરો માણસ કહેવાય, સાચો માણસ.

**દાદાશ્રી :** બોતેર વિદ્યા આવડે એવા, તે બોતેર આપણને આવડે એવી નથી, એટલે આપણે સમજી ગયા કે બોતેર આવડે એવી નથી, તો આપણે આ છ સસ્તી (સહેલી) તે શીખી લો. તે કલમ, કડછી, બરછી, તરવું, તંતરવું અને તસ્કરવું, આ છ કળા. બોતેરમાંથી છ ઉપર આવ્યા કે

આ છ ના હોય તો માણસ નથી, કહે છે. અલ્યા ભઈ, આવું ! તે ત્યારથી મેં કહ્યું, આ છમાં આપણે તૈયાર થઈ જવું.

## પહેલી કળા - કલમ; લખે એવું કે બંધાય નહીં

પહેલી કળા કલમ.

**પ્રશ્નકર્તા :** કલમ એટલે લખવું, દાદાજી ? કલમ એટલે લખવાની કળા ?

**દાદાશ્રી :** ના, એ તો આ બધાય લખે. કોણ ના લખે ?

**પ્રશ્નકર્તા :** તો પછી કલમ એટલે શું ?

**દાદાશ્રી :** કલમ એટલે ગમે તેવું લખાણ કરે પણ પોતે બંધાય નહીં. આ તો બધાય બંધાઈ જાય. કલમ એવી લખે, કોઈની જોડે બંધાઈ ના જાય. શું ?

**પ્રશ્નકર્તા :** દાદા, તો તમે કોઈ વાતમાં બંધાતા જ નથી.

**દાદાશ્રી :** અમે કલમમાં ના બંધાઈએ. કલમમાં એવું ના લખીએ કે બંધાઈ જઈએ. આપણે પોતે બંધાઈએ નહીં એવો પત્ર હોવો જોઈએ આપણો. આ તો પોતાની કલમથી પોતે જ બંધાઈ ગયો હોય. પેલો દેખાડે કે જો આ લખ્યું છે ને તમે. તે આપણે મૂરખ ના ઠરીએ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે કલમ એવી જોઈએ. ભલે કો'કને બાંધતા ના આવડે તેનો વાંધો નથી, પણ પોતે તો ન જ બંધાવું જોઈએ. ફર્સ્ટ કળા, કલમ. એ મેન ઑફ પેન, કલમ. એ લખે એવું, કે દસ કાગળ લખે પણ પોતે બંધાય નહીં કશે. એટલું બધું વ્યવસ્થિત લખે. સામાના બંધનમાં ના આવે જરાય એવું, એનું નામ કલમ. એટલે આ કલમ જાણવી જોઈએ એણે.

## કલમના કાચા હોય તે બંધાય, પણ ભગવાન રહે એના પક્ષમાં

આ બધાય કાગળ લખે છે ને, 'હું મજામાં છું, તમે ખુશીમાં હશો, દાદાજીની તબિયત સારી છે.' એવું બધું એનો શું અર્થ ? પછી

લખે કે 'આ સાલ કેરીઓ મોકલી આપીશ, ત્રણ ટોપલા હાફુસના.' એ પછી બંધાયો.

**પ્રશ્નકર્તા :** તો શું લખવું જોઈએ કે બંધનમાં ના અવાય ?

**દાદાશ્રી :** 'કેરીઓના ટોપલા મોકલી આપીશ', એવું ઉપર લખવાનું અને નીચે એવું લખવાનું કે 'સંજોગો જે હોય એ ઉપર આધાર રાખે છે. જો સંજોગો એવા હોય તો ન પણ મોકલાય.' એટલે ના મોકલાય તો પેલો કાગળ છે જ ને ! આપણે બંધાયા નહીં એનાથી. પેલો રાહ જોઈને ના બેસી રહે. ટોપલા ના જાય ને, તોય એ સમજે, કારણ કે આખો કાગળ વાંચ જોઈએ. ત્યારે કહે, 'હા, ભઈ, આ લખ્યું છે ને એમણે. સંજોગો નહીં બાઝ્યા હોય.' આ બધું બંધન ના રહેવું જોઈએ. સંજોગ પ્રમાણે એવું તમને લખતા આવડે છે.

**પ્રશ્નકર્તા :** બધા મારી માટે કહે છે મને.

**દાદાશ્રી :** પણ બંધાયા નથી, તોય પાછા બંધાઈ જાવ, હજુ મહીં કાચા પડી જાવ.

**પ્રશ્નકર્તા :** કાચા પડી જવાય.

**દાદાશ્રી :** ત્યારે ભગવાન કાચાના છે પાછા. ભગવાન પાછા કાચાના પક્ષમાં રહે છે, પાકાથી છેટા રહે છે.

**પ્રશ્નકર્તા :** હા, હા, બરાબર છે.

**દાદાશ્રી :** આપણે, 'પરમ દિવસે હું ત્યાં ન્યૂજર્સી આવીશ', એવું લખીએ. 'બે-ત્રણ દહાડા પછી આવીશ, અમુક દિવસે આવવાનો છું' એવું લખીએ, એટલે પેલો ત્યાં રાહ જુએ ને ?

**પ્રશ્નકર્તા :** હા, રાહ જુએ.

**દાદાશ્રી :** પછી લખ્યા પછી પસ્તાય કે હારું, આ ટાઈમ ના લખ્યો હોત તો સારું પડત. એટલે આપણે 'એ બાજુ આવવાનો મારો વિચાર છે થોડા ટાઈમમાં', એવું લખીએ તો બંધાયા ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** આ અમારી જે ટૂર ગોઠવી છે, એ બધું કલમ... બંધાયેલા જ કહેવાય. પણ તે અપવાદ કહેવાય. બાકી ભલા માણસો એમ ને એમ કહી દે, 'હું ચોથે દિવસે અમુક ટાઈમે ચોક્કસ તમારે ત્યાં આવીશ.' પછી પેલો રાહ જોતો હોય. અને પછી આ બીજે દહાડે મૂંઝાય કે 'સાલું, આ પેલું કામ હજુ રહી ગયું ને આ ક્યાં બોલ્યો ?' એવું નહીં, પણ આપણે કહીએ, કે 'મારે ત્યાં આગળ થોડા બે-ત્રણ-ચાર દહાડામાં આવવાનો વિચાર છે. હું આવવાનો છું.'

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આજે ધારો કે અમે કાગળ લખ્યો કે 'અમે જુલાઈની પહેલી તારીખે આવવાના છીએ.' આપણે નક્કી તો થયું. પણ જૂનની પંદરમીએ એમ થયું, કે હવે સંજોગો એવા છે કે નહીં જવાય, તો એમને ફોન કરીને આપણે જણાવીએ તો વાંધો નહીં ને ?

**દાદાશ્રી :** હં, વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર, તો લખતી વખતે બંધાવું નહીં જોઈએ.

**દાદાશ્રી :** બંધાયા એટલે જ આવું કરવું પડ્યું ને ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે બંધાવું નહીં જોઈએ, એ દાદાનું મેઈન (મુખ્ય) કહેવું છે.

## રીત ધંધાની બાબતમાં ન બંધાવા માટેની

**દાદાશ્રી :** અરે, કેટલાક આ બાબતમાં બંધાય તે વાત જુદી પણ પૈસાની બાબતમાં બંધાઈ જાય છે, બીજી બધી બાબતમાં બંધાઈ જાય છે. ધંધામાં બંધાઈ જાય છે. લ્યો, આ પેલા સોદા પર સહી કરી નાખો. એટલે પેલો બંધાઈ જાય પછી, સહી કરી એટલે.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** અને પેલો સોદા પર સહી કરવાનું કહે, ત્યારે કહે, 'આપણે હજુ આ કરવાનું છે ખરું, એ નક્કી, પણ અમારે જરા સલાહ

લેવાની છે. પછી કરીએ છીએ.' એટલે એવી કેટલીક ભૂલો થઈ જાય છે. પછી પોતે પસ્તાવાનું ને !

**પ્રશ્નકર્તા :** દાદા, મારે ઘણીવાર એવું કરવું પડે, કે ડિસિઝન બધી જગ્યાએ લેવાનો મને હક્ક ખરો, પણ એ સેલ્સમેન કે કોઈ વેપારીને એમ કહું કે 'ભઈ, મારે ઘણા પાર્ટનરો છે, એટલે મારે એમનું ઓકે કર્યા પછી હું તને જણાવીશ.'

**દાદાશ્રી :** એવું કહેવું, એવું બહાનું કાઢવું. પોતે એકલો માલિક છે એવું કહેવા જાવ તો ફસાઈ જાવ.

**પ્રશ્નકર્તા :** એ તો દાદાય કહે છે ને, ભઈ, મારે સંઘપતિઓને, બધાને પૂછીને પછી નક્કી કરવું પડશે.

**દાદાશ્રી :** હા, મારા હાથમાં સત્તા નહીં બા. સત્તા સંઘપતિઓની. ત્યારે લોકો પૂછે, 'સંઘપતિઓ ગમે તેમ કરે તો શું કરો ?' મેં કહ્યું, 'સંઘપતિઓ વીફરે તો એની સત્તા લઈ લઉં, એક મિનિટમાં.'

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** વીફરવો જોઈએ. આપણને સમજાયું કે વીફર્યો આ, તો એ સત્તા લઈ લેવાની, તરત. અને તે સંઘપતિઓ જાણે કે દાદા એક સેકન્ડમાં સત્તા લઈ લેશે.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** ના, ના, આ તો વીફરો તો. ના વીફરો ત્યાં સુધી અમે તમારે તાબે, સંઘપતિઓને તાબે.

## બીજી કળા - કડછી; ભૂખ્યા રહેવું ન પડે એટલું બનાવતા આવડે

**પ્રશ્નકર્તા :** કલમ થયું, હવે કડછી. કડછી એટલે ?

**દાદાશ્રી :** કડછી એટલે ખાવા-પીવાનું બનાવતા આવડે. પહેલા મને આવડતું'તું, અત્યારે તો કંઈ ઠેકાણું નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તો એવું તમને આવડતું'તું ?

**દાદાશ્રી :** આવડતું'તું. એટલે દાળ-ભાત શાક ને એવું બધું આવડે, વધારે નહીં. બીજું કશું નહીં, દાળ-ભાત, શાક-રોટલી આવડે, રોટલી જરા જાડી, ભાખરી જેવી. આમ નહીં તો પેલી વાટકી મૂકીને કાપી-કાપીને પૂરીઓ કરી નાખીએ.

પહેલાના જમાનામાં કડછી ના આવડતી હોય તો હૉટલો-બૉટલો હોય નહીં એટલે ભૂખ્યો મરી જાય. એટલે આ એકલો હોય, ગામમાં કોઈ બ્રાહ્મણ હોય નહીં, તો પછી પેલા લોકોને કહેવું પડે, કે 'ભઈ, દાળ-ચોખા આપો, હું કરી ખાઈશ.' એટલે કડછી, થોડુંક આ ખાવાનું બનાવતા આવડવું જોઈએ, નહીં તો મુશ્કેલીમાં મૂકાશો, કહે છે. એ તો આ જમાનામાં હૉટલો ને એ બધું છે. પણ પહેલા ક્યાં હતું ? એટલે કડછી પણ આવડવી જોઈએ, ખાવાનું કરતા. બૈરી પિયરમાં ગઈ, તો શી દશા થશે ? ફાધર-મધર ઑફ થઈ ગયા છે, ભઈ છે નહીં, તો શી દશા થશે ? એ તો હમણે વળી આ હૉટેલો છે.

**પ્રશ્નકર્તા :** હા, વીશી.

**દાદાશ્રી :** પહેલા તો હૉટલોય ક્યાં હતી ? લોજેય ક્યાં હતી ? એટલે કડછી તો જોઈએ જ. ખીચડી-કઢી બનાવતા આવડવું જોઈએ જ. જે આવડ્યું તે. આપણે ભૂખ્યું ના મરાય એટલું. આપણે આપણો દહાડો નીકળી જાય એટલું આવડવું જોઈએ, કડછી. બધી સેફસાઈડ માટે છે આ. શેને માટે છે ?

**પ્રશ્નકર્તા :** પોતાની સેફસાઈડ માટે, ભૂખ્યું ના મરાય.

**દાદાશ્રી :** ભૂખ્યું ના મરાય, એ કડછી.

## ત્રીજી કળા - બરછી; તે પર્સનાલિટીની, હથિયારની નહીં

**પ્રશ્નકર્તા :** કડછી, અને પછી ?

**દાદાશ્રી :** પછી બરછી. બરછી તો બહુ આવડે અમને. એ તો

ક્ષત્રિય સ્વભાવનો ને હું, આખું ગામ હલાવી નાખું. આખું ગામ દોડાદોડ કરી મૂકે.

**પ્રશ્નકર્તા :** દાદા, બરછી એટલે શું ?

**દાદાશ્રી :** હવે બરછી બે પ્રકારની.

એક વાઈલ્ડ, જે હથિયાર હઉ રાખે અને મારી નાખે કો'કને. અને બિવડાવે આ વાઈલ્ડ. પણ બીજી બરછી તો પર્સનાલિટીની, હથિયાર નહીં. પેલો ડરે, ચોર-ડાકુ બધા ડરે. જબરજસ્ત હિંમત હોય, એ બરછી. છાતીની હિંમત બહુ જબરજસ્ત હોય !

બરછી એટલે હિંમતવાળો માણસ હોય. બરછી તો શબ્દ બોલવાનો. બરછી તો હથિયાર આવે છે, પણ એ હથિયાર ઝાલવું સહેલું છે ? એ તો હથિયાર હોવું, એ કંઈ મિલકત ના કહેવાય.

## હથિયાર કરતા હિંમતવાળી બરછીમાં સેફસાઈડ

**પ્રશ્નકર્તા :** હથિયારનો ઉપયોગ કરવો એ મિલકત ?

**દાદાશ્રી :** ના, એ હથિયાર તો કો'ક સામો લઈ લે શક્તિવાળો. અમેરિકાવાળા ને સામ્યવાદીઓ આ બે, જેની પાસે હથિયારો છે. હવે ત્રીજી બે-ચાર શક્તિઓ ભેગી થઈને એવું કંઈક કરે, તો એનું લઈ લે તરત. એટલે હથિયાર છે, માટે કંઈ એ થઈ ગયો ? આ હથિયાર લઈને આવ્યો હોય, પણ કોઈ એનો સામો મજબૂત મળ્યો હોય તો ? એ હથિયાર એને જ મારે, બોલો ! માટે આપણા ગાંધીજીએ શોધખોળ કરેલી, કે એના કરતા હથિયાર વગરના આપણે થઈ જાવ. આપણા લોકોનું કામ નહીં. આપણે તો આમ જ કરો, કહે છે. આપણા લોકોને ક્યારે રંગ ચડે ? જરાક કોઈને વાગે, ડફણા માર્યા, લોહી નીકળ્યું... એ લોહી જુએ ને ચમકે, લોહી જુએ ને ચમકે. પછી જરા હિંમત આવે, નહીં તો હિંમત જ નહીં ને, આ લોકોને તો. અમથું એક મરઘી કોઈએ કાપી હોય ને, કાપે તે ઘડીએ જે બૂમ પાડે મરઘી, તે સાંભળી હોય ને, તો એમને આખી રાત પછી ઊંઘ ના આવે બિચારાને. બરછી એટલે હિંમત,

કોઈથી દબાય નહીં. અમારા મોટાભાઈ ગામના ગામ હલાવી મારે એવા હતા. અને એ બે-ચાર ગામ હલાવે, ત્યારે હું પણ એકાદ ગામ તો હલાવી નાખું ! એવું આપણાથી લાંબું નહીં, એમના જેવું ના થાય એ. એ તો ભારે ખાતું, પણ હુંય એકાદ ગામને હલાવી નાખું.

**પ્રશ્નકર્તા :** દાદા, એકેયવાર ગામ હલાવવાનો પ્રયોગ કર્યો હતો ? બરછીનો ઉપયોગ કર્યો હતો ?

**દાદાશ્રી :** બધા બહુયે જણને... ઓહોહોહો... જ્યાં સુધી આ જ્ઞાન નહોતું થયું ત્યાં સુધી મગજમાં તોરી હતી, પાર વગરની ! એ મગજ ક્યાં જાય પછી ? કોઈને ગણકારીએ નહીં. હાથમાં મૂડી નહીં અને ગણકારીએ નહીં પાછા, બેઉ રીતે. પણ આ તોરી કરવાની બધી.

## બરછી એટલે છાતી ઢાલ જેવી હોય

બરછી એટલે હિંમત સાથે. હમણે દુશ્મન દેશવાળા બોલે કે મુંબઈ ઉપર છે તે અમે આવીએ છીએ. તે બોલે તેટલામાં જ ભાગી જાય બધા, ચકલા નાસી જાય. અલ્યા મૂઆ, શું કરવા નાસી જાવ છો ? તારી જાત ઉપર વિશ્વાસ હોય કે ના હોય, બળ્યો ? આ ભડકે નહીં, ચમકે નહીં. છાતી ઢાલ જેવી હોય. સમજાય છે આ વાત કહીએ છીએ એ ?

**પ્રશ્નકર્તા :** હા. બધાને એવી રીતે પ્રાપ્ત થયેલું નથી હોતું ?

**દાદાશ્રી :** કો'ક માણસ, કંઈક પાંચ હજાર-દસ હજારે એક માણસ એવો હોય. બીજા તો આ ચકલા, ફડફડે આમ, ફટાક ફટાક ! એ નેવું કિલોનો હોય, પણ તોય ચકલાની પેઠ ફફડે. અલ્યા, તું કો'કની ઉપર પડીશ તોય એ મરી જશે ! અને શું કામ મૂઆ ફફડે છે ? પણ શું થાય તે ? આત્મા કંઈ ઓછો નેવું કિલોનો છે ? એટલે હિંમત, છાતી ઢાલ જેવી. પોલીસવાળા આવે, કે 'હું તમને પરહેજ (કેદ) કરવા આવ્યો છું.' તો તે ઘડીએ કહીએ, 'આવ બેસ, ચા-બા પી, પછી પરહેજ કરીને જા.' બિચારો પરહેજ કરવા આવ્યો છે, ત્યારે ચા પીને જાય ને ! એ પરહેજ કરતા પહેલા, પેલાને પરહેજ થઈ જાય મૂઓ, ત્યાર પહેલા તો બધું મોઢું-

બોઢું લાલ લાલ લાલ થઈ જાય મહીં આખું, ફેરફાર થઈ જાય, અને પેશાબ ને સંડાસ જવાનું મન થાય, ને આ તો છાતી ઢાલ જેવી હોય.

પહેલાના જમાનામાં કોઈ કહે, 'પચાસ-સો માણસ છે તે બંદૂકો ને ધારિયા લઈને આવે છે અને શહેર ઉપર હુમલો થવાનો છે.' તો વાણિયા, બ્રાહ્મણ બધા ડરીને આમ આમ થઈ જાય બિચારા ! ઘરો છોડીને નાસી જાય, બીજે ગામ જતા રહે. જ્યારે બરછીવાળા છે તે ના નાસે. બરછીવાળા તો શું કહે ? 'ભઈ, ધાડ આવે છે ને હજુ તો.' ત્યારે કહે, 'પણ સાહેબ, આવીને પછી અહીંયા આગળ એ થશે ને આમ ગોળીબારો થશે ને...' 'અરે ભઈ, આવે છે એને જોવા દો, કે ધાડવાળા કેવા છે, કેવા નહીં ! ધાડવાળાના મોઢા જોવા દો.' ત્યાર હોરી તો ધાડ કઈ બાજુ જતી રહી હોય ! કંઈ આ બધું આમ જ થવાનું છે, એવું ઓછું છે ?

## કળા જન્મજાત હોય પણ શીખવાની ભાવના રાખવી

હું પચ્ચીસ વર્ષનો હતો ને, ત્યારે સો બહારવટિયા આવે તોય ભગાડી મૂકું. ત્યારે છાતી ઢાલ જેવી !

**પ્રશ્નકર્તા :** તો એ જાતની કળા શીખવી જોઈએ કે જન્મથી આવેલી ?

**દાદાશ્રી :** ના, જન્મજાત હોય એ કળા. પણ ભાવના જોઈએ, કોઈ અવતારમાં શીખવી જોઈએ એ બીજાની જોઈને. બીજાની જોઈએ એટલે પછી બીજા અવતારમાં આપણને આવે. શીખવાની તો હોય જ ને, પણ તે પેલી તો જન્મજાત હોય.

## મામાની પોળમાં ચોર આવતા ત્યારે...

આજથી વીસ વર્ષ ઉપર વડોદરામાં મામાની પોળમાં ચોરો આવતા'તા. તે જરા લોકો રોન ફરતા'તા. આખા શહેરની મહીં, ચોર આવે ત્યારે રાતે બધા જાગીને રોન ફરે. દરેક પોતપોતાની પોળ સાચવે. તેમાં હુંય રોનમાં ગયો'તો. તે મને શું કહે ? 'કાકા, તમે એક જગ્યાએ બેસી રહેજો, અમે બધા બધે ફરી આવીને તમને કહીશું હકીકત. પણ તમે જો સૂઈ જાવ તો છાતી અમારી નહીં', કહે છે.

**પ્રશ્નકર્તા :** ગજું નહીં.

**દાદાશ્રી :** ''તમે એમ કહો, કે 'કશો વાંધો નહીં, હું આવું છું', એવું કહો તોય બહુ થઈ ગયું'', કહે છે. એટલે પછી અમે બેસી રહીએ. અમારા જેવા બે-ચાર જણ બધા બેસી રહીએ. એન્કરેજમેન્ટ થાય બધાને. તે દહાડે મને આ જ્ઞાન નહીં થયેલું. તે એકવાર હું ગયો'તો. અમે તો એક જગ્યાએ બેસીને ચા-નાસ્તા કરતા'તા બાર વાગ્યે, ત્યાર હોરું કો'કે બૂમ પાડી, કે 'એ ચોર આવ્યા.' અમથું કોઈ છોકરું બૂમ પાડતું'તું. તેમાં એક શેઠ હતા ને, તેય મારી ઉંમરના હતા. એ શેઠે એમના વાઈફને શું કહ્યું ? 'તું મારી ઉપર ગોદડું ઓઢાડી દે, જલદી ગોદડું ઓઢાડી દે.' શેઠ પોતે સૂઈ ગયા ને વાઈફે ગોદડું ઓઢાડ્યું. વાઈફ હિંમતવાળી હતી જરા ! પછી એ શેઠ જાતે મને કહેતા'તા, ''પછી મેં તો ગોદડું ઓઢ્યું'તું, મને પસીનો છૂટી ગયો'તો !'' હવે શું થાય ત્યારે ? આવી સુંવાળી પ્રજા !

## સુંવાળી પ્રજા ને બહુ વિચારક તે કાળજું બહુ ફફડે

મેર ગાંડિયા, શેઠ, તું કઈ જાતનો જન્મ્યો છું ? તારી વહુને 'બા' કહે ! કઈ જાતનો માણસ છું તે ? વહુને કહે છે, 'ગોદડું ઓઢાડ મારી ઉપર.' ત્યારે મૂઆ, પુરુષ તું કે એ પુરુષ ? પુરુષે આમ છાતી કાઢીને કહેવું જોઈએ કે 'બઈ, તમે ગભરાશો નહીં, હું બેઠો છું.' તે આ તો પુરુષ કહે છે, 'મારી ઉપર ગોદડું ઓઢાડી દો, ગોદડું ઓઢાડી દો.' પછી મેં ટૈડકાવ્યો, મેં કહ્યું, 'અલ્યા, કઈ જાતનો આ ? આથી (આના કરતા) તો તું વહુ થયો હોત તો સારું પડત અને એ વર થઈ હોત ને, તો દીપત. આ તો જોડું દીપ્યું નહીં.' પુરુષ કહેવાય આ ? મનુષ્યમાં પુરુષ 'સિંહ' કહેવાય. એક ત્રાડ પાડે તો આખું વન ગાજી ઊઠે. પુરુષ 'સિંહ' કહેવાય. છે સિંહની કેસરી-બેસરી દેખાય છે કોઈ જગ્યાએ ? જો કેસરી હઉ કપાઈ ગઈ ! શું ?

**પ્રશ્નકર્તા :** આ મૂછો...

**દાદાશ્રી :** શેઠ ચાલીસ-પિસ્તાળીસ વર્ષના હતા. તે શેઠ શેઠાણીને

કહે છે, 'તું મને આ ગોદડા ઓઢાડી દે, હું સૂઈ જાઉં. એટલે કોઈક એમ જ જાણે કે આ ગોદડા જ છે.' ત્યારે મૂઆ, તે બઈ હિંમતવાળી કે તું હિંમતવાળો ? કઈ જાતનો છું ? આવા વાણિયા ! બહુ વિચારશીલનું કાળજું ફફડે. ફટક ફટક ફટક થાય આમ ! શું થશે ? અરે, શું થવાનું છે તે ? કંઈ નવી જાતનું ઓછું થવાનું છે ? નિર્માણ થવાનું છે. શું થવાનું છે ? નિર્માણ.

## ચોર આપણને જોઈને નાસી જાય એ જ સાચી અહિંસકતા

અમારા બાજુવાળા બેઉ જણ કહે છે, 'અમારે તો તમે છો ને, એટલે કશો વાંધો નથી !' અને વાતેય ખરી. મેં કહ્યું, 'તમે નિરાંતે સૂઈ જજો, અમે છીએ ને !' અમે તો માથે લઈ લઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** માથે લઈ લઈએ.

**દાદાશ્રી :** ત્યારે પાછો હું પૂછુંય ખરો, ગમ્મતેય કરું એમની જોડે. આપણે શું પેલું જ્ઞાન નહીં થયેલું ને, એટલે વાણિયાઓની ટીખળો કર્યા કરીએ આવું. પછી એક વાણિયાને મેં કહ્યું, હજુ ધાડ પાવાગઢ હોય ને અહીંયા આવતી હોય અને આ લોક કહે, કે 'બહારવટિયા અહીં સુધી આવ્યા છે, અહીં આગળ માંડવી સુધી, અને આ બાજુ આવવા, અહીં સ્ટેશન આવવા નીકળ્યા છે, તો તમે શું કરો ?' તો કહે, 'પછી અમારી પાસે જે હોય તે ઘોળીને પી જઈએ અમે. એટલે મરી જવાય એવું કંઈક પી જઈએ અમે. અમારાથી જોવાય નહીં બાપ, બહારવટિયા. ના જોવાય અમારાથી.' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** જોવાય નહીં.

**દાદાશ્રી :** એટલે ધાડ આવતા પહેલા મરી જાય. ચમકીને મરી જાય એવા લોક છે. બીકથી જ મરી જાય બિચારા ! કેવા ડાહ્યા છે ! મારવા ના પડે, બીકથી જ મરી જાય.

**પ્રશ્નકર્તા :** પણ ઘણા લડવાની તૈયારી કરે એવાય માણસો હોય ને, સમાચાર આવે તો ?

**દાદાશ્રી :** ના, એટલે પછી એક ફેરો મેં કહ્યું, 'આ બધા વાણિયા બીકથી મરી જાય એવા છે.' ત્યારે કહે, 'તમે શું કરો ?' ત્યારે મેં કહ્યું, 'ભઈ, હજુ ધાડ તો આવે છે ને ! ચાંપાનેર દરવાજે આવી ?' ત્યારે કહે, 'ના.' અને 'ચાંપાનેર દરવાજે આવી' કો'ક કહે, ત્યારે કહીએ, 'ભઈ, હજુ અહીં આગળ આવી છે ? સૂરસાગર આવી ?' ત્યારે એ કહે, 'ત્યાં આવી છે.' ત્યારે કહીએ, 'મામાની પોળે આવી ?' ત્યારે કહે, 'હા, આવી છે.' ત્યારે આપણે શું કહેવાનું, કે 'આવી છે તો હવે જોઈએ તો ખરા !' મેં કહ્યું, 'અમે તો એનું મોઢું-બોઢું જોયા પછી મરીશું.' આ મરવાનું જ છે, તો એનું રૂપ જોઈએ, એમને જોઈએ, એની મૂછો કેવી છે, દાઢી કેવી છે એની જોઈએ અને પછી મરીશું નિરાંતે ! અહીં આવવા દઈએ પછી થાય છે, ઉતાવળ શું છે આપણે ? ધાડ આવી છે તો જરા જોઈને મરવું. મૂઆ, આમ ને આમ પહેલા મરી જવું ? ધાડને જોવી તો ખરી, બળી ! જ્યારે મરવાનું જોખમ લેવું છે, આવડો મોટો વીમો ઉતારવો છે, તો મૂઆ પહેલેથી મરી જઈને શું કામ છે તે ?

**પ્રશ્નકર્તા :** પણ એ બીજો પ્રતિભાવ એવો આવે ને, કે આવ્યા તો આપણે લઢવાને માટે તૈયારી કરો, એવું કશું તો...

**દાદાશ્રી :** કોઈ બાપોય મારે એવો નથી આ વર્લ્ડમાં, નિર્ભય રહેજો ! વગર કામના ભય, ભય, ભય, ભય ને ભય ! ધાડ ત્યાં હોય ને અહીં મરી જાય મૂઆ, આ જીવડા ! ધાડ હજુ અહીંયા આવે છે કે કઈ બાજુ જાય છે, આમ પણ જતી રહે, શું કહેવાય ? અમથા ભડકવાનું, મરવાની શી જરૂર તે ? એટલે સમજણ પાડું પછી. મેં કહ્યું, 'આપણી પોળે આવે તોય મરવાની જરૂર નથી.' આપણે કહીએ, 'રૂબરૂ જોઈએ ત્યાર પછી મરીએ.' એમાં મરવાની શી જરૂર તે ? મરનાર, મારનાર એના હાથમાં છે નહીં. એને જ સંડાસ જવાની શક્તિ નથી, તેનાથી શું કરવા ભડકે છે તે, મૂઆ ?

પણ બહુ ભડકાટ વાણિયાઓને. 'એ મોઢા-બોઢા જોવાનું ગજું નહીં અમારું', કહે છે. ક્ષત્રિયોનું કામ છે, લોહી જેનું તપે એવું હોય ને ! આ આવી રીતથી શીખે ને, અહિંસક ! શાને અહિંસક કહે છે, મૂઆ ?

અહિંસક તો બહારવટિયા નાસી જાય ને, એનું નામ અહિંસક કહેવાય ! આ તો બહારવટિયા દેખે કે ભાગીને ઘેર જતો રહે એના. એને તો બીકણ કહેવાય, ટિમિડનેસ (બીકણપણું) કહેવાય.

અને હું છે તે બહારવટિયા આવે ને, તો 'અબે ક્યા હૈ ?' પૂછું પહેલો. એટલે તમે ઊભા રહો, તમે પછી જાવ નહીં. બહારવટિયો તો માણસ છે, કંઈ જાનવર છે ? સાપ આવ્યો હોય તો આઘુંપાછું થઈ જવાનું, કારણ કે જાનવર છે એ. પણ બહારવટિયા તો માણસ છે બિચારા ! ખૂની હોય વિચારના, ગમે તેવા વિચારના હોય, પણ એને મન તો છે ને ? એટલે આવતા પહેલા એને માટે કંઈ ઝેર પી લેવાનું હોય ?

## વણિકને માર સહન થાય નહીં, તેથી પટેલોની હૂંફ લાગે

અમારી પોળમાં અમારા પાડોશમાં બધા વાણિયા કહે છે, 'દાદાજી, આ પટેલો છે ને બે-ત્રણ ઘરાં, તેથી અમારા વાણિયા રહી શકે છે, નહીં તો અમારા વાણિયાનું શું ગજું ?' કહે છે. 'તમારી જોડે અમે બેસી રહીએ અને આખી રાત સાચવીએ.' મેં કહ્યું, 'કશો વાંધો નહીં, અમે સાચવીશું.'

અમારા પટેલોના ઘરાં થોડા ખરા ને, તે વાણિયા તે દહાડે એમને ત્યાં જઈને મસકા માર માર કર્યા કરે. 'તમારે લીધે અમારું ગાડું ચાલે છે.' 'તમારે લીધે' એવું કહે એટલે આ પટેલોય રોફમાં આવી જાય.

તે પછી અમારી જોડે ચંપકભાઈ રહે ને, તે એમને મેં કહ્યું, 'તમે સૂઈ ક્યાં જાવ છો ?' ત્યારે કહે, 'દાદાજી, એં... પાછળથી રસોડું બંધ કરી દઉં છું અને પછી રસોડાનું બીજું બારણું બંધ કરી દેવાનું. ત્રીજું ઓરડાનું બારણું બંધ કરી દેવાનું અને ચોથા ઓરડામાં છે તે આ બધા ઘરના સૂઈ જાય. અને તેય તાળું મારી દેવાનું. અને સહુથી આગળ હું. એટલે ત્યાંથી પેસે ને, આગળથી તો આવવાના નથી, પણ પાછળથી પેસે, તે મારતા મારતા આવે પછી છેલ્લે મારો વારો આવે.

મેં કહ્યું, 'વખતે ચોર તમારા ઘરમાં પેસે અને પછી તમારા વાઈફને ઉઠાવીને લઈ જતા હોય, તો શું કરો તમે ?' ત્યારે કહે, 'હું કહું કે ભઈ, તારે જેટલા જોઈતા હોય એટલા રૂપિયા હું તને આપું અને તું એમને

છોડી દે ને બા. છોડી દે.' ત્યારે મેં કહ્યું, 'ચોર ના ગાંઠે તો ?' ત્યારે કહે, 'તો તો હું શું કરું ? એનો ઈલાજ નથી ને, હું તો બેસી રહું પછી.' 'અલ્યા, જોયા કરું ?' ત્યારે કહે, 'પણ કરું શું ત્યારે ?' મેં કહ્યું, 'વાઈફનું રક્ષણ-બક્ષણ નહીં કરવાનું ?' ત્યારે કહે, 'રક્ષણ ભગવાન કરે !' ત્યારે મેં કહ્યું, 'કેમ એમ ?' ત્યારે કહે, 'મને બે મારે તો મારી શી દશા થાય ? મને તો માર સહન ના થાય બા, મારાથી.' એ શેઠ ચોખ્ખું કહેતા'તા, 'એ તો મારાથી જરાય માર સહન થાય નહીં', કહે છે. તેથી તો આ સરકારી ગુનાઓ અમે કરતા નથી, કે 'બાપ, મારે ત્યાં આ ફોજદાર આવીને મારે તો મારી શી દશા થાય ? એ અમે કરીએ જ નહીં', કહે છે. 'અમને માર ખાવાની તો હિંમત નહીં. અમારે તો એક સોટી મારી હોય ને, તો ગભરામણ થઈ જાય. એક સોટી મારે ને, તો અમે જાણીએ કે હવે થઈ રહ્યું, ખલાસ થઈ ગયું. માર સહન ના થાય અમારાથી. અમે વણિક વર્ણ કહેવાઈએ. અમારાથી માર સહન ના થાય.' વાત સાચી છે ?

**પ્રશ્નકર્તા :** સાચી જ વાત.

**દાદાશ્રી :** હેં...! સાચી વાત ? ના સહન થાય ? એ મને એવું જ કહેતો'તો. મને કહે છે, 'એ મૂઆ મને મારે તો પછી હું શું કરું ?' ત્યારે મેં કહ્યું, 'વહુ લઈ જાય તે ?' તો કહે, 'એ લઈ જવા દઉં, શું થાય ?' મેં કહ્યું, 'છોડી લઈ જતો હોય તો ?' તો કહે, 'તે એય શું કરીએ ?'

## જેમ વિચારશીલ થતો જાય તેમ માણસ નબળો થતો જાય

તે મને કહે છે, 'તમારા ક્ષત્રિય શું કરે ?' મેં કહ્યું, 'બચકું ભરે. અને એમ જો જીવતો હોય ને, તો જંપવા ના દે. ક્ષત્રિય કુળનું લોહી છે ને ! તે ઉછાળે ચઢે લોહી અને તમારું ઠંડું લોહી. પણ બીજી રીતે બહુ સારા. તમારી જોડે રહેવામાં બહુ જ આનંદ.' મેં જોયેલું ને બધું, બહુ સુંદર.

હજુ બ્રાહ્મણો તો થોડો ઘણોય માર ખઈ છૂટે. મારે ને મારેય ખાય, મારી આવેય ખરા. છેવટે ઢેખાળો મારી આવે. પણ વણિકોનું તો બિચારાનું ગજું નહીં. બહુ વિચારશીલ ને ! તે બહુ વિચાર કરવાથી માણસ નરમ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** વિચારશીલનું ગજું નહીં.

**દાદાશ્રી :** અને ક્ષત્રિયનું તો, આ ક્ષત્રિય બેઠા છે, મારી જોજો. ‘આવી જા, ચાલ, જોઈ લઈએ’, કહેશે.

**પ્રશ્નકર્તા :** આગળ-પાછળ વિચાર ના કરે, એક ઘા ને બે કકડા.

**દાદાશ્રી :** વણિકો વિચારશીલ એટલે જ આ ભય ને, બિચારાને ! જેમ વિચારશીલ થતો જાય તેમ માણસ નબળો થતો જાય. કારણ કે વિચાર આવે કે આમ આવશે અને પછી મારશે ને કકડા કરશે, આમ તેમ બધા આવા એને વિચાર આવે બધાય. શું શું વિચાર આવે ?

**પ્રશ્નકર્તા :** મારશે ને...

**દાદાશ્રી :** ‘મારશે ને ટુકડા કરશે ને મને આમ આમ કરશે ને...’ એ બધા વિચાર આવે એમને. કારણ કે વિચારશીલ ને બધા !

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એટલે બહુ ગભરામણ થાય એમને તો. ત્યારે મેં કહ્યું, ‘આવું શા માટે ?’ એમની સ્ત્રીઓને બહુ વિચાર નહીં, એ તો ઊંઘી જાય બિચારીઓ ! વાણિયણોને બીજી કંઈ ભાંજગડ નહીં એવી. આ વાણિયાને બહુ ડખો. એને તો એનો વિચાર આવે કે કાપી નાખે ત્યારે કેવું કેવું દેખાય, લોહી હઉ દેખાય, હાડકાં દેખાય ! બોલ, હવે શી દશા થાય એની ? બધા વિચાર કરી નાખે ને ! એમાં ઓછા વિચારક લોકોને તો ખાતા જાડાં હોય. કેવા હોય ?

**પ્રશ્નકર્તા :** જાડાં.

**દાદાશ્રી :** ક્ષત્રિય લોકો વિચારક ઓછા જરા. બહુ વિચારે નહીં, જાડું ખાતું. એટલે ભડકે-કરે નહીં.

**પ્રશ્નકર્તા :** ના ભડકે.

**દાદાશ્રી :** ‘આવવા દો ને, જે થશે એ જોઈ લઈશું’, કહેશે. અને આમને તો શું વિચાર આવે ? ‘આવે ને હાથ-પગ ભાંગી નાખે. પેલાને

એક હાથ ભાંગી ગયો તો કેટલું દુઃખ થયું હતું, તો આપણું શું થાય ?' હા, પણ એનો સતત ભય ! અમારે તો મરવાનું તો છે જ, તે દહાડે જોઈ લઈશું. હાથ-પગ ભાંગી નાખે તો પછી જોઈ લઈશું, એમાં વાંધો શો છે, સહન ના થાય તો ? પણ આ પ્રકૃતિ છોડે નહીં ને ! એટલે આ વિચાર એ મુખ્ય વસ્તુ છે. અને વિચારે જ જગતને મારી નાખ્યું છે ને ! આપણે એ જ વિચારોને પલટો મરાવીએ છીએ આમ.

## હિંમતથી એક વાર રોફ મારવો, પછી પાણીમાં બેસી જવું

તે બરછી તો, રાત્રે ચોર પેઠા એટલે આપણે જાગી ગયા અને લાગ્યું કે હવે કંઈક સળવળાટ લાગે છે, ચોર પેઠા છે ! તે જાગી ગયા ત્યારે આપણે શું કરવું તે ઘડીએ ?

**પ્રશ્નકર્તા :** એની પાસે શું છે તે જોવું ? બરછી શસ્ત્રનું ને ? પ્રોટેક્શનને માટે, શસ્ત્રને માટે બરછી-બરછી.

**દાદાશ્રી :** ધીમે રહીને કડક બોલવું, 'અલ્યા, કોણ મૂઆ છે, એ પાછળ પડ્યા છો તે ?' જો ભાગનારા હોય તો ભાગી જશે. અને સામો થનારો હોય તો કહે, 'ઊભો રહે, હું આવું છું.' ત્યારે કહીએ, 'આવ, બા. તારે શું શું જોઈએ છે, એ મને કહે. તે એમાં છે બધી વસ્તુ, આ કૂંચીએય લઈ જા.' અને ભાગનારો હોય તો ભાગી જશે, એ બરછી.

**પ્રશ્નકર્તા :** એ બરછી. દાદા, આવું કોઈ દહાડો નહોતું સાંભળ્યું.

**દાદાશ્રી :** ના, પહેલા રોફ મારીને પછી પાછું બેસી જવું પાણીમાં.

**નીરુમા :** દાદા, પેલી 'અબે સાલે હીજડે' ની વાત કહો ને !

**દાદાશ્રી :** હા, એના જેવું જ તે. પહેલા રોફ મારીને પછી પાણીમાં બેસી જવું હડહડાટ. જો રોફ ના મારીએ ને એમ ને એમ જ પાણીમાં બેસી જઈએ એટલે એનો અર્થ શું છે ? એ તો પછી ઊલટો લઈ જાય ને પાછો ગોદા મારતો જાય ઉપરથી. એના કરતા આપણે 'લે આ.' અને હીરાનું પડીકું તો આપણે પથારી નીચે જ મૂકી રાખેલું હોય. રૂપિયા રોકડા પેલા કબાટમાં, તે આપી દીધી ચાવી. કબાટમાંથી લઈ જા, જણસો લઈ

જા. હીરાનું પડીકું આપણી પથારી નીચે છે. બરછી જોઈએ, બરછી ! હિંમત જોઈએ હિંમત ! આ અમથા લોકોએ વાત કરી છે ? હિંમતે મર્દા તો મદદે ખુદા ! તે હિંમત ના જોઈએ, બળી ?

## ખાલી હોંકારો પાડવાની જરૂર

...હોંકારો પાડનારની જરૂર છે. કૃપાળુદેવે લખ્યું છે. એક ગામથી બીજે ગામ ત્રણ-ચાર ગાઉ હશે, તે વાણિયાની જાન જતી'તી, છોકરો પૈણવા જતો'તો. તે જાનમાં તો છોકરાની જણસો-બણસો હોય, બધું હોય ને ! તે જોડે બીજું એક ગામ હશે, ત્યાં હીજડા રહેતા'તા. ભેંસો-બેંસો રાખીને રહે, મૂઆ. એણે જાણ્યું કે આ વર્ષમાં દુકાળ છે તો આપણે ના કશું ભેંસોમાંથી નફો મળ્યો કે ના બીજો કશો નફો મળ્યો. માટે આ વર્ષમાં તો કંઈક કો'કને... આ વાણિયાની જાન જાય છે ને, લૂંટી લો બધાને. એટલે આપણે આ વર્ષ નીકળી જાય. એટલે મૂઆ, એ તો બુકાની બાંધીને આવ્યા. એય... મોટું ફાળિયું બાંધીને, બુકાની આમ બાંધીને. નાક ઉપરથી ઓળખાય માણસ. તે નાક ખુલ્લું ના રાખે, આમ બાંધે. આવીને ઊભા રહ્યા, આમ મોટા ધારિયા ચકચકિત. 'ખડે રહો', કહે છે. હડહડાટ, આખો સોપો પડી ગયો જાણે ! કેટલાક વાણિયા તો મહીં ગાડામાં ને ગાડામાં આમ આમ થઈ ગયા. હવે કોઈ બોલે કે કરે નહીં ! એ તો વરરાજાનું ગાડું હતું ને, તેમાંથી પેટીઓ કાઢવા માંડી ને એ બધું, નીચે ઉતારવા માંડ્યું. 'સોંપી દો બધું', કહે છે. તે પેટીઓ ઉતારવા માંડી. ત્યાર હોરું પાંચ-સાત ગાડાની છેટે એક વાણિયો હશે ને, તે વસમો હશે જરા. તે પહેલો આમ થઈ ગયો, પછી મોટેથી બૂમ પાડી, 'અબે સાલે હીજડે !' એટલે હીજડા સમજી ગયા કે આ ઓળખી ગયો વાણિયો, તે ભાગ્યા ત્યાંથી ! આ આણે આશરે બૂમ પાડેલી. એને ખબર નહીં. 'અબે સાલે હીજડે', એમ બૂમ પાડી અને તે પેલાએ સાંભળ્યું, એટલે હીજડાને એવું લાગ્યું, કે આ ઓળખી ગયો. આપણે તો બુકાની છે તોય ઓળખી ગયો, માટે ભાગો અહીંથી આપણે. તે ભાગીને જતા રહ્યા, કશું લઈ ગયા નહીં. તે હોકાટો પાડે તોય બહુ થઈ ગયું. આ તો હોંકારોય નથી પાડતા. આમ આડો સૂઈ જઈને પાડ ને, બળ્યા ! મોઢું ના દેખાડીશ.

## અમારી પાસે એક્ઝેક્ટ બરછી, કડક જોડે કડક, નમ્ર જોડે નમ્ર

**પ્રશ્નકર્તા :** એટલે આ બરછી કહેવાય. બોલ એવો કરવો કે એ ગભરાઈ જાય.

**દાદાશ્રી :** એને સાણસામાં પેસી ગયા જેવું લાગે કે આ વળી પાછું કોણ જનાવર, આ કઈ જાતનું ? ભલે એ જનાવર જેવું લાગતું હોય તેનો વાંધો નથી. અને એક્ઝેક્ટ બરછી અમારી પાસે ખરી, તેય છે તે અમે જ્યારે વાપરીએ ત્યારે ખબર પડે. અમે ડારો દઈએ (ધમકાવીએ) ને, એ વાણી જ એવી નીકળે, તે પેલાને હાર્ટ બેસી જાય, બધા છાતીના પાટિયા જ. એ એક્ઝેક્ટ બરછી, હં કે !

**પ્રશ્નકર્તા :** દાદા, એ કેવી હોય, એક દાખલો આપો ને !

**દાદાશ્રી :** 'શું સમજો છો નંગોડો ? તમે તે કઈ જાતના છો કે શું છે તમારે ?' અને જે બોલીએ ને, તે પેલાના હૃદયમાં એ શબ્દો પેસતા જ ટાઢો પડી જાય.

**પ્રશ્નકર્તા :** એ સુરતી લોકો, અમારા નાના એવું કરતા. નાના ખીજવાય ને, કો'ક એમને ખીજવે ને, તે પછી બે-ચાર-પાંચ ગાળો ચોપડી કાઢે જલદી.

**દાદાશ્રી :** હા, હં.

**પ્રશ્નકર્તા :** ફાસ્ટ બોલી જાય.

**દાદાશ્રી :** તમારા સુરત ડિસ્ટ્રિક્ટ, નવસારી ડિસ્ટ્રિક્ટ બહુ ખુશમાં રાખે એ, 'આવો આવો' કરે ને ?

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે તો તમે હમણાં પણ અમારી સાથે બેઠા છો.

**દાદાશ્રી :** હં, બહુ ખુશ. કારણ કે અમે એટલા જ પાછા નમ્ર. આ પ્રજા નમ્ર અને અમે નમ્ર. અમે કડકની જોડે જ કડક. આ મારી કડકાઈ તો બે આની. આ બરછી ખરી મારી, બરછી કહેવાય. અમારા મોટાભાઈની બરછી તો તમે જોઈ હોય ને, તો અજાયબ ! હુંય ભડકતો'તો એમનાથી.

## ચોથી કળા - તરવું; તરતા પણ આવડવું જોઈએ

કલમ, કડછી ને બરછી.

**પ્રશ્નકર્તા :** પછી તરવું, તંતરવું અને તસ્કરવું.

**દાદાશ્રી :** તરવું હું શીખી ગયેલો થોડું. બહુ નહીં, થોડુંઘણું, અડચણ આવે તો.

**પ્રશ્નકર્તા :** છ કળામાંની એક કળા, એટલું.

**દાદાશ્રી :** ડિફિકલ્ટી ઊભી થાય તો કામ લાગે ને ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** થોડુંક જ, પેલું અહીંયાથી તે પંદર ફૂટ કે પચ્ચીસ ફૂટ કે પચાસ ફૂટ જવાનું હોય તેટલું જ. ખાડો આવે તો નીકળી જઈએ ખરા. તરતા આવડવું જોઈએ, થોડું, આપણી અડચણ જેટલું.

**પ્રશ્નકર્તા :** હા, દાદા. એટલું તરતા આવડવું જોઈએ.

**દાદાશ્રી :** એટલું, વધારે નહીં. દરિયો તરવા જેટલું નહીં.

**પ્રશ્નકર્તા :** આપણે રસ્તા ઉપર પાણી હોય અને એને પાસ કરવું હોય એટલું આવડવું જોઈએ.

**દાદાશ્રી :** આપણને અડચણ ના આવે.

**પ્રશ્નકર્તા :** અડચણ દૂર થવા માટે.

**દાદાશ્રી :** કોઈ કહે નહીં કે 'તમને તરતા આવડતું નથી, બેસી રહો અહીં.'

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** આપણે કહીએ, 'મને નથી આવડતું.' ત્યારે કહે, 'તો પછી બેસી રહો, હું તો જઉં છું.'

**પ્રશ્નકર્તા :** પેલો તરી જાય ને આપણે ત્યાં ને ત્યાં ડૂબી જઈએ.

## પાંચમી કળા - તંતરવું; સામાના મનને વશ કરવું

**પ્રશ્નકર્તા :** હવે, તંતરવું.

**દાદાશ્રી :** તંતરવામાં છે તે સામાને, સામો જે આવ્યો હોય ને, એના મનને વશ કરી દીધું એટલે આપણે એની જોડે ભાંજગડ ના પડે. તંતરવું એટલે સામાના મનને વશ કરવું. આ તાંત્રિક કહે છે ને, તે તાંત્રિકથી સામાને વશ કરી નાખે. આ તાંત્રિક વિદ્યા કહે છે ને ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** એને વશ કરી નાખે, સામાને. અને તાંત્રિક બે પ્રકારના હોય છે. એક 'મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે'વાળા તાંત્રિક હોય છે. મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે એટલે શું ?

**પ્રશ્નકર્તા :** જીભથી મીઠા.

**દાદાશ્રી :** જીભની ધાર ઉપર મીઠાશ ! તે પેલાને પાણી-પાણી બનાવી દે અને પછી એની પાસેથી પડાવી લે. જીભના આગલા ભાગ ઉપર નરી ખાંડ જ હોય. તે જ્યાં જ્યાં બોલે ત્યાં પેલાને મીઠું દ્રાક્ષ જેવું લાગે. અને તમારું જીભમાં આગળ છે તે પેલી ધાર વાગે.

એટલે એને આપણા લોક શું કહે ? 'મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે, હૃદયે તું હલાહલમ્ !' તે હૃદયમાં ઝેર હોય ને આમ મોઢે મીઠું બોલીને કપટથી બધું ખાઈ જાય લોકોનું. તે તંતરી જાય.

## જેને પોતાનું મન વશ વર્તે, તેને બધાના મન વશ વર્તે

અને બીજા, જ્ઞાની પુરુષ, એ બધાના મન વશ કરી નાખે. નિયમ એવો છે આ દુનિયામાં, કે જેને પોતાનું મન વશ વર્તે, તેને બધાના મન વશ વર્તે.

**પ્રશ્નકર્તા :** અને તે લોક તમને સર્વ અર્પણ પણ કરી દે.

**દાદાશ્રી :** બધું જ કરે અર્પણ. પોતાની જાતને અર્પણ કરે, પછી

બાકી શું રહ્યું ? એટલે મોટામાં મોટા તંતરનારા છે તે જ્ઞાની પુરુષ કહેવાય ! પોતાનું મન જેને વશ થઈ ગયું, એને બધાના મન વશ થઈ જાય છે. પોતાનું મન વશ કરવાનું છે અને પોતાનું થઈ ગયું એટલે બધાનું થઈ જાય.

તંતરવું એકલું અમને આવડતું નહોતું. તે આ જ્ઞાની થયા પછી આવડ્યું. એવી વાણી હોય, એવી આ વાત હોય કે બધા લોકો આમ વશ થઈ જાય. મન વશ થઈ જાય સામાનું. તંતરવું એટલે સામાનું મન વશ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** દાદાની જેવી વીતરાગ વાણી નીકળવી જોઈએ આમ...

**દાદાશ્રી :** તો થઈ શકે, થઈ શકે.

## હૃદયસ્પર્શી વાણીથી વશ કરે, તે ખરા તંતરનાર

સામાનું મન વશ થઈ જાય એવી વાણી, સાચી વાણી હોય. સાચા હૃદયની એ હોય બધી, તો સામાનું મન વશ થાય. આ ગુંડા કરે છે, એવું વશ નહીં. એ તો એક જ તરફી, પ્રેમ કરીને એને છેતરે ને બધું ખલાસ કરી નાખે, એવું નહીં. બધાના મન વશ થાય આપણી જોડે બેઠા હોય તેના. એટલે હૃદયપૂર્વક, હાર્ટિલી જોઈશે એ કામ. એટલે જ્ઞાની પુરુષથી વશ થઈ જાય એ બહુ જુદી જાતનું. એ ચોખ્ખું હોય ને ! તમને સમજ પડી તંતરવું ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા, અત્યારે પણ છે. એ તો ચાલુ રહ્યું છે. એ વિદ્યા તો હજુ પણ ચાલુ જ છે, વિદ્યમાન છે એમ તો.

**દાદાશ્રી :** એ વશ ક્યારે થાય ? પોતાનું મન વશ હોય તો જ થાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, પહેલા પોતાનું મન વશ જોઈએ તો થાય.

**દાદાશ્રી :** હા. એ તંતરવું જે કહે છે ને, એને જ તાંત્રિક કહે છે. એટલે ખરું તાંત્રિક પોતાનું મન વશ કરે તો સામાનું મન વશ થાય.

## ત્રાટકથી વશ કરે એ દુરુપયોગનું સાધન

**પ્રશ્નકર્તા :** તો ત્રાટકમાં પોતાનું મન વશ કરતા હશે ?

**દાદાશ્રી :** ત્રાટકમાં ના કરે.

**પ્રશ્નકર્તા :** તો શું કરતા હશે ?

**દાદાશ્રી :** ત્રાટક એ દુરુપયોગ કરવા માટેનું સાધન.

**પ્રશ્નકર્તા :** એટલે શું ધ્યેય છે એની અંદર, બીજું કંઈ ?

**દાદાશ્રી :** એની આંખોમાં લાઈટ બહુ આવી જાય, તે સામાને ખેંચાણ કરે.

**પ્રશ્નકર્તા :** એ ત્રાટક કરતી વખતે શું હોય ? એમના મનમાં શું હશે ? શું ધાર્યું હશે એમણે ? કંઈ નિશ્ચય નક્કી કર્યો હશે ને ?

**દાદાશ્રી :** ગમે તે કશા પથ્થરના સામું કે ગમે તેના સામું, આના સામું, આના સામું જોયા જ કરે ને, તોય ત્રાટક થાય. અને આ સૂર્ય સામું ત્રાટક કરે ને, એ બહુ ભારે હોય, પણ તે કો'ક ફેરો આંખો જતી રહે.

**પ્રશ્નકર્તા :** મહાવીર સ્વામી ઉપર પેલાએ કર્યું'તું ને, તેજોલેશ્યા ? તેજોલેશ્યા ગોશાળાએ કરી'તી.

**દાદાશ્રી :** હા, તેજોલેશ્યા ઉત્પન્ન કરે પણ આંખો જતી રહે કો'ક ફેરો, વધુ પ્રમાણમાં થાય તો.

**પ્રશ્નકર્તા :** પોતાની શક્તિ જોઈએ ને, બધી ?

**દાદાશ્રી :** શક્તિ જોઈએ ને !

**પ્રશ્નકર્તા :** એ જે ત્રાટક કરતો હોય, એ કંઈ પોતાના ભાવ કરતો હોય ?

**દાદાશ્રી :** એ ત્રાટકનો દુરુપયોગ થાય છે બધોય.

**પ્રશ્નકર્તા :** નહીં, પણ એ 'મારે આ કરવું છે', એવો પોતાનો ભાવ નક્કી કરતો હશે ?

**દાદાશ્રી :** હા, ત્યારે ને ! એ તો સારું છે કે કંઈ આંખમાં પાણી આવે ને, વારેઘડીએ આંખોમાં બહુ બધું આવે તે ! એ વારેઘડીએ સ્ટડી કરતા કરતા બહુ ટાઈમ લાગે એ તો. પણ હોય તેજદાર હોં આંખો, આંખો-બાંખો તેજદાર હોય. મેં જોયેલા બધા. હુંય નાનપણમાં એમાં પડેલો. પછી મને એક જણ કહે છે, 'આંખો જતી રહેશે, મૂઆ ! આ ધંધો ના કરીશ.' પછી બંધ કરી દીધું. આંખો જતી રહે, આપણે શું કામ છે ? આપણે તાંત્રિક કરવું નથી આ, આવું કશું કરવું નથી આપણે.

## જો વશ કરવા આવે તો ત્યાં અમારી દૃષ્ટિ એની 'મહીં'વાળો હું જ

**પ્રશ્નકર્તા :** એ ત્રાટકવાળો હોય, પણ એની સામે જો કોઈ મજબૂત મનોબળવાળો મળી જાય ને, તો એની તાકાત નહીં કે સામે જોઈ શકે.

**દાદાશ્રી :** હા, હલાવી નાખે પેલાને. સામાને હલાવી નાખે. તે મારી પાસે આવે છે મહીં.

**પ્રશ્નકર્તા :** હા, મનેય આવો અનુભવ થઈ ગયો.

**દાદાશ્રી :** ના, ના, મને હઉ હલાવવા આવે છે, હોં. ત્યારે હું કહું, બસ થયું, બહુ થયું. અંદરવાળો તેય હું છું. એય મને મળે પાછા આમ. અહીં ઘણા દર્શન કરવા આવે ને, તે જોયા જ કરે. મૂઓ, આમ ત્રાટકવાળો હોય. હું સમજી જઉં, 'બહુ થઈ ગયું હં, અંદરવાળો તે જ હું છું, બીજું કોઈ નથી.' ચૂપ થઈ જાય પછી.

**પ્રશ્નકર્તા :** એ મનેય મળી ગયા હતા એવા તો.

**દાદાશ્રી :** તમને હઉ મળી જાય છે ?

**પ્રશ્નકર્તા :** હા, મળી ગયા.

**દાદાશ્રી :** તમને હઉ મળશે, પણ ચેતતા રહેજો એ બધાથી.

## મારી નિષ્ઠા સત્ય છે, તેથી જગત મને હરાવી શકે નહીં

મને જ્ઞાન નહીં થયેલું ને, ત્યારે એક બ્રાહ્મણ તો એટલે બધે સુધી મને કહે છે, 'આજ તમને હું કરી લઉં છું. હું બ્રાહ્મણ છું એ દેખાડી દઉં.' મેં કહ્યું, 'અલ્યા, રહેવા દે ને ! એ પ્રયોગ કરવાનો તું છોડી દઉં તો સારું. આમાં મજા નથી.' પણ જ્ઞાન નહીં થયેલું, એટલે પ્રયોગમાં પડુંય ખરો હું પાછો, આવી જા કરીને. એ મૂઓ જપ-તપ કરી અને ચોટલી-બોટલી લઈને આવ્યો સામો. અને બે-ત્રણ જણ બેઠા'તા તે કહે છે, 'આજ અંબાલાલભઈને સીધા કરી નાખવા છે.' આમ પાછો 'અંબાલાલભઈ' કહે, હં. આમ માનભેર બોલે. તે આંખ્યો સામું જોવા માંડ્યો. એણે ત્રાટક કર્યું. એટલે મેંય જાણ્યું, કે આ ત્રાટક શીખેલો લાગે છે ! આ તો ખસેડી દઈશ તો ખોટું દેખાય. એટલે ત્રાટક મેંય માંડ્યું. પછી મેં કહ્યું, 'ચેતી જા ને, આ મરવું પડશે. હજુ ચેતી જા ને !'

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** ત્યારે એ કહે છે, 'શું મરવું પડે ?' પછી જે હલાવ્યો ને, તે ઊલટું ત્રાટક ઊડી ગયું એનું.

**પ્રશ્નકર્તા :** ત્રાટક ઊડી ગયું, બ્રેક પડી ગયો આખો.

**દાદાશ્રી :** નહીં, એટલે એકાગ્રતાનું ત્રાટક હતું ને, એ ઉડાડી દીધું. એને ચીઢવ્યો. બ્રાહ્મણ બહુ ચિઢાઈ જાય. ચીઢિયા હોય. પછી છોડીને જતો રહ્યો. બધાય કહે છે, 'તમે શું કર્યું ?' મેં કહ્યું, 'કાંઈ નહીં.' એ ખોટો છે ને હું સાચો છું. આની પાછળ મારી સત્યનિષ્ઠા છે. જગત મને કંઈ હરાવી શકે એમ છે નહીં. નિષ્ઠા છે ને ! મારી લોકોને બગાડવાની નિષ્ઠા નથી, બધાને સુધારવાની નિષ્ઠા છે. લોકોને હિત થાય એવી નિષ્ઠા છે. એની પાછળ તો ભગવાનનો હાથ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** ભગવાનનો હાથ છે.

**દાદાશ્રી :** તેથી તો ભગવાન વશ થાય, આવી નિષ્ઠા હોય તો !

**પ્રશ્નકર્તા :** હા, તો જ વશ થાય ને !

## છઠ્ઠી કળા - તસ્કરવું; તે ચોરી કરવા નહીં પણ બચવા માટે

**દાદાશ્રી :** છોકરાંઓને સારી સારી વાતો સાંભળવાની મળે છે.

**પ્રશ્નકર્તા :** એ અનુભવજ્ઞાન છે આપનું બધું.

**દાદાશ્રી :** હા, અનુભવજ્ઞાન.

**પ્રશ્નકર્તા :** આ દૃષ્ટાંતો ઉપરથી કેટલું બધું અનુભવજ્ઞાન જાણવા મળે છે !

**દાદાશ્રી :** હા. કલમ, કડછી, બરછી, તરવું, તંતરવું ને તસ્કરવું.

તસ્કરવું શા માટે, કે આપણી જોડે બેઠો હોય ને, તો એ જો આમ સળી કરતો હોય તો આપણને ખબર પડી જાય કે આવ્યો. પોતાનું રક્ષણ કરવા માટે, પોતાના સ્વબચાવ માટે, નહીં તો મૂરખ બનાવી જાય.

**પ્રશ્નકર્તા :** ચોરી કરવી નહીં, પણ ચોરી કોણ કરે છે, કઈ રીતે કરશે, એ બધું ખ્યાલમાં હોય.

## માંહ્યોમાંહ્ય ભઈબંધોમાં તસ્કરવાની કળા શીખેલા

**દાદાશ્રી :** તસ્કરવું તો તમને આવડે પહેલેથી, નહીં ? તસ્કરવાનું ના આવડે ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ શબ્દ જ નથી સાંભળ્યો. આજે જ સાંભળીએ છીએ 'તસ્કરવું' શબ્દ.

**દાદાશ્રી :** નાનપણમાં છે તે પેલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર હતા ને, એના ગજવામાંથી કશું કાઢી નહીં લીધેલું ?

**પ્રશ્નકર્તા :** કોઈ દહાડો નહીં.

**દાદાશ્રી :** શું શીખ્યા ત્યારે ?

**પ્રશ્નકર્તા :** આંબા પરથી કેરીઓ તોડતા અને ગુલાબના ફૂલ તોડી લેતા.

**દાદાશ્રી :** તસ્કરવું એટલે ચોરી કરતા શીખવું, તે ચોરને ઓળખવા માટે કે મારી જોડે ચોર બેઠો છે. મને ખબર પડી જાય કે આ ચોર આવ્યો છે. આ છ કળાઓ આવડે એનો બેડો પાર !

તસ્કરવું એટલે ગજવામાંથી કાઢી લેવું, એ જાણે નહીં એમ. ત્યારે કહે, 'એ શા હારુ શીખવાનું ?' તો કહે, 'પોતાના ગજવામાંથી કોઈ લઈ ના જાય એટલા માટે.' એ આવીને બેઠો હોય ને, અત્યારે તો અમારી પાસે કશું હોય જ નહીં પછી શું ? પણ પહેલા છે તે અમે મુંબઈ જઈએ ને, તે બેઠા હોય ને, તો પેલો જોડે આવીને બેઠો, તે સળવળાટ થાય ત્યારથી સમજી જઈએ અમે તુર્ત. કારણ ધંધો એ શીખી ગયેલો. ધંધો એ શીખી જોયેલો, માંહ્યોમાંહ્ય ભઈબંધોમાં. એટલે હું પહેલા ભાઈબંધનું ધીમે રહીને કાઢી લઉં ને પછી ભાઈબંધને આપી દઉં પાછું. મેં એને કહેલું, કે 'આ તારું ચોરી લઈશ હું. એ તારી જાગૃત સ્થિતિમાં લઈ લઈશ.'

**પ્રશ્નકર્તા :** શું ?

**દાદાશ્રી :** ગજવામાંથી ગમે તે વસ્તુ.

**પ્રશ્નકર્તા :** ચોરી લઈશ, હા.

**દાદાશ્રી :** હા, તે પછી કહું, 'અલ્યા, પેલું લાવ જોઈએ ! પેલું એ એકાદ.' 'અરે, કંઈ ગયું ? કોણ લઈ ગયું ? કોણ લઈ ગયું ?' તે પછી ખોળાખોળ કરે. પછી કહું, કે 'લે આ.' તે એમાં એક્સપર્ટ થઈ જવાનું. માંહ્યોમાંહ્ય એક્સપર્ટ થવાય ને ? કો'કનું કંઈ કાઢીએ તો લોકો મારે ! પછી લીધેલું પાછું આપી દઉં, પણ એ શીખી ગયેલો ખરો, વિદ્યા શીખી ગયો. હવે એ છએ છ કળાઓ આવડવી જોઈએ. છએ છ હું શીખી ગયેલો.

## ધંધો કરવા માટે નહીં, પોતાની સેફસાઈડ માટે

**પ્રશ્નકર્તા :** દાદા સારી વસ્તુઓ શીખવે છે કે જેનાથી વર્લ્ડમાં રહી શકાય.

**દાદાશ્રી :** આ બીજા લોકો કહે, ચોરી કરતા ના શીખશો. હું શું કહું, ચોરી કરતા શીખો. ત્યારે પેલા કહે છે, 'આવું ચોરી કરતા શીખવાડો છો ?' ત્યારે હું એમ કહું, કે ચોરી કરતા એટલા માટે શીખવાનું કે ચોર આપણી પાસે આવ્યો છે, એવું ખબર પડી જાય આપણને, એને ઓળખી જઈએ આપણે. એટલે મુંબઈમાં તમે બેઠા હોય અને જો એ જોડે બેઠો હોય તો તમને ખબર પડી જાય કે આવ્યો. એટલે તમારે એક્સપર્ટ તો થવું જોઈએ ને, સમજાયું ? ધીસ ઈઝ ફૉર યોર સેફસાઈડ, નૉટ ફૉર અન્‌સેફ. ચોરી કરવાના ધંધા માટે નહીં. એ ટેકનિક છે, કંઈ એવું તેવું નથી આ. આ શીખો, ટેકનિક છે. ધંધો કરવા માટે નહીં, પોતાની સેફસાઈડ માટે. નહીં તો પેલો જોડે બેસી દસ હજાર ડૉલર કાઢી જાય અને પછી કહેશે, કે 'મારા દસ હજાર જતા રહ્યા !' ત્યારે મૂઆ, શીખ્યો નહોતો ?

**પ્રશ્નકર્તા :** દાદા, આવી કળા થોડી આવડતી હોય છતાંય પૈસા કોઈ લઈ જાય તો હવે જ્ઞાનની દૃષ્ટિએ શું સમજવું ?

**દાદાશ્રી :** તારા જો ખોટા હશે તો જ કપાશે ને નહીં તો કોઈ તારું નામ દેનારા નથી. આખી જિંદગીમાં મને મારા અનુભવ એમ કહે છે, કે મારી પાસે એક પૈસોય, ગજવું કોઈ ચોરી ગયો એવું તો કશું બન્યું નથી. એક જ ફેરો આ લોકલ ટ્રેનમાં ફરતો'તો આજથી ત્રીસ-પાંત્રીસ વર્ષ ઉપર, તે એક માણસે આ ખીસીમાં (નાના ખીસામાં) હાથ નાખ્યો. આ ખીસીમાંથી આમ કરીને નોટ કાઢી લીધી એણે. મેં જોયોય ખરો. આટલું જ મારે બન્યું છે. અને તે બરોબર વ્યાજબી બન્યું એવું મને લાગ્યું. મેં કહ્યું, 'કંઈ વ્યાજબી જ છે આની પાછળ કોઝીઝ.' વિચારતા વ્યાજબી લાગે મને, સમજાઈ જાય તરત.

## કળિયુગમાં જ્ઞાનીનેય મળે ખિસ્સાકાતરુ

**પ્રશ્નકર્તા :** દાદા, એ પ્રસંગ જણાવો ને ?

**દાદાશ્રી :** હા, તે જિંદગીમાં એક ફેરો એક જણ એવો આવ્યો'તો.

હું તો ટ્રેનમાં હતો અને સાંતાક્રુઝ સ્ટેશને ઊતરવા ગયો, ત્યાર હોરો પેલો આવ્યો, તે આમ હાથ ઘાલ્યો અહીંયા આગળ આમ, આ નાની ખીસીમાં, તે વીસ રૂપિયા હતા. તે મેં કહ્યું, 'અલ્યા, રહેવા દે ને, મારે પાછું આગળ જવાનું છે.' તોય પેલાએ દસ કાઢી લીધા. આ મોઢે કહું છું, મેં કહ્યું, 'અલ્યા, થોડાક જ છે, નથી વધારે, રહેવા દે ને !' તોય કાઢીને હેંડતો જ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** તો દાદાએ એ વખતે બરછીવાળું ના વાપર્યું ત્યાં, બરછી ના વાપરી એ વખતે ?

**દાદાશ્રી :** ના, એ વીસમાંથી દસ જ કાઢી ગયો. દસ રહેવા દીધા ને દસ કાઢી લીધા એણે. એ બીજા દસ હાથમાં ના આવ્યા, નહીં તો લઈ લેત. બેઉ જુદા જુદા મૂકેલા, તે પેલી દસની એક જ નોટ હાથમાં આવી, તે કાઢી ગયો. એને ઊતરવાનું અને મારેય ઊતરવાનું. હવે આપણાથી સ્પીડી ઊતરાય નહીં અને આ તો ચાલાક લોકો. તે કાઢી લીધા. મેં કહ્યું, 'જા, ત્યારે જા, જા.' નહોય વધારે, પાંચસો હોય ને, બળ્યા, તો ઠીક છે. આ જ્ઞાન થતા પહેલાની વાત કરું છું.

અમારા ગજવામાંથી દસ કાઢી ગયેલો ! એટલી પુણ્યૈ ભારે હોય ત્યારે તો મારા ગજવામાંથી કાઢી ગયો ! પણ તે લઈને ચાલ્યો ગયો. મનેય હસવું આવ્યું. કહેવું પડે ! મારી રૂબરૂ, આમ દેખતા જ એકદમ ! એણે આમ આંગળી ઘાલીને, આમ તરત કાઢી લીધી ને હેંડતો થઈ ગયો. હવે હું તો ટ્રેનમાં પેલો સળિયો ઝાલું, નહીં તો પડી જવાય. શું થાય તે ?

## ચોર પણ અજ્ઞાની, તો પછી ઘૃણા શાને ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમને એ વખતે શું સમજણ હાજર થાય ?

**દાદાશ્રી :** દોઢ વરસનું બાળક નાગું ફરે તો કોઈ ગુનો કાઢે ? ને ચાલીસ વરસનો નાગો ફરતો હોય તો ? શાથી દોઢ વરસનાનો ગુનો નથી કાઢતા ?

**પ્રશ્નકર્તા :** ઈગ્નોરન્સ (અજ્ઞાનતા).

**દાદાશ્રી :** હા. એવી રીતે દરેક માણસનું ઈગ્નોરન્સ જોઈ લેવું. પછી એનો ગુનો દેખાય ? ચોર ચોરી કરે છે, તે તેની ઈગ્નોરન્સથી કરે છે. પછી તેનો ગુનો કઢાય ? આટલું સમજે તો તેની પર ઘૃણા ના થાય. જે છે તે બરોબર જ છે. ચોર લોકો ચોરી કરે છે તે એની ઉપર ઘૃણા નહીં રાખવી જોઈએ. એ ચોર ઉપર ઘૃણા રાખવાથી શું થાય, કે નાનું બાળક નાગું ફરતું હોય તેની ઉપર ઘૃણા રાખવા બરોબર છે. સમજાય છે ને ? એની ઘૃણા નહીં રાખવી જોઈએ. આપણે એનાથી દૂર રહેવું જોઈએ. ફક્ત દ્વેષ ન હોવો જોઈએ. એ તો એક શાહુકારેય હોય, એક દાનેશ્વરી હોય, એક ચોર હોય, બધી જ ક્વૉલિટી હોય. આ વર્લ્ડ એટલે શું ? બધી જ ક્વૉલિટીનું આ બનેલું છે. અને તે ચોર થયો છે એ કોણે, ભગવાને કર્યો ? ત્યારે કહે, 'ના.' ત્યારે કહે, 'પોતે થઈ ગયો ?' ત્યારે કહે, 'ના. એને કુદરતે કર્યો છે. સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સે કર્યો છે એને.' ચોરી એ કંઈ ગુનો ઓછો છે ? એ તો આ સમાજના આધારે ચોરી એ ગુનો છે. ચોરી એટલે એને જરૂર છે એટલે લઈ ગયો. એનો વેપાર છે ને ! એ કહે છે, મારો બિઝનેસ આજ બરોબર ચાલ્યો નથી. સામાજિક જીવન એને ના પાડે છે, કંઈ જ્ઞાનીઓ ના નથી પાડતા. જ્ઞાનીઓ તો જુએ જ નહીં. શું ? જ્ઞાની તો એમ જ કહે, 'જગત જીવ હૈ કરમાધીના, અચરિજ કછુઅ ન લીના.' શું કહે છે ? બધા જીવમાત્ર કર્મના આધીન છે, આશ્ચર્ય જોશો નહીં.

પસંદ પડે છે ? ગમે છે કંઈ આ તમને ?

**પ્રશ્નકર્તા :** જી હા.

## ખરી રીતે તો આત્મા એકલો જ જાણવા જેવો

**દાદાશ્રી :** એ કલમ, કડછી, બરછી, તરવું, તંતરવું અને તસ્કરવું. આ છયે કળા પોતાની સેફસાઈડ માટે છે. તમને આમાં કશું ગમ્યું નહીં, નહીં ?

**પ્રશ્નકર્તા :** બહુ ગમ્યું. પેલું બહારવટિયાનું બહુ ગમ્યું. દાદાજી, પણ મને એવું લાગે, કે હવે એ બધી વિદ્યાઓ વાપરવાના દિવસો ગયા. હવે એવી કોઈ વિદ્યા વાપરવાની જરૂર નહીં પડે.

**દાદાશ્રી :** હવે આ તો એ બધું સાંભળીને તે આ આનંદ થાય તમને, કે એનો અર્થ શું થાય ? એ તો એનો અર્થ જાણવા માટે, કંઈ ચોરી કરવાનું તમને કહીએ છીએ ?

એટલે આ છ કળાઓ ખોટી લખી છે કંઈ ? હવે ખરી રીતે જાણવા જઈએ તો આત્મા એકલો જ જાણવા જેવો છે, બીજું બધુંય પૂળો મૂકવા જેવું છે. આત્મા જાણવા માટે આ અનંત અવતારથી ભટકીએ છીએ.

❖❖❖❖❖

# [૯]

# કાગળની કઢાઈમાં ભજિયાં તળવાનો પ્રયોગ

## બધા જેને 'ઈમ્પૉસિબલ' કહે, તે દાદાએ કરી બતાવ્યું

**પ્રશ્નકર્તા :** આવી છ કળા જેવી કોઈ બીજી અનોખી કળા આપને આવડતી હોય તો તેની વાત કરો ને !

**દાદાશ્રી :** હું અઠ્યાવીસ વર્ષનો હતો ત્યારે અમારા દોસ્તારો દસેક બેઠા'તા, ત્યારે ચમત્કારની વાત નીકળી. ત્યારે તે ઘડીએ તો અહંકારી ગુણ ને, એટલે ફૂટી જાય તરત, અહંકાર ફૂટ્યા વગર રહે નહીં. એટલે હું બોલી ઊઠ્યો, કે 'હવે શું ચમત્કાર, ચમત્કાર કરો છો ? લ્યો, ચમત્કાર હું કરી આપું.' ત્યારે કહે, 'તમે શું ચમત્કાર કહો છો ?' મેં કહ્યું, 'આ કાગળ છે ને એની કઢાઈ કરી, મહીં તેલ રેડીને સ્ટવ પર મૂકીને ભજિયાં કરી આપું.' ત્યારે કહે છે, 'અરે, એવું હોતું હશે ? આ તે કેવી ગાંડી વાત કરો છો ? આ બનતું હશે ?' મેં કહ્યું, 'એક-એક ખવડાવું તમને. દસ જણને એકેકું ખવડાવું.' ત્યારે મારા ફ્રેન્ડ સર્કલની આગળ મેં રોફ માર્યો'તો. તે ઘડીએ તો પૂરો અહંકાર વ્યાપેલો ને ! એ કહે, 'તમારું મગજ બગડી ગયું છે કે શું ?' મેં કહ્યું, 'એ બગડ્યું છે કે સુધર્યું છે, એ તમે જુઓ ત્યારે ખબર પડશે.'

આમાં તમને શું લાગે છે, આ પૉસિબલ છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તમને શક્ય લાગે છે ?

**પ્રશ્નકર્તા :** કાગળમાં તો નહીં. તેલ ઊકળે, એટલે ભડકે બળી જાય.

**દાદાશ્રી :** કેમ બળી જાય ?

**પ્રશ્નકર્તા :** કાગળ છે એટલે. પાત્ર બરાબર નથી. કાગળ બળી જાય. પહેલો કાગળ બળે.

**દાદાશ્રી :** અને તેલ ?

**પ્રશ્નકર્તા :** તેલ પછી બળવા માંડે, ઢોળાઈ જાય.

**દાદાશ્રી :** હવે આ આખી દુનિયાય કહે. છતાં મેં કરી બતાવેલું. હિન્દુસ્તાનમાં બધાય ના કહે કે આવું બની શકે નહીં. છતાં મેં અમારા ફ્રેન્ડ સર્કલને કહ્યું, કે 'આ પૉસિબલ છે.'

## મિત્રોને તકલીફ ન પડે એટલે દસની જ શરત

તે અમારા મિત્રો કહે છે, 'એવું બની શકે નહીં.' એટલે પછી મને કહે છે, 'સો-સો રૂપિયાની બીટ (શરત) મારીએ.' મેં કહ્યું, 'બીટ ના મારશો. બીટ મારવાની લાઈન નથી આ. કારણ કે આપણે અઠ્યાવીસ વર્ષની ઉંમરના, સો રૂપિયા ક્યાંથી લાવીશું ? તે છોકરાંને મા-બાપની પાસેથી ચોરીઓ કરવી પડે, આપણે જૂઠું બોલવું પડે. સો-સો કંઈથી લાવીશ તું મૂઆ ?' આમ વેપારીઓ પણ નાના નાના બધા. પાછો કહે, 'તે ગમે ત્યાંથી લાવીશ પણ સોની બીટ મારું છું.' મેં કહ્યું, 'ના, એવું નહીં. બીટ મારવા નથી બોલતો આ. અહીં તો એટલું જ છે કે આપણે દસ જણ છીએ, તો તમારે બહુ જો આનંદ થતો હોય, તો દસ રૂપિયા એક જણ કાઢજો, તે આપણે ચા-નાસ્તો કરીશું, સો રૂપિયાની જરૂર નથી.' ત્યાં ચા-નાસ્તો તો જોઈએ ને, આવું જોયા પછી, મજા આવ્યા પછી ? 'બાકી બીટ મારવા માટે આ રેસકોર્સના ઘોડા દોડાવવાના નથી. કારણ કે આ વેચવા જેવી ચીજ નથી. માટે આપણે એમ કરો કે દસ જણ છીએ, તે આપણે દસ રૂપિયા આપવાના રાખો એક જણાને અને હું કરી બતાવું એટલે પછી દસનું ચવાણું લઈ આવજો.' તે દહાડે દસમાં તો બહુ આવે

ચવાણું. દોઢ આને તો રતલ ભૂસું, છ પૈસેય રતલ ભૂસું મળે. હવે તે દહાડે આવું સસ્તું. એટલે પછી મેં કહ્યું, 'દસ રૂપિયાના પેંડા-જલેબી લાવજો અને દસેય જણને જમાડો.' એક રૂપિયામાં તો ખૂબ જમે, ખૂબ જ, પછી સાંજેય ખાવું ન પડે. એટલે પછી પેલાએ એમ કબૂલ કર્યું કે ભઈ, દસ રૂપિયાનું હું લાવીશ.

## સાધન-સામગ્રી લઈને પહોંચ્યા મિત્રો સાથે સેન્ટ્રલ હૉલમાં

એટલે ત્યાં વડોદરામાં ન્યાયમંદિર કરીને મોટું એ છે, તે એનો એક સેન્ટ્રલ હૉલ છે. તે હૉલમાં જે ત્યાં સાચવવા રહેલો ને, તેની એક જણને ઓળખાણ હતી. તે પેલા સાચવવાવાળાને કહે છે, કે 'અમારા અંબાલાલ છે તે આજે પ્રયોગ કરે ?' ત્યારે કહે, 'હા, રજા છે એટલે વાંધો નહીં આવે. કોઈ છે નહીં. એટલે અહીં તેડી લાવજો અંબાલાલને અને હૉલમાં કરીશું આપણે અહીં.' એટલે પછી એ દસ જણ જોનારા ને પેલા સાચવનારા લક્ષ્મીદાદા હતા. મેં કહ્યું, 'બહારથી બોલાવવાના નહીં કોઈને.' નહીં તો હોહો થઈ જાય ને !

એટલે ત્યાં સ્ટવ અને એ બધું લઈ જઈ અને થોડું તેલ લઈ ગયા શીશીમાં, લોટ લઈ ગયા. અને પછી મેં એમને શું કહ્યું, કે 'ભઈ, હું એક કાગળ છે એની કઢાઈ બનાવીશ. કાગળને વાળી અને કઢાઈ બનાવીશ. અને પછી મહીં તેલ રેડી અને ભજિયાં તળીશ સ્ટવ ઉપર. સળગતા સ્ટવ ઉપર મૂકી અને ભજિયાં તળી આપીશ.' 'બને જ નહીં. ભગવાનથીયે ના બને', કહે છે. 'એ કાગળિયું મૂકો ને, તેની સાથે સળગી જશે.' મેં કહ્યું, 'તારી અક્કલને બેસાડી રાખ ને, હમણે. પછી ઊભી થવા દે.' મૂઓ, અક્કલને દોડાવવા માંડ્યો, બૂમાબૂમ કરવા માંડ્યો. 'અલ્યા, અક્કલ દોડાવ નહીં, હમણે બેસાડી રાખ થોડીવાર.' અક્કલ થોડીવાર બેસાડી રાખે એ, તો શું ખોટું ? ના, એ માન્યામાં જ ના આવે. મેં કહ્યું, 'પણ આપણે આ દસ રૂપિયા આપજે, વધારે નહીં.'

## મંત્રનું નાટક કર્યું, નહીં તો ભડકી જાય ને પ્રયોગ બગડે

એટલે પછી મેં તો સ્ટવ સળગાવ્યો. પેલી કઢાઈ બનાવી. તેલ મહીં

રેડ્યું ભજિયાંને માટે. પછી ભજિયાંના લોટની મહીં છે તે મેથીના પાંદડા કાપીને નાખ્યા. અને પછી લોટ બાંધ્યો મેં, પેલું ખીરું. આમ ભજિયાં તો આવડે, નાનપણમાં ખાવાની ટેવ ને ! એટલે કોઈ ના હોય તો આપણે જાતે બનાવીને ખઈ લઈએ. પછી ભજિયાં કેટલા બનાવવાના હતા ? દસ જણના દસ. આપણે દસ નીકળે તો સો નીકળે, એ ખાતરી થઈ જાય ને ! તે દસ જણનો લોટ આમ આમ કરી, મહીં મસાલા-બસાલા નાખીને બધું, પછી કાગળની કઢાઈ કરીને તેલ રેડ્યું મહીં. કઢાઈને શું કરેલું ? સાંધાય મારેલા નહીં, આમ ચોંટાડી કરીને બનાવેલી. પછી છે તે તેલ રેડ્યું. પેલા એક જણને મેં કહ્યું, 'તું સ્ટવ સળગાવ.' એણે તો મૂઆએ ધમધોકાર સળગાવ્યો. 'પહેલા ધીમે ધીમે સળગાવું કે ધમધોકાર ?' મેં કહ્યું, 'તને ફાવે એવો સળગાવ ને !' ત્યારે કહે, 'આ તરત બળી જશે, અમથા હાથ ને બધું બગડશે.' મેં કહ્યું, 'તું તારી મેળે સળગાવ ને !' એણે તો ધમધોકાર સળગાવ્યો. એટલે મેં તેલ જરા વધારે રેડ્યું, ધમધોકાર સળગાવ્યું તેથી. તે ઘડીએ પેલા ભડકતા હતા, 'હમણે ભડકો થશે, હમણે સળગશે !' તું જો તો ખરો હવે. તે ભડકો તો ના થયો. મહીં તેલ ઊકળવા માંડ્યું અને પછી મેં ભજિયાં મૂક્યા તો ભજિયાં ફર્સ્ટ ક્લાસ તળાવા માંડ્યા. પણ એ પહેલા મેં શું કર્યું ? તેલ મૂકતાની સાથે, કઢાઈ મૂકતાની સાથે આમ આમ કર્યું. (દાદા મંત્ર મારવાની એક્શન કરે છે)

**પ્રશ્નકર્તા :** હા, જાદુ, છૂમંતર કંઈ કર્યું !

**દાદાશ્રી :** આવું કર્યું, એટલે પેલા સમજ્યા કે અંબાલાલે ચમત્કાર કરવા આ કંઈ મંત્ર માર્યો. કારણ કે એવું ના કરું તો એમ ને એમ ભડકે એ લોકો. એટલે એમને હિંમત રહે. નહીં તો એમના ભડકાટની અસર મારી પર પડે. સાયકૉલોજીકલ અસર પડે ને, કે હમણે બળી જશે. પેલું આમ કર્યું ને, એટલે બધા ઠંડકથી જોયા જ કરતા'તા. 'અલ્યા, કંઈક મંત્ર માર્યા', કહે છે. પછી મૂક્યું તો સળગ્યું નહીં. એટલે એ જાણે કે ચોક્કસ મંત્ર માર્યા. અને પછી મહીં ભજિયું મૂક્યું એક, મહીં કૂદાકૂદ કરવા માંડ્યું. 'હારું, તેલ તો ઊકળ્યું !' કહે છે.

આપણા લોકોને આવું કરીએ તો જ એની કિંમત, નહીં તો એમ

ને એમ સીધેસીધું કરીએ તો કિંમત જ નહીં, 'નો વૅલ્યૂ !' અક્કલવાળા ખરા ને, બધા. આમાં શું ? આમાં કંઈ ચમત્કાર નહીં કર્યો આ તો એવું થતું હશે. એટલે મારે આવું કરવું પડ્યું. અને આમ કર્યું એટલે એમણે એમ જાણ્યું કે આ કંઈક ચમત્કાર કર્યો ! નહીં તો આ કાગળનું બળ્યા વગર રહે કેવી રીતે ? 'આ બળી જશે, હમણે બળી જશે', કહે છે. મેં કહ્યું, 'નહીં બળી જાય.'

## હતો વૈજ્ઞાનિક પ્રયોગ પણ બધાએ માન્યો ચમત્કાર

પેલા સમજી ગયા કે આમણે ચમત્કાર કર્યો છે.

**પ્રશ્નકર્તા :** દાદા, એ કંઈક જુદું જ હોવું જોઈએ.

**દાદાશ્રી :** હા. કંઈક જુદું હોવું જોઈએ, કહે છે. કારણ કે લોકોની મતિમાં એમ જ હોય, કે 'કાગળની કઢાઈમાં ભજિયાં બની જ કેવી રીતે શકે ? સો ટકા બની શકે નહીં. એટલે આ કંઈક જુદું જ હોવું જોઈએ. એટલે કંઈક ચમત્કાર કર્યો', કહે છે. 'આ તો કોઈ વિદ્યા જાણે છે બાબા, એમની જોડે ના રહેવાય', કહે છે.

એટલે એમણે જાણ્યું કે આ મંત્ર કર્યા છે એટલે આ રહ્યું બધું. પછી એમાંથી એકેકું ભજિયું ખવડાવ્યું બધાને. એના કંઈ સો-સો ભજિયાં ખાવાના ? એ તો મહીં તેલ રહ્યું એ જ અજાયબી છે ! તેલ રહ્યું ને મહીં ભજિયું થયું. એક જ ભજિયું થયું તો બહુ થઈ ગયું. હવે એ માન્યામાં ના આવે એવી વાત. તે મને કહે છે, 'શું ચમત્કાર કર્યો તમે, શી મંત્રની સાધના કરી, તે અમને કહો ને !' મેં કહ્યું, 'પછી કહીશ, તમે ભજિયું ખાવ.' તે એકેકું ભજિયું ખવડાવ્યું, વધારે નહીં. દસ-બાર ભજિયાં. મેં કહ્યું, 'પણ ભજિયાં પાકા થયા છે કે નહીં ?' ત્યારે કહે, 'હા, પાકા થયા છે.' 'થયું ત્યારે, ખઈ જાવ એકેકું ભજિયું.'

બોલો, શું આમાં હશે ? એ બધા એટલા બધા ખુશ થઈ ગયા, તે બધે જ્યાં ને ત્યાં કહેવા માંડ્યા, કે 'અંબાલાલભઈ તો ભયંકર ચમત્કાર કરે છે, મોટો !'

## ખોલ્યું વૈજ્ઞાનિક રહસ્ય કે કેવી રીતે કાગળ ન બળ્યો

મને કહે છે, 'એ તો તમે બધું ચમત્કાર જાણો છો એટલે આ કરી શકો, નહીં તો કંઈ આ થાય કે ?' મેં કહ્યું, 'આ તને શીખવાડું તો તુંય કરું એ જ. જે બીજાને આવડે એને ચમત્કાર ના કહેવાય.' બીજો શીખી જાય, એ ચમત્કાર કહેવાય નહીં. બીજા કોઈને આવડે નહીં એનું નામ ચમત્કાર. આ તો બધું વિજ્ઞાન છે, વિજ્ઞાનનો સ્વભાવ છે ! કેવી સ્થિતિમાં કાગળ બળી જાય છે ને કેવી સ્થિતિમાં કાગળ નથી બળતો, એ વિજ્ઞાન છે. નીચે સ્ટવ સળગે, ઉપર તેલ છે, પણ કઈ સ્થિતિમાં નથી બળતું. એટલે આ તો મેં જાતે અનુભવ કર્યો.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ કાગળ કેવી રીતે ના બળ્યો, એ કહો. કાગળ બળ્યો નહીં એ કેવી રીતે ?

**દાદાશ્રી :** એ રીત નહીં. એ કાગળનો સ્વભાવ જ એવો છે, કે જો નીચે સહેજ પણ તેલ જો ચોંટેલું હોત ને, તો ભડકો થાત. તેલ નીચે નીકળતું ના હોય બિલકુલ અને તેલ અંતરાઈ રહેતું હોય, નીચે ભલે પેલું એ ચીકટું થતું હોય તેનો સવાલ નથી. પણ એ તેલ નીચે ન લાગવું જોઈએ, નીચે તેલનો સ્પર્શ ન થવો જોઈએ, નીચે કાગળ કોરો રહેવો જોઈએ, તો એ સળગશે નહીં. એટલે આ એનો સ્વભાવ ! આ વિજ્ઞાન છે. આ રીતે કરે તો કશું થાય નહીં. વૈજ્ઞાનિકને પૂછવું, કે આ પૉસિબલ છે ?

મેં કહ્યું, 'આ વિજ્ઞાન તમે નથી જાણતા, હું આ વિજ્ઞાન જાણું છું. અને તમે નથી જાણ્યું ત્યાં સુધી આશ્ચર્ય ! આ તમને બીજો કોઈ કરી આપે પછી ના લાગે.' ત્યારે કહે, 'ના, એ મંત્રને લીધે બળી શકે નહીં ને !' ''મંત્ર મારતો જ નહોતો. અમથો અમથો આમ આમ આમ કરતો હતો. (દાદા એક્શન કરે છે) મૂરખ બનાવતો'તો તમને. આ મંત્રેય નથી ને બંત્રેય નથી, આ એનો સ્વભાવ છે. સ્વભાવની વિરુદ્ધ કશું થઈ શકે નહીં.''

**પ્રશ્નકર્તા :** પણ કાગળ તો તેલ પીએ ને ?

**દાદાશ્રી :** હા, તેલ પીએ. તે તેલ પીએ એટલે અંદર તેલ પીધેલો દેખાય આપણને, એનો ડાઘ દેખાય, પણ તેલ ફૂટેલું ના દેખાય. તેય

અજાયબી છે આ એક ! અને એ છે તે એનો સ્વભાવ છે આ, વૈજ્ઞાનિક સ્વભાવ છે. અને બુદ્ધિ એમ કહે, કે બાળી મેલે. બુદ્ધિ તો એમ જ કહે ને ! અને તેલ વગરનું એ કાગળિયું વહેલું બળી જાય. કાગળિયું એમ ને એમ એકલું મૂક્યું હોત તો બળી જાત. જો પાણીવાળું કરીને મૂક્યું હોત તોય બળી જાત. પાણી એમાં ભરીને કર્યું હોત તો બળી જાત. તેલ મૂક્યું માટે બળ્યું નહીં. એટલે વિજ્ઞાનની કેટલીક વાતો જાણવી જોઈએ.

## વિજ્ઞાન ન જાણે એટલે માને ચમત્કાર

કાગળનો સ્વભાવ જ એવો છે કે જો પાછલી એ બાજુ જો તેલ અડે નહીં તો બળે નહીં. હવે કાગળ કેવો જોઈએ ? જરા અહીં અમેરિકામાં કાગળ હોય છે ને, એવો કાગળ જોઈએ. ઈન્ડિયા જેવો નહીં. ઈન્ડિયામાં તો કાગળની પાછળ પેલી બાજુ ફૂટી નીકળે તેલ હઉ અને પાણી હઉ ફૂટી નીકળે. અને અહીં અમેરિકામાં તો કાગળ પર તેલ કે પાણી કશું ફૂટે નહીં. કાગળ બહુ સારા. એ પાછલી (બહારની) બાજુ જો તેલ ચોપડેલું હોય તો તો સળગી ઊઠે. પણ એના જેટલા ભાગમાં અંદર તેલ પડ્યું છે ત્યાં અસર થાય, ત્યાં એ સળગે નહીં. એટલે અંદર તેલ મૂકીને હલાવી નાખવાનું. તે આખી કઢાઈ જ બહાર તેલવાળી ચીકણી થાય, એ દેખાય. અને સ્ટવની ઝાળ ક્યાં સુધી અડવા દેવાની ? બહુ લાંબી નહીં કરવાની, તેલ હોય એટલી જ. તેલવાળા ભાગને જ અડે. અને પછી મહીં ભજિયાં મૂકે તો તળાય, પણ બળે નહીં એ કાગળિયું. જ્યાં સુધી મહીં તેલ છે ત્યાં સુધી કાગળ બળે નહીં. કારણ કે તેલ બહાર અડ્યું નથી એને. તેલવાળો ચીકણો કાગળ નીચે અગ્નિને અડ્યો ખરો, પણ મૂળ જે તેલ છે તે પોતે અડ્યું નથી. કારણ કે વચ્ચે કાગળનું રક્ષણ છે. આ વિજ્ઞાન છે. અને આ વિજ્ઞાન ના જાણે એટલે ફસાય લોક. અત્યારેય તમે ઈન્ડિયામાં આ કહો તો કોઈ માનવા તૈયાર ના થાય. અને લાખ રૂપિયાનું તમે કહો કે એક લાખ રૂપિયા આપજો, તો લોક આપવાયે તૈયાર થાય. પણ આ વિજ્ઞાન તમે ના જાણો, એનું નામ ચમત્કાર. વિજ્ઞાન ઢાંકી રાખવું એ ચમત્કાર છે.

## હું તો વિજ્ઞાન ખુલ્લું કરી દેતો

એવું વિજ્ઞાન છે આ તો. હવે એ વિજ્ઞાન ના જાણે એટલે આખું

હિન્દુસ્તાનેય ના પાડે. મને એક જણે સમજાવ્યું’તું, પણ એવું મારા માન્યામાં નહોતું આવતું. એણે મને કરી બતાવ્યું એટલે પછી મેં કરી બતાવ્યું. એટલે આ બધા ચમત્કાર છે એ બધું વિજ્ઞાન છે. ચમત્કાર હોઈ શકે નહીં. ચમત્કાર કોનું નામ કહેવાય, કે કોઈ બીજો કરી શકે જ નહીં. પણ એવું બન્યું નથી. મહાવીર ભગવાનથીય નથી બન્યું અને કોઈથીય બન્યું નથી.

હું તો ખુલ્લું કહી દેતો’તો કે આ સાયન્સ છે, વિજ્ઞાન છે. કારણ કે હંમેશાં વિજ્ઞાનનો સ્વભાવ કેવો છે ? આજે પણ એ હું તમને બતાવી દઉં એટલે તમને પણ આવડે. જ્યાં સુધી બંધ છે ત્યાં સુધી એની કિંમત અને ખુલ્લું કર્યે બે પૈસાની કિંમત નહીં. એટલે આ વિજ્ઞાનમાં શક્ય છે. હમણે એક ભઈ આવા ચમત્કારવાળાય દર્શન કરવા આવેલા.

**પ્રશ્નકર્તા :** ત્યાં આંકલાવમાં.

**દાદાશ્રી :** તે આ ભાઈના હાથમાં સિક્કો આપ્યો, કશુંક ચોપડીને. ખબર ના પડે એવી રીતે. એં... આમ ઝાલીને આમ આમ કરીને ‘આ લે.’ હવે એ સિક્કો પેલો મુઠ્ઠીમાં વાળ્યો, પછી આમને દિવાસળી બે-ત્રણ સળગાવીને આમ આમ ધર ધર કરી. બહાર છેટે, હાથ અહીં આગળ ને અહીં ધરે. પેલું મહીં ગરમ થવા માંડ્યું.

**પ્રશ્નકર્તા :** પછી કંઈક મંત્ર બોલે, પાછા આમ ફફડાવે હોઠ.

**દાદાશ્રી :** સિક્કો ગરમ થવા માંડ્યો મહીં. તે બહુ ગરમ થયો એટલે પછી છોડી દીધો. શું કર્યું ?

**પ્રશ્નકર્તા :** છોડી દીધો.

**દાદાશ્રી :** પછી મેં કહ્યું, ‘લાવ જોઈએ.’ હું અડ્યો તો મારું હારું બહુ જ ગરમ થઈ ગયેલો. મેં કહ્યું, ‘તેં શું કર્યું, કહે મને તું હવે. હું ચમત્કારને માનતો નથી પણ તેં કંઈક કર્યું છે આ.’ ત્યારે કહે છે, ‘એવી દવા આવે છે, વિજ્ઞાનની. વિજ્ઞાનની દવાઓ એટલી બધી આવે છે, તે આ સિક્કા પર જરા ઘસીને આપીએ તો પા કલાક કે દસ મિનિટ પછી ખૂબ જ ગરમ થઈ જાય.’

**પ્રશ્નકર્તા :** એ કેમિકલ્સ આવે છે, આ એલ્યુમિનિયમ હાઈડ્રોક્સાઈડ હોય તે કેમિકલ રિએક્શન થાય ને એટલે ! અને ભસ્મ પણ આવે.

**દાદાશ્રી :** બોલો, હવે આ વિજ્ઞાન નહીં જાણવાથી બિચારા લોકો એને ચમત્કાર માને છે. એટલે કોઈ દહાડો આવી કોઈ ચીજ સાચી માનશો જ નહીં. ભગવાન આવે તોય એક શબ્દય સાચું માનશો નહીં. એટલે પછી મેં એને કહ્યું, 'બીજા બધા ચમત્કાર ?' તો કહે, 'આવી જ રીતે હોય છે. રાખોડી કાઢી આપું, કંકુ ઝરાવડાવું, બીજું તમે કહો એ બધું કરી આપું.' હું તો ગાંઠતો જ નહોતો ચમત્કારને પહેલેથીય. પણ આ ચમત્કારની પાછળ એ વિજ્ઞાન છે એવું જાણું. અગર તો હાથચાલાકી છે. વિજ્ઞાન, હાથચાલાકી અને નજરબંધી. આ તો એમની મતિ પહોંચતી નથી એટલે આને ચમત્કાર તરીકે લોકો એક્સેપ્ટ પણ કરે છે ! મતિ પહોંચતી હોય, તેને બીજા વિચારેય આવે ! આ મોટા મોટા અરીસા મૂકે છે તે ફડાક દઈને ફૂટે છે ! તેને બધા 'ચમત્કાર કર્યો' એમ કહે, પણ આ તો બધી ઔષધિઓ છે વિજ્ઞાનની !

## સંડાસ જવાની શક્તિ નથી, ત્યાં ચમત્કાર શી રીતે કરે ?

હવે આ વિજ્ઞાનને લોક જાણે નહીં. એટલે લોક એમ જાણે કે મોટો ચમત્કાર કર્યો ! અને આપણા લોક બુદ્ધિથી માપવા જાય. અલ્યા મૂઆ, નહોય બુદ્ધિ. બુદ્ધિ નહીં પહોંચે ત્યાં આ વિજ્ઞાનને તો. હવે આ વિજ્ઞાન જાણ્યા પછી બે પૈસાનું. કેટલા પૈસાનું ?

**પ્રશ્નકર્તા :** બે પૈસાનું.

**દાદાશ્રી :** એમાં તો શું, મહીં આ કર્યું'તું જ ને ! આ જગતમાં જે બનવાની વસ્તુ હોય, બીજો શીખી શકે, બીજાને આવડે, એનું નામ ચમત્કાર ના કહેવાય. હું તમને શીખવાડું ને તમને આવડે એ ચમત્કાર ના કહેવાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એ ચમત્કાર ના કહેવાય.

**દાદાશ્રી :** ચમત્કાર આગવો હોય. હું તમને એક ફેરો કાગળની કઢાઈમાં ભજિયાં કરી બતાવું એટલે તમે બીજે દહાડે પછી કરી શકો.

તમને શ્રદ્ધા બેસી જવી જોઈએ કે આ મંત્ર માર્યા વગર થાય છે. એટલે તમારાથી થઈ શકે ! પણ આ બીજા કરે એટલે વિદ્યા છે આ તો. એટલે આ ઘણુંખરું તો આ વિજ્ઞાન નહીં જાણવાથી લોકોને ચમત્કાર લાગે છે. આ જેટલું સાયન્સ આપણે નથી જાણતા, એને ચમત્કાર કહે છે આપણા લોકો. અને કેટલીય હાથચાલાકી નથી જાણતા, તેને ચમત્કાર કહે છે. હાથચાલાકી ને સાયન્સ. હાથચાલાકી તો પકડીયે શકે લોકો, પણ વિજ્ઞાનને પકડી શકાય નહીં. પેલું કોઈ બાવો આમ આમ મંત્ર કરીને કરે તો કહેશે, આ બાવાએ ચમત્કાર કર્યો. આપણા લોક કોને ચમત્કાર કહે છે ? આવું મૂરખ બનાવી દે તેને. જે વર્લ્ડમાં કોઈ માણસને સંડાસ જવાની શક્તિ જ નથી, ત્યાં ચમત્કાર શી રીતે કરે ? સંડાસ જવાની શક્તિ હશે કોઈને ? આ મૂર્ખાઓ, આ ફૂલિશ લોકોને આ બધું જડી આવે છે અને કહેનારેય ફૂલિશ કે અમે ચમત્કાર કરીએ છીએ. બન્ને ફૂલિશોના ટોળા છે. ચમત્કાર શાના માટે ? તારે શું જોઈએ છે એ કહી દે. કશુંક તમારે જોઈએ છે. તમને સમજાય છે ? આ ફોડ જગતમાં પાડવા જોઈએ કે ના પાડવા જોઈએ ?

**પ્રશ્નકર્તા :** પાડવા જોઈએ.

**દાદાશ્રી :** લોકોને મૂરખ બનાવે છે આ બધા. લંકામાં એક જણે કહ્યું, કે 'હિન્દુસ્તાનમાં કોઈ પણ બાવો છે તે એ ચમત્કાર કરી આપે તો હું એને લાખ રૂપિયા ઈનામ આપવા તૈયાર છું.' કોઈ બાવો ગયો નહીં, મૂઓ. તે લે ને, જા અત્યારે ! લોકો બિચારા અમુક તો દુખિયા છે અને પાછા એને મૂઆ લૂંટ-લૂંટ કરે છે. સુખિયાને લૂંટે તો વાંધો નહીં. અમદાવાદના શેઠિયાઓને લૂંટતા હોય તો વાંધો નહીં. પણ આ દુખિયા લોકોને ? એ શેઠિયા લૂંટાતા નથી મૂઆ ! તમને સમજાય છે આ બધું ?

## ચમત્કારના ત્રણ સ્ટેજ

હું તો આવા બધા ચમત્કારને ગાંઠું નહીં. આ તો બધા ચમત્કાર જે અત્યારે ચાલી રહ્યા છે ને, એ ચમત્કારના ત્રણ સ્ટેજ છે. કાં તો એ છે તે વિજ્ઞાન હું ના જાણતો હોઉં. આ કાગળમાં ભજિયાં થાય છે એ વિજ્ઞાન હું જાણતો હોઉં, તમે ના જાણતા હોય, તો તમને મોટો ચમત્કાર લાગે.

હવે જે વિજ્ઞાન બહાર પડી ગયું એની બે પૈસાની કિંમત નહીં અને બહાર ના પડ્યું હોય ત્યાં સુધી પાંચ લાખની કિંમત. આ કાગળની અંદર તેલમાં ભજિયાં બનાવી આપું, એની ઉપર તો બે લાખ રૂપિયા સુધી લોકો દાવ માંડે, બીટ મારે. અને પછી બહાર પડી ગયા પછી તો બે પૈસાની કિંમત નહીં. એ વિજ્ઞાન કહેવાય બધું. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** વિજ્ઞાન ! જે આ વિજ્ઞાન જાણતા નથી માટે ચમત્કાર લાગે, એ એક સ્ટેજ. બીજું સ્ટેજ, હાથચાલાકીનું. માણસ એટલા બધા સ્માર્ટ હોય છે ને એટલા એ હોય છે અને તમને સ્માર્ટનેસ નહીં હોવાથી, તમે એના બનેલા પર મૂરખ બની જાવ. અને હું તો પરિણામને સમજવાવાળો. અમારામાં સ્માર્ટનેસ નહીં. મનેય એવું ભ્રમણા થઈ જાય કે સાલું, આ થઈ ગયું. પણ હું તો માનું જ નહીં ને, આ વાત જ ખોટી છે ત્યાં આગળ. તારા જેવા લાખ બાવા આવે તોય હું ગાંઠું નહીં. અને ત્રીજું કયું ? ત્યારે કહે, 'કોઈ દેવની સાધના.' કોઈ દેવની સાધના હોય તો જાપાનમાંથી ઘડિયાળ લાવીને અહીં આગળ આપે એમને. પણ જાપાનની કંપનીમાં ત્યાં ઓછા થાય. નવું ઉત્પાદન કરી શકે નહીં. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** કો'ક જગ્યાએ ઓછું થાય ઈન્ટર્નલી.

**દાદાશ્રી :** હા. આ ત્રણ રીતે માણસ ચમત્કાર કરે છે, પણ ત્રણેય ખોટી રીત છે. ચમત્કાર માણસ કરી શકે નહીં.

❖❖❖❖❖

# [૧૦]
# મુસલમાનો સાથે...

## [૧૦.૧]
## ઘોડાગાડી વાપરી વિવેકપૂર્વક

### ઘોડા ને મિયાંને ખાવાનું મળી રહે તેથી ઘોડાગાડીમાં જ બેસે

એક ભાઈ કહે, 'સાહેબ, આપને કોઈ મુસલમાન ભેગા નહીં થયેલા ?' મેં કહ્યું, 'મને તો બહુ મુસલમાન ભેગા થયા છે.' ત્યારે કહે, 'કશું મુસલમાન જોડે તમને વાંધો નથી પડ્યો ? તમારા ઉપર ભાવ રાખે એમ ?' 'બહુ ભાવ રાખે', કહ્યું. ત્યારે કહે, 'એકાદ દાખલો તો આપો.' મેં કહ્યું, ''અમારે એક નિયમ હતો, કે અમે ઘોડાગાડીમાં જઈએ, આ મિકેનિકલ (યાંત્રિક) જે એડજસ્ટમેન્ટ (વાહનો) ચાલતા'તા ને, એમાં હું બેસતો નહોતો. હું મિયાંની ઘોડાગાડી ખોળી કાઢું. આજથી વીસ-બાવીસ વર્ષ ઉપર.'' ત્યારે હું ઘોડાગાડીમાં બેસતો અને પેલા મિકેનિકલમાં નહોતો બેસતો.

**પ્રશ્નકર્તા :** હા, રિક્ષામાં કે એવા કશામાં.

**દાદાશ્રી :** ગાડીમાં કે રિક્ષામાં નહોતો બેસતો.

**પ્રશ્નકર્તા :** અચ્છા.

**દાદાશ્રી :** કારણ કે લોકો એટલા બધા સુધરી ગયેલા કે ઘોડાગાડીનું નામ જ ના લે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો બિચારો ઘોડો શું ખાય ? આ (ઘોડાગાડીવાળો) શું ખાય ? એટલે મેં તો નિયમ જ રાખેલો બધો વખત, જેથી ઘોડાને ખોરાક મળે. બિચારા ઘોડાને ખોરાક આપતા નથી લોકો, તો ઘોડો ખાય શું બીજે દહાડે ? એટલે બીજો આગ્રહ નહીં, પણ આ ઘોડાને કંઈ ખોરાક મળે એટલે આ રિક્ષા-બિક્ષામાં નહોતો બેસતો. આમને જ પૈસા આપવા જોઈએ. પણ મારા જેવા અક્કલ વગરના હોય થોડા ને !

**પ્રશ્નકર્તા :** થોડાક જ હોય.

**દાદાશ્રી :** હોય નહીં, બધા અક્કલવાળા બેસે કે આમાં ? ના બેસે, નહીં ?

ઘોડાગાડીવાળામાં કોણ બેસે ? લોકો બેસે નહીં ને, ધીમે ધીમે જવાય તે. હવે ઘોડાગાડી કેવી હોય ? ઘડીક ઘોડું ચાલે-ના ચાલે, વળી રોફમાં ઊભું રહે થોડીવાર. અને આ વ્હીલ નીકળી જશે કે આ વ્હીલ નીકળી જશે, કશું કહેવાય નહીં એવું ! અને તેમાં હું બેસું.

**પ્રશ્નકર્તા :** પણ નહિતર તો વડોદરાની ગાડીઓ બહુ સારી હતી.

**દાદાશ્રી :** બહુ સરસ ! અરે, એ તો ફેટિન* જોઈ હોય ને, તો નજર લાગે એવી તો ગાડીઓ અને ઘોડો નજર લાગે એવો !

અમદાવાદની ઘોડાગાડીઓ જુદી જાતની, સામાસામી માથા અથડાય. બે સામા ને બે સામા. વડોદરાની ઘોડાગાડીમાં ચાર ખૂણા ઉપર ચાર. દરેક ખૂણે આમ કરીને બેસે ! વડોદરાની ફેટિન ઘોડાગાડીઓ કહેવી પડે ! ઘંટડી દબાવતો ચલાવે ને, તે ઘડીએ ઘોડો આમ દોડે. તે રોડ ઉપર બધા દુકાનદાર જોયા કરે. ઘરાકી નહીં ને, એટલે કંઈ જોવા તો જોઈએ ને, બળ્યું !

**પ્રશ્નકર્તા :** હા... અને એ વખતમાં રાવપુરા રોડ ઉપરથી આમ રેસની ઘોડયે (માફક) જાય, દાદાજી.

*ફેટિન - ચાર પૈડાવાળી હળવા વજનની ઘોડાગાડી, બગી, ફેટન

**દાદાશ્રી :** દોડે. એ અમે દોડાવડાવેલા અને એ ઘોડો દોડે ફર્સ્ટ ક્લાસ કહેવાય ! પછી આય ઘોડા જોયા બિચારા મડદાલ. પણ હું તો એકલો બેસું અને પછી ઠગર ઠગર ઘોડાગાડી આમ થતી થતી જાય. રોજ રૂપિયો આપું એને. લોકો બાર આના આપે, ત્યારે હું રૂપિયો આપું.

## પેટ્રોલ એ જીવ હોવાથી ઘોડાગાડીની પસંદગી

**પ્રશ્નકર્તા :** ક્યાંથી ક્યાં જવાનું ? ક્યાંથી બેસવાનું ને ક્યાં સુધી જવાનું ?

**દાદાશ્રી :** લગભગ અડધો માઈલ છેટે સુધી.

**પ્રશ્નકર્તા :** ક્યાંથી બેસો ?

**દાદાશ્રી :** મામાની પોળથી.

**પ્રશ્નકર્તા :** અને ક્યાં જવાનું ?

**દાદાશ્રી :** આ પેલા લોકોની છે તે અરવિંદભાઈની ને એમની સૉ મિલ હતી. ત્યાં સમજણ પાડવા જતો રોજ.

**પ્રશ્નકર્તા :** સમજણ પાડવા ?

**દાદાશ્રી :** અને સત્સંગ કરવા માટે.

**પ્રશ્નકર્તા :** કઈ સાલની વાત છે ?

**દાદાશ્રી :** એ... સત્તાવન-અઠ્ઠાવન-ઓગણસાંઈઠ-સાંઈઠ.

**પ્રશ્નકર્તા :** '૫૮... એટલે '૫૮માં તો જ્ઞાન થયું, પછી પણ આ પ્રવૃત્તિ... ?

**દાદાશ્રી :** ના, એટલે ત્યાર પહેલાય ખરું. પણ પેલો ધ્યેય એવો કે આ ઘોડાગાડીવાળા બિચારાને પૈસા જવા દેવા સારા, રિક્ષાવાળા કરતા. તે દહાડે તો ગાડીઓય ફર્સ્ટ ક્લાસ મળતી'તી, આ કાર ભાડાની.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** કારણ કે કોઈ ઘરાક નહીં ને, પૈસા ઓછા ખર્ચનારા

ને ! પણ તોય હું આમાં બેસું. અને ઘોડાગાડીવાળા બધાય જાણી જાય. અને ઘોડાને કામમાં લાગે એટલા માટે ઘોડાગાડીમાં જ બેસતો. અરે, આ મોટરોના આના (પેટ્રોલના) ધુમાડા થઈ જાય છે. આ પેટ્રોલ એ પાણી નથી, એ તો એક પ્રકારના જીવ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** જીવ છે ?

**દાદાશ્રી :** હા. એ પાણી નથી એ પેટ્રોલ, એક પ્રકારના જીવ છે. એ આ પાંચમા આરામાં જ પાતાળમાંથી નીકળે છે એ જીવો.

**પ્રશ્નકર્તા :** પાંચમા આરામાં જ આ પાતાળમાંથી નીકળે છે ?

**દાદાશ્રી :** હા, એ અહીં વ્યવહારમાં આવે છે.

## બીજા લોકો પૈસા ઓછા આપે, ત્યારે અમે વધારે આપીએ

એટલે હું ઘોડાગાડી રોજેય બોલાવી અને ઘોડાગાડીમાં જ બેસું. કાયમ મારે બે-ત્રણ જગ્યાએ જવાનું હોય ને, તો ઘોડાગાડીમાં જતો. એટલે પછી મામાની પોળે ઘેર બોલાવું. ઘોડાગાડી જ્યાં હોય ત્યાંથી ઘેર બોલાવીને પછી નીકળું. એટલે ઘોડાગાડીઓવાળા બધા ઓળખી ગયેલા. તે વારાફરતી રોજ રોજ બીજો આવે, ત્રીજો આવે.

ઓળખી ગયેલા એટલે પછી એ વાત કરે ધીમે રહીને. હું પૂછું, 'મિયાં, કેમ ચાલે છે ?' એવું તેવું બધું. ત્યારે કહે, 'સાહેબ, શું વાત કરું ? આ આપને જોઈને આનંદ થાય છે, કે બાર આનાની મારી મહેનત હોય તોય આપ રૂપિયો આપી દો છો. બાકી નહીં તો બીજા બાર આના મારી પાસે કબૂલ કરેલા હોય તોય અગિયાર આના આપે છે.' બીજા તો બાર આના નક્કી કર્યા હોય ને તે આખા રસ્તે કકળાટ કર્યા કરે. 'ઘોડાને માર, ઘોડાને માર.' અને હું શું કહું ? 'ઘોડાને મારીશ નહીં, ભઈ. ધીમે ધીમે ચલાવજે બિચારાને.' ઘોડાએ નાસ્તો કર્યો ના હોય, મહાપરાણે આટલુંક થોડુંક ખાધું હોય. પહેલા તો ઘોડા નાસ્તો કરતા'તા, બપોરે જમતા'તા, બપોરે નાસ્તો પાછો અને સાંજેય જમે. આ તો ઘોડાને આટલો જ ખોરાક ને મિયાંનેય એટલું. તે પછી ઘોડો તો શું કરે ? પેલા લોકો છે તે કહે, કે

'અલ્યા, હાંક જરા જલદી', તે મિયાં કંટાળીને એક ચાબુક મારે ઘોડાને. તે ઘોડો સમજે, 'ક્યા કુછ ખાને કા દેતે નહીં હૈ ઔર તુમ ઐસા કૈસા કરતા હૈ ?' તે ચાબુક મારે, તે ઘોડા પાછલા બે પગ પેલામાં (પાટીયામાં) ઠોકે, પેલું હતું ને એની પાછળ. બે સાથે ઠોકે, તે હારું એવું અદ્ધર શી રીતે ઠોકતો હશે ? તે એય અજાયબી છે ને ! બેઉ ઠોકે એમાં. એક ઠોકાય નહીં. આખું શરીર અદ્ધર રાખી, ઘોડાગાડી અદ્ધર રાખીને બે પગ આમાં ઠોકે છે ત્યારે અજબ છે ને ! એ તમે નહીં જોયું હોય, નહીં ?

**પ્રશ્નકર્તા :** જોયેલું, દાદા. હવે ખ્યાલ આવે છે કે એવું કરતા'તા પણ એનું આવું આટલું બધું નિરીક્ષણ નહીં કરેલું.

**દાદાશ્રી :** નિરીક્ષણ નહીં કરેલું, નહીં ?

**પ્રશ્નકર્તા :** નિરીક્ષણ નહીં કરેલું.

**દાદાશ્રી :** ત્યારે કેટલું દુઃખ થતું હશે એને બિચારાને, ત્યારે આવું બે પગ ઠોકે. ઘોડો બે પગ છે તે પાટિયામાં મારે પાછળ, ઉપરથી. તે ધડાક અવાજ થાય. એટલે એ મને કહે, કે આ પાટિયા ભાંગી નાખ્યા ઘોડાએ. શું કરે ? આવું આ.

પછી મેં કહ્યું, 'પછી પૈસા-બૈસા ખુશી થઈને વધારે ના આપે ચાર-આઠ આના આમ ?' ત્યારે કહે, 'સાહેબ, ઊલટો બાર આનામાં એક આનો કાપી લેવા ફરે. બાર આના કહ્યા હોય, તે બેસે ખરો ગરજ હોય એટલે. પછી ઊતરે ત્યારે અગિયાર આના આપે.'

**પ્રશ્નકર્તા :** કચકચ કરે.

**દાદાશ્રી :** શાથી અગિયાર આના આપે છે ? કેટલો લેટ થયો ! તારો ઘોડો છે એવો એટલે. અને પાછો ઉપરથી શું કહે છે ? 'જલદી હાંક, જલદી હાંક.' તે મિયાં મને કહે, ''સાહેબ, આ મારો ઘોડો શું ખાય તે બિચારો જલદી ચાલે ? ખાવાનું શું ? અમારી પાસે ખાવાનું નથી, ઘોડા પાસે ખાવાનું નથી, શું ચાલે જલદી ? તે પાછો 'માર' કહેશે. તે હું ઘોડાને મારું, તે આ ઘોડો પાછળ બે લાતો મારે પેલામાં.''

## દાતા દાતા ચલે ગયે, રહ ગયે મખ્ખીચૂસ

મેં કહ્યું, 'ભઈ, મારીશ-કરીશ નહીં બા. આપણે ધીમે ધીમે જવા દેજે.' ત્યારે કહે, 'આપ એકલા જ એવા છો, કે પૈસા તો વધારે આપો છો ને ઉપરથી ઘોડાને બિલકુલ મારવા નથી દેતા.' ત્યારે મેં કહ્યું, 'લોકોનો સ્વભાવ બગડી ગયો છે ? બધે આવું થઈ ગયું છે ? ઘણા સારા માણસ હશે ને ?' ત્યારે કહે, 'ના. દાતા દાતા ચલે ગયે, રહ ગયે મખ્ખીચૂસ. ઉલ્લુ કા પઠ્ઠા રહી ગયા.' અરે મિયાં, ખરું કહ્યું તેં તો. ત્યારે જો એવી ગાળો ખાવી અને પૈસાયે આપવા. અને પાછો ઘોડાને મરાય મરાય કરે. 'તું દોડાય જલદી, જલદી દોડાય, મારે જવાનું છે', એમ કરીને પેલો બહુ બૂમો પાડે ને, એટલે પેલો ઘોડાને એક-બે મારે. હું એને કહું, કે ''ભઈ, ધીમે રહીને જવા દેજે, ઘોડાને મારીશ નહીં. ઘોડાને તે ચા-પાણી પાઈ'તી ?'' 'ના દાદા, નથી પીતો', કહે છે. 'ચા-પાણી પીતો નથી ? તો સિગરેટ-બિગરેટ પાઉ છું એને ?' 'ના, ના, સિગરેટ-બિગરેટ ના પીએ, દાદા.' ત્યારે મેં કહ્યું, 'પંપાળું છું ?' ત્યારે કહે, 'હા, પંપાળું છું.' 'એને ખવડાવજે', મેં કહ્યું.

તે ઘોડાગાડીવાળા શું કહે ? 'દાતા દાતા ચલે ગયે, રહ ગયે મખ્ખીચૂસ. ઉલ્લુ કે પઠ્ઠે રહ ગયે.' કેવા રહી ગયા ?

**પ્રશ્નકર્તા :** મખ્ખીચૂસ રહી ગયા, તે ચાર આના કાપી લે ઉપરથી.

**દાદાશ્રી :** ઘીમાં માખી પડી હોય ને, તે મખ્ખી હઉ નિચોવે. ત્યારે મેં કહ્યું, 'પહેલાના દાતા જોયા નહીં ?' સાહેબ, બહોત દેખે થે. ઘોડાગાડીનો દોઢ રૂપિયો નક્કી કર્યો હોય ને, અઢી આપી દે. પણ હવે એ બધા છે જ ક્યાં ? બધો આ બેકાર માલ રહેલો છે. પર્સ જરા ગજવામાંથી લૂંટાઈ જાય ત્યારે પાંસરો રહે, પણ આમ ના આપે.

**પ્રશ્નકર્તા :** હા, આમ ના છૂટે. આમ એક રૂપિયો, એક પૈસો ન આપે.

**દાદાશ્રી :** હાથે કરીને ના આપે. એનું દિલ મોટું ના થાય, કે

લાવ, એને બિચારાને આઠ આના વધારે આપું. એવા દાતા માણસો પહેલા વધારે હતા, હવે બહુ જૂજ માણસો રહ્યા છે. આ દાતા નહોય. તેથી આ નામ પડેલું, કે 'દાતા દાતા ચલે ગયે, રહ ગયે મખ્ખીચૂસ. ઉલ્લુ કે પઠ્ઠે રહ ગયે.' 'અરે શેઠ, ઊતરતા ઊતરતા કચકચ કેટલી કરે ત્યારે અગિયાર આના આપે છે.' ત્યાર પછી મને એણે કહ્યું, ''સા'બ, આપકે જૈસે નહીં દેખે.''

**પ્રશ્નકર્તા :** હવે તો તમે પેલા કુલી જોડે કે એવા જોડે પૈસાની કચકચ કરો તો એ લોકો જ કહે, ''લઈ જાવ શેઠ પૈસા તમારા, નથી જોઈતા. હું સમજીશ કે મફતમાં કર્યું'તું.'' એવું કરે છે, ખબર છે ને ?

**દાદાશ્રી :** એ તો કો'ક જ એવું બોલે. ગરીબ ઘોડાને ચા કંઈથી પાય ? નાસ્તો કેવી રીતે કરાવે ? ઘોડાને ચા પાવો, નાસ્તો કરાવવો પાછો, એ ક્યાંથી કરાવે ?

## ઘોડાને પૂછ તો ખરો, બેસાડું કે નહીં ?

અને આપણે ત્યાં તો મિયાંને ઘોડા કેવા હોય ?

**પ્રશ્નકર્તા :** ટટ્ટુ.

**દાદાશ્રી :** ના, ના, છ મહિનાથી સરખું ખાધું ના હોય એવા બિચારા ! તે એક ફેરો અગાસ ગયો'તો. તે એક ઘોડાગાડીમાં ત્યાં બોરસદ આવવાનું થયું. તો એ ઘોડાગાડીમાં હું ને મારી જોડે એક જણ બીજો હતો, તે બે જણ બેઠેલા. તે પેલાએ તો ઘોડાગાડીમાં બીજા બે બેસાડ્યા, તે ચાર થઈ ગયા. પછી બીજા ચાર બેસાડ્યા. આગળ બે બેસાડ્યા ને આમ પાછળ બે એમ કરીને. તે કોઈ ભઈ આગળ જતો હશે ને, એણે આમ હાથ કર્યો ને, ત્યારે પેલાએ ઘોડાગાડી ઊભી રાખી. મેં કહ્યું, 'અલ્યા, આઠ જણ બેઠા છે ને, હવે કંઈ ઘોડાને પૂછ તો ખરો કે ભઈ, હું બેસાડું ? ખેંચનારને પૂછ.' મેં શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ખેંચનારને પૂછ.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'આ આઠ તો બેસાડ્યા છે ને ખેંચનારને પૂછતોય

નથી ? એમને પૂછયા વગર શું કરવા બેસાડ બેસાડ કરે છે ? ઘોડાને પૂછ કે હવે બેસવા દઉં ? બેસાડું ?' ત્યારે કહે, 'સાહેબ, એને પૂછવાની જરૂર જ નહીં.' મૂઆ, ઘોડાએ કશું ખાધું નથી, ચા-નાસ્તો કર્યો નથી. કેવું ? શું કરે, એને છૂટકો જ નહીં ને ! મિયાંને માથે એ પડેલો ને મિયાં એને માથે પડેલો. એકબીજાના ઋણાનુબંધ કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** હા, ઋણાનુબંધ.

**દાદાશ્રી :** ઋણાનુબંધ. તે વેર વાળે છે મિયાં.

**પ્રશ્નકર્તા :** મિયાં વેર વાળે છે ?

**દાદાશ્રી :** હા. મેં કહ્યું, 'અલ્યા, ઘોડાને પૂછ તો ખરો, મૂઆ ! પૂછ કે બેસાડું એક ?' ખેંચનારો એ, ઘોડાને ના પૂછવું જોઈએ ? ત્યારે કહે, 'સાહેબ, આજ એને વધારે ખાવાનું નાખીશ.' મેં કહ્યું, 'પણ રોજ શું કરું છું તું ?' ત્યારે કહે, 'રોજ તો હું કશું નથી કરતો.' ત્યારે મેં કહ્યું, 'આ ઘોડાને પૂછીને બેસાડ, નહીં તો ખાવાનું વધારે નાખ.' તે આઠ જણ બેસાડ્યા એણે ! મેં કહ્યું, 'મૂઆ, આ તો હિન્દુસ્તાનના લોક લોભિયા !' તે પછી ઘોડો પાછળ લાત મારે પેલા પાટિયાને, ભડાક દઈને લાત મારે એમાં, છતાંય ઘોડાગાડી પડવા ના દે એટલો ડાહ્યો હોય છે. પછી મેં કહ્યું, 'મિયાં, ઘોડાને ચા-બા પા, આ કંઈ સિગરેટ-બિગરેટ પા.' સિગરેટ પાય, ચા પાય તો કેવો સરસ ચાલે ! શું ?

તું ચા પીઉં છું ?

**પ્રશ્નકર્તા :** ક્યારેક.

**દાદાશ્રી :** ચા પીવે તો જરા ટેસમાં આવી જાય, એલર્ટ થઈ જાય.

## દાદાને તેઓ કહે 'ખુદા જેવા'

બીજા લોકો ઘોડાગાડીવાળાને બાર આના આપે, ત્યારે હું રૂપિયો આપું. તે ઘોડાગાડીવાળો કહે છે, કે 'ભઈ છે તો ખુદા જેવા માણસ, ખુદા જ જોઈ લો ને !' હવે ચાર આના વધારે આપો તોય 'ખુદા'

કહે. મારે કંઈ 'ખુદા' કહેવડાવવાનું નહોતું, પણ એનું ફળ એ આવ્યું. એ લોકો કહેતા હતા તે મને સાંભળવાનું મળ્યું. વાત પાછળથી મળી મને વળી, કે ઘોડાગાડીવાળા ત્યાં ન્યાયમંદિર આગળ ભેગા થાય છે ને ત્યારે કહે છે, 'વો અચ્છા આદમી હૈ. વો મામાકી પોલવાલા, ખુદા જૈસા આદમી. ખુદા હી દેખ લો.' હવે હું કશુંય આપી નહોતો દેતો. બે-ચાર આના વધારે આપું. મારી પાસે હોય તો આપું ને ! કંઈથી લાવું હું ? આપણે કંઈ દાનેશ્વરી છીએ ? પણ સાધારણ નામદાતા તો રહીએ.

**પ્રશ્નકર્તા :** લિમિટમાં.

**દાદાશ્રી :** નામદાતા તો રહીએ. પાંચ-દસની ભીડ ના કાઢીએ આપણે ? મિયાંને દસની ભીડ હોય તો ના કાઢીએ ? કે એય દાતા ના થવાય ? એટલે આ વાત મેં કવિને કરેલી. મેં કહ્યું, 'આવું પાછળ મુસલમાન બોલે.' તે આ કવિએ આખું પદ રચ્યું. કવિને કંઈ રવિએય પહોંચે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** એટલે કવિએ પદ રચેલું આ.

'યા અલ્લાહ, પરવરદિગાર', 'તે' કરુણાના ધામ છે,
જેનું કોઈ નથી એના 'દાદા ભગવાન' છે.

સર્વ-ધર્મ સમૂહ-'મૂળ', શાશ્વત શણગાર છે,
ઓલિયાએ દીઠા 'દાદા' ખુદા 'ભગવાન' છે.

## હાર્ટ હશે ત્યાં જ ધર્મ ને તો જ થાય મોક્ષ

એ બધા ઘોડાગાડીવાળા એમ જ કહેતા'તા, કે 'વો હી ખુદા હૈ, ખુદા ભગવાન.'

**પ્રશ્નકર્તા :** ખુદા ભગવાન.

**દાદાશ્રી :** 'એક પેલા કાકા એકલા જ ખુદા જેવા છે.' રૂપિયો આપું

તો એ ખુશ થઈ જાય બિચારો. ત્યારે કંઈ માણસ ખોટા હોય છે કે આપણે ખોટા છીએ ? ખોટું કોણ છે ?

**પ્રશ્નકર્તા :** આપણે જ.

**દાદાશ્રી :** હંઅ. મુસલમાન તો બહુ ખુશ થઈ જાય બિચારા. આપણા લોકો બહુ ખુશ ના થઈ જાય. અને ઉપરથી કહેશે, 'એ તો મારી અક્કલના આપ્યા, અગર મારો રોફ પડે તેથી આપ્યા.' અને મિયાં એવું ના કરે. એ તો કહે, 'ખુદા જૈસા આદમી.' કારણ કે મિયાં દિલ્લગીવાળા હોય, દિલવાળા ! આ લોકોને દિલ હોતું નથી, નહીં ?

હાર્ટિલી હોવું જોઈએ તો જ કામ ચાલશે. હાર્ટ વગર તો મોક્ષ ના થાય. જ્યાં એટિકેટ છે ખાલી અને હાર્ટ નથી, ત્યાં ધર્મ જ નથી.

❖❖❖❖❖

# [૧૦.૨]

# મુસલમાનો બીબીને ખુશ રાખે

## હકીમને દાદાની વૈજ્ઞાનિક વાત બહુ ગમે

**પ્રશ્નકર્તા :** ઔરંગાબાદમાં પેલા મુસલમાન ભેગા થયા હતા ને, પેલો હકીમ ?

**દાદાશ્રી :** હા, એ તો પચ્ચીસ વર્ષનો હકીમ આવ્યો હતો મારી પાસે. તે પેલા કયે ગામથી ?

**પ્રશ્નકર્તા :** ખુલ્દાબાદ.

**દાદાશ્રી :** ખુલ્દાબાદથી આવ્યો'તો. આપણી આ (ઈલોરાની) ગુફાઓ છે ને, એની જોડે ખુલ્દાબાદ કરીને શહેર છે. તે એણે જાણ્યું હશે કે આ દાદા પાસે કંઈક અધ્યાત્મજ્ઞાન જાણવા જેવું છે. એટલે એ આવ્યો હતો હકીમ. તે મેં તો સત્સંગની બધી વાત કરી, આ જગતની. વૈજ્ઞાનિક રીતે મેં વાત કરી. એટલે એને મનમાં એમ લાગ્યું કે આ વૈજ્ઞાનિક રીત સારી છે, આપણે સાંભળવા જેવી છે. અત્યાર સુધી ચાલ્યું ને, તે જમાના પ્રમાણે લખાયેલું છે. કેવું ?

**પ્રશ્નકર્તા :** જમાના પ્રમાણે.

**દાદાશ્રી :** જેવો જમાનો હતો ને, તેવું આ વર્ણન કરેલું છે. એટલે જમાનો જેમ જેમ ફરતો જાય તેમ વર્ણન વધતું જાય.

મેં તો ગમ્મત કરી એની. મેં કહ્યું, 'અલ્યા, શાદી-બાદી કરી છે કે એમ ને એમ ફર્યા કરું છું ?' 'શાદી કરી છે મેં', કહે છે. મેં કહ્યું, 'ક્યારે કરી તેં ? મને બોલાવ્યો નહીં તેં ?' 'દાદાજી, હું જાણું નહીં તમને. નહીં તો તે દહાડે બોલાવત, છ મહિના જ થયા હજુ, શાદી કર્યા ને', કહે છે.

## હકીમ પઢે પાંચેય નમાઝ નિયમિત

મેં કહ્યું, 'આ દાદાની ભક્તિ કરવાની ગમે છે ?' ત્યારે કહે, 'મને બહુ ગમે છે. દાદાને જોઉં છું, મને બહુ આનંદ થાય છે.' મેં કહ્યું, કે 'કુરાન આવડે છે કે ?' 'હા, શીખ્યો છું.' 'અને ખુદાની ભક્તિ કેટલો વખત કરું છું ? કેટલા વખત નમાઝ પઢું છું ?' ત્યારે કહે, 'પાંચ વખત, સાહેબ.' અને 'રાત્રે કેટલા વાગે કરું છું ?' ત્યારે કહે, 'ત્રણ વાગે.' મેં કહ્યું, 'અલ્યા, પચ્ચીસ વર્ષનો તું શી રીતે ત્રણ વાગે ઊઠું છું ?' 'દરરોજ ત્રણ વાગે ઊઠવાનું જ. ખુદાની બંદગી એ તો કરવાની જ, એમાં ચાલે જ નહીં', કહે છે. 'ત્રણ વાગે ઊઠીને કરવાની ? કેટલા વર્ષથી ?' ત્યારે કહે, 'નાનપણથી જ. મારી નાની ઉંમરમાંય કરતો આવ્યો છું. મારા ફાધર હકીમસાહેબેય કરતા.' આ પચ્ચીસ વર્ષનો છોકરો, રોજ ત્રણ વાગે બંદગી કરે અને આપણા છોકરાં, સાત વાગે ઊઠવાનું કહ્યું હોય તોય સવારમાં ના ઊઠાય. આઠ વાગે તોય મંગળાના દર્શન કરવા જાય એવા છે ? સવારમાં ઊઠે, ત્યાર પછી દાતણ-પાણી કર્યા હોય તોય સવારમાં જાય નહીં.

પછી મેં કહ્યું, 'હવે તો બીબી આવી, હવે શી રીતે બીબી કરવા દે તને ત્રણ વાગે ?' 'ના, બીબીએ મને કહ્યું છે તમતમારે તમારી નમાજ પઢજો.'

## બીબી તો મેરે મુંહ કા પાન

**દાદાશ્રી :** પછી મેં કહ્યું, 'લોકો જોડે ઝઘડો થાય કે ?' 'એ તો થઈ જાય ને', કહે છે. 'બીબી ને તારે થાય છે ?' તો કહે, 'ના, બીબીને થતો હશે ?' ત્યારે મેં કહ્યું, 'બીબી જોડે નથી થતો ?' 'એ શું બોલ્યા ? એ શું

બોલ્યા ?' મેં કહ્યું, 'કેમ ?' 'બીબી તો મારું મોઢાનું પાન છે', કહે છે. શું કહે છે ? 'બીબી તો મારું મોઢાનું પાન ! એ મને વઢે તો હું ચલાવી લઉં, મારું પાન છે એ તો. બીબી થકી તો હું જીવું છું, બીબી મને ખૂબ સુખ આપે છે', કહે છે. હવે આટલું સમજે તોય બહુ સારું. બીબી ઉપર જોર ના કરે. ના સમજવું જોઈએ ? બીબી એનો કંઈ ગુનો છે ?

**પ્રશ્નકર્તા :** પછી કહે, કે 'મેરે કો દુનિયા મેં પ્યારી મેં પ્યારી ચીજ ખાના હૈ. ઔર અગર ઔરત કે સાથ ઝગડા કરું તો મુઝે ખાના કહાં સે મિલેગા ?'

**દાદાશ્રી :** હા, 'ખાના કહાં સે મિલેગા ? એટલે એ ઔરતનું નહીં બોલવાનું. વો તો મેરે મુંહ કા પાન !' એ ગાલી દે તોય હરકત નહીં. પણ બીજા લોકો ગાલી દે તો જોઈ લો !

## રમા રમાડવી સહેલ, વીફરે મહામુશ્કેલ

લ્યો, ત્યારે એ લોકોને બીબીની કેટલી કિંમત છે ! અને આપણે ત્યાં આગળ લખે છે કે 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા :' અહીં તો 'રમન્તે દેવતા' થઈ ગયા છે ને ! અને એ બિચારા આવું રાખે. એ વાઈફને કશું ના કહે. ચળ આવતી હોય તો બહાર વઢીને આવે, પણ અહીં ઘરમાં નહીં.

કહે છે, 'કોઈ જગહ પે મૈંને સુખ હી નહીં દેખા હૈ. યે ઔરત મિલતી હૈ, મૈં ઈસકુ દેખતા હૂં કી મૈં ખુશ ખુશ હોતા હૂં.' તે વાત સાંભળીને હું તો ખુશ થઈ ગયો. મુંહ કા પાન, નહીં ? અને એના વગર ઝૂરે બિચારા, મરી જાય એવા ! અને આપણા તો કહે, 'તું નહીં હો તો બીજી લઈ આવીશ !' મુસલમાનોમાં ચાર કરવાની છૂટ છે તોય છે તે આવું રાખે છે, જુઓ ! અને આપણામાં એક કરવાની છૂટ તોય પાંસરું રાખતા નથી. આપણે તો એક બીબી જાય, એનો જીવ ગયો તો એ બીજી બીબી લઈ આવે. અને એ તો દિલ્લગીવાળા ! કેવા ?

**પ્રશ્નકર્તા :** દિલ્લગીવાળા.

**દાદાશ્રી :** મેરી દિલ્લગી હૈ. જ્યારે અહીં તો દિલ જ નહીં ને ! અહીં તો દિલ જ હોય રૂપિયામાં. સમજાયું ? એવી આ દુનિયા !

પણ આપણે એમના જેવા ના થવું. આપણે કહેવું, 'તમે વિનયમાં રહો અને હું વિનય રાખીશ. નહીં તો પછી દાદાજીની પાસે વાત મૂકવી પડશે.' બસ, એટલો ભાર, બોજ રાખવો. વઢવા-કરવામાં ફાયદો નથી. સ્પર્ધા કરવામાંય ફાયદો નથી. કારણ કે એ રમા કહેવાય. શું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** રમા.

**દાદાશ્રી :** સ્ત્રી એટલે રમા. તે શાસ્ત્રોએ શું કહ્યું ? 'રમા રમાડવી સહેલ છે, વીફરી મહામુશ્કેલ છે.'

## અમારે બધા જોડે મેળાપ થાય

પછી એક લેબર કોન્ટ્રાક્ટર હતો, એહમદમિયાં કરીને. આ તો જોયેલું મેં. એ કમ્યૂનિટીમાં શું શું, એના ગુણ કેવા હોય છે તે ! અમારો કોન્ટ્રાક્ટનો ધંધો, એટલે કડિયાકામનો એ ઉપરી હતો. તે કહે છે, 'સાહેબ, મારે ઘેર એક દહાડો ના પધારો ?' મેં કહ્યું, 'કેમ ના આવું ? તારે ત્યાં પહેલો આવું.' ત્યારે કહે, 'મારે ત્યાં તો એક જ રૂમ છે, તમને ક્યાં બેસાડું ?' ત્યારે મેં કહ્યું, 'હું ગમે ત્યાં બેસીશ. મારે તો એક ખુરશી જ જોઈએ, નહીં તો ખુરશી ના હોય તોય મારે ચાલે. તારે ત્યાં અવશ્ય આવું. તારી ઈચ્છા છે તો હું આવીશ.' બહુ ભાવ એને. અને મને તો ભાવ હોય, એટલે એક રૂમ હોય કે એક ખાટલા જેટલી જગ્યા હોય તોય હું તો જઉં. મારે એવું હોય જ નહીં ને ! મારે તમારા પૈસા સાથે કામ નથી, તમારો ભાવ શું છે, એ ઉપર આધાર.

અમારો તો કોન્ટ્રાક્ટનો ધંધો એટલે અમારે તો મુસલમાનોને ત્યાંય જવાનું થાય અને અમે એમની ચા પીઈએય ખરા. અમે ચોખ્ખો માણસ હોય ને, તેવા ગમે તેની ચા પીઈએ. અમારે કોઈની જોડે જુદાઈ ના હોય. અમારે બધા જોડે મેળાપ. મિયાંભાઈ જોડે બહુ મેળ પડે, જબરજસ્ત મેળ ! કારણ કે અમે ક્ષત્રિયો તો મિયાંભાઈની ક્વૉલિટીના જ. થોડુંક

મળતું આવે અમારે. અને ત્યારે તો જ્ઞાન નહીં પણ પેલા વિચારો બહુ સુંદર, લાગણી બહુ સરસ બધાને માટે. આપણે ઘેર કમાતો હોય તો એ સારું કેમ કરીને કમાય, એવી પણ ભાવના ! અને એ દુઃખમાંથી મુક્ત થઈ સુખી થઈ જાય એવી ભાવના !

## મિયાં બહાર લઢીને આવે પણ ઘરે લઢે નહીં

એટલે પછી મને થયું, 'આ કેવું જીવન જીવતો હશે !' મને ઘણા વખતથી કહે, કે 'એક ફેરો શેઠ પધારો.' તે હું એક દહાડો જોવા ગયો. ત્યારે એને સારા વખતમાં, આજથી ત્રીસ-ચાલીસ વર્ષ ઉપર એક રૂમ હતી. ત્યારે મેં કહ્યું, 'આ એક રૂમમાં તમને ફાવે છે, આ ત્રણ-ચાર છોકરાં છે ને બધું ?' ત્યારે કહે, 'શેઠ, શું કરું ? મારે તો આવક પ્રમાણે ચલાવવાનું ને !'

મેં કહ્યું, 'એહમદ મિયાં, કુછ ઔરત કે સાથ કુછ ઝઘડા-બઘડા હોતા હૈ કે ?' 'યે ક્યા બોલા !' મેં કહ્યું, 'શું ?' તો કહે, 'યહ નહીં, કભી નહીં હોતા હૈ. ઐસા મૂરખ આદમી નહીં હમ !' 'અલ્યા, મતભેદ ?' તો કહે, 'નહીં, મતભેદ ઔરત કે સાથ નહીં. દૂસરી જગહો પે કરને કા. ઔરત તો હમારા મુંહ કા પાન હૈ !' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** મુંહ કા પાન.

**દાદાશ્રી :** લે, મોઢાનું પાન કહી દીધું ! ત્યારે મેં કહ્યું, 'તને કંઈ વઢે તો ?' ત્યારે કહે, 'વઢે તોય મારું પાન, એટલે હું કહી દઉં, મેરી હાલત મેં જાનું બીબી... જાને દો ને યાર ! તે ખુશ થઈ જાય.' મેં કહ્યું, 'કોઈ દહાડો વાઈફ ગુસ્સે થઈ જાય ત્યારે ?' તો કહે, 'પ્યારી, આ બહાર પેલો સાહેબ હેરાન કરે છે ને તું પાછું હેરાન કરીશ તો મારું શું થશે ?' એટલે બીબી ચૂપ થઈ જાય !

મેં કહ્યું, 'મતભેદ પડતો નથી એટલે ભાંજગડ નહીં ને !' ત્યારે કહે, 'ના, મતભેદ પડે તો તો એ ક્યાં સૂઈ જાય અને હું ક્યાં સૂઈ જાઉં ? અહીં ત્રીજો માળ હોય, તો હું ત્રીજે માળે જતો રહું. પણ આ તો

એ આમની ફરીને સૂઈ જાય, હું આમનો ફરીને સૂઈ જાઉં, તે ઊંઘેય ના આવે. એટલે વાઈફને તો કોઈ દહાડો હું દુઃખ આપું નહીં. એ મને મારે તોય દુઃખ ન આપું. બહાર ઝઘડો કરીને આવું છું પણ ઘેર બીબી જોડે નહીં.' મેં કહ્યું, 'બહુ પાકો તું તો !' બહાર ઝઘડો કરીને આવું કહે છે પણ અહીં ના કરું. અહીં ક્યાં સૂઈ જઉં ? એ આમ મોઢું ફેરવીને સૂઈ રહે, હું આમ મોઢું ફેરવીને સૂઈ રહું. તે સવારમાં ચા સારી ના મળે. બધો હિસાબ કાઢી લીધો છે મેં. પછી કહે છે, મારે હવે આ મતભેદ નથી પાડવા. એટલો હિસાબ તો કાઢવો જોઈએ ને, આપણે ? શું આમાં સ્વાદ કાઢવાનો છે ?

આ હું બોલું છું, એમાં તમને લોકોને જે આ સાંભળે તેને ફાયદો થાય કે ના થાય ?

**પ્રશ્નકર્તા :** થાય.

**દાદાશ્રી :** પછી મેં કહ્યું, 'બીબી હીંચકા ઉપર બેઠી હોય તો ?' ત્યારે કહે, 'થોડીવાર હીંચકો નાખી આપું, ખુશ થઈ જાય, બસ !' ત્યારે મેં કહ્યું, 'ચઢી નહીં બેસે ? એ બીબી ચઢી બેસશે, હીંચકો નાખીશ તો.' ત્યારે કહે, 'ના, સાહેબ, એ તો શું ચઢી બેસવાની છે ? આપણા ઘરમાં છે એ શું ચઢી બેસવાની ? એની પાસે હથિયાર નથી, કશું જ નથી. એને ક્યારેય મૂછો આવવાની છે ?' શું કહે છે ? 'મૂછો આવે તો ચઢી બેસે.' આ સાચું કહે છે ને એ ? ડાહ્યો છે ને એ મુસલમાન ?

**પ્રશ્નકર્તા :** હા, લાગે છે.

**દાદાશ્રી :** કહે છે, 'હું પોલીસવાળા જોડે લઢીને આવું છું, બહાર બીજા બધા જોડે લઢી આવું મને શોખ હોય તો, પણ ઘરમાં લઢું નહીં.' ત્યારે મેં કહ્યું, 'અમારા લોક, હિન્દુ લોક, બહાર પોલીસવાળાની ગાળો ખાઈને આવે ને ઘરમાં આવીને બીબી જોડે ઝઘડે.'

## મિયાંભાઈ આમ લાવે ઉકેલ

બીબીએ સલિયાને ગોસ લાવવાનું કહ્યું હોય ને સલિયાને પગાર

ઓછો મળતો હોય, તે બિચારો ગોસ શી રીતે લાવે ? બીબી સલિયાને મહિનાથી કહે કહે કરતી હોય, કે 'હવે લાવો, લાવો, આ છોકરાંઓ બધા બિચારા સંભાર સંભાર કરે છે.' એટલે પછી બીબી કહે એક દહાડો, બીબી મનમાં બહુ અકળાયા કરે કે આજે તો ના લાવે તો ઘરમાં જ ના આવવા દઉં. સલિયો સવારમાં કહીને ગયો હોય કે લાવીશ. મિયાંભાઈ પાસે જવાબ રોકડો. એ જાણે કે ઉધાર દેશે તો ગાળાગાળી દેશે. 'આજ લાઉંગા', એમ કહીને છટકીને આવે, નહીં તો જતી વખતે બીબી કચકચ કરે. એટલે જવાબ તો આપી દે તરત જ, પૉઝિટિવ. 'આજ લે આઉંગા. કિધરસે ભી લે આઉંગા.' એટલે બીબી જાણે કે હમણે લઈને આવે કે રાંધીએ. પેલો આવે એટલે ખાલી હાથે દેખે, એટલે બીબી બૂમાબૂમ કરવા માંડે એટલે સલિયો બહુ પાકો હોય. બીબીને એટલું બધું સમજાવી દે કે 'યાર, મેરી હાલત મૈં જાનતા હૂં. યાર તુમ ક્યા સમજે !' એક-બે વાક્ય બોલે ને, તે બીબી કહેશે, 'સારું, ફરી લાવજો.' પણ દસ દહાડે-પંદર દહાડે, 'મેરી હાલત મૈં જાનતા હૂં' એવું બોલે ને, કે બીબી ખુશ થઈ જાય. એ મૂઓ ઝઘડો ના કરે.

અને આપણા તો હાલત-બાલત કહે નહીં. હાલત બગડી હોય તોય ના કહે. અલ્યા મૂઆ, ભાગીદારને કહે તો ખરો એમાં, કે ભઈ, આ હાલત હમણાં સારી નથી, જરા એ કરજો. અમારી ઉપર જરાક રાજી રહેજો. પણ ના બોલે મૂઓ. આપણા મૂઆ તે ઘડીએ કહેશે, 'હં, તું મને દબાય દબાય કરું છું !' મૂઆ, આમાં તારું વજન તૂટે છે. એવું ના બોલાય. બીબીને કહે, કે દબાય દબાય કરું છું, એનો અર્થ જ તું દબાયેલો છું. એ અર્થ ઈટસેલ્ફ બોલે છે કે તું દબાયેલો છું. મૂઆ, તને શી રીતે દબાવે ? જ્યાં પૈણતી વખતે પણ તારો હાથ ઉપર રાખે છે. આ સંસારના લોકો કંઈ કાચી માયા છે ? મૂઆ, તને શી રીતે દબાવે ? હાથ ઉપર રાખીને પૈણ્યો છે. એ આજ દબાવી જાય તો આપણે શાંત રહેવાનું. નિર્બળતા હોય તે ચીઢાઈ જાય. જેનામાં નિર્બળતા હોય એ ચીઢિયા હોય. આપણા લોક નથી કહેતા, 'કાકા, તમે ચીઢિયા બહુ થઈ ગયા છો.' ત્યારે કહે, 'પહેલા નહોતો. આ ઘૈડપણને લીધે થઈ ગયો છું.'

પહેલા નહોતા જરાય પણ આ ઘૈડપણ થાય એટલે ઘડપણમાં નિર્બળતા હોય ને, તે ચીઢિયું માણસ હોય ત્યારે આપણે ના સમજીએ કે આનામાં નિર્બળતા છે ! તો તે ઘડીએ આપણે મશિનરી બંધ રાખીએ. રેકર્ડ સાંભળવાની ના ગમતી હોય તો રેકર્ડ સાંભળવાની બંધ રાખવી. રેકર્ડ તો વાગ્યા કરવાની છે.

## ઓપન માઈન્ડ તે સારી વાત જ્યાંથી મળે ત્યાંથી ગ્રહણ કરે

ઝઘડો ઘરમાં ના કરે તો ઉત્તમ કહેવાય ! એ તો ઘર છે તે થાય તો ખરું ને ? બઈ ચીડાતી ના હોય ? બબ્બે મહિના સુધી ગોસ ના લાવ્યા હોય તો ના ચીઢાય ? સંસાર છે ને, બધો. મિયાંભઈને એક દહાડો જરા ટેસ્ટ ના પડ્યો તો એ ચીઢાઈ જાય, ઐસી ને તૈસી. પણ એ ચીઢાય ને ફરી પેલી જો સામે ચીઢાય તો એ બંધ થઈ જાય. એ સમજી જાય કે આમાંથી ભડકો થઈ જશે અને આપણા ભડકો કરે તે ઘડીએ દીવાસળી ચાંપે, આટલો ફેર. એટલે હિન્દુઓ ગાળે જીવન ક્લેશમાં. હિન્દુઓ તો મૂળથી જ કલેશી સ્વભાવના. પહેલેથી આની આ જ ઔલાદ. પાઘડીઓ જુદી, બધું જુદું, દક્ષિણી પાઘડી જુદી, ગુજરાતી જુદી, ગુજરાતીમાં પટેલિયા પાઘડી જુદી, સુવર્ણકારની પાઘડી જુદી, બ્રાહ્મણની પાઘડી જુદી, વાણિયાની પાઘડી જુદી ! અલ્યા મૂઆ, શું છે આ ? મેળો છે કે શું છે ? ચૂલે ચૂલે ધર્મ જુદો. હિન્દુસ્તાનમાં લોકોનો ચૂલે ચૂલે ધર્મ જુદો. બધા વ્યૂ પૉઈન્ટ જુદા બધાના, મેળ જ ના ખાય. પણ ઝઘડો ના કરતા હોય તેને સારું કહીએ. ઘેર ઝઘડો ના કરતા હોય ને ખાતો-પીતો હોય તોય આપણે કહીએ ઈન્સાનિયત ભરી પડી છે.

મુસલમાનો તો એવા પાકા કે બહાર ઝઘડી આવે, પણ ઘેર બીબી જોડે ઝઘડો ના કરે. હવે તો અમુક મુસ્લિમ લોકોય હિન્દુઓ જોડે રહીને બગડી ગયા છે. પણ હિન્દુઓ કરતા આ બાબતમાં મને તેઓ ડાહ્યા લાગેલા.

આપણામાં કહેવત છે, હિન્દુઓ જીવન જ ક્લેશમાં ગાળે છે. બહારનો ક્લેશ ઘરમાં લાવે. એટલે એ સમજવું જોઈએ ને ? આ આપણે

પોતાની જાતને વગોવતા નથી. આપણે સમજવું જોઈએ, કે આમ ન હોવું ઘટે. એ તો મુસ્લિમોય ક્લેશ લાવે છે, પણ મહીં કો'ક આવી ડહાપણની વાત તો આપણે પકડી લેવી જોઈએ કે ના પકડવી જોઈએ ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** એક કળા છે જીવન જીવવું એ ! એ મને બહુ સરસ આવડે. હું ગ્રહણ કરું, જ્યાં ને ત્યાં. મને સરસ લાગે ને, તો મુસલમાનને ત્યાં પણ જઈ આવું.

❖❖❖❖❖

# [૧૧]

# દાદા છે મોર્ડન, લગ્ન વિશે પણ

## પાટીદાર ભાણો પરણ્યો નાગરને, તે થયો કંસાર લુખ્ખો

એક પટેલ અમારા ઓળખાણવાળા હતા, સગાંય થાય. તે પટેલ થઈને પૈણેલા ક્યાં ? નાગર બ્રાહ્મણને ત્યાં. મોટા માણસની, દીવાનની છોડીને. આજથી પચાસ વર્ષ ઉપર પૈણેલા, તે પટેલ બહુ ક્રાંતિકારી હતા. એ નાગરણ જોડે પૈણ્યા. અને નાગર છે તે મોટો ઑફિસર જબરજસ્ત ! તે આ પટેલે એની જોડે એવું કંઈક સાંધી લીધું, તે એની છોકરી પૈણવા તૈયાર થઈ અને પછી પૈણ્યા બેઉ જણ.

હવે એમને '૪૬ની સાલમાં અમારું કામ પડ્યું, તે ઘડીએ બોલાવ્યા અમને કે 'જરા આવજો ને, અમારે આટલું કામ પડ્યું છે.' એટલે હું ને એમના મામા, બેઉ ત્યાં ગયા. ત્યારે કહે, 'મુંબઈ જવાશે તમારાથી ?' મેં કહ્યું, 'હા, જઈશું.' ત્યારે કહે, 'ઘેર ખબર કહેવડાવો.' ત્યારે મેં કહ્યું, 'કહેવડાવીએ.' ત્યારે કહે, 'પણ જમીને જજો, અહીં જમી લેવું પડશે.' ત્યારે મેં કહ્યું, 'સારું, અહીં જમીશું.'

તે પછી અમે ત્યાં આગળ જમવા બેઠા. ત્યારે કહે, 'કંસાર તો આજ ખાવો પડે, શુકનનો.' તે એ ભાઈના મામા ને હું બે છે તે જમવા બેઠા'તા અને એમની પત્ની નાગરણ હતા તે પીરસવા આવ્યા. તે કંસાર કરેલો એમણે. એમના કામને માટે અમને મુંબઈ મોકલતા'તા, એટલે

કંસાર કરેલો. કંસાર ખવડાવે એટલે એમને શુકન રહે. તે બ્રાહ્મણીએ શુકન કરેલા. તે કંસાર આટલો આટલો મૂક્યો, થોડો થોડો. ત્યાં સુધી અમને હરકત ના આવી. પછી ખાંડ મૂકી ગઈ. ત્યારે પેલા એના મામાએ કહ્યું, કે 'પહેલું ઘી લાવ.' એ ઘી લાવી ને એક ટીપું પાડ્યું. અલ્યા મૂઆ, કંસારમાં આ પલળવુંય ના જોઈએ ? આને પાણીમાં પલાળીએ ? પાણી ચોપડીને ખઈએ ? એક ટીપું પાડ્યું. તે પછી એના મામા તો ફરી બોલ્યા જ નહીં. પછી ઘી મહીં લઈ ગઈ પાછી. 'બીજું વધારે મેલું, ફરી જરા ?' કહે છે, તે પાછું ફરી ટીપું પાડી ગઈ. એટલે પછી એનો મામો ચિઢાયો. એટલે પછી એ મહીં ગઈ ને, ત્યારે મને કહે છે, ''આ મારો ભાણો આ બ્રાહ્મણીને કંઈ પૈણ્યો ? આ બામણીને (બ્રાહ્મણીને) કંઈથી લાવ્યો મારો ભાણો મૂઓ ? આટલી બધી મળતી'તી અને બામણી લાવ્યો ! આ પેલું આમ કરીને હલાવે, તે પાટીયું આમ ૭૦ ડિગ્રી સુધી નમાવે. એક ટીપુંય નથી પડવા દેતી. આવું પાણીમાં પલાળવાનું ? હવે કંસાર આખી રાત ખૂંચશે. જો થાળીમાં રાખી મેલીએ તો એને ખરાબ લાગે.''

## જેવા જોયા સંસ્કાર તેવા હોય જાતીય ગુણ

તે પેલાના મામા ત્યાં જ અકળાયા'તા. મેં કહ્યું, 'બોલશો નહીં, ખોટું દેખાય. કોઈ સાંભળશે તો ખોટું દેખાય. રહેવા દો ને ! આ જે બની ગયું એ બની ગયું. બાજુએ ખસેડી નાખજો, ના ખવાય તો. દાળ-ભાત-કઢી ખાઈ લો.' અને કહીએ, 'ભઈ, નથી ફાવતું, આજ પેટમાં દુખે છે.'

તેં તો જોયેલું ને ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** વધારે માગીએ તો ખોટું દેખાય. ફરી એ ત્રણ ટીપાં રેડે પાછી. એના કરતા એ આબરૂ જાય નહીં એ સારું.

**પ્રશ્નકર્તા :** છૂટે જ નહીં ને !

**દાદાશ્રી :** હવે આમને ઘીનું પાટિયું ઢોળે એવું જોઈએ. તે આવું

સ્વાદ આવતો હશે ઘી વગરના કંસારમાં ? આવું ના વિચારવું જોઈએ ? એમાં સ્વાદ આવે ?

**પ્રશ્નકર્તા :** ના આવે.

**દાદાશ્રી :** બે જ ટીપાં ! ગળ્યો હોય પણ ગળ્યાનો પછી સ્વાદ નહીં આવેલો એને. એમાં સ્વાદ આવતો હશે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ જાતીય ગુણ હોય છે એનું શું કારણ ?

**દાદાશ્રી :** એણે જે સંસ્કાર જોયા હોય એવી હોય એ. જો ફેરફાર થાય કે ના થાય ? તે ઘડીએ ચીડ ચડે કે ના ચડે ? હવે આખી જિંદગીય એ જાતિ બદલાય નહીં. બહુ ત્યારે ત્રીજી વખત મૂકે ઘી. (દાદા એક્શનથી કહે છે) આમ ના કરે એ પાટિયું. તે કહે, 'ઘી આવું ઓછું કેમ મૂકો છો ?' ત્યારે કહે, 'લ્યો ત્યારે.'

**પ્રશ્નકર્તા :** ચોથીવાર લો.

**દાદાશ્રી :** પછી ચોથી વખત મૂકે બહુ ત્યારે. આમાં ભલીવાર આવે કંઈ ? હું તો સજ્જડ થઈ ગયો ! ફરી મૂકતા'તા ને, તો કહે, 'લ્યો લ્યો, ફરી ઘી મૂકું, આજ તો તમે મુંબઈ જવાના છો ને !' અરે, આટલું મેલ્યું, આથી ના મેલ્યું હોત તો સારું રહેત તે બળ્યું ! તમારી ચમચી જ જોઈને હું ખુશ થઈ ગયો ! આ આનાથી થોડીક જ મોટી. આવું જગત બધું ! પેલો લુખ્ખો કંસાર ખાવા કરતા ના મૂક્યો હોય તો સારો ઊલટો. આ તો હાથ બગડે છે ઊલટા. એના કરતા તો તમે આ દાળ જોડે ખઈ લેવાનું કહો તો અમે ખઈ લઈએ. અને કંસાર તો ફાવતો હશે આવો ? ના ફાવે.

ત્યારે મેં કહ્યું, 'આપણને આજે એક જ દહાડો ત્રાસ પડ્યો, તો એને કેટલો ત્રાસ પડતો હશે ? એની જોડે પૈણનારાને !' એ તો પૈણી બેઠો, પણ હવે એને રાત-દહાડો શું થતું હશે, એ કોઈને કહેવાય નહીં પાછું. લોક શું કહે ? 'ફસાયો ?' ત્યારે કહે, 'ના, ના, બહુ સારી છે.' રોફ મારીને બોલે, તે કહેવાય નહીં, સહેવાય નહીં, અને કેવી મજા આવે, નહીં ? ખરી મજા આવે, નહીં ? રોફ જ પડી જાય ને ! તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** ખરું, ખરું.

**દાદાશ્રી :** એ સ્વભાવ ફેર. એ નાગરણ ને આપણે પાટીદાર, આપણે પાટિયું આમ અડધું આમ આમ કરી નાખવા જોઈએ, તેને બદલે આપણને આ શી રીતે પોસાય ? આપણું મગજેય કાબૂમાં ના રહે. એટલે આવું આ જગતમાં બને. આ ફસામણ છે બધી.

## જુદી જુદી નાતના જુદા જુદા સ્વભાવ

પછી એ મામા કહે છે, 'આ મારો ભાણો ગાંડો, તે આ બામણી લાવ્યો ઘેર !' એનું કારણ છે કે એડજસ્ટમેન્ટ લેતા ના આવડે. એ એડજસ્ટમેન્ટ લેતા આવડવું જોઈએ. તરત જ આપણા રિવાજ પ્રમાણે સમજાવી દેવા જોઈએ, કે 'ભઈ, આ બહારના લોકો આવે ને, તેની જોડે એમને એક પાટિયો મૂકી દેવાનો. તમારાથી અપાશે તો નહીં જ, કોઈ દહાડો અપાય નહીં. એટલે તમારે પાટિયો મૂકી દેવાનો, તમને ઠીક લાગે તો. બાકી અપાશે નહીં જ !'

હવે તો બધું ભેળસેળ થઈ ગયું ને ! તે દહાડે તો હતું જ એવું. અત્યારે તો આવી ઘી-બીની એવી કશી ભાંજગડ જ નહીં ને ! તે દહાડે જૂના સંસ્કાર, પેલા નાગર બ્રાહ્મણને, તે એક ટીપું જ મેલે. પાટીદારોને જાડું ખાતું જોઈએ જરાક, એય ઘી-બી લદબદ ! અને પેલા નાગરના તો બહુ ઝીણા લોક ! ઘણાંખરાં નાગર છે તે બપોરે ખાવાનું કરે ને, તે સાંજે એક-એક રોટલી ને જરા ભાત પડ્યો હોય ને તે વાપરે, બીજું કરવાનું નહીં. ઘણાંખરાં નાગર એવા મેં જોયેલા. મારે બે ફ્રેન્ડ હતા સર્કલમાં, તે એક જ ટંક જમવાનું બનાવે ને સાંજે પાછું ખાઈ લેવાનું મહીં વધેલું-ઘટેલું. તે સાંજે આમ બે-ત્રણ જણ પૂરતું, બે એ લોકો ને બાબો ને બેબી, એના પૂરતું, એટલું જ બનાવ્યું હોય. અને બહારથી થોડાક પેલા એ લઈ આવ્યા હોય, ખમણ-બમણ. એ બહુ ઈકૉનોમીવાળા ને બહુ ઝીણા, વાપરે નહીં નાગરો ! બહુ ચીકણા, ચીકણા લાટ જેવા !

**પ્રશ્નકર્તા :** આપની વાત સાચી છે, અમને અનુભવમાં છે.

**દાદાશ્રી :** હુંય સુધારવા ગયો પણ સુધર્યા નહીં. પડેલા ડાઘ જાય નહીં પછી.

## આવું બોલે તેનાય પછી પ્રતિક્રમણ કરે જ્ઞાની

આ અમે પેલી બઈની ઘી ઓછું પીરસતી હતી તેની વાત કરી, તેનું અમારેય પ્રતિક્રમણ કરવું પડે. કયા આધારે એ ઓછું આપે છે તે બધું જ્ઞાન હાજર થાય ને તેનું પ્રતિક્રમણ કરીએ. અજ્ઞાને કરીને ભાવ થયા હોય, તેને જ્ઞાને કરીને ગાળવા પડે. શબ્દેશબ્દ ગાળવો પડે તો જ પૂરું કામ થાય !

આપણા મહાત્માઓ તો સમજી ગયા કે ભઈ કોઈનાય દોષ નથી. દોષ બધા આપણા. શું સમજી ગયા ?

**પ્રશ્નકર્તા :** આપણા દોષ છે.

**દાદાશ્રી :** એટલે પ્રતીતિ બધી બેસી ગઈ છે આ વાતની. પણ એવું રૂપકમાં આવતું નથી, એનું શું કારણ છે ? ત્યારે કહે, એ દરેક ભાવ પાછા જ્ઞાને કરીને ગાળવા પડશે.

## હવે બધું થઈ ગયું ભેળસેળ

પણ તે વખતે આખી રાત ગાડીમાં ગાળો બોલ્યા છે. 'અરે ભાણા, તું આને કંઈ પરણ્યો !' કહે છે. એટલે સૌ સૌની નાતનું પોસાય એ તો. સંસ્કાર બરોબર મળતા આવવા મુશ્કેલ છે. માટે બને ત્યાં સુધી આપણે નોબલ નાત જોડે, નોબલ નાતમાં પૈણવું. સહુ સહુની નાતનો હિસાબ સંસ્કાર પ્રમાણે ચાલે.

પણ કળિયુગમાં બધું છિન્નભિન્ન થઈ ગયેલું છે. પહેલા તો વૈષ્ણવને ત્યાં વૈષ્ણવ જ જન્મ્યા કરે. અત્યારે એવું નથી. અત્યારે તો વૈષ્ણવને ત્યાં જૈન જન્મ્યો હોય, જૈનને ત્યાં વૈષ્ણવ જન્મ્યો હોય એવું બધું. આ છોડીઓ જેમ ભાગાભાગ કરે છે ને એવું (ભાગીને બીજી જ્ઞાતિમાં લગ્ન કરે).

**પ્રશ્નકર્તા :** આ પટેલ અને બ્રાહ્મણનું જોડું એમ જ થયું ને ?

**દાદાશ્રી :** હા. પહેલા તો એ બ્રાહ્મણને નાત બહાર મૂકે. અત્યારે નાત બહાર મૂકવાનું ચાલે નહીં, કોઈનું પણ. કારણ કે નાત બહાર મૂકનારાની છોડી જતી રહેલી હોય ત્યાં ! એટલે મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ ! એમ કરતું કરતું તૂટી ગયું બધું.

ઈન્ટરકાસ્ટ (આંતરજ્ઞાતીય) મેરેજ કરવામાં વાંધો નથી હવે. પહેલા કરવામાં જરા વાંધો હતો.

## નાતજાત-દેશ પ્રમાણે પસંદગી સાચી, પણ છેવટે 'વ્યવસ્થિત'

**પ્રશ્નકર્તા :** તમારો શું અભિપ્રાય, આ ઈન્ટરકાસ્ટ લગ્નનો ? તમારું મંતવ્ય ?

**દાદાશ્રી :** અમારે મંતવ્ય ના હોય. એ તો જ્યાં એનો હિસાબ હોય ત્યાં જ પૈણે છે. પણ આમાં અભિપ્રાય આપવાની જરૂર જ શી રહી હવે ? જેને જ્યાં હિસાબ હોય ત્યાં જ પૈણે છે. એટલે અમને એમાં કંઈ દુઃખ ના થાય. એ અમને નોંધ અવળી ના થાય કે આ ખોટું કર્યું છે એવું. હિસાબ હોય ત્યાં જઈને પૈણે, પછી એનું શું કરવું ?

પણ આવું ખુલ્લું ના કહેવાય. ખુલ્લું તો એમને કહીએ કે 'છોકરાંઓ, તમારી નાતમાં જ પૈણજો.' પછી પરિણામ આવે ત્યારે વઢીએ નહીં. બીજી નાતમાં પૈણ્યો હોય તો વઢીએય નહીં. હિસાબ વગર થતું નથી ને ! આ તો અમે જાણીએ કે શા આધારે થાય છે. એ કરતો નથી બિચારો. એ કર્તા નથી, કર્તા જુદું છે. એટલે અમને એના તરફ એ ના રહે.

**પ્રશ્નકર્તા :** આ દેશમાં-અમેરિકામાં નાત-જાત જેવું કશું રહ્યું નથી, તો ત્યાં શું કરવાનું ?

**દાદાશ્રી :** અમેરિકામાં નાત-જાતની જરૂર જ શું છે આપણે ? હવે આ આપણે ઈન્ડિયન તો ખરા ને, અને ઈન્ડિયનમાં ભાષા તો આપણી ગુજરાતી હોય તો આપણે બધા એક જ છીએ ને ! ભાષા સામસામી બોલતા હોય અને ભાષા ફીટ થતી હોય, તો નાત-જાતની જરૂર શું છે

હવે ? નાત-જાત તો હવે અહીં એના ફાઉન્ડેશન કાઢી નાખવાના છે બધા. એ ઓલ્ડ બિલ્ડીંગ થઈ ગયા હવે બધાં. હવે નવી ડિઝાઈનનું બિલ્ડીંગ હોવું જોઈએ. એટલે એની મેળે જ એ ખોદાઈ જાય છે, નાતજાતની જરૂર નથી. એ જરૂર હતું ત્યાં સુધી ટક્યું. હવે એ ઓલ્ડ થઈ ગયું એટલે તરત મહીં ઊખડી જાય. આપણે તો છોકરાઓ ગુજરાતી જોડે પૈણે એટલું બનતા સુધી સમજણ પાડ પાડ કરવી. ગુજરાતીમાં જે નાતના હોય, તો પણ ગુજરાતીમાં પૈણજે, કહીએ. બીજી નાતની આવે, ઓરિસ્સાની આવે તો આપણી એને બોલી ના આવડે અને એની આપણને ના આવડે. અને જો અમેરિકાની છોકરીને પૈણતો હોય તો એના કરતા ઓરિસ્સાની, ઈન્ડિયાની પૈણજે, કહીએ. અમેરિકન લાવતો હોય તેના કરતા આપણી ઈન્ડિયન સારી, પછી ગમે તેવી હશે તોય, ઓરિસ્સાની હશે તો પણ. અમેરિકન ના પેસી જાય એટલું જોજો.

**પ્રશ્નકર્તા :** આપણે પશ્ચિમની સ્ત્રી અને હિન્દુસ્તાનનો પુરુષ પૈણે, એકબીજાના લગ્ન થાય, આંતર વિવાહ થાય તો એનું શું ફળ આવે ?

**દાદાશ્રી :** એ તો પણ વ્યવસ્થિત છે ને ! એ તો એવો હિસાબ બંધાયેલો, પૂરણ-ગલનનો તે.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ સાચું કે એનું વ્યવસ્થિત હોય એની સાથે જ લગ્ન થાય છે ? વ્યવસ્થિત હોય જ લગ્ન માટે ?

**દાદાશ્રી :** બધું વ્યવસ્થિત જ છે. આ જગત જ વ્યવસ્થિત છે. પણ પૈણતા પહેલા વ્યવસ્થિત ના કહેવાય. ત્યાં સુધી આપણે પ્રયત્ન કર્યા કરવો કે 'નહીં, એય... ફૉરેનવાળા જોડે ના પૈણાય, ફૉરેનવાળા જોડે ના પૈણાય', પરણવાનું બાકી હોય ત્યાં સુધી, પણ એનું મેરેજ થઈ ગયું પછી આપણે કહીએ, કે 'બા, આવ ઘેરે.'

## સગા જર્મન લેડીને પરણેલા તેની પર ચીઢ હતી

**પ્રશ્નકર્તા :** દાદા, તમારા ટાઈમે સમાજ કેટલો બધો સંકુચિત વિચારવાળો હતો, અને આપને જ્ઞાન તો થયું નહોતું, તો કઈ રીતે આપ આવા ફ્લેક્સિબલ ને એડજસ્ટેબલ વિચાર કરી શકતા હતા ?

**દાદાશ્રી :** હા, મને જ્ઞાન થયું નહોતું ત્યારની વાત કરું એક. પિસ્તાલીસ વર્ષ ઉપરની વાત છે. તે અમારા કાકાના દીકરા છે, એમના સાળા છે તે ફૉરેનની લેડી જોડે પૈણેલા, જર્મન જ્યૂને (યહૂદીને) પૈણેલા. નડિયાદના પટેલ, કાકરખાડના. અને સાંતાક્રૂઝમાં રહેતા હતા. સાંતાક્રૂઝમાં જ પાછળ બંગલો મોટો. મોટી સ્ટીમરોની કંપની હતી બૉમ્બેમાં, બહુ મોટી કંપની કહેવાય.

એટલે મારો જે ભત્રીજો છે, અમારા કાકાના દીકરાનો દીકરો, તેના મામા થાય એ. અમારા ભત્રીજાના મામા થાય. એટલે એ ભત્રીજાને મેં કહ્યું, 'ભઈ, તારા મામાને ત્યાં જઈશ નહીં આપણે. આ સંસ્કાર આપણે ત્યાં ઊંધા આવે.' પણ ભત્રીજાને મામા વગર ચાલે એવું નહોતું. કારણ કે ધંધો કરાવે, પૈસા આપે, બધું આપે ને ! પછી એક દહાડો છે તે એ ભત્રીજો મને એમ કહેવા માંડ્યો, કે 'કાકા, તમે છે તે મારા મામાને ત્યાં ચાલો ને, એક ફેરો. એક ફેરો તો આપ પગલાં પાડો.' તે દહાડે જ્ઞાન-બાન નહીં, પણ કાકા તરીકે. ત્યારે મને તો મનમાં ચીડ કે 'આ માણસ બીજીને, ફૉરેનવાળી લેડી જોડે પૈણ્યો છે, આપણે ત્યાં જઈને શું કામ છે ?' ભ્રષ્ટાચાર, ખોરાકનો ભ્રષ્ટાચાર, બધી રીતે. એટલે મારા મનમાં ચીડ એવી રહી. મને તે ઘડીએ ચીઢ હતી એ જમાનામાં, કે આ ફૉરેન લેડીને પૈણ્યો એમાં આપણું શું રહ્યું ? સંસ્કાર શું રહ્યા તે ? તે મને એના તરફ નફરત રહેલી. પણ તે ભત્રીજો બોલાવવા આવેલો, 'કાકા, એક દહાડો મારા મામાને ત્યાં હેંડો, ત્યાં બોલાવે છે.' ત્યારે મેં કહ્યું, 'ભઈ, ત્યાં તો ના અવાય. તારી મામી આવી ને બધું આવું, તે અમને ના ફાવે.' તે દહાડે જ્ઞાન થયેલું નહીં. અત્યારે તો બધે જઈએ. અત્યારે તો માંસાહાર મારી જોડે કરતો હોય તોય વાંધો નહીં અને તે દહાડે અમને ના ફાવે બધું. પણ પછી હું તો ગયો, બહુ મંડ્યો એટલે. ગયો તો એના મામા ખુશ થઈ ગયા, કે 'મારે ત્યાં તમે આવ્યા, મને બહુ આનંદ થયો', કહે છે. 'મારે ત્યાં જુઓ આ રસોડા બેઉ જુદા છે. આ વેજિટેરિઅન છે અને આ નૉન વેજિટેરિઅન, બન્ને જુદા છે. અને આજ આપ જમીને જાવ', કહે છે. મેં કહ્યું, 'ના, હું જમું તો નહીં.' કારણ કે મનમાં ચીઢ. હવે મનમાં

તો પેલી ચીઢ તે શી રીતે કાઢી નાખીએ, તે દહાડે જ્ઞાન નહીં એટલે ? તોય સામો ચીઢ ના દેખી જાય એટલે હેન્ડલ માર માર કરેલા. ચીઢ દેખી જાય તો ખોટું દેખાય ને !

## જર્મન લેડીની પર્સનાલિટી જોઈને ચમક્યા

પણ પછી મેં ચા તો પીધી. પછી મને કહે છે, 'ના, આજનો દહાડો તમે જમવાનું રાખો ને, આ વેજિટેરિઅન પણ છે અને તમને વાંધો નહીં આવે.' એના મનમાં ઈચ્છા એવી. પછી હું થોડીવારે બાથરૂમમાં ગયો. ત્યારે મારું નીકળવું અને લેડીનું બાથરૂમમાં પેસવું. એટલે લેડી જોઈને હું તો ચમકી ગયો ! લેડીની શરીરે પર્સનાલિટી જોઈને ! એકદમ આ ઓચિંતું જોયું ને, મેં જોયેલી નહીં એ લેડી. અને શરીરેય મજબૂત આમ ! એની આંખ મોટી. અને મોટી વાઘણ જેવી દેખાય. તે હું તો ફફડી ગયો. દેખતા જ ચમકી ગયો. આ વાઘણ દીઠી હોય એટલી ભડક લાગી મને બાઈને જોઈને. કે આ બાઈ કેવી ? એણે મને કશું નથી કર્યું, એણે બિચારીએ તો વિનય કર્યો'તો પણ મને પોતાને ફફડાટ થઈ ગયો.

## એક જ અનુભવે ચીઢની જગ્યાએ માન ઉત્પન્ન થયું

પછી હું જમ્યો ખરો, પણ મારા મનમાં પેલી ચમકનું જ્ઞાન રહ્યું. એ જ્ઞાને મને શું આગળ સમજણ પાડી, કે 'જો તમે આ લેડીને જોતા જ એ પાંચ મિનિટમાં જ આમ ચમકી ગયા, તો આ માણસ કાયમ શી રીતે આને સંભાળતો હશે ?' એટલે મને ઊલટું એના તરફ માન ઉત્પન્ન થયું. હું ચમકી ગયો તેથી મને માન ઉત્પન્ન થયું.

**પ્રશ્નકર્તા :** તમને માન વધી ગયું પેલા માટે એકદમ ?

**દાદાશ્રી :** માન વધે ને, પણ. આપણે જાણ્યું કે હારું આ પાંચ મિનિટમાં આપણે ભડકી ગયા, તો આ શી રીતે આખી જિંદગી ચલાવતો હશે ? આપણે તો આ આમને દબડાઈ ખઈએ, પણ આને કંઈ દબડાવાય ? એ તો વાઘણ જેવી દેખાતી'તી.

**પ્રશ્નકર્તા :** પણ એ એડજસ્ટ થઈ ગયા તો માન તો થાય જ ને ?

**દાદાશ્રી :** મને માન થયું ને, એટલે પછી હું જમ્યો સારી રીતે, એને ત્યાં. પછી મેં કહ્યું, 'હવે ચા પીને જઈશ.' એટલે મને એમનો ભો નીકળી જાય. મારા મનમાં જે રોગ હતો એ બઈએ કાઢી નાખ્યો, કે ફૉરેનવાળા જોડે ના પૈણાય. મૂઆ, એ પૈણવું એ કંઈ સહેલું છે ? તું પૈણી જોજે ! એ સહેલું નથી પૈણવું તે.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ તમારી બીક નીકળી ગઈ કે નહીં, ફૉરેનવાળા જોડેની ?

**દાદાશ્રી :** મારી બીક તો... મારો પોતાનો સ્વભાવ કેવો ? ગમે એવું હોય ને, તો પહેલા જરાક ભય પેસી જાય. પણ આ મહીં અંદરનું જ્ઞાન એવું ને, તે તરત જ ઊડી જાય પછી તો. પણ પેસી ગયું એ ખરું ને ! એ મેં જોયું એટલે મને એમ થયું કે હું ભડકી ગયો આ બાઈથી, આ પાંચ મિનિટ મારાથી નભાવાય નહીં, આખી જિંદગી શી રીતે નભાવ્યું હશે આ માણસે ?

## દાદાને પર્સનાલિટીનો પ્રભાવ, બાઈને દાદાના શીલનો પ્રભાવ

**પ્રશ્નકર્તા :** એટલે જેમ ફાઈલ નંબર ટુ સ્ટ્રોંગ હોય એમ એની સામે માણસેય સ્ટ્રોંગ હોય ને ?

**દાદાશ્રી :** હા, એ બહુ સ્ટ્રોંગ હતો. એ પટેલ તો બહુ સ્ટ્રોંગ માણસ ! ત્યારે તો આવી આ વાઘણને ફેરવે ને ! છોકરાંય એના સ્ટ્રોંગ. છોકરાં મને 'દાદાજી, દાદાજી, દાદાજી' કરે. હવે એ 'દાદાજી' કહે ને મને આવી ચીડ ચડ્યા કરે, આવું બધું. પછી એ બઈએ મારી ચીડ કાઢી નાખી બધી. ખોટો વગર કામનો એ બિલીફ લઈને ફરતો'તો કે 'ફૉરેનવાળા જોડે પૈણાતું હશે, પૈણાતું હશે ?' આ લોકો કહે એમ હુંય કહેવા લાગેલો. પણ જ્યારે આ એક્ઝેક્ટલી જોઈએ કે શી રીતે નભાવતો હશે એની જોડે ? કારણ કે આ પટેલેય વાઘ જેવો હતો. ત્યારે તો આ ગાંઠે ને, નહીં તો ગાંઠે કે ? કારણ કે એના (બાઈના) બાપને ત્યાં બેંકો, તે પટેલને તો કમાવા જ ના જવું પડે. લેડી એવી લાવ્યો કે કમાવા જવું પડે નહીં. વેપાર કરતા'તા, તે મોટી મોટી સ્ટીમરોમાં બધો માલ આવે ને અહીં આગળ,

તે એના જ પૈસાથી, એમના સસરાની બેંકોના પૈસાથી. તેમાં પાછું મહીં પેલું હઉ આવે, આપણે આ મંદિરોમાં વપરાય છે ને...

**પ્રશ્નકર્તા :** આ મંદિરમાં કેસર વપરાય એ ?

**દાદાશ્રી :** હા, કેસર, તે કેસર હઉ આવે પાછું.

એને જોતા જ ખબર પડે. મને નીકળતા જ બીક લાગી. એય ગભરાઈ હતી બિચારી. આ ગભરાયા જેવું મારું બૉડી નહીં, પણ પર્સનાલિટી ખરી ને ! મારો તાપ લાગે કોઈ પણ માણસને. નાનામાં નાના જીવડાંનેય તાપ લાગે. સાપનેય તાપ લાગે મારો. તો પછી એ વાઘણ જેવી હોય તો એને તાપ લાગ્યા વગર રહે નહીં ને ! એ શીલનો પ્રભાવ કહેવાય છે ! શું કહેવાય છે ?

**પ્રશ્નકર્તા :** શીલનો પ્રભાવ !

## દર્શન થાય દાદાની સમ્યક્ વિચારણાના

**દાદાશ્રી :** તમે તો ઓળખો કે બી.સી.પટેલને ? એની વાઈફ વાઘણ જેવી હતી. શરીરેય એવી ઊંચી, ભરાવદાર, એય... જાયન્ટ ! અને એના ફાધરને બેંકમાં કરોડો રૂપિયા. તે પૈસા-બૈસા બધું લઈને આવેલી.

**પ્રશ્નકર્તા :** હજુ નભેલું છે, મેરેજ ચાલુ છે ?

**દાદાશ્રી :** ઠેઠ સુધી. એના છોકરાં છે ને ! એના છોકરાં પૈણેલા છે.

**પ્રશ્નકર્તા :** છોકરાં પૈણેલા છે, એમ !

**દાદાશ્રી :** હા... પછી મેં નોંધ કરી, મેં કહ્યું, 'મારું હારું, આ જર્મન જ્યૂને પૈણ્યો એની પર હું ચીઢ રાખું છું. અને મૂઓ આ આખો દહાડો એની જોડે શી રીતે રહેતો હશે ?' મને આ પાંચ મિનિટમાં જ ભય લાગે છે, તો હું પૈણ્યો હોય તો મારી શી દશા થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમને તો હીરાબા કેવા સરસ મળેલા, ભોળા-ભદ્રિક !

**દાદાશ્રી :** હા. પણ આ છે તે વાઘણ જેવી, તે મનેય ભય લાગ્યો, તો આ શી રીતે નભાવતો હશે ? ત્યારે કેટલો શક્તિશાળી હશે એ માણસ ? એ મોટો, એટલો એ શક્તિવાળો કહેવાય ! એ શક્તિશાળી મને તે દહાડે લાગ્યો. તે ત્યારથી મારી ચીઢ જતી રહી. મારા મનમાં જે ઊંધું હતું, તે નીકળી ગયું. ચીઢ લાગતી'તી મહીં. પછી મેં કહ્યું, કે 'ના, હવે વાંધો નહીં, મને ગમ્યો હવે.' હું આટલો અહંકારી ગુણવાળો, તે અહંકાર ક્યાંય ઓગળી ગયો ! અહંકાર ઓગળી ગયો અને પાણી એકલું જ દેખાયું, બધુંય મીઠું મહીં નાખેલું તે દેખાયું જ નહીં. એટલે આવી દુનિયા ! કેમની ચીઢ રાખે તે !

## મનની વિશાળતા ક્યારે આવે ?

આ બી.સી.પટેલ શી રીતે નિવેડતો હશે, એના બહુ વિચારમાં પડી ગયો હું. એટલે પછી મેં જાણ્યું કે આ તો બહુ શક્તિશાળી માણસ અને આ હું તો તિરસ્કાર કરું છું. ખોટું છે, આ મારી ભૂલ છે. વાઘણ જેવી દેખાય આમ, ખઈ જાય એવી દેખાય ! અને પેલો ફૂલની પેઠ એને રાખતો'તો. તે પછી મને વિશાળતા આવી ગઈ, કે સાલું આ નિવેડો કેવી રીતે કરે છે ? હું મારા મનમાં ને મનમાં લોચા વાળ્યા કરું. ના, ત્યારે એ નોબિલિટી આવેલી નહીં. જેમ જેમ અનુભવ થાય, તેમ નોબિલિટી આવતી જાય. વિશાળતા મનની ક્યારે થાય ? જ્યારે એ જગ્યા, ભયસ્થાન જુએ ત્યારે વિશાળતા થાય ! એમ ને એમ વિશાળ થાય નહીં ને ! અનંત અવતારથી વિશાળતા થયેલી છે તોય પાછું આવરણ આવી ગયું હોય, તો પાછું આવરણમાં એકાદ ભય એવો જુએ કે નીકળી જાય પાછું.

અને પેલા જે પટેલો છે ને, તે આને પાછળ વગોવે. એટલે સગા તરીકે હું આવું તે એના મનમાં જરા એમ રહે કે ના, હવે મને સ્વીકારે છે. હવે આમ હુંય વગોવણું કરવામાં પહેલો. કારણ કે બધી ટેવ એવી. ટોળું એ બાજુ વળી ગયેલું તે.

આ તો પાટીદારો મૂઆ નાગું બોલ બોલ કરે છે ! આ જા તો

ખરો ત્યાં આગળ ! એને જોતા જ ફફડાટ થઈ જાય એવી બાઈ. એની આંખ્યો-બાંખ્યો જોતાની સાથે...

આ ખોટું બોલતા'તા ને, આપણે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ગા ગા કરીએ ખોટું છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, ગા ગા કરીએ એ ખોટું છે.

**દાદાશ્રી :** મને પછી વિચાર આવ્યો, મેં કહ્યું, 'હારું આ અહીં બે મિનિટમાં હું ફફડી ગયો બાઈને જોતા જ, એને કશું કર્યું નહીં તોય. અને આ ધણી તરીકે શી રીતે રહેતો હશે ?' એ ત્યારે ખબર પડે છે, માણસો તો કેવા કેવા હોય છે ! એટલે જાતજાતના અનુભવ થયેલા છે. હું પિસ્તાલીસ વર્ષનો થયો... તે પહેલેથી આંજી શકે તો નહીં જ કોઈ ખાસ. પણ આવું ફફડી ગયેલો ખરો !

## હું તો મૉડર્ન સ્વભાવનો માણસ

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી પણ ધન્ય ઘડી છે કે જૂના અને નવા જમાનાના, બેય જાતના માલ જોવા મળ્યા. પાછલું એ અને આ નવું.

**દાદાશ્રી :** હા, બધુંય. તે હું તો પાછો એવું છે ને, મૉડર્ન સ્વભાવનો માણસ ! અત્યારે ભેગો મળતો રહું આ બધાની જોડે, તો એમની જોડે આઈસ્ક્રીમ-બાઈસ્ક્રીમ હઉ ખઉં. એમને વઢું નહીં, આઈસ્ક્રીમ ખાતા હોય તો, કે ના, ખાઓ બા. જમાનો પલટાયો તો ખાઓ છો, નહીં તો ક્યાંથી, હતું જ ક્યાં ? પહેલા આઈસ્ક્રીમ જોયેલો જ ક્યાં હતો બળ્યો ?

મેં તો હિસાબ કાઢેલો. અઢાર વર્ષની મારી ઉંમર હતી, ત્યારે અમે પાછલાવાળાને ધિક્કારતા હતા કે તમે આવા લોકો, આ જૂના વિચારના ને આમ ને તેમ ને... ધિક્કારતા'તા એમના વિચારો ને એ બધું જોઈને. એટલે એમના તરફ મશ્કરીઓ કરતા ને બીજું કરતા'તા. એટલે એના ઉપરથી જ હું સમજી ગયેલો કે આ નવી પેઢી આપણને આવું જ કહેશે. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** એટલે આ આપણી ભૂલ હતી, આમને ધિક્કારતા હતા તે. ધિક્કારવા ના જોઈએ તે વખતે. આપણે એડજસ્ટ થવું જોઈએ.

## નેચર કરી રહી છે જૂનાને નવું, એડજસ્ટ થઈ જાવ પ્રવાહમાં

એટલે નવી પેઢીવાળાએ જેમ કહ્યું ને, તેમ એમાં હું એડજસ્ટ થયેલો.

**પ્રશ્નકર્તા :** હા, એ સમયના વહેણમાં ચાલવું જોઈએ.

**દાદાશ્રી :** હા, એને મળીને ચાલવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** સામા વહેણે જવાય જ નહીં ને ! તમે જાવ તોય ડૂબી જાવ.

**દાદાશ્રી :** ના, એને કોઈ સુધારી શકે જ નહીં. પોતે સુધર્યો નહીં, એ કોઈને શું સુધારી શકે તે ? આ તો સુધારવા માટે કહે, 'સિનેમામાં ના જવાય, સિનેમામાં ના જવાય.' મૂઆ, તું હવે ઘૈડો થઈ ગયો તે તને ના હોય મોહ, પણ તે આને મોહ ના હોય ?

**પ્રશ્નકર્તા :** હા, હા, હોય.

**દાદાશ્રી :** તું ઘૈડો થઈ ગયો, તે મોહ હોતો હશે સિનેમાનો ? એટલે હું તો છોકરાંઓને કહું, 'અલ્યા, તમને શરમ આવતી હોય તો હું જોડે આવીશ જોવા.' એટલે છોકરાં ખુશ થઈ જાય કે આપણા મતના મળતા છે.

**પ્રશ્નકર્તા :** ઊલટા આપણે એને કહીએ એમ કરે અને ખુશ રહે. અને 'ના' કહીએ તો એમનું મોઢું દિવેલિયા જેવું, તે પછી આપણું થાય. એના કરતા ચાલવા દો ને ! એડજસ્ટ થાવ ને, ભઈ !

**દાદાશ્રી :** જમાનાની વિરુદ્ધ, જે પ્રવાહની વિરુદ્ધ ચાલેલા ને, એ બધા જ ફેંકાઈ ગયેલા. એ પ્રવાહ છે, પ્રવાહ ! આ મારી શોધખોળ છે, કે પ્રવાહની વિરુદ્ધ ચાલ્યા એ બધા ફેંકાઈ ગયેલા. એટલે પ્રવાહને

જો માન નહીં આપે તો માર્યો જશે. પ્રવાહ છે આ તો કુદરતી, આ તે માણસો નથી કરતા આ બધું. નેચર કરી રહી છે આ બધું. નેચર નિરંતર ગોળ ફર્યા જ કરે છે, ગોળ ફર્યા જ કરે છે. જૂનાને નવું કરે છે અને નવાને પછી જૂનું કરે છે. જૂનાને નવું કરે છે. આ ચૂડીઓ જતી રહેલી ને, ચૂડીઓ...

**પ્રશ્નકર્તા :** હા, તે આવી પાછી.

**દાદાશ્રી :** તે હવે આવવા માંડી પાછી, જો આવવા માંડી. હા, એ બધું જેટલું આપણે જોયું'તું ને, એ બધું આવવા માંડ્યું છે. જેની ઉપર ચીડ ચડતી'તી, ચૂડી દેખીએ ને ચીડ ચડે. તે અત્યારે રોફભેર દેખાય છે. કારણ દરેક વસ્તુ જ્યારે ના હોય ને, ત્યારે જ એ વસ્તુની કિંમત થાય છે. અને બહુ વધે પ્રમાણ, ત્યારે એ વસ્તુ પર ચીડ ચડે, એવો આ દુનિયાનો રિવાજ બધો !

❖❖❖❖❖

# [૧૨]
# અવનવા અનુભવો-નિરીક્ષણો, મામાની પોળમાં

## [૧૨.૧]
## રહેવાનું સ્થાન પણ વિચારણાપૂર્વક

### પટેલો જોડે રહેતા ત્યારે...

**નીરુમા :** દાદા, તમે બત્રીસ વર્ષના હતા, ત્યારથી રહેતા હતા મામાની પોળમાં ?

**દાદાશ્રી :** હંઅ... પહેલા જોગીદાસ વિઠ્ઠલની પોળમાં રહેતા હતા, મોટાભાઈની સાથે. પછી જુદો થઈને અહીં રહેવા આવેલો, મામાની પોળમાં. '૪૦ની સાલ પછી અહીં રહેવા આવેલો.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે પટેલ અને મામાની પોળમાં તો વાણિયા વધારે છે, તો પછી તમે મામાની પોળમાં કેમ રહેતા હતા ?

**દાદાશ્રી :** અમને તો વણિક બહુ સારા ફાવેલા. કારણ કે પટેલો જોડે રહેતો'તો, તો ત્યાં મને કડવા અનુભવ થયેલા. પહેલા અમે જોગીદાસ વિઠ્ઠલની પોળમાં રહેતા હતા, તે આજુબાજુ પટેલો રહે બધા. તે મને પોસાયું નહીં. નાનો હતો પણ પટેલોની જોડે રહેવાનું પોસાણ ના આવ્યું મને. શાથી પોસાણ ના આવ્યું ? કે નાની ઉંમરમાં અનુભવ થયો.

એકવીસ વર્ષની ઉંમરે પહેલી વખત મુંબઈ ગયો. ફરવા માટે જ મુંબઈ ગયેલો, તે આવતા હલવો લેતો આવ્યો.

તે દહાડે હલવા સારા બનતા. એ જમાનાની, ૧૯૩૦ની વાત કરું છું. તે ઘડીએ બધું સારું બનતું'તું. અત્યારે આ તો કચરો, અડાયેય નહીં આમ. આમ હાથ અડીએ તોય ચેપ લાગે. મને લોક કહે છે, 'આ પ્રસાદ.' મેં કહ્યું, 'ના, એ પ્રસાદ તું ખાજે બા ઘેર.' એટલે પછી હલવો લઈ ગયો એટલે અમારા ભાભીએ વહેંચ્યો બધાને. તે બધા પૂછે, 'ક્યારે મુંબઈથી પાછા આવ્યા ?' મેં કહ્યું, 'તમને શી રીતે ખબર પડી ?' તો કહે, 'હલવો આવ્યો ને !' મેં કહ્યું, 'આ તો માથાફોડી વધી ઊલટી, હલવો ના લાવ્યા હોત તો સારું હોત.'

પછી ફરી બે-ત્રણ મહિના પછી જવાનું થયું. તે દહાડે બે કરંડિયા કેરીઓ લેતો આવ્યો હતો. તે પછી કેરીઓ એ લોકોને આપી. એવું બે-ત્રણ વખત બન્યું. મુંબઈથી લઈ જઉં સારી સારી ચીજો, હાફુસની કેરીઓ-બેરીઓ એવું. તે ત્યાં એક-એક આપીએ, તો કહે છે, ''એ તો લાવ્યા ત્યારે બબ્બે, ત્રણ-ત્રણ અપાય એવી લાવવી'તી ને !'' એક આપીએ તોય, એટલે ખોડ કાઢે, વધારે ખોડ કાઢે મહીં. પછી એક ફેરો હું ના લાવ્યો. જો આમનો એટેક કેવો થાય છે, આ જુઓ... ક્ષત્રિયોનો એટેક ! ચોથી વખત કશું ના લવાયું, ત્યારે પેલા આજુબાજુના પૂછે, 'આ ફેરો તમે મુંબઈ ગયા, તે ત્યાંની કંઈ પરસાદી-બરસાદી અમે ચાખી નહીં. મુંબઈ ગયા, કશું ના લાવ્યા ? આવું કેવું રાખો છો, કંઈક તો લાવવું જોઈએ ને ? લોકો આશા ના રાખે ?' મેં કહ્યું, 'આ પીડા નહોતી, તે ક્યાંથી આવી આ ?' પહેલા આવી પીડા કંઈ હતી નહીં. કંઈ ના લાવ્યા કે એવું તેવું અપમાન કોઈ કરતું નહોતું.

## ઉઘરાણીની ઉપાધિ લાગતાં બંધ કર્યું લાવવાનું

ત્યારે મને વિચાર આવ્યો, કે 'એવી તે મેં શી ભૂલ કરી, કે આ લોકોને ઉઘરાણી કરવી પડી ?' વગર માગે ! નથી એ મારી પાસે માગતા, કશી લેવાદેવા નથી, છતાં મેં કંઈક ભૂલ કરી કે આ લોકોએ

ઉઘરાણી કરી ! પછી ત્યારથી લાવવાનું બંધ. ઘરના માટેય નહીં લાવવાનું ને બહારના માટેય નહીં લાવવાનું. આ ઉપાધિ ! નકામી ઉઘરાણી કરે ! બધાને કહી દીધું, કે 'ભઈ, અમે કશું લાવતાય નથી ને દેતાય નથી ને કશુંય નહીં.' આ ભાંજગડમાં ક્યાં પડીએ ? અને આ લાવ્યા ત્યારે ને, 'બબ્બે જ કેરી !'

મારા મનમાં એમ વિચાર આવ્યો, કે 'નહોતો કાયદો તો આ કાયદો કેવી રીતે પેસી ગયો આ ? આપણે પહેલી વખત લાવ્યા તેથી ને ! લાવ્યા જ ના હોત, તો આ ભાંજગડ ના ઊભી થાત. આ લાવીને વહેંચ્યું એટલે આપણે એટલા ભોળા, પટેલ તરીકે ! તે આ શી માથાકૂટ કરી ?' ત્યારથી જ બંધ. કશું લઈ જવાનું નહીં ઘેર. કેરી-બેરી કશું લઈ જવાનું નહીં. ત્યાં કોઈ ફ્રી ઓફ કૉસ્ટ કેરી આપતો હોય તોય ઘેર લાવવાનું નહીં. કારણ કે ઘેર જાય તો લોકોને વહેંચે ને ? અને વહેંચે એટલે ફરી ના આવે, ત્યાર પછી બૂમાબૂમ કરે. આ તો બધા જાણે કે કશું લાવતા નથી. એટલે મેં કાયદો કર્યો, કોઈ ચીજ લઈ જવી નહીં. આ તો ખોટી ટેવ પડી આ લોકોને. તે પછી હું મહીં કોઈ ચીજ ઘરને માટેય લાવતો નથી કે બહારના માટે. આ બધું આમ શીખવાડેલું આ લોકોએ.

## કરવા અમારે મોક્ષના સોદા, ન પોસાય માથાના સોદા

તેમ છતાંય પટેલો જોડે ના ફાવ્યું. કારણ કે એક પટેલ આવ્યો તે કહે છે, 'મારે આવી મુશ્કેલી આવી છે અને તમે મને મદદ કરો.' એટલે મેં જાણ્યું, કે 'આ મુશ્કેલી આપણને, કેટલી બધી ભારે મુશ્કેલીમાં આપણે શું કરી શકીએ ?' તે મને કહે છે, 'મારે આટલું આ કરવાનું છે અને તમે એમાં જામીન થાવ.' મેં કહ્યું, 'ભઈ, હું જામીન નહીં થાઉં. તારે જોઈતા હોય તો હજાર રૂપિયા લઈ જા, પણ જામીન નહીં થઉં.' ત્યારે મને કહે છે, 'ખરે ટાઈમે હું માથું આપીશ.' એટલે મેં કહ્યું, 'વળી પાછું આ બીજું શું બોલે છે ? માથું આપવાની વાતો કરે છે ! આ માથું આપવા-લેવાની અહીં સોદાબાજી આવી તે !'

અમારા પટેલો જોડે રહેવું એટલે શું ? એ શું કહે આપણને ? 'આજ મને પચ્ચીસ હજાર રૂપિયા આપો.' 'અલ્યા ભઈ, હમણે નથી

અમારી પાસે.' ખરેખરું સાચું બોલીએ તોય કહે, 'જુઓ, જ્યારે તમારે અડચણ આવશે ને, ત્યારે હું માથું આપીશ. તમારે જ્યારે અમારું માથું જોઈતું હોય તો લઈ લેજો.' એટલે આપણે શું સમજી લેવાનું ? ક્યારે આપણું માથું આપવું પડે એ કહેવાય નહીં ! એ તો વાત જ એવી કરે. જ્યારે કામ હશે ત્યારે માથું મારું ધડથી ઉતારીને આપીશ. ત્યાંથી હું સમજી જઉં કે મારેય ઉતારીને આપવું પડે ને, એને પાછું. એટલે આપણે જોઈતું નથી અને કોઈને આપવુંય નથી. આ માથું લે એવા છે અને આપે એવા છે. તે બળ્યું, આપણે આ વેપાર, સોદો પોસાય નહીં. એ તો માથું આપી દે વખત આવે ત્યારે. પણ આપણું માથું લઈ લેવામાંય તૈયાર ને, પાછા !

પચાસ હજાર રૂપિયા હોય એની પાસે તો આપી દે આપણને અને આપણે આપ્યા હોય તો કશું ઠેકાણું ના પડે. આમની જોડે વ્યવહારમાં ક્યાં પડીએ ? માથું કાપવાની વાતો કરે છે ! મારે શુંય ખોળી કાઢવું હોય અને એ ખેડૂત માણસ, મને માથું આપીને એમનું શું જવાનું છે ? અને હું સાયન્ટિસ્ટ માણસ, હું ક્યાં એની જોડે સોદો કરું ? વખતે ધંધાદારી હોય કે ખેડૂત હોય, બધા ખેડૂત જ કહો ને, પૈસા કમાવાની દાનત એને ! મારે શી રીતે પોસાય એ બધું ? મારે સાયન્ટિસ્ટ થવાનો વિચાર, હું કંઈ પૈસા કમાવવા નથી બેઠો કે આ બધું વેશ કરવા નથી બેઠો. હું તો આ શોધખોળ કરવા આવ્યો છું કે શું આ જગત છે ને કેવી રીતે ચાલે છે, ને આ આમાં પોસાય નહીં મારે !

આ લોકોનો વ્યવહાર બધો કેવો હોય ? માથું લેવાની તૈયારીઓ. સોદા કેવા ? મોટા સટ્ટા. કેવા ?

**પ્રશ્નકર્તા :** મોટા.

**દાદાશ્રી :** મોટા, બહુ મોટા બિઝનેસ સટ્ટાના, માથા જ લે-મેલવાના. એટલે મેં કહ્યું, કે 'આપણે આ માથું આપવું ને લેવું, આપણને પોસાય નહીં. આપણે કોઈનું માથું જોઈતું નથી, અને એ પાછો આપણું માથું લેવા આવે. આપણે એવા સોદામાં પડવું જ નથી ત્યાં આગળ !'

હું સોદો ક્યાં કરું, કે જ્યાં મારાથી અપાય એવું હોય ત્યાં ! વગર કામનો હું તમારી જોડે સોદો કરું, એ મારે પોસાય શી રીતે ? એટલે મારે તો માથું લે નહીં ને આપે નહીં, એમની જોડે રહેવા જવાનું. એ તો આપે ને લેય ખરા, સામસામા. આપણને પોસાય નહીં. અમારે તો મોક્ષ જવું છે. આપણે કંઈ નંબર નથી લાવવો હવે. આપણે આ ધંધો ક્યાં માંડીએ ? આપણે ઝીણા માણસ, આપણી લાઈન બગાડીએ નહીં એવા માણસ. એ તો કાલે સવારે બગાડીને બેસે, તે ઘડીએ વેહ થઈ પડે આપણો. મારે તો મોક્ષે જવું છે, તમારી જોડે ક્યાં લઠ્ઠબાજી ઉડાડું ? કંઈ પોસાય આપણને ?

## હું ક્ષત્રિય પણ માથું આપવાનું શીખેલો નહીં

તો એવી કઈ પ્રજા છે, કે ત્યાં જઈએ તો સેફસાઈડ ? ત્યારે કહે, વણિક લોકો. આ આમની (પટેલોની) જોડે વેપાર આપણને પોસાય નહીં. માથું આપવાની વાત કરો છો ? એ જોખમ બધા સસ્તા નથી. બુદ્ધિપૂર્વકનું હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિપૂર્વકનું.

**દાદાશ્રી :** હં. મેં કહ્યું, 'ભાઈ, મારે માથું કોઈનું લેવુંય નથી ને મારાથી અપાય એવી સ્થિતિય નથી. હું વાણિયા જેવો માણસ છું. આ લડાઈમાં, આ જંગમાં હું પહોંચી વળું એવો નથી. મારે તો આત્મકલ્યાણ કરવું છે ને તમારી જોડે આ લડાઈમાં ક્યાં પડું ? આ અમારી લાઈન નહોય, બા !' માથું આપવું એ અમારું કામ નહીં. ક્ષત્રિય ખરો, પણ આ માથું આપવાનું શીખેલો નહીં. વાણિયા જોડે રહેલો ! ક્ષત્રિય બ્લડ ખરું, પણ આવું તો માથું કાપવાની વાતમાં ન આવીએ.

## વાણિયા સાથે ફાવે એટલે આવ્યા મામાની પોળમાં

મને લોકો કહે, 'મારું આટલું કામ કરવું પડશે.' મેં કહ્યું, 'ભઈ, મારાથી થાય એવું નથી આ બધું.' ત્યારે કહે, 'તમે માગશો ત્યારે માથું આપીશ.' મેં કહ્યું, 'મારાથી માથું અપાય એવું નથી.' એને મોઢે બોલું નહીં એવું. એ હું સમજું કે મારાથી માથું અપાય એવું નથી. આ લોકો તો

આપી દે. એ મારે આપવા-લેવાનું ફાવે નહીં. તો પછી હવે ક્યાં ફાવશે ? ત્યારે મેં કહ્યું, 'વાણિયાઓની જોડે, જૈન વાણિયા જોડે ફાવે.' એમની ભાંજગડ નહીં ને, કોઈ. આપેય નહીં ને લેય નહીં. અને કપડું બગડે નહીં. મારે એવું જોઈતું હતું. મારે તારું જોઈતું નથી, પણ તું મને મુશ્કેલીમાં ના મૂકીશ. મારે તો મોક્ષે જવું છે. મારે કોઈનું માથું જોઈતું નથી. એ તો પાટીદાર પાસે તો આવી રીતે રહેવાનું હોય. એટલે પછી નક્કી કર્યું કે બે વાણિયાઓની સાથે રહેવું. બે વાણિયા આજુબાજુ રહે, એની સાથે રહેવું. પછી મામાની પોળમાં રહેવા આવ્યા. એ ભાંજગડ કરે જ નહીં.

**પ્રશ્નકર્તા :** ના, કરે જ નહીં.

**દાદાશ્રી :** હદમાં જ બધું. તે દૂધપાક, માલપૂડા કર્યા હોય, એ આપી જાય. આપણે એને કશું ના આપીએ તો એને કશી ભાંજગડ નહીં. અને આ તો માથું મૂકવાની વાત ! અને વાંકું બોલે તે જુદા પાછા.

**પ્રશ્નકર્તા :** હક્ક જ કરે બધો, બધી રીતનો હક્ક જ કરે.

**દાદાશ્રી :** ગાંડું બોલે, ગાંડું ! ઊલટું માથું ચઢી જાય એવું બોલે. આમ ભોળા પાછા, પણ ભોળાનો આપણે લાભ લેવો નથી, તો પછી આપણે આ શા માટે આમાં પડીએ ? ભોળાનો જેને લાભ લેવો હોય, તેને ફાવે. મારે કોઈ દહાડો કશું લાભ લેવાની ઈચ્છા જ નહીં અને આવું કપાવાનું ગમે નહીં.

## વણિક-ક્ષત્રિયના મિક્ષ્ચરે સમરસ

આ પટેલો જોડે રહીએ તો આમને તો કરંડિયો ભરીને કેરીઓ મોકલીએ, તે દહાડે ખુશ ખુશ, ગળું હઉ આપી દે આમ. અને પછી બીજી વખત ના આપીએ તો પછી ઉપાધિ... અને આ વણિક તો ડાહી કોમ. 'મુંબઈથી આવ્યા ને, એટલે કેરી મોકલી આપી છે.' એક કેરી મોકલીએ ને, પાછા કેરી ખાય હઉ આપણી. અને અમારું તો બધું જાડું ખાતું, ક્ષત્રિયોનું. તલવારી ખાતું, આપેય ખરા ! એય એમને ત્યાં આવે તો એ આપવા આવે. પણ મેં કહ્યું, 'મારે જોઈતું નથી કોઈનું.' એ શું કહે છે,

કે 'તમારે જ્યારે જરૂર હશે ત્યારે માથું ઉતારીને આપીશું.' મેં કહ્યું, 'પણ મને માથું ઉતારવાની હિંમત નથી, હું વાણિયાની જોડે ઉછરેલો છું ને ! મારી હિંમત નથી. તમારું જોઈતુંય નથી અને મારે આપવુંય નથી. એના કરતા હું તમારાથી છેટો રહું તો સારું.' એટલે બે બાજુ વાણિયા લોકોને રાખ્યા અને રહ્યા નિરાંતે. આખી જિંદગી કાઢી એની જોડે. અને વાણિયા લોકો કહેવું પડે, એ બહુ સુંદર કળા જાણે !

**પ્રશ્નકર્તા :** દાદા, બે આજુબાજુ વાણિયા હોય, પણ એમને લાગે ને, કે વચમાં ક્ષત્રિય છે.

**દાદાશ્રી :** હા, એમને ખબર પડે, અને ખરી રીતે એમનેય હૂંફ લાગે, કે કંઈક કો'ક આવ્યો ને ટૈડકાવવા કે કશું એ મુશ્કેલી ઊભી થાય, ત્યારે આપણને કામ લાગશે.

વણિકનો માલ થોડો ક્ષત્રિયમાં નાખીએ ને ક્ષત્રિયનો માલ થોડો વણિકમાં નાખ્યો હોય, પછી જે મિક્ષ્ચર થાય એ બહુ સરસ થાય. ખરું મિક્ષ્ચર એ. ખટમીઠી ત્યારે થાય, અને શ્રીખંડ ત્યારે થાય.

**પ્રશ્નકર્તા :** પણ વાણિયા લોભિયા બહુ હોય ને ?

**દાદાશ્રી :** આપણે શું લોભિયા હોય તો ? આપણે શું ખોટ જવાની છે ? ઊલટું આપણે ઉદાર હોઈએ તો શાક અમે લાવીએ અને થોડું થોડું એને મોકલાવું તે ખુશ થઈ જાય. હવે શાક વેચાતું લાવું તોય પણ થોડું મોકલાવું તો ખુશ થઈ જાય. અને તે દહાડે તો એક આનાના પાંચસે (પાંચસો ગ્રામ) રીંગણા મળે. હવે એમાં આટલા રીંગણા એમને મોકલી આપ્યા, શું એમાં આપી દીધું કહેવાય ? પણ એ ખુશ થઈ જાય.

## સંબંધ ના બગાડે એવા ગુણ વણિકના

એટલે ત્યાંથી સમજી ગયો, તેથી મામાની પોળમાં રહેવા આવેલો. તે ત્યાર પછી મામાની પોળમાં બે વાણિયાની વચ્ચે રહ્યો. આ વાણિયાની જોડે રહ્યો ને, તે કશુંય ડખલ નહીં, કોઈ જાતની. અત્યારેય સંબંધ બહુ સુંદર રાખે બિચારા. વણિક મને બહુ ગમેલા. ખાસ કરીને વધારે તો

વણિકોમાં જ રહેલો છું. ઈચ્છા મારી એવી કે વાણિયા જેવા જ રહેવું. વ્યવહાર વાણિયા જોડે રાખવો, બીજા જોડે ના રખાય.

**પ્રશ્નકર્તા :** વાણિયામાં એક ગુણ સારામાં સારો, કોઈની જોડે સંબંધ ના બગાડે.

**દાદાશ્રી :** હા, સંબંધ ના બગાડે. ડખલ જ નહીં કોઈ જાતની. અને કશું ઘસાવુંય ના પડે. એય એમની મેળે કશુંક બનાવ્યું હોય તો અહીં મૂકી જાય, આ એમની મેળે મૂકી આવે. તે સામસામી ચાલ્યા કરે. વધુ આપવુંય નહીં અને વધુ લેવુંય નહીં. રીતસર આપવું ને રીતસર લેવું. એટલે ડખો નહીં. અને તે કેટલું ? આ આટલું આ અહીં સારું બનાવ્યું હોય, હાંડવો, ભજિયાં કે મૂઠિયા, તે એ આપી જાય ને અહીં એ આપે ને સામસામી વ્યવહાર. બહુ લાંબી ભાંજગડ નહીં કશી. અને જો સો-બસ્સો ઘસાઈ છૂટો તો બહુ ખુશ થઈ જાય બિચારા, એવા તો સારા ! અને આપણે ત્યાં તો પાંચ હજાર ઘસાઈ છૂટીએ તોય કહેશે, 'ગઈ સાલ ઘસાતા હતા, અત્યારે તો હવે મોઢું જ બગાડી નાખ્યું છે.' અલ્યા મૂઆ ! ઘસાયા હતા તે જમે કરો. જમે ઊડી ગયા ? ત્યારે કહે, 'જમે-બમે તો અમે કોઈના કરતા જ નથી.' આજે ચા ના પીવા મળી, તો ગાળો આપે. એટલે આ પસંદ નહીં મને આવું બધું.

## વણિકોનો બહુ ડાહ્યો વ્યવહાર, તેથી દાદાને બહુ ફાવતું

આ આમની જોડે કશો વાંધો નહીં અમને. મામાની પોળમાં ચાલીસ વરસ રહ્યો, તે બે બાજુ જૈન શેઠિયાઓ જોડે વ્યવહારમાં રહેલા. તે કશું લેવુંય નહીં ને દેવુંય નહીં. અહીં તો કો'ક દહાડો એમને અડચણ હોય, તો અમુક અમુક કશું વસ્તુ લઈ જાય. પણ વસ્તુઓ, બીજી કશી ભાંજગડ નહીં. એ દાળ, કઢી, હાંડવો-બાંડવો બધું સામસામી આપે-લે. બીજી ભાંજગડમાં પડે નહીં. રૂપિયા-બુપિયા ઉછીના ખોળે એવું તેવું કાંઈ નહીં. અને ખોળે તો પચ્ચીસ ખોળે. આપણે કહીએ, કે 'પચાસ લઈ જાવ.' 'ના બા, ના બા, પચ્ચીસ આપવાના મારે બહુ ભારે પડી જશે' એવું કહે.

**પ્રશ્નકર્તા :** હા, એટલે ના લેવાય.

**દાદાશ્રી :** બહુ ડાહી પ્રજા ! તે પચ્ચીસ ઉછીના અપાયા તોય શું ? ના અપાયા તોય કશું નહીં. લેવા જ ના આવે બિચારા. અને ત્યાં તો પેલા લઈ જાય ને ઉપરથી ગાળો ભાંડે, ટૈડકાવે. તે આ સુખદાયી રસ્તો ! અને ભીડ હોય તોય ના માગે. આપણે પૂછીએ, કે 'ભઈ, તમારે કશી ભીડ છે ?' ત્યારે કહે, 'ના બા, ચાલે છે. તમારા પ્રતાપે ચાલે છે.' એવું કહે, 'તમારા પ્રતાપે સારું ચાલે છે.' અને અમારે તો બોલે. એટલે આ મારી શોધખોળ છે. વાણિયા જોડે તો બહુ ફાવતું'તું.

તે વાણિયા જોડે નિરાંતે રહેલા, કશું હરકત નહીં. કોઈ જાતની હરકત નહીં, ચાલીસ-ચાલીસ વર્ષ સુધી. હીરાબાને 'બા' જેવા માને, આજુબાજુ બધા. સેવાય એવી કરે હજુયે. પણ બધું વ્યવહારિક. છોડી પૈણી હોય તોય બે હજાર માગે નહીં. કોઈ દહાડોય આ એકુંય બાજુથી એમ નથી કહેવા આવ્યું, કે 'આજ બે હજાર ઉછીના આપો.' અને હીરાબાને કહેલું કે પચાસ-સો-બસ્સો જોઈતા હોય તો આપી છૂટવાનું. પણ એ લે નહીં. ખાસ મુશ્કેલી હોય તો જ લે, નહીં તો લે નહીં. અને અમારા તો તૈયાર જ, જ્યારે જુઓ ત્યારે. તે મને ના ફાવે એ.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે.

## જાડું ખાતું પોસાય નહીં અમને

**દાદાશ્રી :** અને હીરાબાને મેં પૂછ્યું, 'આ જૈનોની જોડે તમને ફાવે છે કે ?' ત્યારે કહે, 'કશો વાંધો નહીં.' એ પાડોશી કહે, 'આજ જરાક દાળ અમારે નથી, તો દાળ આપજો.' તે આપણે આવડો વાટકો કાઢીને આપીએ ને, ત્યારે કહે, 'ના, આટલું જ જોઈએ છે.' અને પેલા પટેલને ત્યાં આવડો વાટકો કાઢીને આપે ને, 'એક વાડકો આપે છે, બે-ચાર નાખો ને મહીં !' એય ચાર પાછાં આપે, એવું નહીં. પણ આપણને આ પોસાય નહીં. આપણે લેવા ના જઈએ. આપણે લેવાનો રિવાજ નહીં જેને, તેને આપવાનો વ્યવહાર કેમ પોસાય ? લેવાદેવાનો વ્યવહાર, આવું જાડું ખાતું પોસાય નહીં અમને. આ તો બધી વ્યવહારની વસ્તુ જ છે ને !

અમે ઘરમાં બધાને કહેલું હતું, કે જે તમારી પાસે હોય અને કોઈ

લેવા આવે તો આપવું અને તે પાછું માગવું નહીં. પાછું આપી જાય તો લેવું, પણ માગવું તો ક્યારેય નહીં. એક ફેરો આપ્યું હોય ને ફરી એમણે પાછું ના આપ્યું હોય, ને ફરી આપવું પડે, ત્રીજી વખત આપવું પડે, સો વખત આપવું પડે, પણ પાછું માગવું નહીં. આપી જાય તો લેવું. પણ એ વણિકોનો વ્યવહાર એવો સુંદર, કે અહીંથી જે આપે એવું પાછા, પેલા બે-ચાર મૂકી જાય. અને જો હલવો વણિકોને ત્યાં મોકલાવીએ, તો આ ફેરે આખું ચકતું મોકલાવી આપીએ અને આવતે વખતે અડધો ટુકડો, પા ટુકડો મોકલી આપીએ તોય બૂમ નહીં, બરાડો નહીં. અને એકાદ વખત કંઈ ના મોકલીએ તોય બૂમબરાડો નહીં. તેથી એમની જોડે પોસાય આપણને. આ બૂમબરાડા કરનારા જોડે શી રીતે પોસાય ?

## ક્ષત્રિયોનું ખાતું જ આખું જાડું

એટલે મને તો આ પટેલ જોડે રહેવાનું નહોતું ફાવતું. આ જાડું ખાતું મને શી રીતે ફાવે આમાં ઘડીવારેય ? એ ગમે નહીં ને જાડું. એ જાડી વાત મીઠી લાગે તોય નહીં કામની. એ ક્યારે કડવી લાગશે એ કહેવાય નહીં.

**પ્રશ્નકર્તા :** એ તો આજેય પણ પટેલો કહે કે વાણિયો જ બેધારી તલવાર પર ચાલી શકે.

**દાદાશ્રી :** અરે ઘણાંખરાં, પણ તે ભેળસેળ થયેલા. અને તે આ બધાનો ઋણાનુબંધ ખરો ને ! એય ભેળસેળ બધો માલ. અહીં તો જાડું ખાતું બધું. ક્ષત્રિય ખાતું જ આખું જાડું.

**પ્રશ્નકર્તા :** પહેલેથી જ જાડું.

**દાદાશ્રી :** એટલે વણિકો જોડે જ રહેલા અમે.

**પ્રશ્નકર્તા :** હા, બીજા જોડે મેળ ના પડે.

**દાદાશ્રી :** હા, પાટીદારો જોડે રહેવાનું ના ગમે. બે બાજુ પાટીદાર હોય ને વચ્ચે હું રહું, એવું ના ફાવે. કાં જૈન વાણિયા જોઈએ, અગર બ્રાહ્મણ જોઈએ. કારણ કે અમારે પાટીદાર તો બે મણ દાળ લઈ ગયા

હોય ને ઉછીની, તે ફરી આવે જ નહીં. અને હીરાબા જો સંભારે તો કકળાટ કરવા તૈયાર થઈ જાય, 'કેમ, તમે એકલાએ જ આપી'તી કંઈ ? હવે આવતી સાલ જોઈ લઈશું', કહેશે. તે મને તો પોસાય નહીં આ વેપાર. અને પછી પાછા કહે શું ? 'પાંચ હજાર આપવા જ પડશે.' અરે ભઈ, અમારી પાસે નથી, તોય આપવું પડશે ?

પાંચ રૂપિયાનો ચાંલ્લો કરીએ ને, તો કહે, 'હં... કોન્ટ્રાક્ટનો ધંધો કરે છે, શું અગિયારનો કરતા એમને ખોટ જવાની હતી ?' 'અલ્યા મૂઆ, પાંચનો કરું છું, મારે પાછાં નથી લેવાના, મારે નથી છોકરો-છોડી', તોય ઓછા પડે. આ તો ૧૯૩૫-૪૦ની વાત કરું છું. તે દહાડે મોટી રકમ ગણાતી પાંચ રૂપિયા. તે વણિક શેઠિયાને ત્યાં આમ પાંચ રૂપિયા ચાંલ્લો કરું ને, 'અંબાલાલભાઈ, ના પહોંચી વળાય. અમારું ગજું નહીં આ. અમારાથી પાંચ અપાય નહીં પછી. અમારા છોકરાં આપી ન શકે કાલે સવારે, એક જ રૂપિયો આપો', કહે છે. તે ચાર પાછા આપે. કારણ કે વ્યવહારમાં અમારા છોકરાં પછી પહોંચી નહીં વળે પાંચ રૂપિયા આપવા. એટલે એક રૂપિયો અમે લઈશું, તે એક રૂપિયો અમારો છોકરો આપશે, કહે છે. ધનભાગ્ય છે તમારી અક્કલનેય !

## વાણિયાની કર્મમાં માનનારી ઝીણી સમજ દાદા વખાણે

એ (વણિક) તો ડાહી પ્રજા. એ લોકો તો ત્રાસ કોઈને આપે નહીં. પાડોશીને પણ ત્રાસ ના આપે. પાડોશીપણું બજાવે, ત્રાસ ના આપે. હું ઘણા ફેરે આજુબાજુ કહું, 'કંઈ અડચણ ?' 'ના ભઈ, તમારા પ્રતાપે બધું સારું, તમે આવ્યા ત્યારથી અમારે અડચણ જ નથી', કહે છે. હું જાણું કે આ લોકોને પગારમાં પૂરું થઈ રહેતું નથી. એટલે કહું, કે 'બેન, આ કંઈ અડચણ હોય તો કહેવાનું, આ ઘર તમારું જ છે.' 'તમે આવ્યા પછી અમારે અડચણ જ નથી પડતી', કહે છે. એ ખાનદાની બોલે છે, હં ! જો કે અડચણ ભોગવે છે, પણ કહે નહીં. ખાનદાન ક્વૉલિટી ! કર્મને માને છે, કર્મને માનનારી પ્રજા છે કે આ આમ કરીશ તો કર્મ બંધાશે, એટલું તો એ સમજે છે હજુ. ભલે ને, સડી ગયો હશે ધર્મ, તોય પણ કંઈ કોહવાયું ઘી એ દિવેલમાંથી ના જાય. દીવો થાય કે ના થાય ?

**પ્રશ્નકર્તા :** હા, થાય.

**દાદાશ્રી :** હં, ઘી કોહવાઈ ગયું, પણ દીવો થાય કે ના થાય ? ખાવાના કામમાં ના લાગે, જલેબી ના થાય, બીજું ના થાય, પણ દીવો તો થાય ને ! લોક કહે છે ને, 'ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ, એવું આ !'

## વણિક જેવા પહેલેથી છતાં ભાષા પાટીદારી

મારે વણિક જોડે મેળ બહુ સારો પડે. મારીય વણિકબુદ્ધિ ખરી ને ! અને હું તો મૂળ તે છું પટેલ, પણ છું વાણિયા જેવો પહેલેથી. કારણ કે બધા વિચારો ઠેઠ સુધી ઝીણા વિચાર ! તોય બોલ તો જાડા જ પાછા, એય... ડાંગ મારે એવા. જાડું ખાતું મારામાંય રહેલું. ભાષા જાડી, વાત જાડી. સંસ્કાર તો જતા ના રહે ને, એકદમ. આ તો જ્ઞાની થયા પછી આ ફેરફાર થયો ભાષા-બાષામાં, નહીં તો બહુ કડક ખાતું.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહો છો, કે તમે વાણિયા જેવા હતા, એ વાત ઉદાહરણ આપીને સમજાવો ને !

**દાદાશ્રી :** તમે મને કહો, 'તમને આ સમજણ નથી પડતી', તો હું થોડીવાર ઠંડો રહું. પાટીદાર એટલે રહેવાય નહીં, છતાંય રહું. પછી શું કહેવા માગો છો તે સમજી લઉં, કે મને બરોબર લાગે છે. આણે કહ્યું છે તે આપણે તો બરાબર. એ ખરું સ્વીકારવું જ રહ્યું ને ! બાકી અમારું લોહી ઉછળી જાય, બળ્યું ! ગાંડુંઘેલું ચલાવીએ પણ પેલું ના ચલાવીએ. પણ મારું જરાક એમાં એ મૂળ વાણિયા વિદ્યા કંઈ હશે ખરી પહેલાની, વાણિયાનો સંગ ખરો, તે મૂળ જૈન વાણિયો, હોં કે !

## મૂળ પટેલ પણ વાણિયાનાય ગુરુ જેવા

હું તો નહોય પાટીદાર, આ તો દૈ જાણે શી રીતે પાટીદારને ત્યાં ભેગો થયો, એ જ અજાયબી છે ! પાટીદારને હોય નહીં આવું બધું ! અસલ પાકો વાણિયો ! વાણિયાના બાપનોય વાણિયો ! બધાય વાણિયા કહે છે, 'બાપ તમે વાણિયાનાય વાણિયા છો. અમારા વાણિયાનાય ગુરુ છો તમે.' મને તો આખા વડોદરા શહેરના બધાય વાણિયા કહે છે, 'તમે

તો વાણિયા જ છો, અસલ વાણિયા છો !' વાણિયા જ કહે મને. પાટીદારેય વાણિયા કહે મને. ત્યારે મેં કહ્યું, 'તમારે જે કહેવું હોય તે કહો.'

અને હું કેટલાય અવતારનો વાણિયો હતો. એટલે કેટલાય અવતાર પેલું વાણિયાપણું કરેલું, ક્ષત્રિયપણું કરેલું, આનો આ જ ધંધો માંડેલો. બીજું કંઈ માંડ્યું છે ? વાણિયાપણુંય કરેલું બધું. એટલે વાણિયાની ઢબ પૂરી નહીં આવડેલી. જરા અહંકારનો દાંડો ખરો ને, જ્યાં ગયા ત્યાંય !

**પ્રશ્નકર્તા :** વાણિયો મૂછ નીચી કરી દે તરત.

**દાદાશ્રી :** નીચી કરી દે, અને આ તો નીચી ના કરે. એક ફેરો ઊંચી થઈ, પછી ના કરે નીચી. એટલે મારે ફાયદો એ કે મારે ત્યાં વાણિયાને જોડે રાખતો. કારણ કે પટેલોએ પેલું માથું આપવાની વાત કરી, ત્યારથી જ ભડકી ગયો કે આપણે માથું લેવું નથી ને આપણે આ વાણિયા લોકોની જોડે સારું. બિચારા, જો માથું માગેય નહીં અને માથું આપેય નહીં.

## મોક્ષ માટે ક્ષત્રિયવટ જોઈએ, તે ભૂલા પડ્યા પટેલમાં

**પ્રશ્નકર્તા :** તમે પટેલ છો પણ આ બીજા બધા પટેલ કરતા કંઈક જુદા પટેલ લાગો છો !

**દાદાશ્રી :** હા, એ તો ભૂલો પડેલો છું !

**પ્રશ્નકર્તા :** કંઈથી ભૂલા પડ્યા છો ?

**દાદાશ્રી :** બ્રાહ્મણ-વાણિયા કોમમાંથી ભૂલો પડી ગયેલો છું હું ! કારણ કે એ કોમ ઉપર તિરસ્કાર છૂટ્યો, કે ક્ષત્રિય સિવાય આ બધું છૂટી ના શકે, એટલે ક્ષત્રિયમાં પડ્યો પછી. અમે તો કેટલાય વખત દિગંબરી થયા ને શ્વેતાંબરી થયા. પછી પટેલમાં ગયા ત્યારે હવે ઠેકાણું પડ્યું.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યારે ચોખ્ખું મહીં, એ મહીં મમતા નહીં ને ! મમતા ઓછી હોય.

**પ્રશ્નકર્તા :** હવે ક્ષત્રિય થયા એમ ?

**દાદાશ્રી :** ક્ષત્રિય બધુંય છોડી દે. એને મોક્ષ મળતો હોય તો બધુંય છોડી દે. પણ ક્ષત્રિય બનવા જતા ભાષા વાંકી મળે. ભાષા બહુ ખરાબ હોય. ચરોતરના પાટીદાર એટલે ભાષા કેવી બોલે ? કેવું બોલ્યો છું આ, 'કોઈ બાપોય ઉપર નથી' એવું બોલ્યો ને !

**પ્રશ્નકર્તા :** કેટલીકવાર અમને આ તમારા સમાગમમાં આવ્યા પછી એવો વિચાર આવે, કે આ અંબાલાલ વાણિયા થઈ ગયા છે હવે. દાદા વાણિયા જેવા થઈ ગયા, હવે પાટીદાર કંઈ છે ? એવું લાગે છે.

**દાદાશ્રી :** હા, વાણિયા થઈ ગયા છે, એવું તો બધાય કહે. મને ગમેય ખરું. એ ભલે તું મને કંજૂસ કહીશ તોય વાંધો નથી પણ મને તમારા પાટીદાર જોડે પાલવે એવું નથી. કારણ કે કોઈ પાટીદારને મેં એમ કહ્યું નથી કે 'આટલું કામ કરો મારું.' કારણ કે એક ફેરો કરેલું હોય તે હું કોઈ દહાડો ચૂકતો કે ભૂલતો નથી. અને આ તો ભૂલી જવું એ જ ધંધો એનો. હાથ ધોયો જમીને અને બહાર નીકળ્યા એટલે અવળું જ બોલે એ. એ તો હવે સુધર્યા આ. આ ખંડાયાને બહુ વરસ જે આ કંટ્રોલના જમાનામાં, એટલે હવે સુધર્યા. નહીં તો આવડું આવડું બોલે.

**પ્રશ્નકર્તા :** દાદા, અમને લોકોનેય એવા બનાવી દીધા તમે, તમારા જેવા.

**દાદાશ્રી :** હા...

## ગુણો જૈનના, પણ ગોત્ર સારું બંધાવાનું તેથી આવ્યા ક્ષત્રિયમાં

**પ્રશ્નકર્તા :** દાદા, આગળ આપે વાત કરી કે વાણિયા-બ્રાહ્મણમાંથી ભૂલા પડ્યા છો, તે વિશે વધારે કહો ને !

**દાદાશ્રી :** હું તો અસલ જૈન વાણિયામાંથી આવેલો છું.

**પ્રશ્નકર્તા :** તમે જૈન વાણિયા કહેવાઓ, તો રાવજીકાકા કરતાંય વધારે પાકા !

**દાદાશ્રી :** પાકા ખરા, પણ સીધા એ ને અમે વાંકા. પાકા એટલે વાંકા. સીધા એટલે એમનો શબ્દેશબ્દ સીધો પડી જાય. અમને વાંક બહુ હોય, અમારામાં તો. આ તો જ્ઞાની થયો તે વાંક નીકળી ગયા, નહીં તો બહુ વાંક હોય અમારામાં તો.

આ પટેલો તો બધા ભોળા કહેવાય. એ કંઈ વાણિયા જેવા ઓછા પાકા છે ? વાણિયા તો મુઠ્ઠીમાંની વાત જુદી ને ઓટીમાંની વાત જુદી, બેઉ જુદી રાખે. અને આ તો ભોળા બિચારા. હું ભોળો નહીં, હોં... હું ભોળો નહીં. મને તો બધા 'વાણિયાનોય વાણિયો' કહે લોક.

**પ્રશ્નકર્તા :** દાદા, વાણિયાની જોડે રહીને શીખી ગયા.

**દાદાશ્રી :** અને મને તો વણિકો, તમારા બધા જૈનો શું કહે ? 'એ અમારા જૈનનાય તમે જૈન છો', કહે છે.

**પ્રશ્નકર્તા :** એ શા કારણે કહે આપને ?

**દાદાશ્રી :** 'તમે પટેલ જ નહોય. પટેલ આવા હોય જ નહીં. તમે શી રીતે પટેલ થયા, તે જ અમને અજાયબી લાગે છે !' કહે છે. આખી જૈન કોમ મને કહે છે, કે 'તમારામાં પટેલનું તો કોઈ લક્ષણ દેખાતું નથી. પટેલની જોડે તમારે મેળ પડે એવો છે જ નહીં. તમે તો ઊલટા અમને સમજાવી દો એવા છો. આગળની વાત તમે અમને સમજણ પાડો છો, માર્ગદર્શન આપી જાવ છો.' બધા બહુ જૈનના ગુણો મારામાં ખરાં. પણ પક્ષપાત ના ગમે મને ફક્ત. આ અમે દેરાવાસી ને સ્થાનકવાસી, એવી ભાંજગડો ના ફાવે. એમાં મેળ પડે નહીં, તો જો નિરાંતે વૈષ્ણવને ત્યાં જન્મ્યા ને ! અને પછી આમાં પેઠા ને ! અને પૂર્વનો હું જૈન છું. આ પટેલ નહોય.

**પ્રશ્નકર્તા :** પાટીદારમાં જ કેમ આવ્યા ?

**દાદાશ્રી :** કંઈ હિસાબ હશે પાટીદાર જોડે. અને ક્ષત્રિયપણું જોઈએ ને, તો જ મોક્ષે જવાને માટે તીર્થંકર પદ બંધાય ! મૂળ તો વાણિયાની જાત અમારી, પાટીદારને ત્યાં જન્મ થયો એટલું જ ! એ તો ગોત્ર

કાંઈ સારું બંધાવાનું હશે, તેના માટે ફેરફાર થઈ ગયો હશે. ગોત્ર સારું બંધાવાનું હોય ત્યારે ફેરફાર થાય ને ! આ ક્ષત્રિયને ત્યાં જન્મ થવો એ કંઈક હેતુ હશે ત્યારે ને ! થોડા સંસ્કાર હોય અને જન્મ થાય એટલે એ સંસ્કાર ખીલી ઊઠે પછી.

**પ્રશ્નકર્તા :** હા, સંસ્કાર ખીલી ઊઠે.

**દાદાશ્રી :** પાંદડા-બાંદડા સાથે થઈને. અને છાતીય એવી હોય ને ?

**પ્રશ્નકર્તા :** હા, મજબૂત છાતી હોય.

**દાદાશ્રી :** હા.

## દાદાની ધર્મની ઝીણી વાત સાંભળી જૈનોનેય ઠંડક થાય

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા પણ આપ જૈનોને ધર્મની સમજણ પાડતા હતા ?

**દાદાશ્રી :** અમને જ્ઞાન થતા પહેલા બધા ઓળખાણવાળા ખરા, જૈનધર્મી. એટલે એક માજી હતા, તે લગભગ પંચોતેર વર્ષના હશે. તે એમના દીકરા જોડે મારે ઓળખાણ સારી. તેનાય નિમિત્તે એમની જોડે ધર્મની વાતચીત થાય, એ માજી જોડે. ત્યાં જઉં ને, ત્યારે મને બેસાડીને કહે, કે 'મારાથી ઉપાશ્રયે જવાતું નથી.' અને સ્થાનકવાસી ધર્મ એમનો. 'એટલે હવે મને આ પજુસણમાં કંઈક પ્રતિક્રમણ કરાવડાવજો', કહે છે. એટલે માજીને પ્રતિક્રમણ કરાવડાવું. પછી ધર્મની વાતચીત કરું ત્યારે માજી શું કહે ? 'મને આ ઉપાશ્રયમાં મહારાજ વાત કરે છે તે ગમતી નથી.' મેં કહ્યું, 'માજી, કેમ નથી ગમતી ? શાસ્ત્રોની વાત કરે છે, સ્વાધ્યાય કરે છે, વ્યાખ્યાન કરે છે, તેમાં શું નથી ગમતું ?' ત્યારે કહે, 'મને તો એક રાજા હતો અને એક રાણી હતી ને તેને ચાર છોકરાં હતા ને તેણે જૈન મંદિર બંધાવ્યું ને એવી તેવી વાતો નથી ગમતી. મને તો તમે જે ઝીણી વાત કરો છો, એવી વાત મને ગમે છે. એટલે તમે મારું આટલું કલ્યાણ કરી નાખજો આજ', કહે છે. એટલે દસ-પંદર દહાડે જઉં ત્યારે માજી જોડે કલાક વાતચીત કરું એટલે માજીને ઠંડક વળે બધી.

મને કહે છે, 'ઝીણી વાત મને ગમે. મને આવી જાડી વાતો ગમતી નથી, મહારાજની.' હવે આવી તો વાત બહુ સારી કહેવાય ને ! આવી વાત કહેનાર જ કોણ હોય ? હવે તે દહાડે તો અમને જ્ઞાન થયેલું નહીં, પણ વાત અમારી પાસે બહુ ઝીણી હોય. એટલે પછી માજીને ધીમે ધીમે ધીમે ધીમે ઠંડક થતી ગઈ આ અમારી વાતથી. જ્ઞાન તો થયેલું નહીં એટલે જ્ઞાન અપાય શી રીતે ? પણ વાતથી ઠંડક થઈ ગઈ. તોય એક દહાડો હું બેઠો'તો અને પેલી બાજુ કંઈક કાચનો પ્યાલો પડ્યો હશે, જોડેની રૂમમાં ખખડ્યો. તે મને તો સંભળાયું નહીં પણ એમણે કાન માંડ્યા, 'એ શું પડ્યું ?' મેં કહ્યું, 'ઘર પડ્યું માજી !' આ ઘર પડી ગયું, એવું કહ્યું માજીને. હજુ તો ત્યાં કપમાં ચિત્ત જાય છે. હું અહીં બેઠો છું, ઝીણી વાત સાંભળવી છે અને પાછું કપમાં ચિત્ત જાય છે. 'શું પડ્યું' કહે છે. અરે, ઘર પડી ગયું ! શું પડી જવાનું હશે તે ? બિચારાનું તેલ કાઢી નાખે બૈરાંનું. પેલામાં ફૂટી ગયું હોય તોય આવીને એમ કહેવું, કે 'ના, બા, કશું ફૂટ્યું નથી.' પણ આ તો વહુઓમાં એ સમજણ ના હોય ને, કે આવાં પોલીસવાળા પાસે કેવી રીતે કામ લેવાનું એ જાણે નહીં ને ! આવાં પોલીસવાળા પાસે કામ લેવાનું એટલે વહુએ શું કરવું જોઈએ ? બધા પ્યાલાના કકડા બહાર નાખી દેવા જોઈએ ને કહીએ, 'કશું ફૂટ્યું નથી, બા.' હા, એ પોલીસવાળો કચકચ કરે. સાસુ હોય તે કચકચ કરે નહીં અને કચકચ કરે તે સાસુ નહીં, પોલીસવાળો કહેવાય. શું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** પોલીસવાળો કહેવાય.

**દાદાશ્રી :** હા. એટલે પછી માજી ધીમે ધીમે ઠંડા પડ્યા. મને કહે છે, 'ઠેઠ સુધી મારા મરતા સુધી આવીને દર્શન આપ્યા કરજો મને.' પછી 'જ્ઞાન' આપ્યું'તું માજીને.

## સુંદર પ્રાકૃતિક ભેદ બતાવ્યા, પટેલના ને વણિકના

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહો છો કે પટેલોનું ખાતું જાડું, એના વિશે વધારે જણાવો ને !

**દાદાશ્રી :** અમારામાં કહેવત છે કે પાટીદાર મારે ભઈને. જો

પાછળ પડી ગયો હોય તો એને છેટેથી લઈ આવે પાછો. ગાડી પાછી લઈ લે, 'હેંડ અલ્યા, બેસી જા', કહેશે. અને જો આગળ જાય તો તમાચો મારે, 'મારી આગળ ?' આગળ જવા દે નહીં. આવા લોકોની જોડે શી રીતે રહેવું આમાં તો ?

**પ્રશ્નકર્તા :** ના રહેવાય.

**દાદાશ્રી :** એટલે પછી મેં મારા ભત્રીજાઓને કહી દીધેલું, કે 'મારી પાસે હેલ્પ લઈ અને મારી આગળ જઈને મને શિંગડા મારજો. તો હું રાજી થઈશ.' શું કહ્યું ? 'મારી આગળ જજો.' આ લોકો તો આપે જ, 'મારી આગળ કેમ ?' અરે, બાપ છોકરાને આગળ નથી જવા દેતો. હવે એ અજાયબી છે ને ! જુઓ, ત્યારે આ હરીફાઈમાં પડ્યા ને !

**પ્રશ્નકર્તા :** હરીફાઈમાં.

**દાદાશ્રી :** બાપ-દીકરોય હરીફાઈમાં પડ્યા ને ! એ તમારા વણિકો ના કરે. વિચારવંત કોમ ને ! અને આપણું ધાર્યુંય શું થવાનું છે ? આ તો બધા પાછળ મારે, તરત લાપોટ મારે. અને પાછળ પડી ગયો તો લઈ આવે અને તમે પાછળ પડ્યો હોય તોય ના લઈ આવો.

**પ્રશ્નકર્તા :** ના, ના, એ તો મૂકી દે, સ્ટેશન મૂકી દે.

**દાદાશ્રી :** આ પાછળ પડેલાને લઈ આવે. ઊંચકીને લાવે, ના હોય તો ખભે ઊંચકીને. આ બધું આવું ખાતું ! આ ખાતું અમને ના ફાવે. ક્ષત્રિયાણી જોડે ફાવે પણ અમને ક્ષત્રિય જોડે ના ફાવે બહુ. છતાંય આખી જિંદગી કાઢી ને, પટેલો જોડે ! એય અજાયબી જ છે ને ! સૂક્ષ્મ વિચાર, સૂક્ષ્મતમ વિચાર સુધી પહોંચેલો જે પુરુષ, તે આ પટેલો જોડે વ્યવહાર કેવી રીતે રાખે છે, અને તે સહેજેય ડખલ કર્યા વગરનો, સહેજેય વઢ્યા સિવાયનો વ્યવહાર !

## ક્ષત્રિયપણાનો ગર્વ પણ ક્ષત્રિય જોડે મેળ પડે નહીં

પહેલા અમે આમ વાંચેલું કે તીર્થંકરો ક્ષત્રિય સિવાય કોઈ હોય નહીં. એટલે મનમાં એમ કે ઓહોહો ! આપણે તો સારા ઘેર જન્મ્યા !

વાંચેલું ખરું ને, એટલે આપણા મનમાં એમ થાય કે આપણે ક્ષત્રિય જ કહેવાય ને ! તીર્થંકરો બીજી જગ્યાએ ના હોય, એનું એ (ગર્વ) રહે. અને એક બાજુ ક્ષત્રિયોની જોડે ના રહેવાય. એટલે આવું કામ બધું !

**પ્રશ્નકર્તા :** વાણિયા જ જોઈએ.

**દાદાશ્રી :** આપણા પાટીદારો ક્ષત્રિયો ખરા પણ અનકલ્ચર્ડ નાત લાગે. એટલે હું નાનો હતો ત્યારે મને થતું કે આ નાત કેવી ? વાત વાતમાં લઢી પડે છે ? પહેલા તો એમ લાગતું'તું કે આ પટેલના સંજોગમાં ક્યાં ફસાયો, આ લોકોની ભાષા કઈ ? આ લોકોની સમજ ક્યાં ? મારી સમજ ક્યાં ? આ જાડી બુદ્ધિ કહેવાય. શું થાય ? પણ ભગવાને મોક્ષના અધિકારી એમને જ કહ્યા છે. કારણ કે માથું મેલે. જ્યારે એ થાય ને, ત્યારે માથું મેલે. અને પેલા વણિકો શું કરે ? 'બધું આપી દો, પણ બે ગીની રહેવા દેજો ફક્ત.' શું રખાવડાવે ? 'પેલી બે ગીનીઓ રહેવા દેજો, કંઈ અડચણ કો'ક ફેરો આવે.' તે આ પટેલો બધુંય આપે. ગીનીઓ-બીનીઓ કશુંય રહેવા જ ના દે. બસ, એટલે ભગવાને આમને કહ્યા, કે ખરા અધિકારી આ ! પહેલા અધિકારી આ ! તેથી એમના જે તીર્થંકરો થાય છે, તે ક્ષત્રિયો જ બધા. વણિકો ના થાય. વણિક તો 'શું થશે' એવી એને ભાંજગડ આવે.

**પ્રશ્નકર્તા :** દાદા, વણિકોમાં હિંમત ઓછી ને !

**દાદાશ્રી :** હિંમત ઓછી છે એનું શું કારણ છે, કે આમને વિચાર બહુ આવે, બિચારાને !

**પ્રશ્નકર્તા :** બુદ્ધિજન્ય વિચારો કરે.

**દાદાશ્રી :** વિચાર આવે તેથી, હિંમતનો સવાલ નથી. હિંમત શેને આધીન છે ? આ વિચારથી બધી હિંમત તૂટી જાય. અને આમને તો આમ આપી દીધું, તો બસ એ બધું આપી દીધું. પછી એ બાજુ વિચાર જ નહીં. પછી એની મહીં ઊંડો ઊતરે નહીં. અને આ વણિક તો આપી દીધા પછી રાત્રે વિચાર કરે કે પેલા બધા પ્લૉટ તો એ કંઈ (ક્યાં) જાણે છે ? એટલે સવારમાં પ્લૉટના કાઢી લે, કાગળિયા બધા. અમારામાં એવી

આવડત જ ના હોય ને ! કંઈ ભાંજગડ જ નહીં. તેથી તો ભગવાને કહ્યું, કે 'તીર્થંકર કોણ થાય ?' તો કહે છે, 'એ તો ક્ષત્રિયોનું જ કામ. બીજા બ્રાહ્મણ-વાણિયા કોઈનું કામ નહીં.' કારણ કે એને છોડતાય વાર નહીં, માથું આપી દેતાય વાર નહીં અને પેલો તો ચૂન ચૂન ચૂન ચૂન કર્યા કરે, કે 'હવે શું થશે ? હવે શું થશે ?'

**પ્રશ્નકર્તા :** હા, એ 'હવે શું થશે, હવે શું થશે', વિચાર કરે.

## વણિક ગમે તેટલું ત્યાગે છતાં મમતા હોય મહીં

**દાદાશ્રી :** 'શું થશે' એવું અમને ના હોય. યસ એટલે યસ. આ ક્ષત્રિય કોમ લોચા ના વાળે. વણિક કોમો ને એ બીજી બધી લોચા વાળ વાળ કરે.

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** અમે ડિસિઝન આવ્યું એટલે મૂકી દઈએ એને. અને ભગવાનેય ક્ષત્રિય કોમ પર બહુ ખુશ છે. ભગવાન, જો કે એમને પક્ષાપક્ષી નથી હોતી. પણ ક્ષત્રિય વિચાર આ ઉત્પન્ન થયો, તેનો ઉકેલ જલદી આવી શકે.

આ અમે ક્ષત્રિયપુત્ર, તેથી તો આ જ્ઞાન અમારી પાસે હાથમાં આવે, ચોવીસ તીર્થંકરોનું ! તમને એવું લાગે છે ને, કે ક્ષત્રિયપુત્રનું જ કામ છે આ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** બીજા લોકો તો આવું પદ ના પામી શકે. બીજા જે છે ને વૈશ્યો ને એ બધા, વેપારીઓ ને એ બધા, એ તો હજાર ગીનીઓ આપી દે ખરા મહીં ધર્માદામાં, અને બધું આમ ત્યાગેય કરે, બૈરાં-છોકરાં બધું છોડે, પણ બેએક ગીની રહેવા દે, કો'ક દહાડો અડચણ પડે તો.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, એવું ખરું.

**દાદાશ્રી :** આ અમારે તો સાંજની વાત નહીં, બપોરની જ વાત

નહીં ને ! બપોરની ચાનું શું થશે, એય નહીં. એ અમે ચોખ્ખા હોઈએ ! શું કહ્યું ? તમે શું કરો, એવું ખરું ?

**પ્રશ્નકર્તા :** હા, એવું ખરું, દાદા. વાણિયા બુદ્ધિ બધે આવે ખરી.

**દાદાશ્રી :** ત્યારે આ રોગ.

**પ્રશ્નકર્તા :** હા, આ રોગ આવે.

**દાદાશ્રી :** અમારે આ રોગ ના હોય, ક્લિયર હોય. છતાંય વાણિયામાં મમતા રહે, તેટલા હારુ કે ગમે તે હોય, તેથી આ પાટીદારનો અવતાર હોય. ગમે તે હોય પણ મમતા મારામાં બિલકુલ નહોતી. વાણિયા ગમે તેવા સાધુ થાય, ગમે તેવા આચાર્ય થાય, મમતા હોય એની મહીં.

**પ્રશ્નકર્તા :** સાહેબ, કોઈ વાણિયાને મુક્તિ ખરી ? કોઈ વાણિયાની મુક્તિ થઈ છે એવો શાસ્ત્રમાં દાખલો ખરો ?

**દાદાશ્રી :** વાણિયાની મુક્તિ કેમ ના થાય ?

**પ્રશ્નકર્તા :** નહીં, મુક્તિ થઈ છે એવી કોઈ વ્યક્તિ ખરી ?

**દાદાશ્રી :** હા ઘણા, વાણિયાની મુક્તિ થઈ છે. વાણિયાની મુક્તિ ના થાય એવું નથી, વાણિયો 'તીર્થંકર સાહેબ' ના થાય.

**પ્રશ્નકર્તા :** તીર્થંકર ના થાય ?

**દાદાશ્રી :** ના, એ તો ક્ષત્રિય ગોત્ર જોઈએ. એમાં બીજું ગોત્ર ના ચાલે. એમાં અપવાદેય નથી.

## મમતાનો રોગ અટકાવે વણિકને તીર્થંકર થતા

**પ્રશ્નકર્તા :** આ ચોવીસ તીર્થંકરો રાજપુત્રો અને ક્ષત્રિયો, તેમ છતાંય આ ધર્મ વાણિયાના હાથમાં કંઈથી આવી ગયો ?

**દાદાશ્રી :** નહીં, વાણિયાને તો પહેલેથી જ આ ધર્મ હતો. કારણ કે વણિકોએ જ આ ખોળી કાઢેલો ને, આ ધરમ ઊંચો છે એવું ! શોધખોળ જ વણિકોની છે. પણ કેવળી થયા આ બધા. આ કહે ને, તેઓ તીર્થંકર

ના થાય, કેવળી થાય. મોક્ષે જાય એ, પણ તીર્થંકર ગોત્ર બાંધી શકે નહીં.

**પ્રશ્નકર્તા :** વાણિયામાં એવો શું ગુણ નથી કે એ તીર્થંકર નથી થતા ?

**દાદાશ્રી :** એ કોઈ દહાડોય એની મમતા ચૂકે નહીં. જ્યાં જાય ત્યાં એની કોથળીમાં મમતા હોય.

**પ્રશ્નકર્તા :** એટલે વૈશ્યપણું ચૂકે નહીં.

**દાદાશ્રી :** હા, વૈશ્યપણું ચૂકે નહીં. કારણ કે 'આ પેઢી હું છોડીને જઉં શી રીતે ?' કહેશે. આ આવડી મોટી પેઢી ! આ ખેતશીભાઈ છે ને, મેં કહ્યું, 'આ તમને શી રીતે ફાવે છે ?' 'અમને આ હિસાબ-કિતાબ ના રાખવાનો હોય તો અમને ગમે જ નહીં', કહે છે. આ શી રીતે ફાવે તે, આ બધો હિસાબ-કિતાબ, આ ટ્રસ્ટનું બધું આવું તેવું ને ? કારણ કે આમ ગ્રંથિ જ લાવેલા. એ જ ગ્રંથિ. આ ગાંઠ, વાણિયાની ગ્રંથિ આ. અમારું જાડું ખાતું, આ દીપે અમને.

ત્યારે કહે, 'એમનો શું ઉકેલ થાય છે ?' ત્યારે કહે, 'તીર્થંકર પાસે કેવળી થઈ જાય છે.' બીજાનું કલ્યાણ ના કરી શકે. કારણ કે ઠેઠ સુધી મમતા, તે તીર્થંકરો હાથ ફેરવીને છોડાવી દેવડાવે. 'ભઈ, મોક્ષે જવું છે ?' ત્યારે કહે, 'હા, ક્યાં સુધી જન્મશું તે ?' બાકી જ્યાં સુધી ક્ષત્રિય ગોત્રી ના હોય, ત્યાં સુધી તીર્થંકર થાય જ નહીં. તીર્થંકર માત્ર ક્ષત્રિય હોય.

**પ્રશ્નકર્તા :** એટલે ક્ષત્રિયોમાં સમર્પણતાની જે ભાવના છે, એ વૈશ્યમાં નથી.

**દાદાશ્રી :** નહીં, નહીં, ગમે તેવા મોહને ઉડાડી મેલે ઘડીવારમાં !

**પ્રશ્નકર્તા :** એનામાં જે કુરબાની આપવાની તૈયારી છે એ વૈશ્યોમાં નથી.

**દાદાશ્રી :** હા, તૈયારી, બધી જ તૈયારી. એમાં ગાંઠ ના હોય, રાખી દેવાનું ના હોય.

**પ્રશ્નકર્તા :** એ લોકો બીજાઓને મારી પણ શકે છે.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** અને દુનિયાના હિત ખાતર મરી પણ શકે છે, એટલે એને મુક્તિ છે.

## વણિક બહુ વિચારક તે કેવળી થાય, તીર્થંકર ન થાય

**દાદાશ્રી :** હું તો ક્ષત્રિય બચ્ચો છું. ક્ષત્રિયોને પ્રૉમિસ ટૂ પે એટલે બધુંય એ પ્રૉમિસ જ. બીજું આવડે નહીં ને ! સમજણ જ નહીં મહીં. થિંકર (વિચારક) જ નહીં. પણ એમને છુટકારો વહેલો મળે. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** છુટકારો વહેલો મળે.

**દાદાશ્રી :** હા, એ લોકો મોક્ષે જાય, કેવળજ્ઞાન થાય, પણ તીર્થંકરો આ હોય. એ લોકો કબૂલ કરે મારી પાસે, બધાય જૈનો. ક્ષત્રિય કહેવાઈએ આપણે તો. પેલું આવડે નહીં. એવું આવડે નહીં બહુ ઊંડું આ. અને આ તો વિચારશીલ પ્રજા ! તે બધું વિચારી વિચારીને, દરેક વસ્તુ વિચારીને કામ કરે. આપણે પસ્તાવાના પાર નહીં અને એને પસ્તાવો ઓછો આવે. કારણ કે ક્ષત્રિયો ભોળા. તોય પણ અમારો રોફ ક્યાં પડ્યો ? આ ભઈને પૂછી જુઓ. એમને કહીએ, 'તમારા તીર્થંકરો શી નાતના હતા ?'

**પ્રશ્નકર્તા :** ક્ષત્રિય.

**દાદાશ્રી :** હા, બસ, ત્યાં અમારો રોફ પડી ગયો ! એ ક્ષત્રિય ! એ વૈશ્ય લોકોને આ પદ ના મળે.

**પ્રશ્નકર્તા :** દાદા, અમારોય નિકાલ તો ક્ષત્રિયની પાસે આવ્યા ત્યારે જ થયો ને ?

**દાદાશ્રી :** હા, એ તો રસ્તો જ એ છે ને ! બીજો રસ્તો નથી.

**પ્રશ્નકર્તા :** બધું ગમે તેવું બોલીએ, ગમે તેવું કરીએ પણ છેવટે નિવેડો તો ત્યાં જ આવ્યો ને ?

**દાદાશ્રી :** એ તો નિવેડો તો ત્યાં જ આવે ને ! નિવેડાનું બારું અમુક જ પ્રકારનું હોય ને !

**પ્રશ્નકર્તા :** અમારે ડેકોરેશન (શૃંગાર) બહુ, દાદા. (વ્યવહાર રૂપાળો કરે.)

**દાદાશ્રી :** અરે, બહુ સુંદર !

**પ્રશ્નકર્તા :** જબરજસ્ત ડેકોરેશન.

**દાદાશ્રી :** બહુ ડેકોરેશન ! જુઓ ને, આ ભાઈને પૂછો ને, કેવું ડેકોરેશન કરતા'તા ? હવે ડેકોરેશનમાં શું કરવાનું ? કાઢી નાખ્યું બધું. એ ડેકોરેશન કરેલું બધું શું કરવાનું પછી ?

**પ્રશ્નકર્તા :** દાદા, પણ ડેકોરેશન ન કરીએ તો બીજું કરીએ શું ? કશું મળતું નહોતું. એટલે પછી ડેકોરેશનમાં ને ડેકોરેશનમાં વખત જતો'તો અમારો.

**દાદાશ્રી :** ધ્યેય બીજો નહીં ને ! કોઈ ધ્યેય નહીં ને ! પણ ધ્યેય જડ્યો નથી જ્યાં સુધી, ત્યાં સુધી માણસ ડેકોરેશનમાં જ પડે, શૃંગારમાં જ પડે. શૃંગાર વધાર્યા જ કરે.

## વણિક - ક્ષત્રિય, એકબીજાને પરસ્પર હિતકારી

**પ્રશ્નકર્તા :** એ તો દાદા, અમે વાણિયા બહુ ડાહ્યા તે અમારું કેવું ડહાપણ, કે અમે આ કૃપાળુદેવને ના ઓળખ્યા અને આ કોટ-ટોપીવાળાનેય ઓળખતા નથી.

**દાદાશ્રી :** હા, એ ઓળખે નહીં પણ તોય આમનું કલ્યાણ થાય ! કારણ કે આ લોકોને એનું મન ને એ બધું બહુ દુઃખ દે બિચારાને. સહન ના થાય ને, એટલે પછી જેમ તેમ કરીને મોક્ષે જવાનું નક્કી તો કરે જ. એટલે કેવળી તો થાય જ એ. અને તીર્થંકર ભેગા થાય ને, તે બધો પૂળો મૂકી દે, ઊંચે મૂકી દે, કારણ કે બહુ થાકી ગયા હોય. અને અમને તો થાક-બાક ના લાગ્યો હોય. ગાંડા, ક્રેક મગજ બધા ! તે મનેય કો'કે કહ્યું'તું, કે 'તમારા ભક્તો, ફૉલોઅર્સ કેવા છે ?' મેં કહ્યું, 'એય થોડા થોડા ક્રેક છે બધા.'

**પ્રશ્નકર્તા :** દાદા, થોડા નહીં, બહુ.

**દાદાશ્રી :** એકુંય ચોર-લુચ્ચો નથી.

**પ્રશ્નકર્તા :** ના, ચોર-લુચ્ચો નથી.

**દાદાશ્રી :** ચોર-લુચ્ચો એકુંય નથી, બધા થોડા થોડા ક્રેક.

**પ્રશ્નકર્તા :** દાદા, ક્રેક નહીં, મોટી તિરાડ, ફાટ !

**દાદાશ્રી :** એય સમજવા જેવું છે ને બધું. અમારું ગોત્ર જ આવું. આ ક્ષત્રિયો બધા એ ગોત્રના જ, તે બધા થોડા ક્રેક હોય. અમે ગાંડા તેથી કહ્યું ને, 'ડાહીમાના ગાંડા દીકરા.' ગાંડા એટલે શું ? પતંગની દોરી હાથમાંથી ના જવા દે. એ કંઈ જેવા તેવા ના હોય, પણ ગાંડા એટલે જોડે એક વાણિયાને રાખવો પડે. એટલે હું છે તે આખી જિંદગી એક મહેતાજી રાખતો'તો. વાણિયા વખત આવે અણી અમને ચૂકાવડાવે, એટલા માટે જોડે રાખીએ. અને વાણિયાએ જો જંગલમાંથી બહાર નીકળવું હોય, બધા દુઃખો ને સંસારના દુઃખોથી બહાર નીકળવું હોય તો ક્ષત્રિયની દોસ્તી રાખવી. હવે વાણિયો કહેશે, 'હું ગભરાઈ ગયો છું.' ત્યારે ક્ષત્રિય કહેશે, 'કાંઈ ગભરાઈશ નહીં, હું છું ને, તારી જોડે.' માટે ક્ષત્રિયોની દોસ્તી રાખવી.

**પ્રશ્નકર્તા :** એટલે વાણિયા ને ક્ષત્રિય સાથે હોવા જ જોઈએ. એમનું કૉમ્બિનેશન (પૂરક) છે.

**દાદાશ્રી :** ક્ષત્રિયોય કામના છે, બહુ કામના છે.

❖❖❖❖❖

# [૧૨.૨]
# વકીલ સામે ક્ષત્રિયપણું

## ક્ષત્રિયપણું તેથી અન્યાય સહન થાય નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, મામાની પોળમાં પેલો વકીલ કાગળ ગળી ગયો હતો ને તમે ક્ષત્રિયપણું દેખાડ્યું હતું, એ વાત કરો ને !

**દાદાશ્રી :** એ તો જ્ઞાન નહીં થયેલું ત્યારે શિવાભાઈનું ઉપરાણું લેવા હું ગયો. જે વકીલના ઘર નીચે રહેતા'તા, ત્યાં વકીલે દાવો માંડેલો ને પછી એનો નિકાલ થઈ ગયો. આટલા વર્ષ સુધી તમારે રહેવું, બે-ત્રણ વર્ષ કંઈક નક્કી કરી આપ્યું કે રહેવું ને પછી તમારે ઘર ખાલી કરી દેજો. તે છ મહિનાય ના થયા ને વકીલે છે તે ફરી કંઈક ધાંધલ માંડી. ધાંધલ માંડી અને કંઈ છે તે પેલું એની ખુરશીઓ બહાર કાઢે એવું કંઈક લાવ્યા. વકીલને પોતાનું ઘર ખરું ને, એટલે ખુરશીઓ બહાર કાઢે એવું તૂત કરી લાવ્યા. પેલું બેલિફ જે કહે છે એ. શું આવે છે એ ?

**પ્રશ્નકર્તા :** એટેચમેન્ટ.

**દાદાશ્રી :** કોઈ સરકારી માણસ આવીને પછી એ કરે...

**પ્રશ્નકર્તા :** હા, બેલિફ*[૧], બેલિફ, એ જ.

**દાદાશ્રી :** ટાંચ*[૨] એ.

---

*[૧] બેલિફ - અદાલતી સમન્સ વગેરે બજાવનાર સરકારી નોકર
*[૨] ટાંચ લાવવી - જપ્તીનો સરકારી હુકમ મેળવી અમલ કરવા જવું

**પ્રશ્નકર્તા :** ટાંચ લઈ આવે તે.

**દાદાશ્રી :** તે શિવાભાઈની દીકરી આવી, એ કહે છે, 'અંબાલાલકાકા, અંબાલાલકાકા, બધી ખુરશીઓ બહાર મૂકાવે છે.' મેં કહ્યું, 'કોણ મૂકાવે છે ?' ત્યારે કહે, 'વકીલ.' હું તો ચમક્યો, મેં કહ્યું, 'હારું આવું ! એને નિકાલ કર્યો છે ને આ પાછું કઈ જાતનું ?'

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** એટલે નિકાલ કરેલો, કાગળિયું લખી આપેલું વકીલે. તે પાછું છે તે હું ત્યાં ગયો. આપણે તો ક્ષત્રિય સ્વભાવના અને આ કાયદો, લખી આપેલું એ જાણું હું, એટલે સત્ય તો બોલવું જોઈએ ને, આપણે ? અને પેલા ધણી હાજર નહીં ને આ સ્ત્રીઓને હેરાન કરે.

## વકીલે રમી રમત, તે પછી અમે રૌદ્ર સ્વરૂપ બતાવ્યું

તે પેલા વકીલને મેં તો ડફળાયો સારો કરીને, બધા કેટલાય વાણિયા બેઠેલા. મેં કહ્યું, 'તમે શું સમજો છો ? આખી પોળ સળગાવી મેલીશ ! વાણિયાની પોળ.' અને પછી તો આ આંખોમાં ચમક જુદી જાતની દેખાય, પ્રત્યક્ષ કાળિકામા આવ્યા હોય એવું દેખાય. આમ આમ આમ આમ...

મૂઆએ કાગળિયું ઓગાળી દીધું. આમ મારા હાથમાંથી લઈને ડૂચો વાળીને ગળી ગયો. હપૂચું ઉતારી ગયો ! હવે હારું કાગળિયું તો ઊતરશું હશે, ભઈ ? પણ એણે નાનપણમાં ઉતાર્યા હશે, વાણિયાના છોકરાં ! કંઈ અખતરા કરી જોયા હોય. આમ ડૂચો વાળીને ઉતારી ગયો. આમ અહીં ઊતરતું હઉ મેં જોયું ને ! પણ મારા મનમાં, કે 'તેં ત્યાં ઉતાર્યું પણ હું તો ઑપરેશન કરીને કઢાવીશ. હવે તો એની પાછળ જિંદગી ખર્ચી નાખીએ પણ પેલું ઑપરેશન કરીને કઢાવીશ.' હવે લોક કહેશે કે આ ડબલ ઘોડાની બોસ્કી ! મેર ગાંડિયા, આના કરતા ખાદી સારી ફાટેલી. આવા વકીલો કરતા, ફાટેલ ખાદી સારી. કાગળિયું આખું ઓગાળી ગયો, અહીં રહીને ઊતર્યું !

**પ્રશ્નકર્તા :** આ બધા ગુનેગારો આવા જ ધંધા કરે છે.

**દાદાશ્રી :** પણ એ પહેલાના જમાનામાં બન્યું હશે, તે ચાલી ગયું હશે. આ જમાનામાં તો ઑપરેશન થાય છે. નહીં તો પેલા એનાથી ફોટાથી જોવાય છે, બધું જોવાય છે. હું તો તરત જ બોલી ઊઠ્યો, મેં કહ્યું, 'પેટ ચીરીને ઑપરેશન કરીને મારે કાઢવાનું છે. જે રૂપિયા ખર્ચ થાય તે હવે.' અને ત્યાં આગળ ખબર આપો કૉર્ટમાં કે આને છે તે સસ્પેન્ડ કરી નાખો. શું કરે છે, સસ્પેન્ડ કરે છે કે બીજું કશું ?

**પ્રશ્નકર્તા :** ડિસક્વૉલિફાય કરે.

**દાદાશ્રી :** હા. એટલે બધા વાણિયા ફફડી ગયા કે મારું હારું, હજુ તો મહીં પચે નહીં ને હવે શું થશે તે ? મૂઆ, ટાંકણી ગયેલી હોય તે મહીંની મહીં હોય. શું ? અને મહીં બીજું બધું વ્યવહારિક જ્ઞાન ત્યાં હાજર હોય, કે શું બોલવું ને શું નહીં ! એટલું તો બધું મહીં ખરું જ. પેલું જ્ઞાન નહીં થયેલું, એટલે અહંકાર ભારે. 'પેટ ચીરાવીને કાઢું', કહ્યું. જે ખર્ચો થાય એ. અને સનદ (સરકારી પરવાનગી) તો આમાં જ લેવડાવી નખાવું હવે. એ ગભરાઈ ગયો કે મને હવે છોડશે નહીં આ ! એક જ કાગળ આપું તો સનદ ખલાસ થઈ જાય. અને આ ગૅરન્ટી આપીએ હમણે, કે પેટ ચીરીને કાઢો તમે એનું. તરત જ ત્યાં આગળ પેલો એની સનદ-બનદ ખેંચી લેવા માંડે, પછી જે થવાનું હોય તે ! પાછું પેટ ચીરવાનું તો તોય છોડીએ નહીં આપણે.

## અમે તો આ ભવ કે પેલા ભવવાળા લોક

અમે તો ક્ષત્રિયો, તે પાછળ પડ્યા એટલે બધું ભૂલી જઈએ, કે ચાર છોકરાં છે ને નિકંદન થશે તેય ભૂલી જઈએ. નિકંદન થવાનું હોય તો નિકંદન થજો, પણ આ આનું નિકંદન ના થવું જોઈએ, પકડેલાનું. કારણ કે જુદ્ધ (યુદ્ધ) ! જુદ્ધમાં નહીં હારવાના. જુદ્ધ એટલે જુદ્ધ. પણ એ વકીલની તો અજાયબી હજુ મને અત્યારે યાદ આવી ને !

**પ્રશ્નકર્તા :** જી હા.

**દાદાશ્રી :** આ એક અજાયબી લાગતી નથી ?

**પ્રશ્નકર્તા :** ચોક્કસ.

**દાદાશ્રી :** આવા ઘણાય કેસ બનતા હશે, આ તો અમે જાતે જોયેલો. તમે જોયેલો એકુંય ?

**પ્રશ્નકર્તા :** આવો તો જોવાનો ક્યાંથી આવે ? એવો જોયેલો નહીં.

**દાદાશ્રી :** જોયેલો નહીં. આ તો જોયેલા હોય તેની વાત જુદી છે. મનુભાઈએય જાણે છે ને ! તરત જ સનદ-બનદ ખલાસ કરાવી નાખું, તે માફી માગી, એ ડાહ્યાભાઈને વચ્ચે નાખેલા પછી. ડાહ્યાભાઈ વકીલે જાણ્યું કે માર્યા ગયા આ તો, વાણિયો માર્યો ગયો આ પાટીદારો જોડે. તે ડાહ્યાભાઈ વચ્ચે પડ્યા નહીં તો સનદ જતી રહેત. અને તે ઘડીએ હું તો પેટમાંથી કઢાવડાવું, ફોટોગ્રાફીથી. એટલે ગભરાઈ ગયા પછી તો એ. એટલે પછી ત્યાં એના બાપને પાછો મોકલ્યો અને પછી કરગર્યો, 'નિકાલ કરી નાખીએ, નિકાલ કરી નાખીએ.' ડાહ્યાભાઈ વકીલ આવ્યા'તા, 'નિકાલ કરી નાખો, નિકાલ કરી નાખો.' નિકાલ પછી એણે માન્યું. એ આપણે જેવું કરવું'તું એ પ્રમાણે કરી દીધું એટલે લેટ-ગો કર્યું. આપણે ક્યાં ભાંજગડ કરીએ તે ?

અને મેં તો આવડી આવડી ચોપડીને, પછી એક-બે વાણિયાએ કહેવડાવ્યું, કે 'ત્રણ જ પટેલો છે પોળમાં, જરા બોલતા વિચારજો.' ત્યારે મેં કહ્યું, 'ફરી જો આવું કર્યું તો તમે કરતા વિચારજો, નહીં તો આવી બન્યું જાણો. અહીં તો ચાંપતા વાર. જો તમારા બધાના સામા થયા તો.' અહીં તો આ ભવ કે પેલા ભવવાળા લોક. કેવા ?

**પ્રશ્નકર્તા :** આ ભવ કે પેલા ભવવાળા લોક.

**દાદાશ્રી :** માટે અહીં ના ચાલે.

## પહેલા તો જબરાની જબરાઈ ના ચલાવીએ, હવે...

એવું બધું ક્ષત્રિયપણું ભારે કર્યું'તું. ખોટું દબડાવે એ ચાલે નહીં ને ! અને નબળો માણસ નુકસાન કરે તો એની ઉપર રીસ નહીં. કેવું ?

**પ્રશ્નકર્તા :** નબળો નુકસાન કરે તો એની રીસ નહીં.

**દાદાશ્રી :** એ નુકસાન કરે તો જવા દઈએ. આપણે જાણીએ કે બિચારો એ તો દુખિયો જ છે ને ! એની ઉપર જરાય રીસ નહીં. નબળો માણસ નુકસાન કરતો હોય તોય વાંધો નહીં. નબળો એટલે એની સ્થિતિ સારી ના હોય ને એવું તેવું બધું હોય. અને જબરો હોય અને જોર કરતો હોય તો 'આવી જા' કહીએ. હવે નબળા કે જબરા બેઉ જોડે નહીં. કારણ કે આપણે જાણ્યું કે બેઉ ભમરડા છે, સંડાસ જવાની શક્તિ નથી. મને લાગે છે કો'કને આપણે જબરજસ્તી કરીએ તો સંડાસ ઊતરે, ના ઊતરે ? ખાય ખરા મૂઆ. જબરજસ્તીથી વાળ કપાવા બેસે. જબરજસ્તીથી રેડવા (ખાવા) બેસે, જો કદી મહીં કશું એ કરીએ તો, પણ આ ના બને ! તે અમારી શોધખોળ સાચી છે ને ?

**પ્રશ્નકર્તા :** હંડ્રેડ પરસેન્ટ.

**દાદાશ્રી :** વગર કામના મૂઆ, સંડાસ જવાની શક્તિ નહીં ને શું કરવા ગા ગા કરે છે !

## ડફળાવ્યો હતો તે જ વકીલ પછીથી વિનય કરે

અમારે કૉર્ટનું કામ જ ના હોય ને, કોઈ દહાડોય. અમારી પોળના વકીલોની પાસે બહુ આવું તેવું હાથ ના ઘલાવું. રોજનું ભેગું થવાનું ને રોજ એ બધી માથાકૂટ કોણ કરે ? અને એ વકીલ તો આખો કાગળ જ ગળી ગયેલો, મારી રૂબરૂમાં મેં જાતે જોયો. ત્યારે પછી મારે કહેવું પડ્યું, હવે સનદ લેવડાવી લેવી પડશે. પછી ક્ષમા માગીને એ બધું કર્યું. પણ આવું જુઓ ને, કંઈક પૂર્વભવે દાનત કરી હશે ત્યારે આવું થાય ને !

**પ્રશ્નકર્તા :** હાસ્તો, બાકી એમણે વકીલ તરીકે આ બધું કરવાની શી જરૂર હતી ?

**દાદાશ્રી :** ગળી ગયા પણ. પણ પછી ચૂકતો નથી, પછી મારે માટે કાયમ એ રાખે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હું કૉર્ટમાં આવતો'તો એ પહેલા સામો ખુરશી લઈને આવે. કૉર્ટમાં મારે આવવાનું હોય નહીં ને ! આ તો કોઈની ઉપર છે તે એ આપવા આવવાનું હોય ને કાંઈક, સાક્ષી કે એવું તેવું.

## ભાન ભૂલે તેથી તો કરે ગુના

વકીલ એકુંય ગુનો જાણતો નહીં હોય કે આ ગુનો કરું છું ? માણસ ગુનો કરે ત્યારે ભાન જ હોય નહીં. શું કરે ? ત્યારે ભાન જ નથી હોતું. અને વકીલાતનું ભાન હોય ત્યાં સુધી કરે નહીં ગુનો. ભાન ભૂલે ત્યારે ગુનો કરે.

**પ્રશ્નકર્તા :** બેભાન થાય તો ગુનો કરે.

**દાદાશ્રી :** આ જેટલા ગુના થયેલા છે, એ ભાન ભૂલ્યાના થયેલા છે. નહીં તો વકીલ તો બધા કાયદા-ન્યાય જાણે એટલે ઊલટો બહુ ભય પામે. આ તો ત્રણસો વીસની કલમ લાગુ થાય, આ તો ત્રણસો બારની કલમ લાગુ થાય, આ તો ફલાણી કલમ લાગુ થાય. પણ જ્યારે ભાન ભૂલે ત્યારે તો કાગળિયા હઉ ઓગાળી જાય. આ તો અમે જાતે દાખલો જોયેલો. તમે તો જોયો નહીં હોય ને ?

**પ્રશ્નકર્તા :** ના, એવો વકીલ હજુ ખ્યાલમાં નથી આવતો.

**દાદાશ્રી :** એવો સાંભળ્યોય નહીં હોય ને, બળ્યો ! જ્યારે સાંભળીએ ત્યારે આપણને ખબર પડે કે મારું હારું આ બારા બારા ચુમ્માળસો, આ 'ચુમ્માળસો' જવાબ શી રીતે લાવ્યો ? તે એનો 'ચુમ્માળસો' જવાબ સાચો છે ? ગપ્પેગપ્પ. એનેય બિચારાને નાનપણમાં સાંભળેલું તેનું અજ્ઞાન થયું, અભિપ્રાય બંધાઈ ગયેલા ને ! અભિપ્રાય બંધાઈ ગયેલા એટલે કરી નાખે એ. જેના અભિપ્રાય છે તેના ગુના થયા કરે.

❖❖❖❖❖

# [૧૨.૩]
# મોહનભાઈ સાથેના પ્રસંગો

## ચિઢાશો તો ચિઢવશે, શીખવ્યું વણિક મિત્રને

**પ્રશ્નકર્તા :** મામાની પોળમાં બીજા વણિકો સાથેના આપના વ્યવહાર થયા હશે, તેની વાત કરો ને !

**દાદાશ્રી :** એક મોહનભાઈ શેઠ અમારી ઉંમરનો હતો. ઘેર સધ્ધર બધું અને મામાની પોળમાં રહે. હવે એ ભઈને જરાક ભલાપણું હતું ને, તે લોક ટીખળ કરતા હતા. સીધો માણસ પણ ભલાપણું એટલે ટીખળ કરે. ટીખળ તે કોનું કરે ? આ તમારી ઉપર ક્યારે કરે ? તમે કાલથી ચિડાવાનું શરૂ કરો એટલે તમારું ટીખળ ચાલુ થઈ જાય. ક્યારે ટીખળ ચાલુ થાય ?

**પ્રશ્નકર્તા :** ચિડાય એટલે.

**દાદાશ્રી :** કોઈ જરા ટીખળ કરે અને જો તમે ચિડાયા, તો ટીખળ ચાલુ થાય. અને તમે કહો, 'ઓહોહો ! બહુ આનંદ આવ્યો !' એટલે પછી બંધ થઈ જાય.

હવે ટીખળવાળો પાછું એવું બધું બોલે ને તે પેલો ચિડાય. તે લોકો એની કાછડી કાઢી નાખતા'તા. એ બહાર નીકળે ને, એટલે છોકરાં કાછડી કાઢી નાખે પાછળથી. હવે અક્કલવાળો હસતો'તો પણ પેલો ચિડાય ને, એટલે છોકરાં પછી વધારે ચીડવે.

**પ્રશ્નકર્તા :** ચિડાય એટલે વધારે ચીડવે ? જે ચિડાય એને જ વધારે ચીડવે એ શું ?

**દાદાશ્રી :** ચિડાય એને જ ચીડવે ને ! મારી કાછડી કાઢી નાખે તો હું તો હસું ઊલટો, એમના ભેગું હસવા લાગું તો એ ઊલટો થાકે. કહેશે, 'આ અહીં ક્યાં કાઢી આપણે ?'

**પ્રશ્નકર્તા :** હા, હું સમજ્યો.

**દાદાશ્રી :** તે હું સમજી ગયો કે આ માણસ સારામાં સારો છે, પણ તે ચિડાય છે વગર કામનો ! તે મારી જોડે મોહનભાઈ એક દહાડો ફરવા આવેલા. તે હું જરા આઘોપાછો થયો ને મોહનભાઈ એકલા પડ્યા એટલે છોકરાંઓ પાછળ કાછડી કાઢવા ફરી વળ્યા આમ. અને પછી પેલા ચિડાય. 'એય... એય... એય...' ચિડાય. પછી મેં એમને કહ્યું, 'છોકરાં કાછડી કાઢે તો ચિડાઈએ નહીં. ચિડાવાતું હશે ? એ હસે ત્યારે આપણેય હસવા લાગવાનું.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ટેસ્ટ પડી જાય.

**દાદાશ્રી :** 'ખરી મજા આવી', કહીએ. ફરી ના કરે છોકરાંઓ, ભૂલી જાય પછી. આ કૂતરા જેવા હોય. આપણે જો ડરીને નાઠા તો ભસે, પાછળ ફરી વળે અને જો સામા થઈએ તો નાસી જાય બધા. એટલે આ લોકો મશ્કરી કરે તો ભડકવાનું નહીં. એ તો મશ્કરી કરે, એને અવળું લાગ્યું તો મશ્કરી ના કરે ? એ હસે ત્યારે આપણેય હસવા લાગવાનું.

પછી છોકરાં કાછડી કાઢતા બંધ થઈ ગયા. પેલા મારી જોડે ફરે એટલે છોકરાં શી રીતે કાઢે ? પેલા કાઢતા જ બંધ થઈ ગયા ને, ચૂપ ! ટીખળી કરતા જ બંધ થઈ ગયા ને, બધા. પછી હું જઉં, એ છોકરાંઓને કહું કે, ''છોકરાઓ, ઓળખો છો ? મોહનભાઈ શેઠ છે આ, હં. 'શેઠ' કહેજો હવે.''

## પહેલો મળ્યો પોતાના અપમાનની જગ્યા દેખાડનાર

તે મને કહે છે, કે 'આપ મને કલાક ટાઈમ આપશો ?' મેં કહ્યું,

‘હા, આપીશ.’ તે પછી એક દહાડો મને કહે છે, ‘‘તમે મારી માનની જગ્યાઓ બધી જોઈ લીધી કે મને ક્યાં ક્યાં બધા માન આપે છે, ‘આવો આવો’ કરે છે. પણ મારી અપમાનની જગ્યા તમે જોઈ લો. તમને મારી અપમાનની જગ્યા દેખાડું.’’ ત્યારે મેં કહ્યું, મારું હારું, આવા માણસ તો મેં જોયા નથી દુનિયામાં ! મેં મારી અપમાનની જગ્યા નથી દેખાડી કોઈને. તે આ માણસ કેવો, કે તમને મારી અપમાનની જગ્યા દેખાડું, કહે છે.

આ વાત કરું આગળ કે બીજી આપણે સત્સંગની વાત કરીએ ?

**પ્રશ્નકર્તા :** હા, કરો ને, આય સત્સંગ જ છે.

**દાદાશ્રી :** આ તો વ્યવહારની વાતો છે.

**પ્રશ્નકર્તા :** આય સત્સંગ જ છે.

**દાદાશ્રી :** મને અપમાન આપે એ જગ્યાઓ મારે તમને દેખાડવી છે, કહે છે. મેં કહ્યું, મારો હારો આ આટલો બધો વિચારશીલ ! મેં કોઈ દહાડો હજી વિચાર્યું નથી કે મારી અપમાનની જગ્યા કોઈને દેખાડવી જોઈએ, અને તને આટલા બધા વિચાર આવે છે ! એ ગજબનો પુરુષ કહેવાય ! મને તો મોટું વાક્ય લાગ્યું. આવું કોઈ કહે જ નહીં ને ! મારી અપમાનની જગ્યા મેં કોઈને દેખાડી નથી. એટલી હિંમત મારી ચાલી નથી. અત્યારે ચાલે, પણ તે દહાડે ચાલતી નહોતી.

## એની સરળતા જોઈ પારખી લીધો ઊંચો માણસ

એટલે એનું આ જોઈને મને તો અજાયબી લાગી ! એટલે મને નવો વિચાર ઉત્પન્ન થયો. મેં કહ્યું, આવું તો મનેય વિચાર આવ્યો નથી. મારે જ્ઞાન નહોતું ને, ત્યારની વાત આ.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** અને આવું અપમાનની જગ્યા દેખાડવાનો તો મને કોઈ દહાડો ભાવ થયો નથી ! હુંય ખાનગી રાખતો’તો. અને આ આવું કહે

છે ! તો આ મારા કરતા કેટલી ઊંચી વ્યક્તિ છે ! અપમાનની જગ્યા દેખાડવાની હોય તો કોઈને સારું લાગતું હશે ? અને આવું બોલ્યો, મારે ત્યાં આવીને કહે છે, 'મેં મારા માનની જગ્યા બધી બતાડી, પણ હવે અપમાનની જગ્યા હું તમને દેખાડું છું. ત્રણ જગ્યાઓ અપમાનની છે, બહુ અપમાન થઈ જાય છે મારું.' એટલે મને વિચાર આવ્યો, કે 'સાલું, આપણે અપમાનની જગ્યા કોઈને દેખાડીએ એવા નહીં ને આ માણસ આવો કેવો ! આટલી સરળતા ક્યાંથી લાવ્યો આ ?' નહીં ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** આ દેખાડે ?

**પ્રશ્નકર્તા :** ના દેખાડે.

**દાદાશ્રી :** મારા જેવા છો તમે. અને કોઈ દેખાડે નહીં, બનતા સુધી કોઈ ના દેખાડે, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના દેખાડે.

**દાદાશ્રી :** ના દેખાડે કોઈ. એ માણસની મને અજાયબી લાગી એ ! આટલી બધી નિખાલસતા ! હું નથી દેખાડું એવો અને તું દેખાડું છું ! પણ એ મને એકલાને જ દેખાડે, બીજા કોઈને દેખાડે નહીં ને !

## મને આશ્ચર્ય કરાવે એને રાખતો હતો જોડે

આવી અજાયબીને લીધે હું આવા માણસને ખાસ મારી પાસે રાખતો. મને જે આશ્ચર્ય કરાવડાવે, મારી શક્તિની બહાર દેખાડે શક્તિ, તો એને હું મારી પાસે રાખતો'તો. તે એણે અપમાનની જગ્યા દેખાડી મને. એને એમ ના લાગ્યું કે મારી અપમાનની જગ્યા દેખાડીશ તો મારી શી કિંમત રહેશે ? એને એમેય ખબર નહીં કે આ અંબાલાલ, મારી કિંમત વધારી આપશે ! એ કહે છે, ''મારી જગ્યા દેખાડી દઉં અપમાનની, તમે મારી માનની જગ્યાઓ જોઈને તમે એમ કહો છો કે 'તું બહુ સારો છું', પણ હું કેટલો ખરાબ છું, એ તમે જુઓ.'' મેં કહ્યું, 'ચાલો, ત્યારે હું આવું.' એટલે હું તો ગયો એમની જોડે. તે દેખાડી એણે.

તે એક જણને ત્યાં ગયા, મોટી દુકાન હતી ને એ શેઠે આ આમને આવતા જ મશ્કરીઓ ચાલુ કરી દીધી. કારણ કે શેઠ પેલો ચોગરદમની બુદ્ધિવાળો હતો, ભલભલાને મશ્કરી કરી લે એવો. તે આમની મશ્કરીઓ શરૂ કરી દીધી. અને કો'ક દહાડો ભેગો થાય તો આને હેરાન કરે. હવે આ સીધો બિચારો. એને પછી આવડે નહીં, આમાંથી કેમ છટકવું એ ના આવડે. મૂળ વાણિયો અને પાછું કેમ છટકવું, તે આવડે નહીં. વીફરતા આવડે નહીં. અને ક્ષત્રિય તો, હલ્લો કરીને વીફરે ને, એટલે પેલા ક્યાંય નાસી જાય ! આ વીફરે નહીં ને, આ તો. હેં ?

**પ્રશ્નકર્તા :** ના, વાણિયો ના વીફરે.

## ઓળખાણ કરાવી લોકોને, 'પૂર્વનો મહાન સંત છે'

**દાદાશ્રી :** એટલે પછી પેલાને અપમાન કરવા માંડ્યો ને, એટલે પછી મેંય સાંભળ સાંભળ કર્યું. પછી થોડો વખત થયો એટલે પાછા ઠેકડી ઉડાડે. પાછા એને ચાય પાય હં, એવું નહીં. પાછી ચા મંગાવી. એણે પીધી, મેં પીધી. પછી ખાનગીમાં પેલા શેઠને બોલાવીને મેં કહ્યું, 'ઓળખો છો ભઈને ? એની કાછડી કાઢી નાખો છો, શરમ નથી આવતી ?' તે પેલો શેઠ ચમક્યો ! 'મેં ક્યાં કાછડી કાઢી નાખી ?' મેં કહ્યું, 'આને શું કહેવાય ? કોણ છે ઓળખો છો ? ઓળખીને મશ્કરી કરો છો કે ઓળખ્યા વગર કરો છો ? કોની મશ્કરી કરો છો ? કોણ પુરુષ છે એવું કંઈ સમજ્યા છો ?' ત્યારે કહે, 'નથી ખબર.' મેં કહ્યું, 'આજથી મશ્કરી ના કરતા. એની સરળતા જોઈને તમે દુરુપયોગ કરો છો, એનું બહુ નુકસાન છે આ. કઠોરનો દુરુપયોગ કરશો તો ચાલશે, સરળનો નહીં ચાલે.' હવે આ સીધો માણસ, તે આવા માણસનો આ આવા નાલાયક દુરુપયોગ કરે છે. 'શું સમજો છો ? આ કોણ છે, તે જાણો છો ?' કહ્યું. 'જાણીને આપો છો ? જાણીને ટીખળ કરો છો ?' મારા શબ્દો જરા કડક નીકળ્યા ને, તે પેલો સ્તબ્ધ થઈ ગયો. 'કોનું ટીખળ કરો છો તે આ જાણો છો ? અત્યારે વાણિયો દેખાય છે, કાપડનો વેપારી દેખાય છે પણ એ મહાન સંત પુરુષ છે ! આનું નામ લેતા નહીં. શોભે નહીં આ. એનું સહેજ એ થશે ને, તો ખેદાન-મેદાન કરી નાખશે. આ પૂર્વભવનો સાધુ છે, જો મશ્કરી કરી તો

તારી દશા બેસી જશે.' તે ધધડાવ્યો ને, સારો કરીને. મને કહે છે, 'શું કહેવાનું ?' મેં કહ્યું, ''હવે 'શેઠ' કહેજે.''

## 'મોહન ગાંડા'માંથી 'મોહન શેઠ' બોલાવતા કર્યા

પછી બીજાને ત્યાં ગયા, તે એક દરજી હતો. તેય પાછો એને હેરાન કરતો'તો. ત્રણેય જગ્યાએ 'શેઠ' કહેવડાવ્યા. તે પછી બીજે દહાડેથી 'મોહનભાઈ, મોહનભાઈ, મોહનભાઈ...' એટલે 'મોહન ગાંડા'માંથી 'મોહન શેઠ' થઈ ગયા ! આખી નાત આજ જાણે છે ને, ''મોહનભાઈને 'મોહનભાઈશેઠ' તમે કર્યા'તા'', કહે છે. કારણ કે મારો અભિપ્રાય તો કોઈ ફેરવે નહીં, વડોદરાની કોઈ પણ નાતવાળા ના ફેરવે તે દહાડે.

બહુ અક્કલવાળો, તે કેટલીક વાતમાં તો મને એની સમજણ કામ લાગેલી. મને કહે છે, 'મારી અપમાનની જગ્યા દેખાડું.' તમે દેખાડો અપમાનની જગ્યા ?

ત્રણેવ જગ્યા બંધ કરીને હું આવ્યો તે દહાડે. ત્રણેવ જગ્યાએ એની મશ્કરી કરતા કે એની ગમ્મત કરતા, એ બંધ થઈ ગઈ તે દહાડેથી. પછી એ ભઈ મને કહેતા'તા, 'હવે એ માણસ મારી મશ્કરી નથી કરતો.' ત્યારે મેં કહ્યું, 'મને તેડી જવાની તમારે જરૂર હતી.' એક જ દહાડામાં મેં મશ્કરી બંધ કરાવી દીધી. અમે ના થવા દઈએ. મેં કહ્યું, 'આવું ! તે આવા સરળની મશ્કરી કરો છો ?' લોક દુરુપયોગ કરે ને, સુંવાળા માણસ એટલે.

પછી એમની મશ્કરી કરતા બંધ થઈ ગયા. લોકોને ખબર નહીં એટલે, બેખબર છે ને...

પછી એક દહાડો એની નાતનો મોટો શેઠ મળ્યો. ત્યારે મને તો એમની નાતના શેઠ, અમારા બધા પટેલોના શેઠો ને બધાય શેઠો જે' જે' કરે. મને તો ગમે તે કરે ને ! એટલે મારી જોડે આ ખરા ને, ત્યારે મેં કહ્યું, ''શેઠ, આ મને જે' જે' કરવામાં શું ફાયદો છે ? આ આમને કરો ને, કંઈક લાભ થાય !'' એ એમના હિસાબમાં જ નહીં. આ તો અંબાલાલભાઈ આ શું જોઈને આને ફેરવતા હશે ? એવું કહે બધાય. પણ હું કહું ને, એટલે કરવું પડે.

**પ્રશ્નકર્તા :** હા, કરવું જ પડે.

**દાદાશ્રી :** એમ કરતા કરતા એને લોકો જે' જે' કરતા થઈ ગયા. પણ રાગે પડી ગયું એનું. એને જ્ઞાન-બાન આપ્યું પછી.

## અનીતિથી ન કમાય તો બાપેય એને 'ગાંડો' કહે

લોકો એને ગણે નહીં, ગણકારે નહીં કશું. 'કાચું મગજ છે', કહે. પણ તે બહુ અક્કલવાળો માણસ ! અક્કલવાળો બહુ તોય ગાંઠે નહીં લોક. એક-બે બાબતમાં એક્સેસ થઈ ગયેલો, એટલે ગાંડો થઈ જાય ને પછી. કોઈ પણ વસ્તુમાં એક્સેસ હોય એટલે આપણા લોક શું કહે ?

**પ્રશ્નકર્તા :** 'ગાંડો' કહે.

**દાદાશ્રી :** 'ગાંડો' જ કહે. બધું નૉર્મલ હોવું જોઈએ. માન સહન કરવાની શક્તિ, અપમાન સહન કરવાની શક્તિ.

એનો બાપ મને શું કહે, કે 'તમે આ ગાંડાને કંઈ જોડે ફેરવો છો ?' એના બાપ જોડે મારે ભઈબંધી. મારે એના બાપ અને કાકા જોડે બેઠક. એના બાપ અને કાકા મને બહુ માનથી રાખે, પણ ફેરવું હું આને જોડે.

પછી એનો બાપ મને કહે છે, 'હું એને કહું છું કે ભઈ, તું રોજ ગમે તે રસ્તે દસ રૂપિયા લાવ. તે દસ રૂપિયાય કમાઈ લાવતો નથી.' ત્યારે મેં મોહનભાઈને કહ્યું, 'તમે કમાતા નથી કશું ?' ત્યારે એ કહે, ''બાપા શું કહે છે, એ જાણો છો ? 'તું ગમે એમ કરીને રૂપિયા કમા. તું વધતું-ઓછું આપીને કમાઈ લાવ. આ ચાલીસ વર્ષમાં આટલું વધે એવું કરીએ આપણે. હરીફાઈ તો કરવાની છે જ અને ભાવેય વધારે લેવો આપણે.' તે એવું મારે નથી કમાવું. તે મને નહીં ફાવે. એ દુકાનેય રહી ને એય રહ્યું. મારે જોઈતું નથી. કયા કર્મના માટે હું આ બાંધું ?'' ત્યારે મેં કહ્યું, 'ના, ના, એવું ના કમાશો.' 'મારે એવા નથી જોઈતા', કહે છે. એ જૂઠું લેતો નહોતો. પૂરું માપ આપે સામેનાને.

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'ફાધરનું થોડુંક તો માન રાખવું જોઈએ ને તારે ?' ત્યારે કહે, ''એ એવું કહે છે, કે 'ગમે તે રસ્તે કમાઈ લાવ એમ.' હવે જો આ શેઠિયાઓની પાસે ના હોય તો હું એવું કરું તો ઠીક છે. પણ મારા બાપા અને આ બધા શેઠિયાઓ પાસે આટલું બધું સાધન છે અને શા હારુ હાયવોય કર્યા કરે છે ? મને કહે છે, 'ગમે તે રસ્તે કમાઈ લાવ.' એટલે મારે શું ઓછું કાપડ આપવું એને ? વધુ ભાવ લઈ લેવો, કોઈ નબળો માણસ આવે તે ?'' તે આ ભલો માણસ કમાય નહીં. આને આવડે નહીં, એવું મસ્કા પાલિશ (પોલિશ) કરતા. પછી એ શેઠને મેં કહ્યું, 'તમે શું સમજો છો, આ છોકરો તમારો ગાંડો છે ?' આ વૈશ્ય જાતિ કેવી ? કમાતા ના આવડ્યું એને 'ગાંડો' કહે.

**પ્રશ્નકર્તા :** હા, બિલકુલ, ને કમાતા આવડે તે બધા હોશિયાર.

**દાદાશ્રી :** એટલે ગાંડાને કમાતા આવડ્યું એટલે ડાહ્યો. પછી એના બાપાને મેં કહ્યું, 'આ તો પૂર્વભવનો સંત પુરુષ છે ! તમને શરમ નથી આવતી ? તમારા ઘેર સંત છે !' અને સંત પુરુષ જેવો જ હતો બિચારો. નહીં તો આવા વાક્ય શી રીતે નીકળે ? 'હું મારા અપમાનની જગ્યા દેખાડું.' મને એવો વિચાર નથી આવ્યો, જે વિચાર હિન્દુસ્તાનમાં કોઈને નથી આવ્યો !

## સૌ પહેલું ઘરનાને 'ગાંડો' કહેવાનું બંધ કરાવ્યું

એનો બાપ કહે, 'બાય, બૉરો ઑર સ્ટીલ રૂપિયા લાવ.' એટલે ગમે તેવા અણહક્કનાય રૂપિયા લાવ, પણ તું કમાઈ લાવ. ઘરાકને છેતરીનેય રૂપિયા લાવ, કહે છે. અને પેલો છોકરો કહે છે, 'ના, મારે એ નથી કરવું.' ત્યારે 'ગાંડો છે', કહે છે. પછી એના બાપને એક દહાડો મેં કહ્યું, 'કઈ જાતના માણસ છો ? આવો સંત પુરુષ તમારા ઘેર જન્મ્યો ! તમે રૂપિયા લઈ આવ્યા જેના ને તેના, પણ આ લેતો નથી તે સારો કે ખોટો ?' ત્યાં ઉપાશ્રય દર્શન કરવા જાય સાધુના, તે આ સાધુ છે, મૂઆ. એના બાપને ઠપકાર્યો ને પછી સમજણ પાડીને ત્યારે એનું પાંસરું હેંડ્યું, પછી 'ગાંડો' કહેતા ભૂલી ગયા. ગાંડો કહેવાય ? આ અન્યાયનું ના લે એ ગાંડો કહેવાય ?

**પ્રશ્નકર્તા :** ના, દાદાજી, ડાહ્યો કહેવાય, સારો કહેવાય !

**દાદાશ્રી :** અને ઘરના જ જેને ગાંડો કહે, તેને બહારના શું કહે ?

**પ્રશ્નકર્તા :** હા, બહારના ગાંડો જ કહે.

**દાદાશ્રી :** એટલે ઘરમાં બંધ કરી દેવડાવ્યું પહેલામાં પહેલું. શેઠિયાઓને મેં કહ્યું, 'આ તો ગયા અવતારનો સાધુ પુરુષ છે, આ ક્યાં તમે એને ગાંડો કહો છો ? શરમ નથી આવતી તમને ? આ તો દોષ બેઠેલો સાધુ છે બિચારો !'

## પછી રહસ્ય ખોળી કાઢ્યું

હું એને શું દોષ બેઠો છે તેય સમજી ગયો'તો. કારણ કે રોજ પૂછતો'તો હું. એ ઘરના બધા એને શું કહે, કે 'મોહનભાઈ, તમે જાવ હવે. ત્યાગ લઈ લો અને ઉપાશ્રયમાં બેસી જાવ.' 'ના, ના, ના, ના, મારે ઉપાશ્રય નથી જવું', કહે છે. તો મેં કહ્યું, 'કેમ, તમને ઉપાશ્રયમાં શું વાંધો છે ?' ત્યારે કહે છે, 'આવા આવા જાડા પગ દબાવવાના, એ પોસાતું હશે ?' એટલે મેં જાણ્યું, પૂર્વની કંઈક આને ઓળખાણ છે ! એટલે પછી ધીમેથી શોધખોળ કરી ને, તે મને લાગ્યું કે પૂર્વનું છે આ ઋણાનુબંધ, અને પૂર્વનો આ એનો દોષ બેઠેલો છે.

**પ્રશ્નકર્તા :** પૂર્વે દોષ બેઠેલો ?

**દાદાશ્રી :** હા, દોષ બેઠો છે. તેની આ છે તે મગજ પર અસર છે બિચારાને. એ શોધખોળ કરીને પછી આ શેઠિયાને કહ્યું. તે પછી એ શેઠિયા ઘરમાં બોલતા બંધ થઈ ગયા, એને પછી બોલ્યા નથી. પછી એવું બોલવાનું બંધ કરી દીધું. અને એમને કહી દીધું, કે 'આ જૈન મુનિ છે, એનું નામ ના દેશો.' તે પછી બાપેય નામ ના દે. જૈન મુનિઓ ત્યાંથી કંટાળે છે ત્યારે અહીં આવે છે અને અહીં કંટાળે છે ત્યારે ત્યાં જાય છે. કંઈ જાય બીજે ? બીજે જવું ક્યાં ? કંઈ તિર્યંચમાં જવાય છે ? દેવગતિ બંધ થઈ ગઈ છે. દેવગતિ સાધુઓ માટે બંધ થઈ ગઈ છે. કારણ કે સાધુના આચાર અત્યારે દેવગતિને લાયક રહ્યા નથી. અમુક હદ સુધી

હતા, અને હજુ કો'ક જાય વખતે બે-પાંચ, પણ નોમિનલ. બીજા બધા તો અહીં જ, તમારા જૈનોમાં જ આવ્યા છે, સાધુઓ-બાધુઓ. બહારનો માલ નથી આ.

## પાસ કર્યા જોઈ ઊંચા ભાવ

**પ્રશ્નકર્તા :** દાદા, મોહનભાઈને તમારા માટે બહુ અહોભાવ રહેતો હશે, નહીં ?

**દાદાશ્રી :** એકવાર હું શાક લેવા જતો'તો અને એ દાતણ કરતો'તો. તે આમ આમ, આમ આમ કર્યા કરે. તે દાતણ લઈને ઊભો થઈ ગયો ને 'આવો આવો' કહેવા માંડ્યો. મેં કહ્યું, 'દાતણ-બાતણ કરો.' ત્યારે કહે, 'ના.' એકદમ દોડીને ચા મૂકાવી દીધી. 'ચા પીધા વગર નહીં જવાનું અહીંથી.' મેં કહ્યું, 'આ માણસ જબરો છે, દાતણ કરતો કરતો ઊઠ્યો ને આ ચાનો આટલો ભાવવાળો તો મેં જોયો નથી માણસ ! દાતણ તો હજુ હાથમાં ને હાથમાં જ છે ને મને ચા પાય છે.' પછી ફરીવારકે ગયો ત્યારે અડધી દાઢીએ ઊભો થઈને એ આવ્યો. 'આવો આવો, તમારે જવાનું નથી.' મેં કહ્યું, 'કહેવું પડે, હું ખોળું છું એવો માણસ તું મળ્યો !'

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તો સામાના ભાવ જુઓ.

**દાદાશ્રી :** એ તો ભાવ જ જોઈએ ને, ત્યારે બીજું શું જોવાનું ? નાકને જોઈને શું કરવાનું તે ? નાકનું કંઈ શાક થાય ? ભાવનું શાક થાય. નાક ને એને તો શું કરવાનું ? વાણિયાનો ભાવ જોયો ને ! બધા મને કહે છે, કે 'આ આને તમારી જોડે ક્યાં ફેરવો છો ?' મેં કહ્યું, 'એ શેઠ છે !'

**પ્રશ્નકર્તા :** ખરો શેઠ એ છે !

**દાદાશ્રી :** 'મોહનભાઈ શેઠ !' માંગણી કરેલી એણે, ''કલાક મને આપશો ? મને એમ લાગતું'તું, કે તમે મારી જોડે ફરો.'' ત્યારે મેં કહ્યું, 'તારી જોડે પહેલો ફરું, તારા બાપા જોડે નહીં ફરીએ.' બાપો શેઠ કહેવાય, તે પાંચ લાખ રૂપિયાનો આસામી ગણાય, તે જમાનામાં. આ

તો '૩૦-'૩૨ની સાલની વાત કરું છું. તે દહાડાના પાંચ લાખ તો કરોડ રૂપિયા કહેવાય ને, અત્યારે તો ?

**પ્રશ્નકર્તા :** હા, કરોડ કહેવાય.

**દાદાશ્રી :** તે મોહનભાઈ મને એક દહાડો ઘેર આવીને કહે છે, 'એક કલાક મને તમારી જોડે ફેરવશો રોજ ?' મેં કહ્યું, 'એક નહીં, બે કલાક તને ફેરવું.' ત્યારે કહે, 'મારા બાપા તમને કંઈ કહેશે તો ?' મેં કહ્યું, 'તારા બાપા શું, તારા બાપાના બાપા આવે તોય મારે વાંધો નથી.'

## છતે પૈસે પૈસા વાપરી ના શકે

એના ફાધર જોડે મારે બહુ સંબંધ, એના ફાધર ને ફેમિલી સાથે. એમના ફાધર ને એ બધા આવડા આવડા બંડિયા પહેરે અને ધોતિયું આટલું !

**પ્રશ્નકર્તા :** ઢીંચણથી અધ્ધર.

**દાદાશ્રી :** ધોતિયું આટલું અને બંડિયું અને એક ધોળી ટોપી, તે નાવડી પાછી આમની ફરેલી હોય ! તેય પાંસરી નાવડી નહીં. અને શેઠે બે બટન વાસેલા, બીજા બધા ખુલ્લા. પેટ, દૂંટી બધું દેખાય. એક દહાડો મેં કહ્યું, 'શેઠ, પગમાં ચંપલ-બંપલ કશુંય નહીં, એમ ને એમ કંઈ ચાલ્યા આ ચંપલ વગર ?' ત્યારે કહે, 'દેરાસર જવાનું છે, ચંપલ શું કરવા છે ?' પછી મેં કહ્યું, 'આ થોડું વાપરો, કપડાં-બપડાં સિવડાવો. આ બધા પૈસા છે ને શું કરશો પછી ?' ત્યારે કહે, 'પણ અંબાલાલભાઈ, આમ કંઈ નાખી દેવાય છે પૈસા ? લૂગડાં પહેરીએ છીએ, ખાઈએ છીએ. પછી કંઈ નાખી દેવાય ?' એને નાખી દેવા જેવા લાગતા હશે, વધારે પહેરે એટલે.

પછી એક દહાડો હું તો બેઠો હતો અને શનિવાર હતો, તે પછી છોકરો આવ્યો શેઠની પાસે. શેઠને કહે, 'મારે શાક લેવા જવું છે, પૈસા લાવો.' ત્યારે કહે છે, 'આજ તો પૈસા ખલાસ થઈ ગયેલા છે, તે આજ છે તે તુવેરો કરજો.' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** તુવેરો કરજો.

**દાદાશ્રી :** હારું, ખલાસ... ! બેંકમાંય ખલાસ થઈ જાય ? બેંકમાં હઉ ખલાસ થઈ જાય ! જો, કેવા પાકા છે આ લોકો ! પછી એ છોકરો ગયા પછી મેં કહ્યું, 'શેઠ, આ કેવું ? શાકના પૈસાય નથી આપતા ?' ત્યારે કહે, 'આ છોકરા જેમ પૈસા માગે ને તેમ આપીએ છીએ ને, ત્યારે એ એવું જાણે છે કે નળમાં પાણી આવે એવી રીતે પૈસા આવે છે. એટલે જ્યારે ને ત્યારે નળ ઉઘાડો તો પછી જતા રહેશે. એટલે આ એક દહાડો છે તે અમે આવું કરાવીએ કે આજ પૈસા નથી. એમને એવું જ્ઞાન થાય કે પૈસા ના હોય એવો પણ દિવસ હોય છે.' મેં કહ્યું, અલ્યા મૂઆ, અહીં સુધી અક્કલ પહોંચાડી ? આવા અક્કલવાળા તો હિન્દુસ્તાનમાંય ખોળવા જઈએ તો મુશ્કેલ ! છતે પૈસે, એમને પૈસા નથી હવે એવું આ જ્ઞાન કરાવવા ફરે ! તમે એવું ફરેલા કોઈવાર ? નહીં કે ? જાણો જ નહીં એ જ્ઞાન ત્યાં આગળ !

## કપડાંય પૂરા ન પહેરે, તે ભગવાનનેય શરમાવે

એ ૧૯૩૫-'૩૬ની વાત, ત્યારે શેઠને મેં કહ્યું, 'શેઠ, મિલકત છે પાંચ લાખની ! પછી શું કરવા હાય હાય કરો છો વગર કામના ?' તેમાં ધોતિયું તો એમના ફાધરના સોગંદ, જો આથી વધારે નીચે પહેર્યું હોય તો ! બધું આ શરીર ઘસાય પણ કપડું ના ઘસાય અને બંડીય આટલી.

**પ્રશ્નકર્તા :** હા, બંડી એટલી.

**દાદાશ્રી :** આખી જિંદગી રૂપિયા બધા ભેગા કરે અને છોકરાને આવું કહે. મેં કહ્યું, 'આ કંઈ કપડાં-બપડાં તો આખા પહેરો.' 'અરે, કપડાં પહેરીને શું ?' ત્યારે મેં કહ્યું, 'આ દેહને કંઈ ?' ત્યારે કહે, 'દેહ તો ઘસાય તો ફરીયે આવે. કપડું ઘસાઈ જાય તો ફરી ના આવે.' અલ્યા મૂઆ, ગજબની છે તારી અક્કલ ! મેં કહ્યું, 'આપણે જવાનું નથી અહીંથી ત્યાં ?' ત્યારે કહે, 'ક્યાં જવાનું ?' 'આપણે ત્યાં પેલે ?' 'પણ ક્યાં કહે છે ?' મેં કહ્યું, 'આ છેલ્લે સ્ટેશને.' ત્યારે કહે, 'કયા છેલ્લા સ્ટેશનની વાત કરો છો ?' મેં કહ્યું, 'લાકડામાં.' 'લાકડામાં તો બધાયે જ જવાનું ને !' તો મેં કહ્યું, 'શા હારુ આમ કરો છો શેઠ ?' પણ એમના હાથે ના છૂટે.

પછી મેં કહ્યું, 'શેઠ, આ થોડા રૂપિયા, પાંચ લાખમાંથી બેએક લાખ તમે જોડે લઈ જવાનું રાખો.' 'ના લઈ જવાય, અંબાલાલભાઈ. શી રીતે લઈ જવાય ત્યાં ? રૂપિયા જોડે લઈ જવાતા હશે ?' મેં કહ્યું, 'આમાં અમને ના આવડે, પણ તમને તો આવડે. તમે તો જાણો ને, કળા.' 'ના, કોઈ રસ્તે ના લઈ જવાય.' ત્યારે મેં કહ્યું, કે 'જોડે લઈ જવાય એવો મને રસ્તો જડ્યો છે, હું તમને દેખાડું.' ત્યારે કહે, 'શું ?' મેં કહ્યું, 'આવી રીતે થોડો ડ્રાફ્ટ કઢાવો.' ત્યારે કહે, 'મારી મહીં અંદરખાને એ ભાવના ખરી.' પણ એ આમ છટકી ગયા. એ જાણે કે આ પાછું ઊંધું ક્યાં દેખાડ્યું ?

મેં કહ્યું, 'શું કરવા હાય હાય કરો છો ? આ કપડાં પહેરો ને, બળ્યા ! કપડાં તો પહેરો, શેઠિયા ગણાવ છો નાતમાં. શેઠ ગણાવ છો ને ! જ્યારે લગન હોય ત્યારે કપડાં સારા પહેરીને આવો છો, બાકી દેરાસરમાં જાવ ત્યારે ભગવાનને શરમ આવે એવા પહેરો છો કપડાં !' પછી મેં કહ્યું, 'અલ્યા મૂઆ, છે તોય નથી પહેરતો ! તો ના હોય ત્યારે શું કરું તું ?' ત્યારે કહે, 'ના દાદાજી, અમારે આવું સારું ફાવે.' પેલું આ ધોતિયું ઊંચું કરો ને, ફલાણું કરો ને, આ અમારે સારું ફાવે. આ શેઠિયા લાખોધિપતિ ! અને એમના છોકરાં અપ ટૂ ડેટ ટાઈ પહેરીને ફરે.

## પૈસા લઈ જાય જોડે ને દેવું મૂકતા જાય છોકરાં માટે

ત્યારે મેં મોહનભાઈને કહ્યું, 'આ બાપ છે તે આ લંગોટીઓ વાળીને તમારા હારુ ધન ભેગું કરે છે. તો બાપની થોડીક સેવા કરજો. આ શેઠિયા કપડાં-લત્તાં પહેરતા નથી અને તમારા હારુ પૈસા ભેળા કરે છે. તમે મોટા પુણ્યશાળી છો ! આટલું બધું એ કરે છે તમારા હારુ, એ કંઈ લઈ જવાના છે ? આ તમારા હારુ કરે છે, તે તારા ફાધરની મર્યાદા જરા સાચવ તું. એમના પર પ્રેમભાવ રાખ. તું તરછોડ મારું છું એવું ના કરીશ.' ત્યારે કહે, 'મારા હારુ કોઈ કરે એવો નથી.' ત્યારે કહ્યું, 'વળી આ કોના હારુ કરે છે ? એ તો જતા રહેવાના. આ જોડે કંઈ લઈ જવાના છે ?' ત્યારે કહે, 'નથી લઈ જવાતું તે જ સારું છે.' મેં કહ્યું, 'અલ્યા, શું સારું છે, નથી લઈ જવાતું તે ?' ત્યારે કહે, 'મારા બાપુજી તો એવા છે,

કે અત્યારે અમારી આ મિલકત છે ને, તેના પૈસા પૂરા કરીને ઉપરથી દસ લાખ દેવું મૂકીને જાય મારા હારુ !'

**પ્રશ્નકર્તા :** એ જો લઈ જવાતું હોય તો.

**દાદાશ્રી :** 'જો લઈ જવાતું હોત ને, તો મારા બાપુજી આટલા બધા પાકા છે', કહે છે. મેં કહ્યું, ઓહો ! આ કયા નક્ષત્રમાં જન્મ થયો હશે ! નક્ષત્ર ખોળવું હોય તોય ભારે પડી જાય. મારી જોડે ફરતો હતો ને, તે મેં કહ્યું, 'આ વાણિયાનો કયા નક્ષત્રમાં જન્મ થયો છે, કે આવું આવડે છે ?' મેં કહ્યું, આપણને તો આવો વિચારેય નથી આવ્યો ! શું કહ્યું મને ?

**પ્રશ્નકર્તા :** દસ લાખનું દેવું મૂકીને જાય.

**દાદાશ્રી :** 'આ મિલકત તો બધી લઈ જાય અને આ મારા હારુ દસ લાખનું દેવું મૂકીને જાય એવા છે ! એટલે આ જે કુદરતનો કાયદો છે તે બરોબર છે', કહે છે. એટલે પેલો ગાંઠતોય નથી, એનો ઉપકારેય નથી માનતો.

**પ્રશ્નકર્તા :** હા, ઉપકારેય નથી માનતો.

## અમારી અક્કલ ન પહોંચે એવું આ બ્રેઈન ટોનિક

**દાદાશ્રી :** જો લઈ જવાતું હોય ને, તો દસ લાખ દેવું કરીને જાય એવા છે ! 'મારો બાપ તો અડિયલ છે, એ જુદી જાતનો છે', કહે છે. ત્યારે કુદરતનો કાયદો સારો છે. 'એટલે તમે અમારામાં હાથ ઘાલશો નહીં, અમારી ઊંધી જ ખોપરીઓ છે', કહે છે. ત્યારે મેં કહ્યું, 'ભાઈ, અમારાથી પહોંચી ના વળાય હવે. અમે નહીં પડીએ. આવી બુદ્ધિ અમારામાં ના હોય, કે દસ લાખ જોડે લઈ જાય એવી તો અમને સમજણેય ના પડે.' એવું મને કહ્યું પણ એણે, કે 'આ તમે અમને આવું ના દેખાડશો. આ તો અમારે બધી જુદી જાતની ખોપરીઓ છે. આ તો નથી લઈ જવાતું તે જ સારું છે.' જોને આ અક્કલ ! અમારે તો આ આથી આગળ અમારી અક્કલ ના પહોંચે. અમારી અક્કલ અધ્યાત્મમાં પહોંચે, પણ ભૌતિકમાં ના પહોંચે. અમને ભૌતિકમાં સમજણ જ નહીં

ને, આવી તેવી. વાંકી સમજણ નહીં. અહીં તો કાનપટ્ટી પકડો, તો આ પકડીને બેઠા. આમ પકડવું હોય તો ના આવડે. પણ વણિકે ખરું કહ્યું ને, મને. હું તો વિચારમાં પડી ગયો, ઓહોહો ! આટલી બધી સમજણ છે, તમે આટલો વિચાર કરી નાખ્યો ! મેં કહ્યું, કેટલા વર્ષથી વિચાર કરતા હશે ત્યારે આ એમને સેંક્શન થયું આ જ્ઞાન ! અમે તો ભોળા લોકો.

જો લઈ જવાની છૂટ હોત ને, તો કહે છે, દસ લાખનું દેવું કરીને લઈને જાય એવા છે આ. માટે એ શેઠિયાઓને બહુ મનમાં રાખવા જેવા નથી. એટલે એના આ છોકરે જ મને આવી સમજણ પાડી. મેં કહ્યું, 'હવે સાચી વાત. મને વાત મળી હવે. હું શું જાણવા માગું છું એ મને મળી ગયું.' આમ કરતા કરતા શેઠ જતા રહ્યા ને કશું લઈ ગયા નહીં. રામ તારી માયા !

## ડહાપણવાળી વણિક બુદ્ધિ, આંકી અદ્‌ભુત કિંમત અમારી

પછી એક દહાડો મેં કહ્યું, 'આ દુકાનમાં કંઈ ઈન્કમટેક્ષની નોટિસ-બોટિસ આવે તો મને કહેજો, ગભરાશો નહીં. કંઈ અડચણ આવે તો કહેજો અમને શેઠ, ગભરાશો નહીં.' આમ તે ગભરાય બહુ ને, બિચારો કાગળ દેખે તો ગભરામણ થઈ જાય. એટલે એ એને છાયા લાગે કે મારી જોડે પટેલ છે. એ એની હિંમત ! તે દહાડે અમને જ્ઞાન થયેલું નહીં ને, એટલે આ સંસારી કોઈની મરામત કરવી હોય તો કરી આપતા'તા, લાગણીવાળી. એટલે પેલા શેઠને કહેલું, કે 'એવું કંઈક હોય તો કહેજો.' ત્યારે કહે, ''તમે જે કોરો ચેક આપ્યો છે, એ આ 'ઓ ઓ' થશે ત્યારે વટાવીશ.'' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** 'ઓ ઓ' થાશે ત્યારે વટાવીશ.

**દાદાશ્રી :** ચેક ના વટાવું આ. તે મારી ઉપર વિશ્વાસ બહુ રાખે આવો પહેલેથી. 'ના વટાવું', કહે છે. પાંચ-પચાસ-સો રૂપિયા આપીનેય સાહેબની પાસે નિકાલ કરી નાખું, તમને બોલાવડાવું નહીં. આ તો મારું 'ઓ ઓ' થાય એવું હોય તો જ પછી કહીએ. કહેવું પડે શેઠને !

ડહાપણવાળા છે ને, નહીં ? મરવાના ટાઈમે, છેલ્લા ટાઈમે 'ઓ ઓ' આવે તો જ વટાવવાનો, નહીં તો નહીં વટાવવાનો. તો એ બુદ્ધિપૂર્વકની વાત હશે આ ? કેમ બોલ્યા નહીં તમે ?

**પ્રશ્નકર્તા :** બુદ્ધિપૂર્વકની જ છે આ, દાદાજી.

**દાદાશ્રી :** ચેક તો તમે આપી દીધેલો છે. 'છેલ્લી ઓ', બે વખત 'ઓ ઓ' થશે તે નહીં, પણ છેલ્લે હવે મરી જ જવાય એવું છે, ત્યારે આ ચેક આપીશ. અમથી આ પરચૂરણ બાબતમાં નહીં વટાવાનો. અલ્યા, મારા કરતાંય તું બુદ્ધિશાળી ! આવો કંઈથી મળે, નહીં ?

**પ્રશ્નકર્તા :** સાચી વાત છે.

**દાદાશ્રી :** અમે પટેલો તો, કહ્યું એટલે વટાવી ખાય મૂઆ ! પણ છે ને, માણસોમાં સમજણ હોય છે કે નથી હોતી ? તમને કેમ લાગે, આ સમજણ છે ને ? ઊંચી સમજણની વાત છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

## પરચૂરણમાં ના વટાવાય અમૂલ્ય ચેક

**દાદાશ્રી :** એ મને શું કહે છે ? ''તમે કોરો ચેક આપેલો, કે તારે ભરવી હોય એ રકમ ભરજે, એમ કહેલું. પણ એ તો ક્યારે વપરાય, આ ચેક તો ? 'ઓ... ઓ... ઓ...' છેલ્લી 'ઓ' થવાની થાય ને, ત્યારે એ વાપરીએ, નહીં તો નહીં. તમારું એમ ને એમ વપરાય નહીં. તમારો અમે દુરુપયોગ નહીં કરવાના. છેલ્લી 'ઓ' થઈ કે હવે જીવ હેંડવાનો થયો તો વળી છે તે તમારો ઉપયોગ કરીએ, કે આટલું કરી આપજો.'' ત્યારે મેં કહ્યું, 'ધન્ય છે, તમારી વણિક બુદ્ધિનેય ધન્ય છે !' બુદ્ધિ તો હોય ને ? બહુ સારી વાત કરી, કે ઉપયોગ જ નહીં કરીએ. અને કેટલાક લોક છે તે જે હાથમાં આવ્યું એ, નાસ્તા પૂરતું ! એટલે કેવા કેવા લોક છે તે ! કો'ક કામ કરનારા આવે તે એના નાસ્તા પૂરતું, પણ તે જે હાથમાં આવ્યું એ લઈ લો. પછી આગળ બીજાનું ખોળી કાઢીશું. જુઓ, આ કેવી વણિકની

જાત ! મેં કહ્યું, 'ધનભાગ્ય તમને વાણિયાઓને !' કોરો ચેક વપરાય જ નહીં ને ! અને અમારે તો પાટીદાર વાપરી ખાય, પેલાને આપતા પહેલા. આ તો એવું હોય. પછી દેખ લેંગે !

**પ્રશ્નકર્તા :** તરત જ.

**દાદાશ્રી :** એ તો રહે જ નહીં ને, પાસે. વાર જ નહીં. પેલા શેઠ બહારગામેય ગયા ના હોય, તે પહેલા તો ત્યાં બેંકમાં પહોંચી ગયો હોય એ ચેક. એ સ્વભાવના ફેર બધા. અને મને તો બહુ એનો પ્રભાવ પડ્યો. 'ચેક ના વટાવાય એ તો, ગમે તેવી પરિસ્થિતિમાં વપરાતો હશે ? એ તો છેલ્લી પરિસ્થિતિ આવીને ઊભી રહે, એવી મુશ્કેલી આવી હોય તો જ છે તે વપરાય', કહે છે. અલ્યા, અમારે ત્યાં તો આ ભિખારા. આપણા તો તરત, હોં કે. તમે આપીને ગયા ભેગું ભરે. આ બ્રાહ્મણ લોકોય તરત જ. આ એકલા જ લોકો ડહાપણવાળા એવું ના કરે.

## જો જો ના થાય દુરુપયોગ

એ કહે છે, 'ના વટાવાય, ચેક વટાવાય નહીં. એ તો રાખી જ મેલ્યો છે ચેક. કોરો ચેક, બ્લેન્ક ચેક રાખી મેલ્યો છે.' એવો આ દાદાનો ચેક વટાવવા જેવો નથી વારેઘડીએ. ખાસ અડચણ આવે તો સાંકળ ખેંચજો. સિગરેટનું પાકીટ પડી ગયું હોય અને આપણે ગાડીની સાંકળ ખેંચીએ તો દંડ થાય કે ના થાય ? એટલે એવો દુરુપયોગ ના થાય. કામ નીકળી જાય એવો વખત છે ! આમાંથી કોઈ વિપરીત પરિણામવાળો હોય ને, તો ઊંધે રસ્તે ચાલ્યો જાય. આ વિજ્ઞાન સાંભળીને ઊલટો ઊંધે રસ્તે ચાલ્યો જાય. એને ચેતવ ચેતવ કરીએ છીએ. બાકી છતે રસ્તે જવું હોય ને, તેને તો આ બહુ સરળ અને સીધું છે !

એટલે નિમિત્ત એવું છે કે તમારે જે કામ કરવું હોય તે કરી શકો. પણ એમાં દાનત ચોર ના રાખશો, કે કો'કને ત્યાં લગનમાં જવા માટે શરીર ઊભું ના કરશો. સત્સંગ માટે ઊભું કરજો. એટલે દાદાનો ઉપયોગ સારી રીતે કરજો. દુરુપયોગ ના થવો જોઈએ. કારણ કે દાદા આમ ખરી મુશ્કેલીના ટાઈમે કામ લાગશે, માટે આપણે એમને વાપરવા નહીં.

## મોહનલાલે બતાડ્યું ગાંડપણ, પછી કર્યા પાંસરા

પેલા મોહનભાઈની એક વધારે વાત કહી દઉં. એક દહાડો એમના મધર આવ્યા. બહુ ભલી બઈ ! શેઠિયાઓ જરા વાંકા મૂઆ હતા, પણ બઈ બહુ ભલમનસાઈવાળી ! ત્યારે એનું નામ વિજીમા. તે આવ્યા, 'ભઈ, મોહન હેરાન કરે છે મને', કહે છે. મા છોકરાની ફરિયાદ કરવા આવી મારી પાસે. કોઈ દહાડો ફરિયાદ ના કરે એવી મા, તે ફરિયાદ કરવા આવી. કારણ કે એણેય ખરેખર એક દહાડો ગાંડછા (ગાંડપણ) કરી. એની મધરને કહે છે, 'વિજી, તારી સોનાની જણસો બધી મને આપી દે.' એટલે વિજીમા મારી પાસે આવ્યા, 'ભઈ, છોકરો મને આવું કહે છે ને મારી પાસે તો એટલી જણસો છે, મારી પાસે બીજું શું સાધન ? શેઠે મને કંઈ ઓછી રકમ આપી દીધી છે ? અને મારી પાસે બીજું છે શું તે ? અને આ જણસો લઈ લેવા ફરે છે', કહે છે. ઘરમાં હઉ જણસો-બણસો લઈ લે કે બહારવાળા લઈ લે ? હેં... ઘરવાળા હઉ લઈ લે ?

**પ્રશ્નકર્તા :** લઈ લે, એ તો સંબંધો એવા થઈ ગયા છે.

**દાદાશ્રી :** એટલે વિજીમા જાણે કે આ એને રાગે લાવશે. એટલે એમને વિશ્વાસ મારી પર. તે પછી મેં કહ્યું, 'હું આવું છું.' હું તો ત્યાં ગયો. 'કંઈ ગયા મોહનભઈ ?' એટલે ઘરના બધા સમજી ગયા કે આજ મોહનભઈને બરોબર ખખડાવશે. એટલે મોહનભાઈનું જોવા માટે ઊભા રહ્યા. એટલીવારમાં મોહનભાઈ કહે, 'આ આવ્યો, આ આવ્યો.' મેં કહ્યું, 'મોહનભાઈ, તમારે હવે અમારી જોડે ભેગું નહીં થવાનું. અમે તમને કલાક આપતા હતા, એ હવે નહીં આપીએ.' તો કહે, 'શું મારે ભૂલ થઈ ગઈ, કહો. એ તો મને ચાલે નહીં, મારી જિંદગી ખલાસ થઈ જાય.' ત્યારે મેં કહ્યું, 'આ વિજીમાને કેમ આમ કરો છો ?' ત્યાર પછી વિજીમાને કહે છે, ''મેં ક્યારે કહ્યું હતું ? ક્યારે કહ્યું'તું ?'' એને ટૈડકાવી મારવા માંડી બિચારીને, હં કે. 'વિજીમા, સાચું બોલી જા. વિજીમા, સાચું બોલી જા.' મારી-દબડાવીને પાછું ! એટલે વિજીમા ધ્રૂજી ગઈ. મેં કહ્યું, 'એય મોહનભાઈ, એવું અક્ષરેય નહીં બોલવાનું. આમ દબડાવવાના નથી. અહીં ચાલે નહીં, આ તો બધું અહીં પોલું નહીં ચાલે. વિજીમાને કહેવાનું

નહીં કશું. એ તો હું પૂછીશ, તમારે નહીં કહેવાનું.' મારીને-દબડાવીને કહે એટલે બોલી નાખે લોકો. આ મૂઆ બહુ ફગવ્યા. અને કોથળામાં પાંચ શેરી ઘાલીને પછી મારે એને !

એટલે પછી મેં કહ્યું, 'આ ગુનો કેમ કર્યો, કહો. આનો શો દંડ તમારે તે જાણો છો ? તમે વિજીમા જોડે ગુનો કર્યો, તે અમે તમને શું દંડ કરી શકીએ ?' ત્યારે કહે, 'જે કરો તે.' મેં કહ્યું, 'તમે જે અમારી પાસે પરવાનગી માગી છે કલાકની, તે તમારે ફક્ત ભેગું થવાનું નહીં અમને. અમારો ને તમારો સંગ આજથી બંધ થાય છે.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** સંગ બંધ થાય છે આજથી.

**દાદાશ્રી :** ત્યારે કહે, ''ના, એ તો ભઈસા'બ હું મરી જઉં.'' 'ત્યારે હવે આમને પજવવાના નહીં. જો સંગની કિંમત હોય તો આ કાયદો પાળો, નહીં તો સંગની કિંમત ઉડાડી દો.' અમે કંઈ ફોજદાર નથી. બીજું કંઈ અમારી પાસે હથિયાર હોય નહીં.

## 'આપણો સંગ છૂટો' એવા શૉકે, બધી રીતે પાંસરા કર્યા

એટલો જ દંડ, એ કંઈ વધારે દંડ કહેવાય નહીં ને ?

**પ્રશ્નકર્તા :** મોટો દંડ કહેવાય, જો સમજે તો એને મોટો દંડ કહેવાય.

**દાદાશ્રી :** એ સમજતો હતો, બહુ પાકો માણસ. 'આ કલાક તો મને રોજના પાંચસો રૂપિયા મળ્યા બરોબર', કહે છે. તમારી જોડે ક્યાંથી મળે કલાક ? બહુ કિંમત હોય આ લોકોને મારા જેવાની. પાંચ મિનિટ જોડે ફરવાનું હોય ને, તો 'પોતે રાજા છું' એવું લાગે એને ! એટલે પછી કહે, 'ના, એ તો ચાલે જ નહીં. એ તો જે દંડ તમે કહો એ કરું, પણ આ દંડ ના ચાલે મારે, આવો દંડ ના ફાવે.' મેં કહ્યું, 'લાંબા થઈને નમસ્કાર કરો વિજીમાને.' તે ઠેઠ લાંબા થઈને કહ્યું, 'વિજીમા, હવે ફરી કોઈ દહાડો નહીં કરું. વિજીમા, હવે ફરી કોઈ દહાડો નહીં કરું', પાંચ વખત બોલાવ્યું. ઘરના માણસ માથે ઊભા રહ્યા હતા. પછી નથી કર્યું પણ. જરા કંઈક જોઈએ તો ખરું ને ? દબાણ તો જોઈએ કે ના જોઈએ ?

સ્વભાવ પ્રમાણે. તે લાંબા થઈને પગે લગાવડાવ્યા'તા એમને. આખું ઘર ઊભું રહેલું ને પગે લગાવડાવ્યા. જેટલું કહું એટલું કરે પણ, હોં.

**પ્રશ્નકર્તા :** બહુ સરળ કહેવાય.

**દાદાશ્રી :** કહે છે, ''આ તમે જ મને નાતમાં માણસ બનાવ્યો, નહીં તો મારું કોણ કરત ! મને તો આ નાતમાં 'મોહન' તરીકે નહોતા બોલાવતા, અત્યારે 'મોહનભાઈ, મોહનભાઈ, મોહનભાઈ' કરે છે સૌ કોઈ.''

**પ્રશ્નકર્તા :** પણ આવો સંત જેવો માણસ એની માને હેરાન કરતો'તો ?

**દાદાશ્રી :** એ તો ઋણાનુબંધ. પણ લાંબો થઈને પગે લાગ્યો. તે આખું ઘર જો જો કરતું'તું કે આવડા મોટા મોહનકાકા, પગે લાગે છે દાદાના કહ્યા પ્રમાણે ! એવા માણસ પણ !

પછી એની વહુને આમ માથું અફાળે ભીંત સાથે, મોહન પાછો. આયે વસમો તો ખરો મૂઓ જરા ! પછી તે જાણ્યું, તે પછી વઢ્યો હું. પછી બંધ કરી દીધું એણે. પછી મેં કહ્યું, 'આ વાઈફ જોડે શા હારુ ઝઘડો થયો ?' ત્યારે કહે, ''કશું બોલતી'તી ને, એટલે માથું ભીંતમાં અથાડ્યું કહે છે આમ.'' મેં કહ્યું, 'શેઠિયા, તારી જોડે ફરાય શી રીતે ? મૂઆ, આવા સ્ત્રી પર તમે પ્રહાર કરો છો ?' ત્યારે કહે છે, 'અમે તો અન્‌ફિટ, પણ તમે મને ફિટ બનાવ્યો.' પાછો કહેય ખરો. પછી પાંસરો થઈ ગયો. જેટલી મેં વાત કરી ને, તે પછી ડાહ્યો થવા માંડ્યો. પણ માણસ બહુ સારો હતો ! મને ગમતો'તો એ !

## લડે બારણું વાસીને, ગમી એ વાણિયાની રીત

પછી એમને તરતોતરત નહીં, પણ પાછો એકાદ ફેરો ફરી પ્રશ્ન પાછો બીજો ઊભો થયો. ત્યારે મેં કહ્યું, 'ઘેર ઝઘડા શું કરવા કરો છો તમે વાઈફ જોડે ?' ત્યારે કહે, 'એ તો મારાથી થઈ જાય છે, મારો સ્વભાવ એવો છે એટલે થઈ જાય છે.'

છોકરાં નહોતા એમને. છોડી હતી બે, તે બે છોડીઓ પરણાવી દીધી. ત્યારે મેં કહ્યું, 'આ વાઈફ જોડે ઝઘડો થાય તો શું કરો છો ?' તો કહે, 'પહેલું બારણું વાસી આવું.' હેં ! અલ્યા, નોંધ કરો, મારું હારું... આ શું નવું પાછું, બારણું પહેલું વાસી દે ! ઝઘડો થયો તેમાં. ત્યારે મેં કહ્યું, 'શાથી બારણું વાસી આવું ?' ત્યારે કહે, 'બહારના ભૂતા પેસે, તો ઊલટી ઉપાધિ કરે ને ! તેલ પૂરે ઊલટા.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર, તેલ પૂરે.

**દાદાશ્રી :** એક તો દીવો સળગ્યો, ઉપરથી તેલ પૂરી આપે, કહે છે. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** ત્યારે મેં કહ્યું, 'સિનેમાવાળા તો ખુલ્લું રાખે છે.' ત્યારે કહે, 'એમને તો ઘરાકી જોઈતી હોય, અમારે ઘરાકી નથી જોઈતી.' હા, લોક પેસી જાય, તે ઊલટી વઢવાડ વધારે. પાછા મહીં સંકોરનારા આવે. તે સંકોરે પાછું. મહીં સળગતું હોય તેને સંકોરી આપે. એ ભવાડો થઈ જાય એવું સમજી જાય. એ તો બારણું પહેલા વાસી આવે. 'બારણું વાસી આવું ને પછી ઘરમાં લડીએ, પછી એની મેળે ટાઢું પડે.' મેં કહ્યું, 'બુદ્ધિ તો તારી સાચી છે, મને ગમી આ.' આટલીયે અક્કલવાળી વાત હોય તો આપણે એક્સેપ્ટ કરવી જોઈએ. મેં કહ્યું, 'ભઈ, વાત મને તારી ગમી એ.' કોઈ ભોળા માણસ હોય તો ઊલટા બારણાં બંધ હોય તો ઉઘાડી આવે. અને લોકોને કહેશે, 'આવો જુઓ, આ અમારે ત્યાં.' અલ્યા મૂઆ, ઊલટો તાયફો કર્યો ! એટલે બારણું વાસી આવ્યો સાંકળ-બાંકળ વાસીને, પછી મહીં વઢે. ત્યારે અક્કલવાળા ખરા કે નહીં ?

એટલે મને કળા સારી ગમી. મેં કહ્યું, 'આ તો વાણિયાનો છોકરો, કળા આવડે, શીખવા જેવું ખરું.' અમે તો બારણું ઉઘાડી-ઉઘાડીને લડીએ. ઊલટું બારણું બંધ હોય ને, તો ઉઘાડું કરી આવીએ. અમે પટેલો ભોળા લોકો ! બારણું વસાઈ ગયેલું હોય ને, તો ઉઘાડી આવીએ.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** હા, ભલે ને લોક જુએ ! આ ઝઘડો લોકોને જોવા દ્યો, ત્યાર વગર તમે સીધા નહીં થાવ. અલ્યા, પણ લોકો તેલ પૂરી આપશે.

**પ્રશ્નકર્તા :** ક્ષત્રિયમાં તો એમ કહી દે કે 'ચાલતી થા, આ બારણા ઉઘાડા છે', બારણા વાસવા ના બેસે.

**દાદાશ્રી :** હા, એવું કહે એ ! કહે ઉપરથી એ લોકોને ભય નહીં એવો. પણ આ ભવાડો તો થાય ને, બળ્યો !

**પ્રશ્નકર્તા :** હા, થાય.

**દાદાશ્રી :** એટલે આ વાણિયા ડાહ્યા માણસ ! બહાર ભવાડો થશે, નામ બગડશે, એના કરતાં લડવું હોય તો મહીં લડો ને, લડ્યા વગર ચાલે એવું નથી. ફરજિયાત છે ને મરજિયાત હોય તો કોઈ લડેય નહીં !

## માર ખાય પણ 'લે, લેતી જા' કહીને આબરૂ રાખે

**પ્રશ્નકર્તા :** દાદા, આવા બીજા કોઈ વાણિયાનું તમને આશ્ચર્ય થાય એવું કંઈ જોવા મળેલું ?

**દાદાશ્રી :** અમે હાલોલમાં કન્ટ્રાક્ટ કરવા ગયા હતા, પુલ બાંધવા. તે દહાડે ૧૯૩૯ની સાલમાં. ત્રીસ-એકત્રીસ વર્ષની ઉંમર. તે એક ગામમાં વાણિયા, નગીનદાસ કરીને શેઠ હતા. તે બહાર બહુ રોફ મારે અને ઘરમાં આટલુંય ચલણ નહીં. બહાર રોફ પણ ઘરમાં છે તે ગાય જેવો થઈ જાય. કંઈક હશે એવા ગુણ તે ત્યારે જ ને ?

સાહેબ, વાત સાંભળવી છે તમારે કે બંધ રાખું ?

**પ્રશ્નકર્તા :** હા, સાંભળવાની.

**દાદાશ્રી :** ના, આ તો બીજા ગતકડાં છે. બીજું શું ? આ કંઈ જ્ઞાનની વાતો નહોય. આ તો વણિકની વાત નીકળી ત્યારે મને ખ્યાલ આવ્યો, મેં કહ્યું, લાવ, વાત કરીએ.

**પ્રશ્નકર્તા :** દાદા, એમાંથી જ્ઞાન મળે ને પણ, વાતમાંથી જ્ઞાન મળે ને !

**દાદાશ્રી :** તે શેઠને બહાર જરા સારો પ્રભાવ, પણ બઈ છે તે ચઢી વાગેલી. કારણ કે તે ધંધો કરે આખો દહાડો પણ સાંજે જરા જુગાર-બુગાર રમી આવે ને મૂઓ પૈસા બગાડે ને, એવું તેવું. એટલે પછી પાછો જુગાર રમીને મોડો આવે ને, એટલે પેલી શેઠાણી પહેલા જમવા-કરવાની વાત પછી, પહેલું તો બારણું વાસી, અંદર સાંકળ વાસીને પછી બે-ચાર આપી દે એમને લાકડી. એને મારે સારો કરીને.

**પ્રશ્નકર્તા :** વહુ એને મારે !

**દાદાશ્રી :** વહુ એને મારે, કે 'રડ્યા છોડ છોડ, આ છોકરાં મરી જશે.' તે પછી ગામડાના લોકો અમને કહેવા આવ્યા, કે 'હેંડો શેઠ, ત્યાં જોવા જેવું છે.' મેં કહ્યું, 'અલ્યા, શું જોવા જેવું છે ?' ત્યારે કહે, 'તમે આવો તો ખરા !' તે અમે ત્યાં ગયા, તે દહાડે જ્ઞાન-બાન નહીં, એટલે આવો ઈન્ટરેસ્ટ (રસ) ખરો. તે હુંયે ગયો. ત્યારે ત્યાં તો બારણું વાસેલું અને પછી પેલી બઈ કશુંક લાકડી-બાકડી આમ કંઈક એવું તે મારતી હશે ને, ત્યારે પેલો શું કહે ? 'લે, લેતી જા. લે, લેતી જા. લે, લેતી જા.'

**પ્રશ્નકર્તા :** મારે પેલી અને આ એમ કહે, 'લેતી જા.'

**દાદાશ્રી :** મારે પેલી ને આ કહેશે, 'લે, લેતી જા. લે, લેતી જા. લે, લેતી જા.' એટલે આ બહારવાળા સમજે કે આ શેઠ પેલી બઈને મારે છે, 'લે, લેતી જા.' હવે તેમાંથી એક માણસ ખાનગી હશે ને, પાડોશમાં રહેનારો, તે 'ખરી રીતે બઈ આને મારે છે', કહે છે. શેઠને મારે છે રોજ. બઈ ચઢી બેઠી તે બઈ આને મારે છે, પણ વાણિયો પાકો એટલે પછી મનમાં એમ કે આબરૂ જાય બહાર, એટલે એવું કંઈ તાયફો કરો કે બહાર આબરૂ ના જાય. કારણ કે પેલી મારે એટલે 'ઓહ બાપ રે !' એવું થાય ને ? અવાજ તો નીકળે ને ! એટલે વાણિયો સમજી ગયો કે આ તો આબરૂ જશે, બહાર લોકો ભરાય છે, ઠઠ્ઠ (ટોળું). બારણું ઉઘાડું નથી એટલે મહીં પેસતા નથી પણ બહાર સંભળાય છે. સાંભળી જાય છે ખરા ! એટલે પહેલા એક-બે દહાડા 'ઓ બાપ રે !' બોલ્યો. એટલે લોકોએ જાણ્યું કે આ વાણિયાનો અવાજ છે. તે વાણિયણ મારે છે આને.

પછી પેલો વિચારશીલ માણસ ને, મૂળ તો અક્કલવાળાના છોકરાં, એટલે પછી એણે શું કર્યું ? પેલી જેમ મારે ને આને, તે 'લે, લેતી જા' એમ બોલે. 'લે, લે...તી જા.' એટલે બહાર બધા કહેશે, કે 'આ વાણિયો જ મારે છે આ તો.'

## જોયો ઈતિહાસ-ભૂગોળમાંય ન જડે એવો દાખલો

મારું હારું, આ તો ખરું ! મેં કહ્યું, આ એક નવું શાસ્ત્ર ભણ્યા આપણે ! આ બઈ આને મારે છે રોજ અને આ શેઠિયો શું બોલે છે, 'લે, લેતી જા.'

**પ્રશ્નકર્તા :** બહારવાળાને ખબર પડે કે આ મારે છે.

**દાદાશ્રી :** અમે સમજી ગયા કે 'ઓહ ! મૂળ મુદ્દો આપણે સમજી ગયા કે આ હારો, છે અક્કલવાળો !' શું ? છતાં એણે આબરૂ રાખીને, મારું કહેવાનું. પેલો તો માર ખઈને 'લેતી જા' કરે છે. પણ અક્કલ તો સારી વાપરી ને, એણે ?

**પ્રશ્નકર્તા :** પોતાનું ઊંચું રાખવા માટે અક્કલ વાપરી, દાદા.

**દાદાશ્રી :** અંદરથી એમ જ બોલતો હતો, 'લે, લેતી જા. લે, લેતી જા.' આમ પેલું વાગે પોતાને તોય સિસકારો ના મારે ને 'લે, લેતી જા', કહે છે. મારું હારું કહેવું પડે, આ તો ! આ આવડ્યું ને ? આ જગતમાં કંઈક તો આવડવું જોઈએ. કંઈક આવડે નહીં આપણને તો દહાડો ઊઠી જાય. કંઈક તો કળા આવડવી જોઈએ ને ? શેઠેય કટેવવાળો હતો. જુગાર આખો દહાડો રમ્યા કરે, બહાર પત્તા-પાનાં રમ્યા કરે, તે શેઠાણી બિચારી ક્યાંથી લાવીને ખવડાવે ? શું કરે તે ? એમાં શેઠાણીનો શો દોષ તે ? તે કંઈ બધા ધણી સારા હોય છે ? બઈઓયે સારી નથી હોતી ? એવું હોય ત્યારે આવું બને ને ? પણ પેલી મારે ત્યારે આ 'લે, લેતી જા' બોલે. છે તો અક્કલવાળી વાત ને !

મેં કહ્યું, આ અક્કલનો કોયડો ખરો ભઈ આ તો ! એ અમને આવડે નહીં આવું તેવું. એણે કોયડો ખોળી કાઢેલો આ. એટલે મેં કહ્યું,

આ ખરી અક્કલ, આપણે જોયેલી નહીં ને, આવી તેવી બધી ! કેમની આવડે ! આ તો ઈતિહાસ-ભૂગોળમાંયે તપાસ કરે તો જડે નહીં. આવું જગત છે ! આપણને તો આવડેય નહીં ને આવું બધું તે ! આવું તેવું ના આવડે. વાણિયાને આવડે આ બધું તોફાન ! જો પાકા ને, મૂઆ !

**પ્રશ્નકર્તા :** પાકા.

**દાદાશ્રી :** આ તો બનેલા દાખલા તમને કહું.

## જોયા ને નોંધ્યા દુનિયાના જાતજાતના રંગ

આ તો દુનિયા છે. આ દુનિયામાં જાતજાતના રંગ ! એ તો બહાર જેમ ફરીએ તેમ ખબર પડે. 'પિંડે પિંડે મતિર્ભિન્ના', જુદી જુદી મતિ. મેં કહ્યું, આ ખરો શબ્દ ખોળી કાઢ્યો. હવે બહાર લોક કહે, ''ના, આ વાણિયો જ મારે છે ! જુઓ ને, આ બોલ્યો ને ! 'લે, લેતી જા' બોલે છે ને !'' તે પાડોશી હતો તે મને કહેવા માંડ્યો, મને કહે, 'આવું છે ખરી રીતે તો.' આવો સંસાર છે !

**પ્રશ્નકર્તા :** અને અસલ પટેલ હોય ને, તો 'તગેડી મેલીશ તારા બાપને ઘેર' એમ કહે.

**દાદાશ્રી :** બધું બોલે ભઈ, આ અમારા ક્ષત્રિય લોકો તો. ક્ષત્રિય લોકો ફાવે એવું બોલી નાખે. આમ ભોળા બધા, મહીં કપટ-બપટ ના આવડે. બનાવટ કરતા આવડે નહીં. અને આ 'લે, લેતી જા', એ કેવડી મોટી બનાવટ કરી !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ભગવાનનેય છેતરે એવી બનાવટ. ભગવાનેય બહાર સાંભળવા આવે, તેય સમજી જાય કે મારું હારું 'લે, લેતી જા' બોલે છે એટલે બૈરીને મારતો હશે ! આવું જગત છે બધું ! પેલો શેઠ એની આબરૂ રાખે છે ને શેઠાણી એની આબરૂ રાખે છે. આમાં ભલીવાર ના આવે કોઈ દહાડોય. એના કરતા દૂધ લાવીને ચોખ્ખું દહીં કરીને છાશ બનાવીને પીધી હોય તો કામ લાગે.

## રાજી રાખે પત્નીને કહી, 'તું ના રાંડીશ, હું રાંડીશ'

વણિક જોડે વ્યવહારમાં મને ફાયદો સારો થયેલો. મને પૂછતા આવડે ને બધું. અને વણિક બોલે તે મારી જોડે બહુ સારી રીતે બોલે બિચારો. મને બધું પૂછતા આવડે બળ્યું, તે હું ધીમે રહીને સળી કરીને પૂછું. બધી આવડત હોય પૂછવાની. તે એકવાર મોહનભાઈને મેં કહ્યું, 'તમારા વાઈફને જરા કંઈ ખુશ-બુશ રાખો છો કે નથી રાખતા ?' ત્યારે કહે, એને કહી દઉં છું, કે 'હું રાંડીશ, પણ તું ના રાંડીશ !' એટલે બહુ ખુશ થઈ જાય છે. મેં કહ્યું, 'શો ફાયદો એમાં ?' ત્યારે કહે, 'આપણે જીવાય નિરાંતે !' આ તો કેવા હોય ? ડહાપણવાળા ! હિન્દુસ્તાનમાં પ્રકૃતિ મપાય નહીં. અહીં તો ભગવાન પણ ગોથાં ખાઈ જાય ! ફોરેનમાં તો એક દહાડો એની વાઈફ જોડે સાચો રહ્યો તો આખી જિંદગી સાચો નીકળે અને અહીં તો આખો દહાડો પ્રકૃતિને જો જો કરે છતાંય પ્રકૃતિ મપાય નહીં. આ તો કર્મના ઉદય ખોટ ખવડાવે છે, નહીં તો આ લોકો ખોટ ખાય ? અરે, મરે તોય ખોટ ના ખાય, આત્માને બાજુએ થોડીવાર બેસાડીને પછી મરે !

તે એકવાર એની વાઈફને મારી હાજરીમાં કહે છે, 'હું રાંડીશ પણ તું ના રાંડીશ.' બઈ તો એવી ખુશ થઈ ગઈ, હેં... એ પોતે રાંડવા તૈયાર થઈ ગયા છે ! તે એટલી બધી ખુશ થઈ ગઈ, તે આખો દહાડો જમાડ જમાડ કર્યા અમને. બઈને સમજણ ના પડી એ શું કહે છે એ ! એકવારમાં મતિ પહોંચી નહીં એની, એ એટલો બધો પાક્કો.

**પ્રશ્નકર્તા :** પછી ખબર પડી ત્યારે શું થયું ?

**દાદાશ્રી :** એ પછી આગળનો ફોડ પડ્યો કે ના પડ્યો એ આપણને ખબર નથી, પણ આ જે દેખેલું નહોતું તે દેખાડ્યું પણ તે. બઈને એકવાર મતિ જ ના પહોંચી, આ શું કહેવા માગે છે ! એને પેલું સારું લાગ્યું, કે 'તું ના રાંડીશ.' એટલે એ એને બહુ ગમ્યું. એ રાંડવા તૈયાર થયા ! એટલે હું તો તરત સમજી ગયો. મેં કહ્યું, 'આ વાણિયાએ પૉલીસી (યુક્તિ) કરી આ તો.' બહુ પાકો વાણિયો !

**પ્રશ્નકર્તા :** તે વાણિયા બધા આવા જ હોય.

**દાદાશ્રી :** બહુ ભારે કરી એણે ! આ બાજુનું બારણું જ મારું બંધ હતું બુદ્ધિનું, તે એણે ઉઘાડી દીધું.

અલ્યા મૂઆ, આવી અક્કલ તો અમને કોઈ દહાડો આવી જ નથી. આ તમારી વણિક અક્કલ કહેવી પડે ! વણિક અક્કલ જુઓ ને, કેવો અક્કલવાળો ! એની વાઈફને કહે છે, 'તું રાંડીશ નહીં, તું સૌભાગ્યવંતી રહેજે કાયમ, હું રાંડીશ.' મૂઆ પાકા, હજુ જીવવું છે ! બહુ પાકા લોકો આ. આવું તેવું અક્કલ ના આવડે અમને. અમારી પાસે સીધી-સાદી અક્કલ હોય.

## જાણીને પાતાળી વણિક વિચારધારા, કર્યો વૈરાગ મજબૂત

આ અક્કલ ક્યાં વાપરી નાખી ? જો ધર્મમાં વાપરવાની હતી ને અક્કલ, તે અહીં વાપરી. પણ માણસ ચોખ્ખો હતો. મારે બીજા બધા કારણો પૂછવામાં કામમાં લાગે એ. વૈરાગ્યના કારણ, કેટલાક કારણો પૂછું. એક જગ્યાએ બેઠા બેઠા વૈરાગ્યના કારણ પૂછું, તે એક દહાડો તો એવું પૂછયું, મેં કહ્યું, 'આપણે અહીં બેઠા છીએ, આ બગીચાની પાળી પર બેઠા છીએ ને આ રસ્તા પર આટલું બધું માણસ આવ-જા કરે છે તે તમને નથી દેખાતું ?' ત્યારે કહે, 'દેખાય છે ને !' મેં કહ્યું, 'આ માણસો બધાના કપડાં કાઢી લે, સ્ત્રીઓ-પુરુષો બધાના, તો શી દશા થાય ?' એ કહે, 'તો તો જોવાનું ગમે નહીં. પછી તો જોવાનું ગમે નહીં.' 'અલ્યા પણ વાત તો સાંભળ આખી.' 'ના, ના, લોક જોવાનું ના ગમે.' 'અરે પણ વાત સાંભળો શેઠ, તમે આ શું આમ કરો છો ? કેમ ના જોવાનું ગમે ? એના એ જ ભાઈ નાહેલા-ધોયેલા, એ બાથરૂમમાં નાહેલા-ધોયેલા માણસો આવે-જાય તો શું તે ના ગમે તમને ?' આ શાથી નથી ગમતું ? વણિક વિચાર, તે ઠેઠ પાતાળ સુધી જોઈ આવે. વિચાર ક્યાં સુધી પહોંચી જાય ?

**પ્રશ્નકર્તા :** પાતાળ સુધી.

**દાદાશ્રી :** હા, શું કહ્યું એ શેઠે ?

**પ્રશ્નકર્તા :** જોવું ન ગમે બધું, ના ગમે બધું.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'આપણે અહીં બેઠા છીએ ને બધા પેલા નાગા લોકો બધા નીકળે...' ત્યારે મને કહે છે, 'કેટલી ઉંમરના ?' મેં કહ્યું, 'પાંત્રીસ-ચાલીસ વર્ષ ઉપરની ઉંમરના.' ત્યારે કહે છે, 'તો તો હું પાછળ જોઈ જઉં, આંખ્યો દાબી દઉં.' 'અલ્યા, પુરુષોમાં શો વાંધો ?' ત્યારે કહે, 'ના, તેય આંખ્યો દાબી દઉં.' 'તો ક્યારે ના દાબું ?' ત્યારે કહે, 'દસ-બાર વર્ષ સુધીના નીકળે તો ના દાબું.' શું કહે છે ? વાણિયો કેવો ડાહ્યો ? પછી મેં કહ્યું, 'સ્ત્રીઓ નીકળે તો ?' તો કહે, ''મને ઊલટી થઈ જાય તે ઘડીએ તો. ભાઈસા'બ, એ તો વાત જ ના કરશો, એના કરતા પુરુષોનું ગમે મને. પુરુષો દિગંબરી ગમે, પણ સ્ત્રીની વાત જ ના કરો... મને ઊલટી થઈ જશે.'' આ આટલી બધી આઈસાઈટ (જોવાની શક્તિ) છે તમારી ! એમની શું છે એ ?

**પ્રશ્નકર્તા :** આઈસાઈટ.

**દાદાશ્રી :** આઈસાઈટ ન કહેવાય ? વિઝન છે ને એક જાતનું !

**પ્રશ્નકર્તા :** આ વિઝન ઈન્સાઈટ છે.

**દાદાશ્રી :** 'પુરુષોને જોઈ શકીશ. પુરુષો-બુરુષો હોય તો ઊલટી નહીં થાય મને. તેય મારે આંખ તો દાબી દેવી પડશે', કહે છે.

## લોકોને લાગે ગાંડો, અમને લાગે અક્કલવાળો

મને એ વાણિયા જોડે બહુ ગમે જરા. વાણિયાને પૂછું ને જવાબ આપે ને, તે મને બધા ગમે. હું વાણિયાને પૂછું બધું આવું.

**પ્રશ્નકર્તા :** દાદા, બધાના પેટની વાત કઢાવી લે, ખરા !

**દાદાશ્રી :** વાણિયો ડાહ્યો હતો, અક્કલવાળો હતો. અક્કલવાળો હોય તો આવો જવાબ આપે ને ?

**પ્રશ્નકર્તા :** હા, એ તો અક્કલવાળો હોય તો જ જવાબ આપે ને આવા, બાકી ન આપે.

**દાદાશ્રી :** પછી મેં કહ્યું, 'તમારા ઘેર કોઈ છે તે નહાવા ગયું હોય, તે બાથરૂમનું બારણું ઊઘડી જાય તો ?' 'નહીં, નહીં, આંખો દાબી દઉં, આમ કરીને આંખો દાબી દઉં.' મેં કહ્યું, 'ના દાબે તો શું થાય ?' ત્યારે કહે, 'મહિના સુધી મને એ વૈરાગ ન જાય. એક મહિના સુધી પછી મને વૈરાગ જ આવે.પછી મને તો સાંભરે જ નહીં. મને તો તરત કંટાળો આવે. એટલે હું આંખો દાબી દઉં. મહિના સુધી એનું મોઢું જોવાનું ના ગમે મને.' તે મૂઆ, આવું અંધારું રાખીને જ આ એમ ને એમ ધંધો માંડવો છે ! અંધારું એટલે આવી ગયું ? બત્તી બંધ કરી માટે આવી ગયું ? બત્તી બંધ કરે તો ના દેખાય ? શું કહે છે ? અને જો આ જગત ફસાયું છે ! વાતમાં કંઈ સમજવા જેવું હતું કંઈ ? વાણિયો પાકો હશે, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તોય એને જરા મગજની બીમારીવાળા કહેતા'તા લોક.

## મોહ કે વૈરાગ થાય ડેવલપમેન્ટના આધારે

મેં કહ્યું, 'આટલું બધું ભડકે છે, એ કહેતા પહેલા ભડકું છું, તો તેવું થાય તો શું હાલત થાય ?' આ તો કપડાં ઢાંક્યા છે તેથી સારું દેખાય છે. આ કરેક્ટ વાત કહેતો હશે વાણિયો ? એ કેટલો જાગૃત હશે ત્યારે આમ કહે ! 'જો આ વાત કરતા સાથે જ તને આટલું બધું એ થાય છે, તો તું જોઉં તો તો શું થાય તને ?' એ બહુ વિચારશીલ હતો, હોં ! વિચારશીલ પ્રજા આમ, તે વિચારી નાખે. આમ જાડું ખાતું હોય એને તો કશુંય નહીં.

કેટલીક પ્રજા એવી હોય છે, કે મોહના પડળ મોટા મોટા જાડા વાગી ગયેલા હોય. એને નાગી સ્ત્રી જુએ, તે જવાન ઉપર જ નહીં, ઘૈડી હોય પણ નાગી જુએ એટલે એને વિષય ઊભો જ થઈ જાય. એટલા બધા મોહના પડળ હોય કે એ નાગું જોવાથી વિષય ઊભો થાય, નાગું ના જોયું હોય ત્યારે ના થાય. અને એના સામે છે તે કેટલાક એવા વિચારશીલ માણસો કે નાગું જુએ તોય એને વૈરાગ જ આવે. આ ડેવલપ થયેલા માણસો ને ! એટલે આ બધા જુદા જુદા થરના માણસો અને લોકો એક

જાતનું કહેશે, 'આ એક જાતનું આવું હાંકો.' એ ના ચાલે. બધા થરના લોક છે આ, જાતજાતના થર !

## વૈરાગ્યનું લેવલ મળતું આવે, તે પૂછીને પુરાવા આપે મનને

એટલે વાણિયાની બુદ્ધિ જોતો'તો હું. અને તે મારા મનને થોડી સમજણ પડે ને ! લોક સમજણ પાડે ને, ત્યારે પડે. એ વાણિયો આમ કહેતાવેંત જવાબ આપે. એટલે હું સમજુ, મારું હારું, મારી જાગૃતિને મળતી આવે આમની જાગૃતિ. એટલે મારી મજબૂતી કરવા માટે આવું બોલું. આવી બધી ગમ્મત કર્યા કરું. આમ બ્રેઈન સારું. જવાબ આપે, સારો જવાબ આપે. આ જવાબ સારા ના કહેવાય ? આ મારા મગજમાં વિચારેલું હોય પણ એનો પુરાવો હોય ત્યારે મારા મનને પુરાવો જડે કે ના જડે ? મન કહેશે, એના પુરાવા સહિત આપ્યું આ. નહીં તો પુરાવો કોણ આપે પાછો ? સામો મોહી માણસ પુરાવો આપે ?

**પ્રશ્નકર્તા :** ના, મોહી ના આપે.

**દાદાશ્રી :** તમને કેમ લાગે છે ? વાત પુરાવાવાળી છે ને ? એ વાણિયો સારો હતો. મને વૈરાગ્યના જે વિચારો જોઈતા'તા ને, તેમાં હેલ્પ કરતો'તો. હું વૈરાગ્યને બહુ જ કસનારો માણસ. એટલા બધા વૈરાગ્યના મેં એ કર્યા ને, કસી નાખેલું છે બધું. જ્ઞાન થતા પહેલા વૈરાગ્યને એટલો બધો કસી નાખેલો છે, કે ના પૂછો વાત ! તેના આ શબ્દો નીકળે છે ને બધા !

**પ્રશ્નકર્તા :** હા, વાણીથી નીકળે, અનુભવ વાણીથી.

**દાદાશ્રી :** એ કૃપાળુદેવેય બહુ કસેલો છે વૈરાગ્યને ! એમણેય શબ્દો એવા કાઢ્યા છે.

તમે મોહનભાઈને જોયેલા કે ?

**પ્રશ્નકર્તા :** જોયેલા ને ! બેઠેલા સાથે.

**દાદાશ્રી :** એ જેને બ્રહ્મચર્ય પાળવું છે ને, એણે આ...

**પ્રશ્નકર્તા :** જોઈએ જ.

**દાદાશ્રી :** જાણવું જોઈએ ને જોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા આપ જમવા બેઠા હોય ને, તો મોહનભાઈને કહો, કે 'મોહનભાઈ જમો.' તો પછી એ એવું કહે, કે 'દાદા, આપનું જ જમું છું ને !'

**દાદાશ્રી :** હા, એવું કહે. આપનું જ જમું છું.

## પારખતા'તા બ્રહ્મચર્યના તેજને નાની ઉંમરથી

**પ્રશ્નકર્તા :** આવી કોઈ બીજી વ્યક્તિ મળેલી કે જેની આવી વૈરાગ્યની સમજણ જોઈને તમે પ્રભાવિત થયા હોય ?

**દાદાશ્રી :** હું નાની ઉંમરનો હતો ત્યારે એક કાકા અમારા ગામમાં થઈ ગયા, તે પટેલ હતા. અમારે મોટી ખડકીના. એમનું સિત્તેર વર્ષે શરીર અને તેજ જોઈને મેં એમને પૂછ્યું, કે 'આ આટલા વર્ષે તમારું આટલું બધું તેજ શાથી દેખાય છે ?' ત્યારે કહે છે, 'ચારિત્રના પ્રભાવથી !' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ચારિત્રના પ્રભાવથી !

**દાદાશ્રી :** ત્યારે હું ચારિત્ર શબ્દ સમજતો નહોતો. એટલે એમણે ફોડ પાડી આપ્યો, કે 'બીજી સ્ત્રીઓ તરફ દૃષ્ટિ બગાડી નથી.' એટલે હું આખી વાત સમજી ગયો, કે એમની સ્ત્રી તરફ જ એક આટલો વ્યવહાર.

હવે એ ભાઈનું નામ ચતુરભાઈ હતું. તે એક ફેરો કપડવંજ ગયેલા, વેપારના માટે. હવે મારાથી તો લગભગ ત્રીસ વર્ષ એ મોટા હશે. તે દેખાવડા દેખાય આમ, કારણ કે ચારિત્ર બહુ સારું ને ! અને પચીસ વર્ષે પાઘડી પહેરે. તે દહાડે તો વીસ-બાવીસ વર્ષના હોય તોય પાઘડી પહેરે. એય લાલચોળ ફર્સ્ટ ક્લાસ પાઘડી અને રૂપાળાબંબ દેખાય ! કારણ કે મોઢું ભરાવદાર હોય આમ, આવું ડાચા બેસી ગયેલા ના હોય. તે કોઈ લોટિયા વહોરા (કાસ્ટનું નામ) હશે ને, તે ગર્ભશ્રીમંત. તે એની છોકરી

રાંડેલી, એની નાનપણમાંથી જ. એ છોકરીએ મોટા મકાનમાંથી આમને જોયા. એટલે એ છોકરીએ છે તે એમને ત્યાં એક નોકરડી હતી તેને કહે છે, 'જા, પેલા ભાઈને બોલાવી આવ.' એટલે આમને ઉપર બોલાવા મોકલ્યા. એટલે આ બિચારા સમજ્યા નહીં એટલે ઉપર ગયા. બઈ બહુ દેખાવડી હતી એટલે એના મનમાં એમ, કે 'મને ના નહીં પાડે એમ.' એટલે બઈએ વિનંતી કરી આવી રીતની. ત્યારે એમણે કહ્યું, 'તમે શી નાતના ?' ત્યારે કહે, 'અમે તો લોટિયા વહોરા.' ત્યારે કહે, 'મારાથી તમારી જોડે આ સંબંધ કેવી રીતે બંધાય ? મારાથી જો પુત્રી થાય તો પછી ધણી બદલ્યા કરે, એ મારે કામ લાગે નહીં. મારી પુત્રી આવી ના હોય.' એટલે એમણે મને આ દાખલો કહ્યો. અને એ તો બહુ મોટી મિલકત આપવાની કહી હતી એ બઈએ, લાલચ આપેલી કે મારા ભાગે આવે છે એ બધી મિલકત તમને આપી દઈશ. ત્યારે કહે, 'મેં લીધી હોત તો લેવાત, પણ મેં આ ના પાડી દીધી.' મેં કહ્યું, 'કાકા, ધન્ય છે ! પગે લાગ્યો એમને.' મને બહુ વાત ગમી ગઈ.

## મળી એકાંત શૈયાસનની સમજણ

પછી બીજા એક ભાઈ હતા. તે દેખાવડા, એટલા બધા સરસ દેખાય ! અને સાંઈઠ વર્ષેય એમની યાદશક્તિ કેટલી બધી સુંદર, બધું સુંદર અને મોઢા પર નૂર કેટલું ! હું નાનો હતો ત્યારે મને મનમાં બહુ એ થયા કરે કે આ શું હશે કે આ પટેલ આવા દેખાય છે ને બધા આવા દેખાય છે ? આ પટેલમાં કંઈ અજાયબી છે ! છોકરાંય રૂપાળા બધા આમ. તે આમ સગા થાય એ. મારું મોસાળ ત્યાં એમનું મોસાળ હતું. એટલે મેં એમને પૂછ્યું, કે 'તમે આટલી ઉંમરે આટલું બધું તેજ શી રીતે દેખાડો છો ? શેની ભક્તિ કરો છો ?' ત્યારે કહે, 'હું તો કંઈ ભક્તિ-બક્તિ કરતો નથી. ત્યારે મેં કહ્યું, 'તમારા મોઢા ઉપર તેજ ?' ત્યારે કહે છે, 'આ નાની ઉંમરમાં તારે આ સમજીને શું કામ ?' મેં કહ્યું, 'એ જ મારે સમજણ પાડવી છે. મને આ લોકોના મોઢા પર તેજ કેમ નથી દેખાતું ને તમારા ઉપર તેજ કેમ દેખાય છે ? મુખ્ય કારણ શું છે ? બીજી પુણ્યૈ-બુણ્યૈ તો હશે જ તમારી, પણ મુખ્ય કારણ શું છે એમ ?' ત્યારે એમના

વાઈફને હું કાકી કહેતો'તો. સગા થાય ને, મોસાળ તરફથી એટલે. હવે એ મારા કરતા ત્રીસ-ચાલીસ વર્ષે મોટા, હં. ત્યારે કહે, 'એ તારા કાકી મારા રૂમમાં કોઈ દહાડો સૂઈ ગયા નથી. એટલો બધો જલદ ઉપાય મેં સાચવ્યો છે.' શું કહેવા માગે છે એ ?

**પ્રશ્નકર્તા :** બ્રહ્મચર્ય પાળે, બ્રહ્મચર્ય.

**દાદાશ્રી :** છતાં સંસાર સેવે છે, છોકરાં છે. પણ, 'મારી રૂમમાં કોઈ દહાડો તારા કાકીએ પગ નથી મૂક્યો. નિરંતર સ્વતંત્ર જ સૂઈ જવાનું મારે. અને પાંત્રીસ વર્ષથી વાનપ્રસ્થાશ્રમમાં જ છું', કહે છે. ત્યારે મેં કહ્યું, 'ધન્ય છે આ ! હું તો સજ્જડ થઈ ગયો !' મેં કહ્યું, 'ખોરાકમાં ?' ત્યારે કહે, 'ખોરાક તો એ જોવાનું જ નહીં, આ જ છે બધું. ખોરાક તો પાતળો હોય, ગમે તેવો હોય, હલકો હોય, ઘી ના હોય, દૂધ ના હોય તોય કશું નહીં. આ જ છે મૂળિયું એનું.' કારણ કે આ આખો પુદ્‌ગલનો સાર શું ? ત્યારે કહે, 'બ્રહ્મચર્ય.' શું રૂપાળા દેખાય, આમ ! બ્રહ્મચર્યનું નૂર છે ! કંઈક કારણ તો હોવું જોઈએ. ગપ્પું તો ના હોય ને ? એ કહે છે, 'એક પથારી તો અમે જોયેલી નહીં કોઈ દહાડોય. કોઈ દિવસેય એવો ના હોય.' ત્યારે મેં કહ્યું, 'તમારી વાત મને બહુ ગમી.' તમને ગમી વાત આ ? આ વાત પસંદ પડે એવી છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ આજ તો મા-બાપ જ છે તે ગોઠવણી કરી આપે છે. ડબલ બેડ લાવો અને રૂમ આને આપી દો, પેલી રૂમ આ છે ને ! એટલે પેલા છોકરાંઓ શું સમજી જાય છે કે આદિથી, પહેલેથી, આવું જ ચાલ્યું આવે છે. એવું સમજે છે એ. મા-બાપનો ઉપકાર માનતા નથી અને ઉપરથી પહેલેથી આવું ચાલ્યું આવે છે. એટલે મહીં આવું ચાલે છે બધું તોફાન. આવું હોવું જોઈએ નહીં. નિયંત્રણ હોવું જોઈએ, કે ઋષિમુનિઓના પુત્રો ! તમને આ શોભતું હશે ? આ તો નાછૂટકાનો વેપાર છે. આ છૂટકાનો વેપાર છે ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા.

**દાદાશ્રી :** ત્યારે બોલો ને, તમારી નાતમાં તમે બોલો તો કંઈ ખબર પડે, કે આ છૂટકાનો વેપાર નથી ભાઈ, નાછૂટકાનો છે.

## ડાહ્યા થઈ શકે એવા છે, તેના પૂરતી આ વાત

હિન્દુસ્તાનની જો દશા થઈ ગઈ છે, આવી દશા આપણા ઋષિમુનિઓની ? આવા હોતા હશે ? ઋષિ તો જે એક કે બે બાળક માટે શાદી કરે, અને તે ઋષિપત્ની શું કહે એને ? કે 'એક જ બાળક.' ત્યારે એ ઋષિ કહે, કે 'ના, એક બેબી હઉ. આ બે, બહુ થઈ ગયું.' પછી બિલકુલ જ ભેગા ના થાય. વ્યવહાર-બ્યવહાર બધુંય. ખાવા-પીવાનું બધુંયે. ભઈબંધ જેવું, મિત્રાચારી જેવું. તમારે આ કરવું ને અમારે આ કરવું.

એને બદલે આ બલિહારી તો જુઓ ! અત્યારે તો આપણા ઘૈડિયાઓએ શીખવાડ્યું. આપણા ઘૈડિયાઓએ નહીં, પણ આજના જમાનાના બધા ભણેલા લોકોએ, 'ડબલ બેડ લાવી આપો બાબાને.' મેર ચક્કર ! અત્યારથી આવું શીખવાડું છું ? ડબલ બેડ હોતો હશે, મૂઆ ? એટલે વાઈલ્ડનેસ પેસી ગઈ. જે બ્રહ્મચારીઓનો દેશ, વાનપ્રસ્થાશ્રમને પૂજનારો દેશ ! ડબલ બેડનો અર્થ સમજી ગયા ને, તમે ?

**પ્રશ્નકર્તા :** હા, સમજી ગયા.

**દાદાશ્રી :** પૈણાવતા પહેલા ડબલ બેડ વેચાતો મંગાવે. બાપો મંગાવે એટલે પેલો છોકરો એમ જાણે, કે આપણા બાપ-દાદા એમને લઈ આપતા હશે, એ આપણને લઈ આપે છે. વારસાગતથી રિવાજ છે આ. અને એ વિષયમાં કેટલી બધી હિંસા ! આ તો આપણા મહાત્માઓને કહેવાય, બહાર તો બોલાય નહીં. બહાર તો જે પ્રવાહ ચાલી રહ્યો છે, એ પ્રવાહના અવળા ચાલીએ એ ગુનો છે. એ કુદરતી પ્રવાહ છે. આ તો આ મહાત્માઓ પૂરતી વાત છે. આ સાપેક્ષ વાત છે, આ કંઈ નિરપેક્ષ વાત નથી. જે ડાહ્યા થઈ શકે એવા છે, તેના પૂરતી આ વાત. બહાર તો વાત કહેવાય જ નહીં ને ! આ તો દુનિયા કંઈ ફરવાની છે ? દુનિયા તો એ રંગેરાગે જ ચાલ્યા કરવાની છે. ડબલ બેડ જ વેચવા છે અત્યારે. બૂમ પાડીએ તો આપણને ગાંડા કહેશે. હું બહાર બૂમ પાડું ને, તો ગાંડો

કહે. હું બૂમ પાડું જ નહીં ને, મને ગાંડો કહે એવું કહુંય નહીં. ઊલટો એ પૂછવા આવે કે આ ડબલ બેડ લાવીએ છીએ, એમાં આપને વાંધો ? હું કહું, 'ના બા, મને કોઈ વાંધો નથી. થ્રી બેડ રાખો ને સાથે !' વાંધો શો છે ? એ તો આપણે આ જેને પ્રાપ્તિ થઈ છે તેના માટે વાત છે. ભાઈ, વાત ગમી કે ના ગમી ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** અમને તેર વર્ષની ઉંમરે જ સમજાઈ ગયેલું કે આ જગતમાં ભટકામણ જો થતી હોય તો વિષય જ કારણ છે !

❖❖❖❖❖

## [૧૨.૪]
## કરી મહારાજ માટે ડોળીની વ્યવસ્થા

### ચોપડાના કાયદા જડની જેમ પકડે

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું કે વણિક કોમ બહુ ડાહી ને વિચારક, પણ બહુ વિચારી વિચારીને હૃદય જ બંધ થઈ ગયું, તો એવા પ્રસંગો અમને કહો ને !

**દાદાશ્રી :** મામાની પોળમાં રહેતો હતો હું. તે ત્યાં આગળ પોળમાં છે તે દેરાસર બે છે. હવે દેરાસર એટલે મહારાજ તો આવ-જાય કરે ને બધા, ઉપાશ્રયમાં. એટલે એક ઘરડા મહારાજ અપાસરામાં ચાતુર્માસ કરવા આવેલા. તે બિચારા બહુ ઘરડા ને પગે લંઘાતા હતા. તેમનાથી ચલાતું જ નહોતું. મહારાજને પગે છે તે પાકેલું અને બ્લડ નીકળતું હતું, આ છે તે સાકર વધારે થાય એને પેલું કહે છે ને...

**પ્રશ્નકર્તા :** ડાયાબીટિસ.

**દાદાશ્રી :** ડાયાબીટિસને લીધે રૂઝાતું નહોતું પગે. પછી છે તે ચાતુર્માસ પૂરા થયા એટલે મહારાજને આ છે તે સંઘવાળાએ શું કહ્યું ? 'આ ચૌદસ થઈ ગઈ, માટે તમે જાવ અહીંથી, વિહાર કરી જાવ.' તે મહારાજ કહે છે, 'હું શી રીતે વિહાર કરું, આ મને આવું છે ?'

મહારાજને પગે ઠીક થયું જ નહીં, તેથી તેમણે રહેવા માટે એક્સટેન્શન (મુદત વધારવી) માગ્યું. તે સંઘપતિએ કહ્યું, 'વધારેમાં વધારે

જેટલું અપાય તેટલું આપ્યું છે, હવે આગળ એક્સટેન્શન નહીં મળે.' હવે મહારાજને તો ફરજિયાત જવું પડે તેમ જ થયું. તે મહારાજે કહ્યું, 'ભલે ત્યારે હું જઈશ. અહીંથી ચાર માઈલે છાણી ગામ છે, ત્યાં વિહાર કરી જઈશ. પણ ચાર માઈલ મારાથી ચલાય તેમ નથી, તો ડોળીની વ્યવસ્થા કરી આપો.' એટલે સંઘપતિએ કહ્યું, 'આજ સુધી આવી ડોળી તો અમે કોઈને કરી આપી હોય તેવું યાદમાં નથી.' તે તેમણે પછી પાછલા બધા ચોપડા જોયા, ખાતાવહી જોઈ, તેમના કાયદાના ચોપડા ઉથામ્યા પણ ક્યાંય તેમને એવું જડ્યું જ નહીં કે કોઈ મહારાજને પગે લંઘાવાથી ડોળીની વ્યવસ્થા કરવી પડી હોય. એટલે એમણે તો મહારાજને કહ્યું, કે 'એવો કોઈ કાયદો કરવામાં આવ્યો નથી, તો અમે શું કરીએ ? કાયદો કેમ તોડીએ ?' અલ્યા, શું બધાંને પગે લંઘાતું હોય છે તે એવો કાયદો કરવો પડે ? કંઈક વ્યવહારિક સમજ તો જોઈએ ને, કે જડની જેમ જ કાયદાને પકડીને બેસવાનું ?

આ તો જુએ ચોપડામાં લખ્યું છે, કે મહારાજને અહીં આગળ પગે પાક્યું હોય તો ડોળીના પૈસા આપવાના ? ત્યારે કહે, 'ના, નથી લખ્યું.' તો કહે, 'મહારાજ સાહેબ, લખ્યું નથી !' એવું બધું ખાતું આનું. ચોપડામાં જોયું, ડોળી ના નીકળી, એટલે કહે છે, 'અમારે ત્યાં વહીવટ નથી.'

**પ્રશ્નકર્તા :** હા, લખ્યું હોય તેટલું જ સાચું, બાકીનું નહીં.

**દાદાશ્રી :** બેભાનપણે માણસો ચાલે છે ! આ પ્રેસિડન્ટો-બ્રેસિડન્ટોની બધી ભાન વગરની વાતો ચાલે છે. મૂઆ, ચોપડાને પૂછવાનું હોય કે કૉમનસેન્સ વાપરવાની હોય ? મહારાજને અહીં પાક્યું છે ! પાછા 'મહારાજ સાહેબ' કહે એમને, 'સાહેબ... સાહેબ... સાહેબ...' કર્યા કરે. તે મહારાજ કહે છે, 'અમને થોડા દહાડા વધારે રહેવા દ્યો.' તો કહે, 'ના, હવે દેવદિવાળી થઈ ગઈ, પછી પંદર દહાડા રહેવા દીધા, હવે નહીં.' લે, આવું બોલે છે !

## દાદાએ આપ્યા ડોળીના પૈસા

એટલે પછી મહારાજનો જે શિષ્ય હતો, તે બહુ ડાહ્યો માણસ હતો.

એ મારે ત્યાં આવ્યો. મેં કહ્યું, 'મહારાજ શું છે ? ચા વહોરવા આવ્યા ?' ત્યારે કહે, 'ના, આજ તો બીજી જ વાત કહેવા આવ્યો છું.' મેં કહ્યું, 'શું ?' ત્યારે કહે, ''આ લોકો તો આવું ડોળી આપવાનુંય 'ના' કહે છે ને 'જાવ', કહે છે. હવે અમે શી રીતે કરીએ ? ડોળીના પૈસાય અહીં ના મળે, આ લોકો કહે છે, કે આમાં આગળ લખેલું નથી કોઈ જગ્યાએ, ડોળી અપાયેલાનું.'' એટલે મને તો રીસ ચડી, મેં કહ્યું, 'આવા માણસો હોય ? આ જાત આવી હોય ?' આપણા સાધુ ના હોય ને પારકા હોય ને, તોય કરાવવી પડે. તે પછી મેં મહારાજને કહ્યું, 'ડોળીનો શું ખર્ચ આવે છે ?' ત્યારે કહે, 'પચાસ રૂપિયામાં આવે. અહીંથી છાણી મૂકી જશે અમને.' ત્યારે મેં કહ્યું, 'પચાસ હું આપીશ, તમે ડોળી બોલાવી લો.' એટલે ડોળી બોલાવી. અને પછી છે તે મહારાજને પાછા વળાવવા એ લોકો આવ્યા બધા, તે સંઘ બધો. વાજાં બોલાવ્યા ફર્સ્ટ ક્લાસ ! અને આ સંઘપતિઓ લાંબા કોટ પહેરી પહેરીને આમ આમ બટન બંધ કરતા કરતા આવ્યા, આમ આમ ! પછી હુંય ત્યાં લાંબો કોટ પહેરીને ગયેલો. મહારાજને વાજતે-ગાજતે બેન્ડવાજાં વગાડીને વિદાયગીરી આપવામાં આવી ! મોટો વરઘોડો કાઢ્યો ને સંઘપતિ પણ માથે પાઘડી-બાઘડી મૂકીને ધામધૂમથી મહારાજના વરઘોડામાં ચાલ્યા ! ઠેઠ સુધી મહારાજને વળાવવા ગયા, બધું કર્યું પણ આ વિચાર નથી આવતો, કે 'ભઈ, આપણે આ લવાય કે ના લવાય, ડોળી ?' એટલે બધું આ અંધાધૂંધી થઈ ગયું છે.

## વરઘોડાના પાંચસો ખર્ચ્યા પણ ડોળીના પચાસ નહીં

અલ્યા, આ વાજાં વગાડ્યાં ને વરઘોડાનો જલસો કર્યો તેમાં પાંચસો રૂપિયા ખર્ચ્યા ને મહારાજ માટે ડોળી કરવા પચાસ રૂપિયા ના ખર્ચાયા ? કારણ શું ? ત્યારે કહે, 'વરઘોડાનો કાયદો તો અમારી પાસે છે પણ આ ડોળીનો કાયદો તો અમારા પાછલા ઈતિહાસમાં પણ નથી, એટલે અમે કેવી રીતે એમ કરીએ ?'

હવે આને મારે 'અવ્યવહારુ' ના કહેવું તો શું કહેવું ?

હવે ત્યાં આગળ છે તે શું કરે ? સાંઈઠ રૂપિયાના વાજાં બોલાવે ને બરાત (વરઘોડો) કાઢે. તે મેર, એને પગે ના ચલાય તો ડોળીના પૈસા

આપ ને ! મેં કહ્યું, 'અરે ભઈ, શા હારુ આ બધા રાજાને ત્યાં વાજાં ?' એ તો એમ કે પ્રભાવના. એટલે બધાને એમ થાય કે આ જૈન ધર્મ કેવો ! છે તે મહારાજને વળાવવા જાય છે.

પણ એ જુઓ તો ખરા, ડોળીના પૈસા ના આપ્યા પણ ! બોલો હવે, આવા પ્રમુખ મળ્યા હોય તો આપણી શી દશા થાય ?

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

## ચોપડો જોવાનો કે કૉમનસેન્સ વાપરવાની હોય ?

**દાદાશ્રી :** આ તો મેં પુસ્તકમાં લખ્યું ને, તે બહુ લાગી ગયું બધાને. મેં ખુલ્લું કર્યું, આ આપ્તવાણીમાં. મેં કહ્યું, 'અમારી પોળમાં આવું બનેલું.' હવે એક સાધારણ, સાદા ભાવથી વાત કરવા ગયો પણ ચોંટી પડ્યા એ લોકો તો. 'આ તમે અમારું પોલ ઉઘાડું પાડો છો આવું બધું ?', કહે છે. મેં કહ્યું, 'હતું તો પાડ્યું આ હવે. જે ના હોય એ નહીં પાડું.' આ માણસાઈ કહેવાય ? ગમે તે માણસ રસ્તામાં ઊલટી કરતો હોય, તે મૂઆને ખબર નથી કે ત્યાં આગળ પૂછવા આવવાનું હોય ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** મારી વહુને પૂછી જોઉં ? ત્યાં ચોપડો જોવાનો હોય ? કૉમનસેન્સ વાપરવાની હોય. ઑન ધી સ્પૉટ (તે જ ક્ષણે) ન્યાય કરવાનો. નાના છોકરાંય ન્યાય કરી નાખે. ત્યાં ચોપડામાં જોવાનું હોતું હશે ? એની જરૂર શી છે તે ? આપણે અહીં આગળ પૈસા આપી દો, પછી એ જશે. કૉમનસેન્સ જ મારી ગયેલી છે આ, કૉમનસેન્સ જ નથી રહી. બનતા સુધી આવું ના કરે, પણ ત્યાં તે દહાડે થયેલું આવું. આ અજાયબી એક થયેલી ! આપણે અહીં તો ઉપાસરામાં એવું ના થાય, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના, અહીંયા મુંબઈમાં તો બધું આપે છે.

**દાદાશ્રી :** બધા જૈનના સાધુઓ સારા છે, પણ એમને આ અંતરાય નડ્યા. આ કેસ મેં આપ્તવાણીમાં લખ્યો, તે તેની તો આખી છે તે મામાની પોળ સામી થઈ, કે 'આ અમારું શું કરવા છાપ્યું ?' કહે છે.

ત્યારે મેં કહ્યું, 'જેવું દેખું એનું છાપું કે બીજાનું ના દેખું તેનું છાપું ? આ મેં જાતે જોયું, અનુભવ્યું, પચાસ મેં આપ્યા.' પણ આ આવી દશા થઈ છે બધે. આ દેખાય છે શેઠિયાઓ, પણ છાંટો બુદ્ધિનો જોવા ના મળે. સમ્યક્ બુદ્ધિનો છાંટો ના મળે. આ વિપરીત બુદ્ધિ બધી ખરી, કે આ કોનું લૂંટી લઉં, ક્યાંથી ખઈ જઉં, એ બધું આવડે. સમ્યક્ બુદ્ધિ એટલે મારું હિતકારી થાય, એવી બુદ્ધિનો છાંટો ના મળે. આમાં શું તમને વાત સમજવાની મળી ?

**પ્રશ્નકર્તા :** એ જ કે એમને બિલકુલ હિતાહિતનું કશું જ ભાન જ નહીં, ત્યારે જ આવું કરે ને !

**દાદાશ્રી :** હા...

## સમ્યક્ બુદ્ધિવાળો વ્યવહાર કેવો હોય ?

ચોપડા જોવાના હોય, મૂઆ ? કોઈ પણ માણસ, બહારનો માણસ હોય તોય આપણે ઘરમાંથી પૈસા કાઢીને એને મદદ કરીએ. એના કાયદા જોવાના હોય ? આ હું આપણા સંઘમાં શું આ બધા સંઘપતિઓને પૂછવા જઉં ? અહીં કો'ક જરા અડચણવાળો હોય તો હું તરત જ સંઘમાંથી લઈને અપાવી દેવડાવું. મારે પૂછવાનું હોતું હશે ?

આપણા એક મહાત્માને છે તે વારેઘડીએ હું જોઉં છું કે અહીં આગળ થીગડું હોય છે, અહીં થીગડું હોય છે. એને જોયો કે તરત જ આ ભાઈને પાછળ મોકલ્યો. મેં કહ્યું, 'જાવ, આપણે ત્યાં તાકો લાવ્યા છે એમાંથી એને કપડું આપી દો, પૈસા નહીં લેતા.' તે કાલે આપી દેશે કાપડ. કંઈક તો હોવું જોઈએ, આપણે... બધા કંઈ કાપડ માગે એવા છે ?

**પ્રશ્નકર્તા :** અને એ તો ચોપડામાં ના હોય તોય એ લોકોએ સમજીને કાઢવા જોઈએ ને, પચાસ રૂપિયા કંઈ બહુ મોટી, કિંમતી વસ્તુ નથી.

**દાદાશ્રી :** ના, પણ ચોપડામાં ખોળે છે, ત્યાંથી હું જાણું કે આ ડફ્ફૂસ લોકો છે, આ ભાન જ નથી વખતે. મૂઆ, ચોપડામાં શેનું ખોળે ? આ તો સાંભળતાની સાથે જ મહીં ગજવામાં હાથ ઘાલવાનો હોય. અને

પચાસ ના હોય તો ઘેર જઈને લઈ આવવાના હોય. પણ આ તો ચોપડા કાઢો... અરે, મહેતાજીય એમના ખરા, તે મહેતાજીનેય મનમાં એમ થાય, કે આવા કઈ જાતના ચોપડા કઢાવે છે આમાં ? પણ એય બધા આવા... સાપ ગયા ને લિસોટા રહ્યા બધું. આ વિપરીત બુદ્ધિમાં તૈયાર, સમ્યક્ બુદ્ધિ નામેય નહીં, છાંટોય નહીં.

## જૈનોને લાગે આ બાપ-દાદાનું, જ્યારે જૈનેતર કામ કાઢી લે

હું લાંબો કોટ પહેરીને જૈનમાં જઉં ને, પેલો વરઘોડો હોય ત્યારે, તે મને બધા શેઠિયાઓ કહે, 'તમે જૈનેતર થઈને બહુ વેપાર કરી ગયા, લાંબો વેપાર કરી ગયા.' મને 'જૈનેતર' કહે. કેવા કહે ?

**પ્રશ્નકર્તા :** જૈનેતર.

**દાદાશ્રી :** શેઠિયાઓ આગળની લાઈનમાં મને બોલાવે અને પાછા મારા મોઢે કહે, 'જૈનેતર તરીકે ખૂબ કમાણી કરી ગયા.' તે અમે વૈષ્ણવ કહેવાઈએ, માટે અહીં કહેવાય જૈનેતર. જૈનો અમને શું કહે ? 'તમે જૈનેતર કહેવાવ, બહુ કામ કાઢી લેવા માંડ્યું છે.'

પછી એ શેઠિયાઓને હું કહું, 'આજ સાંજે બધા બેસો આપણે, હું વાતચીત કરું જૈનેતરની.' પછી શેઠિયાઓને કહું. જૈનોનું દસ-પંદર ઘરાંનું ગામ હતું મોટું અને મોટી મોટી હવેલીઓ હતી કંઈ. અને બીજી કોમોય હતી, એમના ઘરાં નાના નાના હતા. હવે એમાં જો મારા જેવો જૈનેતર બહારથી રહેવા આવ્યો હોય એ ગામમાં, એટલે હું જાણું કે આ તો શેઠિયાઓ જ છે, હવેલીવાળા જ છે. મારી તમન્ના એ કે કેમ કરીને વીતરાગ માર્ગને પહોંચી વળું અને તમે તો એશઆરામ કરો છો ! 'આપણા ઘરનું, બાપદાદાનું છે ને !' તમારે તો આ બંગલા જૂના, બાપદાદાના, એટલે તમને વાંધો શું ? કામ કાઢવાની જરૂર જ નહીં ને ! આ તો બહારથી આવ્યો તેને જોવાનું છે, પુરુષાર્થ કરવાની જરૂર. તમે જૈનોના ગામમાં સહુ સહુના પોતાના જૂના ઘરાંમાં રહો છો. અમે બહારથી આવ્યા તે નવી હવેલીઓ બાંધી. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** નવી હવેલીઓ બાંધી.

**દાદાશ્રી :** આપણે અહીં આ બધા આવ્યા ને, બીજા લોકો ? જુઓ ને, બધા ઘરાં બાંધી દીધા ને, બધું બાંધ્યું. બહારથી આવે તે ફાવી જાય અને જૂનાવાળાને તો આપણું જ છે ને ! જૂનું થઈ જાય.

## શોધો સાચો વીતરાગનો કૂવો

એટલે આ જૈનેતર ફાવી ગયો. એને તો આવો પ્રમાદ ના હોય ને ! અને આ તો 'બસ, આપણા બાપ-દાદાનું જ છે ને ! અમારા દાદાય આ કૂવામાં પડેલા, બાપાય આ કૂવામાં પડેલા ને આ અમે બધા આ જ કૂવામાં પડીએ છીએ.' હું કહું, કે 'બા, તે કૂવામાં હું ના પડું. હું તો વીતરાગના કૂવામાં પડવાનો છું. તમે જે પડો છો ને એ વીતરાગના કૂવાનો જે ફોટો પડે છે ને, તે એ ફોટાના કૂવામાં પડો છો અને મેં તો સાચો કૂવો ખોળી કાઢ્યો છે.' 'અમારા બાપદાદા આમાં ગયા'તા, દાદા હઉ ગયેલા, બાપાયે આમાં ગયેલા.' ત્યારે મેં કહ્યું, કે 'વીતરાગતાના કૂવામાં તો પચ્ચીસ-પચ્ચીસ ફૂટ પાણી હતું અને કેવો સરસ કૂવો હતો ! લાંબો, પહોળો, એં... ભીંત ના આવે, કશુંય નહીં. જ્યારે પડવું હોય ત્યારે પડો. અને કલ્યાણ થઈ જાય એવું. પણ અત્યારે તો મહીં પાણી નથી, મહીં પથરા પડ્યા છે. ના પડશો હવે આ કૂવામાં. જરા પાણી જોઈને પડો ને, એમ ને એમ શું કરવા પડ પડ કરો છો ? બાપ-દાદા તો પડે. વીતરાગને ઓળખો. વીતરાગના કૂવા કયા ? આ વીતરાગ આવો ના હોય. વીતરાગના કૂવામાં નિરંતર પાણી હોય. નિરંતર સેફસાઈડપણું હોય. અન્‌સેફ હોય જ નહીં. વીતરાગના કૂવામાં આર્તધ્યાન-રૌદ્રધ્યાન ન હોય. આ તો આર્તધ્યાન ને રૌદ્રધ્યાનના મોટા કારખાના !'

આવા જૈન કેમ હોવા જોઈએ ? આ સમજાવે તો બધા બહુ ડાહ્યા છે પાછા. આ તો ગેડ પડી ગઈ, પેલાએ આમ કર્યું, પેલાએ આમ કર્યું, તે ચાલ્યું બધું ગાડું. તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા, બરાબર છે.

**દાદાશ્રી :** એટલે આ બધું મુશ્કેલીમાં થયું... ગૂંચાયું. કોઈનો દોષ નથી. હવે બનવાનું તે બની ગયું, પણ હવે જો સુધરે આવા વિચારોથી,

તો હજુ સુધરી શકે એમ છે. અને બગડેલું સુધારવું એનું નામ જ ધર્મ કહેવાય ! સુધરેલાને તો સુધારવા તૈયાર હોય જ બધાય, પણ બગડેલું સુધારવું એનું નામ જ ધર્મ કહેવાય !

## ચપટી વારમાં સમજણ પાડી દે જૈનોને

**પ્રશ્નકર્તા :** દાદા, તમે જૈનોને બહુ સરસ રીતે સમજાવી શકો છો.

**દાદાશ્રી :** હા, એ તો એક ફેરો જૈનો મામાની પોળમાં ભેગા થયેલા. અને હું જઈ ચઢેલો ત્યાં આગળ. આ તો ત્રીસ વર્ષ પહેલાની વાત કરું છું, જ્ઞાન થતા પહેલાની. ત્યારે એ શું કહે છે ? 'અમે પણ હવે છે તે આખું અમારું જૈનિસ્તાન માગવાના છીએ ગવર્મેન્ટ પાસે.' તે એવી બધી વાતો ચાલતી'તી. વાતો પૂરી થવા આવી અને હું ત્યાં ગયો. મેં છેલ્લો શબ્દ સાંભળ્યો, એટલે મારા મગજમાં વિચાર આવી ગયો, કે 'ઓહોહો, આ બુદ્ધિશાળી લોકો શાનું વલોણું વલોવી રહ્યા છે ?' સમજદાર માણસો ભેગા થયેલા બધા. ત્યારે મેં કહ્યું, 'ભઈ, કબૂલ, તમે બહુ માગો ને તમારું દબાણ થાય, તો કચ્છ જેવો તમને પ્રદેશ આપીએય દે, કારણ કે તમે ચાલીસ-પચાસ લાખ માણસ છો, કચ્છ નહીં ને થોડોક એ કાઠિયાવાડનોય ભાગ આપી દે સરકાર. પણ પછી તમે હજામ, ઘોડાગાડીવાળા કંઈથી લાવશો બધું ? સુથાર-કડિયા કંઈથી લાવશો ? આ તમારે જાતે થવું પડશે.' અને વિગતવાર જે બોલ્યો અડધો કલાક, તે બધા પછી ટાઢાટપ થઈ ગયા, ફરી બોલે નહીં એવું થઈ ગયા. મૂઆ, સાપને ઘેર સાપ જાય તો જીભ ચાટીને પાછો આવે ! આ બધા વેપારી તમે, કોની જોડે વેપાર કરશો ? શરમ નથી આવતી, આવું બોલો છો તે ? આ તો આમને લીધે બધુંય મળે, સુથાર, કડિયો, જે જોઈએ એ.

એનો એ માર ખાય છે આવી રીતે, અવળી સમજણથી. પણ આપણે સમજણ પાડીએ તો સમજી જાય પાછા, હોં કે ! બધા સમજી ગયા, મને કહેવા માંડ્યા, કે 'આ તો બહુ મોટી ભૂલ થશે. ના મંગાય, આ તો મંગાય જ નહીં.'

❖❖❖❖❖

# [૧૨.૫]
# બેચરલાલ શેઠનો બીડો !

## ધર્મની વાત સાંભળવા બધા માનભેર બોલાવે

**પ્રશ્નકર્તા :** દાદા, પેલી બીડીની વાત કરો.

**દાદાશ્રી :** બીડીનું શું ?

**પ્રશ્નકર્તા :** તમારી પોળમાં વાણિયો હતો ને, જેમને મહારાજે પેલી બીડી છોડાવી ને, બેચરદાસ વાણિયાને મહારાજે બીડીની બાધા આપેલી એ વાત.

**દાદાશ્રી :** હા, હા. એક સ્થાનકવાસી શેઠ હતા, બેચરદાસ કરીને. તેમને ત્યાં રોજ મારી બેઠક. અમે તો ધાર્મિક ખરા ને, એટલે બધા 'આવો-પધારો' કરીને બેસાડે. ત્યારે પેલું આ ચાખવાની ટેવ. 'આવો-પધારો'ની વધારે ટેવ. 'આવો પધારો' એટલું બોલે એટલે આપણે બૅંક બેલેન્સ જમે થઈ ગયું. પછી એ ચા પાય કે ના પાય તેની કંઈ બહુ પડેલી નહીં. મૂળ માન ભૂખ્યાની ટેવ, હેબિચ્યુએટેડ. એ મેણો ચડે, માનથી બોલાવે એટલે. પછી એક ચાનો કપ આપે ને આટલી ડિશ મૂકે ને, એટલે ખુશ. તે ડિશ ના મૂકે તોય ચાલે એમ. ચા ના મૂકે તોય ચાલે, પણ બોલાવનાર જોઈએ. તકિયો-બકિયો આપે ને, એમ. એટલે શેઠને ત્યાં બેઠક મારે. રોજ ચા-પાણી કરે, નાસ્તા કરાવડાવે. ત્યાં બેઠક રોજની. અને એને ધર્મનું સાંભળવાનું મળે. તે

એ શેઠ કહે કે મારે ત્યાં તમારે આવવું જરા, અને તમારી મને ધર્મની બાબત સારી પડે છે.

હું ઘેરથી ચા-પાણી પીને નીકળું, પણ ત્યાં ફરી ધરે તો પીઉં ખરો. એટલે પેલા તો સમજી ગયેલા, તે જઉં એટલે ચા મૂકે. મારા કરતા વીસેક વર્ષે મોટા, પણ બહુ માનભેર બોલાવે. કારણ કે જૈન ધર્મની વાત બહુ સુંદર કરું ને ! આ વ્યવહારિક ધર્મનીય બહુ સારી વાત કરું. આ અક્રમ તો પછી નીકળ્યું. મારી પાસે જ્ઞાન નહીં તે દહાડે, તોય પણ સત્સંગ સારો નીકળે, સમજાવું હું. એટલે મારી ઉપર બહુ ખુશ !

## મોટો-જાડો બીડો જોઈ નવીનતા લાગી

તે પછી જઈને બેસું, તે રોજ કંઈ વિચિત્રતા લાગે નહીં. આપણે જાણીએ કે આ સ્થાનકવાસી એટલે આવા જ હોય. એમાં વિચિત્રતા લાગે ત્યારે આપણે વાત કરવી પડે. દેરાવાસી આવા હોય, સ્થાનકવાસી આવા હોય. આ કચ્છી ઘોડા આવા હોય, ફલાણા ઘોડા આવા હોય, એવું બધું આપણે ના સમજીએ ? એવી રીતે આ જાતો અમે ઓળખીએ ! તે હું તો એક દહાડો ગયો, અને શેઠ બીડી પીવે. હુંય પીઉં બીડી, એય પીવે. તે ચાલુ બજારની બીડીઓ હોય ને, એ પીવે. તે દહાડે નવીનતા જોઈ મેં. તે આવડો મોટો બીડો વાળેલો. આટલો જાડો આગળ, પાછળ પાતળો. આસીત્રીના પાનનો બીડો બનાવડાવેલો, આવડો મોટો !

ત્યારે મેં કહ્યું, ‘બીડો કેમ આવડો મોટો બનાવ્યો, બેચરલાલ શેઠ ?’ ત્યારે કહે, ‘હું અપાસરે ગયો હતો ને, એ મહારાજ ખઈખપૂચીને મંડ્યા છે. મહારાજ મારી પાછળ આદુ ખાઈને પાછળ પડ્યા છે.’ ‘અલ્યા, એ કંઈથી, આદુ ના ખાય એ તો !’ ત્યારે કહે, ‘ના, આદુ ખાઈને પાછળ પડ્યા છે.’ ત્યારે મેં કહ્યું, ‘શું કર્યું ?’ ત્યારે કહે, ‘બીડી નહીં પીવાની તમારે. બીડીની બાધા લો અત્યારથી.’ તો આ કહે છે, ‘સાહેબ, મારે બીડી વગર ચાલે એવું નથી.’ ત્યારે કહે, ‘ના, હું કહું છું ને, લ્યો બાધા લો અત્યારથી.’ તો કહે, ‘સાહેબ, ચાલે એવું નથી મહારાજ, નકામું શું બાધા આપો છો ? મને ટકશે નહીં બાધા.’ ત્યારે

કહે, 'ના. હવે બીડી તમારે નહીં પીવાની.' એટલે શેઠ મને કહે, 'હવે લાગલગાટ ચોંટી પડ્યા, હવે મારાથી પોસાય શી રીતે ? મને તો આ ટેવ પડેલી છે. મેં મહારાજને વિનંતી કરી, મહારાજ સાહેબ, મારે છૂટે એવી નથી અને તમે મને આગ્રહ ના કરશો.' મહારાજ કહે છે, 'નહીં ચાલે, પીવાનું જ નહીં.' મહારાજને એમ કે આ તો એમને કંઈક સંયમ પમાડું એવું રહે.

## જબરજસ્તીથી બીડીની બાધા લીધી, તે ચારની છૂટ

એટલે આ વાણિયાભાઈએ છટકી જવા માટે શું કર્યું, કે 'સાહેબ, થોડું નક્કી કરો કે આટલી બીડી પીઈએ તે ચાલે.' છેવટે કહે છે, 'ચાર બીડી હું પીશ ને પછી વધારે નહીં પીઉં', એમ કરીને સમાધાન પર આવ્યા બેઉ. મહારાજ ને શેઠ બેઉ. સાહેબનું ઉથાપન કરવાનું તો એમને મનમાં એ થાય, કે કંઈ શ્રાપ-બાપ આપી દેશે તો મારી નાખશે. એમને ભડક આ બહુ હોય છે ! અલ્યા, શું આપવાના શ્રાપ તે ? એમની પાસે જ કશું નહીં ને ! તે પછી પેલા શેઠ ચાર બીડી નક્કી કરીને આવેલા. તે શેઠના મનમાં એમ થાય, કે 'આ મહારાજે ચાર કહી, મારે પચાસ જોઈએ, તે શી રીતે દહાડો વળશે ?' એટલે શેઠ તો અક્કલવાળો હોય મૂળનો, વણિક કોમ તો અક્કલવાળી હોય ને ! તે 'ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યા કાઠડા' કરીને ઊભા રહે. તે શેઠે શું કરવા માંડ્યું ? એમણે આવડી મોટી બીડી ચાર બનાવી. આવડી આવડી બીડીઓ ! અને પીવા માંડી. ત્યાર પછી મેં કહ્યું, 'શેઠ, પણ આવું તમારે કરવું ના જોઈએ.' ત્યારે કહે, ''પણ મહારાજ બહુ મંડ્યા, શું કરું ? મેં સાહેબને બહુ કહ્યું, 'સાહેબ, થોડી ઘણી છૂટ આપો મને. ધીમે ધીમે છોડીશ.' ત્યારે કહે, 'સારું, સારું, ચાર બીડી પીજો.' એટલે આ મારે ચાર જ કરવી પડે ને !''

**પ્રશ્નકર્તા :** વચલો માર્ગ કાઢ્યો.

**દાદાશ્રી :** ''એટલે ચાર બીડી માટે આવડો મોટો બીડો બનાવ્યો છે. ચાર બીડીમાં મારે શી રીતે ફાવે ? મહારાજને મેં ના કહ્યું, કે

'સાહેબ, મારાથી બાધા લેવાય એવી નથી બીડીની.' તો મહારાજે બહુ જબરજસ્તી કરી. અને પછી કહે છે કે 'ચાર બીડીની છૂટ આપીએ છીએ તમને.' તે ચાર બીડીની છૂટ આપી, હવે મારે શી રીતે રહેવાય ? એટલે આ બીડો હું બનાવું છું. તે આ બીડો થોડીવાર સળગાવી અને રાખી મેલું છું'', કહે છે.

મેં કહ્યું, 'આવી જબરજસ્તી આ !' બોલો, કોનો ગુનો હશે આમાં, આ વાતમાં ? તમને કોનો ગુનો લાગે છે ?

**પ્રશ્નકર્તા :** મહારાજનો.

**દાદાશ્રી :** આવું છે. ભગવાન મહાવીર કેવા હતા ! આગ્રહ નથી કર્યો. આ અમે પણ કોઈને આગ્રહ ન કરીએ. આ બધાયનો વિરોધ નહીં કે આગ્રહ નહીં. આગ્રહ છે ત્યાં પછી ધર્મ જ નથી, કે 'આમ કરો જ.' અમે તો તમને કહી છૂટીએ, આ કરવા જેવું અને આ નહીં કરવા જેવું, બસ !

## ગુનો દબાણથી બાધાનો, મોટા બીડાનો નહીં

એટલે ચાર બીડી પીવાની એવું નક્કી કરીને ત્યાંથી આવ્યા. એટલે આમણે મોટો બીડો બનાવ્યો, આવડો મોટો ! એય... પાંચ વખત ચાલે ! સળગાવીને પછી મૂકી રાખવાની. હું સમજી ગયો કે ઓહોહો ! આ અમે પટેલો, ક્ષત્રિયો, અમારી આવી સમજણ ના હોય. આપણામાં આવી સમજણ ના હોય, જ્યારે આ વણિકોને તો બુદ્ધિ પહોંચી જાય ને ! તરત બુદ્ધિ પહોંચી જાય એની. ક્યાં પહોંચી જાય ?

**પ્રશ્નકર્તા :** ઠેઠ પહોંચી જાય.

**દાદાશ્રી :** તોય પણ મેં કહ્યું, કે 'ભલે મહારાજે દબાણ કર્યું પણ આવી રીતેય પીજો.' કારણ કે દબાણ કરવું જ ના જોઈએ અને તમે દબાણમાં વશ થયા તે પરાણે વશ થયા છો, માટે એ તમારો ગુનો નથી આવું પીઓ તો. એટલે મેં કહ્યું, 'પીજો, આ આવડો કરીનેય પીજો ! એનો વાંધો નથી. કશો વાંધો નહીં.' મોટી બીડી દેખી તેનો વાંધો મેં

ઉઠાવ્યો નથી. હું જાણું, કે મોટી બીડી ને આ નાની બીડી. ચાર બીડા છે તે ચારમાં પૂરી કરવી જ જોઈએ ને ! એ તો મને વાંધો નહોતો બિલકુલેય. કારણ કે એ તો મનનો સ્વભાવ છે. નખરા ખોળી કાઢવા એ મનનો સ્વભાવ છે.

## ભગવાનના કેવળજ્ઞાનમાં ના આવ્યું હોય એવું જ્ઞાન (!)

પછી એ જે બીડી પીવે છે ને, ત્રણ તો છે એમની પાસે સ્ટૉકમાં ને આ બીડી પીવે છે ને, તેમાં થોડું પી રહેલા સવારથી બપોર સુધી. પછી બે પાંદડા લઈને નીચેથી પાછા ચઢાવા માંડ્યા ! મેં કહ્યું, 'આ શું કરો છો ?' ત્યારે કહે, 'ચારે પૂરું ના થાય આનું આ.' ધનભાગ છે આ ! આવું તો મહાવીર ભગવાનેય નહોતા જાણતા. આ જ્ઞાનથી તો ભગવાનેય અજાણ હતા ! ભગવાનના કેવળજ્ઞાનમાં ના આવ્યું આ જ્ઞાન તો ! આવું બને છે એવું તો મેં આજે જ જાણ્યું. તમારી વૈશ્ય બુદ્ધિનેય ધન છે ! આનું નામ વૈશ્ય કહેવાય. ચાર બીડી બોલ્યા એટલે બોલ્યા અને નહીં તો નહીં બોલવાનું. મહારાજને ચોખ્ખું કહી દેવાનું, કે 'નહીં પળાય, તમે કહેશો તોય નહીં પળાય, બા.' અને બોલ્યા એટલે ક્ષત્રિય. પછી આવું જુઓ ને, આ આવડાં મોટાં ટેટા કરેલા. પાછું ઉપરથી ઘાલે. આ તો મેં જાણ્યું, કે આ વાણિયા તો આવા જ હોય. પણ એ ઉપર પાછું ઘાલવા માંડ્યું ત્યારે મને આશ્ચર્ય થયું, કે આ મહાવીર ભગવાનને જે જ્ઞાન કેવળજ્ઞાનમાં ના આવ્યું તે જ્ઞાન તમને છે આ ! હવે પછી આને કઈ જાતના કહે ? હવે આશ્ચર્ય ના થાય બળ્યું ! અને પાછો મને નાસ્તો કરાવડાવે, બળ્યો ! મેં કહ્યું, 'આ આમને ત્યાં ક્યાં પત્તો પડ્યો આ ? આવો લોભ છે ને જવું છે મોક્ષે !' બહુ જાતના લોભ જોયા બધા, પણ ભગવાનના કેવળજ્ઞાનમાં ના આવ્યું હોય એવું તો આ બેચરલાલ શેઠને ત્યાં જ જોયું ! કહેવું પડે ! બેચરલાલ હજુય મને યાદ આવે છે.

પાછા રોજ મને શું કહે ? 'તમારી સમતાઓની વાત સાંભળીએ છીએ એટલે અમને એમ જ થાય છે કે અંબાલાલભાઈની પાસે જ બેસી રહેવું.' અમારી પાસે બેસીને આ સમતા શીખ્યા (!) હવે આમને તો

શી રીતે પહોંચી વળાય ? આમની જોડે આપણો શું પત્તો ખાય તે ? એ મહારાજનેય ધન છે ! મહારાજ કહે છે, 'તમારે આજ્ઞા પાળવી પડશે.' ત્યારે મેં કહ્યું, 'હા... તેથી આ તમે આજ્ઞા પાળો છો એમ ?' સારું. તેય મને આટલું આશ્ચર્ય થયું. મેં કહ્યું, 'ધન્ય છે આ કાળને !'

## ભેદ, મહારાજ ને મહાવીરને છેતર્યા વચ્ચેનો

એ તો પાછું જ્ઞાન નહીં ને, તે મારી કડકાઈ એકદમ જામેલી. એટલે જે હું વઢ્યો છું... મેં કહ્યું, 'મહાવીરને છેતરો છો ? મહારાજ અત્યારે એને ઘેર છે, પણ મહાવીરને શું કરવા છેતરો છો ? ચાર બીડીઓ તમે મોટી બનાવી તેનો વાંધો નથી, આવડી બનાવી હોત તોય વાંધો નથી. એ મહારાજને છેતર્યા કહેવાય, મહાવીરને છેતર્યા ના કહેવાય. આ તો મહાવીરને છેતર્યા, તે પાંદડા ઘાલવા માંડ્યા ! આ તો મારું હારું આ દુનિયામાં કોઈને આવડતું નથી ! ધન છે તમારા લોકોને !' એ જે લપોડ લપોડ કરીને, આ રોકડી જ આપવાની, કૅશ જ ! એ કશું ઉધાર નામેય નહીં.

**પ્રશ્નકર્તા :** એ અહીંયાય એવું જ કૅશ આપો છો ને ?

**દાદાશ્રી :** હા, બધું કૅશ જ આપી દઉં, રોકડું, ઉધાર નહીં. એટલે શેઠિયાઓ સમજે કે આ કૅશ આપશે, પણ ગમ ખઈ જાય બધા, પાકા ને ! પાછી અમારી સ્યાદ્‌વાદ વાણી. પણ આ બોલો, બીડાની પાછળ પાંદડા ઘાલે. ભગવાનને છેતર્યા કહેવાય, એ મહારાજને તો છેતર્યા કહેવાય પણ મહાવીરનેય છેતર્યા ! બોલો, મહાવીરને છેતરીને આ મોક્ષે જવાના છે ? આવી વંશાવળીઓ જોયેલી તમે ?

**પ્રશ્નકર્તા :** જોવા મળે છે, નથી મળતી એવું નહીં.

## કપટ કરવા કરતા મહારાજને કહો કે તમે બાધા લો

**દાદાશ્રી :** મેં કહ્યું, 'પહેલેથી ચડાવીને મૂઆ કરવી'તીને, આવડી કરવી'તી બળી ! પહેલેથી પ્લાનિંગ હોત, કેટલા દરવાજા રાખવા તે

નક્કી કરવું જોઈએ. અને પછી તમે બારીઓ ઘાલી દ્યો એ ચાલે નહીં.' મહીં પાના ચડાવવા માંડ્યા. મેં કહ્યું, 'ભગવાનને છેતરો છો ?' ત્યારે કહે, 'આ ભગવાનને છેતર્યા કહેવાય ?' મેં કહ્યું, ''હા, આ કપટ કહેવાય. આવડો બનાવો ને પીવો છો તે. જૈન આવા હોતા હશે ? આ દશા કરી ? કોણે તમને ઊંચા બાંધ્યા'તા ? પાના શેના માટે ચડાવો છો આ ? આ તો મહારાજ તો બાજુએ રહી ગયા, મહાવીર છેતરાય છે.'' 'શું કરું સાહેબ, આ બાધા લઈ લીધી એટલે ?' મેં કહ્યું, 'મહારાજને કહી દો, ભૂલેચૂકે મારાથી બાધા નહીં લેવાય, બાધા તમે લો મારા બદલે. તમને બહુ કૈડ કૈડ કરતું હોય તો તમે બીડીની બાધા લો અને બીડી ના હોય તો ચા નહીં પીવાની બાધા કરી દો. કંઈક તમે બાધા લઈ લો ને ! હું ક્યાં બાધા લઉં ? હું બૈરાં-છોકરાંવાળો માણસ...'

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** પણ બોલાય નહીં, મહારાજ પાસે બહુ બોલતાય ના ફાવે. મહારાજથી ગભરામણ ગભરામણ થાય. અરે, મહાવીર ભગવાન હોય તોય ગભરાવાનું શું કારણ છે તે ? પાછળ આવા કપટો કરવા એના કરતા ખુલ્લું કરવું સારું. આ તો ભયંકર કપટ કહેવાય, આ પાછળ પાંદડા ચડાય ચડાય કરો છો ! આ તો અમારા ક્ષત્રિયોની સમજ બહારની વાત. ક્ષત્રિય બહુ કો'ક શીખવાડે તો મોટો બીડો કરે, પણ પાના ના ચડાવે. ક્ષત્રિયનું તો એ કામ જ નહીં.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** પાના ચડાવ્યા ! આ તો જાણીતા દાખલા આવા છે તે અજાણ્યા કેવા હશે તે ?

મેં બધી જાતના લોક જોયેલા ને, અને હું ખૂબ વઢ્યો એમને પછી. ત્યારે કહે, 'હા, હવે નહીં ચઢાવું.' મેં કહ્યું, 'સારું. ખોટું દેખાય આ તો. શોભાસ્પદ કહેવાય આ તમને ? ભગવાનને છેતરો છો પાછું ? આ તમારી જાતને છેતરો છો, મહારાજ તો એની ઘેર રહ્યા. આવડી બનાવો

ને, પહેલેથી. નક્કી કરવું કે ભઈ, આવડી બીડી બનાવવી આમ, પછી પી પી કરો ને ! પણ કંઈ નિયમ હોવો જોઈએ.' એમણે પાના ચઢાવવા માંડ્યા. આઉટ ઑફ એગ્રીમેન્ટ ! જોયું ને, આ બુદ્ધિ જોઈ ને ! સારીએય બુદ્ધિ હોય ને સદ્બુદ્ધિએય હોય.

હવે આને ક્યાં પહોંચી વળાય ? આ મિથ્યા બુદ્ધિ કહેવાય. આવડી મોટી બનાવી હોત તો હું ના કહેત, સમજત કે ભઈ, એ દાનત ચોર તો હોય, પણ આ તો પાના હઉ ઉમેર્યા નીચે. ન્યૂ ટેકનિક ! ભગવાનને છેતરવા માંડ્યા છે ! એટલે સમજી ગયા, કે 'હવે નહીં છેતરું.' મેં કહ્યું, 'આમ છેતરશો નહીં, આ મોટી પીવો.' પણ આ સ્વભાવ જાય નહીં ને બધાને !

## આંતરો તો વધે આદતો, કળિયુગની આ વિચિત્રતા

મેં કહ્યું, 'ભગવાનનેય છેતરો એવા માણસ છો. શી રીતે તમારું કલ્યાણ થાય તે ?' આ કાળમાં કલ્યાણની આશા રાખવી નહીં લોકોએ. આ દાદાને મળ્યા તેને કલ્યાણની આશા રાખવી. બાકી કોઈ જગ્યાએ કલ્યાણની આશા કોઈ સેવશો જ નહીં. આ વિજ્ઞાન જુદી જાતનું છે. આ વિજ્ઞાન નેગેટિવ નથી, બિલકુલ પૉઝિટિવ પદ્ધતનું છે. જેમ કરતો હોય તેમ કરવા દે. પણ તું આવી જા ને, મારા સપાટામાં આવી જા.

કોઈનામાં આ આદત છે, તો કોઈનામાં આ આદત છે, કોઈનામાં આ આદત છે. આપણે કહી દો ને શું શું આદત હતી ?

**પ્રશ્નકર્તા :** દાદા, પત્તાની ને રેસની જ વધારે તો.

**દાદાશ્રી :** આ સાયન્સ જ જુદું છે. આ કાળ જુદો છે. અત્યારે તો આંતરો તેમ વધતું જાય. શું થાય ?

**પ્રશ્નકર્તા :** આંતરો એટલું વધે એવું.

**દાદાશ્રી :** હા, આ કાળની વિચિત્રતા છે. તેમાં ગુરુઓ એને આંતર આંતર કરે. આ કાલથી તમારે ફલાણું ખાવું નહીં, ફલાણું ખાવું નહીં, ત્યારે પેલો છાનોમાનો ખાય.

## શ્રીખંડ ને ઉપરથી ગોળ મંગાવ્યો તે આશ્ચર્ય થયું

બીજી એક ગમ્મત થાય એવી વાત કરું. એક વાર કૌટુંબિક લગ્નમાં, જાનમાં જવાનું થયેલું. તે મણિભાઈ જ્યાં સર્વિસ કરતા'તા, હેડ માસ્તર તરીકે. એ તારાપુર ગામમાં જવાનું થયું. પછી મને દીઠો એટલે મને કહે છે, 'અહીં જાનમાં બેસાય નહીં તમારાથી. ઘેરે જ આવવું પડે.' પછી મેં કહ્યું, 'તમને મારાથી ના કહેવાએય નહીં.' ઘેર ગયો ને પછી બેઠા. ત્યારે હું ચોવિહાર કરું ને, એટલે જમવા વહેલું જવાનું. એય ચોવિહાર કરે. એટલે બેઉ સાથે પાછા જમવા ગયા. જાન તો મોડી ઊઠવાની હતી. જમવા ગયા એટલે એમને શ્રીખંડ બહુ ભાવે. ખોરાક સારો ખાય. શરીર મજબૂત એટલે ખોરાક તો હોય ને ! અને શ્રીખંડ ખાસ્સો આટલો બધો લીધો એમણે. પછી ગોળ મંગાવ્યો. ત્યારે મેં કહ્યું, 'કેમ ગોળ મંગાવ્યો ?' મને આશ્ચર્ય થયું કે આ શ્રીખંડ મંગાવ્યો ને પાછો ગોળ મંગાવ્યો ? ત્યારે કહે, ''ના, મેં મોળો શ્રીખંડ રખાવડાવ્યો'તો.''

**પ્રશ્નકર્તા :** મોળો શ્રીખંડ ?

**દાદાશ્રી :** હં, એટલે મને આશ્ચર્ય થયું. જેમ વાત કરતા જાય એમ આશ્ચર્ય થાય આનું, મૂળ જડ્યા સિવાય મને લાગે કે આ શું ?

**પ્રશ્નકર્તા :** હા...

## મેં ખાંડની બાધા લીધી તેવી ભૂલ ના કરશો કોઈ

**દાદાશ્રી :** શ્રીખંડ મોળો રખાવાનું કારણ શું ? અને તો પછી ગોળ નાખવાનું કારણ શું ? તે મને આશ્ચર્ય બધું લાગ્યા કરે. એટલે ધીમે ધીમે પૂછ પૂછ કરું કે 'શું એવું કારણ છે કે આમાં ગોળ લઈને તમે ખાવ છો ?' તે ગોળ ખૂબ ચોળ્યો, જાણે નવો લાડવો બનાવવાનો હોય ને એમ ચોળ ચોળ, ગૂંદ ગૂંદ કરી અને શ્રીખંડનો આવડો લોચો બનાવ્યો. પછી મને કહે છે, 'મેં જે ભૂલ ખાધી છે એવી ભૂલ કોઈ ખાશો નહીં.'

મેં કહ્યું, 'કહો હવે, તમે શી ભૂલ ખાધી ? તમે ભૂલ ખાવ એવા

માણસ જ નથી.' તે કહે, 'પ્રભુશ્રીની હાજરીમાં મેં ખાંડની છે તે બાધા લીધી છે, પણ એ બાધા મને પોસાઈ નહીં. તે કોઈ લેશો નહીં આવી.'

**પ્રશ્નકર્તા :** હા, આ બાધા લેશો નહીં કોઈ.

**દાદાશ્રી :** હા, તે કોણે ઊંચા બાંધ્યા'તા તે ?

## કારસ્તાન રચવા કરતા કહેવાય કે બાધા છોડી આપો

અને બાધા લીધી હોય તો ભગવાન મહાવીરનેય કહેવાય કે 'સાહેબ, તમે બાધા તો આપી, પણ અમારી શક્તિ બહારની વસ્તુ છે. માટે આ બાધા કાઢી આપો, છોડી આપો.' પણ આ તો રહેવા દીધી. તે એમને સત્ પુરુષને મનમાં એમ ના લાગે કે ભઈ, આ છોડાય કે ના છોડાય. બધું છોડી દેવાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** બ્રહ્મચર્ય વ્રત લીધું હોય તોય આપણે કહેવાય કે બ્રહ્મચર્ય વ્રત હમણે મારે પોસાય એવું નથી, માટે મારી પર કૃપા કરો.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** પણ જો કેટલા કારસ્તાન રચવા પડ્યા, ગોળ ને બોળ ને ? શેને માટે ? જો ખાંડ નથી ખાતા તો લેટ-ગો કરો. શું એના વગર ચાલતું જ નથી ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** પણ ના, 'એય કોઈ લેશો નહીં આવું', ઊલટી એવી ભલામણ કરી.

**પ્રશ્નકર્તા :** ભલામણ કરી કે હું ફસાયો પણ હવે કોઈ ફસાશો નહીં.

## ઉલ્લાસપૂર્વકની હોય એ બાધા

**દાદાશ્રી :** મેં તો મણિભાઈને કહ્યું, હું તો કાચો જ નહીં ને, કશાની

બાધા ન લઉં. મારે ખાવું હોય એ ખઉં અને ભક્તિએય કરીશ. હું એવી સ્પર્ધામાં પડું એવો નથી કે ફલાણાએ આ બાધા લીધી. રેસકોર્સમાં અમારું કામ નહીં. આ તો એક ગમ્મતની વાત નીકળી. આમ માણસ બહુ સારા મણિભાઈ.

બાધા કોનું નામ કહેવાય ? આ વ્રત તો કહેવાય જ નહીં, બાધા કહેવાય. એની પર કંટાળો ના આવવો જોઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** કંટાળો ના આવવો જોઈએ.

**દાદાશ્રી :** ઉલ્લાસપૂર્વકની હોય એ બાધા છે !

❖❖❖❖❖

# [૧૩]
# શ્રદ્ધાની મૂર્તિ

## એવો ગુંદર ચોપડો કે મને શ્રદ્ધા આવે

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા આપને જૈન મહારાજ સાથે કોઈ પ્રસંગ બનેલા હોય તો તે જણાવો ને, દાદા.

**દાદાશ્રી :** હું પચ્ચીસ વર્ષની ઉંમરનો હતો, તે વખતે એક જૈન સાધુ પાસે ગયેલો. તે આચાર્ય હતા, પટેલ હતા. મને કહે છે, 'અમે ત્રણ ભઈઓ છીએ સાધુ તરીકે, તો અમારો એક ફોટો છે, એને એન્લાર્જ (મોટો) કરાવડાવો.' ત્યારે મેં કહ્યું, 'કરાવું.' એટલે એ ફોટો કરાવ્યો. તે મોટો એન્લાર્જ કરવામાં સોએક રૂપિયા ખર્ચ થયેલો, વધારે નહીં થયેલો. પછી મને કહે છે, 'મારી પર તમે શ્રદ્ધા રાખો.' મેં કહ્યું, 'મહારાજ મને આવતી નથી, એનું હું શું કરું ? તમે કહો છો, રાખો અને મને આવતી નથી.' ત્યારે કહે, 'ના, એ રાખ રાખ કર્યા કરો.' મેં કહ્યું, 'હું તમને દાખલો આપું. આ ટિકિટ છે તે આપણે પાણી ચોપડીને ચોંટાડીએ પણ પડી જાય, તો આપણે ના સમજીએ કંઈ કે વસ્તુ કંઈક ખૂટે છે આ બેમાં ? જેને આપણે ટિકિટ ચોંટાડી છે અને ટિકિટ, બેની વચ્ચે વસ્તુ કોઈ ખૂટે છે એવું આપણને ખબર પડે કે ના પડે ?' શું વસ્તુ ખૂટે ?

**પ્રશ્નકર્તા :** ગુંદર.

**દાદાશ્રી :** હા. મેં કહ્યું, 'ગુંદર ચોપડી આપો. ગુંદર વગરની ટિકિટ

તમારી, તે આમ ચોંટાડું છું પાણી ચોડીને, પણ ચોંટતી નથી. સાહેબ, ઊખડી જાય છે.' મહીં ગુંદર ચોંટાડ્યો હોય પછી વાર લાગે કશી ? અરે, ઉખડે જ નહીં પછી. પરબીડિયું ફાટી જાય ઉખાડવા જઈએ તો, એવી ચોંટી જાય. 'એટલે મહારાજ, એવો કંઈ ગુંદર ચોપડો કે મારી ટિકિટ ચોંટી જાય', કહ્યું. ત્યારે કહે, 'એવું નહીં, તમારે રાખવું પડે.' મેં કહ્યું, 'ના, એવું હું રાખું નહીં. ચોંટતી જ નથી મને. મહીં ગુંદર હોવો જોઈએ ને, મહારાજ ? શી રીતે આ ચોંટે તે ? મારી શ્રદ્ધા તમારી ઉપર ચોંટે શી રીતે મહીં ? કાં તો તમારો ગુંદર હોવો જોઈએ કે મારો ગુંદર હોવો જોઈએ. કંઈક ગુંદર હોવો જોઈએ ને ?' તે મહારાજ કહે, 'એવું ના ચાલે, છ મહિના શ્રદ્ધા રાખ.' મેં કહ્યું, 'એવું હું રાખું એવો માણસ નથી.' એમ ને એમ, થૂંક લઈને ચોંટાડેલી કેટલા દહાડા રહે ? એ તો ગુંદર જોઈએ ઝપાટાબંધ, ફરી ઉખડે જ નહીં ને ! કાગળિયું ફાટે પણ એ ના ઉખડે.

## સુંદર વાણી-વર્તન રૂપી ગુંદર લગાડો કે શ્રદ્ધા ચોંટી જાય

'મહીં ગુંદર એવો લગાડો, કશુંક તો લગાડો. બે રીતે ટિકિટ ચોંટે; કાં તો એવી સરસ વાણી બોલો તમે કે મારી ટિકિટ ચોંટી જાય, કાં તો તમે એવા દેહકર્મી હોય કે હું તમારા તરફ આકર્ષાઈ જાઉ. પણ એ બેઉ નથી સામાન, તો હું ક્યાં ટિકિટ ચોડું ?' કહ્યું. ટિકિટ ના ચોંટી, તે દહાડેય ચોંટી નહીં, તો છ મહિના સુધી શી રીતે ચોંટે ? અત્યારે જ ચોંટતી નથી તે. હિન્દુસ્તાનમાં રિવાજ એવો છ મહિના, છ મહિના શ્રદ્ધા રાખો. અરે ભઈ, છ મહિના ! અત્યારે જ મને ચોંટતી નથી, તો પછી શી રીતે થાય ? જો તમે એવા દેખાવડા હોત તો દેખાવડાને આધારે હું થોડીક ચોંટાડત. પણ એવા દેખાવડા નથી. તમને જોઈને મને શ્રદ્ધા નથી આવતી. ભલે જોઈને ના આવે, મારે દેહ સાથે કામ નથી, પણ તમે એવું કંઈક બોલો કે મને શ્રદ્ધા આવી જવી જોઈએ. અને જો તમારી પર્સનાલિટી હોય તો નહીં બોલો તોય ચાલશે. કારણ કે પર્સનાલિટીમાં હું તન્મયાકાર રહું ને, તે આ રાત મારી સારી જાય. જાય કે ન જાય ?

**પ્રશ્નકર્તા :** જાય.

**દાદાશ્રી :** એના નિદિધ્યાસનમાં રાત સારી જાય ને ?

**પ્રશ્નકર્તા :** જાય, જાય.

**દાદાશ્રી :** 'તમારું રૂપ એવું દેખાડો, વિરાટ સ્વરૂપ, તે મારી શ્રદ્ધા બેસી જાય. નથી તમે વિરાટ સ્વરૂપ દેખાડતા, નથી તમે એવું કશું ગાતા, નથી એવું કશું બોલતા. એવું કંઈક બોલો કે મને શ્રદ્ધા આવે ! એક પણ શબ્દ તમે એવા નથી બોલ્યા કે મને શ્રદ્ધા બેસે. ઊલટું મારી શ્રદ્ધા ઊઠી જાય એવું બોલો છો', કહ્યું. આ જૈન ધર્મ ઉપર શ્રદ્ધા ઊઠી જાય એવું તમે બોલી રહ્યા છો, એવું કહું હું પાછો. તમે મારી સાથે આ સારું સારું બોલો છો, 'અંબાલાલભાઈ કન્ટ્રાક્ટર છો, આમ છો, તેમ છો', એ મને નથી ગમતું. મને ગાળો ભાંડીને પણ એવું કંઈક બોલો કે મને શ્રદ્ધા બેસી જાય. એ તો ગમે તેવા માણસો રાખે, લાલચુ માણસ હોય તે, પણ હું કંઈ લાલચુ નથી. મારે કોઈ ચીજ નથી જોઈતી. મારે મૂળ સ્ટેશને પહોંચવું છે. અને હું ઉતાવળો છું, પણ બાવરો નથી.

મેં કહ્યું, 'જો તમે એવી વાણી બોલતા હોત, તો તમારી વાણી સાંભળીને હું ખુશ થઈ જાત તો ચોંટત. તમારું વર્તન દેખીને હું ચોંટત. પણ કશું તમારામાં દેખાતું નથી મને. હું દર્શન કરવા આવીશ અમથો, તમે ત્યાગી પુરુષ છો એટલે. બાકી શ્રદ્ધા મને ચોંટતી નથી.' તમને કેમ લાગે છે ? શ્રદ્ધા આવવી જોઈએ કે રાખવી જોઈએ ?

**પ્રશ્નકર્તા :** આવવી જોઈએ, એ તો સ્વયંભૂ છે.

**દાદાશ્રી :** હા, આવવી જોઈએ. 'અંબાલાલભાઈ, તમે મોટા કન્ટ્રાક્ટર છો, પણ તમે વિશ્વાસ બિલકુલ રાખતા નથી, આ સારું નહીં', કહે છે. મેં કહ્યું, 'મહારાજ, હું તો વિશ્વાસ બહુ રાખું એવો માણસ છું. પણ તમારી જોડે ચોંટતો જ નથી ને, બળ્યો ! હું ચોંટાડવા ફરું છું, ચોંટું છું તોય ઊખડી જાય છે ટિકિટ પાછી. તમે કંઈક ગુંદર લગાડો.' ઊલટું ગુંદર લગાડવાનું મારે ! 'વિશ્વાસ રાખો.' મૂઆ, શરમ નથી આવતી ? વિશ્વાસ તો રખાવવાનો હોય કે એની મેળે આવે ? ગાળો ભાંડું તોય આવે ?

## બળવાખોર સ્વભાવ પણ પાછા વાળીય આવે

આવું તો મારા જેવો બળવાખોર કો'ક જ બોલે ને ? આવું તો કોઈ બોલે જ નહીં ને ? મૂળ સ્વભાવ ઉદ્ધતાઈનો ખરોને ! ઉદ્ધતાઈ.

**પ્રશ્નકર્તા :** ઉદ્ધતાઈ.

**દાદાશ્રી :** બહુ વધારે પડતી ઉદ્ધતાઈ. તંત !

**પ્રશ્નકર્તા :** તંત.

**દાદાશ્રી :** તે એકવાર મહારાજ પાસે આવું બોલી ગયો'તો. પછી લોકો મને ખાનગીમાં કહે, મહારાજને આવું બોલાતું હશે ? આવું બોલો છો તમે ? તે વળી મને પસ્તાવો થયેલો. એમને દુ:ખ તો થાય ને, બિચારાને ?

**પ્રશ્નકર્તા :** હા, થાય ને !

**દાદાશ્રી :** ભલે એ ગમે તેવા ગાંડાઘેલા હોય, મારી દૃષ્ટિમાં ના આવતા હોય, પણ એમને દુ:ખ તો થાય ને ? પછી મહારાજને ખાનગીમાં જઈને મળી આવ્યો. પગે હાથ અડાડીને માફી માંગતા મેં કહ્યું, 'સાહેબ, હું આવું કેમ બોલ્યો ?' 'તમને સમજણ ના પડી, ત્યારે ભઈ, તમે મારી જોડે વાતચીત ના કરશો', મને કહે છે. મેં કહ્યું, 'આ મગજ તો એટલું બધું વિકૃત છે, કે મારી વાઈફ મને ગાળો ભાંડે છે. એટલે કોઈ કોઈ ફેરો અવળું બોલી જાય છે.' પછી મને કહે, 'શું થયું છે ?' એ મારા પક્ષમાં પડ્યો.

**પ્રશ્નકર્તા :** પક્ષમાં પડી જાય.

**દાદાશ્રી :** એટલે પહેલેથી આવડતું આ તો બધું. મેં કહ્યું, 'મને તો બહુ દુ:ખ થયું, હું આવું કેવું બોલ્યો ?' તે પછી એવું કહ્યું, 'વહુ ગાળો ભાંડે છે, એટલે ઘણા ફેરા બોલી જવાય છે.' એટલે એમના મનમાંથી નીકળી ગઈ ગૂંચ.

**પ્રશ્નકર્તા :** હા, પછી નીકળી જાય.

**દાદાશ્રી :** કોણે જાણ્યું ? અને પેપરમાં છપાયું કંઈ ?

**પ્રશ્નકર્તા :** ના, પેપરમાં ના છપાય.

**દાદાશ્રી :** તમને સમજ પડી ને, આવું ગણિત ના ફાવે, બળ્યું ?

**પ્રશ્નકર્તા :** દાદા, એ વખતે સૂઝ જબરી ને ! એવી સૂઝ હોવી જોઈએ ને ?

**દાદાશ્રી :** હોય નહીં !

**પ્રશ્નકર્તા :** ના હોય.

**દાદાશ્રી :** એવી સૂઝ તેથી અમે આ દશામાં આવેલા ને !

## આવા સ્વભાવથી જાળાં ન વળગ્યા ને અંતે સાચું જડ્યું

પણ મારો બળવાખોર સ્વભાવ હતો, એટલે શું થાય તે ! પણ એમ કરતા કરતા સાચું જડ્યું. બીજા જાળાં ના વળગ્યા, બળવાખોર સ્વભાવને લઈને. ઊધઈ-બુધઈ ના ચઢી. કારણ કે દેવતાને ઊધઈ ના ચઢે. અને લાકડું હોય તો ઊધઈ ચઢે. પણ એની અડચણોય વેઠવી પડી. અડચણ ના વેઠવી પડે બળવાખોરને ? ભારે કહેવાય એ !

હું મોઢે કહું પાછો. મેં કહ્યું, 'તમે કહો છો શ્રદ્ધા, પણ મને આવતી જ નથી, મને ઉમળકો જ નથી આવતો તમારી ઉપર. જો તમારું મોઢું રૂપાળું હોત તોય ઉમળકો આવત કે ભઈ હેંડ ને, રૂપાળા તો છે જ, પણ મોઢાનાય રૂપાળા નથી ! અને શબ્દનાય રૂપાળા નથી.' શબ્દ રૂપાળા હોય તો અગર જ્ઞાન રૂપાળું હોય તો શ્રદ્ધા આવે. અમારું તો જ્ઞાન રૂપાળું છે. તે ચોંટે જ છૂટકો. અને નહીં તો બહાર છે તે શબ્દ રૂપાળા હોય ને, તો ચાલે એ પણ. તો એવુંય લોકોની પાસે નથી હોતું, શબ્દનાય રૂપાળા નથી હોતા. મુખારવિંદેય રૂપાળા દેખાતા નથી. ગોરા દેખાય, તે ગોરા તો પેલા ચીભડાય હોય છે. એય... ધોળા ને બગલાની પાંખ જેવા આમ ! રૂપાળું બમ જેવું ચીભડું પણ તે કંઈ એમાં એનો સ્વાદ આવે ?

એટલે મેં કહ્યું, 'તમારું કંઈક એવું દેખાડો, મને જણાવો ગમે તે, કાં તો મને હસાવો, કાં તો મને આનંદ થાય એવું કંઈક કરો, તો મને શ્રદ્ધા બેસે. એવું કંઈક બોલો, ભલે ને, મારું અવળું બોલો પણ મને કંઈક આમ વિચારતો તો કરી મૂકે, તો શ્રદ્ધા બેસે.' હું પૂછું છું ને, 'શું નામ ? ખરેખર તે છો કે ?' એટલે એને લાગે છે કે આ અત્યાર સુધી જાણેલું મારું બધુંય જ્ઞાન ખોટું થઈ પડ્યું અત્યારે ! એટલે તો શ્રદ્ધા બેસે, નહીં તો બેસે કંઈ ? બેસાડેલી શ્રદ્ધા કેટલા દહાડા રહે ? હૃદયથી બેઠેલી શ્રદ્ધા ટકે, બુદ્ધિથી બેઠેલી શ્રદ્ધા ટકે નહીં. શ્રદ્ધા ઠોકી બેસાડેલી ચીજ નહોય, એ તો દર્શન છે.

## એવું બોલે કે શ્રદ્ધા આવી જ જાય

મને એક જણ કહે છે, 'કેમ શ્રદ્ધા રાખવી ના પડે એમ ?' મેં કહ્યું, 'રાખી રહેતી હશે ? ગાળો ભાંડે તોય શ્રદ્ધા બેસે તે શ્રદ્ધા સાચી !' કારણ કે શ્રદ્ધા એ તો આવવી જોઈએ, એની મેળે આવવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** આવવી જોઈએ. એ કોના આધારે આવે ?

**દાદાશ્રી :** એના ચારિત્રના આધારે આવે એ. ચારિત્રબળ હોય ! એને બોલતા ના આવડતું હોય તોય આપણે ત્યાં બેસીએ ત્યારે મહીં મગજમાં ઠંડક થઈ જાય તો જાણવું કે અહીં આગળ શ્રદ્ધા રાખવા જેવી ! જ્યારે જઈએ ત્યારે, અકળામણમાંથી ત્યાં જઈએ ને ઠંડક થઈ જાય ત્યારે જાણવું કે અહીં શ્રદ્ધા રાખવાની. આમ વાતાવરણ શુદ્ધ હોય એટલે જાણવું કે આ ચોખ્ખા માણસ ! પછી છે તે શ્રદ્ધા કોની રહે ? એ બોલે ને, તરત આપણને શ્રદ્ધા આવી જાય, કે 'ઓહોહો ! આ કેવી વાત કરે છે !' ત્યાં બોલ ઉપર શ્રદ્ધા બેસી જાય ને, તો તો કામ જ નીકળી ગયું. પણ એક ફેરો બોલે ને, એક ફેરો શ્રદ્ધા ના બેસે એવું ના ચાલે. એ કાયમ, આપણે જ્યારે જઈએ ત્યારે એ બોલે તો આપણને શ્રદ્ધા આવી જાય. એવું કંઈ બોલે તો એની મને શ્રદ્ધા આવી જ જાય. અમે કહીએ છીએ, કે 'ભગવાન ઉપર નથી', તો એની કેટલાય કાળની શ્રદ્ધા, અનંત અવતારની શ્રદ્ધા એકદમ તોડી નાખવા તૈયાર થઈ જાય છે, નથી તૈયાર થતો ? શાથી ?

એને એમ ને એમ શ્રદ્ધા બેસી જાય છે કે આ અત્યાર સુધી સાંભળેલું બધુંય ખોટું.

તમને એવું નહોતું લાગ્યું, કે અત્યાર સુધી સાંભળેલું બધુંય ખોટું ગયું ? ઘેર ચોપડીઓ ફાડી નાખવી પડશે, બધી લખેલી ચોપડીઓ ?

## નક્કી કરે કે નથી રાખવી તોય શ્રદ્ધા પાછી અહીં જ આવે

અત્યાર સુધી સાંભળેલું ખોટું ઠરે ત્યારે આપણને એમ ના લાગે કે ખોટું ઠર્યું આ, અને અત્યાર સુધી કરેલી મહેનત નકામી જાય છે, એના કરતા આપણે આમની ઉપર શ્રદ્ધા જ ના રાખશો ને ! પણ તમે એ નક્કી કરો તોય પાછી અહીંની અહીં આવે, શ્રદ્ધા. તમે ના કહો કે હવે પેલું આપણું હતું તે શું ખોટું હતું ? તે પાછી અહીંની અહીં આવે ! કારણ કે અહીં શ્રદ્ધા બેસી ગઈ. તમને થોડી ઘણી બેઠી કે નહીં, બે આની, રૂપિયે ચાર આની ?

**પ્રશ્નકર્તા :** છે જ શ્રદ્ધા, છે જ, કેમ નહીં ? અને ના હોય તોય તમે ચોંટાડી દો છો પાછા.

**દાદાશ્રી :** ચોંટાડી દઉં. સાચી વાત છે તો ચોંટે જ છૂટકો છે એને ! સાચી વાત છે એટલે ચોંટાડે જ છૂટકો છે એને ! જો તારે શાંતિ અને સુખ જોઈતું હોય, આનંદ જોઈતો હોય, જો તારે સ્વતંત્ર થવું હોય તો ચોંટાડે જ છૂટકો છે, નહીં તો આ ભટક ભટક ભટક કરવાના રસ્તા છે. અનંત અવતારથી ભટકે છે અને પાછા એના માર્ગદર્શકો, ભોમિયા છે તેય એવા ભટકાય ભટકાય કરે છે. પેલા ગાઈડ હોય છે ને ? શું હોય છે ?

**પ્રશ્નકર્તા :** ગાઈડ.

**દાદાશ્રી :** તે પૈસા લે છે અને મૂઓ કશું દેખાડતો નથી. તમે જાત્રાએ ગયા તો ગાઈડ રાખેલો કોઈ દહાડો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** પહેલા પૈસા શેના આપીએ એવા !

**દાદાશ્રી :** હા... અહીં આ જોવાનું છે, અહીં તે જોવાનું છે, તે પેલો ભટકાય ભટકાય કરે અને ખરું ભગવાનનું ઘર રહી જાય જોવાનું !

## માન આપવાથી ખોજકને ન બેસે શ્રદ્ધા

તે શ્રદ્ધા બેસે તેટલા માટે તો ત્યાં આગળ સાધુ-આચાર્યો શું કહે ? કોઈ પૈસાવાળો આવે ને, 'એ આવો, ખેરાજભાઈ આવો, ખેરાજભાઈ.' અલ્યા મૂઆ, ખેરાજભાઈને બોલાવ બોલાવ કરો છો, આ આમને ચંદુભાઈને કેમ નથી બોલાવતા ? ત્યારે મનમાં જાણે, કે ''ખેરાજભાઈ કો'ક દહાડો કામના છે. ચશ્મા મંગાવવા હશે, કંઈક મંગાવવું હશે તો કામના છે.'' હવે ખેરાજભાઈ તો આમ કાળોબજાર કરતા હોય. તે મહારાજ જાણે એમનું બધું, પણ એ જાણે કે આપણે શું ? કાળોબજાર તો એ ભોગવશે, પણ આપણે ચશ્મા મંગાવવાના, આપણું કામ થાય ને ! એટલે 'આવો ખેરાજભાઈ, આવો ખેરાજભાઈ.' એટલે ખેરાજભાઈ શું સમજે ? કશોય વાંધો નહીં. જુઓ ને, મહારાજ હજુ માન આપે જ છે ને ! આપણે કંઈ બગડી ગયા નથી ! એ બગડી ગયા ક્યારે માને, કે મહારાજ કહે, 'એય... તમે આવા ધંધા કરતા હોય તો અહીં આવશો નહીં.' ત્યારે મનમાં એમ થાય, કે 'ધંધો બદલવો પડશે, આ તો મહારાજેય પેસવા નથી દેતા.' પણ આ તો બધા ઉત્તેજન આપે છે ! નથી આપતા ?

એક શેઠ કહે છે, 'મને તો બાપજી પર બહુ શ્રદ્ધા છે.' મેં કહ્યું, ''તમને શાની શ્રદ્ધા છે ? 'આવો લાલચંદ શેઠ' એવું રોજ તમને બોલાવે છે એટલે તમને શ્રદ્ધા આવે છે.'' આ રોજ જમવાનું મફતમાં ને રોજ 'લાલચંદ શેઠ', બધાની હાજરીમાં બોલાવે 'લાલચંદ શેઠ, આવો !' એટલે શ્રદ્ધા બેસી જાય ને, ના બેસે ?

**પ્રશ્નકર્તા :** બેસે.

**દાદાશ્રી :** અને જે ખોજક માણસ હોય તે આવી શ્રદ્ધા બેસાડે ?

**પ્રશ્નકર્તા :** ના, કદી ના બેસાડે.

**દાદાશ્રી :** હું તો ખોજક એનો. મહારાજને જંપીને બેસવા ના દઉં.

## મિથ્યા શ્રદ્ધા ટકે નહીં ને સમ્યક્ શ્રદ્ધા જાય નહીં

આ મુંબઈવાળા કેમ આપણી પાછળ પડ્યા છે ? કેટલા વખત અહીંયા આવ્યા બધા ?

**પ્રશ્નકર્તા :** શ્રદ્ધા બેસી ગઈ એટલે.

**દાદાશ્રી :** એમ !

**પ્રશ્નકર્તા :** ચોંટી ગયેલી છે.

**દાદાશ્રી :** ખરી ચોંટી ગઈ છે ! અને હું તો વઢું તોય શ્રદ્ધા બેસવી જોઈએ, તો સાચી શ્રદ્ધા ! નહીં તો બધી આમ નકામી ! એવી શ્રદ્ધાઓ શું કામની છે ?

**પ્રશ્નકર્તા :** તમે વઢો એ તો પ્રેશર કર્યું કહેવાય.

**દાદાશ્રી :** નહીં, એમ નહીં. શ્રદ્ધા કોનું નામ કહેવાય કે આ હું તમને સારું સારું બોલું અને શ્રદ્ધા બેસાડેલી કામની નહીં. એ ક્યારે ઊખડી જાય કહેવાય જ નહીં. હું કહું કે 'આવો ચંદુભાઈ, આવો ચંદુભાઈ, આવો' એટલે ચંદુભાઈને જરા સારું લાગે, સુંવાળું લાગે. પણ એવી શ્રદ્ધા બેસી એને ઊખડતા વાર કેટલી લાગે ? અને હું તો આ આમને બધાને મારું તોય શ્રદ્ધા ના ઊઠે. આ નીરુબેનનેય મારું તોય શ્રદ્ધા ના ઊઠે. શ્રદ્ધા એવી હોવી જોઈએ. ભગવાન પણ ફેરવી ના શકે એવી શ્રદ્ધા હોવી જોઈએ. એ તો શ્રદ્ધા આવવી જોઈએ. તમને આવે છે શ્રદ્ધા કે મારે ચોંટાડવી પડશે ?

**પ્રશ્નકર્તા :** ના, ના, આવે છે ને !

**દાદાશ્રી :** શ્રદ્ધા તો આપનું એક્સેપ્ટ કરવું જોઈએ. શબ્દેશબ્દ એક્સેપ્ટ થાય ત્યારે શ્રદ્ધા આવે. અને એ શ્રદ્ધા એની જાય નહીં પછી. એ શ્રદ્ધા સાચી શ્રદ્ધા કહેવાય, સમ્યક્ શ્રદ્ધા કહેવાય ! અને આ મિથ્યા શ્રદ્ધા ચોંટાડેલી, એ કેટલો વખત રહે ? પાણી કે થૂંક હોય ત્યાં સુધી ટિકિટ રહે, પછી પડી જશે નીચે. અને પાછો પોસ્ટમેન (ટપાલી) ત્યાં

ડબલ પૈસા લેશે એ જુદા. એટલે શ્રદ્ધા આમ સમ્યક્ હોવી જોઈએ. જે શ્રદ્ધા આવ્યા પછી જાય નહીં.

## ગાળો ભાંડે તોય શ્રદ્ધા બેસે તે સાચી શ્રદ્ધા

હું લોકોને કહું છું, 'હું ગાળ દઈશ તોય તને શ્રદ્ધા આવવી જોઈએ.' ત્યારે કહે, 'હા, ગાળ દો તોય શ્રદ્ધા આવશે.' કારણ કે સાચા પુરુષ હોય તો ગાળ દે તોય આપણને મીઠી લાગે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી ગાળો જ એવા પ્રકારની હોય છે કે ડબલ શ્રદ્ધા બેસે છે.

**દાદાશ્રી :** ડબલ શ્રદ્ધા બેસી જાય, હા. ગાળમાંય એટલી મીઠાશ છે. સાચી વાત તો માણસ છોડવા તૈયાર જ નથી, ગાળો ભાંડો તોય.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** હું ગાળો ભાંડું છું તોય શ્રદ્ધા આવે છે. અને હું પાછો કહુંયે ખરો, 'અહીં ના ફસાઈશ મૂઆ હો, બીજી જગ્યાએ જા બા ! અહીં ફસાયા પછી નીકળાશે નહીં તારાથી.' ત્યારે 'ફસાવા જેવી જગ્યા જ આટલી છે' એવું કહે પાછો. એ ખોળી લાવ્યો હોય, તે બહારથી તપાસ કરી લાવ્યો હોય. ગાળો ભાંડીએ તોય વિશ્વાસ બેસે. નહીં તો 'આવો શેઠ, આવો શેઠ, આવો શેઠ', તે વિશ્વાસ કેટલા દહાડા ટકે ? એક દહાડો જો ડફળાવે તો એનો વિશ્વાસ ઊઠી જાય. એ તો ટૈડકાવેલો વિશ્વાસ તે ખરેખરો ટકે. પછી મીઠું બોલીએ.

## ધર્મમાં શ્રદ્ધા રાખવી પડે ને વિજ્ઞાનમાં શ્રદ્ધા બેસી જાય

**પ્રશ્નકર્તા :** જે રીતે આપણો સનાતન ધર્મ છે ને, એ એક જ સૂત્ર ઉપર બાંધેલો છે, શ્રદ્ધત્સ્વ. પણ એ જ્યારે ઋષિમુનિ સામે આપ જાઓ, ત્યારે પહેલું સૂત્ર તમને કહેશે, શ્રદ્ધત્સ્વ, ધેટ મીન્સ, હેવ ફેઈથ, વિશ્વાસ રાખો. જ્યાં સુધી તમે વિશ્વાસ નહીં રાખો, ત્યાં સુધી તમને કંઈ જ્ઞાન પણ મળવાનું નથી, કંઈ આત્મદર્શન થવાનું નથી. એટલે શ્રદ્ધા છે તે મૂળ

વસ્તુ છે. એટલે કે જે જે ધર્મ છે, એ સનાતન હોય કે ખ્રિસ્તી ધર્મ હોય કે મુસલમાન ધર્મ, શ્રદ્ધા ઉપર જ બેઝ કરેલો છે એનો.

**દાદાશ્રી :** એવું છે, વિશ્વાસ રાખવાની જરૂર હોતી નથી. મારી પર કોઈ વિશ્વાસ રાખશો જ નહીં, હું ચોખ્ખી જ ના કહું છું. તમને વિશ્વાસ આવે તો જ રાખજો. અને અમથા અમથા ટિકિટને પછી પેલો ગુંદર ના હોય તો ચોંટાડ ચોંટાડ કરીએ તો ઊખડી પડે એ ઊલટી. વિશ્વાસ તો આવવો જોઈએ. હું બધાને કહું છું, 'હું ગાળો ભાંડું તોય તમને વિશ્વાસ આવે તો જ માનજો કે તમારો વિશ્વાસ સાચો છે.' એ સાચી વસ્તુને માટે આ કોઈના બાપનેય છૂટકો જ નહીં ને ! ગમે તે નાતનો અહીં આગળ આવે, મારી વાત સાંભળે તો કોઈને જુદાઈ લાગે નહીં. મુસ્લિમ સાંભળે, ક્રિશ્ચિયન સાંભળે, બધા સાંભળે પણ જુદાઈ લાગે નહી.

**પ્રશ્નકર્તા :** કારણ કે તત્ત્વ તો એક જ છે ને બધા.

**દાદાશ્રી :** નહીં, હું જે કહેવા માગું છું, તે વસ્તુસ્થિતિ એની ભાષામાં સમજી જાય. એટલે જુદાઈ લાગે નહીં. મને કોઈની જોડે મતભેદ પડ્યો નથી કોઈ દહાડોય. આ વર્લ્ડમાંય કોઈની જોડે મારે મતભેદ પડે નહીં.

## બધાને શ્રદ્ધા બેસી જાય એવી શ્રદ્ધેય મૂર્તિ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પ્રતીતિ આવવા માટે પાછી શ્રદ્ધાની મૂર્તિ જોઈએ ને, એની સામે ?

**દાદાશ્રી :** હા... એ જ, એ વગર વળે નહીં, કશું થાય નહીં. શ્રદ્ધાની મૂર્તિ હોય તો જ કામ થાય. એવું પેલા તીર્થંકરોએ ઠોકી ઠોકીને કહ્યું કે બધા કામમાં શ્રદ્ધાની મૂર્તિ હશે તો કામ થશે. એટલે આ અંધારામાંય આપણને શ્રદ્ધા બેસી જાય. એની વાતથી શ્રદ્ધા બેસી જાય. એને જોવાથી શ્રદ્ધા બેસી જાય. એના હરેક કાર્યથી આપણને શ્રદ્ધા બેસી જાય. આ બેસાડવી ના પડે, આવી જાય. શ્રદ્ધાની મૂર્તિ થયેલી છે. કેવી ?

**પ્રશ્નકર્તા :** શ્રદ્ધાની મૂર્તિ.

**દાદાશ્રી :** પછી ત્યાં બેઠો એટલે ઉકેલ જ આવી ગયો ને ! હવે શ્રદ્ધાની મૂર્તિ, એને એમ ના કહેવાનું હોય, કે તમે શ્રદ્ધા રાખો મારી ઉપર. ત્યાં તો શ્રદ્ધા આવી જ જવી જોઈએ. અને પેલી શ્રદ્ધાની મૂર્તિ ના થાય ને, ત્યાં સુધી એ કહે કહે કરે, 'મારી પર શ્રદ્ધા રાખો, મારી પર શ્રદ્ધા રાખો.' શ્રદ્ધાની મૂર્તિ ના થયેલા હોય ને, એ 'શ્રદ્ધા મારી ઉપર રાખો' એવું કહે આપણને.

**પ્રશ્નકર્તા :** તો કોણ બરાબર છે અને કોણ ખોટો છે, કેવી રીતે જાણવાનું અમારે ?

**દાદાશ્રી :** હા, એ તો એવું છે ને, કે આપણો આત્મા કબૂલ કરે તો બરોબર. આપણો આત્મા કબૂલ ના કરે, તો ઊઠીને ચાલ્યા જવું. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે વાત.

**દાદાશ્રી :** આ છેલ્લામાં છેલ્લું થર્મોમિટર. અમે પહેલેથી એ જ કહીએ છીએ આ બધાને, શું કહીએ છીએ ? પચાસ હજાર માણસ આવતું-જતું હોય તે બધાને કહીએ છીએ, કે 'અમારો અક્ષરેય માનશો નહીં, શ્રદ્ધા અમારી પર રાખશો નહીં. તમારો આત્મા કબૂલ કરે તો સ્વીકાર કરજો. નહીં તો અમારે સ્વીકાર કરાવવો કે ના કરાવવો એ અમને કશું આમાં એ નથી. અમારી ઈચ્છા છે કે તમને અમારા જેવું સુખ પ્રાપ્ત થાવ !' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એટલે અમે તો શ્રદ્ધા રાખવાનું ના કહીએ ને ! એ આપણી સૂઝને મળતું આવતું હોય, આપણી કોઠાસૂઝને, તો શ્રદ્ધા રાખવી. આપણી કોઠાસૂઝ છે, એને જો મળતી વાત આવતી હોય તો એ શ્રદ્ધા રાખવી. અને શ્રદ્ધા રાખવાની ના હોય, એ શ્રદ્ધા તો આવવી જોઈએ ઉમળકાથી, અને તે પાછી છૂટે નહીં એવી આવવી જોઈએ. કેવી ?

**પ્રશ્નકર્તા :** છૂટે નહીં એવી.

**દાદાશ્રી :** આ તમે મારી જોડે ગાડીમાં બેઠા હોય એમાં તમને અત્યારે શી શ્રદ્ધા આવે ? એ તો શ્રદ્ધેય મૂર્તિ જોઈએ ! જોતાની સાથે જ શ્રદ્ધા બેસી જાય, એ શ્રદ્ધેય મૂર્તિ કહેવાય !

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** ભગવાને શાસ્ત્રમાં શું લખ્યું ? 'શ્રદ્ધેય મૂર્તિ !' એટલે ગમે તે નાતનો હોય, જાતનો હોય પણ શ્રદ્ધા બેસી જાય એને. કારણ ક્લિયર હોય એ મૂર્તિ. કો'ક ફેરો જ મૂર્તિ એવી કોઈ પાકે, તે શ્રદ્ધાની મૂર્તિ કહેવાય ! સહેજે શ્રદ્ધા બેસી જાય. શ્રદ્ધા બેસાડવી ના પડે, દેખવા માત્રથી બેસી જાય !

❖❖❖❖❖

## દાદા ભગવાન પ્રરૂપિત આધ્યાત્મિક પ્રકાશનો


૧. આત્મસાક્ષાત્કાર (પરિચય પુસ્તિકા)
૨. ભોગવે તેની ભૂલ
૩. બન્યું તે જ ન્યાય
૪. એડજસ્ટ એવરીવ્હેર
૫. અથડામણ ટાળો
૬. ચિંતા
૭. ક્રોધ
૮. માનવધર્મ
૯. સેવા-પરોપકાર
૧૦. હું કોણ છું ?
૧૧. દાદા ભગવાન ?
૧૨. ત્રિમંત્ર
૧૩. દાન
૧૪. મૃત્યુ સમયે, પહેલાં અને પછી
૧૫. ભાવના સુધારે ભવોભવ
૧૬. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર...
૧૭. કર્મનું વિજ્ઞાન
૧૮. પાપ-પુણ્ય
૧૯. સત્ય-અસત્યના રહસ્યો
૨૦. અહિંસા
૨૧. પ્રેમ
૨૨. ચમત્કાર
૨૩. વાણી, વ્યવહારમાં....
૨૪. નિજદોષ દર્શનથી, નિર્દોષ
૨૫. ગુરુ-શિષ્ય
૨૬. ક્લેશ વિનાનું જીવન
૨૭. સહજતા
૨૮-૨૯. પ્રતિક્રમણ (સં., ગ્રં.)
૩૦-૩૧. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (સં., ગ્રં.)
૩૨-૩૩. મા-બાપ છોકરાંનો વ્યવહાર (સં., ગ્રં.)
૩૪-૩૫. પૈસાનો વ્યવહાર (સં., ગ્રં.)
૩૬-૩૮. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (સં., ગ્રં.-પૂ.,ઉ.)
૩૯. વાણીનો સિદ્ધાંત
૪૦. આપ્તસૂત્ર
૪૧. આપ્તવાણી-૧
૪૨. આપ્તવાણી-૨
૪૩. આપ્તવાણી-૩
૪૪. આપ્તવાણી-૪
૪૫. આપ્તવાણી-૫-૬
૪૬. આપ્તવાણી-૭
૪૭. આપ્તવાણી-૮
૪૮. આપ્તવાણી-૯
૪૯-૫૦. આપ્તવાણી-૧૦ (પૂ., ઉ.)
૫૧-૫૨. આપ્તવાણી-૧૧ (પૂ., ઉ.)
૫૩-૫૪. આપ્તવાણી-૧૨ (પૂ., ઉ.)
૫૫-૫૬. આપ્તવાણી-૧૩ (પૂ., ઉ.)
૫૭-૬૧. આપ્તવાણી-૧૪ (ભાગ ૧-૫)
૬૨-૬૫. જ્ઞાની પુરુષ (ભાગ ૧-૪)


**(ગ્રં.-ગ્રંથ, સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉત્તરાર્ધ)**

પરમ પૂજ્ય દાદા ભગવાનના હિન્દી, મરાઠી, પંજાબી, ઉડીયા, બંગાળી, આસામી, મણીપુરી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ જેવી પ્રાદેશિક ભાષાઓમાં તથા અંગ્રેજી, જર્મન, પોર્ટુગીઝ, સ્પેનિશ, રશિયન જેવી વિદેશી ભાષાઓમાં ભાષાંતરિત થયેલા પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

**'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાઓમાં પ્રકાશિત થાય છે.**

# સંપર્ક સૂત્ર - દાદા ભગવાન પરિવાર

| | |
|---|---|
| **અડાલજ** (મુખ્ય કેન્દ્ર) | : **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર. **ફોન :** ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭ |
| **અમદાવાદ** | : **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન :** ૯૫૭૪૦૦૧૪૪૫ |
| **વડોદરા** | : (૧) **ત્રિમંદિર,** બાબરીયા કોલેજ (BITS)ની પાસે, વડોદરા-સુરત હાઈવે, વરણામા ગામ, વડોદરા. **ફોન :** ૯૫૭૪૦૦૧૫૫૭<br>(૨) **દાદામંદિર,** ૧૭, મામાની પોળ, રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫ |
| **ભાદરણ** | : **ત્રિમંદિર,** સ્ટેશન રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૭૨૯ |
| **રાજકોટ** | : **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮ |
| **સુરત** | : **દાદા દર્શન,** મમતાપાર્ક સોસાયટી, કાપોદરા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, સુરત. **ફોન :** ૯૫૭૪૦૦૮૦૦૭ |
| **ગોધરા** | : **ત્રિમંદિર,** ભામૈયા ગામ, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, ગોધરા, જિ. પંચમહાલ. **ફોન :** ૯૬૨૪૧૦૩૬૦૦ |
| **સુરેન્દ્રનગર** | : **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ, સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨ |
| **મોરબી** | : **ત્રિમંદિર,** પો. જેપુર, (મોરબી) નવલખી રોડ, જિ. મોરબી. **ફોન :** ૯૯૨૪૩૪૧૧૮૮ |
| **ભુજ** | : **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, એરપોર્ટ રોડ, સહયોગનગર પાસે, ભુજ (કચ્છ). **ફોન :** ૯૯૨૪૩૪૫૫૮૮ |
| **અંજાર** | : **ત્રિમંદિર,** અંજાર-મુન્દ્રા રોડ, સીનોગ્રા પાટીયા પાસે, સીનોગ્રા ગામ, તા. અંજાર. **ફોન :** ૯૯૨૪૩૪૬૬૨૨ |
| **જામનગર** | : **ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૬૮૭ |
| **અમરેલી** | : **ત્રિમંદિર,** લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૬૦ |
| **મુંબઈ** | : **ત્રિમંદિર,** ઋષિવન, અભિનવનગર રોડ, લા વિસ્ટા બિલ્ડીંગ પાસે, કાજુપાડા, બોરીવલી (ઈસ્ટ). **ફોન :** ૯૩૨૩૫૨૮૯૦૧ |

| | | | |
|---|---|---|---|
| **દિલ્હી** | : ૯૮૧૦૦ ૯૮૫૬૪ | **બેંગ્લોર** | : ૯૫૯૦૯ ૭૯૦૯૯ |
| **ચેન્નઈ** | : ૭૨૦૦૭ ૪૦૦૦૦ | **કોલકતા** | : ૯૮૩૦૦ ૯૩૨૩૦ |

| | | | |
|---|---|---|---|
| **U.S.A.** | : +1 877-505-DADA (3232) | **Singapore** | : +65 91457800 |
| **U.K.** | : +44 330-111-DADA (3232) | **Australia** | : +61 402179706 |
| **Kenya** | : +254 795-92-DADA (3232) | **New Zealand** | : +64 21 0376434 |
| **UAE** | : +971 557316937 | | |

**વેબસાઈટ : www.dadabhagwan.org**

## મારા અનુભવેલા દાખલા તમારોય ગૂંચવાડો કાઢી આપશે

અમને તો પહેલેથી જ જગતના શબ્દેશબ્દનો વિચાર આવે. પહેલા ભલે જ્ઞાન નહોતું પણ વિપુલમતિ, એટલે બોલતાની સાથે જ ફોડ પડે, ચોગરદમના તોલ થાય. કંઈ વાત નીકળે તો તરત જ તારણ નીકળી જાય. તે સમજણ પડી જાય તરત, બધાની. એટલે બધાનો ગૂંચવાડો કાઢી આપતો હતો.

અત્યાર સુધીમાં જે દાખલા કહ્યા છે ને, તે મારા અનુભવના દાખલા છે. મને કોઈ ગુરુ મળ્યા નહોતા, એટલે પોતે ગૂંચાય ને પોતે ખોળે. એટલે આ બધા દાખલા આપી શકું છું અને એ બધાને હેલ્પફુલ થાય છે.

વ્યવહાર જો ચોખ્ખો થાય તો જ મોક્ષ થાય. વ્યવહારની બધી કડીઓ મળવી જોઈએ. એ બધી કડીઓ અમારી પાસે છે. અમારી બોધકળાથી વ્યવહાર ચોખ્ખો થાય અને જ્ઞાનકળાથી મુક્તિ થાય. તેની મહીં આપણું કામ કાઢી લેવું !

- દાદાશ્રી

dadabhagwan.org

ISBN 978-93-90664-23-8

9 789390 664238

Printed in India

Price ₹ 150